1943 - ૧૯૪૩


શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર  Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧

મુંબઇ: ૧ મે ૧૯૪૩ શનિવાર.

લવાજમ
રૂપિયા ૨


## વેડછી આશ્રમ બાલવાડી

(ગતાંકથી ચાલુ)

તેમની બાલવાડી તો છે જ. બીજાં બાળકો પણ મનથી બાલવાડીને છોડી શકયાં નથી. શાળા બ્હારના વખતમાં બાલવાડીની મુલાકાત લઇ કંઇ કંઇ પ્રવૃત્તિઓ કરી જાય છે.

### ૧૧ બાલવાડીનું રાચરચીલું

દરેક બાળકને ભાગે સ્વતંત્ર ખાનું આવે એવા વાંસના ઘોડાઓ કરાવ્યા છે. ખાનામાં પોતાની વસ્તુઓ સંઘરી રાખવા માટે દરેક બાળકને એક એક છાબડી (વાંસની) આપવામાં આવી છે. આ ઘોડાઓ અને બીજા સર્વ સરંજામ મોટે ભાગે વાંસનો બનાવ્યો છે.

પાણી અને ખાવાનાં વાસણોમાં કુંભારકામને વિશેષ ઉત્તેજન આપવામાં આવ્યું છે, માટીનાં વાસણ કેટલાંક ઉપયોગમાં લીધાં, અને તેમાંનાં કેટલાં ફૂટયાં તેના આંકડાઓ કાઢવાનો પ્રયત્ન કર્યો છે.

(૧) રાબપીવાનાં કટોરા—૯૮ વપરાયાં, તેમાં—૫૮ ફૂટયાં;
(૨) પાણી ભરવાના ઘડા—૧૧૩.

### ૧૨. બાલવાડીનો શણગાર

બાલવાડીને સજાવવા માટે ચિત્રો અને કલાની વસ્તુઓ ખરીદવામાં પડવું નહિ એવો નિયમ રાખ્યો છે. આખા આશ્રમ માટે જે નિયમ છે તે જ સ્વાભાવિક રીતે બાલવાડીને લાગુ પાડવામાં આવ્યો છે. છતાં શણગાર વિનાની બાલવાડી તો સહન કેમ જ કરી શકાય? આશ્રમના વિદ્યાર્થીઓ કંઇક કંઇક ચિત્રકળા શીખે છે તેમની કાચી કૃતિઓથી બાલવાડી શોભી છે, તે કાચી છતાં ઘરની હોવાથી અમને સુંદર લાગે છે. પાછળથી સુયોગ આવી મળ્યો. બે ત્રણ સિદ્ધહસ્ત ચિત્રકાર મિત્રોએ કૃપા કરી અને બાલવાડી માટે પ્રેમથી કેટલાંક સુંદર ચિત્રો બનાવી આપ્યાં છે. હવે તો દસ્તુર જ પડી ગયો છે કે કોઇ પણ ચિત્રકાર મિત્ર આંટીમાં આવે તો તેની પાસેથી એક બે ચિત્રોનો કર વસુલ કરવો જ.

### ૧૩ ક્રીડાંગણ

ક્રીડાંગણમાં બાલવાડીનાં બાળકો માટે રમવાનાં સાધનો મુકયાં છે. તે સાથે કંઇક મોટી ઉમરનાં તેમના ભાંડુઓ માટે પણ સાધનો રાખવામાં આવ્યાં છે. તેઓ પોતાના નાના ભાઇ બહેનોની સંભાળ લેવા બાલવાડીમાં આંટાફેરા મારે જ છે. ગામના નિશાળીઆઓ પણ વાર્તા સાંભળવા અને બાળકોના દાંડિયારાસ વગેરેમાં ભળવા ઘણીવાર આવી પડે છે. તે સૌ ક્રીડાંગણનો ખૂબ લાભ ઉઠાવે છે.

### ૧૪ નાસ્તો:—

નાસ્તામાં ભડકું, છાંચલું, રાબ, રોટલી, ધાણી, પૌઆ, ચણા, મમરા, તથા કયારેક દૂધ દહીં વગેરે આપવાનું રાખ્યું છે. કેળાં, જમરૂખ, કેરી, બોર જેવાં ફળો પણ તે તે ૠતુમાં અપાય છે.

નાસ્તો પકાવવાનું કામ મોટે ભાગે બાલવાડીના એક શિક્ષકના પત્નીએ કર્યું હતું. નાસ્તાનું બાળક દીઠ રોજ કેટલું ખર્ચ આવ્યું તે નીચે માસ વાર બતાવ્યું છે:—

| માસ | પાઇ | માસ | પાઇ |
|---|---|---|---|
| જુન ... | ... ૦—૦—૩॥। | ડીસેમ્બર | ... ૦—૦—૨ |
| જુલાઇ | ... ૦—૦—૨॥ | જાન્યુઆરી | ... ૦—૦—૨॥। |
| ઑગસ્ટ | ... ૦—૦—૩॥। | ફેબ્રુઆરી | ... ૦—૦—૧॥। |
| સપટેમ્બર | ... ૦—૦—૨। | માર્ચ | ... ૦—૦—૧॥। |
| ઓકટોબર | ... ૦—૦—૨। | એપ્રીલ | ... ૦—૦—૨॥ |
| નવેમ્બર | ... ૦—૦—૨। | મે ... ... | ૦—૦—૪॥। |

નાસ્તામાં વપરાતું અનાજ બાળકનાં માબાપ પાસેથી લેવાની ધારણા હતી પણ ગયા વર્ષમાં અનાજનો પાક સારો ન થયેલો હોવાથી તે વિચારનો અમલ કરવામાં આવ્યો નથી.

### ૧૫. બાળકોનાં કપડાં

બાલવાડીનાં બાળકોને એક સરખાં કપડાં સંસ્થા તરફથી કરાવી આપવાં? આ બાબતની ચર્ચા અમે કરી હતી અને માબાપ પોતાની શક્તિથી જેવાં કપડાં પહેરાવી શકે તેનાથી સંતોષ માનવાનો નિર્ણય કર્યો હતો. ગરીબ ગ્રામવાસીઓમાં પોતાનાં બાળકોને બે જોડ કપડાં આપી શકે તેવા થોડા જ હોય છે. એકાદ ડગલું હોય તો પણ ઘણી વાર ફાટેલું હોય. તેને થીગડાં મારી આપવાં, ધોઇને સ્વચ્છ રાખવાં, તે સુકાતાં સુધી બાળકો ઉઘાડાં રમે એમ રાખ્યું છે. માત્ર બાળકોને શરીર માટે અને નાક, મોં સ્વચ્છ રાખવા માટે ટુવાલ અને હાથરૂમાલ સંસ્થા તરફથી આપવામાં આવ્યા છે.

### ૧૬. માતાઓની સભાઓ

ઉત્સવ આદિ પ્રસંગોએ બાલવાડીનો ખાસ કાર્યક્રમ રાખવામાં આવે છે. તે વખતે તેમજ અન્ય પ્રસંગોએ બાળકોની માતાઓને આમંત્રણ આપી તેમણે બાળકો પ્રત્યે કેવું વર્તન રાખવું તેની સમજ આપવામાં આવે છે. માતાઓ તેમને કરેલી સૂચનાઓનો યથાશક્તિ અમલ કરતી જોવામાં આવે છે. બાળકોનાં આંખ, નાક, કપડાં, વગેરેમાં ઘણી બ્હેનો વધારે કાળજી લેતી થઇ છે, અને બાળકોને બાલવાડીના વખતે તૈયાર રાખવાની પણ કાળજી લેતી જણાઇ છે.

### ૧૭. મુલાકાતીઓ અને અભ્યાસીઓ

આ આશ્રમની પ્રવૃત્તિઓ તરફ પ્રેમ રાખનાર અનેક ભાઇ બ્હેનોએ આશ્રમની મુલાકાત લીધી હતી. તેમને બાલવાડીની

(અનુસંધાન પૃષ્ઠ ૧૦ જુઓ)

# નવયુગપ્રવર્તક ગાંધીજી: કવિવર ટાગોરનું એક ભવ્ય સિંહાવલોકન

**યુગદૃષ્ટા કવિવર રવીન્દ્રનાથ આજના યુગપુરૂષ ગાંધીજીનો નીચે મુજબ પરિચય કરાવે છે.**

## હિંદની ભૌગોલિક અને ઐતિહાસિક એકતા

હિંદુસ્થાનને પોતાના પ્રાકૃતિક સીમાડાઓ વડે એક પ્રકારનું જે ભૌગોલિક વ્યક્તિત્વ પ્રાપ્ત થયું છે તે કંઇ કાળથી એક યા બીજી રીતે રાષ્ટ્રીય એકતાની પ્રેરણા આપી રહેલ છે. ભારતવર્ષની એકતાના પ્રતીક સમા મહાભારતમાં ભિન્ન ભિન્ન વિચાર અને આચારની પ્રણાલિઓનો સુન્દર સમન્વય જોવામાં આવે છે અને આખા દેશના જુદા જુદા વિભાગોમાં વ્યવસ્થિત રીતે યોજાયલાં તીર્થસ્થાનો પાછળ પણ સમગ્ર રાષ્ટ્ર પ્રત્યે એક પ્રકારનો ભક્તિભાવ પોષવાની કલ્પના રહેલી હોય એમ માલુમ પડે છે. આ તીર્થસંસ્થાના કેટલાક વિશિષ્ટ લાભો હતા. જે સ્વાભાવિકપણે અને સીધી રીતે મળતું તે જનતાના અન્તરને વધારે ઉંડાણથી સ્પર્શતું અને એ રીતે તીર્થાટન નિમિત્તે થતી દેશના રમણીય અને મહત્વના કેંદ્રોની પ્રદક્ષિણા આમ પ્રજાના માનસ ઉપર કદિ ન ભુંસાય એવી છાપ પાડતી.

મહાભારતના મધ્ય ભાગમાં આવેલી ભગવદ્‌ગીતા આ રીતે પોષાતી એકતાને જ પ્રકાશિત કરતી હતી. એક રીતે વિચારતાં એમ લાગે છે કે કુરૂક્ષેત્રની મધ્યમાં આવું તાત્વિક પ્રવચન સંભવિત જ નથી અને તેથી ગીતાને પ્રક્ષિપ્ત વિભાગ તરીકે લેખવામાં આવે છે. પણ એમ છતાંયે જે બુદ્ધિશાળી વ્યક્તિને ગીતાને મહાભારતની મધ્યમાં ગોઠવવાનું સુઝ્યું તેને પુરેપુરો ખ્યાલ હોવો જોઇએ કે હિંદની આન્તરબાહ્ય એકતાનું વાસ્તવિક દર્શન રજુ કરાવવા માટે તત્ત્વવિષયક મૂલભૂત પ્રશ્નોની સમાલોચના આવા અલૌકિક મહાકાવ્યની મધ્યમાં જ પ્રતિષ્ઠિત કરવી તેજ યોગ્ય તેમજ આવશ્યક છે અને તેથી આધ્યાત્મિક અનુભવોનો આ વિપુલ ભંડાર પ્રસ્તુત મહાકાવ્યમાં ઠલવવામાં આવ્યો છે એટલા માટે જ નહિ, પણ ભારતવર્ષની ઐતિહાસિક એકતાનું પણ તેમાં અદ્‌ભુત રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે તે કારણને લીધે જ મહાભારતના અધ્યયનને આટલું બધું ધાર્મિક મહત્ત્વ આપવામાં આવ્યું હતું અને તે સાથે દેશ આખાની ભૌગોલિક એકતાનું ભાન પણ લોકોના દિલમાં સદોદિત રહે તે હેતુથી પુરવણીરૂપે લોકજીવનમાં નિયમિત તીર્થયાત્રાની યોજના કરવામાં આવી હતી. પ્રાચીન રૂષિ મુનિઓએ કરેલી યોજના વિષે આટલો ઉલ્લેખ બસ છે.

જ્યારે આર્યોએ હિંદના વાયવ્ય દ્વારેથી પ્રવેશ કરીને પંજાબમાં વસાહત કરી અને ત્યાંથી આગળ વધતાં વિંધ્યાચળને ઓળંગીને દેશના બાકીના વિભાગોમાં તેઓ ફેલાઇ ગયા ત્યારે આખા દેશ ઉપર અને ગાંધાર (હાલનું અફ્ઘાનીસ્તાન) જેવા બાજુના પ્રદેશો ઉપર પણ એક જ સંસ્કૃતિની છાયા પથરાઇ ગઇ. આ સંસ્કૃતિની એક ખાસ વિશેષતા એ હતી કે તે સમયમાં પ્રચલિત સાંપ્રદાયિક ભેદભાવો જેવા હતા તેવાને તેવા ચાલુ રહેવા દેવામાં આવ્યા. પરિણામે એ ભેદભાવોની પરંપરાને અમરપટો મળી ગયો. બહારની કોઇ દખલગીરીથી દેશની ભૌગોલિક એકતાનું ભાન લુપ્ત ન થતાં લોકોના મન ઉપર જાગતું અને જીવતું રહે—આટલી સંભાળ રાખવામાં આવેલી અને આ બાબતને બાધક ન બને તેવી રીતે મતમતાંતરો અને સાંપ્રદાયિક ભેદભાવના પ્રવાહો વહેતા હતા તેમ વહેવા દીધા.

## એકતાનો ઉચ્છેદ—અનવસ્થાનો પ્રારંભ

એજ માર્ગેથી દેશ ઉપર એક પછી એક આક્રમણો ચાલુ જ રહ્યા અને સાથે સાથે વિદેશી સંસ્કૃતિના ચિત્રવિચિત્ર તત્ત્વો પણ દેશમાં પ્રવેશ પામતા રહ્યા અને પરિણામે આપણને ભાન થયું કે આ બધો વખત આપણે સૌ સાથે રહેતા હતા પણ વાસ્તવિક રીતે એક બન્યા નહોતા. આપણી આ નબળાઇનું પરિણામ એ આવ્યું કે કંઇ કાળથી વસતા મૂળ પ્રજા સમુહ ઉપર પડોશમાં વસતી જાતિઓએ આધિપત્ય જમાવ્યું અને સમયાન્તરે તેમની ઉપર દરીયાપાર પ્રજાનું પ્રભુત્વ સ્થપાયું અને આમ ઉત્તરોત્તર આવતા જતાં આક્રમણોનો કોઇ અસરકારક સામનો કરી ન શકયું.

આ અનવસ્થામાં અંદર અંદરની લડાઇઓ, કોમ કોમનાં ઘર્ષણો લોકજીવનની ચાલુ ઘટના બની ગઇ. એક હિંદી અન્ય હિંદી સામે સત્તા જમાવવા માટે અથવા તો કોઇ પરદેશી સત્તાની મદદ મેળવીને આગળ આવવા માટે લડવા લાગ્યો. ત્યારથી હિંદુસ્તાનનો ઇતિહાસ વચ્ચેનો થોડો ગાળો બાદ કરતાં દારૂણ દુઃખો અને ઉત્તરોત્તર અધોગતિ નીપજાવનારી ઘટનાઓથી ભરપુર બન્યો છે. દેશનાં સાધન સામગ્રી અને સંપત્તિનો લય થવા લાગ્યો અને સાથે સાથે માનસિક અને નૈતિક અધઃપતન નિર્માતું ગયું. કારણ કે આર્થિક દારિદ્રયમાંથી હંમેશા માનસિક દારિદ્રય પરિણમે છે. અને કેટલીયે સદીઓના કડવા અનુભવો પછી આપણને ભાન થયું કે દેશની વિશાળતાને અનુરૂપ એકતાની સાધના આપણે કરી નહિ તેમાંથી જ આપણી આ બધી દુર્દશાનો જન્મ થયો.

## લોકજીવનનો ઘસારો

આવી વિષાદજનક ઐતિહાસિક ઘટના દરમિયાન પણ કેટલાંક પ્રાણપ્રેરક બળો પોતાનું કાર્ય કરતાં જ આવ્યા છે. જો હિંદુસ્થાન ઉપર બહારના આક્રમણો થયા ન હોત તો તેની સંસ્કૃતિના હાર્દમાંથી સ્થાયી અને સુદૃઢ એકતાની ભાવના દૃઢીભૂત થાત કે નહિ એ એક પ્રશ્ન છે. પણ એ વાત ચોક્કસ છે કે તેની સંસ્કૃતિ અને સ્વતંત્રતા કચરાઇ અને છુંદાઇ રહી હોય એવા તેના ઇતિહાસના વિષમમાં વિષમ કાળ દરમિયાન પણ હિંદુસ્થાને પોતાની પુરાણી—ધીમી છતાં ગૂઢ—રીતે પોતાની જાતને સંભાળી લીધી હતી. જ્યારે ઇસ્લામનો તેની ઉપર હલ્લો આવ્યો ત્યારે હિંદી સંસ્કૃતિએ ઇસ્લામના સારાં તત્વોને અપનાવી લીધા અને એ રીતે એક ઉગ્ર વિરોધી તત્ત્વનું ઉલટું નવું બળ આપનાર સાધનમાં રૂપાન્તર કરી દીધું. મહાભારતના કાળમાં એકતાપોષક જે તત્વો કામ કરતાં આપણે જોઇ ગયા તેજ તત્ત્વોનો મધ્યકાળમાં થઇ ગયેલા અનેક હિંદુ અને મુસલમાન સાધુસંતોએ અને ફકીરોએ પોતાની દીર્ઘ, વિશાળ અને સમભાવ ભરી દૃષ્ટિ વડે સારો વિકાસ કર્યો હતો. પણ જો કે આ સાધુસંતોએ પોતાની આધ્યાત્મિક સાધના વડે પુરાણી સંસ્કૃતિના હાર્દને પુનર્જીવિત કરવા ખુબ પ્રયત્ન કર્યો હતો એમ છતાં પણ એ સાધુસંતોની સાધના—તપશ્ચર્યાનું પરિણામ સામાન્ય લોકોના જીવન ઉપર એવું આવ્યું કે લોકો ઐહિક જીવનના દુઃખ દારિદ્રય અને અજ્ઞાનને દૂર કરવાનું છોડીને પરલોકના સુખ વૈભવ કેમ મળે તેની જ ચિન્તામાં ડુબી ગયા. આનું પરિણામ તો એ આવ્યું કે સામાન્ય પ્રજા અનેક ધર્મધૂર્તોની ભોગ બની ગઇ અને લોકજીવનને અનેક દિશાએથી અપાર ઘસારો લાગવા માંડયો.

## ભિક્ષુકો અને સન્યાસીઓ

આજે આ દેશમાં એવા સંખ્યાબંધ સાધુ, બાવાઓ

(અનુસંધાન પૃષ્ઠ ૮ જુઓ)

# જૈન સંસ્કૃતિનું વ્યાપક સ્વરૂપ

(હિંદી ભાષામાં 'વિશ્વવાણી' નામનું એક વિચારપ્રચુર માસિક નીકળે છે. તેના ગતવર્ષના સપ્ટેંબર માસના 'જૈન સંસ્કૃતિ અંક'માં મહાત્મા ભગવાનદીનજીનો 'જૈન મંઝન જગહ જગહ' એ મથાળાનો એક લેખ પ્રગટ થયો છે. એ લેખ જૈન સંસ્કૃતિની કેટલીક બાજુઓ બહુ જ સુંદર રીતે રજુ કરે છે એમ છતાં તે બહુ જ લાંબો હોવાથી મૂળનો અનુવાદ 'પ્રબુદ્ધ જૈન'માં આપી શકાય તેમ નહોતું. તેથી અમારી વિનંતિને સન્માનીને તે મૂળ લેખનો સંક્ષિપ્ત આકાર સૌ. સરલાબહેન સુમતિચંદ્ર શાહે તૈયાર કરી આપ્યો છે જે નીચે પ્રગટ કરવામાં આવે છે. —તંત્રી.)

## સંસ્કૃતિ એટલે શું?

'સંસ્કૃતિ' શબ્દ બે અર્થમાં વપરાય છે. મનુષ્યોના આત્માને ઉંચે ચઢાવનારી રહેણીકરણી તેમજ વિચારપ્રણાલિને સંસ્કૃતિના નામે ઓળખવામાં આવે તો કોઇ એક પ્રજાની હોય, વર્ગની હોય, દેશની હોય કે જાતિની હોય. 'ચોકકસ પ્રજા કે વર્ગની રહેણીકરણી, ખાવાપીવા, પહેરવા તથા રહેવાની રીતભાત' આવો પણ સંસ્કૃતિ શબ્દનો અર્થ કરવામાં આવે છે. પણ મારા મત આ બીજો અર્થ પ્રમાણે સંસ્કૃતિ શબ્દનો દુરૂપયોગ છે. ભિન્ન ભિન્ન પ્રજાના ભિન્નભિન્ન રીતરીવાજો મનુષ્યના કેવળ બાહ્ય જીવનને સ્પર્શે છે. જે વસ્તુ આત્માને સ્પર્શતી ન હોય તેને 'સંસ્કૃતિ' શબ્દથી કેમ ઓળખાવી શકાય એ મારી સમજમાં ઉતરતું નથી.

આ રીતે હિન્દુ સંસ્કૃતિ, મુસ્લિમ સંસ્કૃતિ, ચીની સંસ્કૃતિ આદિ શબ્દોનો ઉપયોગ સંસ્કૃતિ માટે ધાતક સિધ્ધ થયો છે. જો હિન્દુ સંસ્કૃતિ યા ચીની સંસ્કૃતિની મતલબ આ હોય કે હિંદુઓ અને ચીનાઓએ મનુષ્યોના આત્માને ઉંચે ચઢાવવામાં કેટલી મદદ કરી, તો તો હિન્દુ સંસ્કૃતિ યા ચીની સંસ્કૃતિ જેવા જેવા શબ્દો કાનને મીઠા લાગે. પરંતુ સુશિક્ષિત કે અશિક્ષિત બન્ને લોકો આ શબ્દોનો આ અર્થ નથી કરતા. હિન્દુ સંસ્કૃતિનો અર્થ થાય છે હિન્દુઓ કેવી રીતે રહે છે યા ખાય પીએ છે, કેવી રીતે લગ્ન કરે છે, મુર્દા બાળે છે યા દાટે છે. એ જ પ્રમાણે ચીની સંસ્કૃતિનો અર્થ થાય છે કે ચીનાઓ શું શું કરે છે. જો ખાવાં પીવા અને પહેરવાના રીતરીવાજોને સંસ્કૃતિનું નામ આપવામાં આવે તો મોહનલાલ સંસ્કૃતિ, ચીંપુ સંસ્કૃતિ, મહમદઅલી સંસ્કૃતિ, જોન સંસ્કૃતિ જેવી સંસ્કૃતિઓને પણ માનવી જોઇએ. તો તો પછી કબુતર સંસ્કૃતિ યા કાગડા સંસ્કૃતિને પણ ઠીક માનવી જોઇએ; કારણ કે આ બંને પક્ષીઓ એક બીજાથી જુદી જાતના માળા બનાવે છે. દરેક જાતિ અને દરેક વ્યક્તિ બીજાઓથી કંઇક ભિન્ન રીતે જ વ્યવહાર ચલાવે છે. એટલે ખાવા પીવા કે પહેરવાને સંસ્કૃતિ માની લેવાથી સંસ્કૃતિની કેવળ મજાક થાય છે.

સંસ્કૃતિ શબ્દને તોડી ફોડી જોતાં મને એમાં માત્ર આ ચીજો સિવાય કંઇ ન મળ્યું. (૧) બીજાને ન સતાવવા, (૨) સત્ય બોલવું, (૩) ચોરી ન કરવી, (૪) જરૂરથી વધારે સામાન ન રાખવો, (૫) સ્ત્રી કે પુરૂષે બીજા સ્ત્રી–પુરૂષ તરફ બુરી નજર ન કરવી. આ પાંચ સત્યો મળીને સંસ્કૃતિ નામ પામે છે. સંસ્કૃતિનો અર્થ સંસ્કારી આત્મા સિવાય બીજો કંઇ થઇ શકતો જ નથી. છતાં ન જાણે કેમ બધા સુશિક્ષિતો કોઇ જાતિ યા દેશની સંસ્કૃતિના વખાણ કરતાં એમની રહેણી કરણી, ખાનપાન યા તેમને રહેવાના મકાનોની ભિન્નભિન્ન બાંધણીઓનો વાદ વિવાદ કરે છે, અને એમણે પોતાના આત્માને સંસ્કારી બનાવવામાં યા બીજાઓને ઉંચે લાવવામાં શો હિસ્સો આપ્યો તેનો વિચાર તદ્દન છોડી દે છે.

હું જૈન સંસ્કૃતિનો ઉલ્લેખ કરીને ફકત એજ સમજાવવા પ્રયત્ન કરીશ કે જૈનોએ મનુષ્યોના આત્મા સંસ્કારી બનાવવા શું પ્રયત્ન કર્યા, એમણે કઇ યુકિતઓ શોધી અને તેમાં કયાં સુધી તેઓ સફળ થયા. એમણે કયા કયા નવા વિચારો દુનિયા સામે મુકી લોકોને પોતાના આત્મા સંસ્કારી બનાવતા શીખવાડયું. જૈન ઋષિઓએ પોતાના આત્માને માત્ર બીજાઓની જેમ સંસ્કૃત બનાવ્યા છે એટલુંજ નહિ, પરંતુ બીજા કેવી રીતે પોતાની જાતને સંસ્કારી બનાવે છે તે પણ જોયું છે. એમણે જે કંઇ બતાવ્યું છે તેમાં કંઇ નવું ન હોવાં છતાં નવીનતા મળશે. વિજ્ઞાનીઓની જેમ એમણે સફળતા પ્રાપ્ત કરવાના માર્ગમાં આવતી જે મુશ્કેલીઓ જોઇ, જે વસ્તુઓથી મદદ મળતી જોઇ, તેને સીધી સાદી ભાષામાં પોતાના ભવિષ્યના સંતાનો માટે નિરૂપિત કરી છે. એમણે કદી એમ નથી કહ્યું કે અમુક દેવતાને માનો તો તમે તરી જશો. હા, સમજાવીને, પોતાના સિદ્ધ આત્માઓ દ્વારા એ જરૂર કહેવડાવ્યું કે "જ્યાં સુધી તમે અમને પુજતા રહેશો ત્યાં સુધી અમારા જેવા નહિ બની શકો. પોતાને પુજીને જ અમારા જેવા બની શકશો." શું એમના આ થોડા શબ્દો મુક્તિની ઇજારદારી અને દલાલીને ખતમ કરવા પૂરતા નથી? આત્માની સંસ્કૃત સ્થિતિનું નામ છે આઝાદી, મુક્તિ. એની ભીખ કોણ આપશે? મહેનત કરો! મળશે. એ ચીજ માંગી શકાય છે, જે પોતાની પાસે ન હોય. આઝાદી તો પોતાની અંદર છે, પોતાની જ છે. એમાં રસ ન લેવાથી ભૂલાઇ ગયેલી ચીજ છે અને એટલી ભુલી જવાઇ છે કે યાદ દેવડાવતાં પણ યાદ નથી આવતી. યાદ ભલે કોઇ દેવડાવે, પણ તે કોઇ આપી શકતું નથી. જૈન ઋષિઓ શુદ્ધિ કરવામાં માનતા નથી, પરંતુ શુદ્ધ થવામાં જરૂર માને છે રામદત્ત અલ્લાબક્ષના આત્માને સંસ્કારી નથી બનાવી શકતો. એને તો અલ્લાબક્ષે પોતે જ સંસ્કૃત બનાવવો પડશે. જૈનોને ત્યાં પેદા થવાથી જાતિએ ભલે જૈન કહેવાય. પરંતુ જૈન શબ્દના અર્થમાં જૈન નથી બની શકતો. જૈન શબ્દનો અર્થ છે જીતવાવાળો અથવા તો એમ માનો કે 'જીતવાને માટે નીકળેલો' યાને આઝાદીનો સીપાઇ. જૈન ધર્મનો અર્થ છે સીપાઇઓનો ધર્મ. આખર મોહની ફોજ સામે ઉભા રહેવા માટે જો સીપાઇની જરૂર નથી તો બીજા કોની હોઇ શકે? જીવનને બધા ધર્મોએ યુદ્ધ માન્યું છે. આઝાદી વેચવાની ચીજ નથી, નહિ તો વાણીયા બનીને જ ખરીદી લેત. આ તો અડગ બની તન–મન–ધનને કેન્દ્રસ્થ કરીને મેળવવાની ચીજ છે. એ માટે સીપાંઇઓનો ધર્મ જ કામ આવી શકે છે, વાણીયાઓનો નહિ.

## મુશ્કેલીઓ

જૈનો સામે સૌથી મોટી મુશ્કેલી એ હતી કે દુનિયાનો મોટો ભાગ એમ માનતો હતો કે કોઇ દુનિયાને બનાવનાર છે એટલુંજ નહિ, પણ તેઓ જે કંઇ કરે છે તે પોતે કરતા નથી. પણ ઇશ્વર કરાવે છે. એમ તો આ વિચારધારા ઘણી જ કામની છે, અગર આ વિચારધારામાં વહીને મનુષ્ય પોતાની અહંતાને તોડી નાંખે અને પોતાના અહંને ભૂલી જાય અને પોતાની બધી ભલાઇઓને ઇશ્વરની આપેલી સમજે એ જરૂર આવકારદાયક છે; પરંતુ જે સમયે જૈન ધર્મ પેદા થયો ત્યારે લોકો ઇશ્વરને

(અનુસંધાન પૃષ્ઠ ૬ જુઓ)

सच्चस्स आणाए उवट्टिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુધ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

મે ૧ ૧૯૪૩


## પંચમ વર્ષ પ્રવેશ

'પ્રબુદ્ધ જૈન' આજે ચાર વર્ષ પુરાં કરીને પાંચમા વર્ષમાં પ્રવશ કરે છે. આગળનાં વર્ષો કરતાં ગયું વર્ષ ઉત્તરોત્તર વિષમ સ્થિતિમાંથી પસાર થયું. બાર મહીના પહેલાં આ સમયે હિંદુસ્થાન ઉપર જાપાનીઝ હુમલો ટમટમી રહ્યો હતો અને કલકત્તા, મદ્રાસ, મુંબઇ જેવાં મોટાં મથકોમાંથી ભાગીને વસ્તીનો મોટો ભાગ પોતપોતાના વતનમાં જઇને વસ્યો હતો. એ હુમલાની ધાસ્તી ઓછી થઇ અને લોકો પાછા પોતપોતાનાં વ્યવસાય–ક્ષેત્રો તરફ પાછા વળ્યા, એવામાં ગાંધીજીના 'કવીટ ઇન્ડીઆ'–'હિંદ છોડો'–એ સૂત્રના આકારમાં રજુ થતું પ્રબળ રાજકીય આંદોલન પુરજોશમાં ફેલાવા લાગ્યું. જો દેશમાં પ્રજાકીય તંત્ર સ્થાપવાની માંગણી સરકાર તરફથી સ્વીકારવામાં ન આવે તો અહિંસાને લક્ષ્યમાં રાખીને ગાંધીજીની આગેવાની નીચે સરકાર સામે એક સર્વતોમુખી વિગ્રહ શરૂ કરવાનો રાષ્ટ્રીય મહાસભાની અખિલ હિંદ સમિતિએ પોતાનો ઇરાદો જાહેર કર્યો, તે સાથે સરકારનું સર્વવ્યાપી દમન ચક્ર શરૂ થયું અને આખો દેશ એક પ્રકારની રાજકીય આંધિથી છવાઇ ગયો. આ પરિસ્થિતિ વચ્ચે પ્રજાનું વાણીસ્વાતંત્ર્ય લુપ્ત થયું અને અનેક સામયિક પત્રો માફક 'પ્રબુદ્ધ જૈન'નું પ્રકાશન પણ ઓગસ્ટ માસ દરમિયાન બંધ કરવામાં આવ્યું. તે પ્રકાશન ચાર મહીના સુધી બંધ રહ્યું. જાન્યુઆરીની પહેલી તારીખથી 'પ્રબુદ્ધ જૈન' પાછું શરૂ કરવામાં આવ્યું છે અને આજ સુધી દરેક અંગ્રેજી માસની પહેલી અને પંદરમી તારીખે 'પ્રબુદ્ધ જૈન' 'નિયમિત પણે પ્રગટ થઇ રહ્યું છે. ઉત્તરોત્તર વિકાસ પામતા 'પ્રબુદ્ધ જૈન'ને કાગળની મર્યાદા આજે એ રીતે રૂંધી રહી છે. એક તો હલકા કાગળો વાપરવા પડે છે; બીજું આઠ પાનાથી વધારે વાંચન સામગ્રી આપવાનું અશકય બન્યું છે. પરિણામે પ્રબુદ્ધ જૈનને ખુબ સમૃદ્ધ બનાવવાની ભાવના અને ઉત્સાહ ઉપર અનિવાર્ય નિયંત્રણ અમારે સ્વીકારવું પડયું છે. આને લીધે ઘણી ઉપયોગી સામગ્રી અમારે ઘણી વખત જતી કરવી પડે છે અને સળંગ છાપવા જોઇતા કેટલાક લેખોને બે ત્રણ હફતે છાપવા પડે છે.

અંગ્રેજ તત્ત્વવેત્તા બેકન કહેતો કે 'All knowledge is my province'–'જ્ઞાન માત્ર મારો પ્રદેશ છે'–તેમ પ્રબુદ્ધ જૈનનો મનોરથ તો એવો છે કે જનકલ્યાણ સાથે સંબંધ ધરાવતી એવી કોઇ પ્રવૃત્તિ કે નવવિચારસરણી હોવી ન જોઇએ કે જેનું પ્રમાણભૂત નિરૂપણ સામાન્ય જનતા ગ્રહણ કરી શકે એવા આકારમાં 'પ્રબુદ્ધ જૈન'માં એક યા બીજા અંકમાં કરવામાં આવ્યું ન હોય, હિંદની આઝાદીને લગતી એવી કોઇ પણ બાબત ન હોય કે જેને પ્રબુદ્ધ જનમાં ચર્ચવામાં આવી ન હોય, જૈન સમાજનો એવો કોઇ પણ પ્રશ્ન ન હોય કે જે વિષે પ્રબુદ્ધ જૈન દ્વારા માર્ગદર્શન કરાવવામાં આવ્યું ન હોય. આ મનોરથ મોટો છે પણ તેને પહોંચી વળવાની જેમના માથે જવાબદારી છે તેમની તાકાત ખરેખર અલ્પ છે. તદુપરાન્ત પ્રબુદ્ધ જૈનને આ કોટિએ પહોંચાડવા માટે અનેક વિદ્વાનો, વિચારકો, તેમજ કાર્યકર્તાઓનો જે વિપુલ સહકાર જોઇએ તેથી પ્રબુદ્ધ જૈન હજુ સુધી વંચિત છે. સત્ય અને સમાજશ્રેયને લક્ષ્યમાં રાખીને પ્રબુદ્ધ જૈન આજ સુધી ચલાવવામાં આવ્યું છે અને જૈન તેમજ જૈનેતર સમાજ પ્રબુધ્ધ જૈન વિષે ઠીક ઠીક આદર ધરાવે છે એવો અમારો અનુભવ છે. વળી ગ્રાહકો તેમજ વાંચકોની સંખ્યા પણ ઉત્તરોત્તર વધતી જાય છે. એક કાળે ઉપર જણાવેલ આદર્શની સમીપ અમે પહોંચી શકીશું એવી અમારી શ્રધ્ધા છે. આ માટે જુદા જુદા વિષયો ઉપર અભ્યાસપૂર્ણ લેખો, સમાજ ઉપર ચાલી રહેલા સામાજિક તેમજ રાજકીય સીતમોના સત્યપૂર્ણ આલેખનો તેમજ ઉગતા ભાવીનું દર્શન કરાવતી કથાઓ તથા કાવ્યો અમને મોકલતા રહેવા જૈન–જૈનેતર લેખકોને અમારી અભ્યર્થના છે. 'પ્રબુદ્ધ જૈન'ના પ્રશંસકો અમને સારી સંખ્યામાં ગ્રાહક મેળવી આપે એવી તેમને પણ અમારી વિનંતિ છે. આજના વિષમ કાળમાં અમારી સત્યોપાસના જરા પણ શિથિલ ન બને એટલું બળ પ્રેરતા રહેવા પરમાત્માને અમારી પ્રાર્થના છે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન.

---

## કેટલાક સમાચાર અને નોંધ

### મુનિશ્રી ચારિત્ર્યવિજયજીનો સ્વર્ગવાસ

તા. ૨૫–૪–૪૩ ના રોજ પાલીતાણા ખાતે મુનિશ્રી ચારિત્ર્યવિજયજીનું અવસાન થતાં જૈન સમાજ એક પ્રભાવશાળી વ્યક્તિથી વંચિત બની છે. તેઓ ઉમ્મરે અતિ વૃધ્ધ હતા. કેટલાંએક વર્ષથી તેઓ સોનગઢ ખાતે ઉઘાડેલ આશ્રમમાં રહેતા હતા અને 'સમય ધર્મ' નામના એક પાક્ષિક પત્રનું તેઓ સંપાદન કરતા હતા. 'સમય ધર્મ' સાધારણ રીતે નવા વિચારોને વેગ આપનારૂં અને જૈન સમાજમાં જડ ઘાલી બેઠેલા જુનવાણી સાધુઓની નિડરપણે ટીકા કરનારૂં પત્ર છે. યુવક પ્રવૃત્તિનું તેમજ કોન્ફરન્સ જેવી સામુદાયિક પ્રવૃત્તિઓનું 'સમય ધર્મ' સદા સમર્થન કરતું આવ્યું છે. એ પત્રદ્વારા મુનિશ્રી ચારિત્ર્યવિજયજીએ જૈન સમાજની સારી સેવા બજાવી હતી. તેઓ સારા લેખક તેમજ પ્રખર વક્તા હતા. તેઓ સારૂં ગાઇ શકતા અને તેમની વાણીનું માધુર્ય અનેકને ખુબ આકર્ષતું. તેઓ ધર્મશાસ્ત્રના નિપુણ જાણકાર હતા અને વર્તમાન વિચારપ્રવાહના વલણોને સારી રીતે સમજતા હતા. આવી અનેક અનુકુળતાઓ હોવા છતાં જે ઉચ્ચ કોટિના તિતીક્ષાભર્યા જીવનની જૈન સમાજ પોતાના સાધુઓ પાસેથી અપેક્ષા રાખે છે તેના અભાવે તેમનું જૈન સમાજ ઉપર જોઇએ તેટલું પ્રભુત્વ જામ્યું નહોતું અને પરિણામે પોતાની મુરાદ મુજબ જૈન સમાજને આગળ લઇ જવામાં તેઓ સફળ નીવડયા નહોતા. પરમાત્મા તેમના આત્માને પરમ શાન્તિ આપો!

### શ્રી રત્નચિંતામણિ કન્યાશાળાનો વાર્ષિક મહોત્સવ

શ્રી. રત્નચિંતામણિ સ્થાનકવાસી મિત્રમંડળના આશ્રય નીચે ચાલતી કન્યાશાળાનો વાર્ષિક મહોત્સવ શ્રી મહાવીર જયંતીને અનુલક્ષીને તા. ૧૮–૪–૪૩ રવિવારના રોજ શ્રીમાન બાપાલાલ રામચંદ ગાંધીના પ્રમુખપણા નીચે સુંદરાબાઇ હોલમાં યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં સંખ્યાબંધ સ્ત્રી પુરૂષોએ ભાગ ભાગ લીધો હતો. પ્રસ્તુત પ્રસંગને ઉદ્દેશીને શ્રી. ખીમચંદ મગનલાલ વોરાએ તૈયાર કરેલ ચંદનબાળાનું નાટક ભજવવામાં આવ્યું હતું. નાટકનો વિષય સ્વાભાવિક રીતે ખુબ આકર્ષક હતો અને તે ભજવવાને લગતી તૈયારી કરવા પાછળ ખુબ જ મહેનત

JAIN SAHITYA VIKAS MANDAL,
112, G B Road, Irla Bridge,
Vile Parle, BOMBAY-56 (AS)

લેવામાં આવી હતી. શ્રોતાસમુહની ખુબ જ ગીરદી હતી. કાર્યક્રમ ચાર કલાક ચાલે તેટલો લાંબો હતો. આ બે કારણને લીધે કાર્યક્રમ દરમિયાન પુરી શાંતિ જળવાઇ શકે તેમ નહોતું તેમજ લોકો કંટાળે એ સ્વાભાવિક હતું. આવા પ્રયોગો પાછળ ન્યુ એરા સ્કુલ કે એવી અગ્રગણ્ય સંસ્થાઓ જે સુરૂચિનું ઉંચું ધોરણ રજુ કરી શકે છે તે ધોરણને પહોંચી વળતાં આપણી આવી શિક્ષણ સંસ્થાઓને હજુ બહુ વાર લાગશે એવી છાપ પ્રસ્તુત પ્રસંગે રજુ થયેલ કાર્યક્રમ જોનારના મન ઉપર પડી હોય એમ લાગે છે. વિપુલ કાર્યક્રમને બદલે થોડું પણ કળાપૂર્ણ પ્રયોજન વધારે આવકારદાયક છે અને તે માટે આવી પ્રવૃત્તિઓને જેમને વિશેષ ઉંડો અનુભવ અને દૃષ્ટિ હોય તેમનો સારો સહકાર સાધવો ઘટે છે. ચંદનબાળાના નાટકની વસ્તુ વિષે હવે પછી.

## સર મોરીસ ગ્વાયરે આપેલું– સરકારી ઓર્ડીનન્સે ધોઇ નાખ્યું

થોડા સમય પહેલાં ફેડરલ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સર મોરીસ ગ્વાયરે આપેલા ચુકાદાએ જે ઝીણવટભર્યો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને જેને લીધે લોકોમાં કંઇ કંઇ ઘેલી આશાઓ અને આકાંક્ષાઓ ઉભી થઇ હતી તે બધાનો તાજેતરમાં બહાર પડેલ સરકારી ઓર્ડીનન્સે આમૂળ નિકાલ કરી નાંખ્યો છે અને જે જ્યાં છે તેણે ત્યાં જ રહેવાનું છે એ બાબત ચોખ્ખી કરી દીધી છે. અનુકુળ પડે તેવા ઓર્ડીનન્સોની સત્તા સરકાર માટે કામધેનુ સમાન આશીર્વાદરૂપ નીવડી છે. આ ઓર્ડીનન્સની સત્તા કોઇ કાળે અસ્તિત્વમાં ન હોય તેવા નવા નવા ગુન્હાઓનું સર્જન કરી શકે છે અને સાધારણ જનતાની કોઇ પણ ચાલુ પ્રવૃત્તિને સરકારી ગુન્હો બનાવી શકે છે. આવી વ્યાપક સત્તાએ પ્રયોજેલા કાયદાઓની કલમમાંથી ન્યાયાસન ઉપર બેઠેલો માનવી કાંઇક બારી શોધી કાઢે અને તેના ભોગ બનેલાઓ માટે છુટકારાનો રસ્તો દર્શાવે એટલામાં તો એ બારી બંધ કરનારો બીજો કાયદો નીકળ્યો જ છે આવી આજની રાજનીતિ દેખાય છે.

નીતિ એટલે માણુસે માણુસ સાથે કેમ વર્તવું તેના નિયમો; કાયદો એટલે જનસમાજ વચ્ચે રહેતી વ્યકિતથી અમુક રીતે તો વર્તી ન જ શકાય એ સૂચવનારા પ્રતિબંધક નિયમો; ન્યાય એટલે એ કાયદાનો ભંગ કરનાર વ્યંક્તિને દંડ આપવાની વ્યવસ્થા. નીતિને અનુલક્ષીને કાયદો ઘડાય અને કાયદાને અનુલક્ષીને ન્યાય તોળાય.

આ વસ્તુસ્થિતિ સાધારણ પરિસ્થિતિને લાગુ પડે છે અને તેવા સંયોગમાં કાયદો ઘડનાર અને ન્યાયનું નિયમન કરનાર રાજ્યસત્તા પ્રજાના આદર અથવા તો વફાદારીની અધિકારી રહે છે. પણ જ્યારે આજે ચાલતા વિગ્રહ જેવો કોઇ અસાધારણ સંયોગ ઉભો થાય અથવા તો સ્થાપિત રાજ્યસત્તા સાથે પ્રજાનો કોઇ મોટો ભાગ અથડામણમાં આવે ત્યારે ઉપર જણાવેલ નીતિ-વ્યવહાર અને કાયદાનો પરસ્પર સંબંધ તુટી જાય છે. પ્રજાને પોતાના કાબુમાં રાખવા માટે સ્થાપિત સત્તા જાતજાતના કાયદાઓ ઘડવા માંડે છે અને ચાલુ અદાલતોને એ કાયદાઓનો અમલ કરવાનું ફરમાન કરવામાં આવે છે. ન્યાયસંસ્થાઓનો મુખ્ય આશય વ્યકિતસ્વાતંત્ર્યની રક્ષા કરવાનો હોય છે. નવા ઘડાતા કાયદાઓ એ સ્વાતંત્ર્યને ચોતરફથી રૂંધવા માંગતા હોય છે. પરિણામે ન્યાય આપવા માંગતી અદાલત અનેક બાજુએથી અથડામણમાં આવે છે. એ અદાલતને હયાતીમાં લાવનાર સરકારી રાજ્યસત્તા હોય છે. એ સરકાર ચોક્કસ સંયોગો ધ્યાનમાં લઇને પ્રજા સ્વાતંત્ર્યને રૂંધતા કાયદાઓ ઘડ્યે જાય છે. સરકારી અદાલત સરકારી કાયદાઓની મર્યાદા કદિ ઓળંગી શકતી નથી તેમજ સરકારી રાજ્યનીતિની ઉપેક્ષા કરી શકાતી નથી, એમ છતાં પણ કોઇ ન્યાયપ્રિય અધિકારી એ કાયદાઓમાંથી પણ સરકારના ખ્યાલમાં ન હોય એવો કોઇ મુદ્દો ઉઠાવે છે અને એ રીતે વ્યક્તિના સ્વાતંત્ર્યની રક્ષા કરવા તરફ પોતાનો હાથ લંબાવે છે. આવા પ્રસંગે ન્યાયપ્રિય સરકારની ફરજ તો એ જ હોઇ શકે કે પોતે ઉભી કરેલી ન્યાયસંસ્થાની પ્રતિષ્ઠા ખાતર તેના કોઇ પણ ચુકાદાનો પ્રજાને જેટલો લાભ આપી શકાય તેટલો સરકારે આપવો જોઇએ. પણ પ્રજાનું–આઝાદીપ્રણુત માનવીઓનું–દમન એ જ જેની રાજનીતિનું આજે મુખ્ય સુત્ર બની રહ્યું છે તે રાજ્યવહીવટમાં આવા ઉદાર અમલની સ્વપ્ને પણ આશા સંભવે નહિ. તેથી જ સર મોરીસ ગ્વાયરનો આટલો મહત્ત્વભર્યો ચુકાદો હિંદુસ્થાનની પ્રજા માટે તો કેવળ અર્થ વિનાનો નીવડ્યો છે.

## લીંબડી રાજ્યપ્રકરણનું સમાધાન: હિજરતીઓનું પુનરાગમન

વર્તમાન સંયોગોમાં લીંબડી રાજ્યમાં ઉભી થયેલી રાજા પ્રજાની મડાગાંઠનો નીકાલ આવ્યો છે અને વર્ષોથી દેશવટો ભોગવતા હિજરતીઓ પોતાને વતન સ્વમાનભેર પાછા ફર્યા છે એ એક આનંદ તેમજ સંતોષજનક ઘટના બની છે. જે કાંઇ સમાધાન થયું છે તેના ગુણદોષમાં ઉતરવાનો આજે બહુ સમય નથી. રાજ્યસત્તા સાથે ઘર્ષણમાં આવતાં અને હિજરતનો કાર્યક્રમ ઉપસ્થિત થતાં પ્રજાજનોને જે પાર વિનાની માલમતાની નુકસાની ભોગવવી પડી છે તેનો બદલો આપ્યો અપાય તેમ નથી. વળી સરકારી હિંદમાં જ્યારે લોખંડી દમનનીતિનું ચક્ર ચાલતું હોય ત્યારે તેમાંથી જ પ્રેરણા મેળવતા અને તેની હુંફમાં જ જીવતા આપખુદ દેશી રાજ્યતંત્ર પાસેથી બહુ ઉદાર સરતોવાળું અને પીડિત પ્રજાજનોને પુરતી રાહત આપતું સમાધાન મેળવવાની આશા રાખવી એ પણ વધારે પડતું છે. આજે તો સ્વમાનભેર ઘેર પાછા અવાય અને જપ્ત થયેલી સ્થાવર મીલ્કતો સૌને સૌની પાછી મળે અને પાછા આવ્યા બાદ રાજ્યની કશી કનડગત સિવાય સુખ–શાન્તિથી રહી શકાય–આટલું બને તો પુરતું હતું અને એમ ધારવામાં આવે છે કે પ્રસ્તુત સમાધાન એટલી શરતો બરોબર પુરી પાડે છે.

પ્રસ્તુત પ્રજા ઉત્થાનમાં અને પાર વિનાનો આત્મભોગ માંગતી હિજરતમાં જૈનોનો મોટો હીસ્સો હતો અને શ્રી. દુર્લભજી ઉમેદચંદ પરીખ, શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. ભગવાનલાલ હરખચંદ વિગેરે જાણીતા જૈન ગૃહસ્થો તેમાં અગ્રસ્થાને હતા એ બાબતની નોંધ લેવી ઘટે છે અને ઉપાડેલી હિજરતને સફળતાપૂર્વક પાર પાડવામાં જે જે જૈન ભાઇઓ તેમ જ બહેનોએ ભાગ લીધો હોય તેમને જૈન સમાજના ખુબ ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ.

## જોઇએ છીએ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલય માટે સારૂં નામું જાણનાર અને પુરી મહેનત લઇને ઉઘરાણી વસુલ કરી શકે એવો એક કલાર્ક જોઇએ છીએ. પગાર રૂ. ૪૦) આસપાસ. જેની ઇચ્છા હોય તેણે સંઘના મંત્રીને નીચેના ઠેકાણે મળવું.

**આર. એમ. શાહની કું.**
૮૧, નાગદેવી ક્રોસ લેન
ટેલીફોન: **૨૫૬૦૨**
મંત્રી: મુંબઇ જૈન યુવક સંઘ.

## સાભાર સ્વીકાર

**મધુપરાગ**:—લેખક: રતિલાલ ગિરધરલાલ શાહ,
૩૧, કાવેલ સ્ટ્રીટ, મુંબઇ, ૨.

## પાલણપુરનો નેત્રદાનયજ્ઞ.

પહેલી અને બીજી એપ્રીલ ૧૯૪૩ ના દિવસોએ, પ્રસિદ્ધ નેત્રવિશારદ ડૉ. મથુરાદાસ મોગાવાલાના હસ્તે પાલણપુરમાં એક નેત્રદાન યજ્ઞ ગોઠવાયો હતો. આ નેત્રદાન યજ્ઞની વ્યવસ્થા પાલનપુરના એક શહેરી સ્વ. ચમનલાલ રતનચંદ મહેતાની યાદગીરીમાં તેમના સુપુત્રો તરફથી કરવામાં આવી હતી અને તેનો બધો ખર્ચ, જે આશરે વીસેક હજાર થયો છે તે તેમના તરફથી ઉપાડી લેવામાં આવ્યો હતો. ડૉ. મથુરાદાસે આ બે દિવસોમાં છથી સાત હજાર માણસોની આંખો તપાસી હતી અને તેમાંથી મોતીયા, ઝામરા અને પરવાળાના દર્દીઓ તારવી ૫૭૨ દર્દીઓને ઓપરેશન કર્યા હતા. સ્ટેટ જેલની વિશાળ જગ્યામાં આ નેત્રદાન યજ્ઞની વ્યવસ્થા થઇ હતી. અને તેમાં ભાગ લેવા કચ્છ, કાઠીયાવાડ, અજમેર અને ગુજરાત ભરમાંથી માણસો આવ્યા હતા. થયેલાં ઓપરેશનોમાંથી માત્ર ૭ જણનાં ઓપરેશન નિષ્ફળ ગયાં હતાં, જ્યારે બાકીના બધાં સફળ થયાં હતાં. તા૦ ૨૯ માર્ચથી તા૦ ૧૮ એપ્રીલ સુધી નેત્રદાન યજ્ઞની કેમ્પ ચાલુ રહી હતી. શરૂઆતના ચાર દિવસ ચારથી ૭ હજાર માણસોનું રસોડું ચાલ્યું હશે, જ્યારે પાછળના દિવસોમાં સરેરાશ હજારેક માણસોનું રસોડું રહ્યું હશે. જમવાની વ્યવસ્થા અત્યંત સુંદર હતી. પાલણપુરને આંગણે સેવાના આ સુંદર યજ્ઞે અનેકના આશિર્વાદ મેળવ્યા છે. નેત્રદાન યજ્ઞની ઉદ્દ્ઘાટન ક્રિયા ના. નવાબઝાદા સાહેબને હસ્તે કરવામાં આવી હતી. અને પ્રજાના બધા વર્ગો તેમજ મ્યુનીસીપાલીટી વગેરે તરફથી સહકાર મળ્યો હતો. આ નેત્રદાન યજ્ઞનું આયોજન કરનાર શ્રી. મનસુખલાલ ચીમનલાલ મહેતા પાલણપુરના જૈન યુવક છે અને પાલણપુર યુવક સંઘના એક વખતના ઉત્સાહી કાર્યકર્તા હતા. ધનનો સદુપયોગ કરવાની અને જનસેવા કરવાની તેમની ઉચ્ચ ભાવના આપણા ધન્યવાદ માગી લે છે.

**ડાહ્યાલાલ મ. મહેતા.**

## એક કરૂણાપૂર્ણ દ્રષ્ય

આજથી થોડા દિવસ પહેલાં હમેશની રીત મુજબ મારા રહેવાના મકાનેથી સવારના સાતેક વાગ્યાના સુમારે દરીઆ કીનારે ફરવા જતો હતો. મારા મકાનની ગલી છોડીને સેન્ડહર્સ્ટ રોડ ઉપર દરીઆ તરફ જરા આગળ ચાલ્યો ત્યાં રસ્તાની એક દુકાનના પગથીઆ ઉપર એક મૃતદેહ પડયો હતો. એ મૃતદેહના હાથના આંગળાંમાં ભરાઇ રહેલો રોટલીનો એક ટુકડો મોં આગળ પડયો હતો અને થોડા થોડા ટુકડા શરીરના બીજા ભાગો ઉપર પડયા હતા. મોં આગળના ટુકડા ઉપર હજારો માખો ગણગણતી હતી. આ દૃષ્ય જોઇ હું થોડી વાર તો રસ્તામાં જ થંભી ગયો અને વિચારના વમળમાં ચઢી ગયો. મનુષ્યનું આવું કરૂણાજનક મૃત્યુ મેં કદી જોયું નહોતું અને લક્ષ્મીની જ્યાં રેલછેલ ઉડે છે એવી મુંબઇ નગરીમાં આવું દૃષ્ય સ્વપ્ને પણ કલ્પ્યું નહોતું. જે નગરીમાં આવા કરૂણાજનક દૃષ્યો નજરે પડતા હોય એ નગરીના વૈભવમાં ધુળ પડી! દરેક સુખી માણસનો ધર્મ છે કે "ભુખ્યાને ભોજન આપો" એ કવિ દલપતરામની કડીને સ્મરણમાં રાખી સવારના ઉઠવું અને સાંજના સુવું. પણ એ ધર્મ આજે સૌ ભુલી ગયા છે અને પોતપોતાના તાન અને મોજમજાહમાં ડુબેલા રહે છે. એ મૃતદેહ કોનો હશે? તેની પાછળ તેના ઉપર આધાર રાખનારા કોઇ કુટુંબીજનો હશે કે નહિ અને હશે તો તેની કઇ સ્થિતિ હશે–એવા વિચારમાં જ હું આગળ ચાલ્યો. દરીઆની સવારની શાંત લહરિઓ મારા હૃદયમાં ઉઠેલા તોફાનને શાંત કરી શકી નહિ. ઘણા દિવસો પહેલાં જોયેલા એ દૃષ્યને આજે ભુલવા હું પ્રયત્ન કરૂં છું, પણ હંમેશા એક વખત તો એ દૃષ્ય મને દેખાયા જ કરે છે અને મને વિચારના વમળમાં નાંખી દે છે. આવા કરૂણાભરેલા મૃત્યુ ન નીપજે તે માટે મુંબઇ નગરીના શ્રીમંતો–સુખી નાગરિકો–કોઇ ઉપાય યોજશે ખરા કે?

**મણિલાલ મોકમચંદ શાહ.**

## જૈન સંસ્કૃતિનું વ્યાપક સ્વરૂપ

(પૃષ્ટ ૩ થી ચાલુ)

માનવા છતાં પણ પોતાની ભલાઇઓ અને બુરાઇઓને ઇશ્વરની કરાવેલી માની એક બીજાને ખાઇ રહ્યા હતા. એથી જૈનોએ આ નવી વિચારધારા કે 'ઇશ્વર દુનિયાને બનાવનાર નથી' ને વહેતી કરીને લોકોને પોતાનો આત્મા સ્વપ્રયત્નથી ઉંચે લઇ જવા તરફ આકર્ષ્યા.

જૈનોએ એ સમયની મુશ્કેલીઓ દૂર કરવા બીજી પણ જાત જાતની વિચારધારા વહેવડાવી અને એ સમયે ફેલાયેલા જાત જાતના ધર્મોને મેળવવાની કોશીષ કરી અને એ ધર્મોના માનવાવાળાઓને ભાઇચારામાં બાંધવાની હિમ્મત કરી, કેમકે ભાઇચારા વિના સમસ્ત મનુષ્ય સમાજ ઉંચે આવી શકે તેમ નહોતું અને બધાના ઉંચે આવ્યા સિવાય થોડાના ઉંચે આવવાથી એ ચીજ મળી શકતી નહોતી કે જેને જૈનો મેળવવા ઇચ્છતા હતા.

એમની એક વિચારધારા હતી 'ઇશ્વર છે' પણ એ નિજાનંદમાં મસ્ત રહે છે. તે આ દુનિયા બનાવવાની જંજાળમાં પડતો નથી. અવતારવાદ એમને ઉપયોગી ન લાગ્યો. સીધા સાદા શબ્દોમાં એમણે બતાવ્યું કે ઇશ્વર નીચે ઉતરતો નથી અને એમ કરી પોતાનું પતન કરતો નથી. દરેક પ્રાણીમાં ઇશ્વર છે અને એ માયાજાળને તોડી, આત્માને સંસ્કૃત બનાવી ઉંચે ચડે છે અને પરમાત્માનો ખેલ ખેલે છે. સાર એ છે કે આત્મા પરમાત્મા બને છે, પરમાત્મા આત્મા નહિ.

જૈનોને આ વાત પણ મનુષ્યસમાજના ગૌરવની વિરૂદ્ધની લાગી કે તેઓ ઇશ્વરના દંડના ભયથી અથવા તો સ્વર્ગ મોક્ષની લાલચમાં ફસાઇને ભલાં કાર્યો કરે. તેથી જૈનોએ જે એક બીજો નવો વિચાર દુનિયા સામે મુકયો તે એ છે કે, મનુષ્ય બીજાની ભલાઇ કરીનેજ પોતાની ભલાઇ કરી શકે છે. વૃક્ષો પોતાના ફળ પોતે ખાતા નથી, પણ બીજાને ખવડાવી ફાલે ફુલે છે. ગાય પોતાનું દુધ પોતે પી શકતી નથી; બીજાઓને પીવડાવીને જ તંદુરસ્ત રહી શકે છે. મનુષ્ય પોતાની શકિતઓનો સમાજને ફાયદો પહોંચાડીને જ પોતે આગળ વધી શકે છે. પોતાનો આત્મા પોતાની મહેનતથી આઝાદ કરવામાં જ મનુષ્યનું હિત છે. આ ખ્યાલ લોકોના દિલમાં ઘર કરી ગયો. ઇશ્વરથી ડર્યા વિના યા ઇનામની આશા વિના તેઓ પોતાનો વિકાસ કરવામાં લાગી ગયા. પોતાના આત્માઓને સુસંસ્કૃત બનાવવા માટે આ ખ્યાલે જાદુનું કામ કર્યું. ફુલોની સાથે જેમ કાંટા આવી જાય તેમ આ ઉંચા ખ્યાલમાં પણ ઘમંડના કાંટા આવી ગયા. આને માટે જૈનોને અગર એમના ધર્મને જવાબદાર ઠરાવવો અગર ઠીક લાગે તો ભલે ઠરાવો!

મૂળ લેખકઃ–**મહાત્મા ભગવાનદીનજી**

સંક્ષેપક–**સરલાબહેન**

અપૂર્ણ

# લગ્ન અને લગ્નની વય.

જુના વિચારના માણસોએ જેમ કન્યા માટે લગ્નકાળ બાર વર્ષની વયનો ઠરાવ્યો હતો તેમ આજે નવીન વિચારના માણસો તે સમય લંબાવી વીસ વર્ષની વય જેટલો ઠરાવવાના મતના છે. સામાન્યપણે હજુ આપણે જુની અને નવી વિચાર-શ્રેણીની વચ્ચમાં જ છીએ. એટલે કન્યાના લગ્ન અઢાર વર્ષની વયે અને છોકરાના બાવીસથી ચોવીસ વર્ષની વયે કરીએ છીએ, પણ જેમ જેમ જુની વિચારસરણીની અસર ઓછી થતી જશે અને નવીન વિચારમાં અને વાતાવરણમાં વધુને વધુ પ્રવેશ થતો જશે તેમ તેમ આ મર્યાદા લંબાશે એમ છેલ્લા પંદર વીસ વર્ષના સામાજીક બનાવો ઉપરથી જોઇ શકાય છે. ઉપરાંત જેમ જેમ કન્યાઓને ઉચ્ચ કેળવણી આપવાનો પ્રચાર વધતો જાય છે તેમ તેમ આ માન્યતા સહજ દૃઢ બનતી જાય છે. મહારાષ્ટ્ર અને બંગાળા આચાર, વિચાર અને સામાજીક બાબતોમાં જુનવાણી છે, છતાં પણ ત્યાંયે કન્યા કેળવણીએ લગ્ન વયની ક્ષિતિજ-મર્યાદા અતિ લંબાવી દીધી છે અને કન્યાકાળના જુનવાણી કાંઠા લગભગ ધોઇ નાંખ્યા છે. આપણે ત્યાં પણ લગ્નની વય સામાન્ય રીતે જો કે લંબાઇ ગઇ છે, જે વધુ લંબાશે તેમ લાગે છે.

જુની અને નવી માન્યતાની પાછળ જરૂર કોઇ ચોક્કસ દૃષ્ટિ (કે દૃષ્ટિ હોવાનો ભ્રમ) હશે જ, પરન્તુ મતાગ્રહને કારણે તેઓ કોઇ મધ્યમ માર્ગ ઉપર મળી શકતા નથી. એટલે જ સરકારી કાયદાનો આશરો લેવો પડે છે. (શારદા એક્ટ)

લગ્નની વયની બાબતમાં છોકરીની સહિસલામતી, કુળ-મર્યાદા, અછત કે તેવાં કેટલાંએક કારણો ઉપરાંત આરોગ્યની એટલે વૈદકીય દૃષ્ટિ, દેશની આબોહવાની જીવન ઉપર થતી અસર, આપણી જીવનરીતિ અને દેશકાળ પણ અગત્યનો ભાગ ભજવે છે. આમાંથી સહિસલામતી કે કુળમર્યાદા તો માનવીની ડરપોક વૃત્તિ કે ધમંડમાંથી જન્મેલાં કારણો છે. અછત માટે આપણી સંકુચિતતા અને સંકીર્ણતાએ ઉભા કરેલાં અને પસંદગીમાં અમુક ચોક્સ નક્કી કરી રાખેલાં ધોરણો જવાબદાર છે. વ્યકિત-સ્વાતંત્ર્યની ભાવનાને જો લગ્નવિષયક બાબતમાં સ્થાન હોય તો આ બધાં કારણો એકદમ નાબુદ થઇ શકે તેવાં છે. એટલે આ બધાં કારણો ચિર કારણો નથી, પણ સંજોગના છે, જ્યારે આરોગ્ય દેશકાળ, સમાજનું વાતાવરણ અને દેશની આબોહવાની શરીર ઉપર થતી અસર ન ફરી શકે તેવાં ચિર કારણો છે. આ કારણો દૃષ્ટિ સમક્ષ રાખીને જ લગ્નની વયનું ધોરણ નક્કી કરવું ઘટે છે. દેશકાળ અને વાતાવરણની અસર પ્રજાના માનસમાંથી લાંબો વખત સુધી જતી નથી. આજે લગ્નનો પ્રશ્ન ભયંકર અથડામણમાં પડી ગયો છે. એક તરફથી મોટી વયે લગ્ન કરવાની ભાવના છે અને બીજી તરફથી વિશ્વભરના સંસ્કાર, વલણ અને જીવનરીતિ જાતીય વિષયમાં ઉત્તેજન કરે તેવાં છે. સંયમ કે સ્થિરતાને આકર્ષે તેવું વાતાવરણ ક્યાંય દેખાતું નથી. આવા સંજોગમાં આ પ્રશ્ન ગંભીર વિચારણા માંગે છે.

લગ્ન એ જેટલો વ્યકિતનો અંગત પ્રશ્ન છે તેટલો જ કુટુંબનો, સમાજનો અને બીજાનો પ્રશ્ન છે. પરણ્યા પછી જ આ પ્રશ્ન પરણનારે પોતાનો પોતાની રીતે કરવાનો રહે છે. વાસ્તવિક રીતે જોતાં આ પ્રશ્ન કેવળ અંગત રહી પણ કેમ શકે? જ્યાં આખું જીવન સમાજ કે માનવજાત સાથે સંકળાયેલું છે ત્યાં! કાયદાની દૃષ્ટિએ ભલે કદાપિ બંધનમાંથી લગ્નના પ્રશ્નને છોડાવી વ્યકિતનો બનાવીએ તો પણ તે શુદ્ધ રીતે વ્યકિતનો વ્યક્તિ પૂરતો જ નથી રહી શકતો. તે પ્રશ્નની ઓછી વધતી અસર કૌટુંબિક જીવન ઉપર, સામાજીક જીવન ઉપર કે માનવ જીવન ઉપર એટલી બધી વ્યાપક રીતે થાય છે કે તેની ઉપેક્ષા કરવી પરવડે તેમ નથી. વ્યકિતની માલમીલકત અને તેના ભાવી વારસદારનો પ્રશ્ન વીલ કે તેવા આધારની ગેરહાજરીમાં લગ્ન જ ઉકેલી શકે છે. કાયદા કે ગમે તેવા દાવાને લગ્ન કે તેનાથી થયેલી પ્રજા પાસે ખસી જઇ માર્ગ આપવો પડે છે. એટલે લાગે છે કે લગ્ન માનવ જીવનમાં વ્યક્તિનો સાંસારિક પ્રશ્ન ઉકેલે છે તેમ તેની પ્રજાના સામાજીક સ્થાનનો અને માલમીલકતના ભાવિ માલિકનો પ્રશ્ન પણ ઉકેલે છે. આવો લગ્નનો પ્રશ્ન માત્ર રૂઢીને ભરૂસે કે વડિલોના પગલા ઉપર કે સુધારકોની અવાસ્તવિક અને તરંગી સલાહ ઉપર જ છોડી દેવામાં સાર નથી. સંપૂર્ણ વિચાર અને બધાં તત્ત્વોનો મેળ મળી શકે તે રીતે જ તેનો નિર્ણય કરવાથી વ્યકિત, સમાજ, સામાજીક વ્યવસ્થા અને તેની સંસ્કૃતિ સુદૃઢ રહે છે અને કલ્યાણકારી નીવડે છે.

સૃષ્ટિની શરૂઆત લગ્નજીવનથી થતી હોય તેમ લાગે છે. સૃષ્ટિ એટલે સર્જનદ્વારા પ્રગતિ, વિકાસ, વૃદ્ધિ અને પુર્ણતા તરફ જનાર જીવન સમુચ્ચય! તે નિયમ મુજબ સૃષ્ટિને પણ પ્રગતિ, વિકાસ, વૃદ્ધિ અને પૂર્ણતા માટે લગ્નદ્વારા પ્રજોત્પતિ અને સાહચર્યના કુદરતી ક્રમમાં જવું જ પડે છે. પ્રજોત્પતિ નર-માદાના મીલનનું સહજ ફળ છે, સ્ત્રી-પુરૂષના સંયોજીત જીવનનું પરિણામ છે. લગ્ન આ મીલનને—આ જોડાણને વ્યવસ્થિત, મર્યાદિત અને સગવડતાભર્યું રાખે છે. તે ઉપરાંત બીજો એક હેતુ લગ્નની પાછળ રહેલો છે. અને તે સાહચર્યનો, મૈત્રીનો અને તે રીતે માનવજીવનની એકાંતતા દૂર કરવાનો. સ્ત્રી અને પુરૂષ બન્ને સહજ રીતેજ ભિન્ન ભિન્ન લાગણીઓ અને ભાવનાવાળા હોય છે. એટલે તે ભિન્ન ભિન્ન લાગણીઓનું મીલન બન્નેમાં રહેલી અપૂર્ણતા દૂર કરે છે અને જગત્‌વ્યવહાર માટે કોઇ નવો જ માર્ગ આપોઆપ તેમાંથી નીકળી આવે છે. સ્ત્રી અને પુરૂષ એ રીતે જ એક બીજાના ટેકે વિકટ સંસારસાગર પાર કરે છે અને જગત્ માટે કંઇ પાછળ મૂકતાં જાય છે—અને તે નૂતન માનવી!

હરકોઇ જીવન્ત પ્રાણીને એક પ્રેરણા તદ્દન કુદરતી અને સહજ હોય છે અને તે 'જીવવું અને વધવું.' આ પ્રેરણાએ જ બન્નેની મૈત્રી ટકાવી છે અને મરણના ઘસારાને થંભાવી દીધો છે અને માનવનું સંખ્યા પ્રમાણ જેમનું તેમ ટકાવ્યું છે. માનવીને પણ પોતાનો વંશવેલો કે ઓલાદ વધતી રહે અને લાંબો સમય ટકી રહે તેવી ઇચ્છા સહજ હોય છે અને લગ્નની પાછળ આ હેતુ પણ રહેલો છે. માતૃત્વ અને પિતૃત્વ માનવીનો કુદરતી ભાવ છે, જે માર્યો મરે તેમ નથી અને જ્યારે મરશે ત્યારે જગત્ સમસ્ત પણ તેની સાથે જ મરશે. જો પ્રજાની ભૂખ એટલે સંસારસુખની ભૂખ, જાતીય ભૂખ, પેટની ભૂખની જેટલી જ તીવ્ર અને અનિવાર્ય છે તો તે યોગ્ય અને સુંદર રીતે સંતોષવાની પણ જરૂર એટલા માટે છે કે તેમાંથી વિકૃતિ જન્મવાનો અવસર ન આવે. એક ડાહ્યા માનસશાસ્ત્રીએ એક સ્થળે કહ્યું છે કે જો માનવજાતની પેટની અને જાતીય ભુખ વ્યવસ્થિતપણે સંતોષવામાં આવે તો જગત્‌માંથી મોટા ભાગના ગુન્હાઓ અને નૈતિક પતનો ઓછાં થઈ જાય અને માનવજાત વધુ સુખી, સંસ્કારી અને વિકાસવાન બને અને તેનો જલદ વિકાર આપોઆપ સમાઇ જાય. આજે તેની પેટની ભૂખ સંતોષાતી નથી એટલે જ તે ચોરી, લુંટ, લુચ્ચાઇ, અપ્રમાણિકતા, વિશ્વાસભંગ, છેતરપીંડી અને તેવા તેવા અનૃત માર્ગે જઇ રહેલો છે અને જાતે બગડી જગત્‌ને બગાડે છે. તેની જાતીય ભૂખ સંતોષાતી નથી એટલે જ તે બદચાલ, હરામખોર, વ્યભિચારી, વિષયાંધ, દુરાચારી અને પશુ જેવા બને છે અને જાતીય સંસ્કારને ભુંસી નાંખી, ભાવી પ્રજાને દુર્ગુણનો વારસો આપતો જાય છે અને અનેક દુર્ગુણો અને પાપોને ફેલાવતો જાય છે.

આ સ્થિતિ અટકાવવા આખી સમાજ રચના અને લગ્ન-સંસ્થા કોઇ જબ્બર પરિવર્તન માગે છે એવું અરણ્ય-રૂદન સદીઓ થયાં જગતમાં થઇ રહેલું છે.

આ પરિવર્તન અને પુનઃ રચના માટે કોઇ બીજે પ્રસંગે વિચાર કરીશું; અત્યારે તો સાંસારિક જીવનની શરૂઆત કયારે કરવી ઇષ્ટ છે, અને શા માટે? તેની ઉપર જ થોડો વિચાર કરીએ; કારણ કે લગ્નનો પ્રશ્ન વ્યકિતગત્ પ્રશ્ન તરીકે લગ્ન કરનારના હાથમાં આપી શકાય તેવી અને તેટલી આપણા સમાજની તૈયારી નથી. આખો પ્રશ્ન સમાજે કે વડિલોએ પોતાના હાથમાં રાખ્યો છે અને તેઓને ફાવે તે રીતે અને સમયે તે છોકરાં અને છોકરીને પરણાવી શકે છે અને તેના નિર્ણય માટે એક પક્ષ શાસ્ત્રને અને બીજો પક્ષ સુધારાની ધૂનને આધારભુત માને છે. તેથી જ લગ્ન માટેની વયનો પ્રશ્ન કે જેને શાસ્ત્ર કે સમાજ સાથે સીધો સંબંધ નથી, પરન્તુ આબોહવા અને સમાજના વાતાવરણ સાથે સંબંધ છે અને જેની અસર પરણનાર દંપતી ઉપર અને ભાવી સંતતિ ઉપર થવાની છે અને જેના ઉપર દાંપત્ય જીવનનો આધાર છે અને જેનાથી પ્રજાની નીતિમત્તા ઘડાવાની કે બગડવાની છે તે પ્રશ્ન-લગ્ન જીવનની વય-વિષે આજે થોડો વિચાર કરીએ.

જુના વિચારના માણસો બાળલગ્નમાં સમાજનું અને વ્યક્તિનું અને ધર્મનું હિત જુએ છે. તેને નવીન યુગવાળા જુનવાણી, જડસુ, અને વેદવારાના સમયના માને છે, નવો યુગ બહુ મોટી વયે લગ્ન કરવાના મતનો છે અને તેમાં તે પ્રજાનું, પરણનારનું અને દેશનું હિત માને છે. જુનાઓ તેને સંસ્કાર, ધર્મ અને આર્યત્વહીન માની નિન્દે છે. આ ઝઘડાનો નિકાલ લાવવા માટે લગ્ન વયના પ્રશ્નને વૈદકીય દૃષ્ટિએ તપાસવાની જરૂર છે.

ગરમ અને સમશિતોષ્ણ કટિબંધમાં આવેલા પ્રદેશોમાં છોકરીઓમાં સ્ત્રીત્વ સરેરાશ ૧૩ થી ૧૩॥ વર્ષની વયે આવી જાય છે અને કેટલાએક શારીરિક અને માનસિક પ્રાકૃતિક ફેરફારો પણ દેખાવા માંડે છે. આ વયે જ તેનામાં જાતીય જ્ઞાન કે ભાન પણ થઇ જ જાય છે. ઠંડા પ્રદેશોમાં આ સ્ત્રીત્વ મોડું આવે છે. આજુબાજુના સંજોગો, વાતાવરણ, રહેણી કરણી, ખાનપાનાદિ, વાંચન અને સોબત પણ આ સ્ત્રીત્વ વહેલું લાવવામાં કે થોડો વખત અટકાવી રાખવામાં ખુબ અગત્યનો ભાગ ભજવે છે. આપણો દેશ ગરમ છે અને આપણું અત્યારનું સામાજીક વાતાવરણ ઉત્તેજક છે. એટલે સ્ત્રીત્વ, જાતીય ભાન અને જ્ઞાન અને તે અંગેની જિજ્ઞાસા ઝડપથી આવે છે. એટલે આપણે ત્યાં અત્યારે જાતીય જીવનની માનસિક શરૂઆત તો છોકરીઓમાં લગભગ ૧૩-૧૪ વર્ષની વયે અને છોકરાઓમાં ૧૬ થી ૧૮ વર્ષની વયે જ થાય છે. શરમ, સામાજીક મર્યાદા, કૌટુંબિક સંસ્કાર, અને પરાપૂર્વના ઉતરી આવેલા ભાવોના અવશેષો માનસિક જાતીય ભુખને દાબી રાખે છે. એટલે પ્રગટપણે તેના વિકૃત ચિન્હો પશ્ચિમની પ્રજાની માફક દેખાતાં નથી, ઓછાં દેખાય છે, પરંતુ માનસિક અસર તો જરૂર ત્યાં પડી પોતાનું કાર્ય કરતી જ હોય છે. ભૂતકાળમાં આ અસરની વિકૃતિ અટકાવવા સમાજમાં સંયમ, ધાર્મિક વૃત્તિ અને બાળલગ્નનો આશરો લેવામાં આવ્યો હતો એમ કહીએ તો કંઇ ખોટું નથી, જ્યારે આજે નવીન યુગમાં લગ્નની વય લંબાતી જાય છે એટલે સ્ત્રી તેમજ પુરૂષને જાતીય મંથનનો કાળ પ્રતિકુળ વાતાવરણમાં, વિકારની બરોબર મધ્યમાં, બહુ લાંબો રહે છે, જે કોઇ પણ વખતે અયોગ્ય માર્ગ લેવા ન ચૂકે, અગર તો જો તેમ ન બને તો માનસિક વિવશતા અને વિકાર ગંભીર પ્રકારની વિકૃતિ ઉભી કર્યા વિના ન જ રહે એમ માનસશાસ્ત્રીઓ કહે છે.

અપૂર્ણ

**ડા. વૃજલાલ ધ. મેઘાણી.**

## નવયુગપ્રવર્તક ગાંધીજીઃ કવિવર ટાગોરનું એક ભવ્ય સિંહાવલોકન

( પૃષ્ટ ૨ થી ચાલુ )

અને ભિક્ષુકો ભટકે છે કે જેઓ દુઃખ અને દરિદ્રતાથી ભરેલી દુનિયા ઉપર પીઠ ફેરવીને ફરે છે અને સમાજથી અળગા બનીને પોતાની જ આધ્યાત્મિક સાધનામાં નિમગ્ન બનીને રહે છે. એક વખત કોઇ એક ગામમાં રહેતા સંન્યાસી સાથે મને વાતચિત કરવાનું બનેલું. મેં તેને પુછ્યું કે "ભુખમરો, અનેક પ્રકારના દર્દો અને દુરાચારના ભોગ બનેલા આ ગામડાના કમનસીબ લોકો માટે તમે કેમ કાંઇ કરતા નથી"? તેને મારા પ્રશ્નથી આશ્ચર્ય થયું તેમજ આઘાત લાગ્યો. તે બુમ પાડી ઉઠયો કે "મેં મોક્ષપ્રાપ્તિ અર્થે સંસારનાં સર્વ બંધનો છોડયા છે તે શું હું જ પાછો માયામાં ડુબેલા આ પામર સંસારીઓની પંચાતમાં પડું?"

### પાશ્ચાત્ય શાહીવાદનો પડકાર

આમ હિંદુસ્થાન જ્યારે નિર્બળતા અને કુસંપને લીધે શીર્ણવિશીર્ણ દશામાં ગરકાવ હતું અને પોતાના જ વિકસાવેલા અધ્યાત્મવાદે તેને દગો દીધો હતો, ત્યારે તેના ઇતિહાસમાં સૌથી વધારે વિકટ અને વિષમકાળ આવીને ઉભો રહ્યો. પાશ્ચાત્ય શાહીવાદનો આ દેશ ઉપર હલ્લો આવ્યો. હિંદુ સંસ્કૃતિના મૂળમાં રહેલી એકતા પાશ્ચાત્ય અસરો તળે છિન્નભિન્ન થવા લાગી. સૈકાઓથી અસ્પૃશ્યતાનું ઘર કરી રહેલું ભગંદર નગ્ન સ્વરૂપમાં બહાર આવ્યું. હિંદુઓ અને મુસલમાનો રાષ્ટ્રીય ભાવનાની ઉપેક્ષા કરીને રાજ્યકર્તાઓ તરફથી હુંશીયારીપૂર્વક ફેંકાતા સત્તા અને અધિકારોની ઝુંટાઝુંટ કરવા લાગ્યા. આપણા લોકો એટલા બધા અધોગત, અવનત અને વિભકત બની ગયા કે આ અધોગતિના પાતાળમાંથી હિંદુસ્થાન પોતાની જ બુદ્ધિ વડે કોઇ કાળે ઉંચે આવે કે કેમ એ એક મોટી સમસ્યા બની ગઇ. એટલામાં હિંદુસ્થાનની ભૂમિ ઉપર પૂર્વકાળના રૂષિમુનિઓની હરોળમાં બરોબર ઉભા રહી શકે એવા એક ખરેખર મહાન આત્માનો -જેનું આપણે સન્માન કરવાને એકત્ર થયા છીએ તે-મહાત્મા ગાંધીનો જન્મ થયો. આજે આપણા દેશના ભાવી માટે જરા પણ નિરાશા ચિન્તવવાની જરૂર છે જ નહિ; કારણ કે જે સદા નવસર્જન અને નવનિર્માણ કરે છે તેવી શકિતનો અવતાર થયો છે. મહાત્મા ગાંધીએ આપણને એવો માર્ગ દર્શાવ્યો છે કે જે માર્ગને જો આપણે બરોબર અનુસરીશું તો આપણે આપણી જાતનો ઉદ્ધાર કરી શકીશું એટલું જ નહિ, પણ બીજા લોકોને પોતાનો ઉદ્ધાર સાધવામાં પણ આપણે અનેક રીતે મદદરૂપ થઇ શકીશું.

### જે સ્વાર્થમયતાથી કેવળ પર છે

જે આજે આપણી વચ્ચે આવીને ઉભા રહેલ છે તે અંગત કે રાષ્ટ્રીય-કોઇ પણ પ્રકારના-સ્વાર્થી ખ્યાલોથી કે પૂવગ્રહોથી મુક્ત છે. આ કારણે જ તેઓ અન્ય માનવીઓથી એકદમ જુદા પડે છે. પ્રજાની કેવળ સ્વાર્થપરાયણ વૃત્તિ વ્યકિતગત સ્વાર્થમયતાનું જ એક વિસ્તૃત સ્વરૂપ છે. એમાં પણ એનો એ જ વિકૃતિ દોષ રહેલો છે. રાજકારણી પુરૂષો તરીકે લેખાતા લોકોનું આચારધોરણ ઉન્નત આદર્શોને બાજુએ રાખીને જ ઘડાયલું હોય છે. તેમને જુઠું બોલતાં જરા પણ વિચાર થતો નથી, પોતાની મહત્વાકાંક્ષા બર લાવવા ખાતર બીજા લોકોને નુકસાન કરતાં કે ઇજા પહોંચાડતાં તેમને જરા પણ આંચકો આવતો નથી. તેથી આજે પશ્ચિમમાં આપણે એવું દૃષ્ય જોઇ

રહ્યા છીએ કે એક બાજુએ પોતાના દેશની ખાતર ત્યાંની પ્રજા પારાવાર લોહી રેડી રહી છે જ્યારે બીજી બાજુએ અન્ય દેશોની દુર્દશા નીપજાવે એવી પોતાના જ દેશની અનેક દુષ્ટ પ્રવૃત્તિઓને તેઓ પુરેપુરો સાથ અને સહકાર આપી રહ્યા છે અને તે એટલે સુધી કે આ યુરોપીય સંસ્કૃતિ હવે ક્યાં સુધી ટકશે તે વિષે ચોતરફ શંકાઓ ઉઠવા લાગી છે. જેને તેઓ સ્વદેશાભિમાન તરીકે ઓળખાવી રહ્યા તે જ તેનો ઉચ્છેદ કરનાર નીવડવાનુ છે. અને એ રીતે એ સંસ્કૃતિનું જ્યારે દેવાળું નિકળશે ત્યારે આપણા લોકોની માફક તે લોકો નવી પરિસ્થિતિને શાન્તિપૂર્વક સ્વીકારી નહિ લે પણ અનેક ભયાનક અને ભીષણ ઘટનાઓને નોતરશે.

## સત્યની ઉપાસના

રાજકારણી લોકો પોતાની જાતને વ્યવહારકુશળ તરીકે ઓળખાવવામાં અભિમાન લે છે અને કોઇ પણ અસત્ય સાધનનો ઉપયોગ કરવાથી પોતાનો હેતુ સરે તેમ છે એમ લાગતાં અસત્યમાર્ગે કાર્ય કરતા બળોને સાથ આપતાં તેઓ ક્ષણભર પણ ખંચકાતા નથી. પણ આ જાતની નીતિને આપણો ભાગ્યનિર્માતા કદિ નિભાવી લેતો નથી. તેથી ઉપર જણાવેલા રાજકારણી લોકોની હુંશિયારી આપણને જરૂર ચકિત કરે તેવી હોય છે પણ તેનાં માઠાં પરિણામોથી આપણે કદિ મુકત રહી શકતા નથી. આજે આપણું મસ્તક તે મહાત્માને નમે છે કે જે સત્યની અખંડપણે ઉપાસના કરી રહેલ છે, જેણે નવયુગમાં પ્રવેશ કરતા આપણા દેશના સદ્ભાગ્યે તાત્કાલિક અનુકુલ પરિણામ સિદ્ધ કરવા ખાતર સર્વ સ્વીકૃત નીતિના ધોરણનું નાનું સરખું પણ ઉલ્લંઘન કરવાની કદિ સલાહ આપી નથી તેમજ આપણી પ્રજાના એવા કોઇ ઉલ્લંઘનને ચાલવા દીધું નથી. હજારો માણસોની કતલ ચલાવ્યા સિવાય આઝાદી કેમ હસ્તગત કરી શકાય તેનો તેમણે રસ્તો બતાવ્યો છે. ખરેખર આપણામાં એવા થોડાક જ છે કે જેઓ હિંસા વિષેની શ્રદ્ધાથી તદ્દન મુકત થઇ શકયા હોય અને હિંસાનો આશ્રય લીધા સિવાય આપણને વિજય પ્રાપ્ત થઈ શકે એમ જેઓ ખરેખર માનતા હોય, કારણ કે પશ્ચિમના 'સુધરેલા' વિગ્રહની વાત તો બાજુએ રાખીએ પણ મહાભારતમાં પણ જે 'ધર્મયુદ્ધ'નું વર્ણન આવે છે તે પણ હિંસા અને ઘાતકીપણાથી ભરેલું હતું. આજે કદાચ પહેલી જ વાર એમ કહેવામાં આવ્યું છે કે આપણે આપણા જીવનનું બલિદાન આપવાનું છે અને નહિ કે કોઇનો જીવ લેવાનો છે અને એમ છતાં પણ વિજય આખરે આપણો જ છે. કેટલો ભવ્ય સંદેશ! એમાં નથી રાજનીતિની કશી આંટીઘુંટી કે નથી કોઇ પણ રાજકીય હેતુ સાધતા કોઇ અટપટા સાધનનો ઉપદેશ. અધર્મ યુદ્ધમાં મૃત્યુ સાથે બધી બાબતનો છેડો આવી જાય છે. અહિંસક ધર્મયુદ્ધમાં ગમે તેટલો વિનાશ થાય તો પણ કંઇને કંઇ રહે જ છે. પરાજય પાછળ વિજય, મૃત્યુ પાછળ અમરત્વ આવે જ છે. જેણે પોતાના જીવનમાં આ સત્યને અનુભવગત કર્યું છે તે મહાત્મા એ જ સત્યમાં શ્રધ્ધા રાખવાની આપણને ફરજ પાડે છે.

## ખ્રીસ્તી ધર્મનો સિદ્ધાન્ત

આગળ માફક હિંદી પ્રજાની પ્રજ્ઞાએ તેના આક્રમણકર્તાઓ પાસેથી તેમની સંસ્કૃતિમાં રહેલો આધ્યાત્મિક દૃષ્ટિએ સૌથી વધારે મહત્વનો સિદ્ધાન્ત ગ્રહણ કર્યો છે અને તેમાંથી જનતાને આશા આપનારો એક નવો સંદેશ ઉપજાવ્યો છે. ખ્રીસ્તી ધર્મમાં એક મોટી માન્યતા એ છે કે બીજી દુનિયાની રાહ નહિ જોતાં આજ દુનિયામાં ઇશ્વરે જનતાના ઉદ્ધાર અર્થે મનુષ્યનો અવતાર લીધો હતો અને દુનિયાના પાપો અને દુઃખોનો બોજો પોતાના શિરે વહન કર્યો હતો. 'ભુખ્યાને અન્ન આપો અને નવસ્ત્રાને વસ્ત્ર આપો' આ બાબત ઉપર ખ્રીસ્તી ધર્મે જેટલો ભાર મુકયો છે તેટલો ભાર બીજા કોઇ ધર્મે મુકયો નથી. દાન, દયા, પરોપકાર અને એવા બીજા સદ્ગુણોને આપણા દેશના ધર્મોમાં પણ ઘણું અગત્યનું સ્થાન છે, પણ તેનો આચારગત અમલ બહુ જ સાંકડી મર્યાદામાં થાય છે અને તેની પાછળ માનવપ્રેમની ભાવનાનું જોઇએ તેટલું બળ કે પ્રેરણા જોવામાં આવતી નથી.

અને આપણા પરમસદ્ભાગ્યે ઇશુખ્રીસ્તનો આ ઉપદેશ ગાંધીજી તેના જીવન્ત સ્વરૂપમાં પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયા હતા. એ એક ખુશનસીબી હતી કે ગાંધીજી ખ્રીસ્તીધર્મનું રહસ્ય ધંધાદારી પાદરીઓ પાસેથી શિખ્યા નહોતા, પણ આ બાબતમાં તેમનો ખરો ગુરૂ ટોલસ્ટોય હતો કે જેણે પોતાના જીવનકલહને લગતા અનેક સારા માઠા અનુભવોમાંથી અહિંસાની ખરી કીંમત તારવી કાઢી હતી. યુરોપથી આપણને આજ બક્ષીસ મળી હતી જેની આપણા દેશને ખુબ અપેક્ષા હતી.

મધ્યકાળમાં પણ મુસલમાન ફકીરોએ અને ઓલીયાઓએ દેશને ઘણો ધર્મલાભ આપ્યો હતો અને દાદુ, કબીર અને બીજા સન્તોએ ફરી ફરીને સંભળાવ્યું હતું કે પવિત્રતા કે મોક્ષ કોઇ મંદિર કે મઠમાં જ પુરી રાખવાની વસ્તુઓ નથી, પણ એ તો સમસ્ત માનવજાત હકક કરી શકે અને પ્રાપ્ત કરી શકે એવી સુલભ દોલત છે. આપણે કબુલ કરતાં જરા પણ અચકાવું ન જોઇએ કે આવું વિશાળ દર્શન ઇસ્લામ સાથેના સંપર્કને જ આભારી હતું. લોકોત્તર પુરૂષો ધર્મોપદેશમાંથી, નૈતિક વિચારમાંથી કે મહાન વ્યકિતઓના જીવનમાંથી-જ્યાં જ્યાંથી તેમને જે કાંઇ સારૂં અને શ્રેયસ્કર માલુમ પડયું ત્યાં ત્યાંથી હંમેશા સ્વીકારતા આવ્યા છે. પણ એ મધ્યકાલીન યુગ આજે વ્યતીત થયો છે અને આપણે નવયુગમાં પ્રવેશ કર્યો છે અને આજે સર્વશ્રેષ્ટ પુરૂષ મહાત્મા ગાંધી પશ્ચિમના સારામાં સારા તત્વોને અપનાવીને આપણી સમક્ષ ઉપસ્થિત થયા છે.

## હિંસા અહિંસાની ચાલુ અથડામણી

પણ જો કે ઇશુ ખ્રીસ્તે જણાવ્યું હતું કે નમ્ર માનવીઓ જ પૃથ્વી ઉપર રાજ્ય કરશે તો પણ આજના ખ્રીસ્તી ધર્મીઓ કહે છે કે બળવાનનો-નબળા લોકો ઉપર આક્રમણ કરનારનો જ-જય છે અને તેમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. કારણ કે ઇશુ ખ્રીસ્તનો સિધ્ધાન્ત સાંભળતાં જ વિચિત્ર જેવો ભાસે છે અને પાશ્ચાત્ય વિજ્ઞાને કુદરતના ઇતિહાસને લગતા જે નિર્ણયો તારવી કાઢ્યા છે તેની તે તદ્દન વિરૂદ્ધ જાય છે. આ પરસ્પર વિરૂધ્ધ દેખાતા કોયડાનો ઉકેલ કરવા માટે અને મૂળ સિધ્ધાન્તમાં રહેલા સત્યને યથાસ્વરૂપે રજુ કરવા માટે અને નમ્રતા એ સક્રિય પ્રેમશક્તિ છે અને ન્યાયપરાયણતા એટલે સત્યાગ્રહ છે એ તત્વ સમજાવવા માટે એક બીજા પેગંબરની-ઇશ્વરાવતારની-જરૂર હતી. આ નમ્રતા એટલે તાબે થવું અથવા તો અસત્ય કે અન્યાયને નીચું માથું રાખીને સહન કરી લેવું એ નથી. આવી આધીનતા તો કેવળ ભીરૂતા જ કહેવાય અને તે તો જુલમગારની સત્તાને અનિચ્છાપૂર્વકનો પણ સહકાર આપ્યો જ લેખાય. પણ ગાંધીજીએ આ નમ્રતાને અથવા તો અહિંસાને ઉંચામાં ઉંચા શૌર્યનું રૂપ આપ્યું છે અને બળવાનની ઉધ્ધતાઇનો સદા પડકાર કરતી એક મહાન શકિત તરીકે ઓળખતા આપણને શિખવ્યું છે.

### ગાંધીજીના સિદ્ધાન્તમાં શ્રદ્ધા રાખો

આ પરસ્પર વિરોધી સિદ્ધાંતોમાંથી આખરે કયા સિદ્ધાંતનો વિજય થશે એ કહેવું અત્યારે મુશ્કેલ છે. કારણ કે સત્યની ઉપાસના અતિશય વિકટ છે જ્યારે આપણી આસપાસ ચોતરફ અસત્યનાં બળોએ ઘેરો ઘાલ્યો છે. પણ આપણામાંનો કોઇ અહિંસાના ઉંચા શિખર સુધી પહોંચી શકે કે નહિ પણ આપણે તેને માનવી જોઇએ–સ્વીકારવી જોઇએજ; કારણ કે આપણી સામે આપણે એવા પુરૂષને શું નથી જોઈ રહ્યા કે જે આ વર્તમાન યુગની વચ્ચે પણ પોતાના જીવન અને આચરણ વડે આપણને અનુસરવા માટે આ ઉન્નત આદર્શને ઉંચે ધારણ કરી રહેલ છે? અને આપણે જેમ જેમ ધીમે પગલે પણ તેમણે સૂચવેલા માર્ગે આગળ વધતા જઇશું તેમ તેમ મહાત્માજીનો સંદેશ આપણા માટે વધારે ને વધારે વાસ્તવિક અને વ્યવહારૂ બની જશે. એવી શ્રદ્ધા રાખવાની શું તેઓ આપણને ફરજ પાડતા નથી?

અનુવાદક–**પરમાનંદ**

### વેડછી આશ્રમ બાલવાડી

(પૃષ્ઠ ૧ લાથી ચાલુ)

આ નવી પ્રવૃત્તિ અને તેની કાર્યપદ્ધતિ ઘણી જ ગમી ગઇ હતી. કેટલાંક કેળવણીમાં રસ લેનાર સજ્જનો અને સન્નારીઓ આ નવો પ્રયોગ જોવા ખાસ આવ્યાં હતાં.

બાલમંદિરો ચલાવનાર કેટલીક સંસ્થાઓએ પોતાના શિક્ષકોને અહીં પાંચ સાત દિવસ રહી અવલોકન કરવા મોકલ્યા હતા. તેઓએ બાલવાડીના કામમાં ભાગ લીધો હતો, અને બાલવાડીની કાર્યપદ્ધતિ પાછળ રહેલી કલ્પના સંબંધમાં ચર્ચાઓ કરી હતી. તેમની સાથેની ચર્ચાઓ અમને પોતાને પણ ઓછી ઉપયોગી નીવડી નથી.

**૧૮. તા. ૨૫-૫-૪૧થી તા. ૩૧-૫-૪૨ સુધીમાં થયેલું ખર્ચ**

| ક્રમ | ખાતું | ખર્ચાયેલી રકમ<br>રૂ. આ. પા. |
|---|---|---|
| ૧ | શ્રી. નાસ્તા ખર્ચ ખાતું | ૧૨૭—૩—૦ |
| ૨ | ,, રસોડા પરચુરણ ,, | ૧૧—૧૧—૯ |
| ૩ | ,, સફાઇ સાધન ,, | ૪૪—૪—૦ |
| ૪ | ,, ઉદ્યોગ ,, ,, | ૩૬—૯—૦ |
| ૫ | ,, ,, ચાલુ ,, | ૫૫—૧—૦ |
| ૬ | ,, શિક્ષણ સાધન ,, | ૧૬૯-૧૨—૯ |
| ૭ | ,, કાયમી સરંજામ ,, | ૯૭-૧૨—૦ |
| ૮ | ,, કાર્યાલય ,, | ૩૩—૯—૬ |
| ૯ | ,, લવાજમ ,, | ૬૮૫—૦—૦ |
| ૧૦ | ,, ક્રીડાંગણ ,, | ૪૮૫—૬—૩ |
| ૧૧ | ,, છપાઇ ,, | ૪૨—૬—૬ |
| ૧૨ | ,, અણધાર્યું ,, | ૪—૧૩—૯ |
| | | ૧૭૯૬—૬—૬ |

**નોંધ**:–કેટલોક સરંજામ કારખાનામાંથી હજી આવ્યો નથી. તે આવતાં કાર્યાલય સરંજામ ખાતાંમાં રૂા. ૨૦૦) લગભગ ઉમેરવા પડશે.

**૧૯. પારણામાં પહેલી પૂણી:—**

અમે પહેલા વર્ષમાં બાલવાડીના પ્રયોગ પાછળ કરેલા પ્રયત્નનું વિસ્તૃત ચિત્ર ઉપર દોરવામાં આવ્યું છે. હજુ મુખ્ય ચિત્ર ચિતરવાનું બાકી છે. માત્ર પૃષ્ટ ભૂમિના કુચડાઓ ભરાયા છે. એમાં ગ્રામજીવનમાંથી, આશ્રમજીવનમાંથી, પૂ. ગાંધીજીના સિદ્ધાંતોમાંથી રંગો ઉપાડવામાં આવ્યા છે.

હજુ ઘણી પ્રવૃત્તિઓને પ્રયોગમાં સ્થાન આપવાનું બાકી છે. કેટલીટ સુઝી ચુકી છે. નિત્ય નવી નવી સુઝતી જાય છે. જે પ્રવૃત્તિઓ કરી છે તે બધીની વિગતો પણ હજુ પૂર્ણ કરી શકાઇ છે એમ નથી. ઘંટી અને ચરખા જેવી કેટલીક પ્રવૃત્તિઓ કરતાં બાળકો ધરાતાં જ નથી. કેટલીક તકલી જેવી અમને ગમે છે, પણ તેમની આંખને હજુ પૂરી પકડી શકી નથી. આ સર્વ પ્રવૃત્તિઓમાંથી છેવટે કેટલી રાખવી, કેટલી કાઢવી, તેનો અનુક્રમ ઠરાવવો, તે કરવાના પાઠ યોજવા, આ બધું હજુ પ્રયોગ અને શોધખોળના ક્ષેત્રમાં છે, પણ આ બધું કરતાં બાળકો કેળવાય છે? મોટાં બાળકો નાનાનાં કામકાજ પ્રેમથી કરી આપતાં જોવામાં આવે છે. ગાડી ખેંચવી, દળવું, છાપરી બાંધવી વગેરે કામો નાની નાની ટોળીઓ સંપ સહકારથી કરતી જોવામાં આવે છે. સ્વચ્છતાની ચીવટ વધતી લાગે છે. બોલવા ચાલવામાં ઠાવકાઇ આવતી લાગે છે. તેઓ શિક્ષકોની સૂચનાઓ હોંસથી ઝીલતાં પણ જણાય છે. એકંદર તેઓ બાલવાડીની પ્રવૃત્તિઓ કરતાં પ્રસન્ન રહેતાં તો જણાય છે. આ બધાં શુભલક્ષણો છે. આંતરિક કેળવણી ચાલી રહેવાનાં એ ચિન્હો ગણી શકાય. પણ અમે રાહ એ સ્થિતિની જોઇએ છીએ કે જ્યારે એક એક બાળક પોતાના નાના મગજમાં પોતાના દિવસનો કાર્યક્રમ ઘડતું થાય. ઘેરથી નીકળે તે વખતે ગોઠવણ થતી હોય કે આજે મ્હારે પ્રથમ દળવું છે, પછી કાંતવું છે, પછી છોડને પાણી પાવું છે. આજે એ ગુણ પણ આવતો હોય એમ તો લાગે છે. કેટલાંક બાળકો દિવસનો આરંભ શેનાથી કરવો તેના સંકલ્પ સહિત દાખલ થતાં માલમ પડે છે ખરાં. તેઓ આવીને તરત ગઇ કાલની પ્રવૃત્તિનાં તાર સાંધી લે છે, અથવા કંઇ નવી પ્રવૃત્તિ ધારી હોય તો તેનાં સાધનોની શોધમાં લાગે છે અને તે હાથ ન લાગે તો શિક્ષકોની મદદ માગે છે. નવાં બાળકોની સ્થિતિ તેવી નથી હોતી. તેઓ સુકા ઘાસનાં તરણાં જેવાં બાલવાડીમાં આવતા જણાય છે. તેઓ પવન લાગે તે દિશામાં ઉડે છે, કોઇને દળતું જુએ તો દળવા તરફ ખેંચાય છે, પાણી ભરતું જુએ તો પાણી તરફ અને હીંચતું જુએ તો હીંચકા તરફ તે ઊડે છે. પછી જેમ જેમ તે જાણીતું થતું થાય છે તેમ તેમ પોતાની પ્રવૃત્તિનો વિચાર કરતું હોય એવાં ચિન્હો બતાવે છે. શિક્ષકોના પ્રેમ ભર્યા પ્રયત્નથી આ ગુણ વધારે ને વધારે ફેલાશે એવી આશા તો રહે છે.

પરદેશમાં મોન્ટેસરી જેવાંએ અને સ્વદેશમાં ગિજુભાઇ જેવાઓએ આખું જીવન બાલસેવામાં અર્પણ કરી બાળ કેળવણીના સિદ્ધાંતો અને પદ્ધતિઓ ખીલવ્યાં છે. તેનો અભ્યાસ કરવાનો તો હજુ અમારે માટે બાકી રહેલો છે. અમારી કાર્યપદ્ધતિની વિગતો કંઇક સિદ્ધ કરી લઇએ ત્યાર પછી તે માટેનો વખત પાકશે.

**૨૦ પ્રભુની દયા:–**

વર્ષ દરમ્યાન એક ગંભીર અકસ્માત થઇ ગયો, એક ચકલી વર્ગની નાની બાળા આશ્રમની વાડાની એક કુંડીમાં ડૂબી ગઇ હતી. બે ત્રણ મિનીટ નીકળી ગયા પછી કાર્યકર્તાઓને ખબર પડી. તત્કાળ ઉપચાર કરવાથી તે ઉગરી ગઇ. અમે તેને દયાળુ પરમેશ્વરની આ બાલવાડી ઉપર મોટી દયા માનીએ છીએ. તેના માબાપે ઉપચાર દરમ્યાન સારી ધીરજ બતાવી અને પાછળથી તેમણે કે બીજાં માતપિતાઓએ અમારા ઉપરનો વિશ્વાસ જેવોને તેવો કાયમ રાખ્યો એ પણ ઇશ્વરની દયા જ માનવી જોઇએ.

વેડછી તા. ૯-૭-૪૨ **જુગતરામ દવે.**

(સમાપ્ત)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૨

મુંબઇ: ૧૫ મે ૧૯૪૩ શનિવાર.

લવાજમ
રૂપિયા ૨

## જૈન સંસ્કૃતિનું વ્યાપક સ્વરૂપ

(ગતાંકથી ચાલુ)

કથા પુરાણોમાં એવી અનેક વાતો છે કે જે વિજ્ઞાનની કસોટીપર કસી શકાતી નથી અને તેથી એ વાતોનું અસ્તિત્વ દુનિયાદારોની સમજમાં અસંભવિત હોય છે. એવા કેટલાય લોકો હતા કે જેઓ એ વાતો પર વિશ્વાસ રાખતા હતા અને એમ છતાં એ વાતો અસંભવિત હોવાને કારણે પોતાના પૂર્વજોના પગલે પગ મૂકી તેઓ ચાલી શકતા નહોતા. આજે પણ રામ-કૃષ્ણને ઇશ્વરના અવતાર માનીને તેમજ મનાવીને લોકો એમના પ્રમાણે પોતાનું જીવન ઘડવાની જવાબદારીથી બચી જાય છે. અગર જો એમને સામાન્ય મનુષ્ય માનવામાં આવ્યા હોત તો લોકો એમને પગલે ચાલી પોતાના જીવનનો વિકાસ જરૂર સાધી શકત. આવી જાતના ખ્યાલથી જૈનોએ અનેક અસંભવિત વાતોની સંભવિત વ્યાખ્યા કરી છે, જો કે આજે જૈનોના પોતાના પુરાણો અનેક અસંભવિત વાતોથી ભર્યા પડયા છે. જો એમ ન હોત તો આર્યસમાજના પ્રવર્તક સ્વામી દયાનંદને પોતાના સત્યાર્થ પ્રકાશમાં ચાર ગાઉ લાંબી પહોળી જુ બતાવી જૈન ધર્મની મજાક કરવાની તક ન મળત. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને જૈનોએ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યના નામથી ઓળખાવ્યા છે. જૈનોનું કહેવું છે કે દરેક વસ્તુ દરેક વખતે બગડે છે, બને છે અને કાયમ રહે છે. જેવી રીતે મનુષ્યનું બચપણ પુરૂં થતાં યુવાની આવે છે અને મનુષ્ય જેમનો તેમ કાયમ રહે છે. આ નાશ કરનાર શક્તિને હિન્દુઓ મહેશ, પેદા કરવાવાળી શક્તિને બ્રહ્મા અને કાયમ રાખનારને વિષ્ણુ કહે છે, એટલુ કહેવું જરૂરી છે કે કોઇ આને હિન્દુ ધર્મનું ખંડન ન સમજે. હિન્દુ પુરાણોમાં દરેક વાત સાંકેતિક ભાષામાં કહેવામાં આવી છે. જે જૈનધર્મે દેવીદેવતાઓનાં પુજનને શરૂઆતમાં જોરશોરથી રોકયું હતુ. તે જ જૈન ધર્મમાં આજે અનેક દેવી દેવતા ઉભા થઇ ગયા છે.

આત્માને સંસ્કૃત બનાવવા માટે સૌથી જરૂરી ચીજ છે 'અહંનો નાશ કરવો' તે. અહં મારા તારાપણાનું એક નામ છે. હું 'હું' છું અને આ 'મારી' ચીજ છે અને આ 'તારી' ચીજ છે, આ વિચાર જેટલો જેમાં ઓછો તેટલો તેનો આત્મા સુસંસ્કૃત. આત્માનું બાહ્ય વર્તન દરેક સમયે એક સરખું નહિ હોય, પણ અહંનો અભાવ એજ મનુષ્યની સંસ્કૃતિનું સાચું માપ છે. અહંને જ મોહ કહે છે. ક્રોધ, માન, માયા અને લોભ ગુસ્સો, ઘમંડ, કપટ અને લાલચ—આ ચીજો મોહના મૂળને સીંચે છે. ક્રોધ, ઘમંડ, લાલચ અને કપટની ચાંડાળ ચોકડી પર જૈનોએ બહુ વિચાર કર્યો છે. એમની વિચારવિદ્યા આ ચાંડાળ ચોકડીને દૂર કરવા પર નિર્ભર છે. હિંસાના મૂળમાં પણ આજ વસ્તુઓ છે. હિંસા આત્માનો સ્વભાવ નહિ પણ વિભાવ છે. આત્માનો સ્વભાવ છે ક્ષમા. ગુસ્સો ક્ષમાનો વિકાર છે. આત્માનો સ્વભાવ છે સમતા, ઘમંડ સમતાનો વિકાર છે. જેમ ઠંડું પાણી અગ્નિ સાથે મળી માણસને બાળી શકે તેમ પ્રેમ, ક્ષમા અને સહૃદયતા અહંતા સાથે મળી સમાજ અને મનુષ્ય બન્નેને પ્રભુતાથી દૂર કરી માત્ર સામાન્ય મનુષ્ય તો શું પણ પશુ બનાવી દે છે. ચાંડાળચોકડી પર કાબુ આવતાં હિંસા ઘટતી જાય છે અને પ્રેમ વધતો જાય છે. જેનામાં જેટલી હદ સુધી પ્રેમ છે તેનામાં તેટલા પ્રમાણમાં અહંતા ઓછી થઇ ગયેલી હોય છે. અહિંસા (પ્રેમ) અહંતાની ઓછપનું પરિણામ છે. અહંતા દૂર કર્યા વિના જે અહિંસા દેખાય છે તે કાયરતા છૂપાવવા માટે હોય છે, એથી એ કાયરતા જ છે. જૈનોની અહિંસા પણ જૈન કુલમાં પેદા થવાને કારણે એમની પાછળ લાગી ગઇ છે, અહંતાને દૂર કર્યા વિના તેઓ અહિંસાનુ નાટક ભજવે છે અને અહિંસાને બદનામ કરે છે. અહિંસામાં એક મોટી મુસ્કેલી એ છે કે તે અહંતાનો અભાવ પણ બતાવે છે અને કાયરતાની ઢાલ પણ બની શકે છે. અહિંસા ધર્મ નથી પરંતુ ધર્માત્માની ઓળખાણ છે. ધર્મ છે પ્રેમ, અહંનો નાશ કરવો અને પરમ ધર્મ છે આત્માને અહંથી છૂટો પાડવો. ધર્મનો અર્થ છે સ્વભાવ, આત્માનું સ્વભાવમાં રહેવું એટલે જ પરમાત્મા બનવું.

સ્વાધીનતા પ્રેમ: જૈનો કહે છે કે બધા આત્માઓ પોતે પોતાને સંસ્કૃત બનાવવામાં લાગ્યા જ પડયા છે. એ સમજાવવા જૈનો કઇ કઇ માન્યતાઓ ધરાવે છે તે ટુંકામાં જાણવી જરૂરી છે.

જગતના પદાર્થોના ચાર પ્રકાર છે.

(૧) હંમેશાં છે અને રહેશે. જેમ કે જીવાત્મા, (૨) હંમેશા છે પરંતુ નહિ રહે. જેમ કે જીવ અને કર્મ સંબંધ, (૩) હંમેશાથી નથી પરંતુ હંમેશ સુધી રહેશે. જેમ કે કોઇ જ્ઞાનીની મુક્તિ, (૪) જે હંમેશથી નથી અને ન હંમેશ સુધી રહેશે. જેમ કે કોઇ જ્ઞાની સાથે બંધાએલું કોઇ એક કર્મ.

જીવાત્મા સાથે કર્મો હંમેશા બંધાયલા હોય છે અને હંમેશા જીવ એમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે. પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિ, વૃક્ષ વિગેરે કેટલાક એવા જીવો છે કે જેઓ પોતાનો છૂટકારો કરવાની કોશીષમાં કોઇ ખાસ ભાગ લેતા નથી. એથી એનામાં જે સમજ છે તેને જૈનો કર્મફળચેતના કહે છે. કીડી મંકોડીથી મનુષ્ય સુધીના જીવોની સમજને 'કર્મચેતના' કહેવામાં આવે છે કારણ કે તેઓ પોતાના છુટકારા માટે સ્વયં પણ મહેનત લે છે. મુક્તઆત્માઓની સમજને 'જ્ઞાનચેતના' કહેવામાં આવે છે કારણ કે તેમને છૂટવા માટે કશું કરવાપણું હોતું નથી. તેઓ આઝાદ થઇ ચુકયા છે.

(અનુસંધાન પૃષ્ટ ૧૬ જુઓ)

# સરકારી દમન અને ખોરંભે પડેલી ખાદી પ્રવૃત્તિ

(અખિલ ભારત ચરખા સંઘના પ્રમુખ શ્રી. વીઠ્ઠલદાસ જેરાજાણીએ થોડા સમય પહેલાં એ સંઘની શાખાઓનો ૧૯૪૨ ના જુલાઇ માસથી ચાલુ વર્ષની જાન્યુઆરી માસ સુધીનો સંક્ષિપ્ત વૃત્તાંત બહાર પાડયો છે, જે સરકારની વર્તમાન દમનનીતિએ ખાદીપ્રવૃત્તિ ઉપર કેવો પ્રબળ કુઠારપ્રહાર કર્યો છે તેનો આબેહુબ હૃદયદ્રાવક ચિતાર રજુ કરે છે. એ વૃત્તાંત નીચે મુજબ છે. —તંત્રી.)

## પ્રસ્તાવના

ગયા કેટલાક સમયથી અમારી જુદી જુદી પ્રવૃત્તિઓની ચાલુ સમીક્ષા અમારા માસિક પત્ર 'ખાદી જગત'માં થઇ નથી. દુર્ભાગ્યે, અમારા કાબુની બહારનાં કારણોસર અમારૂં આ 'માસિક' છેલ્લા પાંચ છ મહિનાથી બહાર પાડવાનું અમારાથી બની શકયું નથી, તેથી આ સંક્ષિપ્ત વૃત્તાંત પ્રગટ કરવાની જરૂર ઉભી થઇ છે. છાપાજોગી યાદીઓ દ્વારા, અમારા ખાદી કાર્યની વર્તમાન પરિસ્થિતિ વિષે ખાદી-જગતને કેટલીક માહિતી આપવાની અમે કોશીષ કરી છે અને અમે માનીએ છીએ કે જુદી જુદી શાખાઓમાં સરકારે લીધેલા પગલાથી અમારૂં કામ કેવું વણસી ગયું છે તે વર્તમાનપત્રો દ્વારા જનતાએ જાણી લીધું હશે. આમ છતાં, જનતા વધારે આંકડાવાર માહિતિ જાણવાની તથા અમારા કાર્યની ચાલુ હાલત વિષે હજી વધારે જાણવાની ઇચ્છા દર્શાવે છે, એ કારણસર આ સંક્ષિપ્ત વૃત્તાંત પ્રગટ કરવામાં આવે છે.

## ૧૯૪૧-૪૨ ની આખરની પરિસ્થિતિ

ગયા વર્ષ દરમિયાન, સંઘના ઇતિહાસમાં ખાદીનું ઉત્પાદન સૌથી મોટું થયું હતું અને તૈયાર થયેલી ખાદીની કિંમત લગભગ એક કરોડ રૂપિયા જેટલી હતી. આ કાર્ય લગભગ ૧૫,૦૦૦ ગામડાંઓમાં ચાલતું હતું, આખો દિવસ તેમ જ છુટક કામ કરનારા લગભગ ૩ાા લાખ કરતાં વધારે કારીગરો તેમાં રોકાયા હતા અને તેઓને અપાયેલી મજુરીની રકમ ૫૦ લાખ રૂપિયાની ઉપર ગઇ હતી.

## ૧૯૪૨-૪૩ ના વર્ષ દરમિયાન ઉત્પાદન વધારવાનો કાર્યક્રમ

ગત વર્ષના પરિણામથી ઉત્તેજન પામી, વર્ષને અન્તે, ખાદી-ઉત્પત્તિ વધારવાની તેમ જ સ્વાવલંબનના કાર્યક્રમને વેગ આપવાની સંપૂર્ણ યોજના ઘડી કાઢવામાં આવી હતી. ખાદીના કાર્યક્રમમાં જીવંત શ્રદ્ધા ધરાવનારાઓની દિનપ્રતિદિન વધતી જતી સંખ્યાની જરૂરીઆત પૂરી પાડવાના હેતુ ઉપરાંત, જેઓને હવે મિલકાપડ મોંઘું પડે છે તેઓની જરૂરીઆતને પણ પહોંચી વળવા માટે ખાદી-ઉત્પાદન વધારવાની જરૂર જણાઇ હતી. યુદ્ધને કારણે હવે સ્વાવલંબનની પ્રવૃત્તિ પર ખૂબ ભાર મૂકવામાં આવે છે, પરંતુ અમારા સંઘે લાંબા સમય પહેલાં એનો વિચાર કર્યો હતો અને ખરૂં જોતાં, સ્વાવલંબન જ અમારો મુખ્ય હેતુ છે. આ મહત્વની પ્રવૃત્તિ સફળ કરવાના પ્રયાસો અમે કરી રહ્યા છીએ અને અમારી કેટલીક શાખાઓએ આ દિશામાં જુદા જુદા પ્રયાસો કરી થોડીક સફળતા પણ મેળવી છે, જો કે એમ કરવામાં અમને ભૂતકાળમાં ભારે મુશીબતોનો સામનો કરવો પડયો હતો. યુદ્ધ-પરિસ્થિતિને કારણે થયેલી મિલકાપડની તંગીએ અને તેના ઉંચા ભાવે આ પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું છે અને ધંધાદારી કાંતનારાઓ ઉપરાંત હજારો લોકોએ કાંતવાનું શરૂ કર્યું છે. આ કાંતનારાઓ સ્થાનિક વણકરો પાસે અગર અમારાં કેન્દ્રો દ્વારા પોતાનું સુતર વણાવી લે છે અથવા તો જો ખાદીની ઉતાવળ હોય તો દેશભરમાં પથરાયેલા અમારા ભંડારો દ્વારા સુતરને બદલે ખાદી મેળવી લે છે.

વર્ષની આરંભમાં, ચરખા સંઘ પાસે લગભગ પચાસ લાખ રૂપિયાની કુલ મુડી હતી. અનુભવે દેખાડી આપ્યું છે કે આટલી રકમ આશરે એક કરોડ રૂપિયાના ઉત્પાદન તથા વેચાણ કરવા માટે પુરતી છે. વધતી જતી માંગને પહોંચી વળવા માટે લાંબી મુદતે પાછી આપવાની શરતે રકમો ઉછીની લેવામાં આવી હતી અને ગાંધી જયંતી પ્રસંગે દાન દ્વારા ઓછામાં ઓછા ૧૦ લાખ રૂપિયાની રકમ ભેગી કરવાનો પ્રબંધ પણ થઇ ચૂકયો હતો. વસ્તુતઃ ૧૯૪૨ ના જુનમાં ભરાયેલી બોર્ડની સભા પ્રસંગે ગાંધીજીએ એવી આશા દર્શાવી હતી કે સંઘનું કાર્ય નાણાંને અભાવે અટકવાનું નથી.

## ખાદીકાર્ય પર આપત્તિ

પણ વિધાતાએ અમારા માટે કંઇ જુદા જ લેખ લખી રાખ્યા હતા. અમારા ઠરાવ અનુસાર, સ્વાવલંબનની પ્રવૃત્તિને સબળ બનાવવા માટે અને વ્યાપારી દૃષ્ટિએ ખાદીનું યાદગાર ઉત્પાદન કરવા માટે ખાદી કાર્યની નવરચના કરવા સારૂ વધારે કાર્યકર્તાઓની ભરતી કરવામાં અમારી જુદી જુદી પ્રાંતિક શાખાઓ રોકાઇ ગઇ હતી. એ અરસામાં તા. ૮ મી ઓગસ્ટ ૧૯૪૨ ના રોજ બિહાર સરકારે નીચેની યાદી બહાર પાડી અમને દિંગ્મૂઢ કરી દીધા અને તેને લીધે એ પ્રાંતમાં અમારી જનહિતકારી પ્રવૃત્તિઓ પર અંકુશ મુકાઇ ગયો:—

"બિહારના ગવર્નરને એમ માનવાનું કારણ છે કે અખિલ ભારત ચરખા સંઘ, ખાદી ભંડાર, બિહાર પ્રાંતિક સમિતિના કબજામાં એવાં નાણાં, સિકયુરીટીઓ અને જમારકમો પડેલી છે કે જે ગેરકાયદેસર સંસ્થાના કાર્ય માટે વપરાય છે અને વાપરવાનો ઇરાદો રખાય છે. માટે હવે, [૧૯૦૮ના ચૌદમા] ૧૯૦૮ ના ઇન્ડીયન ક્રીમીનલ લૉ એમેન્ડમેન્ટના ૧૭ ઈ સેકશનના પાંચમા સબ-સેકશનની રૂએ એનાયત થયેલી સત્તા અનુસાર બિહારના ગવર્નર આ હુકમદ્વારા મજકુર અખિલ ભારત ચરખા સંઘ, ખાદી ભંડાર, બિહાર પ્રાંતિક સમિતિને બિહાર સરકારના લેખિત જમાનોંધ મુજબનાં મજકુર નાણાં, સિકયુરિટીઓ અને જમા રકમો કોઇને ભરવાની, આપવાની અથવા કોઇને નામે બદલી કરવાની અગર તેનો બીજી કોઇ પણ રીતનો વ્યવહાર કરવાની, મનાઇ કરે છે."

જે દિવસે મહાત્મા ગંધી, કારોબારી સમિતિના અન્ય સભ્યો તથા કોંગ્રેસના બીજા નેતાઓને ગીરફતાર કરવામાં આવ્યા તે જ દિવસે બિહારની સરકારે ઉપલી યાદી બહાર પાડવાનું ઉચિત ધાર્યું એ આશ્ચર્યની વાત છે. જે ખાદીકાર્યને અત્યાર લગી અનેક પ્રાંતિક સરકારોનો સક્રિય ટેકો મળ્યો હતો તેના પ્રત્યે શંકાની દૃષ્ટિએ જોવામાં આવે એ ખરેખર અજાયબી ગણાય. બંગાળા, સંયુકત પ્રાંતો અને ઓરિસ્સાની સરકારોએ બિહારને પગલે ચાલીને અમારા કાર્યને નિષ્ઠુરપણે દબાવી દીધું. રાજસ્થાન, ગુજરાત, પંજાબ, મધ્ય પ્રાંત અને મહારાષ્ટ્ર તથા આસામની અમારી પ્રાંતિક શાખાઓ પણ બચવા પામી નથી. જો કે આગલી ચાર શાખાઓ જેટલી સખ્ત દખલ અહીં થતી નથી. કેરલ, તામિલ નાડ અને આંધ્રની અમારી પ્રાંતિક શાખાઓમાં મદ્રાસ સરકારે તથા કર્ણાટક અને મુંબઇની પ્રાંતિક શાખાઓમાં મુંબઇ સરકારે કશી દખલ કર્યાના સમાચાર અમને મળ્યા નથી. અમને માલુમ પડયું છે કે એ કારણે અમારા કાર્યમાં કશી ખલલ થઇ નથી. મુંબઇ સરકારે તથા બંગાળા

અને સંયુકત પ્રાંતોની સરકારોએ લીધેલા પગલાને લીધે ત્યાંની કેટલીક પ્રમાણિત સંસ્થાઓના કાર્યને સહન કરવું પડયું છે એ સિવાય, અમારી પ્રમાણિત સંસ્થાઓની સ્થિતિ વિષે કશી પૂરે-પૂરી માહિતી અમે મેળવી શકયા નથી. એ બધામાં મેરઠના ગાંધી આશ્રમને સૌથી વધારે અને એટલે સુધી સહન કરવું પડયું છે કે તેનું આખું કાર્ય સાવ બંધ પડયું છે.

**સરકારે કેવાં કેવાં પગલાં લીધાં ?**

જુદી જુદી પ્રાંતિક સરકારોએ લીધેલા પગલાની સખ્તાઇ પ્રાંતે પ્રાંતે જુદી જુદી હતી. એકાદ શાખામાં સરકારે કંઇ પગલું લીધું હોય કે નહિ એ જુદી વાત છે, પણ સરવાળે અમારી ઉત્પાદન-પ્રવૃત્તિને નિશ્ચિત ધકકો પહોંચ્યો છે. અમારા ઘણા શાખા-મંત્રીઓને અને કેટલાક જૂના કાર્યકર્તાઓને સરકારે ગેરકાયદેસર જાહેર કરેલી કોઇ પણ ચળવળમાં કશી રીતનો ભાગ નહિ લેવા છતાં તા. ૯ મી ઓગસ્ટે જ અથવા તે પછી થોડાજ દિવસે પકડી જવામાં આવ્યા હતા. જુદા જુદા હિંદ સંરક્ષણ નિયમોની રૂઇએ આજે પણ પકડાપકડીઓ ચાલુ છે. આટલું બસ નથી. ભંડારો અને કેન્દ્રોને બંધ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે અને તેના પર સીલ મારી, માલના જથ્થા જપ્ત કરવામાં આવ્યા છે. કોઇક જગ્યાઓએ ખાદી લુંટાવી દેવામાં આવી અને જપ્ત કરેલી કેટલીક ખાદીનું લીલામ કરી નામની કિંમતે વેચી નાખ-વામાં આવી છે. કેટલીક જગ્યાઓએથી એવા સમાચાર આવ્યાં છે કે ખાદીના બીજા માલને હાથ સુદ્ધાં અડકાડવામાં આવ્યો નથી પણ માત્ર રાષ્ટ્રીય ધ્વજો ઉઠાવી જવામાં આવ્યા છે અને પાછળથી તેનો નાશ કર્યાની ખબર મળી છે. અમારી રોકડ તેમજ બેંકની પુરાંતો પણ જતી કરવામાં આવી નથી. કેટલાંક સ્થળોએથી એવા હેવાલ આવ્યા છે કે આવી રકમોનો ઉપયોગ અટકાવનારા હુકમો કાઢવામાં આવ્યા છે. આજે પણ આવા હુકમોનો હજી અન્ત આવ્યો નથી અને પકડાપકડી, માલની જપ્તી વિગેરેની ચાલુ ખબરો આવ્યે જ જાય છે. આ સાથે, સરકારે કેટલીક જગ્યાએ જપ્ત કરેલો માલ છૂટો કર્યો છે ખરો, પરંતુ એ જ પ્રદેશોમાં અમારા કાર્ય પર મનાઇ હુકમ પણ ચાલુ રાખ્યો છે. સરકારનું આવું વર્તન ન સમજાય તેવું છે.

અપૂર્ણ. **વીઠુલદાસ જેરાજાણી.**

# કેટલાક સમાચાર અને નોંધ

**ઝીણાનું વિષવમન**

હિંદુસ્થાનમાં દર વર્ષે હોળીનું પર્વ આવે છે જ્યારે સામાન્ય પ્રજા પોતામાં દબાયલી છુપાયલી દુર્ગંધને ઓકી કાઢે છે. શ્રી ઝીણા ઓલ ઇન્ડીયા મોસ્લેમ લીગના વર્ષો થયાં સ્થાયી પ્રમુખ છે. દર વર્ષે હિંદુસ્થાનના કોઇ પણ સ્થળે લીગનું અધિવેશન ભરાય છે અને તેની વ્યાસપીઠ ઉપરથી કાયદે આઝમ ઝીણા કાતીલ વાણીનો વરસાદ વરસાવે છે. તેમના વ્યાખ્યાનમાં બીજું કાંઇ હોય કે નહિ પણ અહંકાર, તોછડાઇ, ધમકી અને કોમી ઝેર તો ભરેલાં હોવા જ જોઇએ. બોલતે બોલતે જે આવ્યું તેને વાઢતા જવું એ તેમની વાણીની વિશેષતા છે. હિંદુઓ, કોંગ્રેસ, ગાંધીજી અને સરકાર એ ચાર બાબતોએ તેમના મગજને ઘેરી લીધેલી હોય છે અને ગાંધીજી સામે તો તેમના દિલનો ઉકળાટ ઠલવતાં તેઓ કદિ થાકતા જ નથી.

હિંદુસ્થાનના કમનસીબે મિત્રને દુશ્મન તરીકે આલેખવો અને દુશ્મનકૃત્ય કરવા છતાં મિત્ર હોવાનો દાવો કરવો એ કેટલા-એકની ચાલુ નીતિ થઇ પડી છે. આજે કોઇ પણ માણસ તટસ્થપણે વિચારશે તો તેને કબુલ કર્યા સિવાય નહિ ચાલે કે ગાંધીજી જેવો હરિજનોનો કે હિંદુ મુસલમાનોનો બીજો કોઇ વધારે નિકટ મિત્ર નથી. એમ છતાં પણ હરિજનોના આગે-વાન ડૉ. અંબેડકર અને મુસલમાનોના આગેવાન ઝીણા ગાંધીજીને ભાંડતાં કદિ થાકતા જ નથી. વળી કોમી ઝેર સતત પોષતા રહેવું એજ જાણે આજે જેનો મુખ્ય વ્યવસાય થઇ પડયો છે તેવા શ્રી. ઝીણા હિંદુઓના અને મુસલમાનોના પોતાની જાતને એક મોટા મિત્ર સમાન લેખાવે છે. પાકીસ્તાન જેવા હળાહળ વિષથી ભરેલા ફળના સ્વીકારમાં જ હિંદુ-મુસલમાન એકતાનો સાચો કીમીયો રહેલો છે એમ તેઓ દાવો કરે છે. તેમના આ વખતના આખા ભાષણનો સાર એ છે કે ગાંધી પોતાનું ઘમંડ છોડે, પાકીસ્તાનને સ્વીકારે, મને અરજી કરે, એટલે હિંદુમુસલમાન એકતા થઇ ગઇ, પછી સરકાર જખ મારે છે. આ વખતના ભાષણમાં તેઓ અંગ્રેજ સરકાર પ્રત્યે પણ સારી પેઠે છંછેડાયા લાગે છે અને 'કવીટ ઇન્ડીઆ'નો આછો પ્રતિધ્વનિ તેમના ભાષણમાં સંભળાય છે. પણ તેથી તેમને કશી આંચ આવવાપણું નથી. સરકાર તેમને હાથ અડાડે તેમ નથી. એનું કારણ સરકાર ઝીણાથી બીએ છે એમ માનવા કરતાં ઝીણાસાહેબને બેલગામ બોલવા દેવામાં સરકારી રાજનીતિનો જ કોઈ અર્થ સરી રહ્યો હશે એમ માનવું વધારે યોગ્ય છે. પણ સંભવ છે કે આજે ઝીણા સાહેબ સરકારે બાંધેલી મર્યાદાને પણ ઓળંગી રહ્યા હોય! ચિરકાલ સંવર્ધિત દૈત્ય આજે સંવર્ધકની સામે જ ડોળા ધુરકાવતો દેખાય છે!

**દીકરાના વાંકે બાપની મીલ્કત જપ્ત**

હુબલીથી તા. ૩૦-૪-૪૩ નો એક સંદેશો જણાવે છે કે "મુંબઇના એક વખતના પાર્લામેન્ટરી સેક્રેટરી શ્રી ટી. આર. નેશવીના ભાઇ શ્રી. શિવપ્પા નેશવી સરકારી જાહેરાત મુજબ સત્તાધિકારીઓ સમક્ષ હાજર નહિ થવા બદલ તેના બાપની બધી સ્થાવર મીલ્કત જપ્ત કરવામાં આવી છે." થોડા વખત પહેલાં દીકરો હાજર ન થવાના કારણે તે હાજર થાય ત્યાં સુધી તેના માબાપને અટકમાં રાખવામાં આવેલા એવા સમાચાર પ્રગટ થયા હતા. આમ દીકરાના કોઇ પણ ગુન્હા બદલ બાપને દંડવાની પદ્ધતિ આપણી સામાન્ય ન્યાયવૃત્તિને ભારે આઘાત પહોંચાડે છે. વળી આજના વખતમાં ઘણુંખરું તો એવું બને છે કે બાપ એક રસ્તે ચાલતો હોય અને દીકરો બીજી દિશાએ દોડી રહ્યો હોય અને સ્થાપિત રાજ્યસત્તાનો સામનો કરવાની હીલચાલમાં તો બાપની ઇચ્છા વિરૂદ્ધ જ દીકરો ભાગ લઇ રહ્યો હોય એમ ઘણું ખરું જોવામાં આવે છે. તેથી ઉપરના બનાવોમાં વ્યકત થતી-દીકરાની કોઇ પણ વાંધા ભરેલી-પ્રવૃત્તિ બદલ બાપને એક યા અન્ય રીતે દંડવાની પદ્ધતિ ભારે વિચિત્ર અને ન્યાયના મૂળ સિદ્ધાંતને પ્રતિકુળ ભાસે છે.

આ તાત્વિક વિચારણા બાજુએ મુકીએ. પણ આવી દંડ પદ્ધતિનો અમલ કયા કાયદાકાનુનને અનુસરીને કરવામાં આવે છે તે સરકારે સ્પષ્ટ કરવાની ખાસ જરૂર છે કારણ કે કાયદાના નિષ્ણાતોને પૂછતાં ક્રીમીનલ પ્રોસીજર કોડની અથવા તો તેની કેટલીક સામાન્ય મર્યાદાઓથી આગળ જતા હિંદી સંરક્ષણ ધારાની કઇ કલમ નીચે આવી સત્તા સરકારી સત્તાધીશોને મળે છે એ વિષે તેઓ કશો સંતોષકારક ખુલાસો કરી શકતા નથી.

**ઉલટી ગંગા**

ન્યાયવહીવટનો સામાન્ય સિદ્ધાંત એવો છે કે સદોષ છૂટી જાય તેનો વાંધો નહિ પણ નિર્દોષ કોઇ કાળે દંડાવો ન

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુધ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

મે ૧૫ ૧૯૪૩


## શું ખાવું? શું પહેરવું?

માનવીને માનવી તરીકે રહેવા તથા જીવવા માટે પાંચ વસ્તુઓ તો જોઇએ જ. હવા, પાણી, અન્ન, વસ્ત્ર અને વસતિ-સ્થાન. પ્રથમ ત્રણ વિના તો પશુઓને પણ ન ચાલે. પાછળની બે માનવસભ્યતામાંથી પરિણમી. માણસનું શરીર ખુલ્લાં ટાઢ, તડકો અને વરસાદ ખમી લેવાની તાકાત ગુમાવતું ગયું અને સભ્યતાના વિકસતા જતા ખ્યાલોએ નગ્નતા તરફ તેમજ એકદમ ખુલ્લા જીવન તરફ અણગમો પેદા કરવા માંડયો. એટલે માણસે વસ્ત્રો વડે શરીર ઢાંકવા માંડયું અને રહેવા માટે પોતપોતાનાં ઘર બાંધવા માંડયા.

આજે યુદ્ધકારણ તેમ જ રાજા પ્રજા વચ્ચે ઉભી થયેલી રાજકીય મડાગાંઠને લીધે આપણું દૈનિક જીવન જાતજાતના કાયદાઓ અને વટહુકમો વડે ચોતરફથી રૂંધાતું ચાલ્યું છે. યુધ્ધની વિરાટમુખ જરૂરિયાતોને લીધે તેમ જ સરકારી નાણાંના ફુગાવાને લીધે દૈનિક જરૂરિયાતોને લગતી ચીજોના ભાવો ઉત્તરોઉત્તર વધવા લાગ્યા છે અને કલ્પનાની કોઇ પણ સીમાને હવે તો ઓળગંતા ચાલ્યા છે. ઉપરે જણાવેલ પાંચ વસ્તુઓમાંથી–પ્રચલિત ઉકિત મુજબ કહીએ તો આપણે પાપ કરતાં કાંઇક પાછું જોયું હશે તેથી–હવા અને પાણી ચાલુ મોંઘવારીની અસરથી હજુ મુકત છે. વળી રેન્ટ એકટનો જ્યાં જ્યાં અમલ છે ત્યાં ત્યાં માણસના વસવાટના સ્થાનો પણ હજુ બહુ મોંઘા થયા નથી. પણ અન્ન અને વસ્ત્ર આપણી પ્રજાને આજે સૌથી વધારે મુંઝાવતા પ્રશ્નો બની ગયા છે. માણસની ચાલુ જરૂરિયાતની બધી ચીજોના ભાવ ઓછામાં ઓછા ત્રણગણાં અને કેટલીકમાં તો આઠ ગણા, દશ ગણા અને એથી પણ વધારે પ્રમાણમાં વધી ગયા છે. એમાં પણ અન્ન અને વસ્ત્ર તો માણસની આજે મૌલિક જરૂરિયાતો છે. તેની પારવિનાની મોંઘવારીને લીધે હવે જીવવું કેમ અને શરમ ઢાંકીને જનસમાજમાં ફરવું કેમ એ પ્રશ્ને આજના સામાન્ય પ્રજાજીવનને વિકળ બનાવી દીધું છે. આપણી જીવન–ઘટના ખરેખર કોઇ અકુદરતી દશા તરફ દોડી રહી છે. લડાઇને લીધે પ્રજાના એક વર્ગને ત્યાં ધનની રેલ આવી છે અને કેટલાક લોકો માત્ર હજારોના હિસાબે નહિ પણ લાખોના હિસાબે દ્રવ્ય કમાઇ રહ્યા છે અને જ્યાં તેઓ હાથ નાંખે છે ત્યાંથી ધનનો ઢગલો થાય છે. બીજી બાજુએ એવો એક વિભાગ છે કે જેની કમાણીમાં અવશ્ય થોડો ઘણો વધારો થયો છે. પગારદારોના કાંઇક પગાર વધ્યા છે; મજુરોની મજુરીના દર પણ વધ્યા છે. પણ આ વધારો ભાવોના વધારાના પ્રમાણમાં એટલો ઓછો છે કે ખરી રીતે આજની વિચિત્ર પરિસ્થિતિએ તેમની કંગાલિયતમાં જ વધારો કર્યો છે. ચાલીશ રૂપીઆના પગારદાર નોકરને શેઠ બહુ ઉદાર થઇને ચાલીશના પચાસ કે પંચાવન કરી આપે છે, જ્યારે તેનો ખર્ચ તો સો ઉપર ચાલ્યો છે. આવા માણસોએ કેમ જીવવું અને પોતાના કુટુંબને કેમ નીભાવવું? એવા પણ અનેક કુટુંબો છે જે કેવળ વ્યાજ કે બહુ સામાન્ય ભાડાની આવક ઉપર જ નભતા હોય છે. તેમની કમાણી એની એ રહી છે અથવા તો ઘટી છે, જ્યારે તેમના ખર્ચે વધવામાં પાછું વાળીને જોયું નથી. આજના રાજકારણે પણ અનેક કમાનાર માણસોને જેલના સળીયા પાછળ હડસેલી દીધા છે અને તેમના કુટુંબના પણ ભારે હાલહવાલ થઇ રહ્યા છે.

આજે જ્યાં જઇએ ત્યાં એકજ વાત અને એકજ ચર્ચા ચાલતી હોય છે. ઘીના ભાવ આટલા વધ્યા અને ઘઉના ભાવ આટલા વધ્યા. બે રૂપીઆની સાડીના બાર રૂપીઆ અને અઢી રૂપીઆના ધોતી જોટાના ચૌદ રૂપીઆ. આજે સૌથી વધારે મુંઝવતી સ્થિતિ પગારદારોની અને મધ્યમવર્ગના માણસોની છે. તેમને ત્યાં કમાનાર એક અને ખાનાર પાંચથી છ હોય છે. સો રૂપીઆની પગારની ખરી કીંમત પચીસથી ત્રીસ રૂપીઆ છે. પહેલાં કરતાં બમણું કમાનાર વ્યાપારી કે કારીગર બમણો ધનવાન બનવાને બદલે ખરી રીતે બમણો દરિદ્ર બન્યો છે. જેને ત્યાં દ્રવ્યની રેલ ચાલી રહી છે તે ન ભુલે કે જ્યારે તે મોજથી રસપુરી ઉડાવે છે ત્યારે તેનો પાડોશી, સ્નેહી, કે સગો વહાલો આટલામાં પોતાનું અને પોતાના બાળબચ્ચાઓનું કેમ પેટ ભરાય તેની ચિંતામાં ચોવીસે કલાક બળી રહ્યો છે; જ્યારે તે વીશ રૂપીઆનો ધોતી જોટો ખરીદે છે અને પોતાની સ્ત્રી માટે પાંચ પચ્ચીશ હજારનું ઝવેરાત લે છે, ત્યારે તેના જ કોઈ ભાઇ કે બહેનને થીગડાં મારતાં પણ પોતાની શરમ સાચવવી આજે મુસ્કેલ થઇ પડી છે. ગમે એટલી કરકસર કરવામાં આવે અને જીવનને સાદું બનાવવામાં આવે પણ પેટનો ખાડો પુર્યા સિવાય અને શરીરને ઢાંકયા સિવાય કોઇને ચાલવાનું છે ખરૂં? શિક્ષણ, સંશોધન, કળાસંવર્ધન બધા જ પ્રશ્નો આજે ગૌણ બન્યા છે. ખાવું શું અને પહેરવું શું એ જ સમગ્ર ચિંતાનો એક અને અનિવાર્ય વિષય બની ગયો છે.

આજે આપણે કેવી વિચિત્ર સ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છીએ? પાક ઉગે છે ત્યાં સરકારી નિયમન આવીને ઉભું રહે છે અને ઉગેલો પાક એક સ્થાનેથી બીજે સ્થાને ચાલ્યો જાય છે અને ભુખી પ્રજા મોઢું વકાસીને જોઇ રહે છે. એક ઠેકાણે અનાજનો ઢગલો પડયો છે અને સડી રહ્યો છે. તેને લઇ જવા આડે કાં તો સરકારી કે દરબારી પ્રતિબંધ મુકાયો છે અથવા તો સ્થળાન્તર કરવા માટે ડબાઓ મળતા નથી અને બાજુના પ્રદેશના લોકો પારવિનાની તંગી અનુભવી રહ્યા છે. મીલો કરોડો રૂપીઆ કમાય છે અને આવકવેરા દ્વારા સરકારી તીજોરીઓ ભરાય છે, પણ એ મીલનું કાપડ સોંઘું થઇ શકતું નથી અને અન્ન કરતાં પણ વસ્ત્રની સમસ્યા વધારે વિષમ બનતી જાય છે. જ્યાં જોઇએ ત્યાં હજારોની નોટોના બંડલે બંડલો નજરે પડે છે અને એમ છતાં લોકોની હાડમારીઓ વધતી જ જાય છે.

આજના ફુગાવાનું ભાવી પરિણામ સરકાર હારે કે જીતે તો પણ ભારે ભયાનક ભાસે છે. તેથી આજનું ધનવાનપણું ભાવીની દૃષ્ટિએ ભારે ભ્રામક છે. તે વિષેનો મોહ કે મમત્વ આખરે છેતરનાર નીવડવાનાં છે. આમ છતાં પણ આજના યુદ્ધ–શ્રીમાનો ધારે તો પોતાને ત્યાં એકઠાં થતા ધનના ઢગલાને ચોતરફ વહેંચી દઇને આજની જીવલેણ આફતમાં લોકોને ઘણી રાહત આપી શકે તેમ છે. ગઇ કાલે તેમને ત્યાં ધન નહોતું. આજે વરસાદ વરસ્યો છે. આવતી કાલે વરાળના ગોટાની માફક તે ઉડી જ જવાનું છે. તો આજે એ ધનનો સદુપયોગ કાં ન કરવો?

શ્રીમાનોની આજની શ્રીમન્તાઇ પોતાના કોઇ મોટા પુરૂષાર્થનું પરિણામ છે એમ કોઇ ભુલે ચુકયે ન સમજે. સમાજની

ચોક્કસ રચના જ એવી છે કે હજાર માણસો પેટના વાણાતાણા સરખા કરે ત્યારે એક માણસને ત્યાં ધન એકઠું થવા માંડે. આ પરિસ્થિત્તિને આજના યુધ્ધે નવું પ્રોત્સાહન આપ્યું અને અમુક માણસો એક યા બીજા અકસ્માતે ધનવાન બની બેઠા છે ત્યારે બાકીના લોકોના નસીબે એની એજ ગુલામગીરી અને પેટીયાગીરી રહી છે. અકસ્માતે આવી મળેલા ધન ઉપર જીવનના વિલાસો માણવાનો કોઇને હક્ક નથી. તે જ્યાંથી ખેંચાઇને આવ્યું છે ત્યાં ધન કમાનારાએ સ્વેચ્છાએ પાછું વેહેંચી દે, નહિ તો કાળ કાળનું કામ કરશે જ અને ભુખ્યું પેટ અને નવસ્ત્રુ શરીર કોઇ શરમ કે મર્યાદાની પરવા નહિ રાખે. આજે જો લોકરાહતની દેશવ્યાપી યોજનાએ હાથ ધરવામાં નહિ આવે અને એ યોજનાઓની થેલીમાં યુદ્ધ કમાણીને બહોળા પ્રમાણમાં ઠાલવવામાં નહિ આવે તો જેમ અન્યત્ર બનતું આવ્યું છે તેમ અહિં પણ અનવસ્થા અને લુંટફાટનો કાળો કેર વર્ત્યા વિના નહિ રહે.

એ યોજનાએ થવાની હોય ત્યારે થાય, પણ પ્રત્યેક માનવી પોતાનો વ્યકિતગત ધર્મ ન ભુલે. પોતાને ત્યાં ધન આવ્યું તો ભલે આવ્યું. પણ પોતાની આસપાસ કોણ ભુખ્યું છે, કોણ તરસ્યું છે, કોણ નવસ્ત્રું છે, કોણ માંદું છે એની સતત તપાસ કરતો રહે અને પોતાથી જેને જેને જેટલી રાહત આપી શકાય તે આપી છૂટવામાં તે જરા પણ શિથિલતા કે દ્રવ્યસંકોચ ન દાખવે. નાત જાત કે ધર્મના ભેદવિનાની માનવતા આટલું માગી રહી છે. એ કોલ પતાવવામાં જે પાછો પડશે તે કેવળ દેશનો જ નહિ, પણ માનવતાનો–દરિદ્રનાયણનો દ્રોહી બનશે.

પરમાનંદ.

## કેટલાક સમાચાર અને નોંધ

(પૃષ્ઠ ૧૩ થી ચાલુ)

જોઇએ. હિંદી સંરક્ષણ ધારાની કલમો, અને તે ઉપરથી સરકારે કરેલા બીજા નિયમો અને ઉપનિયમો, તે સંબંધમાં સર મોરીસ ગ્વાયરનો ચુકાદો અને તે ચુકાદાના સ્વાભાવિક પરિણામોનું નિવારણ કરતો સરકારનો નવો ઓર્ડીનન્સ–એ સમગ્ર ઘટના ઉપર જણાવેલ સિદ્ધાંતથી અવળી દિશાએ જતી લાગે છે અને તે એ રીતે કે આજની અસાધારણ પરિસ્થિતિમાં કેટલાક નિર્દોષ માણસોને કદાચ સહન કરવું પડે તો તે અનિવાર્ય ગણવું પણ આજના યુદ્ધપ્રયત્નને કે દેશની સુલેહશાન્તિને બાધક કે રોધક હોય એવી કોઇ પણ વ્યકિતને છુટી રહેવા દેવી જોઇએ નહિ એટલું જ નહિ પણ જેના છુટા રહેવાથી યુદ્ધપ્રયત્ન કે સુલેહશાન્તિ જોખમાવાનો જરા પણ સંભવ છે એમ સત્તાધીશોને લાગે તેને પણ પરહેજ કરવામાં કશું અયોગ્ય લેખાવું જોઇએ નહિ. ચોક્કસ વ્યકિત વિષે સત્તાધીશોની ચોક્કસ માન્યતા કદિ ભુલ ભરેલી હોઇ ન જ શકે એમ કોઇ એકાન્તપણે કહી ન જ શકે. તેથી તે માન્યતા પાયાદાર છે કે નહિ તે ચકાસવાનો ન્યાયની અદાલતોને જરૂર હકક હોવો જોઇએ. પણ સરકારી નવો વટહુકમ એવી કોઇ બાબતનો સ્વીકાર કરતો નથી. આનું પરિણામ સ્વાભાવિક રીતે એજ આવે કે સરકારી સત્તાધીશોની માન્યતા મુજબ અનેક સાચા ગુનેહગારોને દંડવા જતા કેટલાક નિર્દોષ માણસો પણ દંડાવાની દશામાં મુકાઇ જાય. પણ 'બહુ જનહિતાય બહુજન સુખાય' સરકારને આ માર્ગ સ્વીકારવો પડયો છે. જો પરિસ્થિતિ અસાધારણ હોય તો ગંગા પણ ઉલટી કેમ ન વહે?

### – સ્થિતિચુસ્ત વિરૂદ્ધ સુધારક

કેટલાક સમય પહેલાં માલેગાંવ ખાતે કોઇ ધાર્મિક સમારંભ નિમિત્તે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના કેટલાક જૈનો એકત્ર થયા હતા. એ પ્રસંગનો લાભ લઇને પ્રસ્તુત વિભાગમાં એકતા કેમ સ્થપાય તેની ચર્ચા કરવા માટે કેટલાક આગેવાન ગણાતા જૈનોની એક સભા બોલાવવામાં આવી હતી. શ્વે. મૂ. વિભાગમાં જે એક કટ્ટર સ્થિતિચુસ્ત વર્ગ છે તેને 'શાસન પ્રેમી' પક્ષ તરીકે ઓળખવામાં આવે છે. તે પક્ષના એક આગેવાન ગૃહસ્થે ઉપર જણાવેલ પ્રસંગે એવી મતલબની રજુઆત કરી હતી કે 'અમે સુધારક વર્ગની કોઇ બાબતમાં આડે આવતા નથી તેમ અમે માંગીએ છીએ કે અમને પૂજા ગમે છે, પ્રતિક્રમણ ગમે છે, સામાયિક ગમે છે, ઉપધાન કરવા ગમે છે, દીક્ષા ગમે છે, તો અમને ગમે તે અમને કરવા દો. તમારી આડે અમે આવતા નથી. અમારી આડે તમે ન આવો!' કેટલી સાદી સરળ અને સીધી વાત? આમ છતાં પણ એ રજુઆતને ઝીણવટથી તપાસતાં એ કેટલી પોકળ અને પ્રત્યાઘાતી છે તેનો કોઇને પણ ખ્યાલ આવ્યા વિના નહિ રહે.

પહેલાં તો તે વર્ગના પ્રતિનિધિનો દાવો કે 'અમે સુધારક વર્ગોની કોઇ બાબતમાં આડે આવતા નથી' એ તદ્દન બીનપાયાદાર છે. આજ સુધીમાં બનેલી અનેક ઘટનાએ તે દાવાને ખોટો પુરવાર કરે છે. સ્થિતિચુસ્ત વર્ગના પ્રતિનિધિ સાધુઓએ સુધારકોની સ્થળે સ્થળે નિંદા કરવામાં બાકી રાખી નથી; તેમના કોઇ પણ કાર્યને તોડી પાડવામાં પાછું વાળીને જોયું નથી. સંઘબહિષ્કારની અવારનવાર બનતી ઘટનાએ શું સુચવે છે? સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજુ કરનારને બની શકે તો જમીનદોસ્ત કરવો અને આખા સમાજમાં તેને અપ્રતિષ્ઠિત કરવો એ જ એ આખા વર્ગનો ચાલુ વ્યવસાય હોય છે. સુધારકો તો બાજુએ રહ્યા, પણ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ જેવી કેવળ વિનીત અને સમાજથી ડરી ડરીને ચાલતી સંસ્થાના તેમણે હાલહવાલ કર્યા છે અને મૃતપ્રાય દશાએ પહોંચાડી છે તે તેમના જ પ્રબળ પ્રચારકાર્યને આભારી છે. ધનિક વર્ગ અને સાધુ વર્ગ–બંને સત્તાધારી વર્ગો તેમની પડખે છે અને તે બંને વર્ગનું સાધારણ રીતે એકસરખું વલણ હોય છે કે જે હોય તેને ટકાવી રાખવું અને તેમાં ફેરફાર કરનારને તોડી પાડવો.

બીજું 'અમને ગમે તે કરવા દો' એમાં સમાતા કેટલાક કાર્યો કેવળ વ્યકિતગત હોય છે અને કેટલાક સામાજિક હોય છે. કોઈ ભાઇ કે બહેન સામાયિક કરે, પ્રતિક્રમણ કરે, ઉપવાસ કરે કે આખો દિવસ માળા ફેરવ્યા કરે તે પ્રક્રિયા વ્યકિતગત હોઇને તેમાં કોઈ આડે આવતું નથી, કોઇને આડે આવવાની ફુરસદ પણ નથી હોતી. પણ જ્યારે બીનજરૂરી મંદિરો ઉભાં કરવામાં આવે, ગંજાવર ધાર્મિક સમારંભો યોજવામાં આવે, મોટા મોટા જમણવારો પાછળ પૈસાનું પાણી કરવામાં આવે, ધામધુમભર્યા વરઘોડાએ કાઢવામાં આવે, ત્યારે તે કાર્યો સામાજિક રૂપ ધારણ કરે છે અને તેથી તેના ગુણદોષ વિચારવાનો સૌ કોઇને પુરો હક્ક છે. આમાં પણ દેશ કે સમાજની ચાલુ પરિસ્થિતિની કેવળ ઉપેક્ષા કરીને ક્ષણજીવી સમારંભો અને ધામધુમ પાછળ કશા પણ વિવેક વિના અનર્ગળ દ્રવ્યનો જ્યારે વ્યય કરવામાં આવે ત્યારે તો તેનો વિરોધ કરવાની કોઇ પણ સમજુ માણસની ફરજ થઇ પડે છે. તદુપરાન્ત ધર્મના નામે લોકોના ઘર ભાંગવામાં આવે, કોઇના છોકરાએ ભગાડવામાં આવે, સંપ્રદાય સંપ્રદાય વચ્ચે અને કોમ કોમ વચ્ચે વૈમનસ્ય વધારવામાં આવે, કહેવાતા સાધુઓના પાખંડ પોષવામાં આવે, ભક્તિ અને પુજાના નામે વહેમ અને અજ્ઞાનને ફેલાવવામાં આવે ત્યારે પણ 'અમને ગમે તે અમને કરવા દો' એમ કહેવું એનો તો એટલો જ અર્થ થયો કે ગમે તેવા ધાર્મિક અનર્થોને તમે નીભાવી લ્યો. કોઇ પણ સુધારક તો શું

પણ સાધારણ સમજવાળો માનવી પણ આ વાત સ્વીકારી શકે જ નહિ. જ્યારે કોઇ પણ રૂઢિ યા પરંપરા અથવા તો સાંપ્રદાયિક વિધિ વિધાનમાંથી પ્રાણ અને ઉપયોગીતા ઓસરવા માંડે છે અને કેવળ લોકોની અંધશ્રદ્ધા ઉપર જ તેનું અસ્તિત્વ અવલંબી રહે ત્યારે તેને સમજદાર વર્ગના બૌદ્ધિક વિરોધનો ભારે ભય લાગે છે અને 'Live and let live'-'જીવો જીવાડો' એમ કહીને વિરોધી વર્ગ સાથે તે સમાધાની શોધે છે.

પણ જે કહેવાતું ધર્માચરણ દેશકાળ અને સમાજ કલ્યાણનું વિરોધી હોય તે સંબંધમાં સમાધાની શી રીતે સંભવી શકે? કોઇ સ્થિતિચુસ્તના પક્ષકાર એમ કહે કે "અમારી શ્રુતિ સ્મૃતિ કે ધર્મ સંપ્રદાય કન્યાને બાર વર્ષ પહેલાં પરણાવવાનું કહે છે, ધણીના અવસાન બાદ પાછળ રહેનાર સ્ત્રીને સતી થવાનું કહે છે અથવા તો ફરજિયાત વૈધવ્ય પાળવાનું કહે છે, માતાને પશુઓનો ભોગ ધરવાનું કહે છે, અસ્પૃશ્ય ગણાતી જાતિઓનો નહિ અડવાનું કહે છે, તેથી ભલે તમે તમારાં બાળબચ્ચાને ફાવે તેટલી મોટી ઉમ્મરે પરણાવજો, અથવા તો બીજી બાબતોમાં ઠીક પડે તેમ કરજો પણ અમને તો અમારે રસ્તે જવા દો. તો અહિં સુધારકે–સમાજના શ્રેય-સાધકે કે ઉત્કર્ષ-વાંછુકે-શું હાથ જોડીને બેસી રહેવું? સમાજની પ્રગતિ વાંછનાર પ્રત્યેક માનવીની ફરજ છે કે સમાજના વર્તમાન કે ભાવી કલ્યાણને બાધક જે કોઇ રીત રસમ રૂઢિ કે પરંપરા હોય તેનો બને તેટલો સામનો કરવો જ જોઇએ. આવી બાબતમાં દાખવવામાં આવતી તટસ્થતા પાછળ કાં તો સ્થિતિચુસ્તતાનું જ અનુમોદન રહેલું હોય છે અથવા તો સમાજકલ્યાણ વિષે કેવળ ઉદાસીનતા રહેલી હોય છે. સુધારકથી આ વાત બને જ નહિ.

વસ્તુતઃ પ્રસ્તુત 'શાસનપ્રેમી' અને સુધારકના વળણમાં તેમ જ દૃષ્ટિબિંદુઓમાં આસમાન જમીનનો ફરક હોય છે. એક જે છે તેને જ ચાલુ રાખવાનો આગ્રહી હોય છે; બીજો જરૂર મુજબ ફેરફાર કરતા રહેવાનું વળણ ધરાવે છે. એકની નજર ભૂતકાળ ઉપર જ હોય છે; બીજો ભવિષ્યકાળને અનુલક્ષીને વર્તમાનનો વિચાર કરે છે. એકને સડેલું અંગ પણ જાળવવું છે, કારણ કે સડેલું અંગ છેદવા જતાં આખા સમાજશરીરને હાનિ પહોંચશે એમ તે ભીતિ ધરાવે છે; બીજો સડેલા અંગને મૂળમાંથી છેદવામાં જ સમાજશ્રેય રહેલું છે એમ માને છે. એક સાધુવેશને પૂજે છે; બીજો સાચી સાધુતા શોધે છે અને તેથી કોઇ ઢોંગ, પાખંડ, દંભ કે ધૂર્તતાને સહી શકતો નથી. એક શાસ્ત્રના શબ્દોને પુજે છે; બીજો સમાજ શ્રેયને અગ્રસ્થાને રાખીને શાસ્ત્રીય વિધિનિષેધોનો વિચાર કરે છે. સમય બળવાન છે તેથી જુનાને પણ આખરે કાળબળ સાથે ઘસડાવું જ પડે છે. એમ છતાં પણ તેનું મોઢું ભૂતકાળ તરફ અને પીઠ ભવિષ્યકાળ તરફ હોય છે. અન્ય આવતાં-ઉદ્ભવ પામતાં-બળોને પરખે છે, વિચાર આન્દોલનોને ઝીલે છે અને તેથી જરૂરી ફેરફારોને આવકારે છે, વેગ આપે છે અને તેની પ્રતિરોધી શક્તિઓ સાથે ઝગડવામાં પોતાની જીવનશક્તિ ખરચતો રહે છે. આમ જ્યાં જુના અને નવા વચ્ચે, સ્થિતિચુસ્ત અને સુધારક વચ્ચે, સાંપ્રદાયિક સંકુચિતતા અને ધાર્મિક વિશાળતા વચ્ચે આસમાન જમીન જેટલું અંતર રહ્યું ત્યાં બે વચ્ચે મેળ કે સમાધાની ક્યાંથી સંભવે? એ બે વચ્ચે તો અથડામણી અને ઘર્ષણ જ હોય. અને એ અથડામણી અને ઘર્ષણદ્વારા જ સમાજ આગળ વધે, જુનું જાય અને નવું સરજાય. કુદરતનો એ જ ક્રમ છે; કાળનો એ જ સ્વભાવ છે.

**પરમાનંદ**

## જૈન સંસ્કૃતિનું વ્યાપક સ્વરૂપ

(પૃષ્ટ ૧ થી ચાલુ)

જૈનધર્મ મનુષ્યના બાહ્ય વર્તન ઉપરથી અંદરનું અનુમાન કરતો નથી. એ તો ફક્ત એ બતાવે છે કે અંદરના વિચારો બદલાતાં બહારનું વર્તન બદલાવું જરૂરી છે. દાખલા તરીકે જૈન ધર્મની ગણતરી પ્રમાણે જે વ્યક્તિમાં દેશની આઝાદીનો સમુદ્ર ઉછળવા લાગ્યો હોય તેની ઓળખાણ આ પ્રમાણે છે. એ પોતાના દેશની સેવાઓનો બદલો કોઇ પણ પ્રકારે નહિ ઇચ્છે. ન એ પોતાની બડાઇઓ મારશે કે ન તો બીજાઓની બુરાઇ કરશે. પોતાની ઉણપો લોકો સમક્ષ જાહેર કરતાં એ અચકાશે નહિ, પરંતુ બીજાઓની ઉણપો ઢાંકશે અને ઢાંકવાની પુરી કોશીષ કરશે. એ એવું કાર્ય નહિ કરે કે જેથી દેશને કલંક લાગે. અનેક પ્રકારે એ પોતાની અંદર ઉછળતા આઝાદીના તરંગોનું પ્રતિબિંબ પોતાના વર્તનદ્વારા પાડશે.

અહિં એ બતાવવું જરૂરી છે કે જૈનોએ બતાવેલો સિદ્ધિનો માર્ગ દરેક વસ્તુની સિદ્ધિ માટે ઉપયોગી થઇ શકે છે. ચાહે મુક્તિ મેળવવી હોય કે દેશની આઝાદી. ચાહે વ્યાપાર હોય કે અન્ય કોઇ વ્યવસાય. જેવી રીતે પૈસાથી અમૃત અને ઝેર બન્ને ખરીદી શકાય છે તેમ આ વિજયની ચાવીથી આઝાદી અને બરબાદી બન્નેનાં તાળા ઉઘાડી શકાય છે. શું ખોલવું એ ખોલનારની યોગ્યતા પર અવલંબે છે.

આઝાદીના તરંગો બે પ્રકારે ઉઠે છે. એક સ્વયં અને બીજા કોઇના જોરથી. સ્વયં ઉઠેલા તરંગ હંમેશા નહિ તો ઘણું ખરૂં કાયમ રહે છે. જોર દેવાથી ઉઠેલા તરંગો ઘણું ખરૂં કાયમ નથી રહેતા, પણ કોઇ કોઇ કીસ્સામાં કાયમ બની જાય છે. આનું કારણ એ છે કે જે વ્યકિતએ ગુસ્સો, ઘમંડ લાલચ અને કપટની ચાંડાળ ચોકડી પર અમુક હદે અંકુશ મેળવ્યો છે તેમાં ઉઠતા આઝાદીના તરંગ લાંબા વખત સુધી ટકી રહેનાર હોય છે, અને જેમણે આ ચોકડી પર કાબુ નથી મેળવ્યો તેમની આઝાદીનો જોશ સોડાવોટરના ઉભરા જેવો હોય છે. જેમ કોઇ ચટકીલા મટકીલા ધર્મના બેસુમાર ભકતો પેદા થઇ જાય છે તેમ કોઇ જોરદાર રાજકીય આંદોલન નીચે વરસાદનાં દેડકાંની જેમ અલ્પજીવી બેસુમાર દેશભકતો પેદા થાય છે.

### જૈન સંસ્કૃત ઉપર આક્ષેપ

જૈનોનાં મોટાં મંદિરોને કે એમના સાધુઓના આચાર વિચારોને યા તો મૂર્તિપૂજા કે મૂર્તિના વિરોધને જૈન સંસ્કૃતિના નામથી ઓળખવી એ ઉચિત નથી. ભલે કોઇ જૈન કે અજૈન વિદ્વાન એને જૈન સંસ્કૃતિ તરીકે ઓળખાવે.

આખા હિંદુસ્થાન અને આજકાલ આખી દુનિયા પર પડેલી અહિંસાની છાપ તે જ જૈન સંસ્કૃતિની સાચી ઓળખાણ છે. અહિંસા એક એવો ધર્મ છે કે જે આત્માઓને સંસ્કૃત બનાવવામાં અને ઉંચે ચડાવવામાં મોટો હિસ્સો આપે છે. જૈનોના અન્તિમ તીર્થંકર મહાવીર સ્વામી બાદ ભારતમાં જેટલા મતોનો પ્રચાર થયો, તેમાંથી ભાગ્યે જ કોઇએ અહિંસાની અવહેલના કરવાની હિમ્મત કરી છે. બૌદ્ધ ધર્મ પણ અહિંસા પર ભાર મુકે છે. પણ જ્યાં જ્યાં બૌદ્ધ ધર્મ ફેલાયો ત્યાં અહિંસાને બદલે ઘોર હિંસા જ ફેલાયેલી દેખાય છે. એથી એમ તો ન જ માની શકાય કે હિંદુસ્તાન પર લાગેલી અહિંસાની છાપમાં બૌદ્ધ ધર્મનો હિસ્સો પણ છે. જૈનો આજ અઢી હજાર વર્ષ સુધી માંસ ન ખાવાને કારણે અહિંસક રહી શકયા છે. હું માંસ ન ખાનારાઓને જૈનના અર્થમાં પૂરા અહિંસક તો નથી માનતો. ખરા અહિંસક તો તે જ છે કે જેમનામાં મોહનો નાશ

# લગ્ન અને લગ્નની વય.

( ગતાંકથી ચાલુ.)

જ્યારથી જાતીય ભાન અને સમજનો આવિર્ભાવ થાય છે ત્યારથી જ સ્ત્રી અને પુરૂષમાં તે માટેની ભુખ જાગે છે. આ ભુખ ધીમે ધીમે વાતાવરણ અને આજુબાજુના સંજોગો પ્રમાણે વધે છે કે દબાઇ જાય છે. આ ભુખ જો વિચારપુર્વક સંયમથી દાબવામાં આવે તો કોઇપણ પ્રકારનું માનસિક નુકશાન કર્યા વિના દાબી શકાય છે અને તેમાંથી નૈતિક બળ, આત્મિક બળ મેળવી શકાય છે. પણ સંયમ વગર ઉપેક્ષિત દૃષ્ટિએજ જો દાબવામાં આવે તો અલબત્ત શારીરિક રીતે દાબી શકાય છે, પણ માનસિક દબાણ જરાપણ ઓછું ન થતાં મન અને તન બન્ને ઉપર બૂરી અસર થાય છે. આજે કમભાગ્યે વાતાવરણમાં કયાંયે પણ સંયમપ્રેરક તત્વ નથી. કામ (વિકારને) ને દાબી દેનાર કામ (શ્રમ) નથી. પ્રતિક્ષણે અને પ્રતિપગલે વિકાર પોષક તત્વોજ દેખાય છે. આને કારણે માનવજાત વ્યગ્રચિત્ત અને ચંચળ બની છે. સંસારના ધુરિણો અને શિક્ષકોનું કર્તવ્ય છે કે તેમણે જેમ બને તેમ સમાજમાં જાતીય ભુખ મોડી જાગે અને જાગેલી ભૂખ વિચારપૂર્વક દબાઇ રહે તે જાતનું વાતાવરણ ઉભું કરવું, નહિતર સંસારમાં ઠેર ઠેર પાશવતાની દુર્ગંધ આવશે. પછી તેનો ઉપાય નહિ રહે.

ભુતકાળમાં બાળલગ્ન અમુક ચોકકસ દૃષ્ટિથી કરવામાં આવતાં. આજે તેની સામે એક ફરિયાદ કાયમ કરવામાં આવે છે, કે તેથી સ્ત્રી અને પુરૂષમાં વિકારનું તત્વ વહેલું પ્રવેશ પામે છે જેથી દંપતીનું અને સંતતિનું શારીરિક અહિત થાય છે, અકાળ વૃદ્ધત્વ આવે છે, આયુષ્ય મર્યાદા ટુંકાતી જાય છે, કેળવણીનાં દ્વાર વહેલાં બંધ થાય છે અને બાળમરણનું પ્રમાણ વધે છે. આ વસ્તુઓ દેખીતી રીતે સાચી છે, પરન્તુ બાળલગ્ન ઉપરાંત તે સ્થિતિ માટે બીજા ઘણાં કારણો પણ જવાબદાર છે. અગાઉ ખાસ વ્યકિતઓના અપવાદ સિવાય સકળ પ્રજામાં બાળલગ્નો જ થતાં, આજથી સૈકા પહેલાં લગ્નની વય મર્યાદા જુનવાણી હતી, છતાં પણ પ્રજા આજે દેખાય છે તેવી નિર્બળ નહોતી. ઉલટું શારીરિક બળવાળી હતી, દ્રઢ મનોનિગ્રહવાળી હતી. ટેકીલી હતી. તો પ્રશ્ન થાય છે કે બાળલગ્નની અસર એ વખતે કેમ ન થઇ? ત્યારે બાળલગ્નની વિકૃતિ કયાં વસતી હતી? લગ્નની વય લંબાવ્યા પછી, મોટી ઉમરે લગ્ન થવા માંડયા પછી તો જરૂર માનવીઓ સુંદર સશકત શરીરવાળા, ઉંચ જીવનવાળાં, વિકાર સામે ટકી શકે તેવા દ્રઢ મનોબળવાળા અને ખડતલ થવા જોઇએ. પણ આપણો અનુભવ, નિરીક્ષણ અને માનવજીવનનો ખાનગી અભ્યાસ આ વાતની ના પાડે છે. ત્યારે મોટી ઉમરના લગ્નનું ફળ કયાં ગયું? શું આપણે ભ્રમમાં હતા? આ ભ્રમ નથી અને અગાઉ પણ નહોતો. પરંતુ લગ્નની વય સાથે જ સહજ સંયમ જોઇએ, સંયમ માટે કૌટુમ્બીક મર્યાદાઓ, ધાર્મિક નીતિમય વાતાવરણ અને તે જાતનું શિક્ષણ અને જીવન જોઇએ. તે આજે નથી. આજે બહુ જ બચપણથી તે મરણપર્યંત માનવી મોટે ભાગે, વિકારથી ભરપુર છે. તેનું વાંચન, જીવનને વળગેલા વિલાસના છંદ, નાટક, ચેટક, અને સીનેમાનો વણસમજે થતો ઉપયોગ, જીવનમાં પેસતું જતું નાસ્તિકતાનું વાતાવરણ, ફેશન, કપડાં-લતાનો હદ ઉપરાંતનો શોખ, શારીરિક શ્રમનો અભાવ, અને જાહેર હિમત, નિડરતા, ચપળતા અને તેવા તેવા ઉંચ ગુણોના બહાના નીચે સેવાતી સ્વચ્છંદતા અને જતી રહેલી આંખની શરમ તેના વિકારને પોષણ આપે છે. તેથી તેના જીવનમાં એવી ઘડી કયારેય દેખાતી નથી કે જ્યારે તે ખરેખર બીલકુલ વિકાર વગરનો હોય! ત્યાગ, સંયમ અને કામવિજય કયાંયે દેખાતો નથી તેનું કારણ શું? વિકારથી ભરપુર જીવનવાળાના લગ્ન મોડાં કરો કે સંયમ, શિયળ અને મર્યાદા સમજનારના લગ્ન વહેલાં કરો તેમાં કાંઇ ફેર પડતો નથી. વિકાર લગ્નની કાળ-મર્યાદાને ભાંગી નાંખે છે અને સંયમ લગ્નના કાંઠે બેઠેલાને પણ વિકારથી દૂર ખેસવી નાંખે છે. એટલે વય સાથે શાંત વાતાવરણ અને સંયમના પાઠ પણ શીખવવા જ પડે છે, જો લગ્નની વિકૃતિ અટકાવવી હોય તો. જ્યારે માન-વીને જાતીય ભૂખ લાગવી શરૂ થાય છે, ત્યારે જો તેનો ઉપાય જાતીય મીલનથી કે સંયમથી થાય તો તે વ્યક્તિ સંતોષ અનુભવે છે. પણ જો આ જાતની તૃપ્તિ શકય ન બને તો ભલે તે શારીરિક વિકાર ન સેવે, પણ માનસિક વિકારનો વેગ વધુ ને વધુ પ્રબળ થતો જાય છે અને જ્યારે સમય સાનુકુળ બને છે ત્યારે તે ભૂખ્યા વરૂની માફક અકરાંતિયો બને છે. આંધળો થઇ ભીંત ભૂલે છે અને ન કરવાનું કરી બેસે છે.

આપણા દેશની આબોહવા, વાતાવરણ, જીવનરીતિ સુધરેલા દેશની તાજી અસર વિગેરે કારણોથી સ્ત્રીઓમાં ૧૩ થી ૧૪ વર્ષની વયે અને પુરૂષમાં ૧૬ થી ૧૮ વર્ષની વયે જ સંસાર-વાસના જાગ્રત થઇ તેની તૃપ્તિની ઇચ્છા થાય છે. આ ઉપરથી જ અગાઉ બાર વર્ષની વયે કન્યાના અને સોળ કે અઢાર વર્ષની વયે છોકરાના લગ્ન કરવામાં આવતાં. કોઇ કોઇ સ્થળે ખાસ પ્રસંગોમાં મોટી વયે, છતાં છેલ્લાં ચારથી પાંચ સૈકા થયાં તો બાળલગ્નો જ થતાં આવ્યા છે. પણ કૌટુમ્બીક મર્યાદા અને વ્ય-વહારની યોજના જ એવી રીતે રચવામાં આવેલી હતી કે ખરૂં લગ્ન જીવન કન્યાનું સોળ વર્ષની વયે અને પુરૂષનું ૨૦ વર્ષની વયે જ શરૂ થતું. આ વખતે વિકારની શારીરિક કે માનસિક બુરી અસર થવાને બદલે દંપતી વચ્ચે આકર્ષણ વધવામાં અને એક

અપૂર્ણ

---

થઇ ગયો છે. જૈનો માંસની જેમ શરાબથી પણ બચ્યા છે. આત્માને ઉંચે આણવા માટે શરાબથી બચવું જરૂરી છે. અને આથી જૈનોએ આત્માને સંસ્કૃત બનાવવા યાને માનવ સંસ્કૃતિને વિકસાવવા બીજા ધર્મોની અપેક્ષાએ વધારે કામ કર્યું છે.

આ ગુલામીથી કચડાયેલા હિન્દુસ્થાનમાં કેટલાક સમજુ લોકોએ એક નવો અવાજ ઉઠાવ્યો કે જૈનોની અહિંસાએ દેશને કાયર બનાવી, યુદ્ધના કામ માટે નિરૂપયોગી બનાવી બીજાનો ગુલામ બનાવી દીધો. હું આનો વકીલ બની જવાબ નહિ આપું, પરંતુ એટલું જરૂર કહીશ કે ચૌદ લાખ જૈન હોવા છતાં અગર જો દેશ ગુલામ છે તો એની જવાબદાર અહિંસા હો યા ન હો પણ એ ચૌદ લાખ જૈનો તો જરૂર જવાબદાર છે. જેમના પૂર્વજોએ પ્રકૃત્તિની ગુલામી પણ ન સાંખી અને ઇશ્વરની ગુલામીનું પણ ખંડન કર્યું તેઓ કેમ અને કેવી રીતે આ ગુલામી સાંખી લે છે? હવે એ પ્રશ્નનો બીજી રીતે વિચાર કરીએ તો હું પ્રસ્તુત તર્કવાદીને પુછું છું કે શું ચૌદ લાખની અહિંસા ભારતને ગુલામ બનાવી બેઠી છે અને પોણા ચાલીશ કરોડની હિંસા એને દૂર કરવા અસમર્થ છે! એનો અર્થ તો એ થાય છે કે એક અહિંસકની અહિંસાનું કામ બસો પંચ્ચાસી હિંસકો હિંસાથી મટાડી શકતા નથી. અહિંસાને ગુલામીનું કારણ બતાવવું એ અહિંસાને હિંસાનું કારણ કહેવા બરાબર છે. જૈન ધર્મ અનુસાર ગુલામી હિંસા છે. ગુલામ બનાવવા કરતાં ગુલામ બનવું એ વધારે મોટી હિંસા છે. જૈનનો અર્થ છે જીતવાવાળો, છતાં ન જાણે કેમ લોકો જૈન ધર્મને ગુલામીનું કારણ માની બેઠા છે?

મૂળ લેખકઃ–**મહાત્મા ભગવાનદીનજી**

સંક્ષેપક–**સરલાબહેન**

બીજા તરફ વફાદારી અને જવાબદારી વધવામાં થતી, જે દાંપત્ય જીવનને પ્રેમાળ અને વફાદાર રાખતું !

દંપતી જીવનમાં શારીરિક અને મૈત્રીભાવ મુખ્ય હોય છે. શરૂઆતમાં શારીરિક આકર્ષણની માત્રા વધુ દેખાય છે, પરન્તુ સમયના વહેવા સાથે આકર્ષણ કમતી થતું જાય છે અને મૈત્રીભાવ, સાહચર્યભાવ અને સેવાભાવ વધતો જાય છે. તે વખતે લગ્નજીવનનું કેન્દ્ર કામભોગ મટી જઇને સંસાર, સમાજ, પ્રજા વગેરે કેન્દ્ર બને છે અને તે અંગેની જવાબદારી, વ્યવહાર અને સાંસારિક ફરજો તરફ વળે છે. આ ઉપરથી આપણે દાંપત્યજીવન માટે નીચે પ્રમાણે વિચાર કરી શકીએ.

દાંપત્યજીવન શરૂ થયા પછી લગભગ દસ વર્ષમાં સાંસારિક ભુખ, જાતીય ભુખ, કે શારીરિક ભુખ કે વિષય વાસના પૂર્ણતાએ (Zenith) પહોંચી જાય છે. ત્યાર પછીના દસ વર્ષમાં તે વાસનાનું જોર ઘટવા માંડે છે (Moderation) અને ઘણું નરમ પડી જાય છે. આ સમયે સંતતિ વિગેરેની કાળજી, ચિંતા અને અન્ય સાંસારિક વ્યવહાર દંપતીનું લક્ષ્ય વધુ પ્રમાણમાં રોકી રાખે છે. ત્યાર પછીના દસ વર્ષમાં તો વાસનાનું ઘટવા માંડેલું જોર વધુને વધુ ઘટતું જઇ નહિવત્ રહે છે (Further Moderation). આ વયે એટલે લગ્ન જીવનના ત્રીસ વર્ષે એટલે સ્ત્રીઓમાં ૧૬+૩૦=૪૬ વર્ષની વયે અને પુરૂષોમાં ૨૦+૩૦=૫૦ વર્ષની વયે શારીરિક શક્તિ અમુક અંશે ક્ષીણ થાય છે, પ્રજાની સંખ્યા અને તેની પાછળ અપાતો સમય, સામાજીક કાર્યો અને તેમાં પ્રાપ્ત થયેલું અમુક સ્થાન, પીઢપણું અને અનુભવે આપેલું જ્ઞાન આ બધું તેમને શાન્તિ તરફ, ધર્મ તરફ વાળે છે. સંતાનોની જવાબદારીનું ભાન, સાંસારિક ફરજો, વયે આણેલી શારીરિક ક્ષીણતા અને વધુ પ્રમાણમાં એકાન્ત મળવાનો અસંભવ વિકારની આડે વાડ જેવા બની રહે છે. ત્રીસ વર્ષનો લગ્નસબંધ સહજ તૃપ્તિ અને સંતોષ લાવે છે. એટલે મનમાંથી પણ વિકાર ઓસરવા માંડે છે. આમાં ધાર્મિક વૃત્તિ, નીતિમય વાંચન, અને સત્સંગનો યોગ મળે તો માણસ વાસનાથી લગભગ મુક્ત થઇ જ્ઞાન તરફ વળી સમાજનો ઉપયોગી સેવક બને છે. સંસારનું વાતાવરણ શુદ્ધ રહે છે. અને ભાવી પ્રજાના માનસ ઉપર ઉમદા છાપ પડે છે–પણ આજે— ?

આજે સાંસારિક જીવનની ભુખ અગાઉ કરતાં અમુક અંશે વધી છે અને વહેલી જાગે છે. પણ તેનો ઉપાય મોડો લાધે છે. એટલે લગ્ન પહેલાં માનસિક રીતે તો પ્રજા વિકારથી તરબોળ બની ગયેલી હોય છે જ. અગાઉ કરતાં લગ્ન આજે છથી આઠ વર્ષ અને કોઇ કોઇ પ્રસંગોમાં આઠથી દશ વર્ષ મોડા કરવામાં આવે છે. એટલે ઉપર જણાવ્યું તેમ દશ વર્ષનું લગ્નજીવન સામાન્ય રીતે પૂર્ણ તૃપ્તિ પામી, બીજા દશ વર્ષમાં તેનું જોર નરમ પડવા માંડે છે અને ત્રીજા દશ વર્ષમાં તો તેનાથી પણ ઘણું જ નરમ પડી જાય છે. પરંતુ જેમ માનસિક વિકાર અને વિવશતા વધુ તેમ તેની તૃપ્તી મોડી અને ઓછી અને વાસના વધુ આ સહજ નિયમ છે. જેથી પચાસ વર્ષની વયે પુરૂષમાં અને છેતાલીસ વર્ષની વયે સ્ત્રીઓમાં અગાઉ જે શાંતિ અને જીવન સ્થિરતા વડે વિકાર વાસનાનું જોર નિર્મુળ બનતું તે મોટી વયે ખૂબ ઉત્સુકતા અને તીવ્રેચ્છા પછી થયેલા લગ્નોમાં નથી થતું. પૂર્ણ તૃપ્તિ, વિકાર–મંદતા, અને સંપૂર્ણ વિરામ Full Satisfaction, Moderation and complete Moderation, ની સ્થિતિ દરેક વિવાહિત દંપતીને પસાર કરવી જ પડે છે. અલબત સંજોગ આ સ્થિતિના સમયને વધારી કે ઘટાડી શકે છે.

જેમ માનસિક ભૂખ વધારે તેમ તેની તૃપ્તિ મોડી તે ન્યાયે સ્ત્રીમાં ચૌદ વર્ષની વયે અને પુરૂષમાં અઢાર વર્ષની વયે જાગેલી ભૂખ આઠ આઠ વર્ષ પછી જ્યારે સંતોષાય ત્યારે વિકારની અતૃપ્ત દશાએ ઉભો કરેલ માનસિક વેગ આઠ વર્ષમાં અતિ પ્રબળ અને ઉગ્ર બને છે, જેથી તેની તૃપ્તિ, તેનો પ્રતિકાર પણ મોડો મોડો થાય છે. દાખલા તરીકે આજનો યુગ સ્ત્રીઓને વીસ વર્ષે અને પુરૂષને ૨૫ વર્ષે પરણાવવાનું નક્કી કરે તો સ્ત્રીની સાંસારિક સુખની તૃપ્તિ ત્રીશ વર્ષે અને પુરૂષની પાંત્રીસ વર્ષની વયે પૂર્ણતાએ પહોંચે. ત્યારપછીનું બીજુ પગથીયું અનુક્રમે ચાલીસ અને પીસ્તાળીશ વર્ષની વયે અને ત્રીજું પગથીયું પચાસ અને પંચાવન વર્ષની વયે પુરૂં થાય. આપણા હિન્દમાં આયુષ્ય મર્યાદા સરેરાસ સાડી છવીસ વર્ષની છે. એટલે કુદરતી રીતે જ શારીરિક ક્ષીણતા વહેલી શરૂ થાય છે. વિષય વાસના અને શારીરિક સંપતિને અતિ નિકટનો સંબંધ છે. એટલે ૫૦–૫૫ વર્ષની અવસ્થાએ શરીરમાં નબળાઇ વધે છે, પણ મનમાંથી વિકાર ખસતો નથી. તેથી માણસ તૃપ્તિ અનુભવી શકતો નથી. જેને પરિણામે તેની માનસિક વિકારની માત્રા દિન પ્રતિદિન વધતી જાય છે. અતૃપ્ત ઇચ્છાઓ વિકૃત સ્વરૂપને જ પામે છે. એવું ડાહ્યા અનુભવીઓનું કથન છે. આની અસર માનવીના જીવન ઉપર અને પ્રજા ઉપર અતિ બુરી થાય છે. આ ઉપરથી એકવાત સમજી શકાય છે કે જો વિષય વાસના વહેલી જાગ્રત થતી હોય તો કાં તો તેને સંયમથી કાબુમાં રાખો કે કાં તો તેને લગ્ન જીવનથી તૃપ્ત કરવા લગ્ન કાળની આજે વધી ગયેલી મર્યાદા ઘટાડો. નહિતર પરિણામ બુરૂં છે.

અગાઉ અને અત્યારના જીવનની નીતિમત્તામાં ઘણો ફેર દેખાય છે. અગાઉ સંયમ સુલભ હતો. આજે નથી. અગાઉ માણસ વિકારથી વિવશ થઇને ભાન નહોતો ભૂલતો. આજે વિવશતા સામાન્ય છે. છતાં પણ આપણે જગતને કહીએ કે મોટી ઉમરે–અતિ મોટી ઉમરે–લગ્ન કરવાથી સંસારમાં વિકાર ઘટયો છે, પ્રજાનું માનસ સુધર્યું છે અને પ્રજા પ્રગતિ તરફ વળી છે તો તેમાં કેટલું સત્ય છે તે તો સમય કહેશે !

સમાપ્ત **વ્રજલાલ ધ. મેઘાણી.**

## પરદેશમાં "પ્રબુદ્ધ જૈન"

'પ્રબુદ્ધ જૈન' વિષે સામાન્ય જનતામાં સદ્‌ભાવ અને આદર વધતો જાય છે અને તે પત્ર બહુ રસથી વંચાય છે એવા સંદેશાઓ અનેક દિશાએથી આવતા રહે છે. એક મિત્ર મોંબાસાથી 'પ્રબુદ્ધ જૈન'ના સાત ગ્રાહકો મેળવે છે અને જણાવે છે કે:–

"પ્રબુદ્ધ જૈન વાંચવામાં બહુ જ આનંદ આવે છે–ખાસ કરીને હિંદના પત્રો અત્યારના જમાનામાં અહિં બહુ જ ઓછાં આવે છે એટલે ત્યાંના સમાચારો ઓછા મળે તે સ્વાભાવિક છે. 'પ્રબુદ્ધ જૈન' બહુ જ સારા પ્રમાણમાં તે ખોટ અહિં પુરી પાડે છે. ભાઇ ભણસાળીનો લેખ આખોએ અહિંના પેપર્સમાં તેમાંથી છાપવામાં આવ્યો હતો, કે જેથી અહિં લોકોને ખ્યાલ આવે. અવારનવાર 'પ્રબુદ્ધ જૈન'માંથી અહિંના પેપર્સમાં લેખો છાપવામાં આવે છે. સ્ટીમર આવતાં પત્રની કાગડોળે રાહ જોઇએ છીએ. આ બદલ તમો સર્વને અભિનંદન." **તંત્રી, પ્રબુદ્ધ જૈન**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર   Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૩

મુંબઇ: ૧ જુન ૧૯૪૩ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૨

## સરકારી દમન અને ખોરંભે પડેલી ખાદી પ્રવૃત્તિ

(ગતાંકથી ચાલુ)

### નુકસાનીનો અંદાજ

સરકારના પગલાને પરિણામે, બંગાળા, બિહાર અને સંયુકત પ્રાંતોની શાખાઓમાં અમારૂં કાર્ય ઘણું ખરૂં અટકી પડયું છે. સીધી યા આડકતરી રીતે આવા પગલાને લીધે, ૪૦૦ કરતાં વધારે કેન્દ્રો બંધ થઇ ગયાં છે. માસિક ઉત્પાદન અગાઉ ૮ લાખ રૂપિયાનું થતું હતું તે ઘટીને ૪ લાખનું થઇ ગયું છે અને આશરે દોઢ લાખ કારીગરો બેકાર બની ગયા છે. આગલા વર્ષમાં દર મહિને કારીગરોને મજૂરીરૂપે પાંચ લાખ રૂપિયા અપાતા હતા તે આધારે ચાલુ પરિસ્થિતિ એવી છે કે કારીગરોના ગજવામાં ત્રણ લાખ રૂપિયાથી વધારે જતા નથી. કાર્યની આ જબરદસ્ત નુકસાની ઉપરાંત, માલની જપ્તી, લૂટ અને આગને પરિણામે જે આર્થિક નુકસાન થયું છે તેનો અંદાજ છ લાખ રૂપિયા જેટલો થાય છે. પ્રમાણિત સંસ્થાઓની નુકસાની આધારભૂત અને સંપૂર્ણ ખબરને અભાવે ઉપલા આંકડામાં સમાવેલી નથી. દરેક શાખામાં આગ અને લૂટને પરિણામે માલનું કેટલું નુકસાન થયું તેની વિગત જુદી જુદી આપવાનું અત્યારે બની શકે તેમ નથી. માત્ર અમારી બિહારની શાખાએ આવી માહિતી મોકલી છે, જેના પરથી જાણવા મળે છે કે આગ અને લૂટને કારણે લગભગ એક લાખ રૂપિયાના માલની નુકસાની થઇ હતી.

સરકારે અમારા કાર્યમાં અંતરાય નાખવા માંડયો છે એટલા માટે કયાંયે—જ્યાં થોડીઘણી દખલ હોય અથવા બિલકુલ દખલ ન હોય એવાં સ્થળોએ પણ અમારી ઉત્પાદન—પ્રવૃત્તિઓ વધારવાને અમે નારાજ છીએ. ખરૂં જોતાં, વિશ્વાસના આ અભાવને લીધે અમે અમારી પ્રવૃત્તિઓ ઓછી કરી નાખી છે, શાખાઓને ધીરેલી વધારાની મુડી પૂરેપૂરી પાછી લઇ લેવામાં આવી છે અને અમે ઉછીની લીધેલી રકમો પૂરેપૂરી ભરપાઇ કરી દીધી છે. ગાંધી જયંતીનો કાર્યક્રમ ઉત્સાહપુર્વક હાથમાં લઇ શકાયો ન હતો અને તેથી ઉઘરાણું થઇ શકયું ન હતું.

### ખાદીના ભાવો અને મજૂરીનું પ્રમાણ

એક બાજુ આ વિનાશકાર્ય નિષ્ઠુરપણે ચાલુ છે, છતાં અમે અમારા કારીગરોની વધતી જતી મુસ્કેલીઓ સમજવામાં ઢીલ કરી નથી. ગુજરાનપૂરતી ઓછામાં ઓછી મજૂરીનો સિધ્ધાંત સ્વીકારવામાં આવ્યો, ત્યારથી જુદા જુદા કારીગરોની અને ખાસ કરીને ઓછામાં ઓછી મજૂરી મેળવનારા કાંતનારાઓની મજુરીના પ્રમાણમાં વધુ ને વધુ વધારો આપવાના પ્રયાસો ચાલુજ રહ્યા છે. બીજાઓની જેમ તેઓના ગુજરાનનું ખર્ચ બમણા કરતાં વધુ થઇ ગયું છે. અમારી જુદી જુદી શાખાઓએ કાંતનારાઓના વેતનમાં ૨૫ થી ૭૫ ટકા જેટલો અનુકૂળ વધારો આપવા માંડયો છે. વણકરોને પુષ્કળ વધારો આપવામાં આવ્યો છે. ઘણાઓને સોએ સો ટકા અને કેટલાકને ૨૦૦ ટકા અથવા તેથી વધારે બઢતી આપવામાં આવી છે. અત્યાર લગી જુદાં જુદાં કારણોસર કાંતનારાઓને ધારેલી રાહત આપવાનું જો કે હજી બની શકયું નથી તો યે આ દિશામાં અમારા પ્રયાસો મંદ પડયા નથી અને અમારી જુદી જુદી શાખાઓને વધુ ને વધુ વેતન આપવાનો ચાલુ આગ્રહ કરવામાં આવે છે.

અમારા કારીગરોને જે મુખ્ય મુસીબત વેઠવી પડે છે તે ખાધખોરાકીની તંગી છે. ખોરાક મેળવવા પાછળ તેઓનો પુષ્કળ સમય વેડફાઇ જાય છે. અમારી કેટલીક શાખાઓમાં નુકસાની વેઠીને પણ સસ્તા અનાજની દુકાનો ચલાવવામાં આવે છે. પરંતુ અત્યારનો મામલો જોતાં, જો કારીગરોની કમાણીની શકિત વધારવી હોય અને જો તેઓને કામમાં નિયમિત રોકાયેલા રાખવા હોય તો બહોળા પ્રમાણમાં અનાજની દુકાનો ખોલાવી જોઇએ. આવા પ્રબંધથી ખાદીનું વધારે મોટું ઉત્પાદન થાય એ સ્વાભાવિક છે. જો પુરતા પ્રમાણમાં ધાન્ય મેળવવાની યોગ્ય સગવડો થશે, તો અખિલ ભારત ચરખા સંઘ પોતાના જુદા જુદા કારીગરોને તેની યોગ્ય વહેંચણી કરવાની ખાતરી આપી શકે તેમ છે. વળી કારીગરોને રોકડ લઇને નહિ, પરંતુ તેઓના પગાર સામે જ ધાન્ય આપવામાં આવશે એટલે ધાન્યનો સંગ્રહ થવાનો ભય રહેતો નથી.

જો કે જુદાં જુદાં કારણસર ખાદીપેદાશની અમારી લાગતમાં ચાલુ વધારો થયા કરે છે, છતાં ખાદીના ભાવોમાં વારંવાર વધારો કરવાથી, ખાદી વાપરનારાઓ પર વધારે પડતો બોજો પડે નહિ તેની અમે પૂરતી કાળજી રાખતા આવ્યા છીએ. વધતા જતા વ્યાપારને લીધે વ્યવસ્થા ખર્ચમાં અમે જે કરકસર કરી શકયા છીએ તેને કારણે મજૂરીના આ નાના વધારાને પહોંચી શકાયું છે. પરંતુ આજે સ્થિતિ ઘણી બદલાઈ છે. કાંતણના દરો આશરે ૫૦ ટકા વધારવામાં આવ્યા છે. વણાટના દરો સામાન્ય રીતે સોએ સો ટકા વધારવામાં આવ્યા છે. રૂના ભાવમાં ૭૫ ટકા કરતાં વિશેષ વધારો થયો છે. આ ઉપરાંત રંગ, દવાઓ તથા રેલ્વે ખર્ચમાં પણ વધારો થયો છે. ભૂતકાળમાં આ ખર્ચનું પ્રમાણ બને તેટલું ઓછું રાખવાની કોશીષ ચાલુ જ રહી છે, છતાં બધે જ ગુજરાન ખર્ચ વધેલું હોવાથી, આ કારણે પણ ઉત્પાદન ખર્ચમાં કેટલોક વધારો થવા પામ્યો છે. આ બધા છતાં, ખાદીના ભાવો ઘણું ખરૂં ૫૦ ટકાથી અધિક વધારવામાં આવ્યા નથી. મિલના કાપડના છૂટક દરમાં જે વધારો થયો છે, તેની સરખામણીમાં આ વધારો કંઇ જ નથી. આ નીચા દરોને

લીધે, ખાદીની માંગ એટલી મોટી છે કે અમારા ભંડારો તેને પહોંચી શકતા નથી અને તેથી કેટલીક જગ્યાઓએ, જેઓ સબળ કારણસર પોતાના વપરાસ પૂરતું સૂતર પેદા કરી શકતા ન હોય તેવા સતત ખાદીધારીઓને ખાદી મેળવવાનો પ્રથમ હકક આપનારી માપબંધી દાખલ કરવામાં આવી છે.

## પોતાને માટે ખાદી પેદા કરો

જ્યારે કાપડની આવી તંગી છે ત્યારે લોકો પોતાનું સુતર કાંતી લે, તેને અનુકૂળ જગ્યાઓએ વણાવી લે અગર અમારા ભંડારોમાંથી તેના બદલામાં ખાદી મેળવી લે એ જ યોગ્ય છે. અમે માનીએ છીએ કે આ કાર્યક્રમ દ્વારા જ જનતાની વસ્ત્રોની જરૂરીઆતને પહોંચી શકાય તેમ છે. આ કાર્યક્રમને લોકપ્રિય બનાવવાના સરકારના કોઇ પણ પ્રયાસથી કાપડની તંગીના પ્રશ્નનો ઉકેલ થઇ જશે, એટલુંજ નહિ પણ સંકટ સમયમાં પણ કાપડની પોતાની જરૂરીઆતોને પહોંચી વળવા માટે લોકોને સમર્થ બનાવશે.

## દુષ્કાળ નિવારણ કાર્ય

સંકટસમયમાં આપવાની રાહતોમાં રેંટિયાને સૌએ મુખ્ય ગણ્યો છે. આને માટે વપરાતાં ઓજારો સાદાં છે, તે ઓછા ખર્ચે મેળવી શકાય છે; કાંતણકળા ટુંક વખતમાં અને સહેલાઇથી શીખી શકાય છે અને છેવટે તેમાંથી પેદા થયેલી વસ્તુ જરૂરી અને રોજીંદા વપરાસની છે. ભૂતકાળમાં એક કરતાં વધુ પ્રસંગોએ જુદી જુદી પ્રાંતિક સરકારોએ, આ ઉદ્યોગના મહત્વને સ્વીકારીને, જ્યાં જ્યાં સંકટ ઉભું થયું હોય ત્યાં ત્યાં તેના નિવારણ માટે આ સંઘને મદદ કરી છે. ખેદની વાત છે કે ગયે વર્ષે બંગાળા અને ઓરિસ્સામાં વાવાઝોડાંને પરિણામે સખ્ત દુષ્કાળ પડયો હતો ત્યારે આ પ્રાંતોની સરકારે અમારી પ્રવૃત્તિ પ્રત્યે લીધેલી શત્રુવટભરી વલણને કારણે અમારો સંઘ કંઇ રાહતકાર્ય શરૂ કરી શકયો ન હતો. ત્યાંની દુઃખદ સ્થિતિ હજી મટી નથી અને અમે માનીએ છીએ કે અમારો સંઘ જો કંઇ રાહતકાર્ય ઉપાડે તો ત્યાંની જનતા તેને ખુબ જ વધાવી લે તેમ છે. કર્ણાટકના કેટલાક ભાગોમાં આવી સ્થિતિ છે એમ અમે કહી શકીએ છીએ, પરંતુ સ્થાનિક સરકારે ત્યાંના અમારા કાર્ય પ્રત્યે રહમદિલી બતાવી છે એટલે અમારી કર્ણાટક શાખા દ્વારા ત્યાંના દુઃકાળપીડિત લોકોને વધુમાં વધુ રાહત આપવાના અમારા પ્રયાસો ચાલી રહ્યા છે.

## ઉપસંહાર

પ્રત્યેક શાખાની સંપૂર્ણ માહિતી જુદી જુદી અત્રે આપીએ એવી અમારી ઘણી ઇચ્છા છે, પરંતુ હાલમાં અમારા કાર્યની અવ્યવસ્થાને કારણે, એવી માહિતી સહેલાઇથી મળી શકે તેમ નથી. અહીં આટલો ઉલ્લેખ પૂરતો છે કે અમારી મૂળ યોજનાનો અમલ કરવાનું બાજુએ રહી ગયું એટલું જ નહિ, પણ અમારી પેદાશના ગયા વર્ષનો આંકડા કરતાં ઘણા નીચે અમે ગયા છીએ. જ્યાં પેદાશ વધારવાનું બહોળું ક્ષેત્ર છે તેવી જગ્યાઓએ પણ એવું કામ ઉપાડવાને અમે નારાજ છીએ; કારણ કે સરકારની શત્રુવટભરી વલણ ચાલુ જ છે. દરરોજ વધુ ને વધુ દમનનાં પગલાંના અને અમારી પ્રવૃત્તિને ખંડિત કરવાના તાજા સમાચાર મળ્યે જ જાય છે. આવી નીતિ શા માટે સ્વીકારવામાં આવી છે એ અમારે માટે હજી ન ઉકેલી શકાય એવો કોયડો છે. અશાંતિ ભભૂકી ઉઠી તે પહેલાં અમારા જે કાર્યકર્તાઓને પકડવામાં આવ્યા હતા તેઓનો શો અપરાધ હતો? તા. ૯ મી ઓગસ્ટના દિવસે જ હુકમ બહાર પાડવાનું બિહાર સરકારને શા માટે જરૂરી લાગ્યું? જુદી જુદી જગ્યાઓએ થયેલાં તોફાનોને વધારવા માટે અમારા નાણાં વપરાતાં હતાં એવા આક્ષેપસર જુદી જુદી સરકારોએ અમારાં નાણાં સ્થગિત કર્યાની ખબર પણ મળી છે. અમે હિંમતપૂર્વક કહીએ છીએ કે સરકાર આ આક્ષેપ પુરવાર કરવામાં નિષ્ફળ જશે. માત્ર શંકા પરથી એક પરોપકારી સંસ્થાને પાયમાલ કરવામાં કંઇજ ડહાપણ નથી. હજી અમારૂં કાર્ય યથાસ્થિત ચાલી રહ્યું છે એજ સરકારે અન્ય સ્થળોએ લીધેલા ખોટા પગલાનું સ્પષ્ટ પ્રમાણ છે. દોઢ લાખ જેટલા કારીગરોને બેકાર કરવાથી સરકારને શો ફાયદો થયો? થોડાકને બીજે કામ મળ્યું હોય એ બનવાજોગ છે, પણ અમે જાણીએ છીએ કે કમાણી મળે તેવા કામને અભાવે હજી ઘણાઓને અકથ્ય મુસીબતો વેઠવી પડે છે. સામાન્ય રીતે આખા દેશભરમાં અને ખાસ કરીને પ્રતિનિધિત્વ ધરાવનારી મજુર સંસ્થાઓમાં આવડી મોટી સંખ્યાની બેકારી થાય તો સંગઠિત ઔદ્યોગિક કારખાનાંઓમાં ભારે અશાંતિ ભભૂકી ઉઠે. પરંતુ મુંગા અને અસંગઠિત લાખો કારીગરોની વતી કોણ બોલે તેવું રહ્યું છે? કારણ કે તેની વતી બોલનારી સંસ્થાને જ ગુંગળાવી દેવામાં આવી છે અને તે તેના માથે આવી પડેલી આફતો ધીરજથી સહન કરે છે. આવડા મોટા અંતરાયને કારણે અમારી પ્રવૃત્તિ ફરી યથાવત્ કયારે ચાલવા માંડશે તે અમે જાણતા નથી. દરમિયાન આને લીધે જે અગવડ પડે તે નિભાવી લેવાની અમારા આશ્રયદાતાઓને અમે વિનંતી કરીએ છીએ. અમે તેઓને ખાતરી આપીએ છીએ કે અમે જે હેતુ માટે કામ કરીએ છીએ તેને માટે તેઓના આશ્રયની અમે હમેશાં આશા સેવીએ છીએ અને જેવા અમે બંધનરહિત મનુષ્ય તરીકે કાર્ય કરવા સમર્થ થઇશું કે તરત જ અમે તેઓની વધારે સારી સેવા વધારે સંતોષકારક રીતે કરવાની આશા રાખીએ છીએ.

સમાપ્ત. **વીઠ્ઠલદાસ જેરાજાણી.**

### કેટલાક જ્વલંત આંકડાઓ

| | ૧૯૪૧-૪૨ના વૃત્તાંત મુજબ | હાલની સ્થિતિ [અંદાજે] | ઘટાડો |
|---|---|---|---|
| રોકાયેલી મુડી... | ૫૦ લાખ | ૨૫ લાખ | ૨૫ લાખ |
| માસિક ઉત્પાદનની કિંમત | ૮ ,, | ૪ ,, | ૪ ,, |
| કારીગરોની કુલ સંખ્યા | ૩॥ ,, | ૨ ,, | ૧॥ ,, |
| દર મહિને આપવામાં આવતા વેતન | ૫ ,, | ૩ ,, | ૨ ,, |
| જ્યાં પ્રવૃત્તિ ચાલે છે તે ગામડાઓની સંખ્યા | ૧૫,૦૦૦ | ૮૦૦૦ | ૭૦૦૦ |
| કેન્દ્રોની સંખ્યા | ૧૨૦૦ | ૮૦૦ | ૪૦૦ |

## ૫૦૦૦૦ લગભગને મળેલો જેલવાસ

૧૯૪૨ના ઓગસ્ટ માસની નવમી તારીખથી કોંગ્રેસ સામે સરકારે અખત્યાર કરેલ દમનનીતિના પરિણામે ચાલુ વર્ષના માર્ચ માસની પંદરમી તારીખ સુધીમાં ૩૪૮૯૫ હિંદીઓને જેલની શિક્ષા કરવામાં આવી છે અને ૧૧૬૨૩ હિંદીઓને કશું પણ કામ ચલાવ્યા સિવાય અટકમાં રાખવામાં આવ્યા છે. માર્ચની પહેલી તારીખે ઉપરના કારણે શિક્ષા પામેલા જેલવાસીઓની સંખ્યા ૨૩૦૭૧ ની છે અને અટકમાં લેવાયલા જેલવાસીઓની સંખ્યા ૮૦૦૦ ની જરા ઉપર છે. આ આંકડાઓની અંદર વાયવ્ય પ્રાન્તમાં પકડાયલા કે શિક્ષા પામેલાઓનો સમાવેશ થતો નથી. આ મુજબના આંકડા હિંદી પ્રધાન એમરીએ આમની સભામાં રજુ કર્યા છે.

# કેટલાક સમાચાર અને નોંધ

## ટ્યુનીસીયા દિન

ટ્યુનીસીયામાં મિત્રરાજ્યોએ પ્રાપ્ત કરેલો વિજય વર્તમાન વિશ્વવિગ્રહનું એક મોટું સીમાચિહ્ન છે. અનેક પ્રતિકુળ ઘટનાઓથી ભરેલા વર્તમાન યુધ્ધ દરમિયાન ટ્યુનીસીયાના વિજય સાથે આખી યુધ્ધપરિસ્થિતિ નવો પલટો લેતી હોય એમ લાગે છે. યુધ્ધની શરૂઆતમાં જર્મની એક પછી એક દેશો સર કરતું આવ્યું હતું. યુરોપનો મોટો ભાગ સર કર્યા પછી જર્મનીએ રશીઆ ઉપર હલ્લો કર્યો. શરૂઆતમાં જર્મની ઠીક ઠીક ફાવ્યું. રશીઆનું પાટનગર આજ પડશે, કાલ પડશે એવા પણ દિવસો આવ્યા અને ગયા, પણ રશીઆએ પુરી ટક્કર ઝીલી અને જર્મનીને આગળ વધતું અટકાવવામાં રશીઆ આબાદ સફળ નીવડ્યું. આફ્રીકામાં પણ જર્મની શરૂઆતમાં ઉત્તરોત્તર ફાવતું જ ચાલ્યું અને અલેકઝાંડ્રીઆ ગયું, ઇજીપ્ત પડ્યું—એવા ભણકારા વાગવા માંડયા, પણ અંગ્રેજી તેમ જ હિંદી સૈન્યોએ જર્મન તેમજ ઇટાલીયન લશ્કરનો પુરો સામનો કર્યો અને આગળ વધતા ધરીરાજ્યના સૈન્યોની ગતિ સફળતાપૂર્વક થંભાવી શકયું. જાપાને પૂર્વ દિશામાં પ્રારંભમાં જગતને ચકિત કરે તેવી જીત ઉપર જીત મેળવવા માંડી હતી. ગંજીપાના મહેલની માફક એક પછી એક દેશો જાપાની સૈન્યના ધસારા સામે ધડાધડ પડવા લાગ્યા હતા અને આગળ વધતું વધતું બર્મા ઓળંગીને હિંદની સરહદ આગળ જાપાન આવી પહોંચ્યું હતું. પણ આખરે જાપાનીઝ વિજયપરંપરાનો પણ છેડો આવ્યો. છેલ્લા પંદર માસથી જાપાન હિંદુસ્થાન ઉપર ચઢી આવે છે એવી બુમ ચાલ્યા કરે છે, એમ છતાં પણ જાપાન જ્યાં હતું ત્યાંને ત્યાં જ હજુ ઉભું છે અને દિવસે દિવસે જાપાનીઝ હલ્લાની દહેશત ઘટતી જાય છે. એક વખત તો એવું લાગતું હતું કે જર્મન સૈન્ય રશીયા તેમજ આફ્રીકાના ઉત્તર વિભાગને વીંધીને હિંદુસ્થાન ઉપર ચઢી આવશે અને જાપાન આસામ બાજુથી હલ્લો કરશે. પણ આજે એ બંને સંભાવના દૂર અને દૂર જતી લાગે છે. જાપાન એ ઘડિ હિંદુસ્થાન ઉપર અને એ ઘડિ ઓસ્ટ્રેલીઆ ઉપર ઘુરકયા કરે છે, પણ આમ કે તેમ હવે આગળ વધતું નથી. ચીનની દુર્દશા કરવામાં જાપાને બાકી રાખી નથી અને ચીનના અનેક પ્રદેશો જાપાને સર કર્યા છે એમ છતાં પણ હજુ પણ ચીન અણનમ ઉભું છે. વર્તમાન વિગ્રહમાં જર્મની સામે રશીઆએ અને જાપાન સામે ચીને પોતાના સર્વસ્વનું બલિદાન આપીને ધરી રાજ્યોના વધતા જતા પ્રભુત્વનો હ્રાસ કર્યો છે અને દુનિયાને નાઝીઝમ અને ફેસીઝમના અનર્થથી બચાવ્યા છે એમ કહેવામાં બહુ અતિશયોકિત નથી.

૧૯૩૯ ના સપ્ટેંબર માસમાં યુદ્ધનો પ્રારંભ થયો. જર્મની અને જાપાનનો ઉત્તરોત્તર દિગ્વિજય એ આ યુદ્ધનો પ્રથમ અંક. એ વિજય પરંપરાની સફળ અટકાયત એ આ યુધ્ધનો બીજો અંક. કાળના ગર્ભમાં શું છે તે તો કોણ કહી શકે એમ છે? પણ બનતા બનાવો ઉપરથી ભાવીની ઘટનાનો માણસ સાધારણ રીતે ખ્યાલ બાંધે છે. એ રીતે ટ્યુનીસીઆના વિજય સાથે વર્તમાન યુધ્ધના ત્રીજા અંકનો પ્રારંભ થતો ભાસે છે. ધરીરાજ્યના પ્રભુત્વનો ઉત્તરોત્તર અસ્ત અને મિત્રરાજ્યોની વિજયકલાની ઉત્તરોત્તર વૃધ્ધિ એ વર્તમાન વિગ્રહના ત્રીજા અંકમાં બનનારી ઘટનાઓનો સાર લાગે છે. ટ્યુનીસીયા એ મિત્રરાજ્યોનો આજ સુધીના યુદ્ધનિર્માણમાં સૌથી પહેલી વહેલી મહત્ત્વની વિજયઘટના છે. ટ્યુનીસીયાની જીત સાથે જર્મનોને તેમજ ઇટાલીયનોને આફ્રીકામાંથી હાંકી કાઢવામાં આવ્યા છે; ભૂમધ્ય સમુદ્રનો માર્ગ મિત્રરાજ્યો માટે સરળ બન્યો છે અને આજ સુધી ક્રમશઃ લંબાતું જતું યુધ્ધક્ષેત્ર પાછું યુરોપની ભુમિ પુરતું પરિમિત બનતું લાગે છે. હવે શું બનશે, નવો યુધ્ધ મોરચો કયાં મંડાશે તેની હજુ કોઇને ખબર નથી; પણ જે કાંઇ બનશે તે હવે યુરોપમાં જ બનશે અને ઇટલી અને જર્મની પુરતું તેમાંથી કાંઇક નિશ્ચિત પરિણામ આવશે એવી સંભાવના આજે સૌ કોઇ કરવા લાગ્યું છે. ટ્યુનીસીયાના વિજયથી મિત્રરાજ્યોના પગમાં નવું જોર આવ્યું છે અને તેના સૂત્રધારો અમેરિકામાં એકત્ર થઇને નવી નવી યોજનાઓ વિચારી રહ્યા છે. ટ્યુનીસીયાની હાર જર્મનીને જેટલી અસર કરે છે તેટલી જાપાનને અસર કરતી નથી. પણ જર્મની અને જાપાન આજની દુનિયામાં એવી રીતે સંકળાયલા છે કે જર્મનીની નબળાઇ જાપાનને આડકતરી રીતે ઢીલું કરે જ છે. આ બધું વિચારતાં ટ્યુનીસીયામાં જર્મનીને મળેલો આવો અસાધારણ પરાજય આખા વિગ્રહને નવો પલટો આપે છે એ કોઇને પણ કબુલ કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. તેને લીધે ટ્યુનીસીયાના વિજયને મિત્રરાજ્યો આટલી આનંદથી વધાવી રહ્યા છે અને સ્થળે સ્થળે ઉજવી રહ્યા છે.

આપણા દેશનું ભાવી મિત્રરાજ્યો સાથે જોડાયેલું છે; નાઝીઝમ કે ફેસીઝમના ઉત્કર્ષમાં અથવા તો જાપાનના પ્રભુત્વમાં અનેક અનર્થપરંપરા ભરેલી છે એ સૌ કોઇ સ્વીકારે છે અને તેથી જર્મની કે જાપાનની અપેક્ષાએ મિત્રરાજ્યોનો વિજય સૌ કોઈ ઇચ્છે છે અને તેથી એ વિજયને સમીપ લઇ જનારી કોઇ પણ ઘટના અન્યને તેમજ હિંદવાસીઓ આપણ સર્વને વિશિષ્ટ આનંદનું નિમિત્ત બનવું જોઇએ. એમ છતાં પણ આજે આપણા દિલમાં એવા કોઇ આનંદની ઉર્મિ ઉદ્ભવતી નથી. આજના આનંદ ઉત્સવમાં આપણે કશો રસ અનુભવતા નથી એનું શું કારણ? મિત્રરાજ્યોની જીત એ આપણી જીત છે એમ આપણને નથી લાગતું એનું શું કારણ? એનું કારણ તો એ જ છે કે આ બધી ઘટનાઓ અને તેમાંથી સમયાન્તરે પરિણમતો તો મિત્રરાજ્યોના અન્તિમ વિજયનો આપણા માટે—આપણી મુક્તિ માટે—કશો અર્થ નથી એમ આપણને સતત લાગ્યા કરે છે. જે ગુલામીની ધુંસરી નીચે આજે આખી પ્રજા રૂંધાઇ રહી છે તેને માટે આજે કે યુધ્ધ બાદ કશું પણ આશાનું કિરણ દેખાતું નથી. એક બાજુ અપાતાં વચનો અને કરાતી વાતો અને બીજી બાજુ દેશની વાસ્તવિક પરિસ્થિતિ બન્ને વચ્ચે જાણે કે આસમાન જમીનનું અન્તર હોય એમ આપણને લાગે છે. આજની સરકાર રાષ્ટ્રીય સરકાર નથી. આજનો વહીવટ રાષ્ટ્રીય વહીવટ નથી. આજના યુધ્ધ સંચાલનમાં કે યુધ્ધ બાદના ભાવી નિર્માણમાં આપણને કશું નિર્ણાયક સ્થાન નથી. આપણો મુખી જગદ્વંદ્ય ગાંધી આજે જેલમાં દટાયલા જેવો જીવે છે. બીજા પણ સર્વમાન્ય દેશનેતાઓ તેમજ અનેક ભાઇબહેનો જેલની દીવાલો પાછળ કેવળ અગોચર બનેલા છે. દેશની હવા માત્ર રૂંધાયલી ભાસે છે અને એ ગુંગળામણમાંથી નજીકના ભવિષ્યમાં કોઇ છુટકારો દેખાતો નથી. જે પરિસ્થિતિ આપણને વીંટળી રહી છે તેમાં કશો ફેરફાર ન થાય, નવી હવા, નવો પ્રકાશ, નવી આશાનો સંચાર ન થાય, ત્યાં સુધી આપણે ઇચ્છીએ તો પણ આપણું દિલ આજના ઉત્સવમાં કોઇ રીતે સામેલ થઇ શકતું નથી. આ પલટો લાવવો તે સરકારના હાથની વાત છે, સરકાર

(અનુસંધાન પૃષ્ટ ૨૩ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જુન ૧ ૧૯૪૩


## બે દ્રષ્ય ચિત્રો

આપણા સમાજમાં તાજેતરમાં થયેલા બે મહાન ઉત્સવો-એક પાલીતાણા મુકામે લગભગ દશથી બાર લાખના ખર્ચે જૈન-શાસનની શોભા વધારવા નિમિત્ત થયેલ ધાર્મિક ઉત્સવ અને બીજો પાલણપુરમાં આશરે વીસેક હજારના ખર્ચે થયેલ નેત્રયજ્ઞ-નજરે જોનાર એક વયોવૃધ્ધ ગૃહસ્થે પોતાના મન ઉપર પડેલી છાપ મારી સમક્ષ રજુ કરી. તેમનો અનુભવ બહુ રસપ્રદ લાગવાથી તેનો સાર ભાગ 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો માટે તૈયાર કરીને પ્રગટ કરતા મને આનંદ થાય છે.

એ વયોવૃદ્ધ ગૃહસ્થ પાલીતાણાના સમારંભની પૂર્ણાહુતિ થયા પછી ત્યાં બીરાજતા આચાર્ય કે જે આ ઉત્સવના એક પ્રણેતા અને સંચાલક હતા તેમના દર્શને જાય છે અને તે આચાર્યદેવને વંદના કરી નીચે બેસે છે. પણ આચાર્ય તો બીજા વિચારમાં છે. તેઓ થોડીવારે કોઇ ગંભીર વિચારવમળમાંથી અચાનક જાગીને તે વૃધ્ધ પુરૂષને આવકાર આપે છે. વૃધ્ધ પુરૂષ અનેક વખત તે આચાર્યદેવને વંદન કરવા આવેલ, પણ તેમણે આટલા ગંભીર વિચારમાં તેમને કદી જોયા નહોતા, એટલે આશ્ચર્ય પામી વિનયપૂર્વક ગુરૂદેવને પુછે છે કે "આચાર્ય દેવ! આજે આપ એવા તે શા વિચારમાં પડી ગયા હતા કે આ સેવક તરફ આપનું લક્ષ પણ ન ગયું? મારો કંઇ અપરાધ કે આશાતના તો નથી થઇને?" ગુરૂએ કહ્યું. "ભલા શ્રાવક! તમારો કાંઇ અપરાધ નથી થયો. હું આ ઉત્સવ, તેનું ફળ અને મારી ભાવી ગતિ ઉપર વિચારમાં ચડી ગયો હતો, તેથી મારૂં લક્ષ જ ન રહ્યું. આટલા વિચારને અન્તે પણ કંઇ સ્પષ્ટ દેખાતું નથી. મેં દેવલોકમાં સ્થાન મેળવવાની આશાએ અનેક બાળકોને માતાપિતાની ભ્રમજાળમાંથી છોડાવી સંયમના ઉત્કર્ષમાર્ગ પર મૂકયા; કંઇકને સંસારની દુઃખકારક ઉપાધિમાંથી છોડાવી નિર્વાણનો માર્ગ બતાવ્યો; ઘણા શ્રાવકો પાસે ધર્મની શોભા વધારવા માટે લાખો રૂપિયા ખર્ચાવ્યાં; ઘણા નવા મંદીરો બંધાવી તેની પ્રતિષ્ઠા પાછળ લખલૂટ નાણું વપરાવ્યું; ઉપધાન, ઉજમણાં તથા અનુષ્ઠાનો પાછળ ખર્ચ કરાવીને તથા સ્વામીવાત્સલ્યો કરાવીને મેં ધર્મનો જય જયકાર કરાવ્યો છે અને એવા એવા બીજા અનેક ઉપાયોથી શ્રી મહાવીર પ્રભુના દયાના માર્ગને પ્રજા પાસે જીવતો જાગતો રાખ્યો છે. એટલે આ બધા ધાર્મિક કાર્યથી મારી ગતિ કયા દેવલોકમાં થશે તેનો હું વિચાર કરતો હતો. પણ કંઇ ઘડ બેસતી નથી. મનમાં કંઇ સુઝતું નથી. આંખ મીંચતાં અંધારૂં દેખાય છે. એટલે ડર લાગે છે કે મારી ગણતરી ખોટી તો નહિ હોયને? મારૂં મગજ ડોળાઇ ગયું છે એટલે કદાચ હમણા કંઇ નહિ સુઝે. જો તમને સુઝતું હોય તો જરા કહો તો ખરા કે મારૂં સ્થાન કયા દેવલોકમાં ગણાય?"

"દેવ, મારૂં શું ગજુ કે તમારી ગતિ હું જાણી શકું? એક તરફ તમારા શિષ્યોના દીક્ષાના વરઘોડા અને ઉત્સવો અને બીજી તરફ તેના વૃદ્ધ માબાપો, પત્ની અને નિરાધાર બાળકોના કરૂણ આક્રંદો, એક તરફ ધર્મ નિમિત્તે ઉડતાં મિષ્ટાન્નો અને બીજી બાજુએ રોટલાના ટુકડા માટેની મુંઝવણો, એક તરફ તમારાં અનુષ્ઠાનો અને ઉપધાનો કે ઉજમણાઓ અને બીજી તરફ આર્થિક મુંઝવણ નીચે ગુંગળાતા અનેક સંસારીઓ, એક તરફ ધર્મની શોભા વધારવા માટે ખર્ચાતું લખલૂટ નાણું અને બીજી તરફ અનેક અનિવાર્ય જરૂરિયાતો વગર વિકૃત થઇ જતાં માનવજીવનો જોતાં એક માણસ તરીકે મને લાગે છે કે ભગવાન મહાવીરની દયા અને અહિંસાનું રહસ્ય અપનાવ્યા સિવાય કહેવાતા ધર્મના પડછાયા પાછળ આપ ભટકતા રહ્યા છો અને આપના હાથે અનેક અનર્થો થયા છે; તેથી આપ જ્યાં છો તેથી વધારે ખરાબ ગતિ આપની ન થાય તો આપના કર્મની બલિહારી!..." આ સાંભળીને શ્રી આચાર્યદેવને શું થયું હશે તે પ્રભુ જાણે!

ત્યાંથી ઉઠી ઉપાશ્રયની બહાર નીકળતાં તે વૃદ્ધ પુરૂષે મહાન ઉત્સવના કુબેર ભંડારી સમા-શ્રીમાન શેઠ અને શેઠાણીને પણ ગંભીર વિચારમાં પડેલા જોયા. તે મનોગત બોલતા હતા કે "ઇન્દ્ર ઇન્દ્રાણી પદનો લ્હાવો તો શ્રી આચાર્યદેવે લેવરાવ્યો, પણ મન કેમ હળવું નથી થતું? એ નાટકી સ્વાંગ ઉતરતાં કેમ પુર્વવત્ તેની તેજ સંસારની ઘટમાળ તરફ મન દોડે છે? તે સાચું જીવન હતું કે નાટક? ગુરૂદેવે શું કહ્યું હતું અને અનુભવાય છે શું? કેમ કંઇ ઉન્નત આવિર્ભાવ થતો નથી?" આ સાંભળી તે વૃદ્ધ પુરૂષે મૃદુતાથી કહ્યું-'શેઠજી! શું ચિંતામાં પડયા છો? બધું પત્યા પછી વલોપાત શાનો કરો છો? જરા આંખ ઉઘાડી જુઓ તો સમજાશે કે તમારા દાન પાછળ કોઇ નિર્મળ વૃત્તિ જ નહોતી. દુનિયાની આંખમાં મોટા ગણાવાનો-લ્હાવો લેવાની-અને નર્યા પૈસાથી જ કલ્યાણ સાધી લેવાની કામના હોય-ત્યાં નાટક સિવાય બીજું સ્થાયી તત્વ નજરે પણ કયાંથી પડે? એ તો જે રીતે દ્રવ્ય આવ્યું હશે તે રીતે ગયું?-અફસોસ ન કરો. ઇન્દ્ર ઇન્દ્રાણી તો કયારના ઉડી ગયા. ઉઠો અને ગુરૂ પાસે જઇ તેને આશ્વાસન આપો અને તેની પાસેથી મેળવો, કારણ કે બન્નેએ જગતને એકસરખા છેતર્યાં છે અને બન્ને પોતાની બુદ્ધિથી એકસરખા છેતરાયાં છો આપ બન્ને એક જ માર્ગના યાત્રીઓ છો."

× × ×

પાલણપૂરમાં નેત્ર યજ્ઞ મંડાઇ ચૂકયો છે. ૫૬૬ જેટલા દર્દીઓ ખાસ ઉભા કરેલા તંબુઓમાં બીસ્તરે સૂતા છે. પરિચારિકાઓ અને સ્વયંસેવકો સેવા ઉઠાવી રહ્યા છે. વિશેષ તો એ છે કે આ યજ્ઞનો યજમાન ખુદ સ્વયંસેવકના પોષાકમાં ચપળતાપૂર્વક કામ કરે છે. આખું વાતાવરણ કોઇ અજબ ઉલ્લાસથી ભરેલું છે. દર્દીઓની મુંગી આશિષો અને કાર્યકરોનો મુંગો આત્મસંતોષ કોઇ દિવ્ય ધૂપ માફક મહેકે છે. કોઇ પોતાની લાગણી વ્યકત કરવા મથતો નથી. કોઇને પોતે કંઇ કરી રહેલો છે તેવો ખ્યાલ પણ નથી. એકલો આનંદ છે તેના ઉરમાં અને માને છે કે જીવન ધન્ય છે કે સેંકડોને ચક્ષુ આપવાના મદદ-કાર્યમાં પોતે સેવા આપી રહેલો છે.

આપણા વૃધ્ધ ગૃહસ્થ ત્યાં જાય છે. પાલણપુરના તે સજ્જનને જયારે મળે છે ત્યારે બીજું કંઇ બોલે એ પહેલાં જ સેવાનો જાણે તેમને પણ ચેપ લાગ્યો હોય તેમ તેમનાથી સહજ ઉચ્ચારાય જાય કે "શેઠજી! મને પણ મારા યોગ્ય કંઇ કામસેવા આપો. મારા જીવનનો આ અમૂલ્ય અવસર ગણીશ અને હવે

જેટલું જીવવું હશે તેટલું આ સેવાના સ્મરણો ઉપર જીવીશ."

"ઉપકાર મુરબ્બી! અમે તમારા પુત્ર જેવા જ છીએ. તમારા જેવા વૃદ્ધોના દિલમાં આવા કાર્યની કીંમત વસી તે જ સમાજનાં ભાગ્ય છે. એક જ સેવા કરજો અને તે અમારા માટે પ્રાર્થના કરવાનું કે અમે કાયમ આ જાતની માનવસેવા કરીએ!"

આ વૃદ્ધ ગૃહસ્થ નેત્રયજ્ઞ પુરો થાય ત્યાં સુધી નિયમિત દર્દીઓની સેવા કરે છે–દર્દીઓના ખાટલે ખાટલે ફરી તેમને આશ્વાસન આપે છે–પ્રભુનો ખરો રાહ બતાવે છે–અને મનમાં માને છે કે દર્દીઓને તો આંખ મળી એટલે ધન્ય થયા; દર્દીના દર્દનો ઉપચાર કરનાર નેત્રવૈદો અને પરિચારિકાઓ સેવા કરી પોતાના જ્ઞાનને ધન્ય કરી ગયા; નાણું ખર્ચી અનેકને આંખ આપવાનો યજ્ઞ માંડનાર પોતાની લક્ષ્મીને ધન્ય કરી ગયા; પણ હું તો મારા જીવનને છેડે જાતાં જાતાં પણ ખરો માર્ગ શું છે તે સમજતાં ધન્ય થયો.

દર્દીઓ બધા સારા થયા છે. ડોકટરો પોત પોતાને સ્થળે જતા રહ્યા છે. માત્ર છેલ્લું આટોપવાનું કાર્ય આપણા પાલનપુરી શેઠજી કરે છે.–તેમને આપણા વયોવૃદ્ધ ગૃહસ્થ મળે છે.

"શેઠજી!–આપને એક પ્રશ્ન પુછું?"

"ખુશીથી પૂછોને."

"આપે તો અગાઉ ધાર્મિક ક્રિયાઓ પાછળ પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું હતું અને દાન માટે તે જ માર્ગ આપને યોગ્ય અને ખરો લાગતો હતો–તેમાંથી આમ પલટો કેમ થયો?"

"મુરબ્બી! જરૂર આપને કે મને ઓળખતા હરકોઇને આશ્ચર્ય થાય જ. મારો એક દિવસે તેવો મત હતો. પણ જ્યારે ખુલ્લી આંખે દુનિયાના દુઃખીજનોને જોવાનો પ્રસંગ આવ્યો ત્યારે મનમાં એક પ્રશ્ન મને ઉઠયો કે મારા જેવા અનેક લાખો રૂપિયા ધાર્મિક કાર્યોમાં ખર્ચીએ છીએ, શાન્તિના બોધપાઠો રોજ સાંભળીએ છીએ અને ચૌદ બ્રહ્માન્ડને ખૂંદી વળવા જેવી વાતો કરીએ છીએ, છતાં પણ આ દુનીયામાં હજુ દુઃખી જીવો તો ભર્યાં પડયા છે. તો શું અમારા દાનની કે શાન્તિની અસર ત્યાં નથી પહોંચતી? ત્યારે દાન જાય છે કયાં? શેઠજી અમે પણ કાળી મહેનત કરીએ છીએ, ખોટાં સાચાં કાર્યોવડે પૈસો ઉપાર્જન કરીએ છીએ અને માનેલા ધર્મનિમિત્તમાં ખર્ચીએ છીએ. છતાં પણ શા માટે નથી તો અમને આત્મસંતોષ થતો કે નથી માનવજાત ઉંચે આવતી? આવા આવા વિચારને અંતે ઉઘડેલી આંખનું આ પરિણામ છે."

કેવું સુંદર પરિણામ! વૃદ્ધ વિદાય લે છે–

**મણિલાલ મોકમચંદ શાહ.**

## કેટલાક સમાચાર અને નોંધ

(પૃષ્ટ ૨૧ થી ચાલુ)

હિંદી પ્રજાની બેદીલી શું નહિ જ સમજે? અને તે કોઈ પણ ઉપાયે દૂર કરવાની સદ્બુધ્ધિ પરમાત્મા શું સરકારને નહિ આપે?

### રાજદ્વારી બહેરાપણું

આપણે પૂછીએ તે સાંભળે નહિ અને તેથી જવાબ કાંઇક બીજો આપે તેને આપણે બહેરો કહીએ છીએ. રાજદ્વારી વિષયમાં કોઇ મહાન સત્તાધીશને અમુક સવાલ પુછવામાં આવે તેનો સીધો જવાબ આપવાનું તેને અનુકુળ ન હોય અને તેથી તે કોઇ બીજો જ જવાબ આપે ત્યારે તેને રાજદ્વારી બહેરાપણું કહી શકાય. તા. ૨૫-૫-૪૩ ના ન્યુયોર્કના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે "હિંદુસ્થાન વિષે એક પ્રશ્નનો જવાબ આપતાં શ્રી ચર્ચહીલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જાપાન સામે લડાઇનો વેગ વધારવાને બ્રીટન ખુબ આતુર છે." અહિં પ્રશ્ન કયાં અને તેનો જવાબ કયાં? રાજદ્વારી બહેરાપણાનું આ એક અદ્ભુત દૃષ્ટાંત છે.

### શ્રી અલાબક્ષનું કરૂણાજનક અવસાન

સિંધના માજી વડા પ્રધાન શ્રી. અલાબક્ષનું ગોળીબારથી ખુન કરવામાં આવ્યું–આ સમાચારે આખા દેશમાં ભારે ગમગીનીની લાગણી પેદા કરી છે. આ કમનશીબ દેશમાં જેને શુદ્ધ રાષ્ટ્રવાદી કહીએ એવા ગણ્યા ગાંઠયાં મુસલમાનોમાં શ્રી. અલાબક્ષનું અગ્રસ્થાન હતું. તેઓ ચાલીશ વર્ષની–પ્રમાણુમાં બહુ નાની–ઉમ્મરે ૧૯૩૮ માં સીંધના મુખ્ય પ્રધાનપદ ઉપર આવ્યા, ત્યાં સુધી વિશાળ હિંદુસ્થાનમાં તેમને પીછાણનાર વર્ગ બહુ થોડો હતો. પણ ત્યાર પછી તેમણે જે ખંત, મહેનત અને લોકકલ્યાણની એકાન્ત નિષ્ઠાપૂર્વક સીંધ પ્રાન્તનો વહીવટ ચલાવ્યો અને નાત જાત કે કોમના ભેદભાવ વિના સર્વ વર્ગને પોતાની ઉદાત્ત કાર્યનિષ્ઠાથી સંતોષ આપ્યો તેને લીધે સીંધની પ્રજાના તેઓ લોકપ્રિય આગેવાન બન્યા. એટલું જ નહિ પણ તેમના બીનકોમી અને શુદ્ધ રાષ્ટ્રવાદી વળણને લીધે તથા ઉચ્ચ ચારિત્ર્યને લીધે હિંદના વિશાળ રાજકારણમાં તેમણે પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કર્યું. આઝાદ મુસ્લિમ પરિષદના પ્રમુખ સ્થાનેથી તેમણે આઝાદીની ઉંડી તમન્નાથી ભરેલું એક યાદગાર પ્રવચન કરેલું. બ્રીટનના મુખ્ય પ્રધાને થોડા સમય પહેલાં એક પ્રત્યાઘાતી નિવેદન કર્યું હતું. તે સામે તેમણે પોતાનો સખ્ત વિરોધ જાહેર કર્યો અને પોતાને મળેલ સરકારી ઇલ્કાબોનો ત્યાગ કર્યો. પરિણામે તેમને સરકારે સીંધના પ્રધાનપદની જવાબદારીથી મુક્ત કર્યા. કોઇ અધિકાર હો યા ન હો, સીંધની પ્રજાની સેવા એજ તેમના જીવનનું મુખ્ય ધ્યેય હતું. છેલ્લાં છેલ્લાં પણ તેઓ પીડિત પ્રજાના રાહતકાર્યમાંજ રોકાયલા હતા. તેમનું જીવન સાદાઇથી ભરેલું અને ઉચ્ચ આદર્શોથી અંકિત હતું. તેઓ પ્રગટ મહાસભાવાદી નહોતા, છતાં રાષ્ટ્રીય મહાસભા સાથે તેમનો ખુબ મેળ હતો, ગાંધીજી સાથે તેમને સારી મહોબ્બત હતી અને તેમના જીવન ઉપર ગાંધીજીના વિચારોની ઘેરી છાયા હતી. નિડરતા એ તેમનો એક વિશિષ્ટ ગુણ હતો. અંદરથી પુરા રાષ્ટ્રવાદી હોવા છતાં ઝીણાની સામે માથું ઉંચકીને પોતાના મન્તવ્યને સ્પષ્ટપણે દાખવવાની હીંમત દાખવનાર મુસલમાનો ભાગ્યે જ નજરે પડે છે. સદ્ગત અલ્લાબક્ષ તેમાંના એક હતા. સર સીકંદર હયાતખાનની પાછળ અલ્લાબક્ષના સ્વર્ગગમનથી હિંદુ–મુસલમાન–એકતાની આશા આજે તો અસ્તાચળ ઉપર વિરામ પામ્યા જેવી છે. આવા એક એક બનાવથી હિંદનું ભાવી વધારે ને વધારે ઉદ્વેગજનક બનતું જાય છે.

શ્રી. અલાબક્ષનું આ રીતે થયેલું ખુન સ્વામી શ્રધ્ધાનંદનું સ્મરણ કરાવે છે. સ્વામી શ્રધ્ધાનંદનું પણ આવી જ રીતે કોઇ એક મુસલમાનના હાથે ખુન થયું હતું. આજે અલાબક્ષના ખુનને કોઇ રાજકીય હેતુ સાથે જોડી શકાય એવી માહીતી મળી નથી. એમ છતાં પણ કલ્પના તો આપણને એવાં જ કોઈ અનુમાન ઉપર ખેંચી જાય છે. આજે પ્રજાકીય પક્ષોમાંથી પરસ્પર પ્રમાણીક મતભેદને ઉદારતાથી નીભાવી લેવાની સભ્યતા લુપ્ત થતી જાય છે અને કેટલાક પક્ષો તો પોતાના મત પ્રચારના નામે ધાકધમકી અને ગુંડાગીરીને સારા પ્રમાણમાં ઉત્તેજના આપી રહેલ છે. અલાબક્ષનું ખુન આવી જ કોઇ ઉત્તેજનાનું પરિણામ છે એમ સમયાન્તરે પુરવાર થાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નહિ હોય.

## કાયદે આઝમની ઘૃણા ઉપજાવતી ગુલાંટ—ચોર કોટવાળને દંડે છે.

મુસ્લીમ લીગના છેલ્લા અધિવેશનમાં ત્રણ કલાક ચાલે તેટલા લાંબા પ્રવચન દરમ્યાન પ્રમુખસ્થાનેથી કાયદે આઝમ ઝીણા એપ્રીલની ૨૪મી તારીખે બોલેલા કે "જો મી૦ ગાંધી મુસ્લીમ લીગ સાથે સમાધાની કરવા માંગતા હોય તો તે બાબતને મારા જેટલું આવકારનાર કોઇ નહિ મળે. મને કહેવા દ્યો કે હિંદુ તેમજ મુસલમાન ઉભયને માટે એ એક મહાન દિવસ લેખાશે. જો મી૦ ગાંધીની એ જ ઇચ્છા હોય તો મને સીધું લખતાં તેમને શું આડે આવે છે? (તાળીઓ) એમ કરતાં તેમને અટકાવે એવું કોણ છે? (ફરી ફરીને તાળીઓ) વાઇસરોય આગળ જવાની તેમને શી જરૂર છે? આ સરકાર ગમે તેટલી તાકાત ધરાવતી હોય તો પણ આવો કાગળ જો મને લખવામાં આવે તો તેને અટકાવવાની સરકારની મગદૂર હોય એમ હું માની શકતો નથી. (વધારે તાળીઓ) જો આવો પત્ર અટકાવવામાં આવે તો દેશમાં જરૂર ગંભીર પરિસ્થિતિ ઉભી થાય."

બન્યું પણ એવું કે મી૦ ઝીણાને મળવાની ઇચ્છા દર્શાવતો ગાંધીજીએ મી૦ ઝીણા ઉપર પત્ર લખ્યો અને સરકારે તે ઝીણા ઉપર રવાના નહિ કરતાં ગાંધીજી ઉપર પાછો મોકલ્યો. કાયદે આઝમે સરકારને ઉપરના શબ્દોમાં સાફ સાફ પડકારી હતી; તેનો સરકારે સીધો જવાબ આપ્યો. કાયદે આઝમે માનેલું કે ગાંધીજી પોતે કહે છે તે મુજબ કાગળ કદિ લખે જ નહિ અને ગાંધીજી લખે તો એ કાગળ સરકાર અટકાવે નહિ. એ બન્ને ગણતરી ખોટી પડી અને કાયદે આઝમને સરકારે થપ્પડ મારી. 'પણ મીયાં પડયા પણ ટંગડી ઉંચી'. જેની પાસે દમદાટી સિવાય બીજો કાંઈ કાર્યક્રમ નથી એવા કાયદે આઝમ આ અપમાનનો કડવો ઘુંટડો ગળી ગયા, એટલું જ નહિ પણ આ સરકારના પોતે જ પક્ષકાર બનીને ચોર કોટવાળને દંડે એ રીતે ગાંધીજી ઉપર અણઘટતા આક્ષેપોથી ભરેલું—અજબ ગુલાંટ મારતું—એક નિવેદન તેમણે તા. ૨૮-૫-૪૩ ના રોજ બહાર પાડયું જે નીચે મુજબ છેઃ-

"પોતાનો છુટકારો થાય અને પોતે ફાવે તેમ વર્તી શકે એ હેતુથી લખાયલા મી. ગાંધીના પત્રનો મોસ્લેમ લીગ હિંદી સરકાર સાથે અથડામણમાં આવે એ એક જ આશય હોઈ શકે. મી. ગાંધીની રાજનીતિમાં કશો ફેરફાર થયો નથી અને દીલ્હીમાં ભરાયલા મોસ્લેમ લીગના અધિવેશન દરમ્યાન મેં જે સૂચનાઓ કરી હતી તેને અપનાવવાની તેમનામાં જરા પણ વૃત્તિ જોવામાં આવતી નથી. જો કે હું મી. ગાંધી અથવા તો કોઈ પણ હિંદુ આગેવાનને મળવાને સદા આતુર અને તત્પર રહ્યો છું તો પણ જે પ્રકારનો મામુલી પત્ર મી. ગાંધીએ લખ્યો છે અને સરકારે અટકાવ્યો છે તે જાતનો-માત્ર મને મળવાની ઇચ્છા દર્શાવતો- પત્ર મેં મારા વ્યાખ્યાનદ્વારા માંગ્યો નહોતો. મી. ગાંધીનો પત્ર મને મળવાની માંગણી જ માત્ર વ્યક્ત કરે છે એ મુજબ ૨૪ મી મેના દિવસે હિંદી સરકારના સ્વદેશ ખાતાના મંત્રીએ મને જણાવ્યું હતું અને આ જ પત્ર સરકારે મારી તરફ રવાના નહિ કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

આજની મડાગાંઠ ઉકેલવા માટે મોસ્લેમ લીગે કાંઇક કરવું જોઇએ એવી અનેક હિંદુ આગેવાનોની વિજ્ઞપ્તિઓને ઉદ્દેશીને મેં મારા વ્યાખ્યાનમાં મી. ગાંધી મને પત્ર લખે એવી સૂચના કરી હતી, જેમાં મેં એમ જણાવ્યું હતું કે મી. ગાંધીની કે હિંદુ આગેવાનોની નીતિમાં કશો પણ ફેરફાર જોવામાં આવતો નથી અને મી. ગાંધી અને વાઇસરોય વચ્ચેના પત્રવ્યવહારનો ઉલ્લેખ કરીને મેં સ્પષ્ટ કર્યું હતું કે ૧૯૪૨ના ઓગસ્ટની આઠમી તારીખે જાહેર કરવામાં આવેલી નીતિને મી૦ ગાંધી બરોબર વળગી રહ્યા છે.

એમ છતાં પણ કેટલાક જવાબદાર હિંદુ આગેવાનો મને આગ્રહ કરી રહ્યા હતા કે પોતે ભુલ કરી છે એમ મી૦ ગાંધીને હવે ભાન થયું છે અને જો તેમને તક આપવામાં આવે તો તે આખી પરિસ્થિતિનો ફરીથી વિચાર કરશે અને પોતાનાં પગલાં પાછાં ખેંચી લેશે અને તેમણે પાકીસ્તાન વિષે પોતાનું વળણ બદલ્યું છે અને પાકીસ્તાનના ધોરણ ઉપર તેઓ સમાધાની કરવાને આતુર છે; પણ આ હેતુ માટે તેમને અન્ય જવાબદાર આગેવાનો સાથે સંપર્ક સાધવા દેવાની મના કરીને સરકાર હિંદુ-મુસલમાનો વચ્ચેની સમાધાની આડે અન્તરાય નાખી રહી છે. તેથી મેં સૂચવેલું કે જો પોતાનાં પગલાં પાછા ભરવાને અને આજ સુધી અખત્યાર કરવામાં આવેલી નીતિનો અને ઓગસ્ટની આઠમી તારીખની અખિલ હિંદ મહાસભા સમિતિના ઠરાવમાં સુચવાયલા કાર્યક્રમનો પરિત્યાગ કરવાને પોતે તૈયાર છે અને પાકીસ્તાનના ધોરણ ઉપર સમાધાની કરવાને પોતે ઇન્તેજાર છે એવી મતલબનો મી૦ ગાંધી મને પત્ર લખે તો અમો ભૂતકાળને ભૂતળમાં દાટી દેવાને અને ભુલી જવાને તૈયાર છીએ. હું હજુ પણ માનું છું કે આવી મતલબનો પત્ર મી૦ ગાંધી લખે તો આવો કાગળ અટકાવવાની સરકાર કદિ હીંમત ધરી નહિ શકે."

આ નિવેદન ઉપર આજે ચોતરફ ઘૃણાની એટલી બધી ઝડીઓ વરસી રહી છે, એટલુંજ નહિ પણ તેની સાથે જોડાયલા અનેક મુસલમાન આગેવાનોમાં પણ આ સંબંધે એટલો બધો તીવ્ર અસંતોષ ઉભો થયો છે કે પ્રસ્તુત નિવેદનની વધારે સમાલોચના કરવાની જરૂર છે જ નહિ. ખેદનો વિષય એટલો જ છે કે મોસ્લેમ લીગના વડા તરીકે અને કોંગ્રેસ તેમજ હિંદુ જનતાના એક પ્રખર વિરોધી તરીકે શ્રી. ઝીણા આન્તર રાષ્ટ્રીય મહત્વ ભોગવે છે. તેથી તેમની આ નફટાઇભરી ગુલાંટ તેમને તો દુનિયામાં પુરા હાંસીપાત્ર બનાવે જ છે, પણ સાથે સાથે જે દેશનો મોટો ગણાતો એક માણસ આવી રીતે વર્તે તે દેશ પણ અન્ય દેશની પ્રજાઓની નજરમાં હાંસીપાત્ર બને છે અને હલકો પડે છે. સપુત સાત પેઢી તારે; કપુત સત્તર પેઢી ડુબાડે.

પરમાનંદ

## શ્રી પન્નાલાલ હાઇસ્કુલ અને જૈન વિદ્યાર્થીઓ

શ્રી. પન્નાલાલ પુનમચંદ જૈન હાઇસ્કુલમાં જૈન વિદ્યાર્થીઓને દાખલ થવાની છેલ્લા બે વર્ષથી મુશ્કેલી વધતી જાય છે અને એ હાઇસ્કુલ ખાસ કરીને જૈન વિદ્યાર્થીઓ માટે ઉભી કરવામાં આવેલી હોવા છતાં જૈન વિદ્યાર્થીઓના ભોગે જૈનેતર વિદ્યાર્થીઓને સારા પ્રમાણમાં દાખલ કરવામાં આવે છે એવી મતલબનું ચાર જૈન યુવકોની સહીવાળું એક ચર્ચાપત્ર અમારી ઉપર આવ્યું છે. હાઇસ્કુલમાં અવકાશ હોય અને બીજા વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવે તે જરૂર ઇચ્છવા યોગ્ય છે, પણ ઉપર જણાવ્યા મુજબ જો બનતું હોય તો તે યોગ્ય ન જ કહેવાય. ઉપરની ફરીયાદમાં શું તથ્ય છે તે સંબંધે અમે તપાસ કરી રહ્યા છીએ અને તે સંસ્થાના સંચાલકોનું અમે આ બાબતમાં ધ્યાન ખેંચ્યું છે. અમને આશા છે કે અમારા પ્રયત્નનું શુભ પરિણામ આવશે અને એ સંસ્થામાં દાખલ થવા માટે જૈન વિદ્યાર્થીઓને કશી પણ તકલીફ નહિ પડે. આજે વિદ્યાર્થીઓને કોઇ પણ સારી હાઇસ્કુલમાં દાખલ થવામાં બહુ મુશ્કેલી પડે છે. તેવા વખતમાં જૈન વિદ્યાર્થીઓ માટે જ ઉભી કરવામાં આવેલી સંસ્થાએ જૈન વિદ્યાર્થીઓની સૌથી પહેલી સંભાળ લેવી જ જોઇએ.

તંત્રી

# જૈન સંસ્કૃતિનું વ્યાપક સ્વરૂપ

(ગતાંકથી ચાલુ)

અહિં જૈનોની હિંસા અહિંસાનો થોડો ખુલાસો કરવો જરૂરી લાગે છે. જૈનધર્મનું કહેવું છે કે એક ઉંચ દરજ્જાનો ગૃહસ્થ અગર હિંસા છોડવા પ્રયત્ન કરે તો તે માત્ર જાણી જોઇને પોતાનું પેટ ભરવા યા પોતાના કુટુંબનું પોષણ કરવા હિંસા ન કરે. આ હિંસાનું નામ છે સંકલ્પી હિંસા. પોતાનો જીવન વ્યાપાર, ચલાવવા માટે કરવા પડતા કાર્યોમાં થતી હિંસા એ છોડી શકતો નથી. આ હિંસાનું નામ છે ઉદ્યોગી હિંસા. પોતાના દેશનો બચાવ કરવા દુશ્મન સામે પણ એ લડે છે. આનું નામ છે વિરોધી હિંસા. અગર જો દેશરક્ષણ જેવા મહાન કાર્યમાં જરૂર પડયે તે લડવાથી પાછા હઠે અથવા તો નહિ લડવાનું વ્રત લઇ બેસે તો એ માત્ર પોતાની કાયરતા છૂપાવવાનો ઢોંગ કરશે એમ જ કહેવું પડશે.

**સાત તત્ત્વ**

જૈનોના પૂર્વ પુરૂષોએ પારવિનાની તપસ્યા, ચિન્તન તથા મનન કરીને સામાન્ય મનુષ્યમાંથી લોકોત્તર મનુષ્ય (Superman) કેમ થવાય તેના માટે સાત તત્ત્વની શોધ કરી છે. (૧) સ્વ-જીવ (૨) પર-અજીવ (૩) પરને આવવાના રસ્તો-આશ્રવ (૪) પર સાથે આત્મીયતા-બંધ (૫) પરને આવવાના રસ્તાઓ બંધ કરવા-સંવર (૬) પર સાથેની આત્મીયતાને કમ કરતા જવું-નિર્જરા (૭) સ્વનો પૂર્ણ સાક્ષાત્કાર-મોક્ષ. આ સાત તત્વ જેની સમજમાં બરોબર ઉતરે અને એ મુજબ જે પોતાનું જીવન વધારે ને વધારે નિર્મળ, સંસ્કારી અને તેજસ્વી બનાવતો રહે તે કાળાન્તરે લોકોત્તર મનુષ્ય-મુક્ત આત્મા-બને.

આ જ તત્વોને વિકસાવતા જૈન દર્શનકારોએ બતાવ્યું છે કે માણસને સૌથી વધારે જરૂર છે સમ્યગ્ દેવ, ગુરૂ તથા ધર્મ વિષે સુદૃઢ શ્રધ્ધાની. આને જૈન પરિભાષામાં 'દર્શન' શબ્દથી ઓળખવામાં આવે છે; આ શ્રધ્ધામાંથી માણસના દિલમાં એક પ્રકારની બેચેની ઉભી થાય છે અને સત્ય જાણવાની લગની લાગે છે. તેના પરિણામે તેના જ્ઞાનના દરવાજા ખુલતા જાય છે. એ સત્ય જ્ઞાનને લીધે તેને પોતાની વર્તમાન કર્માધીન સ્થિતિનું ભાન થાય છે અને સાથે મુક્ત દશાની તેને ઝાંખી થાય છે. આનું નામ જ્ઞાન. એ મુક્ત દશા પ્રાપ્ત કરવા માટે આવશ્યક રહેણીકરણી તે અખત્યાર કરે છે. આનું નામ ચારિત્ર્ય. આ કોટિ ક્રમનો કોઇ એવો અર્થ ન કરે કે પ્રથમ માણસને શુદ્ધ દર્શન પ્રાપ્ત થવું જોઇએ, પછી પરમ જ્ઞાન પ્રાપ્ત થવું જોઇએ અને પછી જ પૂર્ણ ચારિત્ર્યની ઘટના થઇ શકે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યનો વિકાસ એક સાથે જ ચાલે છે અને એકની ઉત્તરોત્તર શુદ્ધિ અન્યની ઉત્તરોત્તર શુધ્ધિને નિપજાવે છે. ઉપર જણાવેલ સાત તત્વોમાંથી જૈનોએ એક મહાન કર્મશાસ્ત્ર ઉભું કર્યું છે અને દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યના વિવરણમાંથી મોક્ષ માર્ગની આ યોજના કરી છે.

**વિચારવાદ**

જૈનધર્મ ઇશ્વરને કર્ત્તા ન માનવાને કારણે પુરૂષાર્થનો પુજારી બન્યો છે. જૈનધર્મને પુરૂષાર્થ ધર્મ કહેવો ગેરવ્યાજબી નહિ ગણાય. એનું એક એક વાકય આત્મનિર્ભરતાથી ભરેલું છે. એ આત્મવાદી અને પરમાત્મવાદી હોવાને કારણે આસ્તિક છે ખરો, પરંતુ પુરૂષાર્થની વિચારધારામાં વહેવાથી એ નાસ્તિક લાગે છે. એની વિચારધારામાં ઘમંડની છાયા કોઇને એ ઘડી દેખાશે, પણ તેના પાયામાં સાચી નમ્રતા તથા આત્મવિશ્વાસ જોવામાં આવશે. એના ગુસ્સા પાછળ ક્ષમાની ભાવનાનું દર્શન થશે. એને લોભ હશે બને તેટલા ઉદાર કાર્યો કરવાનો. એનું કપટ પારદર્શક બુદ્ધિ અને સાફદીલીમાં પરિણમેલું જણાશે. આ વાત હું આજકાલના જૈનો માટે નથી કહેતો. એ તો એ સાહિત્યને આધારે જણાવું છું કે જે જૈન ગ્રન્થોમાં ભર્યું પડ્યું છે. દાખલા તરીકે નીચેના દોહરામાં જૈન દર્શનની ખરી ચાવી નજરે પડયા વિના નહિ રહે.

**"મંગલમય મંગલકરણ, વીતરાગ-વિજ્ઞાન
નમો તાહિ જાતેં ભયે અરહતાદિ મહાન."**

આ દોહરામાં અરિહંતને નમસ્કાર ન કરતાં વીતરાગ-વિજ્ઞાનને નમસ્કાર કરવામાં આવ્યો છે. આ કથનમાં મીઠાશ છે, વિનમ્રતા છે, સત્યની લગન છે. આમાં ઘમંડ જેવું કશું છે જ નહિ.

પાઠકો માટે અરિહંત શબ્દ સમજી લેવો જરૂરી છે. બૌદ્ધોનો અરિહંત શબ્દ પણ એવો જ અર્થ ધરાવે છે. આજકાલના જૈનો અરિહંત શબ્દને બહુ મોટો સમજે છે અને હિન્દુઓના ઇશ્વરનું સ્થાન જૈનોમાં અરિહંતને આપવામાં આવ્યું છે. જૈનશાસ્ત્રો પ્રમાણે અરિહંત એટલે અનાસક્તિયોગમાં પૂર્ણતા પામેલ યાને નિષ્કામ કર્મ કરવામાં નિરંતર તલ્લીન. આજકાલના જૈનોનું કહેવું છે કે આજકાલ આ દુનિયામાં કોઈ અરિહંત થઇ શકતું નથી. પરંતુ જૈનશાસ્ત્ર એમની આ માન્યતાને ટેકો આપતા લાગતા નથી. અરિહંત બનવું સહેલું નથી, પરંતુ અશકય નથી. ભગવાન મહાવીર તથા બુધ્ધ એકજ સમયે હતા અને એક બીજાને અર્હત્ કહીને બોલાવતા. એ જેમ આજકાલ ભગવાન શબ્દનો ઉપયોગ થાય છે તેમ એ સમયે અર્હત્ શબ્દ આ રીતે રીવાજમાં હતો.

હવે એમના વિચારવાદને જોઇએ. જગતના બધા જાણકારોના વિચાર ચૌદ શ્રેણીમાં વહેંચાયેલા છે. આ શ્રેણીઓ એવી નથી કે જે ઓછી વધતી ન થઇ શકે. જૈન શાસ્ત્રોમાં ચૌદ ગુણ શ્રેણી બતાવવામાં આવી છે. એ ગુણસ્થાનકની શ્રેણીઓ છે. આત્મિક ગુણોનો વિકાસ યથાયોગ્ય ક્રમે ચૌદ શ્રેણીઓમાં થાય છે. એ આ પ્રમાણે છે-(૧) જડ-મૂર્ખ, (૨) પતનની હાલત, (૩) ડગમગતી શ્રધ્ધા, (૪) આઝાદીની લગનવાળા, (૫) કર્તવ્યશીલ, (૬) આળસ, (૭) નિરાળસ, (૮) આત્મદર્શી, (૯) સમદર્શી, (૧૦) આઝાદીનાં ઇચ્છુક, (૧૧) દબાયેલી અહંતા, (૧૨) મોહનાશ, (૧૩) જીવનમુક્ત, (૧૪) સિદ્ધ.

પ્રથમ શ્રેણીના જીવોની અપેક્ષાએ બીજી અને ત્રીજી શ્રેણીના જીવોનો આત્મિક ગુણ કંઇક વિશેષરૂપે વિકસિત હોય છે. ચોથીનો તે ત્રણેથી વધારે. એ પ્રમાણે ઉત્તરોત્તર શ્રેણીઓના જીવ પહેલાંની શ્રેણીઓમાં જીવોની અપેક્ષાએ વિશેષ ઉન્નતિ પર પહોંચેલા હોય છે. ચૌદમી શ્રેણીના જીવ અતિ નિર્મલ અને પરમ કૃતાર્થ હોય છે. જીવ ચૌદમી શ્રેણીમાં પહોંચતા જ મુક્ત બની જાય છે. બધા જીવો પહેલાં તો પ્રથમ શ્રેણીમાં હોય છે, પરંતુ જેઓ પોતાના આત્મગુણોનો વિકાસ કરવા પ્રયત્નો કરે છે તે ક્રમે ક્રમે વિકાસ સાધતાં ચૌદમી શ્રેણીએ પહોંચી જાય છે. જેમના પ્રયત્નનો વેગ અતિ પ્રબળ હોય છે તેઓ વચલી શ્રેણીમાં ઘણો થોડો સમય રોકાય છે, જેમના પ્રયત્નનો વેગ મંદ હોય છે તે લાંબે સમયે તેરમી અને ચૌદમી શ્રેણીમાં પહોંચે છે.

આ ચૌદ શ્રેણીઓ જૈન જૈનેતર સૌ કોઇને લાગુ પડે છે. એનો જૈનો સાથે કોઇ ખાસ સંબંધ નથી. જૈન ધર્મ યા કોઇ ખાસ સિધ્ધાંતને માનનાર જ આ શ્રેણીઓમાંથી પસાર થાય એવું કંઇ નથી. આ સિધ્ધાંત પ્રાણી-માત્રના જીવનમાંથી ખેંચી કાઢવામાં આવ્યો છે, જૈન ધર્મ કદી એ દાવો નથી કરતો કે જેવું બહારનું વર્તન તમે રાખશો તેવું ફળ મળશે. એ તો કહે છે કે જેવું તમારૂં અંદરનું વર્તન હશે તેવુંજ ફળ તમને મળશે.

**નવકાર મહામંત્ર**

આ મંત્રની હકીકત કહેતાં પહેલાં એ બતાવવું જરૂરી છે કે જૈનોના બધા તિર્થંકરો પોતાનો ઉપદેશ જે દેશમાં તેઓ પેદા થયા તે દેશની ભાષામાં આપતા. એમણે પોતાના બોલવા યા લખવામાં સંસ્કૃતનો ઉપયોગ કદી કર્યો નથી. આ રીતે ભગવાન પાર્શ્વનાથ તથા મહાવીરના સમયમાં જે ભાષા પ્રચલિત હતી તે પ્રાકૃત ભાષામાં જૈનોનો મુખ્ય નવકારમંત્ર ઘડાયો છે. તેમાંનો અર્થ એ છે કે:-

"નમસ્કાર હો અર્હંતોને, નમસ્કાર હો સિધ્ધોને, નમસ્કાર હો આચાર્યોને, નમસ્કાર હો ઉપાધ્યાયોને, નમસ્કાર હો લોકના સર્વ સાધુઓને." આથી વધુ વ્યાપક મંત્ર બીજો કયો હોઇ શકે? આમાં કયાંય જૈન સિધ્ધ કે જૈન સાધુ જેવા બોલ નથી આવતા. શરૂઆતમાં જૈનધર્મ જ નહિ, પરંતુ બધા ધર્મ બધાને માટે બનતા હતા. બાળકો અને નાના છોડોની જેમ એ બધાને પ્રિય લાગતા હતા. બધાનું મન એમને અપનાવવા ઉછળતું. મારા તારાનો ભેદ થયો ત્યારથીજ સાંપ્રદાયિક ઝગડાઓની શરૂઆત થઇ છે. જૈનોનો આ મહામંત્ર દુનિયાભરના અનાસક્ત જીવોને પોતાના મનમંદિરમાં સૌથી પહેલી અને સૌથી ઉંચી જગા આપે છે. એ સિધ્ધોને એમની બાદ યાદ કરે છે. મંત્રના આ ટુકડામાં મત-પંથની ગંધ નથી આવતી. ત્રીજે નંબરે એ દુનિયાભરના આચાર્યો (આઝાદીનાં માર્ગની તાલીમ આપનાર કોલેજના પ્રીન્સીપાલો)ને અને ચોથે નંબરે બધા ઉપાધ્યાયો (પ્રોફેસરો)ને નમસ્કાર કરે છે. મંત્રના આખરી ટુકડામાં દુનિયાના તમામ સાધુઓને નમસ્કાર કરવામાં આવ્યો છે. સાધુ એટલે આઝાદીના કામમાં લાગેલો મનુષ્ય. સાધુ શબ્દ પણ અર્હંત્ શબ્દની જેમ ભારે બની ગયો છે અને તેની પાછળ જૈનોએ જાત જાતની અટપટી ભાવનાઓ બનાવી રાખી છે. પરંતુ મહાવીર સ્વામીના વખતમાં આ શબ્દ સીધો સાદો હતો. આઝાદી પ્રાપ્ત કરવા નિકળેલો દરેક માણસ સાધુ છે અને નમસ્કારને યોગ્ય છે. આ મંત્રનું નામ છે નમસ્કાર મંત્ર. દરેક જૈન એ વાતનો ભારે ઈંતેજાર હોય છે કે મરતાં પહેલાં કોઇ એના કાનમાં આ મંત્રને સંભળાવે.

જૈનધર્મ બીજા ધર્મોની જેમ લોકોને જૈન બનાવવામાં વિશ્વાસ ધરાવતો નથી. એ તો ક્રીમેન્સો યા શરૂઆતના મુસલમાનોની જેમ એકમેકના ભાઇચારામાં વિશ્વાસ ધરાવે છે અને મહાવીર સ્વામીના વખતમાં એવો ભાઇચારો હતો. જૈનજાતિ જેવી અલગ કોઇ ચીજ નહોતી. જૈનધર્મ ફક્ત એ ઇચ્છે છે કે લોકો ખંતપૂર્વક પોતાના આત્માઓને સંસ્કૃત બનાવવા મંડી પડે, સમાજની, પૈસાની, દેશની અને દરેક જાતની ગુલામી તોડવામાં લાગી જાય. આ કાર્યમાં સૌથી મુખ્ય સાધના જૈન ધર્મની સમજ મુજબ અહિંસા આચરવી, સત્ય બોલવું, ચોરી ન કરવી, બહુ સામાન એકઠો ન કરવો અને પવિત્ર રહેવું એ છે. આ સાધનો વિના આઝાદીને માર્ગે વેગ પુર્વક આગળ વધી શકાતું નથી. આ પાંચ સત્યો બધી વિચારધારાઓનું મૂળ છે, એનુંજ નામ ધર્મ છે. બધાં ધર્મોમાં એનીજ વાતો આવશે. આજ સત્યોથી બધા ધર્મો આત્માને સંસ્કૃત બનાવે છે. આજ માનવ-સંસ્કૃતિ છે. આઝાદી આત્માની એક દશાનું નામ છે, નહિ કે દેશમાં મળતી કોઇ ખાસ સત્તાનું. પોતે આઝાદ બને, અન્યને આઝાદ બનાવે અને લોકોને આઝાદીના માર્ગ પર લાવે-એ જ જૈનોનું મુખ્ય કર્તવ્ય હોઇ શકે છે. જીવતા સુધી આઝાદીના પ્રયત્નો કરે અને પ્રાણત્યાગની વખતે એ વિચારે કે જ્યાં સુધી એક પણ વ્યક્તિ ગુલામ હશે ત્યાં સુધી અમે પેદા થતા રહીશું અને નિર્વાણ પામવામાં સૌથી છેલ્લા રહીશું. સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ચારિત્ર-એ ત્રણે મળીને આઝાદીની મુકિતની સડક છે. કોઇ કોઇ પણ કાર્ય કરે, પણ આ ત્રણ વિના એને સફળતા મળતી નથી. જૈનધર્મનો આ નિચોડ છે. આ ત્રણ સિધ્ધાંત દરેક સ્થળે કામ કરી રહ્યા છે. આજ જૈન સંસ્કૃતિ છે કે જે સર્વ વ્યાપક છે.

મૂળ લેખક-**મહાત્મા ભગવાનદીનજી**

સમાપ્ત સંક્ષેપક-**સરલાબહેન**

## દક્ષિણ આફ્રીકાનો કાળો કાયદો

તાજેતરમાં પસાર થયેલ દક્ષિણ આફ્રીકાની સરકારનો કાળો કાયદો કે જેણે ત્યાં વર્ષો થયાં વસતા સંખ્યાબંધ હિંદીઓના મીલકતને લગતા હકક ઉપર ભારે અન્યાયભરી તરાપ મારી છે તે કાયદાએ દેશભરમાં ખુબ રોષની લાગણી ફેલાવી છે અને તેના વિરોધમાં હિંદી સરકારે આમ કરવું જોઇએ અને તેમ કરવું જોઇએ એવી જાતજાતની સુચનાઓ છાપાઓમાં પ્રગટ થઈ રહી છે તે કાળા કાયદાઓના વિરોધરૂપે ભલે ગમે તેવાં પગલાંઓ લેવામાં આવે, પણ તેથી કોઇ મહત્વનું પરિણામ આવવા સંભવ નથી. આજે આવડો મોટો વિગ્રહ ચાલી રહેલ છે જેમાં હિંદુસ્થાનની પ્રજા પણ પુરેપુરી સંડોવાયલી છે અને વિગ્રહના મહાન ઉદ્દેશો, વિશ્વની ભાવી પુનર્ઘટના, યુધ્ધવિરામ બાદ હિંદીઓ માંગે તેવું હિંદુસ્થાનનું રાજકીય પુનર્વિધાન, આટલાંટિક ચાર્ટર, દરેક દેશ અને પ્રજાને આત્મનિર્ણયનો અધિકાર-આવી જ્યારે એક બાજુએ આકાશ પાતાળ એક કરનારી અનેક વાતો ચાલી રહી છે ત્યારે બીજી બાજુએ દક્ષિણ આફ્રીકાની સરકાર એક મહાન આદર્શવાદી તરીકે ઓળખાતા જનરલ સ્મટ્સની આગેવાની નીચે હિંદી પ્રજાના વર્ષોથી ભોગવાતા મૌલિક હક્કોનું ઠંડે પેટે ખુન કરી રહી છે તે શું સુચવે છે? આપણે અસહાય છીએ, આપણે પરાધીન છીએ, આપણું કોઇ ધણીધોરી નથી, ભાવી પુનર્વિધાનમાં કે આજના યુદ્ધ સંચાલનમાં આપણું કોઇ સ્થાન નથી. આ જ આપણી વાસ્તવિક દશા હતી અને છે, પણ ચાલુ જીવન વ્યવસાયમાં અને મોટી મોટી વાતોના ઢોલ નગારામાં આપણે તે ભુલી જઇએ છીએ. આવા બનાવો બને છે ત્યારે આપણને સાચી સ્થિતિનું ભાન થાય છે અને દિલનું દર્દ અનેકગણું વધી જાય છે. આ સર્વ હીણપતભર્યા વર્તાવનો આખરી ઉપાય સ્વરાજ પ્રાપ્તિ સિવાય બીજો કોઇ નથી. તે હાંસલ નહિ થાય ત્યાં સુધી આપણા નસીબે આવી અનેક ઘટનાઓ નિર્માયલી જ છે.

**પરમાનંદ.**

**સાભાર સ્વીકાર**-શ્રી. રતિલાલ વર્ધમાન શાહે તેમના પુત્ર શ્રી. કાન્તિલાલના લગ્ન પ્રસંગે રૂ. ૨૫૧)ની રકમ શ્રી મુંબઇ જૈન યુવક સંઘને મોકલી છે તે સાભાર સ્વીકારવામાં આવે છે.

જ્ઞાતિ બહાર થવાનું જોખમ ખેડીને શ્રી. રમેશચંદ્ર મોહનલાલ છોટાલાલ બી. કોમ શ્રી. કુસુમબહેન ચંપકલાલ ચુનીલાલ બેંકર બી.એ. સાથે લગ્નગ્રંથીથી જોડાયા અને પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષી તેમણે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ ઉપર રૂ. ૫૧)ની રકમ ભેટ મોકલી તે સાદર સ્વીકારવામાં આવે છે. **મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિં. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રીમુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. N. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

JAIN SAHITYA VIKAS MANDAL,
112, G B Road, Irla Bridge,
Vile Parle, BOMBAY-56

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૪

મુંબઇ: ૧૫ જુન ૧૯૪૩ મંગળવાર.

લવાજમ રૂપિયા ૨

## રૂમઝુમ કરતી વર્ષા આવી!

ગ્રીષ્મ ગઇ અને વર્ષા આવી. ગરમી ગઇ અને ઠંડક આવી. સૂર્યની પ્રચંડ રોશની લુપ્ત થઇ અને વાદળઘેરી દિનશ્રીનો પ્રારંભ થયો. આકાશની ચંદ્રિકા લુપ્ત થઇ અને રાત્રી વધારે શ્યામલ બની. વાયુ વેગવાન છતાં પરિમિત હતો; સમુદ્ર મસ્ત છતાં મર્યાદાશીલ હતો. આજે પવનની પ્રચંડ લહેરીઓ વાવા લાગી છે; સાગર પોતાની સીમાઓ ઓળંગવા લાગ્યો છે. વાવાઝોડાં અને અવારનવાર ઉઠતી આંધીઓ માનવજીવનને અસ્વસ્થ બનાવવા લાગી છે. નૈરૃત્ય દિશાએથી વહી આવતી વાદળ શ્રેણીઓ સમસ્ત આકાશને છાઇ રહી છે. વિદ્યુતની પ્રચંડ રેખાઓ અને ગડગડાટ કરતી મેઘગર્જનાઓ બ્હીવાને ટેવાયલા માનવીઓને ખુબ આકુળવ્યાકુળ કરી રહી છે. ક્રાન્તિકાળની જાણે નોબત વાગી રહી છે અને પ્રલયકાળનો જાણે કે દાવાનળ પ્રગટી રહ્યો છે! દુનિયા આખી ડોલી રહી છે અને આકાશ આરપાર ક્ષુબ્ધ બની રહ્યું છે. ચોતરફ પ્રસરતી ધુમ્મસથી દૃષ્ય પદાર્થો અસ્પષ્ટ બની રહ્યા છે અને રૂક્ષ પદાર્થો લાવણ્ય ધારણ કરતા દેખાય છે. આ વિચિત્ર નિસર્ગલીલા વર્ષાના આગમનને જાહેર કરે છે.

રૂતુઓ આવે છે અને જાય છે. એક રૂતુનું જવું અને બીજીનું શરૂ થવું એટલું અગોચર અને નિરવ હોય છે કે સ્પષ્ટપણે વિદાય થયેલી રૂતુ હજુ ચાલે જ છે એવા ભ્રમમાંથી આપણે જલ્દિ છુટી શકતા નથી. શરદ જાય અને હેમંત આવે. ગરમી ઓછી થાય, અને કંઇક ઠંડીની શરૂઆત થાય, છતાં નિરભ્ર આકાશ, નિર્મળ જળ ને વહેતાં ઝરણાંઓ તથા નદીનાળાંઓ તેમજ સ્વસ્થ અને શાન્ત મહાસાગર હજુ શરદ્‌ઋતુ જ ચાલે છે એવી ભ્રાન્તિ ઉત્પન્ન કર્યા કરે છે. હેમન્તનું શિશિરમાં સંક્રમણ પણ એટલું જ અગોચર હોય છે. જરા ટાઢ વધી પણ બીજું તો લગભગ એનું એ જ. એ જ મુજબ વસન્ત આવે છે અને ગ્રીષ્મ પણ આવે છે. વસન્તમાં આવેલાં નવાં પાન ગ્રીષ્મમાં વધારે ઘટ્ટતા ધારણ કરે છે; વસન્તમાં શરૂ થયેલી ગરમી ગ્રીષ્મમાં વધે છે, પણ એ જ નવાં પાનથી ડોલતાં વૃક્ષો, એ જ નિર્મળ આકાશ અને દિવસ કરતાં મધુરતર બનતી રાત્રીઓ અને એ જ કોયલના ટહુકા અને મયુરના કેકારવ સંભળાતા હોય છે. કોણે કહ્યું કે વસન્ત ગઇ છે અને ગ્રીષ્મ શરૂ થઇ છે? છેવટે જ્યારે સખ્ત ગરમી પડવા લાગે છે અને આમ્રફળ મંદ પડેલા જઠરાગ્નિને પુનઃ જાગૃત અને તૃપ્ત કરે છે ત્યારે જ પ્રતીતિ થાય છે કે મંદમધુર વસન્ત ગઇ છે અને સમસ્ત જીવસૃષ્ટિને ત્રાસ આપતી ગ્રીષ્મ બેઠી છે.

પણ વર્ષા આવે છે ગાજતી અને વાજતી, ઉંઘતાને જગાડતી અને જડમાં ચૈતન્ય પ્રેરતી, રસિકજનોને અવર્ણનીય આનંદ આપતી અને ભીરૂ જનોને ભયત્રસ્ત બનાવતી, ખેડુતોમાં નવી આશાનો સંચાર કરતી અને સંતપ્ત જનતાને શીતળ પવનલહરીઓ અને જળવર્ષા વડે ઠારતી. વર્ષા આવે છે ડંકા નિશાન સાથે અને જાય છે પણ તે જ રીતે. અન્ય રૂતુઓના સૌન્દર્યવિશેષને અનુભવવા માટે કાંઇક વિશિષ્ટ જ્ઞાન જોઇએ, કંઇક કેળવાયલી રસવૃત્તિ જોઇએ. વર્ષા આવે અને એવું તે કોણ અચેતન માનવી હોય કે જેના દિલમાં ઉલ્લાસ ન પ્રગટે અને જેનું ચિત્ત આનંદકલ્લોલ ન અનુભવે!

કેટલીક પ્રજાઓ પોતાના સંવત્‌નો પ્રારંભ કાર્તક માસથી એટલે હેમન્તરૂતુથી કરે છે; કેટલાક ચૈત્ર માસથી એટલે કે વસન્તને અનુલક્ષીને કરે છે. પણ નૂતન વર્ષનો જન્મ વાસ્તવિક રીતે વર્ષાના પ્રારંભથી જ થાય છે. સૃષ્ટિનું સમગ્ર નવસર્જન વર્ષા સાથે જોડાયલું છે. વર્ષા આવતાં સુકી પૃથ્વી લીલી થાય છે; સુકી નદીઓ જળપ્રવાહથી ઉભરાય છે; સુકાં સરોવરોની પાળો વટાવીને પાણી વહેવા લાગે છે. વરસાદ કેવો પડે છે તેના ઉપર આખા વર્ષનો આધાર છે. જેવી રીતે સગર્ભા સ્ત્રીની કુશળ પ્રસૂતિની તેનાં સર્વ સ્વજનો ચિન્તાપૂર્વક રાહ જુએ છે, તેવી જ રીતે સરખા અને પુરતા વરસાદની સમગ્ર જનતા ચિન્તા ધરાવે છે. આ રીતે જનતાના જીવનમાં વર્ષા રૂતુનું મહત્વ સૌથી વધારે છે.

આજે દુનિયામાં અપાર સંકટ ઉભરાયાં છે. વિગ્રહના વિરાટ મુખમાં પાર વિનાનાં માણસો અને મીલકતો હોમાઇ રહી છે. આપણા દેશમાં વર્તમાન યુધ્ધે સીધો પ્રવેશ કર્યો નથી, એમ છતાં પણ પુષ્કળ વિટંબણાઓ અને આફતો ઉતરી આવી છે. જ્યાં જુઓ ત્યાં મુંઝવણ અને મુસીબતો નજરે પડે છે. આમ છતાં પણ વર્ષાનું દર્શન થતાં લોકો એક પ્રકારનો આનંદ અને રસોલ્લાસ અનુભવી રહ્યા છે. અનેક આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી ઘેરાયેલો માનવી રાત્રી પડતાં સ્વસ્થ નિદ્રાનાં બે નસકોરાં ખેંચી લે છે તેવી જ રીતે રૂતુશિરોમણિ વર્ષાનું મંગળ, કલ્યાણકારી આગમન થતાં જનતાનાં ચિત્તમાં પ્રસન્નતાની ઉર્મિઓનો સંચાર થાય છે અને તેમનાં ચિંતાક્લાન્ત વદન ઉપર બે ઘડિ કોઇ નૂતન પ્રફુલ્લતા પથરાઇ રહે છે. જેવી રીતે પ્રચંડ આતપથી બળુંબળું થઇ રહેલી પૃથ્વીને વર્ષા શીતળ જળવર્ષા વડે ઠારે છે અને સોહામણી હરિયાળી અને વિવિધ વનસ્પતિથી નવપલ્લવિત કરે છે તેવી રીતે આજની વિગ્રહ વૈતરણીને ઓળંગીને માનવજાત કોઇ અપૂર્વ નવરચનાના સ્વર્ગને જરૂર પ્રાપ્ત કરશે એવી આશા તેના દિલમાં ઉગે છે. આવી આનંદજનની, સમૃદ્ધિવાહિની, કલ્યાણકારિણી વર્ષાને આપણે પણ અભિનંદીએ, આપણાં અંગત શોકસંતાપને બેઘડિ વિસારીને તેના રસોત્સવમાં આપણે પણ સામેલ થઇએ અને સૌન્દર્યના પરિચિત અને પરિમિત પ્રદેશોને વટાવી જતી અને ભવ્યતાના અસીમ પ્રદેશોની ઝાંખી કરાવતી વર્ષાનું રસ, ભાવ અને ભક્તિપૂર્વક સ્વાગત કરીએ! **પરમાનંદ**

# જીવતો અનેકાન્ત

(શ્રી મ. જૈન વિદ્યાલયના રજત મહોત્સવ અંકમાંથી સાભાર ઉધ્ધૃત)

કલ્પના, તત્વજ્ઞાન અને ધર્મ એ ત્રણ માનવી જીવનની, બીજા કોઇ જીવનમાં ન હોય તેવી, વિશેષતાઓ છે. તેમ છતાં આ ત્રણ વસ્તુઓ એક જ કોટિની કે એક જ સરખી મૂલ્યવાન નથી. કલ્પના કરતાં તત્વજ્ઞાનનું સ્થાન ઉંચું છે, એટલું જ નહિ, પણ તે સ્થાયી અને વ્યાપક પણ છે. ધર્મનું સ્થાન તો તત્વજ્ઞાન કરતાંય ચડિયાતું છે, કારણ ધર્મ એ તત્વજ્ઞાનનું પકવ પરિણામ ફળ માત્ર છે.

કલ્પનાઓ ક્ષણે ક્ષણે નવી નવી અને તે પણ જુદી જુદી વ્યકિતઓમાં નવનવરૂપે ઉદ્‌ભવે છે. એ બધી કલ્પનાઓ કાંઇ સ્થિર નથી હોતી તેમજ સાચી પણ નથી હોતી. તેથી કલ્પના કરનાર વ્યકિત પણ પોતે સેવેલી અને પોષેલી કલ્પનાઓને ઘણીવાર અને મોટે ભાગે ફેંકી જ દે છે અને એ બદલ્યા પણ કરે છે. જો કોઇ વ્યકિત પોતાની કલ્પનાઓને સત્યની કસોટીએ નહીં કસાયા છતાં સેવ્યા જ અને પોષ્યા જ કરે, તોયે એ કલ્પનાઓને બીજા લોકો સ્વીકારતા કે અપનાવતા નથી. તેથી ઉલટું જો કોઇ કલ્પના સત્યની કસોટીએ કસતાં પાર ઉતરે, તેમાં ભ્રાંતિ જેવું ન જ રહે, તો એવી કલ્પના ગમે તે કાળ, ગમે તે દેશ અને ગમે તે જાતિના મનુષ્યમાં જન્મી હોય છતાં તે કલ્પના પોતાની સત્યતાના બળના પ્રમાણમાં સર્વત્ર સ્વીકારાવા લાગે છે અને તે કલ્પના સ્થાયી બને છે. આવી જ સ્થિર કલ્પનાઓ તત્ત્વજ્ઞાન તરીકે લેખાય છે અને તે જ કયાંઇ સીમાબદ્ધ ન રહેતાં સાર્વજનિક કે બહુજનગ્રાહ્ય સંપત્તિ બને છે. માનવી–પરીક્ષણશક્તિ જે તત્વજ્ઞાનને કસી સત્યરૂપે સ્વીકારે છે, તે જ તત્ત્વજ્ઞાન પછી કાળક્રમે ધીરેથી કે ત્વરાથી માનવીઆચરણનો વિષય બને છે અને જે તત્ત્વજ્ઞાન વિવેકપૂર્વક આચરણમાં આવે છે, તે જ માનવવંશનો ખરેખરો વિકાસપ્રદ ધર્મ બની જાય છે.

ઉપરની બાબત એકાદ દાખલાથી સ્પષ્ટ કરીએ. ‘જીવ–આત્મા–ઇશ્વર એક છે’ એવી કલ્પના. ‘તે નથી’ એવી બીજી કલ્પના. બધા જીવ વસ્તુતઃ એક જ છે, તેઓ વચ્ચે વાસ્તવિક ભેદ છે જ નહિ અને જીવ તેમજ પરમાત્મા પણ વસ્તુતઃ નોખી વસ્તુ નથી એવી કલ્પનાઓ એક બાજુ પ્રવર્તે છે, જ્યારે બધાય વસ્તુતઃ નોખા છે, પરમાત્મા અને જીવો વચ્ચે ખરેખરી જુદાઇ જ છે એવી કલ્પનાઓ બીજી બાજુ પ્રવર્તે છે અને તેથી તદ્દન ઉલટી જાતની કલ્પનાઓ પણ પ્રવર્તે છે જે એમ માને છે કે ઇશ્વર તો શું પણ આત્મા જેવી સ્વતંત્ર અને સ્થાયી કોઇ વસ્તુ નથી. આત્મા એ તો પાણીના પરપોટા જેવી પાંચ ભુતોની બનેલી એક ગતિશીલ અને દૃશ્ય આકૃતિ માત્ર છે. આ બધી ઓછે વધતે અંશે કલ્પનાઓ છે એમ સમજવું જોઇએ. કારણ અમુક કલ્પનાઓના પક્ષનો માણસ પણ કયારેક તે કલ્પનાઓ છોડી બીજા જ પક્ષમાં ભળે છે, અગર બંને પક્ષોથી તટસ્થ રહે છે.

એ બધી કલ્પનાઓ બદલાવા અને નવું નવું રૂપ ધારણ કરવાં છતાં તેની પાછળ કદી ન બદલાય અને કદી પણ ન ભૂંસાય એવી એક સ્થિર કલ્પના પણ છે. દા. ત. માણસ તો શું, કોઇ પણ પ્રાણી એવું નથી, જેને ‘હું કાંઇક છું’ કે એવું હુંપણાનું ભાન ન હોય, તેમજ સુખ દુઃખના ભેદની લાગણી અને સુખ માટેની પ્રવૃત્તિ તેમજ દુઃખ તરફનો અણગમો ન હોય. ત્રણે કાળમાં સૌને એક સરખી રીતે માન્ય થાય એવો આ અનુભવ તે જ તત્વજ્ઞાનની કક્ષામાં આવે; કારણ એ અનુભવ માત્ર વાસ્તવિકપણાની ભુમિકા ઉપર જ ઉભો થયેલો હોઇ ટકી રહે છે. તેમાં કોઇને કાંઇ વાંધો લેવા જેવું દેખાતું નથી. હુંપણાનું ભાન, સુખની રૂચિ, દુઃખનો અણગમો એ અનુભવ સૌમાં એકસરખો અને સાચો સિદ્ધ થયો છે. તેને જ લીધે તેમાંથી ધર્મ જન્મ્યો છે. સાચું જ વિચારવું, વિચાર અને સમજ હોય તેવું જ બોલવું અને તેવું જ આચરવું એવો જે સત્ય–અહિંસા નામનો ધર્મ મનુષ્ય-જાતિમાં ઉદ્‌ભવે છે અને કાળક્રમે તેનો અનેક રૂપે વિકાસ થયેલો છે તેમ જ થતો જાય છે તેના મૂળમાં પેલો અનુભવ જ કામ કરી રહ્યો છે. જીવ કે ઇશ્વર હોવા ન હોવાની તેમ જ તેના નોખાપણા કે અનોખાપણાની ગમે તેટલી અરસપરસ વિરોધી કલ્પનાઓ પ્રવર્તતી હોય, છતાં કોઇ પ્રાણી એવો નથી જે કે બીજાના અણગમાકારક વર્તનને પસંદ કરે. એ જ બીજા પાસેથી પોતાના તરફના સદ્વર્તનની આશા બીજા પ્રત્યે પોતાના સદ્વર્તનને ઘડે છે. એ ઘડતર વિરોધી ધક્કાઓથી મોડે મોડે જન્મે કે સમજપૂર્વક જલદી જન્મે એ નોખી વાત. પણ આખી માનવજાત આ ઘડતર તરફ જ ઢળી રહી છે અને માનવજાતિમાં થયેલા તેમ જ થતાં મહાન પુરૂષો પોતાની જીવનચર્યાથી આખી માનવજાતને એ જ રીતે ઘડવા મથ્યાં છે ને મથી રહ્યા છે. તેથી જ એ ઘડતર ધર્મના બીજા ઉપસિધ્ધાન્તોનો મૂળ સિદ્ધાન્ત બની છે.

તત્ત્વજ્ઞાનનો જન્મ કોઇને કોઇ સંપ્રદાયને આભારી છે. તત્વજ્ઞાનના વિકાસ અને પ્રચારમાં પણ સંપ્રદાયોનો મુખ્ય ફાળો છે. એજ રીતે ધર્મના વિકાસ અને પોષણમાં પણ સંપ્રદાયોનો અમુક હિસ્સો છે જ. છતાં માનવજાતની ટૂંકી દૃષ્ટિએ એ જ તત્વજ્ઞાન અને ધર્મના ઝરા જેવા સંપ્રદાયને સાંકડો, બંધિયાર તેમજ મેલો પણ કરી નાંખ્યો છે. અજ્ઞાન અને મોહમાંથી જન્મેલી ટૂંકી દૃષ્ટિ કોઇ એક સંપ્રદાય બહાર બીજા સંપ્રદાયોના વાસ્તવિક અનુભવને જોઈ શકતી નથી. કોઇ એને જોવા કહે, તોય તે ડરે છે, ભડકે છે, પોતે પોતાના તરીકે માનેલ સંપ્રદાયમાં પણ એ ખુલ્લા મનથી ચોમેરના સત્યો જોતો નથી. આનું નામ મતાંધતા કે સાંપ્રદાયિકતા છે. મનુષ્ય જાતિમાં મતાંધતાને લીધે જે પરિણામો આવ્યા છે તેમને તદ્દન ટુંકમાં નોંધવા હોય તો આ પ્રમાણે નોંધી શકાય.

૧ તે સત્યસિદ્ધ નહિ થયેલ કલ્પનાઓને પણ તત્વજ્ઞાન તરીકે લેખી તેને તત્વજ્ઞાનની કોટિમાં મૂકે છે.

૨ તે બીજા કોઈએ સત્ય સાબિત કરેલ અને તત્વજ્ઞાન તરીકે લેખાય એવા અનુભવને પણ વિચારતાં, અપનાવતાં ડરે છે, પાછો પડે છે.

૩ તેને જે વાત પોતાના અને બીજા સંપ્રદાયમાં એક સરખી હોય, તે એક સરખી નથી દેખાતી. એક જ બાબતને તે બરાબર હોય, છતાંયે તેને તે પોતાના સંપ્રદાયમાં ચડિયાતી ને ખામી વિનાની માને છે, જ્યારે બીજા સંપ્રદાયમાંની એ જ બાબતને તે પ્રથમ તો સ્વીકારતો જ નથી અને સ્વીકારે તોય તે ઉતરતી કે ખામીવાળી લેખી તેને બરાબરીનું સ્થાન આપી શકતો નથી.

૪. તેને એક અથવા બીજી રીતે પોતાની માન્યતાઓનું શ્રેષ્ટપણું–પછી તે વાસ્તવિકમાં હોય કે નહિ–લોકોમાં મનાતું થાય એ ગમે છે. અને એવા શ્રેષ્ટપણાને માનવા–મનાવવાની ધૂનમાં તે બીજા કોઇ પણ સંપ્રદાયની તેટલી જ શ્રેષ્ઠ બાબતોને, તેટલા જ કીંમતી અનુભવોને બને તેટલું વધારેમાં વધારે ઉતારી પાડવા પ્રેરાય છે.

૫. એ આચરણમાં ગમે તેટલો મોળો હોય, પોતાની બધી જ નબળાઇઓ જાણતો પણ હોય અને પોતાના સંપ્રદાયમાંથી સામુહિક કમજોરીઓ જાતે અનુભવી વ્યક્તિગત દૃષ્ટિએ સ્વીકારતો પણ હોય, છતાં તેને પોતાના સંપ્રદાયના પ્રવર્તકો, આગેવાનો કે શાસ્ત્રોની મહત્તા સચવાઇ રહે એવું જ મનમાં થયા કરે છે અને બીજા સંપ્રદાયોના પ્રવર્તકો, આગેવાનો કે શાસ્ત્રોની લઘુતા થતી જોઇ તેના મનમાં એક જાતનો છુપો રસ વહે છે અને જાહેરમાં તે લઘુતા દ્વારા પોતાના સંપ્રદાયની મહત્તા સ્થાપવા લલચાય છે, જેને પરિણામે ખંડનમંડન ને વાદવિવાદ જન્મે છે.

આટલી સામાન્ય ભૂમિકા પછી હવે આપણે આપણા મુખ્ય વિષય ઉપર આવીએ. અનેકાન્ત એ જૈન સંપ્રદાયનો મુખ્ય સિદ્ધાન્ત છે, જે તત્ત્વજ્ઞાન અને ધર્મના બન્ને પ્રદેશમાં સમાનપણે માન્ય થયેલો છે. અનેકાંત અને સ્યાદ્વાદ એ બન્ને શબ્દો અત્યારે સામાન્ય રીતે એક જ અર્થમાં વપરાય છે. માત્ર જૈનો જ નહિ પણ જૈનેતર સમજદાર લોકો પણ જૈન દર્શનને—જૈન સંપ્રદાયને—અનેકાંત દર્શન કે અનેકાંત સંપ્રદાય તરીકે ઓળખે—ઓળખાવે છે. હંમેશાથી જૈન લોકો પોતાની અનેકાંત સંબંધી માન્યતાને એક અભિમાનની વસ્તુ લેખતા આવ્યા છે અને એની ભવ્યતા, ઉદારતા તેમજ સુંદરતાનું સ્થાપન કરતા આવ્યા છે. અહિં આપણે જોવાનું એ છે કે અનેકાંત એ વસ્તુ શું છે? અને તેનું જીવિતપણું એટલે શું? તેમજ એવો જીવતો અનેકાંત આપણી જૈન પરંપરામાં સામુદાયિક દૃષ્ટિએ ક્યારે ય હતો અને અત્યારે પણ છે?

અનેકાન્ત એક જાતની વિચારપદ્ધતિ છે. તે બધી દિશાઓથી, બધી બાજુથી ખુલ્લું એવું એક માનવચક્ષુ છે. જ્ઞાનના, વિચારના અને આચરણના કોઇ પણ વિષયને તે માત્ર એક જ તૂટેલી કે અધૂરી બાજુથી જોવા ના પાડે છે અને શકય હોય તેટલી વધારેમાં વધારે બાજુઓથી, વધારેમાં વધારે વિગતોથી અને વધારેમાં વધારે માર્મિક રીતે તે સર્વ કાંઇ વિચારવા, આચરવાનો પક્ષપાત ધરાવે છે. આ તેનો પક્ષપાત પણ માત્ર સત્યના પાયા ઉપર જ બંધાયેલો છે. અનેકાંતનું જીવનપણું અગર જીવન એટલે તેની પાછળ, આગળ કે અંદર સર્વત્ર સત્યનું—યથાર્થતાનું—વહેણ. અનેકાંત એ માત્ર કલ્પના નથી, પણ સત્યસિદ્ધ થયેલી કલ્પના હોઇ તે તત્વજ્ઞાન છે અને વિવેકી આચરણનો વિષય હોઇ તે ધર્મ પણ છે. અનેકાંતનું જીવિતપણું એમાં છે કે તે જેમ બીજા વિષયોને બધી બાજુથી તટસ્થપણે જોવા વિચારવા અપનાવવા પ્રેરે છે, તેમ એ પોતાના સ્વરૂપ અને જીવિતપણા વિષે પણ ખુલ્લા મનથી જ વિચાર કરવા ફરમાવે છે. જેટલું વિચારનું ખુલ્લાપણું, સ્પષ્ટપણું અને તટસ્થપણું તેટલું જ અનેકાન્તનું બળ કે જીવન.

જો અનેકાન્તના જીવનની ઉપરની વ્યાખ્યા સાચી હોય, તો આપણે આગળ કે પાછળના કોઇ પણ બંધનો સ્વીકાર્યા સિવાય જ તદ્દન નિખાલસપણે એને વિષે વિચાર કરવો જોઇશે. આ વિચાર કરતાં પ્રથમ પ્રશ્નો કાંઇક નીચે પ્રમાણે ઉદ્ભવે ખરા.

૧ શું આવી અનેકાન્તદૃષ્ટિ માત્ર જૈન પરંપરાના પ્રવર્તકો અને અનુયાયીઓમાં જ હતી અને છે કે મનુષ્યજાતિમાં અસ્તિત્વ ધરાવતા બીજા સંપ્રદાયોના પ્રવર્તકો અને અનુયાયીઓમાં પણ એ પ્રવર્તી છે અગર પ્રવર્તી શકે?

૨ પરિભાષા, વ્યાખ્યા અને ઉપયોગનો ગમે તેટલો ભેદ હોવા છતાં જો વસ્તુગતે અનેકાંતવિચાર અને અનેકાંતવર્તન બીજા કોઇ જૈનેતર ગણાતા સંપ્રદાયના પ્રવર્તકો કે અનુયાયીઓમાં હોય અને તે આપણને પ્રમાણથી સાચું લાગે, તો તેનો તેટલા જ આદરથી સ્વીકાર કરવો કે સાંપ્રદાયિક અભિનિવેશથી આંખ બંધ કરવી?

૩ અનેકાંતના પાયા ઉપર સ્થપાયેલ ને પોષાયેલ જૈન સંપ્રદાયમાં પણ અનેકાંત જીવનમાં બીજા સંપ્રદાયો કરતાં વધારે પ્રમાણમાં ઉતર્યો ન હોય, તો જૈન લોકોને અનેકાંત વિષે ગૌરવ લેવાને કાંઇ કારણ છે? અથવા અનેકાંત વિષે ગૌરવ લેવું એટલે શું?

બીજા અને ત્રીજા પ્રશ્નને પ્રથમ લઇએ. હું ધારૂં છું કે ગમે તેવો સાંપ્રદાયિક મનનો જૈન હશે તોય એમ તો તે ભાગ્યે જ કહેશે કે જૈન સિવાયના બીજા કોઇ પણ સંપ્રદાયના પ્રવર્તક કે અનુયાયીમાં સાચે જ અનેકાંત વિચાર કે વર્તન હોય તો તેનો સ્વીકાર કરતાં, તેનો આદર કરતાં અચકાવું. એવો પણ કોઇ જૈન ભાગ્યે જ નિકળશે કે બીજા સંપ્રદાયના પ્રવર્તક કે અનુયાયીના જીવનમાં ઉતરેલ હોય તેટલો પણ અનેકાંત પોતાના જીવનમાં ન હોવા છતાં માત્ર સાંપ્રદાયિક માન્યતાને કારણે પોતાના જીવનમાં ગૌરવ લે. ત્યારે હવે પ્રથમ પ્રશ્નને અંગે જ કાંઇક વિચારવું ઘટે છે. હું મારા વાચન અને ચિંતનને પરિણામે તદ્દન સ્પષ્ટપણે જોઇ શકયો છું કે પરિભાષા, શૈલી અને ઉપયોગની પધ્ધતિ ગમે તેટલી જુદી હોય, છતાંય પ્રસિદ્ધ બધા જ જૈનેતર સંપ્રદાયના પ્રવર્તકો અને કેટલાક તેના અનુયાયીઓ સુધ્ધાં અનેકાંતને અવલંબીને જ પોતપોતાની ઢબે વિચાર પ્રગટ કરી ગયા છે અને હું એમ સ્પષ્ટપણે જોઇ શકું છું કે અનેકાંત દૃષ્ટિએ વિચાર કરવાની શકયતા જો જૈન સંપ્રદાયના પ્રવર્તકો ને અનુયાયીઓમાં સંભવિત છે, તો તેટલી જ શકયતા બીજા કોઈ પણ જુદા નામથી ઓળખાતા સંપ્રદાયના પ્રવર્તકો ને અનુયાયીઓમાં સંભવિત છે. એટલું જ નહિ પણ ઘણી વાર તો વ્યવહારમાં જૈન કરતાં જૈનેતર સંસ્કારી અને શિક્ષિત વ્યક્તિઓમાં એ શકયતા વધારે પ્રમાણમાં દૃગ્ગોચર થાય છે. મારા આ અભિપ્રાયની યથાર્થતા આંકવા ઇચ્છનારને હું થોડીક સુચનાઓ કરવા ઇચ્છું છું. જો તેઓ એ સુચના પ્રમાણે વર્તી જોશે, તો તેમને પોતાને પોતાની જ આંખે એ સત્ય દીવા જેવું દેખાશે. સહેલામાં સહેલી ને સૌથી પ્રથમ અમલમાં મૂકાય એવી સુચના એ છે કે જે જૈનો હોય તે ઉત્તરાધ્યયન મૂળ અગર તેનું ભાષાંતર વાંચે, તેની સાથે જ બૌદ્ધ સંપ્રદાયનું માન્ય ધર્મપદ ને વૈદિક સંપ્રદાયોની ગીતા વાંચે. વાંચતાં કેવળ એટલી જ દૃષ્ટિ રહે કે દરેક સંપ્રદાયના તે તે શાસ્ત્રોમાં ચિત્તશુદ્ધિ, સંયમ, અહિંસા આદિ સદ્ગુણોની પુષ્ટિ કેવી એક સરખી રીતે કરવામાં આવી છે? એથી આગળ વધી વધારે જોવા ઇચ્છનારને હું સુચના કરવા ઇચ્છું છું કે ખુદ તથાગત બુધ્ધે પોતે કેવા અર્થમાં ક્રિયાવાદી છે અને કયા અર્થમાં અક્રિયાવાદી છે એનો જે ખુલાસો કર્યો છે અને જે રીતે અનેકાંતદૃષ્ટિ જીવનમાં હોવાની સાબિતી આપી છે, તેને જૈન અનેકાંત સાથે સરખાવવી. તે જ રીતે પાતંજલ યોગશાસ્ત્ર કે તેના કરતાંય બહુ જુના ઉપનિષદોમાં જે અધિકારપરત્વે અનેકવિધ આધ્યાત્મિક સાધનાઓ બતાવી છે, તેનું જૈન આધ્યાત્મિક સાધનાઓ સાથે તોલન કરવું, જેવું કે આચાર્ય હરિભદ્ર અને યશોવિજયજીએ કર્યું છે. જરથોસ્ત્રિયન, ક્રિશ્ચિયન અને ઇસ્લામી ધાર્મિક આજ્ઞાઓ સુધી ન જાય, તોય ઉપર કહેલ બૌદ્ધ અને વૈદિક શાસ્ત્રોના જૈન શાસ્ત્રો સાથેના તોલનથી દરેકને એ ખાત્રી થઇ જશે કે સત્ય અને તેની વિચારદૃષ્ટિ કોઇ એક જ પંથમાં બંધાઇ રહેતી નથી. આ મુદ્દાની વધારે સ્પષ્ટતા કરવા ઇચ્છનારને હું એક બીજી પણ સુચના કરવા ઇચ્છું છું અને તે એ છે કે તેણે સમાન દરજ્જાના અમુક માણસો સરખી સંખ્યામાં દરેક સંપ્રદાયના અનુયાયીઓમાંથી

(અનુસંધાન પૃષ્ટ ૩૪ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુધ્દ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જુન ૧૫ ૧૯૪૩

# શ્રી કાનજી મુનિ

સોનગઢથી રાજકોટ કુચ કરી રહેલ શ્રી. કાનજી મુનિએ કાઠીયાવાડના જૈનોમાં અને ખાસ કરી સ્થાનકવાસી જૈનોમાં કોલાહલ મચાવ્યો છે. શ્રી. કાનજી મુનિ વર્ષો સુધી સ્થાનકવાસી સાધુ હતા. તેમનુ બહુ માન હતું. થોડા વર્ષ પહેલાં તેમણે વેષ-પરિવર્તન કર્યું. મુહુપત્તિ અને રજોહરણનો ત્યાગ કર્યો અને સોનગઢમાં એક આશ્રમ અથવા મઠ સ્થાપ્યો. તેમને એક નાનો પણ વગદાર અને શ્રીમંત અનુયાયી વર્ગ છે. અત્યારની તેમની કુચ ઇરાદાપૂર્વક કરેલી યોજનાનું પરિણામ છે. બે વર્ષ પહેલાં હું સોનગઢમાં હતો ત્યારે આ યોજના વિચારાઇ રહી હતી. તેમના અનુયાયી વર્ગનો મોટો ભાગ સ્વભાવિક રીતે સ્થાનકવાસી છે. તેમના ઉપદેશને પરિણામે સ્થાનકવાસી સંઘોમાં કુસંપ થયો છે. ગામેગામ તડો અને પડવા સંભવ છે. આ કુચ તેમણે પોતાનો અનુયાયી વર્ગ વધારવા કરેલી છે. તેને પરિણામે કુસંપ થશે તે તેઓ જાણુતા હતા પણ જેને નવો પંથ શરૂ કરવો છે તે આવું પરિણામ આવકારે છે. એટલે તેમના અનુયાયીઓએ ગામેગામ ભારે ધામધૂમ કરી છે.

તેમના પંથને તેમણે કાંઇ નામ આપ્યું નથી. તેઓ હજી પોતાની જાતને જૈન કહેવડાવે છે. શ્વેતાંબરોના આગમોનો અને માન્યતાઓનો તેઓ પ્રકટપણે અસ્વીકાર કરે છે. તેઓ માત્ર દિગમ્બર આચાર્ય શ્રી કુંદકુંદનું સાહિત્ય વાંચે છે અને વંચાવે છે. શ્રી કુંદકુંદાચાર્યના 'સમયસાર' ગ્રંથની તેમણે ખૂબ ધામધૂમથી પ્રતિષ્ઠા કરી છે. તેઓએ એક મંદીર બંધાવ્યું છે, જેમાં શ્રી સીમંધર સ્વામીની મૂર્તિ મૂકાવી છે. તેમનું વાંચન દિગમ્બર સાહિત્યનું છે પણ તેમનું વર્તન દિગમ્બર સાધુ જેવું નથી, હવે તો એક મહાધિપતિ જેવું તેમનું વર્તન છે અને કેટલેક દરજ્જે વૈષ્ણવ મહારાજ જેવો તેમનો વ્યવહાર થતો જાય છે. તેમના અનુયાયીઓ તેમનું પાદપ્રક્ષાલન કરે છે, પોતાના ઘરે તેમનાં પગલાં કરે છે, સ્ત્રીઓ પણ તેમના ચરણે રૂપીયા ધરે છે, તેઓ જ્યાં વિહાર કરે ત્યાં સાથે ડેરા તંબુઓનો ઠાઠ હોય છે, બેંડવાજાઓથી તેમનું સ્વાગત થાય છે; સરઘસમાં પાદપૂજા અને ચરણે રૂપીયા ધરાય છે, મોટા રસોડાઓ ચાલે છે અને તેમના અનુયાયીઓ તેમને મહાપ્રભુ કહે છે. કેટલીક બહેનો કાયમ માટે તેઓ જ્યાં હોય ત્યાં જ રહે છે અને તેમાંની આગેવાન બહેનો બહેનશ્રીઓ કહેવાય છે. ભક્તિની ધૂનમાં દાંડીયા રાસ થાય છે.

શ્રી. કાનજી મુનિ સાથેનો મારો પરિચય લગભગ ૧૫ વર્ષનો જુનો છે. તેઓ સ્થાનકવાસી સાધુ હતા ત્યારે પણ હું તેમના સિધ્ધાંતો ભૂલભરેલા અને તેમનો ઉપદેશ હાનિકારક માનતો. આપણામાં ગુણપૂજા કરતા વેશપૂજા વિશેષ ન હોત તો વર્ષો પહેલાં તેમને આપણે પારખ્યા હોત. તેમની સાથે એક નારણજી મુનિ કરીને સાધુ હતા, તેમને અવધિજ્ઞાન થયું છે એવી જાહેરાત શ્રી કાનજી મુનિએ કરી ત્યારે હજારો માણસો તેમના દર્શને જતા. હું પણ ગયો હતો. પણ નારણજી મુનિ સાથે કોઇને વાત કરવા દેતા નહિ. શ્રી. ટી. જી. શાહે આ વિષે કેટલીક ચોંકાવનારી હકીકતો બહાર પાડી છે. અંતે નારણજી મુનિ ગાંડા થઇ ગયા, વેષ છોડી સંસારમાં આવ્યા, તેમની સ્ત્રી જેમણે ચોથું વ્રત અંગીકાર કર્યું હતું, તેમનાં ઉપર બળાત્કાર કરવા પ્રયત્ન કર્યો અને એ બાઇએ વ્રતભંગ કરવા કરતાં બળી મરવું પસંદ કર્યું. ૧૯૪૧ માં હું લગભગ બે મહિના સોનગઢમાં રહ્યો અને શ્રી. કાનજી મુનિનાં નિકટ પરિચયમાં આવ્યો. તેમના વિષેનો મારો અભિપ્રાય દૃઢ થયો. છેલ્લા બે મહિનાના તેમના વર્તનથી એ અભિપ્રાય વિશેષ દૃઢ થયો.

શ્રી. કાનજી મુનિ વિદ્વાન છે એટલે કે પૂર્વે તેમણે શ્વેતામ્બર આગમસાહિત્ય અને હવે દિગમ્બર સાહિત્ય સારી રીતે વાંચ્યું છે. બીજા કોઇ ભારતીય દર્શનનો તેમને અભ્યાસ કે જ્ઞાન નથી. તેમની વકતૃત્વ શકિત અને તાર્કિક દલીલ શકિત સારી છે. એ વિષે તેમને અભિમાન છે. પોતાના મતમાં તેઓ મકકમ છે. અન્ય દર્શનોનો અભ્યાસ ન હોવાથી દૃષ્ટિસંકુચિતતા છે અને અસહિષ્ણુતા છે. તાર્કિક દલીલ શકિતના અભિમાનને કારણે ચર્ચાનો બહુ શોખ છે. હંમેશ સવાર સાંજ પ્રશ્નોત્તરી હોય છે. મેં ઘણા દિવસો તેમાં હાજરી આપી છે. પણ જિજ્ઞાસુઓ અથવા મુમુક્ષુઓની માર્મિક ધાર્મિક ચર્ચાને બદલે તેમાં કાં તો હાંજી હા અથવા અર્થહીન વાદવિવાદ જ હોય છે. શ્રી. કાનજી મુનિમાં આત્માર્થીપણું કે સાચી આધ્યાત્મિકતા મને જણાઇ નથી. સંત પુરૂષમાં જે પ્રકારનું સાચું અનુભવ જ્ઞાન આપણે જોઇએ તેનો તેમનામાં અભાવ છે. હવે તો પોતાનો પંથ અને પોતાની પૂજા વધારવાની જ તેમને તમન્ના છે. એક નવીન પંથના બધાં લક્ષણો ધીમે ધીમે આવતા જાય છે. આ લીલા કયાં અટકશે?

અનુયાયી વર્ગ વધારવા તેમણે એક યુકિત કરી છે. પોતાની જાતને શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયી કહેવડાવે છે એટલે શ્રીમદ્નો અનુયાયી વર્ગ તેમના તરફ આકર્ષાય છે. પણ શ્રીમદ્ અને શ્રી. કાનજી મુનિ વચ્ચે કોઇ સરખામણી શકય નથી.

આવી વ્યકિત માટે આટલો વિરોધ શો એ પ્રશ્ન સ્વભાવિક થાય. હું ખરેખરજ માનું છું કે વિરોધથી તેમને મહત્વ મળી રહ્યું છે. તેમના ભૂલ ભરેલાં સિદ્ધાંતો અને હાનિકારક ઉપદેશથી સમાજને ચેતવવાની જરૂર છે, પણ તેથી વિશેષ મહત્વને તે પાત્ર નથી. તેમનાં કારણે સંઘ અથવા સમાજમાં કુસંપ કરવો, વ્યવહારમાં ગુંચવણો ઉભી કરવી એમાં ડહાપણ નથી. હું તો કાનજી મુનિના અનુયાયીઓને કહું છું કે એમને માણસ રહેવા દો, મહાપ્રભુજી ન બનાવશો. શ્રી કાનજી મુનિમાં કાંઇ આત્માર્થીપણું હોય તો ભગવાનને પ્રાર્થના કરે—જો તેઓ ભગવાન અથવા પ્રાર્થનામાં માનતા હોય તો કે હે ભગવાન મારા ભકતોથી મને બચાવજે.

શ્રી કાનજી મુનિના વર્તન અને વ્યવહાર વિષે કહ્યું. હવે તેમના સિધ્ધાંતો અને ઉપદેશ વિષે થોડું કહું. તેઓ આત્મા અને મોક્ષની જ વાતો કરે છે. મોક્ષ પ્રાપ્ત કરવા સમ્યક્ જ્ઞાન થવું જોઇએ. સમ્યક્ જ્ઞાન એટલે આત્માના સાચા સ્વરૂપની ઓળખ. આત્માનું સાચું સ્વરૂપ જાણવાનું સાધન વાંચન, મનન અને સદ્ગુરૂનો સમાગમ. વાંચનમાં માત્ર શ્રી કુંદકુંદાચાર્યના પુસ્તકો અને સદ્ગુરૂનો સમાગમ એટલે શ્રી. કાનજી મુનિનો સમાગમ. આ સિવાય મોક્ષનો બીજો કોઇ માર્ગ નથી, બીજી કોઇ સાધના નથી. એ સાધનામાં તપ, વ્રત, સંયમ કોઇને સ્થાન નથી. એ બધી ક્રિયાઓ દેહની છે, જડ છે, આત્માને તે સાથે કાંઈ સંબંધ નથી. આત્મા માત્ર ભાવ કરે છે, રાગદ્વેષ કરે છે; તે

કરતાં બંધ થઇએ અને આત્માનું સાચુ સ્વરૂપ જાણીએ એટલે મોક્ષ. દેહની ક્રિયાઓ થયા જ કરે છે. તેમાં આત્માનો કોઇ સંબંધ નથી. દયા, દાન, પરોપકાર વગેરે કાર્યો દેહના છે, જડ છે. તેથી પુણ્ય થાય, પુણ્યથી બંધ છે, બંધ મોક્ષનું કારણ નથી માટે આવી પ્રવૃત્તિઓ ત્યાજ્ય છે. બધી શુભ પ્રવૃત્તિઓ બંધનકારક છે. શુદ્ધ ભાવ કરવો એટલું આત્મા કરી શકે છે. તેમનાં વ્યાખ્યાનોમાં આત્માના સ્વરૂપનું વર્ણન અને જડચેતનના સંબંધની તાત્વિક ચર્ચા સિવાય બીજો કોઇ ઉપદેશ નથી. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ—આ વ્રતોને તેમની જીવનસાધનામાં કોઇ સ્થાન નથી. આત્માનું સાચું સ્વરૂપ જાણી લીધું એટલે પતી ગયું. સાધ્યના વર્ણન અને વિવેચનમાં સાધન માર્ગની સાવ અવગણના છે. મનુષ્યજીવનનો ક્રમિક વિકાસ થાય છે તે તેમને માન્ય નથી. સીધી મોક્ષની નીસરણી જ માંડવાની છે. વળી દેહકષ્ટ, તપ, સંયમ—તેને પણ કાંઇ સ્થાન નથી. આ બધી દેહની ક્રિયાઓ છે. એકડો ન આવડતો હોય તેને આઇન્સ્ટીનના સાપેક્ષવાદનાં સિદ્ધાંતોનો ઉપદેશ આપવા જેવું છે. મને તેમણે કહેલું કે "શ્રોતાનો અધિકાર નક્કી કરવાનું કામ મારૂં નથી. તેનાં અજ્ઞાન આડે એક પાંદડું જ હોય અને મારા એક વચનથી જ તે દૂર થઇ જાય. અમે તો ઉચ્ચમાં ઉચ્ચ વસ્તુ પીરસવાના. તેનું પરિણામ અમારે જોવાનું નથી."

મારા મત મુજબ આ સિદ્ધાંતો ભ્રમભરેલા છે, આ ઉપદેશ સમાજને અને વ્યક્તિને હાનિકારક છે. જૈનધર્મના અનેકાંતવાદ સ્વરૂપની તદ્દન અવગણના છે. જે વસ્તુ અમુક અપેક્ષાએ સત્ય હોય તેને પૂર્ણ સત્ય તરીકે રજુ કરવામાં હાનિ છે, અસત્ય છે. અમુક દૃષ્ટિએ એ સત્ય હોય કે દયા જેવી કોઇ વસ્તુ નથી, કોઈ કોઇને મદદ કરી શકતું નથી, પોતાનું દુઃખ ઓછું કરવા જ માણસ દયા કરે છે, છતાં માણસનો વ્યવહાર દયાની ભાવના ઉપર જ નભે છે. આ ઉપદેશનું પરિણામ વ્યક્તિ પોતાની સામાજીક જવાબદારી પ્રત્યે બેદરકાર થાય તેજ આવે. જેણે સમાજ ત્યજ્યો છે, તેને માટે વર્તનનું ધોરણ કદાચ જુદું હોય, પણ જે સમાજમાં રહે છે તેણે આવી શુષ્ક જ્ઞાનની વાતો કરી પોતાની જવાબદારીઓમાંથી છુટાય જ નહિ. જે ઉપદેશક પોતાના શ્રોતાવર્ગનો અધિકાર જાણતો નથી તે ઉપદેશક થવાને લાયક નથી.

શ્રી. કાનજી મુનિનો પંથ સાવ સરળ અને સીધો દેખાય છે. કાંઇ જ કરવાનું નથી. શ્રી. કુંદકુંદાચાર્યનાં પુસ્તકો વાંચવાં અને મહાપ્રભુજીનો સમાગમ રાખવો. નથી દેહકષ્ટ, નથી દાન કે શુભપ્રવૃત્તિ—લક્ષ્મીનો વ્યય કરવો હોય તો માત્ર સદ્‌ગુરૂદેવના સ્વાગત માટે. આ શુધ્ધ તેરાપંથ છે. તે સાથે તેરાપંથી સાધુઓ જે તપ અને વ્રત અને સંયમ આદરે છે તેનો પણ ત્યાગ છે.

શ્રી. કાનજીમુનિની આત્મા અને મોક્ષની કોરી કરાડ વાતો સાથે તેમનું વર્તન કોઇ સંત અથવા મસ્ત આધ્યાત્મવાદી જેવું નહિ પણ એક મઠના મઠાધિપતિ જેવું છે. પંડીત જવાહરલાલ નેહરૂને ચાર વર્ષની સજા થઈ ત્યારે હું સોનગઢ હતો. હું બારે ઉદ્વિગ્ન હતો. મને તેમણે ખેદનું કારણ પુછ્યું. મેં કહ્યું, તેમને હસવું આવ્યું. "તમે બધાં અજ્ઞાનની જેલમાં છો તો પંડીતને ચાર વર્ષની જેલ મળી તેમાં ખેદ શો!" જગતમાં ચાલી રહેલ મહાસંહાર, મનુષ્યોનું દુઃખ, હિન્દની પરાધીનતા, કોઇ વસ્તુ તેમને સ્પર્શતી નથી. તેઓ કહે છે કે ગાંધીજી જે પ્રવૃત્તિઓ કરી રહ્યાં છે તેમાં તેમનો મોક્ષ નથી, કદાચ દેવલોક મળે. શ્રી. કાનજી મુનિએ તો પોતાની દુનિયા રચી છે અને તેમાં રાચે છે.

**ચીમનલાલ શાહ**

# 'જૈન કળા સંશોધન કાર્યાલય'

## એક યોજના

શ્રી. સારાભાઇ મણિલાલ નવાબે જૈન કળા સંશોધન કાર્યાલય ઉપસ્થિત કરવાની જરૂરિયાત સમજાવતું નીચે મુજબનું એક નિવેદન મોકલ્યું છેઃ—

ગત વર્ષમાં મારા તરફથી પ્રસિધ્ધ થયેલ "ભારતના જૈન તીર્થો અને તેમનું શિલ્પસ્થાપત્ય" નામના ગ્રંથમાંના મારા નિવેદન પરથી મારા કેટલાક કળાપ્રેમી મિત્રો તરફથી રૂબરૂમાં અને પત્રવ્યવહાર મારફતે જૈનકળા સ્મારકોના સંશોધન તથા સંરક્ષણની યોજનાની માંગણી થતાં, જૈન સમાજની જાણ સારૂ તે સંબંધમાં જૈન સમાજે શું કરવું જોઇએ તે વિષેના મારા અંગત વિચારો રજુ કરવાની જાહેર પત્રો દ્વારા હું તક લઉં છું અને સાથે સાથે આશા રાખું છું કે જૈન તીર્થો તથા જૈન મંદિરોના સંરક્ષણ માટે અને જૈન ધાર્મિક ઉત્સવોની પાછળ દર વર્ષે સેંકડો રૂપિયા ખર્ચ કરનાર જૈન સમાજનો શ્રીમંત વર્ગ આવી એકાદ સંસ્થા ઉભી કરીને પોતાના જ પૂર્વજોએ અબજો રૂપિયા ખર્ચીને તૈયાર કરાવેલા જૈન સ્થાપત્ય કીર્તનોનું સંરક્ષણ કરવા તથા તેનો રસાસ્વાદ જનતાને ચખાડવા જરૂર કટિબધ્ધ થશે.

ઇ. સ. ૧૯૩૨ ની સાલમાં મારા સાહિત્યક્ષેત્રમાં થયેલા પ્રથમ પ્રવેશ બાદ "જૈન ચિત્ર કલ્પદ્રુમ, મહાપ્રાભાવિક નવસ્મરણ, જૈન ચિત્ર કલ્પલતા, ચિત્ર કલ્પસૂત્ર" વગેરે ગ્રંથોદ્વારા જૈન ચિત્રકળાનો જનતાને પરિચય કરાવવા મેં મારાથી બનતું કર્યું છે, પરંતુ મારા બાર વર્ષના આ ક્ષેત્રમાં કરેલા કાર્યના અનુભવથી તથા છેલ્લાં બે વર્ષ દરમ્યાન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી શરૂ થયેલા "જૈન ડીરેકટરી વિભાગ"ના કામકાજ માટે મેં કરેલા પંજાબ, સિંધ, મારવાડ તથા રજપુતાના પ્રદેશના ગામેગામના મંદિરોના નિરીક્ષણ બાદ મારી ખાત્રી થઇ છે કે જૈન વિદ્વાનો પૈકી એકાદ બે અપવાદ સિવાય અસ્તવ્યસ્ત સ્થિતિમાં પડેલા આ જૈન સ્મારકોનો પરિચય જનતાને કરાવવાનો પ્રયાસ સુદ્ધાં પણ કરવામાં આવ્યો નથી, તો પછી તે સ્મારકોનાં સંરક્ષણની તો વાત જ શી? વળી આ કાર્ય એટલું બધું વિસ્તૃત છે કે તે એકાદ વ્યકિતથી પાર પડી શકે તેવું નથી; અને તે કારણને લીધે જ આ યોજના સમાજ સમક્ષ રજુ કરી છે. આ યોજનામાં સુધારો વધારો કરવાની દરેક વ્યકિતને છૂટ છે; અને તે સુધારાઓ પત્રદ્વારા મને મોકલાવી આપવા મારી નમ્ર વિનંતી છે.

આ સંસ્થાનું નામ "જૈન કળા સંશોધન કાર્યાલય" (Jain Art Research Institute) રાખવું જોઇએ અને આ સંસ્થા તરફથી વહેલામાં વહેલી તકે નીચે મુજબનું કાર્ય ઉપાડી લેવું જોઇએઃ—

(૧) ભારતનાં પ્રાંતે પ્રાંતે, પર્વતે પર્વતે, ગામે ગામે અને જંગલોમાં નાના પ્રકારનાં સ્તૂપો, સ્તંભો, વિહારો, ધર્માગારો અને મંદિરો આદિના રૂપમાં પથરાએલાં સ્થાપત્યાત્મક કીર્તનોની એક સૈકા તથા સ્થળવાર યાદી તૈયાર કરી, જે જે સ્થાપત્યોના ફોટોગ્રાફ કળા તથા ઇતિહાસની દૃષ્ટિએ લેવરાવવા જેવા હોય તેના ફોટોગ્રાફો લેવરાવી તે દરેકના ટૂંક પરિચય સાથે તેને પ્રસિદ્ધ કરાવવા.

(૨) પંજાબ, સિંધ, મારવાડ, રાજપુતાના, બંગાલ, દક્ષિણ તથા ગુજરાત વગેરે પ્રાંતોમાં આવેલા જૈન સાહિત્ય ભંડારો તથા શ્રીમાનોના ખાનગી ગ્રંથસંગ્રહોમાં સુરક્ષિત રહેલા અનુપમ ગ્રંથસ્થ ચિત્રરત્નોની સવિસ્તર સૈકાવાર યાદી તૈયાર કરી તેમાંથી

કળાની દૃષ્ટિએ ઉચ્ચકોટિના ચિત્રો ચૂંટી કાઢીને તેના બ્લૉકો બનાવરાવી તેના પરિચય સાથે છપાવીને જાહેરમાં મૂકવા.

(૩) "જૈન કળા સંશોધન" નામની ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી ભાષામાં ત્રૈમાસિક પત્રિકા પ્રસિદ્ધ કરવી.

(૪) અમદાવાદ તથા મુંબઇમાં જૈન સંગ્રહસ્થાન (Museum) ઉભા કરવાં.

(૫) જૈન ચિત્રકળા (Jain Painting), જૈન કલ્પસૂત્રનાં ચિત્રો (The Paintings of Kalpasutra), જૈન સ્થાપત્યો (Jain Architecture) તથા જન મૂર્તિવિધાન કળા (Jain Iconography) ને લગતાં અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં ગ્રંથો પ્રસિધ્ધ કરવા.

(૬) ઉપરોક્ત વિષયોના પ્રચાર માટે જૈન સ્કોલરો તૈયાર કરવા.

આ પ્રમાણેની સંસ્થા જેમ બને તેમ જલદી શરૂ કરવા કોઇ જૈન સંસ્થા અથવા જૈન શ્રીમાન તૈયાર થાય તો નિરંતર કાળના મુખમાં વિનાશને પંથે પડતા ભુતકાલિન જૈન કળાવશેષોનો નાશ થતો બચે અને તે દ્વારા ભવિષ્યની જૈન પ્રજા માટે કળાનો અમૂલ્ય વારસો અબાધિત રહે. આ કાર્ય માટે મારાથી બની શકતી બધી સેવાઓ આપવા હું તૈયાર છું.

ઠે. નાગજી ભુદરની પોળ,
અમદાવાદ.
**સારાભાઇ મણિલાલ નવાબ.**

શ્રી. સારાભાઇ નવાબનું નામ કળાસાહિત્યના ક્ષેત્રમાં બહુ જાણીતું છે. 'જૈન ચિત્ર કલ્પદ્રુમ' નામના ગ્રંથદ્વારા તેમજ અન્ય પ્રકાશનોદ્વારા હસ્તલિખિત જૈન પ્રતોમાં છુપાયલી વિલક્ષણ પ્રકારની ચિત્રકળાનો ગુજરાતી જનતાને તેમણે સારો પરિચય કરાવ્યો છે. તે ગ્રંથ તથા તેમનાં અન્ય પ્રકાશનો જૈન સાહિત્ય, સ્થાપત્ય તેમજ મૂર્તિ વિધાનને લગતા તેમના વર્ષોભરના સંશોધન અને અખંડ અભ્યાસનું પરિણામ છે. તેઓ જૈન કલાસાહિત્યનો વિપુલ સંગ્રહ ધરાવે છે અને ચિત્રકળા તેમજ સ્થાપત્યના આજ સુધીના વિકાસમાં જૈનોનો શું ફાળો છે તે વિષે પ્રમાણભૂત માહિતીઓ ધરાવનાર બહુ થોડા વિદ્વાનો અને સંશોધકોમાં શ્રી. સારાભાઇ નવાબનું નામ અગ્રસ્થાને ગણાય એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. તેમણે ઉપર રજુ કરેલી જૈન કળા સંશોધન કાર્યાલયને લગતી યોજના અથવા તો કલ્પના જરૂર વિચાર કરવા યોગ્ય તેમજ ઉત્તેજનને પાત્ર છે. અનેક ભવ્ય જૈન મૂર્તિઓ આજે અગોચર અને ઉપેક્ષિત દશામાં ડુબેલી પડી છે. ગ્રંથસ્થ ચિત્રસાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં ઉધઇનું ભોગ બની રહ્યું છે. આ બધું જૈન સમાજનું અસાધારણ ગૌરવ ઉત્પન્ન કરે તેવો અમુલ્ય વારસો છે અને તેની રક્ષા અને પ્રસિદ્ધિ જૈન સમાજનું ગૌરવ વધારવા માટે જ આવશ્યક છે એમ નથી, પણ ભારતીય કળાનું પણ એ બહુ જ ઉપયોગી અંગ છે એ રીતે પણ 'જૈન' શબ્દ સાથે જોડાયલો એ અપૂર્વ કળાભંડાર પુરી સંભાળ લેવા યોગ્ય છે. **પરમાનંદ**

## શ્રી. લુઇ ફીશરના લેખો ઉપર પ્રતિબંધ

તાજેતરમાં શ્રી. લુઇ ફીશરના લેખોના પ્રકાશન ઉપર સરકારે મૂકેલા પ્રતિબંધને લીધે ચોતરફ ભારે સંક્ષોભ ઉભો થયો છે. ગયું વર્ષ હિંદી રાજકરણમાં ભારે કટોકટીનું હતું. જે વિગ્રહ હિંદુસ્થાનના સીમાડાથી બહુ દૂર દૂર લડાઇ રહ્યો હતો તે વિગ્રહ જાપાન પોતાના ચમત્કારી દિગ્વિજય વડે હિંદુસ્થાનની પૂર્વ સરહદ ઉપર ખેંચી લાવ્યું, ત્યારથી હિંદી રાજકર્તાઓ તેમ જ પ્રજા-ઉભયમાં કદિ ન કલ્પી શકાય તેવી અકળામણ ઉભી થઇ હતી. હિંદી પ્રજાનો એક બાજુ અસહકાર અને બીજી બાજુ જાપાનનું ડેમોકલીસની તરવાર માફક લટકી રહેલું આક્રમણ, હિંદી પ્રજા સાથે સમાધાની કરવા માટે સર સ્ટ્રેફર્ડ ક્રીપ્સનું આવવું, અને ખાલી હાથે પાછા ફરવું, ગાંધીજીની 'Quit India'-'હિંદ છોડો'ની ઉદ્‌ઘોષણા અને હિંદી મહાસભાનો ઓગસ્ટની આઠમીનો સરકારને પડકારતો ઐતિહાસિક ઠરાવ, ત્યાર પછીની ગાંધીજી અને અન્ય દેશનેતાઓની ધરપકડ, સરકારી દમન અને ભાંગફોડની દેશવ્યાપી ઘટના-આ બધું દેશમાં બની રહ્યું હતું તે દરમિયાન અમેરિકાના જાણીતા પત્રકાર તથ લેખક શ્રી. લુઇ ફીશર હિંદુસ્થાનમાં હતા અને તેમણે આ બધું પોતાની નજરે નીહાળ્યું હતું. તેમને વાઇસરોયના મહેલમાં જવાનો તથા રહેવાનો લાભ મળ્યો હતો અને ગાંધીજી સાથે સેવાગ્રામમાં પણ તેમણે આખું અઠવાડીયું ગાળ્યું હતું. હિંદી સેનાધિપતિ સર આર્કીબાલ્ડ વેવલને તેઓ મળ્યા હતા અને પંડિત જવાહરલાલનો પણ તેમને પરિચય થયો હતો. ઓગસ્ટની આઠમી પછી છાપાઓ ઉપર સખ્તમાં સખ્ત પ્રતિબંધો મુકાયા હતા અને પરદેશ તો જે હકીકતો અહિંની સરકાર સંમત કરે તે જ જઇ શકતી હતી. અમેરિકામાં સરકારની મદદ અથવા તો પ્રેરણાના પરિણામે ગાંધીજી તેમ કોંગ્રેસની વિરૂદ્ધ એકસરખો પ્રચાર ખુબ જોસમાં ચાલી રહ્યો હતો. આવે વખતે શ્રી. લુઇ ફીશર કે જેમને હિંદની પરિસ્થિતિની બંને બાજુઓ જોવાનો અપૂર્વ લાભ મળ્યો હતો, તેમણે લેખો તેમજ ભાષણોદ્વારા અમેરીકાની પ્રજાને પોતાના અનુભવની વિગતો સંભળાવવા માંડી હતી અને એ રીતે તેમણે આખા ચિત્રની બીજી બાજુ જેવી પોતે જોઇ અને જાણી તેવી પ્રમાણીક રીતે અને અપૂર્વ શૈલિમાં અમેરિકાની પ્રજા સમક્ષ રજુ કરી હતી. હિંદની પરિસ્થિતિ ઉપર તેમણે મૌલિક પ્રકાશ પાડયો હતો અને આપણા દેશમાં રહીને પણ આપણે કેટલીયે બાબતો જાણતા નહોતા એવી તેમણે દુનિયાને જણાવી હતી. સર સ્ટ્રેફર્ડ ક્રીપ્સને મળેલી નિષ્ફળતા ઉપરી રાજ્યકર્તાઓની હિંદવિરોધી ચોકકસ રાજ્યનીતિને આભારી હતી, ગાંધીજીનું વળણ પહેલેથી છેલ્લે સુધી સરકાર સાથે કોઇને કોઇ રીતે માનભર્યું સમાધાન શોધવાનું હતું અને સરકારે એકાએક દમનનીતિ અખત્યાર ન કરતાં ગાંધીજી સાથે સમાધાની કરવાનો પ્રયત્ન કર્યો હત તો આજની અણઉકેલ મડાગાંઠ અને તજ્જન્ય આખા દેશની દુર્દશાને બદલે હિંદની આજે કોઇ જુદી જ પરિસ્થિતિ હત-આ તેમના મુખ્ય મન્તવ્યોને તેમણે અનેક દાખલા, દલીલો અને અનુભવગત બીનાઓ વડે પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમના લેખો અહિં તેમજ અન્યત્ર બહુ જ રસ અને આદરથી વંચાતા હતા. 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને તેમના લેખોની પ્રસાદી પીરસવાની અમને તીવ્ર આકાંક્ષા હતી, પણ એ શરૂ કરીએ એ પહેલાં સરકારી પ્રતિબંધોએ આકાંક્ષાને વિસર્જિત કરવાની ફરજ પાડી છે. શ્રી. લુઇ ફીશરના લેખો ઉચિત મર્યાદામાં રહીને લખાયલા હતા અને તેનો આશય કોઇ રીતે આજની મડાગાંઠના ઉકેલ તરફ લઇ જવાનો અને એ બાબતમાં અમેરિકાની પ્રજાના અભિપ્રાયની અનુકુળતા અને જરૂરી દબાણ ઉભું કરવાનો હતો. પણ જે સરકાર આજે કોઇ મહત્ત્વનો માણસ પોતાને પ્રતિકુળ રજુઆત કરે તે સહન કરવાને તૈયાર નથી, અને જેને મડાગાંઠની કશી મુંઝવણ કે પરવા નથી, તે સરકાર શ્રી. લુઇ ફીશરના લેખો ઉપર પ્રતિબંધ મુકે તે શોચનીય હોવા છતાં તેમાં આશ્ચર્ય પામવા જેવું તો કશું છે જ નહિ. **પરમાનંદ.**

# પ્રકીર્ણ નોંધ

## કોમીન્ટર્નનું વિસર્જન

દેશપરદેશમાં ઉપસ્થિત થયેલી અનેક સામ્યવાદ પ્રચારક સંસ્થાઓનું નિયંત્રણ કરતી મધ્યવર્તી આંતરરાષ્ટ્રીય સંસ્થાનું મથક મોસ્કો ખાતે હતું અને એ સંસ્થાની કોંગ્રેસ અવારનવાર જે જે ઠરાવો કરતી તે સર્વ સામ્યવાદી સંસ્થાઓને બંધનકર્તા ગણાતા હતા. આ મધ્યવર્તી સંસ્થાને કોમીન્ટર્નના નામથી ઓળખાવવામાં આવતી હતી. સોવીયેટ સરકારે આ કોમીન્ટર્નનું જાહેર રીતે વિસર્જન કર્યું છે. પરિણામે સામ્યવાદનો પ્રચાર કરવા માટે વર્ષો થયાં ઉભી કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય રચનાનો અંત આવે છે અને પ્રત્યેક દેશના સામ્યવાદીઓને પોતપોતાની અનુકુળતા અને પોતાના દેશની વિશેષતા અનુસાર પ્રચાર કરવાની છુટ મળે છે. એ ઉપરાંત સામ્યવાદીઓનું મક્કા મોસ્કો છે અને તેઓ મોસ્કોની દોરવણી અનુસાર પોતપોતાની રાજનીતિ ઘડે છે એવો સામ્યવાદીઓ ઉપર જે ચાલુ આક્ષેપ કરવામાં આવતો હતો તે આક્ષેપ કરવાને હવે સ્થાન રહેતું નથી. સામ્યવાદનો મુખ્ય દાવો આન્તરરાષ્ટ્રીયતાનો હતો તેને બદલે સામ્યવાદ હવે રાષ્ટ્રીય બને અને દરેક દેશની લાક્ષણિક વિશિષ્ટતાઓ મુજબ તે તે દેશમાં સામ્યવાદનો અવકાશ ઉભો થાય છે.

સામ્યવાદના ઇતિહાસમાં આ મહત્વનો બનાવ છે. લેનીનના સામ્યવાદને તેનો વારસદાર સ્ટેલીન રશીયાની આન્તર્ગત અને આસપાસની પરિસ્થિતિ ધ્યાનમાં લઇને ઉત્તરોત્તર હળવો બનાવતો આવ્યો છે. આજે એક બાજુ ઇંગ્લાંડ અને યુનાઇટેડ સ્ટેઇટસ અને બીજી બાજુ રશીયા મિત્રરાજ્યો બની જર્મનીનો સામનો કરી રહ્યા છે. આ સામનાને વધારે ને વધારે સંગીન બનાવવા માટે બંને વચ્ચે શકય તેટલો સહકાર આવશ્યક છે. પણ આ સહકારમાં ઉપર જણાવેલ કોમીન્ટર્ન એક મોટી આડખીલીરૂપ નડતી હતી. તે નડતર સોવીયટ સરકારની ઉપર જણાવેલ જાહેરાતથી હવે દૂર થાય છે. કોમીન્ટર્નના વિસર્જનથી સામ્યવાદના એકરૂપ આન્તરરાષ્ટ્રીય પ્રચારને અવશ્ય ધક્કો લાગશે પણ બીજી બાજુએ જે જે દેશમાં ત્રસ્ત, પીડિત અને પરાધીન પ્રજાનો વસવાટ છે તે તે દેશની પ્રજા સામ્યવાદીઓને હવે પારકા ગણવાને બદલે પોતાના ગણતા થશે અને એ રીતે સામ્યવાદને ઘણો વધારે વેગ મળશે, એમ ધારવામાં આવે છે.

## સામ્યવાદી પરિષદ

મે માસના છેલ્લા અઠવાડીઆ દરમિયાન મુંબઇ ખાતે સામ્યવાદી પરિષદ ભરાઇ ગઇ. સામ્યવાદના ઉદ્‌ભવ સાથે મુડીવાદી પ્રત્યેક રાજ્યસત્તા સામ્યવાદ પ્રત્યે તીવ્ર કટાક્ષથી જોતી આવી છે અને સામ્યવાદી સંસ્થાઓને ગેરકાયદેસર જાહેર કરતી આવી છે. આજ નીતિ હિંદુસ્તાનમાં અંગ્રેજ સરકારની હતી. વર્તમાન વિગ્રહના પ્રારંભમાં અનેક સામ્યવાદીઓનું વળણ યુદ્ધવિરોધી હોવાથી સરકારે તેમની સ્થળે સ્થળેથી ધરપકડ કરી હતી. આગળ ચાલતાં રશીઆ યુદ્ધમાં જોડાયું અને એ રીતે અંગ્રેજ સરકારનું મિત્ર બન્યું. રશીઆના જોડાવાથી સામ્યવાદીઓનું યુદ્ધવિષયક વળણ બદલાયું. તેમની દૃષ્ટિએ વર્તમાન યુદ્ધ કેવળ શાહીવાદી યુધ્ધ હતું તે મટીને નાઝીવિરોધી યુદ્ધ બની ગયું. આ બદલાયલી વળણને પરિણામે સામ્યવાદીઓને સરકારે જેલમુક્ત કર્યા અને સામ્યવાદી સંસ્થાઓને ગેરકાયદેસરપણાના પ્રતિબંધથી મુક્ત કરી. આ પ્રતિબંધ નિવારણને લીધે તાજેતરમાં ભરાયલી સામ્યવાદી પરિષદ શકય બની. પ્રસ્તુત પરિષદના ઉદ્દેશોને સ્પષ્ટ કરતાં સામ્યવાદી આગેવાન શ્રી. પી. સી. જોશી જણાવે છે કે, “બર્મા જે આફતમાં સપડાયું તે આફતમાંથી હિંદુસ્થાન બચે, એટલું જ નહિ પણ આપણો દેશ આ વિગ્રહમાં ચીન જેવો મહત્વપૂર્ણ ભાગ ભજવે અને આઝાદ દુનિયામાં આઝાદ હિંદ ઉભું થાય એ અમારો મનોરથ છે. રાષ્ટ્રીય સરકાર સ્થાપવા માટે પ્રત્યેક પ્રજાને આત્મનિર્ણયનો અધિકાર મળવો જોઇએ. એ ધોરણ ઉપર કોંગ્રેસ અને લીગને અમે એકત્ર કરવા માંગીએ છીએ. ભાંગફોડ (Sabotage), પાંચમી કતાર, ખોરાકની તંગી, તેમજ દેશનેતાઓનો જેલવાસ–આ બધા અનર્થો સામે હીલચાલ કરવા માટે સર્વ પક્ષોના આગેવાનોને અમો એકત્ર કરવા ઇચ્છીએ છીએ. યુદ્ધ માટે વધારે ઉત્પાદન કરવા મજુર વર્ગને અને લોકો માટે વિશેષ ખોરાક ઉત્પન્ન કરવા કીસાનોને અમે સંગઠિત કરવા ચાહીએ છીએ. અમારો એ સુદૃઢ અભિપ્રાય છે કે રાષ્ટ્રિય રક્ષણને બને તેટલું સંગીન બનાવવામાં આવે તો જ આપણે જાપાનીઝ–ફેસીસ્ટોથી આપણો બચાવ કરી શકીએ અને આપણી માતૃભૂમિને અંગ્રેજ શાહીવાદીઓના કબજામાંથી છોડાવી શકીએ.”

આવા હેતુસર ભરાયેલી પરિષદનું પરિણામ શું આવે છે તે તો હવે જોવાનું રહે છે.

## પ્રાગતિક લેખક–પરિષદ

મે માસ દરમ્યાન અખિલ હિંદ પ્રાગતિક લેખક–પરિષદની ચોથી બેઠક ભરાઇ ગઇ. આ પરિષદમાં ભિન્ન ભિન્ન ભાષાભાષી અનેક લેખકોએ ભાગ લીધો હતો અને પરિષદના પ્રમુખસ્થાને એક પ્રમુખ યોજવાને બદલે હિંદુસ્થાનની મુખ્ય મુખ્ય ભાષાનું પ્રતિનિધિત્વ દાખવતા એક એક સાહિત્યકનું પ્રમુખ મંડળ યોજવામાં આવ્યું હતું. ગુજરાતી પ્રાગતિક સાહિત્યના પ્રમુખસ્થાન માટે શ્રી. જીતુભાઇ મહેતાની પસંદગી કરવામાં આવી હતી.

કયા લેખકને પ્રાગતિક કહેવો અને કોને અપ્રાગતિક કહેવો એનો સીમાનિર્ણય લગભગ અશકય છે. વળી પ્રાગતિક અને અપ્રાગતિક એવા એક નવા ભેદની દીવાલ ઉભી કરીને લેખકોની એક નવી નાત ઉભી કરવા જેવું પણ બને છે. આમ છતાં પણ પ્રસ્તુત પરિષદમાં એકત્ર થયેલા લેખકોનાં ભાષણો તેમ જ તે પરિષદમાં થયેલાં ઠરાવો ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય જ છે કે આ પરિષદ જે સિદ્ધાન્તો ઉપર સર્વ પ્રગતિનો આધાર છે તે આઝાદી, લોકશાસન અને સામાજિક ન્યાયનો જીવનના સર્વ ક્ષેત્રમાં અમલ થતો જોવાનો ખાસ આગ્રહ રાખે છે. તથા આ પરિષદ પ્રાન્તિક ભેદો કે કોમી ભેદોને જરા પણ સ્વીકારતી નથી અને ભુતકાળની પકડમાંથી પ્રજાના આચારવિચાર છુટા થાય અને આજની જરૂરિયાતો ઉપર પુરો પ્રકાશ પાડે એવું સાહિત્ય નિર્માણ કરવા ખુબ ઇન્તેજાર છે. પ્રસ્તુત પરિષદની વિગતો જોતાં સાહિત્ય કરતાં પણ વર્તમાન રાજકારણની પરિષદના કાર્યકરો તેમ જ સૂત્રધારોના મગજ ઉપર વધારે ઘેરી છાયા હોય એમ લાગ્યા વિના રહેતું નથી. પણ આમ હોવું તે તો વર્તમાન રાજકીય પરિસ્થિતિને વિશેષ આભારી છે. સાહિત્ય હોય કે સંશોધન, કળા હોય કે ઉદ્યોગ, અછુતોદ્ધારનો પ્રશ્ન હોય કે મદ્યનિષેધનો–આપણા દેશની વર્તમાન ગુલામી આપણે જે બાજુ જોઇએ ત્યાં અથડાયા વિના રહેતી નથી અને એ ગુલામી દૂર ન થાય ત્યાં સુધી કોઇ દિશાએ સાચી પ્રગતિનું દ્વાર નજરે પડવાનું નથી. આ ગુલામી દૂર કરવામાં પ્રાગતિક લેખકો ઘણો ફાળો આપી શકે તેમ છે અને તે રીતે આવી પરિષદની આજે ઘણી ઉપયોગીતા છે. પ્રસ્તુત પરિષદનાં કાર્યકર્તાઓ ત્રણ ચાર દિવસના સમારંભથી કેવળ સંતોષ માનીને બેસી ન જતાં સમાજ અને દેશની પ્રગતિને તેમજ ક્રાન્તિના આન્દોલનોને પોતપોતાની લેખિની અને વાણીદ્વારા ખુબ વેગ આપતા રહે એમ આપણે જરૂર ઇચ્છીએ !

## ગઇ કાલ સુધી સુધરેલા—
## આજે જંગલી બની ગયા!

ટ્યુનીસીયાની ફતેહ સંબંધે ઉચ્ચારવામાં આવેલી આકાશવાણી ! દરમિયાન નામદાર વાઇસરોય આ જીતથી મલકાઇ ન જવાની સલાહ આપતાં જાપાનીઝ લોકો વિષે જણાવ્યું કે "જાપાનીઝ લોકો સમગ્ર રીતે મધ્યવર્તી યુગની એક જંગલી પ્રજા છે અને તેમનામાં નથી સાચી સંસ્કારિતા તેમજ નથી દયાની લાગણીનો છાંટો." ટ્યુનીસીયાના દિગ્વિજયના યશોગાન ગાતાં ગાતાં જાપાનીઝ પ્રજાની આવી બેહુદી નિન્દા કરવાની કશી જરૂર હતી જ નહિ. જાપાન સામે ૧૯૪૧ ના ડીસેમ્બરની ૭ મી તારીખે લડાઇ જાહેર થઇ તે પહેલાં તેની સાથે દોસ્તી જાળવી રાખવા બ્રીટન હરસમય પ્રયત્ન કરતું રહ્યું હતું અને એક સુધરેલી પ્રજા તરીકે તેની સાથે એકસરખો આદરભર્યો વર્તાવ દાખવતું આવ્યું હતું. આજે જાપાન બ્રીટનનું દુશ્મન બન્યું એટલે જાપાનની પ્રજા હવે જંગલી બની ગઇ છે.

આથી ઉલટી રીતે જે રશીયાની પ્રજાના—બોલ્શેવિકોનાં—બને તેટલાં ભયાનક અનેક કાળાં ચિત્રો ચીતરવામાં અંગ્રેજોએ પાછું વળીને જોયું નહોતું તે જ રશીયનો ઉપર આજે પ્રશંસાનો વરસાદ વરસી રહ્યો છે. ઇતિહાસની ઘટના જ એવી છે કે આજનો મિત્ર આવતી કાલે દુશ્મન થઈ બેસે છે અને પરમ દિવસે પાછો તેનો તે મિત્ર બને છે. કોઇ પણ એક પ્રજાને જંગલી કહેવી તે ખરી રીતે આત્મવંચના જ છે. જ્યાં આવા ખુનખાર યુધ્ધો શકય છે તે આખી માનવજાત જ ખરી રીતે હજુ જંગલીપણાને વટાવીને જરા પણ આગળ ચાલી નથી. લડવું હોય તેની સાથે લડો અને બળ અને કળથી જીતાય તેટલું જીતો, પણ વિરોધી પ્રજા સામે આ રીતે દ્વેષ મત્સર ફેલાવવાથી અને જાતીય દ્વેષ કેળવવાથી કોઇને કશો લાભ થવાનો નથી. વસ્તુતઃ પ્રજા તો ઘેટાનાં ટોળા જેવી હોય છે અને તેમને પોતપોતાનાં નિત્ય વ્યવસાય અને કૌટુંબિક ઉપાધિઓથી ઉંચે જોવાની ફુરસદ હોતી નથી. લડાઇની પરિસ્થિતિ ઉભી કરવાની ૯૯ ટકા જવાબદારી તે તે પ્રજાના આગેવાનોની હોય છે અને એક માતબર થઇને બેઠો છે અને અન્યને માતબર થવું છે—તેમાં જ આજના વિગ્રહનું મૂળ રહેલું છે. આ મૂળની ચિકિત્સા કરવાને બદલે દુશ્મન લેખાતી પ્રજા વિષે ફાવે તેવો પ્રલાપ કરવાથી યુધ્ધપ્રયત્નને વિશેષ મદદ મળતી હોય એમ માનવું તે કેવળ ભ્રમણા છે. વાઇસરોય જેવા મોટા સ્થાનને આવો અપ્રસ્તુત આલાપ જરા પણ શોભતો નથી.

## "ટ્યુનીસીયા ડે"—એક બીજી બાજુ

"ધી નેશનલ કોલ"નો એક ચર્ચાપત્રી પૂછે છે કેઃ—

"હમેશાં સવારે એક મધુર આકૃતિવાળી છતાં સુકલકડી જુવાન છોકરીને મારા ઘરની સામેના રસ્તા ઉપર થઇને પોતાની કોલેજ તરફ પસાર થતી હું જોઉં છું. જે ઉમરે સ્મિત અને હાસ્ય સ્વભાવિક રીતે ઉભરાતાં હોય તેવી તેની ઉમ્મર હોવા છતાં છેલ્લાં કેટલાક મહિનાથી મેં તેના મોઢા ઉપર સ્મિત ફરકતું કદી નિહાળ્યું નથી. થોડા મહિના પહેલાં કોઈ એક હિંદુસ્થાનની જેલમાંથી તેને છોડવામાં આવી હતી. તેની મા જેલમાં છે અને તેને ક્ષય રોગ લાગુ પડયાના સમાચાર મળ્યા છે. તેની મોટી મા તેમજ તેના કાકા તથા કાકી પણ જેલમાં છે. તેની નાની બ્હેન એજ તેની એકની એક સાથી હતી; જેણે પોતાની મા કે મોટી મા ને મળ્યા સિવાય થોડા અઠવાડીઆ પહેલાં કમનસીબે યમસદન તરફ વિદાય લીધી છે. આજ સવારે શૂન્યતાની મૂર્તિ જેવી દેખાતી તે છોકરી મારા ઘર પાસેથી પસાર થઇ ત્યારે મને સ્વાભાવિક રીતે પ્રશ્ન થયો કે "ટ્યુનીસીયાની જીતને લગતા મે માસની એકવીશમી તારીખના આનંદસમારંભમાં આ છોકરીને કશો આનંદ હોઇ શકે ખરો ? સેવાગ્રામની સુની ઝુંપડીઓમાં કોઇ આનંદનું આન્દોલન પ્રવેશી શકે ખરૂં ? આનંદ ભુવનમાં આ જીતને પ્રદર્શિત કરતી દીપમાળા પ્રગટી શકે ખરી ? આજે હજારો માણસો જેલમાં છે અને કંઇ કંઇ ગુન્હાઓ માટે પુરાયેલા છે. તેમને મળવાની કે તેમની સાથે પત્રવ્યવહાર કરવા દેવાની અથવા તો સંદેશો મોકલવા મેળવવાની પણ જેમને રજા આપવામાં આવતી નથી તે તેમનાં સગાંવહાલાંના કે સ્નેહી સંબંધીઓના દિલમાં ગમે તેટલી શુભનિષ્ટા હોય, ચોથી હિંદી ટુકડીના આ મહાન પરાક્રમમાં તેઓ વાઇસરોય કરતાં પણ વધારે ગૌરવ ચિન્તવતા હોય, તથા ટ્યુનીસીયાની જીતમાં એક પ્રકારની ભારે રાહત અનુભવતા હોય એમ છતાં પણ તેમને આ પ્રસંગે કશો પણ આનંદ હોઇ શકે ખરો ? તેમનાં સગાંવહાલાં અને નજીક તેમજ દૂરના સંબંધીઓની વાત બાજુએ રાખીએ પણ જે લાખો માણસો આ કારાગ્રહવાસીઓને ભક્તિભાવથી પૂજી રહ્યા છે તેમની પણ નામદાર વાઇસરોય ઉપેક્ષા કરી શકે ખરા ?"

પ્રસ્તુત ચર્ચાપત્રી અરધો કોઈ બીજી દુનિયામાં રહેતો લાગે છે. નહિ તો ગાંધીજી જેવાનો નાનો સરખો પત્ર પાછો ઠેલનાર વાઇસરોય લોકલાગણીની ઉપેક્ષા કરી શકે ખરા એવો પ્રશ્ન જ તેના મનમાં ઉઠવા પામત નહિ.

**પરમાનંદ**

## જીવતો અનેકાન્ત

(પૃષ્ઠ ૨૯ થી ચાલુ)

પસંદ કરવા. પછી તેણે એ પસંદ કરેલ વ્યક્તિઓની જીવનચર્યા ને વિચારસરણી તટસ્થપણે નોંધવી. પસંદ કરાયેલ સરખા દરજ્જાના વ્યાપારીઓ હોય કે વકીલો, ડોકટરો હોય કે શિક્ષકો, ખેડુતો હોય કે નોકરો, આ બધાના પરિચયથી પરીક્ષક જોઇ શકશે કે વારસામાં અનેકાંતદૃષ્ટિ મળવાનો દાવો કરનાર અને તે બાબત વધારે ગૌરવ લેનાર જૈનો કરતાં જૈનેતરો કેટલે અંશે ઉતરતા છે, ચઢિયાતા છે કે લગભગ બરાબર છે. જીવતો અનેકાંત આપણને જાગતા રહેવા, પોતાની જાતને કે બીજાને અન્યાય ન કરવા ફરમાવે છે. એટલે આપણે માત્ર સાંપ્રદાયિક અભિનિવેશને લીધે પોતાના સંપ્રદાય વિષે તેમજ બીજા સંપ્રદાયો વિષે જે અઘટિત વિધાનો કર્યા કરીએ છીએ, તેથી બચતા રહેવું એ આપણો પ્રથમ ધર્મ છે.

આપણે તપાસવાને છેલ્લો મુદ્દો બાકી છે કે જીવતો અનેકાંત સામુદાયિક દૃષ્ટિએ જૈન પરંપરામાં કયારેય હતો ? ને આજે પણ છે ? આ પ્રશ્નનો જવાબ લાગે છે તેવો અઘરો નથી. એમ તો દરેક જૈન માને અને કહે જ છે કે અનેકાંત એ મુખ્ય જૈન સિધ્ધાંત માત્ર તાત્ત્વિક જ નહિ, પણ વ્યાવહારિક સુદ્ધાં છે. એનો અર્થ એ થયો કે તત્ત્વજ્ઞાનના વિચાર પ્રદેશમાં અગર જીવનના પ્રત્યેક કાર્યક્ષેત્રમાં જો અનેકાંતનો ઉપયોગ થાય, તો તે બીજી કોઇ પણ દૃષ્ટિ કરતાં વધારે સલામત તેમજ ઉપયોગ કરનારને વધારેમાં વધારે સમાધાનકારક નીવડે છે. આપણે જૈન પરંપરાના બધાં જ ક્ષેત્રોમાં આ કસોટી લાગુ પાડી જોવું જોઇએ કે અનેકાન્ત દ્રષ્ટિએ તેમાં કેટલો જીવંત ફાળો આપ્યો છે અને અત્યારે કેટલો ફાળો આપે છે.

અપૂર્ણ

**પંડિત સુખલાલજી.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૫

મુંબઇ: ૧ જુલાઇ ૧૯૪૩ ગુરૂવાર.

લવાજમ
રૂપિયા ૨

## જીવતો અનેકાંત

(ગતાંકથી ચાલુ)

જીવનના ધર્મ, કર્મ, સાહિત્ય, સમાજ અને રાષ્ટ્ર એટલા વિભાગો કરી વિચાર કરીએ. પ્રથમ આપણે જોઇએ કે જૈન પરંપરાના ધાર્મિક-જીવનમાં અનેકાંતનું સ્થાન શું રહ્યું છે ને અત્યારે શું છે? ભગવાન મહાવીર પહેલાના સમયની વાત જતી કરીએ. માત્ર તેમના પછીનો આજ સુધીનો ધાર્મિક ઇતિહાસ તપાસીએ તો સ્પષ્ટ જણાશે કે અનેકાંતને પોતાના સર્વશ્રેષ્ઠ સિદ્ધાંત તરીકે સ્થાપનાર આચાર્યો કે વિદ્વાનો પોતાના જીવનમાં અનેકાંત ભાગ્યે જ ઉતારી શકયા છે. એવા પુરાવા વાસ્તે બહુ દૂર જવું પડે તેમ નથી. દિગંબર અને શ્વેતાંબર બે મુખ્ય ફિરકા તરફ પ્રથમ નજર કરો. શ્વેતાંબર ફિરકામાં એવું કયું તત્વ છે કે જેને લીધે દિગંબરોને જુદુ જ રહેવું પડે? અગર દિગંબરોમાં એવી કઇ બાબત છે કે જે શ્વેતાંબરોને અલગ રાખે? કોઇ ઉત્કૃષ્ટ ત્યાગી દિગંબર ફિરકામાં થયો હોય, તો શું તેવો ત્યાગી શ્વેતાંબર ફિરકાએ નથી જન્માવ્યો? શ્વેતાંબર ફિરકામાં વસ્ત્રધારણથી શિથિલતા આવતી હોય, તો દિગંબર ફિરકામાં શિથિલતાનું નામ પણ હોવું ન જ જોઇએ. દિગંબર શાસ્ત્રો અને શ્વેતાંબર શાસ્ત્રો વચ્ચે ઓળંગી ન શકાય એવી ખાઇ—તો શું એક લીટી પણ નથી કે જે બન્નેને મળતાં, એકરસ થતાં રોકે. જે બન્ને ફિરકાઓ આખા જગતને સુખ અને શાંતિ પૂરાં પાડનાર તરીકે અનેકાંતનો ઉપદેશ કરવા નીકળ્યા છે અને પહેલેથી જ બંને ફિરકાના વિદ્વાનો શાસ્ત્રોમાં અનેકાંતનું નગારૂં વગાડતા આવ્યા છે, તે બંને કયારે પણ મળ્યા છે ખરા? અનેકાંતે તેમને અરસપરસ ભેટાવ્યા છે ખરા? તેમના તીર્થકલહો અનેકાંતે પતાવ્યા છે ખરા? જે ફિરકાઓ કે જે ફિરકાના અગ્રેસર વિદ્વાનો અને આચાર્યો પોતાની અંદરના તદ્દન સામાન્ય જેવા મતભેદોને શમાવી ન શકે, તેઓમાં અનેકાંતનું તત્ત્વજ્ઞાન કે અનેકાંતમય ધર્મ છે એમ કોણ કહેશે? ઠીક ભલા, એથી આગળ ચાલી જોઇએ. થોડી વાર એમ માનો કે અનેકાંત દૃષ્ટિ માત્ર કોઇ એક જ જૈન ફિરકાને વરી છે, તો પછી તે ફિરકાના અનુયાયીઓને આપણે જરૂર પૂછીશું કે ભાઇઓ! તમારા શ્વેતાંબર કે દિગંબર કોઇ એક જ ફિરકામાં પહેલેથી આજ લગી ગણગચ્છના નાના નાના અનેક વાડાઓ કેમ પડયા કે જે વાડાઓ એક બીજાથી દૂર રહેવામાં જ મહત્વ માનતા આવ્યા છે? શું અનેકાંત એ સાંધનાર છે કે ભાગલા પડાવનાર છે? જો ભાગલા જ પડાવનાર હોય, તો તમારૂં સ્થાન દુનિયાના બીજા કોઇ પણ ઉતરતામાં ઉતરતા પંથ કરતાં ચડિયાતું નથી. સાંધનાર હોય, તો તમે પોતાના ફિરકામાં પડતા નાના નાના ભાગલાઓને પણ સાંધી ન શકવાને કારણે જીવનમાં અનેકાંત ઉતારી શકયા નથી, અનેકાંતને જીવતો રાખી શકયા નથી. બહુ જુના વખતની વાત જતી કરીએ અને છેલ્લા પાંચસો વર્ષના નવા ફાંટાનો જ વિચાર કરીએ, તોયે જૈન પરંપરામાં ધાર્મિક જીવન અનેકાંત વિનાનું જ જણાશે. સ્થાનકવાસી ફિરકાને પૂછીએ કે તમે પ્રથમના બે ફિરકાથી જુદા પડીને અનેકાંત સિદ્ધાન્ત જીવતો રાખ્યો છે કે તેની ચૂંટાયેલી કાયાના વધારે કટકા કર્યા છે? જો સ્થાનકવાસી ફિરકાએ પોતાનાં નાનાં મોટાં ટોળાંને સાંધવા પૂરતો અને ઓઘાની દશીઓ આમ બાંધવી કે તેમ બાંધવી તેના એક નિર્ણય પૂરતો પણ અનેકાંત જીવી બતાવ્યો હોત, તો એટલો તો સંતોષ થાત કે જીવનમાં અનેકાંતની હત્યા કરનાર પ્રથમના બે ફિરકાઓ કરતાં આ નવા ફિરકાએ કંઇક અનેકાંતનું જીવન બચાવ્યું, પણ આપણે તો ભૂતકાળના ઇતિહાસ અને વર્તમાન જીવનમાં જોઇએ છીએ કે છ કોટી, આઠ કોટીના બોલની સંખ્યા પૂરતા અગર અમુક પાઠો બોલવા ન બોલવાના ભેદ પૂરતા, અગર કેળાં ખાઇ શકાય કે નહિ તે પૂરતા, અગર પર્યુષણ પર્વ અમુક તિથિએ કરવા ન કરવા પૂરતા અનંત ઝઘડાઓ વધારી અનેકાંતના અનેક અંત કરી નાંખ્યા છે. ટુંકમાં જૈન પરંપરાના ધાર્મિક ઇતિહાસમાં અનેકાંત જીવતો તો નજરે જ પડતો નથી. હા, કલ્પનામાં તેણે અનેકાંત એટલે લગી વિસ્તાર્યો છે કે અનેકાંતનું પોષણ કરનાર એક ખાસું સ્વતંત્ર સાહિત્ય સર્જાયું છે. પરંતુ આ સ્થળે એ વાત ખાસ ભારપૂર્વક નોંધવા જેવી છે કે અનેકાંતની વ્યાખ્યા કરતાં આચાર્યોએ અને વિદ્વાનોએ જે ઉદાહરણો દાખલાઓ આપ્યા છે ને હજુય આપે છે, તે ઉદાહરણો વાળના અગ્ર ઉપર નાચી શકાય કે નહિ એ પ્રશ્નના મનોરંજક જવાબ જેવા છે. આકાશને ફુલ છે કે નહિ એ સાબિતી સુધી અનેકાંત ગયો છે, પણ મંદિરો જુદા હોવા છતાં એક જ તીર્થમાં શ્વેતાંબર દિગંબરો સલાહ સંપ અને પૂર્ણ સમાધાનીથી રહી શકે કે નહિ અને રહી શકે તો કેવી રીતે તેમજ ન રહી શકે તો કેવી રીતે એનો નિર્ણયકારી ખુલાસો આટલા ઝઘડાશાસ્ત્રના અનુભવને પરિણામે પણ અનેકાંતના મહારથીઓએ હજુ લગી આપ્યો નથી. ધાર્મિક જીવનમાં છેક જ છિન્નભિન્ન થયેલા અને નજીવી બાબતમાં પણ શ્વાન કે મહિષ યુદ્ધ કરનારા ધર્મ વિદ્વાનો જો પોતાની પરંપરામાં અનેકાંત દૃષ્ટિ કે અનેકાંત જીવનનો દાવો કરે તો એમણે આંખ આડા પાટા બાંધ્યા છે, જે બીજાને ને પોતાને જોવા ના પાડે છે એમ જ કહી શકાય.

કર્મપ્રદેશ એટલે ધંધાનું ક્ષેત્ર. ધંધામાં અનેકાંત લાગુ પડી શકે કે નહિ એ પ્રશ્નનો ઉત્તર જૈનો કદી નકારમાં તો ન જ આપે. હવે આપણે જોઇએ કે તેમણે ધંધાનાં ક્ષેત્રમાં અનેકાંત કયાં લગી પોષ્યો છે? જીવન જીવવા અનેક વસ્તુઓ જોઇએ.

કામ પણ અનેક જાતનાં કરવાં પડે. આપણે જૈન પરંપરાને પૂછીએ કે તારે નભવું હોય તો કઇ ચીજ વિના અને કયા કામ વિના ચાલશે? અને તેમ છતાંય આપણે જોઇએ છીએ કે જૈનો એક જ ધંધો શીખ્યા છે ને એક જ ધંધા તરફ ધસ્યે જાય છે. તે ધંધો છે વ્યાપાર કે નોકરીનો. શું જૈનોને ખેતીની જરૂર નથી? શું વહાણવટ કે વિમાની સાહસોની જરૂર નથી? શું આત્મ અને પરરક્ષણ માટે કવાયતી તાલીમની જરૂર નથી? શું તેમને પોતાની સ્વચ્છતા માટે ને પોતાના આરોગ્ય માટે બીજાઓની સ્વચ્છતા અને આરોગ્યનો જ ભોગ લેવો ઘટે? આપણે જૈન લોકોનો ધંધો અને તેને પરિણામે તેમની કચરાતી જતી શારીરિક માનસિક શક્તિનો વિચાર કરીશું, તો આપણને સ્પષ્ટ જણાશે કે જૈનો ધંધાના ક્ષેત્રની બાબતમાં એકાંતી થઇ ગયા છે. એમણે સારૂં અનાજ, સારાં ફળો અને સ્વચ્છ દુધ ઘી જોઇએ, પણ એના ઉત્પાદક ધંધાઓ એ ન કરી શકે! તેઓને ચામડાની એકે એક ચીજ જોઇએ, પણ તે ચામડાં કમાવવા આદિના કામમાં પડી ન શકે! એટલે અનેકાંતનો વિચાર માત્ર વિદ્વાનો ને ધર્મગુરૂઓ પૂરતો જ છે એમ એમણે માની લીધેલું હોવાથી તે પ્રત્યક્ષ જીવનમાંથી સરી ગયો છે.

સાહિત્યનો પ્રદેશ લઇએ. જૈનોનો દાવો છે કે અનેકાંત જેવી વિશાળ અને ઉદાર દૃષ્ટિ બીજી એકેય નથી અને છતાંય આપણે હંમેશા માત્ર ગ્રહસ્થ જૈનોને જ નહિ, પણ ત્યાગી અને વિદ્વાન જૈનો સુદ્ધાંને સાહિત્યની એક એક શાખામાં બીજાને હાથે પાણી પીતાં ને બીજાના પ્રમાણપત્રથી ફુલાતાં તેમજ બીજા સંપ્રદાયના વિદ્વાનોનું ન છૂટકે અનુસરણ કરતાં જોઇએ છીએ. જે અનેકાંત દૃષ્ટિ અનેક બાજુઓથી અનેક વસ્તુઓનું અનેક રીતે જૂનું નવું જ્ઞાન સંચિત કરવા પ્રેરી શકે, તે જ અનેકાંત દૃષ્ટિની હિમાયત કરનાર વર્ગમાં જ્યારે સાહિત્ય ઉપાસના અને વિદ્યા ઉપાસનાની બાબતમાં આટલું બધું પામરપણું દેખાય, ત્યારે એમ કયો માણસ માની શકે કે જૈન પરંપરામાં અનેકાંત દૃષ્ટિ જીવતી છે?

હવે સમાજક્ષેત્ર લઇ વિચારીએ. સમાજનો મૂળ પાયો લગ્નસંસ્થા છે. એનો અસલી ઉદ્દેશ એ છે કે માણસ પોતાની શકિતના નિરંકુશ આવેગોને મર્યાદિત અને વિવેકી નિયમન દ્વારા કાબુમાં લઈ તેનો એવી રીતે વિનિયોગ કરે કે જેથી સમાજતંતુ ચાલુ રહે અને તે ઉત્તરોત્તર વધારે અભ્યુદયવાન્ બને. આ ઉદ્દેશની દષ્ટિએ લગ્ન-સંસ્થા માંગલિક જ નહિ, પણ પવિત્ર તેમજ આશીર્વાદરૂપ પણ છે. જો એથી વિપરીત માત્ર દેહવાસનાપ્રેરિત લગ્નસંસ્થા ચાલે, તો એ નથી માંગલિક કે નથી પવિત્ર, ઉલટી શાપરૂપ છે. જ્યાં લગી આવો વિવેક જાગરૂક રહે છે અને તેનું જ પોષણ વિચારકોદ્વારા કરવામાં આવે છે, ત્યાં લગી અનેકાંત એ સંસ્થા પરત્વે જીવતો છે એમ કહી શકાય. આપણે ભુતકાળનો ઇતિહાસ અને આપણા સમાજનું વર્તમાન માનસ જોઇએ, તો આપણને જણાશે કે આ બાબતમાં અનેકાંત જીવિત રહ્યો નથી. જૈન સમાજમાં વિચારકોનું મુખ્ય સ્થાન ત્યાગીઓ ભોગવતા આવ્યા છે. ત્યાગીઓની આ સંસ્થા માત્ર એક આશ્રમ ઉપર ભાર આપતી આવી છે અને અત્યારે પણ એ રીતે જ ભાર આપે છે. તેથી એ લખાણમાં કે ઉપદેશમાં જ્યાં અને ત્યાં કે જ્યારે અને ત્યારે એક જ વાત કહેની આવી છે કે લગ્ન એ તો નકામી ઉપાધિ અને બંધન છે, તેમ જ એ અપવિત્ર પણ છે. આવો સતત ઉપદેશ અને પ્રચાર હોવા છતાં પ્રકૃતિથી જ જે સંસ્થા સમાજ સાથે સંકલિત છે તે નાબુદ થઇ નથી અને થવાની પણ નથી. પરંતુ એવા એકાન્તિક ઉપદેશનું સમાજમાનસ ઉપર એક પરિણામ એ આવ્યું છે કે તે લગ્ન સંસ્થા નભાવ્યે જાય છે, પણ જાણે પરાણે ગળે ઢોલ બાંધ્યો 'હોય' તે રીતે જ તે તેને બજાવે છે. એક બાજુ આવેગો અને ફરજો ઉત્સાહભેર વ્યકિતઓને લગ્ન તરફ પ્રેરે છે અને બીજી બાજુ તેના મનમાં ઉંડે વારસાગત લગ્નની અપવિત્રતાના વિવેકશૂન્ય સંસ્કારો પોષાતા જાય છે. પરિણામે કૌટુંબિક જીવનમાં જ્યારે અનેક જાતની જવાબદારીના પ્રસંગો આવે છે ત્યારે માણસ વિવેકદૃષ્ટિ ન હોવાથી મોટેભાગે કંટાળી યોગ્ય રસ્તો કાઢવાને બદલે લગ્ન સંસ્થાની અપવિત્રતાને સ્મરણે કૌટુંબિક જીવનને નિંદે છે અને ભારરૂપ ગણે છે. જો એવો માણસ કુટુંબમાં રહે છે, તોય તે તેનું કાંઇ લીલું નથી કરતો. જો તે કુટુંબ છોડી યોગ લે છે, તોય તે ઘણીવાર એ યોગને ભોગથી ખરડે છે. એણે અપવિત્રતા કે પવિત્રતા કયાં રહે છે એ પ્રથમથી જાણ્યું ન હતું. એણે તો માની લીધેલું કે કુટુંબબંધન એ અપવિત્ર છે અને કુટુંબથી છુટાછેડા એ પવિત્ર છે. જો એનામાં જીવંત અનેકાંતના સંસ્કારો પ્રથમથી જ સીંચાયા હોત, તો તે એમ માનત કે પવિત્રતા કે અપવિત્રતા એ બન્ને મનોગત જ છે અને તેથી તે મનના પવિત્રપણા ઉપર ભાર આપી તેને સાચવવા અને પોષવાનો પ્રયત્ન કરત અને પરિણામે તે લગ્ન સંસ્થાના ઉદ્દેશને જીવનમાં ઉતારી શકત અને પોતાની નબળાઇ લગ્નસંસ્થા ઉપર ન લાદત. આજે તો ભોગવાસનાની પ્રબળતા, જે મનોગત એક અપવિત્રતા અને ભારે નબળાઇ છે, તે જ લગ્નસંસ્થા ઉપર લાદવામાં આવે છે અને પરિણામે આખો સમાજ મોટે ભાગે લગ્નસંસ્થાની જવાબદારીઓની દૃષ્ટિએ કે ત્યાગી સંસ્થાની જવાબદારીઓની દષ્ટિએ છેક જ નબળો પડયો છે.

બીજો પ્રશ્ન ઉંચનીચની ભાવનાનો છે. જ્યારે જન્મ, સત્તા આદિની બાહ્ય દષ્ટિએ ઉંચનીચતા માનવ-મનાવવાનો-સનાતન ધર્મ પૂર જોશમાં હતો, ત્યારે ભગવાન મહાવીર અને તથાગત જેવાએ ચડતા-ઉતરતાપણાની કસોટી સદ્‌ગુણનું તારતમ્ય છે એ વાત પોતાના વ્યવહારથી સમાજ સામે મૂકી. આ વિષે જીવંત અનેકાંતનું જે દૃષ્ટિબિન્દુ હતું તે વીરના વારસદારો આપણે ન સમજી શકયા કે ન તેને વ્યવહારમાં સાચવવા મથ્યા. બન્યું એમ કે માત્ર ધર્મક્ષેત્રે જ નહીં, પણ કર્મ અને સમાજક્ષેત્રે પણ આપણે પાછા પુરાણા સનાતન ધર્મની ઉંચનીચની ભાવનામાં જ સંડોવાયા. યોગ્યતાને વધારવા અને ફેલાવવાના પ્રયત્ન દ્વારા જે દલિત અને પતિત જાતિઓનો ઉદ્ધાર કરવાનું કામ મહાવીરે વારસદારોને સોંપ્યું હતું, તે કામ કરવાને બદલે વારસદારો પાછા, અમે ચડિયાતા ને તમે ઉતરતા, એ જ ભાવનાના વમળમાં પડી ગયા. એમણે બ્રાહ્મણોને વળતો જવાબ આપ્યો કે બ્રાહ્મણ જાતિ ઉચ્ચ નથી. બ્રાહ્મણ જાતિના સદ્‌ગુણોને અપનાવ્યા સિવાય એને ઉતરતી માનવા-મનાવવાનું કામ એક બાજુ ચાલુ રહ્યું અને બીજી બાજુ પ્રથમના દલિત અને પતિતોને વ્યવહારમાં નીચ માનવા-મનાવવાનું પણ ચાલુ રહ્યું. સ્થિતિ ત્યાં લગી આવી કે જૈન સમાજ માત્ર સ્થાનભેદે ઉત્પન્ન થયેલા ઓસવાલ, પોરવાલ, શ્રીમાલ આદિ અનેક જાતિ-ઉપજાતિઓના ભાગલામાં વહેંચાઇ ગયો અને નાના નાના ઘોળમાં વહેંચાઇ ક્ષીણવીર્ય થવા લાગ્યો. વીસા દશાને ઉતરતા ગણે, તો દશા પાંચાને, અને પાંચા અઢાઇયાને. સંસ્કાર, ઉમર અને બીજી બધી યોગ્યતા હોવા છતાં એક જાતનો બીજી જાત

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જુલાઇ ૧ ૧૯૪૩


## ગૌસેવા

ગાંધીજીના જીવન કાર્યોમાંનું એક મહાન કાર્ય ગૌસેવા છે જેનો આપણે વિચાર કરીએ એ વિષયની શરૂઆત આપણે ગાયનું મહત્વ કયારથી અને શું છે ત્યાંથી કરીશું. સમાજમાં ગાયનો એવડો મોટો ફાળો છે કે તેને આપણે ભુલી ન શકીએ. ગાયની મહત્તા જોતાં આપણને સ્વાભાવિક રીતે જ માલુમ પડશે કે ગાયને લીધે એના સપુતો આપણને પોષે છે. બળદ વિના ખેડુતો શોભતા નથી. એના સિવાય માણસોને ભુખે પેટે સુવું પડે. બળદ એ એક એવું મહત્વનું પ્રાણી છે કે એને આપણે પૂજીએ છીએ. એની માતા બીજી પણ અનેક રીતે આપણને ઉપયોગી છે. ગાયનું મહત્વ આદિકાળમાં પણ બહુ હતું. પહેલાના વખતમાં જેની પાસે ગાયો વધારે હોય તે પૈસાદાર મનાતો. પુરાણોમાં પણ એવી વાતો મળી આવે છે કે જેનાથી આપણે જાણી શકીએ કે પહેલાના વખતમાં પણ ગાયોનું કેટલું મહત્વ હતું. ચ્યવન નામના એક ઋષિ હતા. ઋષિએ એક નદીમાં તપ કરવા માંડયું. નદીમાં માથાબુડ પાણી હતું. એક દિવસ એક મચ્છીમાર આવ્યો અને એની જાળમાં પેલો ઋષિ માછલાં સાથે આવી ગયો. મચ્છીમાર ખુબ ગભરાયો. પરંતુ એને ઋષિએ સાંત્વન આપ્યું અને તેને કહ્યું. "મને પણ તારાં માછલાં જોડે વેચી નાખ." મચ્છીમાર રાજા પાસે ગયો. નહુષ નામનો રાજા તે વખતે રાજ્ય કરતો હતો. રાજા ઋષિની કફોડી દશા જોઇ ચિડાયો અને મચ્છીમારને સજા દેવા તૈયાર થયો. પણ તે વખતે ઋષિએ કહ્યું, "હે રાજા! તું ગરીબ ઉપર ગુસ્સો કરીશ નહીં અને મચ્છીમારને મારી કિંમત આપી મને ખરીદી લે." રાજાએ એક પછી એક અમૂલ્ય વસ્તુઓ આપવાનું કહ્યું. પણ ઋષિએ કહ્યું, "મારી કિંમત એના કરતાં વધારે છે." ત્યાર પછી રાજાએ કહ્યું, "મચ્છીમારને આખું રાજ્ય આપી દો." છતાં પણ ઋષિએ પોતાની કિંમત એથી પણ વધારે છે એવો આગ્રહ કર્યો અને છેવટે એક દુઝણી ગાય અપાવી.

આપણે ચ્યવન ઋષિની વાત જોઇ. હવે અકબરના વખતની ગાયની સ્થિતિ જોઇએ. અબુલ ફઝલ લખે છે કે "આખા હિંદુસ્થાનમાં ગાય પવિત્ર ગણાય છે, અને માન પામે છે. સામ્રાજ્યના એકેએક ભાગમાં જાતજાતનાં ઢોર થાય છે, પણ તેમાં ગૂજરાતનાં ઢોર ઉત્તમ છે. ગૂજરાતના બળદ રાતદિવસ મળીને ૮૦ કોશનો પંથ કાપે છે અને તેજ ઘોડાથી પણ આગળ જાય છે........કોઈ બળદનો જોડ ૧૦૦ મહોરને ભાવે વેચાય છે, પણ સામાન્ય ભાવ ૧૦ થી ૨૦ મહોર હોય છે...... કેટલીક ગાય દિવસનું ૦॥ મણ દૂધ આપે છે. ગાયનો સાધારણ ભાવ ૧૦ રૂપીઆ છે અને ખુદાવિંદ એટલે કે અકબર પાસે બળદની એક જોડી હતી, તેના ૫૦૦૦ રૂપીઆ બેઠા હતા." અકબરના સમયમાં દૂધ ૧૦ આનાનું ૧॥ મણ પા॥ શેર મળતું. તે વખતે 'દામ' નાણું ચાલતું હતું. ૪૦ દામના ૧ રૂપીઓ અને તે વખતે મણ એટલે ૫૫॥ શેર. એ રીતે ૮૯ શેર દૂધની કીંમત ૧ રૂપીઓ થઇ. અને ૫૫॥ શેર. ઘીના ૩ રૂપીઆ ૨ આના પડતા. એટલે ૨૧ શેર ઘીની કીંમત ૧ રૂપીઓ પડતી.

ઉપરની વાતો ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે ગાયોનું મહત્વ આદિકાળમાં અને મધ્યયુગમાં કેટલું બધું હતું. તે વખતે જેટલું મહત્વ હતું તેટલું જ મહત્વ અત્યારે પણ છે, પરંતુ ગાયને બદલે ભેંસ આજે આપણી માતા થઇ પડી છે.

સામાન્ય રીતે ભેંસ ગાય કરતાં વધારે દૂધ આપે છે એ ચોકખી વાત છે. પણ ભેંસ અને ગાયની સરખામણી દૂધની દૃષ્ટિએ નહીં, પરંતુ જુદી જુદી દૃષ્ટિએ કરવી જોઇએ.

| ગાય | વિ. | ભેંસ |
| --- | --- | --- |
| ૧ ગાય એક ચપળ, નમ્ર અને સાત્વિક વૃત્તિવાળું પ્રાણી છે. | | ૧ ભેંસ એક જડ, જંગલી અને તામસ પ્રકૃતિનું પ્રાણી છે. |
| ૨ ગાયનું દૂધ હલકું, નિરોગી, સાત્વિક અને શક્તિ વધારનારૂં છે. | | ૨ ભેંસનું દૂધ પચવામાં ભારે તામસી, શરીરનો મેદ તથા રોગકર્તા છે. |
| ૩ ગાયનું દૂધ માનવબાળને પોષણકર્તા છે. | | ૩ ભેંસનું દૂધ માનવબાળને ભારે અને જડતાપ્રેરક છે. |
| ૪ ગાયના છાણમાં ખાતર ઉપરાંત એમાં રોગ મટાડવાનું કીંમતી તત્વ છે. | | ૪ ભેંસના છાણમાં રોગનાશક તત્વ નથી. |
| ૫ બળદ ખેતી ઉપયોગી અને ચપળ પ્રાણી છે. | | ૫ પાડો એ પ્રમાદી અને સ્થુળ પ્રાણી છે. |

ભેંસ રાખવી આર્થિક દૃષ્ટિએ પોષાય એમ નથી. એનાં કારણો નીચે પ્રમાણે છેઃ—

૧ હિંદુસ્તાનની સારી દુધાળી ગાય કરતાં ભેંસ સરેરાશ એક વર્ષ મોડી પુખ્ત ઉંમરની થાય છે.

૨ ભેંસનો વસુકણાનો સમય એટલે કે તે દૂધ દેતી બંધ થાય ત્યાંથી વિયાય ત્યાં લગીનો વખત ગાયના કરતાં ત્રણગણાથી વધારે છે.

૩ સારી ભેંસ કરતાં સારી ગાય વધારે દૂધ આપશે.

૪ ભેંસના પાડા ખેતીના કામને માટે લગભગ સાવ નકામા હોય છે અને પાડાને વેચતાં બહુ ઓછી કિંમત આવે છે. તેથી સાધારણ રીતે એની કતલ કરવામાં આવે છે, જ્યારે ગાયના વાછરડા બળદ તરીકે આખા હિંદભરમાં કામમાં આવે છે તેમજ વાછડીઓનો એટલો જ સારો ઉપયોગ થાય છે અને એની સારી કિંમત ઉપજે છે.

૫ ગાયના કરતાં ભેંસને રોગો થવાનો સંભવ વધારે રહે છે.

૬ ભેંસની સંભાળ વધારે લેવી પડે છે અને ભેંસ ત્યારે જ સુખી થાય છે જ્યારે એને સારી પેઠે ચરવાની જગ્યા અને પુષ્કળ પાણી મળે. એ સગવડો નાના ખેડૂતો પાસે હોતી નથી.

૭ ભેંસને ગાય કરતાં ગરમી અને ઠંડી વધારે લાગે છે અને તેને લીધે તેના દૂધમાં ઘટાડો થાય છે. ગાયને વિષે એવું નથી.

૮ ભેંસ રાખવામાં એક જ મુદ્દો છે કે તેના દૂધમાં ગાયના દૂધ કરતાં ચરબીનું પ્રમાણ ઘણું વધારે હોય છે, પણ જો એના ઉત્પાદનની બધી વિગતો ધ્યાનમાં લેવામાં આવે તો સારી ગાય એ બાબતમાં ભેંસને આંટે છે.

આપણે ઉપરની તુલના ધ્યાનપૂર્વક વાંચીશું તો એમાં ગાયનું કેટલું મહત્વ છે. તે સમજી શકાય છે તે ઉપરાંત આપણે સમાજમાં પણ જોઇ શકીએ છીએ કે પાડાનું કેટલું મહત્વ છે.

ઘણા લોકે કહે છે 'કેવો સાવ પાડા જેવો છે.' 'ભેંસ આગળ ભાગવત.' આ શબ્દ પ્રયોગો ઉપરથી ભેંસ તથા પાડાના ગુણ છૂપા રહેતા નથી.

ઉપરની તુલના ઉપરથી આપણે ગાય એ ઉપયોગી અને માણસને યોગ્ય પ્રાણી છે એવું જોયું. વળી પાડા ખેતીમાં કામ આવતા નથી એમ કહ્યું, પણ કેટલાક પ્રદેશો એવા છે કે જ્યાં પાડા ખેતી માટે ઉપયોગી થઇ શકે છે. દા. ત. કોંકણના પ્રદેશમાં પાડાથી જ બળદ કરતાં સારી ખેતી થઇ શકે છે; કારણ કે ત્યાંની વર્ષા રૂતુ પાડાઓને અનુકૂળ છે. પરંતુ જો પાડાઓની જગ્યાએ બળદ જોડવામાં આવે તો બળદ પાડા જેટલું કામ ન પણ આપી શકે. એવી જગ્યાએ પાડાઓ જ વાપરવાં જોઇએ. એ જગ્યાએ બળદનો દુરાગ્રહ ન રાખી શકાય એમ ગાંધીજીએ પણ સ્વીકારેલું છે. પણ આવી સ્થિતિ દરેક ઠેકાણે હોતી નથી. સામાન્ય રીતે ખેતીમાં પાડાનો ઉપયોગ નથી, અને તેથી તેને સીધી કે આડકતરી રીતે મરવું પડે છે. એટલે ભેંસના પ્રચારમાં ક્રુરતા અને હિંસા જ રહેલી છે અને આર્થિક ગેરલાભ પણ છે. બધી રીતે વિચારતાં ગાય જ ઉત્તેજનને પાત્ર છે, સેવાને પાત્ર છે અને માતા કહેવડાવવાને લાયક છે. આમ છતાં પણ ગાયની આપણે કેવી સ્થિતિ કરીએ છીએ અને તેની પ્રત્યે આપણે કેવી ક્રુર રીતે વર્તીએ છીએ તે હવે આપણે જોઇએ.

નાનપણમાં જ્યારે કોઇ માતા છોકરાને છોડી ચાલી ગઇ હોય ત્યારે માનવમાતાને બદલે ગાયમાતા દુધ આપે છે અને એને લીધે આપણામાંથી ઘણા બચી જવા પામે છે. જે અવસ્થામાં બચ્ચાંને ભેંસનું દુધ પચાવવું ભારે પડે છે એવે વખતે ગાય માતાના ઉપકાર આપણે ભૂલી ન શકીએ. પરંતુ શું ગાય ઉપર ઓછા અત્યાચાર થાય છે? જેને આપણે માતા કહીએ છીએ, જે માતાને કારણે હિંદુ-મુસ્લીમ બે ભાઇઓ લડે છે એ માતાને અને તેના વંશજોને આપણે કંઇ ઓછાં કનડતા નથી.

કેટલાંક ગામડાંમાં તો માણસો દૂધ ડેરીઓમાં આપવાના હોય એટલે ભેંસ અથવા ગાયમાંથી જેટલું લોહી ચૂસાઇ એટલું ચૂસી કાઢવા પ્રયત્ન કરે છે. અને એમાં પણ દવા દારૂથી પણ જો વધારે દૂધ મેળવી શકાય તો તેઓ ક્રૂર રીતે મેળવવા તૈયાર થાય છે. લોકો બે પૈસાના લોભમાં પ્રાણીઓનાં હાડમાંસ ચૂસવા તૈયાર થાય છે. જેમ જેમ ઢોરને ખટાશ અને તુરાશના સત્વવાળો ખોરાક વધારે મળે, તેમ તેમ ઢોરની દૂધની બધી નસો નિચોવાઇને દૂધ વધારે નીકળે છે. તેથી લોકો તુરા ગવાર, બોરડીનો ફૂટો, આમલીનાં પાંદડાં, કોઠાના તોડા ખવડાવી દૂધ વધારે પેદા કરવાના અમાનુષિક ઉપચારો કરે છે.

અને આ ઉપરાંત જે કુટુંબોમાં ઢોર વધારે હોય અને તે લોકો ઢોરનું સંપૂર્ણ ભરણ પોષણ ન કરી શકતા હોય તો ઢોર પેટ ભરવા માટે ફાંફાં મારે છે. તે ઢોરોને કોઢમાંથી છોડવામાં આવે કે તરત વાડતરફ જુએ, એકાદ બે વેલા ખાય અને આગળ ચાલે, કોઢમાં જાય તો ઘાસ ન મળે. અને બહાર જાય તો ખેતરો સિવાય ચરવાનું બીજું સાધન ન મળે. એટલે ઢોરો બાપડાં ખેતરોમાં જાય. ભૂખ્યાં ડાંસ ઢોરો બીજું શું કરે? એમને પણ આત્મા આપ્યો છે એટલે કોઇક રીતે જીવવું તો પડે જને? ઢોર ખેતરમાં જાય અને એટલામાં જો ખેતરનો માલિક આવે તો ઢોરોનું આવી જ બન્યું સમજો.

આ એક દાખલો અમારા ગામનો જ છે. શેરડીનું એક ખેતર હતું. લીલીછમ શેરડી બરાબર ફાલી હતી. એવામાં ભોગજોગે એક રાત્રે ગાય આવી, ખેતર સાચવનારા જાગ્યા, અને ખેતરની ચારેબાજુ ફરી વળ્યા, અને ગાયને ખૂબ મારી. પરિણામે ગાયનું મોત આવ્યું. આ ગૌવધ થયો કે બીજું શું? જેને આપણે-હિંદુઓ માતા કહીએ છીએ તેના ઉપર આવા કારમા અત્યાચાર!

આવા અત્યાચાર થવાનું એક મહત્વનું કારણ ગોચરનો અભાવ છે. પહેલાના વખતમાં લોકો ઢોરને છૂટથી ચરાવી શકતા. ચરવા માટે પૂરતી જમીન હતી તે હવે રહી નથી. જમીન મહેસૂલના લોભે સરકારે ખૂણા ખોચરાની જમીનો માપણીમાં લીધી છે અને તેની આકારણી કરી છે, એટલે ઢોરને મફત ચરાવી શકાય એવી જમીનો ભાગ્યે જ રહી છે. હિંદની કુલ ૫૩ કરોડ એકર જમીન ખેતી લાયકની ગણાય છે તેમાં ૬૪ લાખ એકર જમીન સરકારે ગૌચર માટે રાખી છે, એટલે કે ખેતીની જમીનના ૧/૨ ટકા થયા. અને હિંદના કુલ ૧૯ કરોડ ઢોરને હિસાબે ૩૦ ઢોરે ૧ એકર જમીન થઇ. આ આંકડા બતાવે છે કે કંગાળ અને પરાધીન હિંદમાં ગોચર કેટલું ઓછું છે. અત્યારની આપણી ખેતી અને ઢોરને હિસાબે આજના કરતાં ૧૫ ગણી વધુ ગૌચરની જમીન જોઇએ, પણ તેની તો વાતજ કયાં કરવી? આ સ્થિતિમાં ગાયો ખેતરોમાં જ્યાં ત્યાં રખડે, ગમે ત્યાં મોઢું ઘાલે તેમાં શી નવાઇ? અને કતલખાને પણ જાય તેમાં શી નવાઇ?

આપણે વાંદરાના કતલખાનાની છૂટી-છવાઇ વાતો સાંભળીએ છીએ. ત્યાં રોજ ગાયો અને બળદ મળીને કુલ ૧૧૪ ઢોરની કતલ થાય છે અને તેમાં ૯૦ ગાયો હોય છે અને દરેક ગાય દીઠ મ્યુનીસીપાલિટીને રૂા. ૧-૮-૦ મળે છે.

આવાં કતલખાનાં ઢોરોને વીસ વીસ મિનીટ સુધી રીબાવે છે, કારણ કે પ્રથમ તો ઢોરના ચાર પગ બાંધે છે અને ત્યાર પછી એની ડોક મરડી એની શ્વાસનળી ઉપર છરો મારી શ્વાસનળી કાપી નાખવી પડે છે, તેથી ઢોરોને ખૂબ પીડાવું પડે છે. અને સામાન્ય રીતે ગાય ઉપર છરો મારનાર પણ મનુષ્ય તો હશે જ એમાં શંકા નથી, તો પણ એને છરો મારતાં આઘાત નહીં પહોંચતો હોય?

કેટલાક કહેશે કે અરે! જેલમાં ફાંસીની સજાવાળાઓને ફાંસી દેતાં માણસને સંકોચ ન થાય તો એક લોખંડનો ધારવાળો કટકો પશુ ઉપર ઉપાડતાં શું કામ સંકોચ થાય? અરે! મનુષ્ય કેવું મુર્ખ અને લોભી પ્રાણી છે!

આપણે કતલખાનામાં થતી કતલ જોઇ. હવે એ કતલ શી રીતે અટકે અને તેને માટે અત્યારે કેવા કેવા ઉપાયો થઇ રહ્યા છે અને એમાં પાંજરાપોળો શો ફાળો છે તે આપણે જોઇએ.

પાંજરાપોળોની હાલની સ્થિતિ જોતાં પહેલાં આપણે પહેલાંના વખતમાં પાંજરાપોળોની સ્થિતિ શી હતી તે જોઇએ કે જેથી કરીને આપણને માલુમ પડશે કે પાંજરાપોળો પહેલાં કેવી ચાલતી હતી અને અત્યારે એમાં કેટલા સુધારા થવા જોઇએ.

લગભગ ૭૫૦ વર્ષો પૂર્વે લખેલું મળે છે કે "જ્યારે બળદ વૃદ્ધાવસ્થાથી, નબળા અને કામ કરવાને અશકત થઇ જાય છે, ત્યારે અણહિલવાડના લોકો તેને કામ માત્રથી મુકત કરે છે અને કાંઇ પણ બદલો લીધા વિધા એને ચારો પૂરો પાડે છે." ઉપરની હકીકત જોઇ એ લગભગ ૭૫૦ વર્ષ પૂર્વેની છે. પરંતુ હવે આજથી લગભગ ૩૦૦ વર્ષ પૂર્વેની સ્થિતિ જોઇએ. નીચેની હકીકત એક ઇટાલિયને પોતાના મિત્રને હિંદમાં પ્રવાસ કરતી વખતે લખેલી છે તે પરદેશી પ્રવાસી ખંભાતનો અનુભવ લખે છે:- "પહેલે દિવસે અમે ખંભાતમાં પક્ષીઓની ઇસ્પિતાલમાં ગયા. ત્યાં ઘણી જાતના પક્ષીઓ હતાં. ત્યાં માંદા તથા લૂલાં પક્ષીઓની સારી

# ગૃહઉદ્યોગો અને યંત્રઉદ્યોગોનો સમન્વય

(પંડિત જવાહરલાલ નહેરૂ છેલ્લાં છેલ્લાં જેલવાસી થયા તેના થોડા સમય પહેલાં તેમણે 'નીમ વેઈલ્સ' નામના એક ચીની લેખકના 'China Builds for Democracy' નામક ગ્રંથની હિંદી આવૃત્તિના ઉપોદ્‌ઘાત તરીકે પ્રગટ કરવા માટે 'Co-ordination of Cottage and Big Industries' એ મથાળાનો એક લેખ લખ્યો હતો. આજે આપણા દેશમાં ગૃહઉદ્યોગ અને યંત્રઉદ્યોગ વચ્ચે ભારે સંઘર્ષણ ચાલી રહેલ છે અને રાષ્ટ્રના ભાવી આર્થિક આયોજનમાં પ્રત્યેકનું શું સ્થાન છે એ એક મહત્વની સમસ્યા છે. આ પ્રશ્ન ઉપર પ્રસ્તુત લેખ માર્ગદર્શક લાગવાથી તેનો અનુવાદ નીચે અવતરિત કરવામાં આવે છે.)

એ સ્પષ્ટ છે કે ચીનની સહકારી યોજનાઓ કેમ ચાલી રહી છે તે સંબંધે માહીતી મેળવવા માટે આપણને ખુબ કુતુહલ રહે છે, કારણ કે આપણે પણ એ જ પ્રશ્નનું સમાધાન શોધવાનું છે કે જેનો ઉકેલ ચીનમાં શોધાઇ રહ્યો છે. યાંત્રિક ઉદ્યોગો સાથે ગ્રામોદ્યોગોને શું સંબંધ હોવો જોઇએ? એ બંને વચ્ચે શું સ્વાભાવિક વિરોધ જ છે અને એકના ભોગે જ શું અન્ય જીવી શકે એમ છે? એ બંનેના સમન્વયનો કોઇ મધ્યમ માર્ગ છે જ નહિ? આવા પ્રશ્નો હિંદની વર્તમાન અને ભાવી આર્થિક પરિસ્થિતિનો વિચાર કરતાં આપણી સામે ઉપસ્થિત થાય છે. ચીનનો અનુભવ આપણને આ બાબતમાં ખુબ જ ઉપયોગી છે અને આપણને તેમાંથી ઘણું શિખવાનું મળે તેમ છે.

હું ઘણા વખતથી એવો અભિપ્રાય ધરાવતો આવ્યો છું કે આપણા દેશની પેદાશ અને દોલત વધારવા માટે અને એ રીતે આપણું જીવનધોરણ ઉંચે લાવવા માટે હિંદુસ્થાનનું ઉદ્યોગીકરણ બહુ જ જરૂરનું છે. ઉદ્યોગીકરણ સિવાય અને મોટા ઉદ્યોગોનો વિકાસ સાધ્યા સિવાય દેશની ગરીબાઇનો આપણે નીકાલ લાવી શકીએ એમ હું માનતો નથી. જેનું ઉદ્યોગીકરણ કરવામાં ન આવ્યું હોય એવો કોઈ પણ દેશ આર્થિક રીતે સ્વાધીન થઇ શકે એમ હું માનતો નથી. અને એમ છતાં પણ માત્ર રાજકારણી શિસ્ત ખાતર નહિ, પણ હું બુદ્ધિપૂર્વક માનું છું તે ખાતર, ગ્રામોદ્યોગોના વિકાસ અને વિસ્તાર માટે હું મારાથી બનતું કરતો આવ્યો છું.

મારા કેટલાક મિત્રો મારૂં આ દ્વિમુખી વલણ સમજી શકયા નથી અને એક અથવા અન્યમાં મને શ્રધ્ધા નથી અને જેનો કદિ મેળ ન મળે તેવી બે બાબતો વચ્ચે મેળ ઠોકી બેસાડવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું એવો મારી ઉપર તેઓ આક્ષેપ કરે છે. તેઓ તેમની વાત મારા ગળે ઉતારી શકયા નથી અને હું હજુ પણ માનું છું કે હિંદુસ્થાનમાં આપણે મોટા યાંત્રિક ઉદ્યોગોને તેમ જ ગ્રામોદ્યોગોને–બન્નેને–અને તેટલો વેગ આપવો જોઇએ અને બન્ને વચ્ચે યોગ્ય જોડાણ કરવું જોઇએ. આજની મુડીવાદી સમાજરચના નીચે આ સહેલાઇથી બની શકે તેમ નથી એ હું કબુલ કરૂં છું. તો પછી એ રચનાને પલટાવો! અને હું તો માનું જ છું કે આજનો વિગ્રહ અને તેના ચિત્રવિચિત્ર પરિણામ દ્વારા એ રચના નાબુદ થવાની જ છે અને તેનું સ્થાન નિયત કાર્યક્રમવાળું આર્થિક યોજન (Planned Econondly) લેનાર છે.

ગાંધીજીએ મારા માનવા પ્રમાણે ગ્રામોદ્યોગ ઉપર ખાસ ભાર મૂકીને હિંદુસ્થાનની એક ભારે સેવા કરી છે. તેમણે આ બાબત તરફ આપણું ધ્યાન ખેંચ્યું તે પહેલાં આખા પ્રશ્નનો એક બાજુએથી જ આપણે વિચાર કરતા હતા અને આખા પ્રશ્ન પાછળ રહેલા માનવ તત્વની એટલુંજ નહિ પણ હિંદુસ્થાનના ખાસ સ્થિતિ સંયોગોની આપણે ઉપેક્ષા કરતા હતા. ચીન માફક હિંદુસ્થાનમાં એક બાજુએ પાર વિનાની મનુષ્ય તાકાત (man power) છે અને બીજી બાજુએ પુષ્કળ બેકારી છે, તેમજ જરૂરિયાત કરતાં ઘણી ઓછી કમાણીવાળો વર્ગ પણ આપણે ત્યાં નાનોસુનો નથી. નાની અને વધતી જતી વસ્તી સાથે જેનું ઉદ્યોગીકરણ કારણ વધતું ગયું છે તેવા યુરોપના નાના નાના દેશો સાથે હિંદુસ્થાનની સરખામણી કરવાનો કશો અર્થ જ નથી. આપણી શ્રમતાકાત (labour-power) ને વેડફી નાંખે અથવા તો બેકારી વધારે તેવી કોઇ પણ આર્થિક યોજના આપણા કામની નથી. વિશિષ્ટ તાકાતવાળા યંત્રોનો ઉપયોગ ઓછો કરવો અને વધારે મોટી સંખ્યામાં મજુરોને રોકવા અને કામ આપવું તે, માનવતાની દૃષ્ટિ બાજુએ રાખીએ તો પણ, કેવળ આર્થિક દૃષ્ટિએ પણ વધારે લાભકારક નીવડે એવો સંભવ છે. ઘણી મોટી સંખ્યાને બેકાર બનાવવી તેને બદલે ઓછા દરે પણ લોકોની ઘણી મોટી સંખ્યાને કામ આપવું તે વધારે ઇચ્છવા યોગ્ય છે. વળી અમુક ફેકટરીઓમાં બનતા માલથી દેશની સમગ્ર દોલતમાં જે વધારો થાય તેના કરતાં એવો જ માલ ઉત્પન્ન કરનાર સંખ્યાબંધ ગૃહઉદ્યોગો દ્વારા દેશને વધારે દોલતની પ્રાપ્તિ થાય એમ બનવું પણ સંભવિત છે.

વધારેમાં વધારે માલનું ઉત્પાદન થાય તે દ્વારા નિષ્પન્ન થતા દ્રવ્યની વ્યાજબી વહેંચણી થાય, અને દેશમાંથી બેકારી નાબુદ થાય (Maximum production, equitable distribution and no unemployment) આજ માત્ર દેશની સર્વ ઔદ્યોગિક પ્રવૃત્તિઓનો હેતુ હોવો જોઇએ. હિંદુ-

---

રીતે સગવડ થાય છે. એ પક્ષીઓમાં પળાઉ પક્ષી સારાં થાય તો સદ્‌ગ્રહસ્થોને આપવામાં આવતા અને જંગલી પક્ષીએ સાજાં તાજાં થાય તો તેને છોડી મૂકવામાં આવતાં." પશુઓ માટે તે લખે છે કે:–"બીજે દિવસે અમે માંદાં તથા લૂલાં ઘેટાં બકરાંની જગ્યા જોઇ, અને એ બધાંને સંભાળનાર સ્ત્રી પુરૂષો ત્યાંજ નાની નાની ઓરડીઓમાં રહેતાં હતાં. અહીંથી આઘે લુલી અશકત અથવા દૂબળી ગાયો તથા વાછડાંની ઇસ્પિતાલ અમે જોઇ. પશુઓ સાથે એક મુસલમાન ચોર પણ હતો. તે ચોરી કરતાં પકડાઇ ગયો એટલે એના બન્ને હાથ કાપી નાખ્યા હતા. પણ હવે પોતાનું પેટ ભરવાને અશકત થઇ જવાને કારણે તે રીબાઇ રીબાઇને મરી જાય નહી એટલા માટે દયાળુ હિંદુઓએ તેને અહીં રાખ્યો છે અને એને કોઇ વાતે ઉણપ રહેવા દીધી નથી. તે જ શહેરના એક દરવાજા બહાર ગાયો, વાછરડાં તથા બકરાંનું મોટું ધણ જોયું. તેમાં કેટલાંક માંદાં હતાં. એની સારવાર કરવા રાખ્યાં હતાં. બીજાં નધણીયાતાં જણાયાથી રાખી લીધાં હતાં અને કેટલાંક માંસાહારી મુસલમાનોને પૈસા આપીને છોડાવેલ હતાં. અને એ બધાને ધર્માદા ખાતે રાખેલા ગોવાળો ખેતરમાં ચારતા હતા. આ પ્રમાણે ઢોર સાજાં થઈ જાય એટલે કોઇ દયાળુ માણસને સોંપે છે. કત્તલથી છોડાવેલ જાનવરમાંથી મેં ગાયો અને વાછડાંને બાદ કર્યાં છે, કારણ કે ખંભાતમાં ગાય, વાછડાં કે બળદને કોઇ મારતું નથી અને હિંદુઓએ નવાબ સાહેબને મોટું નજરાણું આપીને ગૌવધની બંધી કરાવી છે અને કોઇ ગૌવધ કરતો જણાય તો તેને આકરી શિક્ષા થાય છે અથવા દેહાન્ત દંડ પણ થાય છે."

અપૂર્ણ

બલ્લુભાઈ હાંસજીભાઈ

સ્થાનનું વિપુલ વસ્તીપ્રમાણ જોતાં માત્ર મોટા ઉદ્યોગોથી અથવા તો માત્ર ગૃહોદ્યોગોવડે આ હેતુ કદી સાધી શકાશે નહિ. મોટા યાંત્રિક ઉદ્યોગો વડે અમુક વસ્તુઓ ઘણા મોટા પ્રમાણમાં ઉત્પન્ન કરી શકાશે, પણ બેકારીનો પ્રશ્ન એનો એજ રહેશે અને નિષ્પન્ન થતા દ્રવ્યની વ્યાજબી વહેંચણી પણ બહુ જ મુશ્કેલ બનશે. એ પણ સંભવિત છે કે આપણી શ્રમતાકાત પુરી ઉપયોગમાં ન આવે અને ઘણા લોકો કામવિના નવરા રહે તેને લીધે આપણું સમગ્ર ઉત્પાદન દેશની સમગ્ર શકયતાના પ્રમાણમાં ઘણું ઓછું હોય. બીજી બાજીએ માત્ર ગૃહઉદ્યોગોને લીધે દ્રવ્યવહેંચણી જરૂર વધારે સારી થાય, પણ ઉત્પાદન ઘણું ઓછું થવાનું અને તેથી જીવન ધોરણ પણ નીચું જ રહેવાનું. હિંદુસ્થાનની આજની પરિસ્થિતિમાં ગૃહઉદ્યોગોનો ચોતરફ ખુબ પ્રમાણમાં ફેલાવો થતાં રહેણીકરણીનું ધોરણ આજના કરતાં જરૂર ઉંચું આવે; એમ છતાં પણ તે હોવું જોઇએ તે કરતાં તો ઘણું નીચું રહેવાનું જ. બીજા પણ કેટલાંક એવા તત્વો છે કે જેને લીધે માત્ર ગૃહઉદ્યોગો ઉપર આધાર રાખીને બેસી રહેવાનું આજે કોઇ પણ દેશને પરવડે તેમ છે જ નહિ. માત્ર બૃહત્ ઉદ્યોગો વડેજ ઉત્પન્ન થતી અમુક જરૂરીયાતની ચીજો સિવાય કોઇ પણ આધુનિક પ્રજાને ચાલી શકે તેમ છેજ નહિ. આ ચીજો આપણે આપણા દેશમાં જો ઉત્પન્ન ન કરીએ તો બહારથી આયાત કરવી જ પડે, અને તેનું પરિણામ પરદેશ ઉપર આધાર રાખવામાં જ આવે. આનું પરિણામ આર્થિક પરાધીનતામાં જ અને સાથે સાથે ઘણું ખરું રાજકીય ગુલામીમાં જ આવે. તેથી યાંત્રિક બૃહત્ ઉદ્યોગો તેમજ ઘરગતુ નાના ઉદ્યોગો–ઉભયની હિંદુસ્થાનમાં જરૂર છે અને તે બન્નેની અથડામણ ન થાય એવું આયોજન ઇષ્ટ અને આવશ્યક છે. મોટા યાંત્રિક ઉદ્યોગોને ખૂબ ઉત્તેજન મળવું જોઇએ અને તેની બને તેટલી ત્વરાથી ખીલવણી થવી જોઇએ. પણ આ યાંત્રિક ઉદ્યોગોની પસંદગી પુરી સંભાળથી થવી જોઇએ. મોટા પાયાના ઉદ્યોગોને સૌથી પહેલી પસંદગી મળવી જોઇએ, કારણ કે આ ઉદ્યોગો પ્રજાના આર્થિક બળના પાયાસમાન છે અને તેમાંથી જ બીજા અનેક નાના ઉદ્યોગો ઉભા થઇ શકે છે. દાખલા તરીકે વિદ્યુત્ શકિતના વિકાસ ઉપર જ આજની સર્વ ઔદ્યોગિક ખીલવણીનો આધાર રહેલો છે. યંત્રોની બનાવટ, નૌકાનિર્માણ, રસાયણિક દ્રવ્યો, એંજીનો, મોટરગાડીઓ, અને એવી બીજી બસ્તુઓ પણ જોઇશે જ. આ અને આવી બીજી વસ્તુઓ બનાવનારા ઉદ્યોગો દેશની દોલતમાં વધારો કરે છે, અને પ્રજાને સારા પ્રમાણમાં કામ આપે છે અને તદુપરાન્ત આને લીધે બીજા કોઇ ક્ષેત્રમાં બેકારી ઉભી થતી નથી. બીજી બાજુએ હળવા યાંત્રિક ઉદ્યોગોને ઉત્તેજન અપાવું ન જોઇએ. તેનું એક કારણ તો એ છે કે આપણી પાસે મુડી મર્યાદિત છે અને તેની મોટા તેમ જ પાયાના ઉદ્યોગોમાં ખુબ જરૂર છે. બીજું કારણ એ છે કે આવા યાંત્રિક ઉદ્યોગો ગૃહ ઉદ્યોગોની અથડામણમાં આવવાનો અને એ રીતે લોકોમાં બેકારી વધવાનો સંભવ રહે છે.

કમનસીબે આપણા દેશનો ઔદ્યોગિક વિકાસ હળવા ઉદ્યોગોને આશ્રયીને જ થયો છે. મોટા ઉદ્યોગો ઉભા કરવાના જે કાંઇ થોડા ઘણા પ્રયત્નો આપણા ઉદ્યોગપતિઓએ કરેલા તેને અંગ્રેજ સરકારે સંગીન રીતે દાબી દીધા છે. દુનિયાની આગામી પુનર્ઘટના ધ્યાનમાં લઇને, હિંદુસ્થાનમાં મોટા પાયાના ઉદ્યોગોને ખીલવવાનો અવકાશ આપીને યુદ્ધ પ્રયત્ન વધારે બળવાન અને સફળ બનાવવાને બદલે યુદ્ધ પછીના હિંદ ઉપરની પોતાની આર્થિક પકડ એટલી ને એટલી મજબુત ટકાવી રાખવી એ જ અંગ્રેજ ઉદ્યોગપતિઓને મન વધારે મોટી ચિન્તાનો વિષય બની રહ્યો છે.

હિંદુસ્થાનમાં ઉદ્યોગને લગતો વ્યવસ્થિત વિકાસ તેમજ મોટા યાંત્રિક ઉદ્યોગો તથા નાના ગૃહઉદ્યોગો વચ્ચેનું સંધાણ માત્ર પૂર્વનિયત રાષ્ટ્રીય આયોજનથી જ સાધી શકાય તેમ છે. રાજકીય અને અર્થકીય સ્વાધીનતા સિવાય કોઇ સફળ આર્થિક આયોજન શકય જ નથી. વળી રાજ્યસત્તાના અંકુશ સિવાય કોઇ પણ આર્થિક આયોજન પાર પાડી શકાતું નથી. પાયાના ઉદ્યોગો અને સાર્વજનિક જરૂરિયાતોને પહોંચી વળતા ઉદ્યોગો તેમ જ એક જગ્યાએથી બીજી જગ્યાએ લાવવા લઇ જવાનાં સાધનો (transport services) ને લગતા ઉદ્યોગો ઉપર આધિપત્ય તેમજ નિમંત્રણ સંપૂર્ણપણે રાજ્યનું જ હોવું જોઇએ. મોટા ઉદ્યોગો સિવાયના બીજા ઉદ્યોગો ઉપર રાજ્યના અંકુશનું પ્રમાણ ભલે ઓછું હોય. પણ જે કોઇ યાંત્રિક ઉદ્યોગ કોઇ પણ ગૃહઉદ્યોગની હરીફાઇ અને અથડામણમાં આવે તેમ હોય તેની ઉપર તો રાજ્યનો સંપૂર્ણપણે અંકુશ હોવો જ જોઇએ. વિદ્યુત્ શક્તિના ઉપયોગે આજની ઔદ્યોગિક પરિસ્થિતિમાં ભારે મહત્વનું પરિવર્તન કર્યું છે, અને તેને લીધે કેન્દ્રસ્થ મોટા ઉદ્યોગોને પણ આજે નાનાં નાનાં કેન્દ્રોમાં વહેંચવાનું શકય બન્યું છે. આ બાબત નાના ઉદ્યોગોના તેમજ ગૃહઉદ્યોગોના ખુબ લાભમાં છે. આ બધી ગણતરીઓ સામાન્ય સમય સંયોગોને લાગુ પડે છે. યુદ્ધના સંયોગોએ નાના તેમજ ઘરગતુ ઉદ્યોગોની ઉપયોગીતામાં ખુબ વધારો કર્યો છે અને આ બાબતમાં ખાસ કરીને ચીનનો દાખલો આપણા માટે બહુ મહત્વનો છે. વિગ્રહ સંયોગોમાં તેમજ દુશ્મનનું દેશ ઉપર આક્રમણ થઇ રહ્યું હોય ત્યારે મોટા યાંત્રિક ઉદ્યોગો લગભગ સ્થગિત થઇ જાય છે અને ગૃહઉદ્યોગોજ દેશના ટકાવનું એક અને અજોડ સાધન થઇ પડે છે. ચીનમાં ઉભી થયેલી આ ઔદ્યોગિક સહકારી સંસ્થાઓની અસાધારણ પેદાશે મને આશ્ચર્યમુગ્ધ કરી નાંખ્યો છે. એ ગૃહઉદ્યોગમાં જેટલી મુડી રોકવામાં આવે છે તેથી બમણી કીંમતનું તેમાંથી માસિક ઉત્પાદન થાય છે. આ કદાચ લડાઇના સંયોગને આભારી હશે. એમ છતાં પણ એ આશ્ચર્યજનક તો છે જ.

લોકશાસનના પાયા ઉપર ઉભી કરવામાં આવેલી આ સહકારી સંસ્થાઓ અને આ ધોરણ ઉપર તેનો થઇ રહેલો વિકાસ આજની વિગ્રહવ્યાપી દુનિયામાં ભારે અર્થપૂર્ણ અને જિજ્ઞાસાપ્રેરક છે. આ ધોરણ ઉપર જ રાજકીય લોકશાસન ટકી શકશે. આ સિવાય બીજા કોઈ ધોરણ ઉપર પ્રજાસતાક તંત્ર ટકી શકે કે કેમ એ શંકા પડતું છે. આજ સુધી ચાલતી હતી તેવી મુડીવાદ ઉપર ઉભી થયેલી ઔદ્યોગિક રચના ચાલુ રાખવાનું હિંદુસ્થાનને કે ચીનને પરવડે તેમ છેજ નહિ. એમ છતાં પણ ઉદ્યોગોની દિશાએ આપણે આગળ તો વધ્યે જ છુટકો છે, નહિ તો આપણો ટકાવ જ નથી. આપણે આપણો રસ્તો શોધવો જ જોઇશે. આ યાંત્રિક ઉદ્યોગો અને ગૃહઉદ્યોગો વચ્ચે કોઈ સમન્વય સાધવો જ પડશે. સંભવિત છે કે સહકારી યોજના ઉપર રચાયલા પ્રજાસત્તાક તંત્ર તરફ ભાવી ઘટના આપણને અને અન્યને ખેંચી જતાં હોય. વિગ્રહના ઉપદ્રવથી અવારનવાર પીડાતી દુનિયાને એ જંગલી દશામાંથી ઉંચે આવવા માટે આવી જ કોઇ યોજના વિચારવી પડશે.

મૂળ લેખક:—**પંડિત જવાહરલાલ નેહરૂ**

અનુવાદક:—**પરમાનંદ.**

# અંગ્રેજ શાસકોની આત્મપ્રશસ્તિ અને વર્તમાન વાસ્તવિકતા

બ્રીટને હિંદુસ્થાનમાંથી જે કાંઇ લાભો ઉઠાવ્યા છે તે સામે બ્રીટને હિંદુસ્થાનને કેટલીક અમૂલ્ય વસ્તુઓની નવાજેશ કરી છે એવો દાવો કરવામાં આવે છે.

અંગ્રેજી રાજ્યથી થયેલા ગણાવવામાં આવતા અનેક ફાયદાઓમાં પહેલો ફાયદો એ જાહેર કરવામાં આવે છે કે અંગ્રેજી રાજ્યે હિંદને રાજકારણી એકતાની મોટી બક્ષીસ કરી છે. એ એકતા આજે છે ખરી? એને અબાધિત રહેવા દેવામાં આવશે ખરી? પાકીસ્તાન કોણે ઉભું કર્યું છે? રાજસ્થાનની કોણ યોજના કરી રહ્યું છે? બ્રીટનને હવે માલુમ પડયું છે કે જે એકતા વિષે પોતે બડાઇ મારી રહ્યું હતુ તે તો અંગ્રેજી સલતનતને ભયરૂપ નીવડયું છે. અને તે સલતનતને બચાવવા માટે તેના રાજકીય પુરૂષો તે એકતાનો જ ધ્વંસ કરી રહેલ છે.

અંગ્રેજ શાસકોનો બીજો એક મોટો દાવો છે કે અંગ્રેજી રાજ્યે હિંદુસ્થાનમાંથી દુષ્કાળને હાંકી કાઢયો છે. અંગ્રેજી રાજ્યવહીવટ નીચે જે પાણીને લગતાં મોટાં બાંધકામો, નહેરો તેમજ રેલ્વે વગેરેની સગવડો ઉભી કરવામાં આવી છે તેની વિરૂદ્ધ બોલવાપણું તો ન જ હોઇ શકે. પણ આ નહેરો, પાણીનાં બાંધકામો તેમજ રેલ્વેનું આયોજન આ દેશના લાખો લોકોને તંગીના અનુભવમાંથી ઉગારી શકયાં છે ખરાં? આજે પૂર્વ બંગાળા અને ઓરીસ્સામાં લોકોની શું સ્થિતિ છે? મુંબઇ ઇલાકામાં જે તાલુકાઓએ આજની લડાઇમાં પોતાનું લોહી પુરા પ્રમાણમાં બહાવ્યું છે તે બીજાપુર અને રત્નાગિરીના લોકોની આજે શું દશા છે? એમરી સાહેબ પાર્લામેન્ટને ભલે ખાત્રી આપે કે હિંદુસ્થાનમાં ઘઉંનો પાક પુષ્કળ થયો છે; પણ છેલ્લા કેટલાક મહીના થયાં હિંદુસ્થાન કેવી સ્થિતિમાંથી પસાર થઇ રહ્યું છે? ઓસ્ટ્રેલીઆથી આવનારા ઢગલાબંધ ઘઉંની આશા ઉપર જ લોકોને શું જીવાડવામાં નથી આવ્યા?

અંગ્રેજી સલતનત પક્ષે ત્રીજો દાવો એ છે કે તેણે હિંદમાં કાયદાપૂર્વકનું રાજ્ય સ્થાપિત કર્યું છે. કાયદાપૂર્વકનું રાજ્ય એ કહેવાય કે જે સરકારી અમલદારોના આપખુદ અને મનસ્વી અમલ સામે પ્રજાના અંગત હકકોનું તેમજ માલમીલકતને લગતા હકકોનું રક્ષણ કરે. એનો અર્થ એ છે કે નાનામાં નાના માણસને પણ ન્યાયનું પુરૂં રક્ષણ મળે અને રાજાએ નીમેલા ન્યાયાધીશો શું કાયદેસર છે અને શું કાયદેસર નથી તે નકકી કરે. જથ્થાબંધ બહાર પડતા આજના વટહુકમો અને ઘડાયે જતા નવા નવા કાયદાઓદ્વારા રાજ્યાધિકારીઓ એટલી બધી સત્તા અને છુટ ભોગવતા થયા છે કે દેશની વરિષ્ટ-અદાલતોને એ પગલાને ગેરકાયદેસર જાહેર કરવાના પ્રસંગો ઉભા થયા છે. દેશના કોઇ પણ ફોજદારી કાનુનનો જેમાં ભંગ થતો નહોતો તેવો ઠરાવ પ્રસાર કરવા માટે અખિલ હિંદ મહાસભા સમિતિને અને બીજી કોંગ્રેસી સંસ્થાઓને ગેરકાયદેસર જાહેર કરવામાં આવી હતી. એ કોઈ કોર્ટનો ચુકાદો નહોતો, પણ કેવળ વહીવટી હુકમ હતો જે લોકોના અભિપ્રાય મુજબ કેવળ અન્યાયી હતો. જેના નિવારણનો કોઇ ઉપાય નથી એવો તે એક અન્યાય છે. આની જ બીજી બાજુએ ફીડરલ કોર્ટે અને કેટલીક હાઈ કોર્ટોએ મધ્યસ્થ તેમજ પ્રાંતિક સરકારેએ લીધેલા કેટલાંક પગલાંને ગેરકાયદેસર જાહેર કર્યા છે. આમ છતાં પણ આવા ગેરકાયદેસરના પગલાંઓથી નીપજેલો અન્યાય દૂર કરવામાં આવ્યો નથી. ઉલટું અમલી સતાનો વિશેષ ઉપયોગ કરીને એ અન્યાયને ચાલુ રાખવામાં આવ્યો છે. ફીડરલ કોર્ટે ચુકાદો આપ્યો કે હિંદી સંરક્ષણ ધારાની ૨૬ મી કલમ સરકારને અપાયલી સત્તાની બહારની છે અને તેથી ગેરકાયદેસર છે. સરકારે બીજો વટહુકમ બહાર પાડયો અને તે વડે ગેરવ્યાજબી કાયદાને વ્યાજબી ઠરાવીને ઉપરના ચુકાદાનો જવાબ વાળ્યો. કલકત્તા હાઇકોર્ટે જણાવ્યું છે કે આ નવો વટહુકમ પણ ગેરકાયદેસર છે. બંગાળ હાઇકોર્ટે ચુકાદો આપ્યો કે સ્પેશીયલ કોર્ટસ ઓર્ડીનન્સ ગેરકાયદેસર છે. બંગાળની સરકારે આની સામે ફેડરલ કોર્ટને અપીલ કરી. ફેડરલ કોર્ટે પણ જાહેર કર્યું કે એ ઓર્ડીનન્સના કેટલાક વિભાગો ગેરકાયદેસર છે. સરકારે એ ગેરકાયદેસર ઠરેલા ઓર્ડીનન્સને રદ કરતો પણ સાથે સાથે એ જુના ગેરકાયદેસર ઠરેલા ઓર્ડીનન્સ નીચે કરવામાં આવેલું સર્વ કાંઇ કાયદેસરનું જાહેર કરતો નવો ઓર્ડીનન્સ કાઢીને ઉત્તર વાળ્યો. આ શું કાયદાનું રાજ્ય કહી શકાય ખરૂં?

વળી બ્રીટને હિંદુસ્થાનનું નાણાખાતું તેમજ ચલણખાતું જે વ્યવસ્થિત પાયા ઉપર મુકયું છે તે વિષે તો બ્રીટન ખુબ જ મગરૂબી ધરાવે છે. પણ આજે એ અર્થ-રચના કેવી કોટિ ઉપર ઉભી છે તેનો બ્રીટનને ખ્યાલ છે ખરો? પોતાના જ રૂપીઆને ચલણી નાણા તરીકે સ્વીકારવામાં નહિ આવે એમ જાહેર કરવાની સરકારને ફરજ પડી છે એ હકીકત જ આજનું હિંદી ચલણીખાતું કેવી કઢંગી દશામાંથી પસાર થઇ રહેલ છે તે પુરવાર કરવાને પુરતી છે. નાણાંનો ફુગાવો ભારે આર્થિક વિષમતા ઉભી કરી રહેલ છે અને દૂરદર્શી અર્થશાસ્ત્રીઓ આ મર્યાદા બહારના ફુગાવામાં ભારે અનર્થ જોઇ રહ્યા છે.

આખા દેશને લાગુ પડેલ વ્યાધિનાં આ ચિહ્નો છે. આ વ્યાધિ નાબુદ થવોજ જોઇએ. આજે લડાઇ ચાલે છે એમ જવાબ વાળવો એ પુરતું નથી. કારણ કે દુનિયાના દરેક દેશ માટે પણ લડાઇ તો ચાલે જ છે. ખરી રીતે બીજા ઘણા ખરા દેશોમાં લડાઇને લીધે રાજા અને પ્રજા વધારે નિકટ આવ્યા છે. ઘણા ખરા દેશોમાં રાજકારણી મતભેદ અને તકરાર અદૃશ્ય થયા છે. રાષ્ટ્રીય એકતાની ભાવના વધારે ઉંડી અને સુદૃઢ થઇ છે. અન્નનું ઉત્પાદન અને વહેંચણી વધારે વ્યવસ્થિત થયેલ છે અને કોઇ પણ ચોકકસ કે દૂર થઇ શકે એવા અન્યાયની ફરિયાદ સાંભળવામાં આવતી નથી. ચલણની સ્થિતિ અન્યત્ર નાજુક તો બની જ છે. પણ ફુગાવો અમુક મર્યાદા નીચે નિયંત્રિત છે.

સરકાર પક્ષે ચાલુ દલીલ એ છે કે અહિં માફક બીજા દેશોમાં આડખીલો ઉભી કરનારી કોંગ્રેસ નથી. આમ કહીને શાહીવાદીની અપમાનિત અહંતા ભલે સંતોષ અનુભવે, પણ આવા આત્મસંતોષથી કાંઇ આજના પ્રશ્નનો ઉકેલ આવી શકતો નથી. કોંગ્રેસની માંગણીઓની વિધાયક બાજુની તેના વિરોધીઓએ એક સરખી રીતે અવગણના કરી છે. જો તેઓ હિંદી જનતાને કોંગ્રેસથી પરાઙ્મુખ કરી શકયા હત તો તેમનો મુદ્દો બીજાના ગળે તેઓ જરૂર ઉતારી શકત. પણ આ બાબતમાં તેઓ નિષ્ફળ નીવડયા છે અને જ્યાં તેઓ નિષ્ફળ નીવડયા છે ત્યાં પોતાની નિષ્ફળતા કબુલ કરવી અને આજની પરિસ્થિતિ કેમ સુધારી શકાય તેનો વિચાર કરવો એ તેમની ખાસ ફરજ છે. સ્વાતંત્ર્યની આબોહવા ઉભી કરવાથી હિંદમાં જે બળ અને તાકાત આવશે તે તરફ હવે વધારે વખત અવિશ્વાસની નજરે જોવું ન જોઇએ. સમસ્ત રાષ્ટ્રને લાગુ પડેલા વ્યાધિઓનું એક જ રામબાણ ઔષધ છે—આઝાદી.

(૯મી જુનના 'ફ્રી પ્રેસ જર્નલ'માંથી સાભાર ઉધ્ધૃત.)

અનુવાદક:—**પરમાનંદ.**

## જીવતો અનેકાન્ત

(પૃષ્ટ ૩૬ થી ચાલુ)

સાથે અને એક ધોળનો બીજા ધોળ સાથે લગ્ન-વ્યવહાર ટૂંકાયો. લગ્ન અને બીજી જરૂરી બાબતોમાં જૈન સમાજ બીજા સમાજો સાથે છૂટાછેડા કર્યે જ જતો હતો અને વધારામાં તે અંદરો અંદર પણ સંબંધ પોષવાને બદલે તોડવા લાગ્યો. સંકુચિતપણાનું ઝેર માત્ર લગ્ન સંબંધના વિચ્છેદ સુધી જ ન અટક્યું પણ તેણે ધર્મક્ષેત્રમાં પ્રવેશ કર્યો. શ્વેતાંબર અને દિગંબરોના લગ્ન સંબંધો વિચ્છિન્ન થયા અને દિગંબર ફિરકામાં આ બાબતે એટલે સુધી અસર કરી છે કે સમાજનો પ્રતિષ્ઠિત વર્ગ દિગંબર દશા ભાઇઓઓનો પૂજા અધિકાર પણ કબુલતો નથી. દશા કોમનો દિગંબર ગમે તેવો સંસ્કારી વિદ્વાન હોય પણ તે સર્વ સામાન્ય મંદિરોમાં પૂજા અધિકાર મેળવી શકતો નથી; એટલું જ નહિ પણ જો તેણે કયાંય એવે સ્થાને પૂજા કરી, તો તેને બીજા વર્ગ દ્વારા કોર્ટે ઘસડવાના દાખલાઓ પણ આજે બને છે. જે અનેકાંતે સદ્ગુણોને જ એક માત્ર નિરભિમાન ઉચ્ચતાની કસોટી કહેલ, તે જ અનેકાંત નિષ્પ્રાણ થતાં આજે ભાઇભાઇઓમાં ન સંધાય એવા ભાગલા પાડી રહ્યો છે.

છેલ્લે રાષ્ટ્રીયતાનો પ્રદેશ ઉપસ્થિત થાય છે. જૈન સમાજનો ત્યાગી વર્ગ આપમેળે દીર્ઘદૃષ્ટિપૂર્વક કયારે પણ રાષ્ટ્રભાવના પોષતો રહ્યો હોય એમ ઇતિહાસ જોતાં જણાતું નથી. અલબત્ત કોઇ પરાક્રમી અને સમજદાર નરરત્નો સમાજમાં પાકે અને તેઓ મુખ્યપણે પોતાની સૂઝથી રાષ્ટ્રોદ્ધારનું કામ કરે ને તેમાં જશ મેળવે, તો પાછળથી જૈન ત્યાગી અને વિદ્વાન વર્ગ પણ તેના રાષ્ટ્ર કાર્યની યશોગાથા ગાય અને પ્રશસ્તિ રચે. ભામાશાહ પ્રતાપને મદદ કરે ત્યારબાદ તેની યશોગાથા આજ સુધી પણ ગવાતી આપણે સાંભળીએ છીએ. જોવાનું એ છે કે આ રાષ્ટ્રકાર્યની પ્રસંસા સ્વયં વિચારપ્રેરિત છે કે તે લોકપ્રવાહનું અનુસરણ છે? જો વસ્તુપાલ, ભામાશાહ કે બીજા કોઇ પણ તેવા વીરના રાષ્ટ્રોદ્ધાર કાર્યને અનેકાંતના વિવેકમાં ધરમૂળથી જ સ્થાન રહ્યું હોત, તો તે વિવેક જૈન સમાજમાં એવું કાર્ય સતત ચાલુ રાખવાની અને પોષવાની પ્રેરણા આપત, પણ આપણે એથી ઉલટું જ જોઇએ છીએ. કોઇ પણ ત્યાગી કે ધર્મશાસ્ત્રી પંડિત રાષ્ટ્રકથાને વિકથા કહીને ઉતારી પાડે છે અને રાષ્ટ્રીય પ્રવૃત્તિને રાજ્યવિરૂધ્ધાતિક્રમ અતિચાર કહીને તેમાં જોડાતા ઉત્સાહી યુવકોને હતોત્સાહ કરે છે. એક યુગ એવો હતો કે જ્યારે રાષ્ટ્રકાર્ય અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ એ શબ્દ સાંભળતા જ કાનમાં શસ્ત્રનો ખણખણાટ સંભળાતો. તે વખતે અહિંસાના ઉપાસકો એવું પ્રતિપાદન કરતા કે જૈન ધર્મ અહિંસામૂલક હોવાથી, હિંસા સાથે સંકલિત રાષ્ટ્રકાર્ય કે રાષ્ટ્રક્રાંતિમાં સાચો જૈન કેવી રીતે જોડાઇ શકે? તરત જ બીજો યુગ એવો આવ્યો કે રાષ્ટ્ર-ઉત્થાનની પ્રત્યેક પ્રવૃત્તિ અહિંસા ઉપર ગોઠવાઇ અને અને તે દૃષ્ટિએ ચલાવવામાં આવી. આ વખતે અહિંસા સિદ્ધાંતનો અનન્ય દાવો કરનાર કેટલાક ત્યાગીઓ અને પંડિતો કહેવા લાગ્યા છે કે રાજકીય પ્રવૃત્તિમાં યા રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં અહિંસાનું પાલન શક્ય નથી. અહિં પ્રશ્ન એ છે કે અહિંસાનું પાલન કયાં અને કેવી રીતે શકય છે એ તે પક્ષકારોએ જાણવું જોઇએ. જો રાષ્ટ્રીય પ્રવૃતિમાં એમને અહિંસાની શકયતા ન જણાતી હોય તો સામાજિક અને કૌટુમ્બિક પ્રવૃત્તિમાં એની શકયતા કઇ રીતે સંભવે? છેવટે તો એવા વિચારકોને મને અહિંસાની શકયતા એકમાત્ર મુનિમાર્ગ અને મુનિઆચારો સિવાય અન્યત્ર સંભવવાનું ભાગ્યે જ ફલિત થશે, જેનું મૂલ્ય તેરાપંથની નિવૃત્તિ કરતાં જરા પણ વધારે સિધ્ધ નહી થાય. દાનનો નિષેધ, સાર્વજનિક હિતપ્રવૃત્તિનો નિષેધ, એટલું જ નહીં પણ જીવદયાપાલન સુધ્ધાંનો નિષેધ—એ તેરાપંથની નિવૃત્તિ; અને બીજી બાજુ આવી નિવૃત્તિના સંસ્કાર સેવતો ગૃહસ્થવર્ગ બને તેટલું વધારેમાં વધારે ધન વગરમહેનતે કે ઓછામાં ઓછી મહેનતે સંઘરવાની વૃત્તિવાળો રહે. આ અહિંસા કેટલી સુંદર? બીજાઓની સુખસગવડ ભોગે સંગ્રહાતા ધન ઉપરના ગુરૂવર્ગ નભે, પણ તે જ ધનનો સમુચિત વિનિયોગ કરવાનો ઉપદેશ સુદ્ધાં આપવામાં તે પાપ માને—આવી અહિંસાની વિટંબણા અહિંસાનું સ્વરૂપ ન સમજવાને લીધે ઓછે વધતે અંશે આખા સમાજમાં પ્રવર્તે છે.

રાષ્ટ્રીય પ્રવૃત્તિ, જે અત્યારે અહિંસામૂલક શરૂ થઇ છે, તેમાં ખાદીનું સ્થાન છે. કપડાં પહેરવાં જ છે, તો પછી યંત્રનિષ્પન્ન અને પરદેશી કપડાં ખરીદી તે વાટે ધનના દુરૂપયોગનો માર્ગ ખુલ્લો કરવો એમાં અહિંસા છે કે ખાદી અંગીકારી નિરૂદ્યોગીઓને બે કોળિયા અન્ન પૂરાં પાડવાની સમજ દાખવવી એમાં અહિંસા છે? એ જ રીતે રાષ્ટ્રીય પ્રવૃત્તિનું બીજું અંગ દલિત જાતિઓનો ઉધ્ધાર છે. કોણ એવો સમજદાર અહિંસાવાદી હશે, જે આ પ્રવૃત્તિને સર્વથા અહિંસામૂલક નહીં માને? અને છતાં આપણે જોઇએ છીએ કે જૈન સમાજના અહિંસોપાસકોએ આ પ્રવૃત્તિને છેક જ અવગણી છે. જે દેશમાં જન્મવું, રહેવું અને નભવું, જે વર્ગના ખંભા અને પીઠ ઉપર બેસવું ને જીવન ટકાવવું, તે દેશ અને તે વર્ગની સુખસગવડનો પ્રશ્ન આવે અને તે પરત્વે પોતાનું રૂઢ વર્તન બદલવાનો પ્રશ્ન આવે, ત્યારે નિવૃત્તિની વાતો કરી કે બીજો તર્કવાદ ઉપસ્થિત કરી પોતાની જાતને બચાવી લેવી એ આચારમય અનેકાંતનો મૃત્યુઘંટ નહીં તો શું છે?

જૈન સમાજને બીજા સમાજોની પેઠે જિજીવિષા છે. તે જીવતો આવ્યો છે અને હજી પણ જીવશે. જીવન એ છેવટે પરાણે પણ સમન્વય કે સમાધાની વિના શકય જ નથી. એટલે જૈન સમાજમાં સમાધાનરૂપ અનેકાંતને સ્થાન ન જ હતું કે આગળ નહિ રહે એમ તો ન જ કહી શકાય. આ સ્થળે જે કહેવાનો આશય છે તે એટલો જ છે કે પરાણે, અણસમજે કે બીજાની દેખાદેખીએ આચરવામાં આવેલ અનેકાંત એ નથી હોતો તેજસ્વી કે નથી બનતો પ્રાણપ્રદ. જૈન પરંપરાએ જો લાંબા કાળ લગી અનેકાંતના વિચારો સેવ્યા હોય અને તે વિષેનું ઢગલાબંધ સાહિત્ય રચ્યું તેમજ પોષ્યું હોય, તો બીજા બધા સમાજો કરતાં તેની પાસેથી વધારેમાં વધારે જીવંત અનેકાન્તના પાલનની કોઇ આશા સેવે, તો એ ભાગ્યે જ અજુગતું કહેવાય. એમાંય જ્યારે દેશમાં કોઇ એવો પ્રાજ્ઞ મનુષ્ય પાકે કે જેની સમગ્ર વિચાર સરણી અને કાર્યપદ્ધતિ જીવતા અનેકાંત દૃષ્ટિ ઉપર જ રચાઇ અને ઘડાઇ હોય અને તે આપણી સામે હોય, ત્યારે એને ઓળખતા અને અપનાવતાં અનેકાંતવાદીઓ સહેજે પણ પાછા પડે, તો એમ કેમ કહી શકાય કે અનેકાંતવાદના અનુયાયીઓમાં તે વાદ જીવે છે?

સમાપ્ત

પંડિત સુખલાલજી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

'અખિલ ભારત ગૌરક્ષા મંડળ' સન ૧૯૨૪ ના ડિસેમ્બરની અઠ્ઠાવીસમીએ બેલગામમાં ગૌરક્ષા પરિષદ ભરાઈ હતી ત્યારે સ્થાપવામાં આવ્યું હતું. પરંતુ આ મંડળનુ કામ બરાબર ન ચાલ્યું, તેથી ૧૯૨૮ માં તેને બંધ કરવામાં આવ્યું, અને તેના બદલામાં 'ગૌસેવા સંઘ' સ્થાપવામાં આવ્યો.

ગૌસેવા સંઘે અખિલ ભારત ગૌરક્ષા મંડળના જ ઉદ્દેશો રાખ્યા હતા. એમાં ગાય બળદ શી રીતે વધારે કતલ થતાં અટકે, એને શી રીતે વધારે પોષણ મળે, ગૌશાળાઓ અને પાંજરાપોળોનો શી રીતે વિકાસ થાય, ગૌસેવકોને ઉત્તેજન આપવું, તથા નવા ગૌસેવકો પેદા કરવા, મૂએલાં ઢોરોનો શી રીતે ઉપયોગ કરવો, અને ઘાસચારાનાં બીડ શી રીતે ઓછાં થતાં અટકે–આવાં આવાં કામો કરવાનો એ મંડળનો ઉદ્દેશ છે, અને એના મૂળ પ્રતીકરૂપે આપણા સાબરમતી હરિજન આશ્રમની ગૌશાળા છે. આશ્રમની ગૌશાળા એ 'ગૌસેવા સંઘ' તરફથી ચાલતું એક મોટું કાર્ય છે. હવે આપણે એને વિષે વધુ હકીકત જોઇએ.

સન ૧૯૨૬થી આ ગૌશાળા વ્યવસ્થિત થઇ છે અને એની ઉત્પત્તિનું કારણ એ છે કે ૧૯૨૦માં સત્યાગ્રહ ચાલુ થયો તે વખતે સત્યાગ્રહીઓની સંખ્યા આશ્રમમાં વધી, અને તેમને માટે દૂધની વ્યવસ્થા જોઇએ એટલે ગૌશાળાની સ્થાપના થઇ. શરૂઆતમાં તો ગાયોની સાથે ભેંસો પણ રાખી હતી, પરંતુ ગાયો જ આર્થિક દૃષ્ટિએ પોષાય એવું માની ગાશાળા શરૂ કરવામાં આવી.

આ ગૌશાળામાં બધાં મળીને ૧૯૩૬ની આખરમાં કુલ ૨૫૮ ઢોર હતાં. આજની દૃષ્ટિએ જોતાં પહેલાં કરતાં ગાયોની સંખ્યા મોટા પ્રમાણમાં વધી ગઇ છે. પરંતુ દર વર્ષની આપણે પ્રગતિ જોઇએ. ૧૯૩૭ની આખરે ૩૧૩ ઢોર હતાં, ૧૯૩૯ ની આખરે કુલ ૬૭૩ ઢોર હતાં એટલે ૧૯૩૭ થી ૧૯૪૦ ના ત્રણ વરસમાં ઢોરની સંખ્યા બમણા કરતાં પણ વધી ગઈ છે.

ઉપરના આંકડા જોવાથી આપણને ગૌશાળાની પ્રગતિ કેવી ઝડપથી થઇ છે તે માલૂમ પડે છે. આ તો માત્ર આપણે સ્થુળ રીતે જોયું, પરંતુ હજી વધારે તપાસ કરીશું તો પણ આપણને ગૌશાળાની વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ માલુમ પડશે.

**દુધનું વર્ષવાર ઉત્પન્ન**

| સન | રતલ દૂધ | દૂધ દેતી ગાયો |
|---|---|---|
| ૧૯૩૬ | ૧,૫૯,૦૩૭ | ૪૮ |
| ૧૯૩૭ | ૧,૯૬,૦૪૩ | ૫૫ |
| ૧૯૩૯ | ૩,૬૯,૭૮૩ | ૧૦૦ |
| ૧૯૪૦ | ૪,૦૪,૬૪૦ | ૧૦૨ |

૧૯૩૯ માં ૧૦૦ દૂધ દેતી ગાયો હતી અને એ વખતે ૩,૬૯,૭૮૩ શેર દૂધ ઉત્પન્ન થયું અને ૧૯૪૦ માં ૧૦૨ ગાયો હતી અને દૂધ ૪,૦૪,૬૪૦ શેર ઉત્પન્ન થયું. આ ઉપરથી આપણે જોઇ શકીશું કે ૧૯૪૦ માં માત્ર બે જ ગાયોનો વધારો થયો છે છતાં તે વર્ષે દૂધ ૩૪,૮૫૭ શેર વધારે થયું. આ ઉપરથી આપણે સ્વભાવિક રીતે કલ્પી શકીશું કે ગાયોના દૂધમાં સામાન્ય રીતે ચઢતી જ થતી ગઇ છે.

બધી ગાયોના દૂધની સરેરાશ પણ ૫-૫ રતલથી વધીને ૫.૮ થઈ છે અને દૂધ દેતી ગાયોની સરેરાશ ૧૦ રતલથી વધીને ૧૦.૮ રતલ થઈ છે. આખા હિંદની ગાયોના દુધની રોજની સરેરાશ ૧ રતલથી વધારે નથી અને દૂધ દેતી ગાયોની સરેરાશ ૨ રતલથી વધારે નથી. તેના હિસાબે આ પેદાશ વધારે છે પરંતુ બીજા દેશોનો પ્રમાણમાં અતિશય ઓછી છે. અમેરિકા અને ડેન્માર્કમાં સામાન્ય ગાય સરેરાશ રોજનુ ૦ા થી ૦ાા મણ દૂધ આપે છે અને સારી ગાયો તો તેથી બમણુ દૂધ આપે છે. આપણા મા આટલું રોજનુ દૂધ તો આદર્શ જેવું છે. તેટલી સરેરાશે પહોંચી શકાય કે કેમ તેની શંકા થાય છે, પરંતુ તે અશક્ય તો નથી જ. અકબરના વખતનો પુરાવો છે કે તે વખતે ગુજરાતની ગાયો રોજનું ૦ાા મણ દૂધ દેતી અને સારી ગાયો તો ૧ાા મણ સુધી દેતી. આ ઉપરથી જણાશે કે ગોસંવર્ધનનુ હજી કેટલું કામ બાકી છે. આજે તો હિંદની દરેક રીતે પડતી જ દશા છે. ૫૦ વરસ પર જેટલી ગાયો હતી તેના ચોથા ભાગની રહી છે અને જર્મનીનાં ૨ાા કરોડ ઢોર જેટલું દૂધ આપે છે તેટલું જ દૂધ હિંદનાં ૧૮ કરોડ ઢોર આપે છે. એટલે આપણે ત્યાં ઢોરની સંખ્યા ઓછી નથી, પણ તેનું ઉત્પન્ન ઘણુ ઓછું છે. અને તેથી દૂધ ઘી મળતાં ઓછાં થયાં છે. દૂધ ઘીના અભાવે શરીરબળ ઘટયું છે અને ગરીબાઇ વધી છે. આ પરિણામો અરસપરસ સંકળાયેલાં છે. ગરીબાઇને લીધે દૂધ, ઘી ખાવા મળતાં નથી અને દૂધ, ઘી જોઇતા પ્રમાણમાં મળતાં નથી એટલે ગરીબાઈ વધે છે. સામાન્ય રીતે તંદુરસ્ત માણસને એક રતલ દૂધ રોજનું મળવુ જોઇએ તેને બદલે રોજનું નવટાંક પણ સરેરાશ મળતું નથી. જેટલી દૂધની પેદાશ આજે થાય છે તેના કરતાં બમણી પેદાશ થાય તો બે અબજ રૂપિયા જેટલું ધન વધે અને પ્રજાની તંદુરસ્તીને પણ કેટલો બધો લાભ થાય! આ સુધારો એવો છે કે તેની અસર સર્વવ્યાપી છે. સાચી ગૌસેવાના આ બધા લાભો છે ભેંસસેવાના લાભ નથી. ભેંસસેવાથી એક રીતે થોડો છે તો બીજી રીતે વધારે નુકશાન છે. એટલે ભેંસ સે ટૂંકી દૃષ્ટિ છોડીને સમગ્ર પ્રજાના લાભની દૃષ્ટિએ અ ગૌસેવાનો જ વિચાર કરવો જોઇએ. ગાયને બદલે ભેંસનો પ્ર કરવો તે એક રીતે જંગલો કાપીને લાકડાં કરવા બરાબર છે. કોઈ પ્રજાહિતૈષી સરકાર જંગલોનો નાશ થવા દેતી નથી કોઇ વ્યકિતને માટે જંગલો કાપવાં લાભકારક હોય તો પણ પણ જંગલોનો નાશ સરકાર થવા દેતી નથી, તેમ આજે ગા નાશ થઇ રહ્યો છે તે કેમ કોઇ જોતું નથી? સરકારને પડી નથી. પ્રજાને પણ ચાના પ્રચારને લીધે ભેંસના દૂ ચસકો લાગ્યો છે. તેને કારણે જેમ જંગલો કાપવાથી વર ઓછો થઇ જાય છે તેમ દૂધ ઘીનો વરસાદ ઓછો થાય સારા બળદની છત ઓછી થઇ છે અને પ્રજાની તંદુરસ્ત મળતું પોષણ ઓછું થઇ ગયું છે, અને પ્રાણી હિંસા વધી

આ બધુ ટૂંકી દૃષ્ટિનું પરિણામ છે. પહેલાના વખત આરોગ્ય અને સામાજિક હિતનાં કાર્યો લોકો ધર્મને નામે કરતા આજના જમાનામાં ધર્મની જગ્યા વેપારી દૃષ્ટિએ લીધી છે એ ધર્મ ફકત બાહ્ય આચારમાં રહ્યો છે. સગવડિયા ધર્મ થઇ ગયો છે એટલે જ્યાં અંગત સગવડનો સવાલ આવે કે પાઇ પૈસાનો સવાલ આવે ત્યાં ધર્મ કામ કરતો નથી. આમ ધાર્મિક મંદતા આવી ગઈ છે અને સામાજિક લાભનાં કામો સમજવા જેટલી લોકોમાં જાગૃતિ નથી એટલે ખાદી, ગ્રામોદ્યોગ અને ગૌસેવા જેવાં કામોને જેટલો વેગ મળવો જોઇએ તે મળતો નથી.

૧૯૪૦ ના વર્ષમાં વસ્તુભંડાર અને તેલની ઘાણીના કામમાં આવી ટૂંકી દૃષ્ટિ અને અજ્ઞાનથી આપણા દેશે ઘણું ગુમાવ્યું છે, અને ગુમાવે છે. ઇશ્વર આપણી પ્રજાનું એ અજ્ઞાનપડળ દૂર કરો અને આવાં કામોને અપનાવવાની સૂઝ અને સમજ આપણામાં પ્રેરો એવી અંતમાં પ્રાર્થના કરું છું.

સમાપ્ત

**બલ્લુભાઇ હાંસજીભા**

## લોભીયા હોય ત્યાં ધુતારાને ઘેર દીવાળી

(પૃષ્ટ ૪૫ થી ચાલુ)

સાંજના મારી સ્ત્રીની ધીરજ ન રહી અને મને કહ્યું કે જે માણસને ત્યાં તમે રૂપીઆ એજન્સી માટે આપી આવ્યા છો તેના ઘેર ચાલો.' સોગન ખાધેલા એટલે મેં તેને બનેલી વાત કહી નહોતી. હું એને માટુંગા લઇ ગયો. મુનીમે કહ્યું, 'તમે આઇ જાઓ. તમારે એજન્સી નહિ લેવી હોય તો અમે પૈસા પાછા આપી દઇશું.' મેં પણ મારી સ્ત્રીને સમજાવી પાછી મોકલી. એના ગયા પછી મુનીમે મને એક તમાચો ચોડયો અને બોલ્યો કે 'હું તમારૂં ભલું કરવા માગું છું અને તમે બાઇઓને લાવી અહિં ધમાલ કરવો છો.? જાઓ અહીં પૈસા પણ નથી અને એજન્સી પણ નથી.'

હું બહાર નીકળ્યો. મારૂં સર્વસ્વ હું ડુલ કરી બેઠો."

જીજીવિષા માટે વલખાં મારતા એક માણસને પ્રલોભનમાં ફસાવી, જુગાર રમવા લલચાવી કેવી રીતે પાયમાલ કરવામાં આવ્યો તેનો આ વાતથી સારો ખ્યાલ આવે તેમ છે. જે માણસે જુગારની ચાલની ચાલાકી સમજાવી તે પણ એજ ટોળીનો મદદનીશ હતો. એણે આસાનીથી જુગાર રમવાનું શીખવી દીધું અને એ રીતે રમાય તો જીતી જ જવાશે એમ મગજમાં ઠસાવી દીધું. બેવકુફ માણસ ભાન ભૂલ્યો અને કમાઇ કરવાની લાલચમાં પોતાનું તમામ ઠગાઇ ગયો.

ક્રોસ કોસ પોલીસ સ્ટેશન પાસે આ ટોળીનાં આવાં ...ની મોટી ટીપ છે. પણ એને અંગે કંઇ કરવાનું એને જણાયું નથી. અને આ મવાલી ટોળી આવા શિકારોને માં ફસાવાનું કાર્ય બેધડક કર્યે જાય છે. આવા કિસ્સાઓથી ...ણે કેટલા સાવધ રહેવાની જરૂર છે તે વિષે આપણને સારો મળે છે.

**તારાચંદ કોઠારી.**

---

## શ્રી રત્નચિન્તામણિ સ્થાનકવાસી મંડળ

પ્રસ્તુત મંડળે કેટલાંક વર્ષોથી એક ...યાશાળા ચાલે છે એક સંપૂર્ણ સાધનસંપન્ન હાઇસ્કુલમાં વિકસાવવા અને ...કવાસી વિદ્યાર્થીઓ માટે શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના ...ું એક મોટું વિદ્યાર્થીગૃહ ઉભું કરવાનો નિર્ણય કર્યો છે. ...ઇમાં પ્રીન્સેસ સ્ટ્રીટના નાકા ઉપર આ હાઇસ્કુલ માટે ૧૨૫૦૦૦ નું મકાન ખરીદવાની આવ્યું છે અને વિદ્યા...ગૃહ માટે ફંડ ચાલુ કરવામાં આવ્યું છે, જેમાં આજ સુધીમાં ...શરે દોઢ લાખ રૂપીઆ ભરાઇ ચુકયા છે.

## કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ

મેટ્રીક સુધી ભણતા જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓને ફી, ...ઠ્યપુસ્તકો તેમજ શિષ્યવૃત્તિના આકારમાં મદદ પહોંચાડવાનું ...ર્ય કેટલાંય વર્ષોથી શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની ઉપર ...ણાવેલ સમિતિ કરી રહી છે. આ સમિતિનો કાર્યપ્રદેશ ઘણો ...સ્તૃત છે અને સમિતિ પાસે કોઇ મોટું ફંડ નથી. આજે આ ...મિતિ મુંબઇ, અમદાવાદ, વઢવાણ કેંપ, સાંગલી, રાજકોટ, ...ઝા, ડભોઇ, બોરસદ, જુન્નેર, વડોદરા, માંડળ અને અગાશીમાં ...દ પહોંચાડી રહી છે અને તેનું જ આર્થિક ખર્ચ રૂા. ૨૦૦૦) ...વે છે. દ્રવ્યના અભાવે આ સમિતિ પોતાનું ઉપયોગી કાર્ય ...વસ્તારી શકતી નથી. આ સમિતિએ આર્થિક મદદ મેળવવી શરૂ ...રી છે અને આજ સુધીમાં રૂા. ૩૨૦૦) એકઠા થયા છે. આ ...મિતિના કેળવણી પ્રચારના કાર્યને બને તેટલો ટેકો આપવા ...જૈન જનતાને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. મદદ આપવા ઇચ્છનારે પ્રસ્તુત સમિતિના મંત્રી, ગોડીજીની ચાલ, ૨૦ પાયધુની મુંબઇ ૨ એ સરનામે લખવું.

## ગામને પાદર ધોળો હાથી

એક મિત્ર જણાવે છે કે "હાલમાં પંજાબમાં રાહકોટમાં જે પ્રતિષ્ઠા વિજયવલ્લભ સૂરીએ કરાવી તે ગામમાં પહેલાં ઘરદેરાસર માત્ર નાનું ધાતુની બે પ્રતિમાઓવાળું હતું અને ત્યાં આઠ ઘર ઓસવાળના તથા ત્રણ ઘર અગ્રવાળોના મળીને કુલ ૧૧ ઘરની વસ્તી છે અને તેમાં નાનાં મોટાં બૈરાં છોકરાં વગેરે થઇને ૭૦ માણસોની વસ્તી છે. આ બધા ભાઇઓ મૂળે સ્થાનકવાસી જૈનો હતા; પરંતુ આચાર્ય મહારાજ શ્રી. વિજય વલ્લભસૂરીજીના ઉપદેશથી લગભગ પાંચ વર્ષથી જ જૈન મૂર્તિપૂજક થયેલા છે. હું જ્યારે ત્યાં ગયો હતો ત્યારે લગભગ બે વર્ષ પહેલાં ૨૫ હજાર રૂપીઆનું દેરાસર બંધાવવા પાછળ ખર્ચ થયું હતું અને કામ ચાલુ હતું.

શિયાળકોટમાં જ્યાં વિજય વલ્લભસૂરીજીનું સંવત ૧૯૯૭ માં ચાતુર્માસ હતું તે ગામમાં માત્ર ૨૦ માણસની શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસ્તી છે. પરન્તુ તેમના શિષ્યના કહેવા પ્રમાણે બીજા સ્થાનકવાસીઓ જે નવા જૈન થવાના હતા તે ગણતાં ચાલીસ માણસની વસ્તી થાય. તેના દેરાસર માટે તે વખતે ત્રીશથી ચાલીશ હજાર રૂપીઆ એકઠા થયા હતા અને બીજા માટે ટીપ ચાલુ હતી. આ ગામની પરિસ્થિતિ જોતાં દેરાસર નવું બંધાવાની જરા પણ જરૂર નહોતી."

આવા નાના ગામમાં અને આટલી નાની વસ્તીમાં આટલો મોટો ખર્ચ કરીને મંદિર બંધાવવું એ ગામને પાદર ધોળો હાથી બાંધવા જેવું છે. જૈનેતરોને જૈન બનાવવા, સ્થાનકવાસીઓને મૂર્તિપૂજક બનાવવા અને નિર્જન પ્રદેશોમાં આલીશાન મંદિરો ઉભાં કરવાં—આ બધાય સાંપ્રદાયિક સંકીર્ણતાના ભિન્ન ભિન્ન પ્રકારો છે.

**પરમાનંદ.**

## જૈન કોલેજ ! જૈન યુનિવર્સિટી !!

આધુનિક કેળવણીના ફેલાવામાં ખાસ રસ હોવાનો દાવો કરનાર અને એમ છતાં જેના માટે જૈન દુનિયાથી વધારે વિશાળ એવી કોઇ દુનિયા નથી એવા કેટલાક સાધુ મુનિરાજો અને જૈન અગ્રેસરો 'જૈન કોલેજ ન યુનિવર્સિટી'નાં સ્વપ્નાં ચિન્તવવામાં ખુબ આનંદ માણે છે અને એ સ્વપ્નને મૂર્તિમન્ત કરવાનો પણ કોઇ કોઇ ઠેકાણે પ્રયત્ન થાય છે. આવો એક પ્રયત્ન શ્રી વિજયવલ્લભ સૂરીએ અંબાલા ખાતે કર્યો હતો અને તેમનો શુભ પ્રયાસના પરિણામે મોટભાગે ગુજરાતના જૈન શ્રીમાનોની આર્થિક સહાય વડે એક જૈન કોલેજ આજથી ચારેક વર્ષ પહેલાં ઉભી કરવામાં આવી હતી. આ કોલેજ સંબંધે જે માહીતી મળી છે તે મુજબ ઇ. સ. ૧૯૪૧ના માર્ચ માસની આખરમાં આ કોલેજમાં કુલ ૨૦૪ વિદ્યાર્થીઓ હતા, જેમાં જૈનોના ત્રણ ફીરકાનાં મળીને માત્ર પંદર જ વિદ્યાર્થીઓ હતા. આટલા વિદ્યાર્થીઓ ખાતર લાખોનું ફંડ કરીને એક કોલેજ ઉભી કરવાની શી જરૂર હતી? આટલા વિદ્યાર્થીઓની તો કોઇપણ સ્થળે સગવડ થઇ શકે. પણ ઉપર જણાવેલ બીનજરૂરી જૈન મંદિરો ઉભા કરવા પાછળ જે મનોદશા રહેલી છે તેવી જ મનોદશા આવી કોલેજ ઉભી કરવા પાછળ જોવામાં આવે છે. ફરક એટલો કે ઉપર જણાવેલ જૈન મંદિરનો તો ગણ્યા ગાંઠયા જૈનો સિવાય બીજાને કશો ઉપયોગ નથી, જ્યારે આ કોલેજનો લાભ જૈનોને નહિ તો બીજા ભાઇઓને સારા પ્રમાણમાં મળી રહ્યો છે અને એ રીતે શ્રી. વિજયવલ્લભસૂરિના હાથે વિશાળ જનસમાજનું એક અણચિન્તવ્યું સેવાકાર્ય નીપજ્યું છે જેની કદર જરૂર થવી ઘટે છે.

**પરમાનંદ.**

# લોભીયા હોય ત્યાં ધુતારાને ઘેર દીવાળી

## સાવધ રહેવાની જરૂર

ડૉ. ઓફની ભલામણ ચીઠ્ઠી લઇ બે મારવાડી જૈન બહેનો શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહ પાસે આવી. ચીઠ્ઠીમાં હતું કે 'આ બાઇની હકીકત જાણીને મદદ કરશો.' શ્રી. મણિભાઇ આ વાતનો તાગ લેવા ખુબ ફર્યા અને મને પણ સાથે ફેરવ્યો. હકીકત એમ હતી કે તેમાંની એક બાઇનો પતિ તથા પુત્ર એક કાવત્રાખોર ટોળીના ભોગ બન્યા હતા અને પોતનું સર્વસ્વ ગુમાવી બેઠા હતા. તે બાઇના પતિ તથા પુત્રનો પત્તો મળ્યા પછી તેમની જ પાસેથી જાણેલી હકીકત કડીબંધ નીચે પ્રમાણે છેઃ–

"પહેલાં તો મારવાડી બજારમાં મારી દુકાન હતી. પણ એમાં નુકસાન આવ્યું, એટલે હું એક સોના ચાંદીના દાગીનાની દુકાનમાં સોનું કસવાના કામ ઉપર નોકરીએ રહ્યો. પાંચેક વર્ષ નોકરી કરી હશે, ત્યાં આંખમાં મોતીયો ઉતરવાથી મેં એ કામ છોડી દીધું. પછી રૂ બજારમાં પરચુરણ ધંધો કરી હું મારૂં ગુજરાન ચલાવતો હતો. રૂ બજારમાં સટ્ટો બંધ થયો એટલે શું કરવું તેની ફિકરમાં હું હતો, એટલામાં એક દિવસ મને એક મારવાડી મળ્યો. મને પૂછ્યુ 'શેઠ હમણાં શું કરો છો?' મેં કહ્યું 'હાલ કંઇ કરતો નથી.' 'તમારે સીમેન્ટની એજન્સી લેવી છે? તમારા ગામ સાદરીમાં માલ વેચવાની એજન્સી અપાવું.' મને કંઇ ધંધો હતો નહિ એટલે મને થયું કે પોતાના ગામમાંજ રહીને થઇ શકે એવું કામ જડે તો તેના જેવું બીજું શું? એ માણસની સાથે હું બીજે દિવસે ગયો. દાદર અને માંટુંગાની વચમાં આવેલ એક મકાનમાં તે મને લઇ ગયો. ત્યાં ખૂબ ઠાઠમાઠ હતો. જે દલાલ મને લઈ ગયેલો તેણે મને કહ્યું કે 'શેઠ કરોડપતિ છે અને સોના ચાંદીના સટ્ટામાં પચીસ ત્રીસ લાખ તો હમણાંજ કમાયા છે.' તેમના મુનીમ સાથે એજન્સીની વાત થઇ. તેણે કહ્યું કે 'એજન્સી તો અપાવું, પણ તમારે ચાર હજાર રૂપીઆ અનામત આપવા પડશે અને મારો સાળો તમારી સાથે ભાગમાં રહેશે.' મેં કહ્યું કે 'બે હજારની જોગવાઈ મારાથી થઇ શકશે. વધારે નહિ બની શકે.' એટલે એણે કહ્યું કે 'સારૂ! તમે બે હજાર લાવજો. મારા સાળાના ભાગના બે હજાર હું આપીશ, પણ મારા સાળાના ભાગની વાત શેઠને ન કરશો!' આમ નક્કી કરી અમે બેઠા હતા ત્યાં એક આદમી શેઠને મળવા આવ્યો.

નવા આવનારે શેઠને એક બંગલો વેચાતો અપાવવા અંગે વાત કરી. મુનીમે એને કહ્યું કે 'બંગલાનો પ્લાન લઇ આવો એટલે ભાવ ઠીક કરી ખરીદી લઇએ.' બંગલાની વાત આવતી કાલ પર રાખીને એણે એલચી દાણાની રમત રમવા શેઠને કહ્યું. બન્ને રમવા બેઠા. એક દાવમાં શેઠ ચારસો હારી ગયા. બીજો દાવ ચાલ્યો. પેલાએ આઠસોનો દાવ મૂક્યો અને મુનીમ વચમાં પડ્યો. મુનીમે પૂછ્યું. 'તમે દાવ તો મૂક્યો પણ રૂપીઆ રોકડા લાવ્યા છો?' પેલાએ જવાબમાં કહ્યું કે 'રૂપિયા આપવાના રહેશે તો કાલ આપી જઇશ.' મુનીમે રૂપીઆ રોકડા લાવી પછી રમવાનું કહ્યું અને રમત અધુરી રહી. ત્યાર બાદ શેઠ અંદરના ખંડમાં ચાલી ગયા.

શેઠ અંદર ગયા પછી પેલાએ મુનીમને કહ્યું કે 'શેઠ પાસે તો લાખો રૂપીયા છે. થોડાક મને કમાવા દો! તમે વચમાં શું કામ આવો છો? જોઇએ તો તમારો ભાગ રાખું. મારી પાસે એવી યુકિત છે કે એમાં હારવાનું હોય જ નહિ?' પછી પેલાએ રમત બતાવી. એલચીની ઢગલીઓ કરવાની અને બે દાણા સંતાડી રાખવાના; ગણતી વખતે ઉમેરી દેવાના. બસ જીત જ જીત. મુનીમે કહ્યું કે 'શેઠને હું રમવા તો સમજાવું, પણ તારો ભાગ છ આના અને અમે ચાર જણા બેઠા છીએ તેમનો દશ આના ભાગ' એ ચાર જણમાં મુનીમે બે ભાગ મારા તથા મારા દીકરાના ગણાવ્યા અને એક ભાગ પોતાનો અને એક જે દલાલ મને લઇ ગયેલ તેનો. અમે તો આ બધી વાત ચુપચાપ સાંભળતા હતા. ન મુનીમે અમને કાંઇ પુછ્યું, ન અમે કાંઇ બોલ્યા. કેટલીક રકઝક અને આનાકાની પછી પેલાએ અમારો દશ આના ભાગ અને પોતાનો છ આના ભાગ કબુલ કર્યો. મુનીમે કહ્યું. 'તું ચારસો રૂપીયા કમાયો છે તેમાંથી પહેલાં ભાગ આપ તો અમને ખાતરી થાય!' પેલાએ કહ્યું. 'એમાંથી શાનો આપું? ભાગ તો હમણા નક્કી થયો. હવે જે રમીએ તેમાં ભાગ આપીશ.' મુનિમ અને પેલો આ બાબત પર જઘડયા અને પેલો ચાલી ગયો. પછી અમે પણ પોતપોતાને ઘેર ગયા.

બીજે દિવસે મારી સ્ત્રીના દાગીના વેચી, બે હજાર રૂપીયા લઈ હું ત્યાં એજન્સી માટે અનામત રાખવા ગયો. મુનીમે એના સાળાના ભાગના બે હજાર રૂપીયા મને આપ્યા. આ ચાર હજાર રૂપીયા એજન્સી માટે શેઠને અનામત આપવાના હતા. પછી મને મુનીમે કહ્યું કે 'પેલાની રમતમાં જે યુક્તિ હતી તે પ્રમાણે આપણે જો શેઠ સાથે રમીએ તો દશ પંદર હજાર કમાઇ જઇએ અને શેઠને એવા થોડાક હજારો જાય તેની કાંઇ વિસાત નથી. તમે મારા ભાગમાં રમો. હું શેઠને સમજાવું છું.' મને પણ એ યુક્તિ મુજબ રમવામાં કાંઈ જોખમ વગર લાભ જ લાભ જણાયો અને મેં હા પાડી.

પછી હું અને શેઠ રમવા બેઠા. એક લખત કર્યું 'જે હારે તેણે રોકડી રકમ ચૂકવવી.' અમે બન્નેએ સહીઓ કરી. લખત શેઠે પોતાના ખીસામાં મૂક્યું. પહેલા દાવમાં શેઠ બે હજાર હાર્યા. બીજા દાવમાં શેઠ છ હજાર હાર્યા. મારી અક્કલ બહેર મારી ગઇ. ત્રીજો દાવ સોળ હજારનો મૂક્યો. મુનીમ પાસે જ બેઠો હતો. એણે કાંઇક ગરબડ કરી અને એલચીની ઢગલીમાં એક એલચી શેઠના લાભમાં મૂકી દીધી. હું સોળ હજાર હારી ગયો. કમાયેલ દશ હજાર, બે હજાર મુનિમના અને બે હજાર મારા—એ બધા મારે આપી દેવા પડ્યા. છતાં બે હજારનું દેવું રહ્યું. શેઠ અંદર ગયા.

મારા તો હોશકોશ ઉડી ગયા. મુનીમને મેં કહ્યું કે 'તમે ગરબડ કરી દીધી.' મુનીમ કહે 'તમે ફીકર કરશો નહિ. તમારી જ ભૂલથી આપણે હારી ગયા છીએ, પણ કાંઇ નહિં. મારા એક સગા પાસેથી હું દશ હજાર રૂપીયા લઇ આવીશ. કાલે રમીને આપણે જીતી લઇશું. દરમિયાન આ વાત તમે કોઇને કરતા નહિ. ધરમના તમને સોગંદ છે. ગાયનું લોહી પીઓ જો કોઇને વાત કરી તો. નહિતર તમારૂં કામ કરાવવા જતાં મારી નોકરી ખોઇશ. અને એજન્સીના પૈસા તો હું ભરી દઇશ. તમે ફિકર ના કરતા. કાલ સ્હવારે આવો.'

ભાંગેલા હૈયે ને થાકેલા પગે હું ઘેર આવ્યો. સોગંદ ખવડાવ્યા હતા એટલે મેં કોઇને કાંઇ વાત ન કરી. બીજે દિવસે સવારે હું અને મારો દીકરો ગયા. મુનિમ કહે 'જે પૈસા હું લાવવાનો હતો તેણે તો ના કહી. પણ હું તજવીજમાં છું. કાલે ગમે તેમ કરી લાવીશ. તમે ફીકર ન કરશો. મેં કહ્યું કે 'એજંસીનું તો નક્કી કરી નાંખો.' એટલે તેણે કહ્યું કે 'તમે કાલ આવો અને હું પૈસા લઇ આવીશ એટલે બધું બરોબર થઇ રહેશે.'

(અનુસંધાન પૃષ્ટ ૪૮ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુધ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જુલાઇ ૧૫ ૧૯૪૩


## ગૌસેવા

(ગતાંકથી ચાલુ)

ઉપરની ઇટાલિયન મુસાફર મિ. સીન્યોર પિત્રો દલાવાલની હકીકત ઉપરથી આપણને ૩૦૦ વર્ષ પહેલાંની હકીકત મળે છે.

હવે આપણે અત્યારની પાંજરાપોળોની સ્થિતિ જોઇએ અને એમાં શા શા સુધારાં વધારા કરવા જોઇએ તે વિચારીએ.

સામાન્યતઃ અત્યારની પાંજરાપોળો દૂબળાં તથા લૂલાં લંગડાં ઢોરોને પાળે છે, પરંતુ એમાં જે પાંજરાપોળોની મૂળ કલ્પના છે એને સ્થાન મળતું નથી. પાંજરાપોળો પાછળ ગૌરક્ષાને સ્થાન હોવું જોઇએ એ નથી. પાંજરાપોળો દ્વારા ગાયોનો પ્રચાર થઇ શકે. તે ઉપરાંત ગાયોની સારી ઓલાદ ઉત્પન્ન કરી શકાય.

મિ. વિલિયમ સ્મિથે ઘણી પાંજરાપોળો જોઈ છે; અને તેમને ગાંધીજી જોડે ગૌસેવા વિષે વાતો પણ થઈ છે. મિ. સ્મિથે આ નીચેના ત્રણ મુદ્દાઓ પાંજરાપોળો માટે આવશ્યક ગણ્યા છે.

(૧) પાંજરાપોળ વિભાગ, જ્યાં ભેંસ તથા બીજાં ઘરડાં તથા નકામાં ઢોર સ્વાભાવિક પોતે મરે ત્યાં સુધી પોષાય.

૨) ગૌશાળા વિભાગ, જ્યાં કત્તલથી બચાવેલી ગાયોમાંથી ઓલાદ આપે એવી હોય તે, તેમજ બીજી દૂધાળી ગાયો રાખવામાં આવે, આ ગાયોના દૂધની નોંધ રહે અને તે દૂધ સૌથી વધારે નફો થાય એ રીતે વેચાય. ઉત્તમમાં ઉત્તમ ખૂંટ આ ગાયો માટે હોવો જોઇએ. વાછરડાંઓની સંભાળપૂર્વક ઉછેર થવી જોઇએ અને જે વાછરડાંઓ ખૂંટને લાયક ન હોય તેને ખસી કરી બળદ બનાવવા.

૩) એક ખૂંટ વિભાગ પણ પાંજરાપોળમાં રાખવો અને એ વિભાગ ગાયોનો વેલો સારો શી રીતે ચાલે તે વિચારીને જ સારા ખૂંટો રાખે. બાકીનાને ખસી કરીને બળદ તરીકે વાપરવા જોઇએ.

ઉપરના ત્રણ મુદ્દા તપાસવાથી આપણને લાગશે કે એમાં પાંજરાપોળોની લગભગ પૂર્ણ કલ્પના આવી જાય છે. પરંતુ એ ઉપરાંત બાપુજી ઉમેરે છે કે પાંજરાપોળોએ વૃદ્ધ તથા અપંગ ઢોરોને આશ્રય આપવો જોઇએ. એટલું જ નહી પણ ગોપાલનનું કામ કરવું તથા લોકોને ગોપાલનની કળા શીખવવી જોઇએ અને એટલા માટે પાંજરાપોળોને અંગે સુવ્યવસ્થિત આદર્શ દુગ્ધાલય તેમજ ખૂંટ વિભાગ રાખવા જોઇએ. તે ઉપરાંત પાંજરાપોળોમાં ચર્માલય પણ એક અતિ મહત્વની વસ્તુ છે એમ ગાંધીજી માને છે.

પાંજરાપોળો જોડે ચર્માલયનો વિભાગ હોવો જોઇએ અને તે પાંજરાપોળો માટે અતિ આવશ્યક છે. જો મુએલાં ઢોરોનો પાંજરાપોળો સદુપયોગ નહી કરે, એનાં અંગે અંગનો ઉપયોગ ન કરે તો પાંજરાપોળોને છેવટે ખોટ જશે. તેથી આપણામાં જે એક ખ્યાલ કેળવાયો છે કે આપણે જ પાળેલાં ઢોરને આપણે શી રીતે ફાડી શકીએ તે ખ્યાલ દૂર કરી આપણે એનાં ચામડાંનો અને બની શકે તો બધાં અવયવોનો ઉપયોગ કરવો જોઇએ. જ્યાં સંખ્યાબંધ ઢોરો કપાય છે ત્યાં પશુઓના એકેએક અંગનો ઉપયોગ થાય છે. એ જ રીતે પાંજરાપોળોએ મુએલાં ઢોરોનો ઉપયોગ કરવો જોઇએ.

મૂએલાં ઢોરોનાં અંગેઅંગનાં ઉપયોગ શેમાં થાય છે તે આપણે જોઇએ. સામાન્ય રીતે ચામડાં, શીંગડાં, ખરી, લોહી, હાડકાં એનો ઉપયોગ કરવામાં આવે છે.

શીંગડાનો ઉપયોગઃ—શીંગડામાંથી કાંસકી, બોરિયાં, છત્રીના હાથા, ચમચા, પ્યાલા, વગેરે વસ્તુઓ બનાવવામાં આવે છે. અને શીંગડાને ઘસતાં જે ભૂકી પડે તેનો ઉપયોગ ખાતર તરીકે થાય છે. અને જર્મનીમાં તો કારીગરો પોતાના ઘરના ઉપયોગ માટે એમાંથી છત્રી, ત્રાજવાં વગેરે વસ્તુઓ બનાવે છે.

ખરીની પણ આવી જ નાની નાની વસ્તુઓ બનાવવામાં આવે છે.

લોહીઃ—લોહીને ઉકાળીને તેની ભુકી કરવામાં આવે છે અને તે ભુકીનો ઉપયોગ પણ ખેતરોમાં ખાતર તરીકે થાય છે. ૧૯૨૨ માં ૨,૨૪૦ ખાંડી લોહીની ભુકી લંકા ગઇ હતી. અને જો ભુકી વધે તો પરદેશ ચડાવવામાં આવે છે.

હાડકાનો ઉપયોગ પણ ખાતરમાં થાય છે. અને ૧૯૧૨–૧૩ ની સાલમાં ૨૫ લાખની કીંમતનાં હાડકાં પરદેશ નિકાસ કરવામાં આવ્યાં હતાં. તે વખતે કુલ ૧૪ હજાર ખાંડી હાંડકાં ગયાં હતાં. આ હાડકાંની નિકાશ વધીને ૧૯૩૬–૩૭ માં લગભગ ૩૭૦ હજાર ખાંડી થઇ હતી, અને તેની કિંમત આશરે રૂા. ૮૪ લાખ હતી.

ચરબીઃ—ચરબીનો ઉપયોગ સાબુ, મીણબતી, અને ગ્લીસરીન બનાવવામાં થાય છે. અને પરદેશી સાબુ તો સામાન્ય રીતે ચરબીવાળા જ બનાવવામાં આવે છે. એ ઉપરાંત ઘણી જગ્યાએ ચરબીનો ઉપયોગ ઘીમાં કરવામાં આવે છે. ઘીમાં બટાટા, ચરબી, મગફળી અથવા કસુંબીનું તેલ, કેળાં એ વસ્તુઓ સામાન્ય રીતે લોકો ભેળવે છે.

ખાવાની વસ્તુઓમાં આવી ભેળસેળ કરવી એ તો સામાજિક ગુન્હો છે. પરંતુ તે સિવાય ચરબીનો અને મરેલા ઢોરના બીજા ભાગોનો અવશ્ય ઉપયોગ થાય તો ઢોરના માલિકને ફાયદો થાય અને એકંદરે રાષ્ટ્રની સંપત્તિ વધે. હાડકાં, શીંગડાં પરદેશ ચઢે છે તેનો ઉપયોગ અહીંજ કરવો જોઇએ અને ૩૯ કરોડનાં ચાંમડાં પરદેશ ચઢે છે તેનો ધંધો પણ અહીંજ ખીલવવો જોઇએ. આવા કામો માટે પ્રયોગો કરવા અને લોકોને માર્ગ દર્શન કરાવવું એ પણ ગાંધીજીના કહેવા પ્રમાણે પાંજરાપોળોનું કામ છે.

આજની પાંજરાપોળોને પૈસાની ખોટ નથી. ધર્મને નામે લોકોનો પૂરતો ટેકો છે, પણ તેમની શકિત નિષ્ક્રિય અને મરણની અણી પર આવેલાં ઢોરને શાંતિથી પ્રભુને દરબારે પહોંચાડવામાંજ વપરાય છે. પ્રયોગો કરવા, ઢોરની ઓલાદ સુધારવી કે ગોસંવર્ધન કરવું એ તેમનું કામ છે એમ તેમને લાગતું નથી. આ દુઃખની વાત છે. આ કામ કાં તો સમાજ કરે, કાં તો સરકાર કરે, અથવા તો આવી જાહેર સંસ્થાઓ કરે તો જ તેમાં પ્રગતિ થાય. વેપારી માણસનું તે કામ નથી.

### ગૌરક્ષા મંડળ.

ગાંધીજીએ હિન્દની ઉન્નતિ અર્થે સ્વાતંત્ર્ય યજ્ઞ આરંભ્યો. તે વખતે એમને ખાદી, ગ્રામોદ્યોગ તથા બીજાં દેશહીતનાં કાર્યો સાથે એમને ગૌસેવાનું પણ કાર્ય રાજકારણ જેટલું મહત્વનું લાગ્યું. તેથી તેમણે આ પ્રવૃતિ શરૂ કરી અને આ જે પ્રવૃતિ શરૂ થઇ તે 'ગૌરક્ષા મંડળ'ની પ્રવૃતિ કહેવાય છે.

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૭

મુંબઇ: ૧ ઓગષ્ટ ૧૯૪૩ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

## કેટલાક સમાચાર અને નોંધ

### ઓગસ્ટની આઠમીનો ઠરાવ

કેટલાક સમય પહેલાં અખિલ હિંદ મહાસભા સમિતિના સભ્ય શ્રી ગોપીનાથ શ્રીવાસ્તવે એવી સુચના રજુ કરી કે આજે અખિલ હિંદ મહાસભા સમિતિના જેટલા સભ્યો છુટા હોય તેમણે એકત્ર થઇને અખિલ હિંદ મહાસભા સમિતિની સભા મેળવવી જોઇએ અને આજની મડાગાંઠનો અન્ત લાવવા માટે તે સમિતિએ ગયે વર્ષે આઠમી ઓગસ્ટના દિવસે સરકારને પડકારતો જે ઠરાવ કર્યો છે તે પાછો ખેંચી લેવાનો નિર્ણય કરવો જોઇએ ત્યારથી છાપાઓમાં આ પ્રશ્ન ઉપર ખુબ ચર્ચાઓ ચાલી રહી છે અને તેથી સામાન્ય પ્રજાના દિલમાં શું કરવું યોગ્ય છે અને શું કરવું અયોગ્ય છે તે વિષે અનેક પ્રકારના ભ્રમ અને તર્ક-વિતર્ક પેદા થઈ રહ્યા છે. પ્રથમ તો અ. હિં. મ. સ. ની આ રીતે મેળવાયલી બેઠક બંધારણપુરઃસર ગણાય કે નહિ એ એક સવાલ છે. શ્રીવાસ્તવનું એમ કહેવું છે કે આવી સભા માંટે જેટલી કાર્યસાધક હાજરી (કોરમ) ની જરૂર ગણાય તે કરતાં અ. હિં. મ. સ. ના વધારે સભ્યો બહાર છે અને તેથી જ્યારે સમિતિના પ્રમુખ, મંત્રી તેમજ મોટા ભાગના સભ્યો જેલમાં હોય ત્યારે આ રીતે બોલાવાયલી સભા બંધારણ પુરઃસરની ગણાવી જોઇએ. બંધારણની આ ગુંચને બાજુએ રાખીએ તો પણ આજની રાજકીય પરિસ્થિતિને લગતા બે મુદ્દાઓ વિચારવાની ખાસ જરૂર રહે છે. એક તો સરકાર દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત–એ પ્રકારની સમજુતી સિવાય પ્રજાનું સ્વમાન જળવાય એવી કોઇ પણ બીજી સમજુતીના ધોરણે અંગ્રેજ સરકાર આજની મડાગાંઠનો ઉકેલ લાવવાને જરા પણ આતુર છે ખરી? આજની મડાગાંઠ સરકારને પચી ગઈ હોય અને આજે ચાલે છે તેમ ચાલવા દેવામાં પોતાને જરા પણ અડચણ આવે તેમ નથી–ધાર્યા મુજબ પૈસા મળે છે, દેશની સર્વ સાધનસામગ્રી મળે છે અને લસ્કરમાં જોઇએ તેટલી ભરતી થઇ રહી છે અને એ ઉપરાંત ગમે તેવા ઓર્ડીનન્સો કાઢીને જેવી જરૂર જણાય તે રીતે પ્રજાના ચાલુ જીવનનું રૂંધન કરી શકાય છે–આવી આજની સરકારની મનોદશા હોય એમ ચોતરફ બની રહેલા બનાવો અને તરેહ તરેહના નીકળી રહેલા ઓર્ડીનન્સો ઉપરથી આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ. આ સ્થિતિમાં આઠમી ઓગસ્ટનો ઠરાવ પાછો ખેંચી લેવાથી શું વળવાનું છે? મુકમ્મીલ આઝાદીની વાતો કરનાર કોંગ્રેસ સરકારનું સંપૂર્ણ દાસત્વ સ્વીકારવાને તૈયાર છે ખરી? બીજી કોઇ ભૂમિકા ઉપર સરકાર સાથે સહકાર અને આજની મડાગાંઠનો ઉકેલ શકય દેખાતો નથી.

બીજો મુદ્દો એ છે કે કોંગ્રેસનું સૂત્ર જેમના હાથમાં છે તે મહાત્મા ગાંધી, અબુલ કલામ આઝાદ, પંડિત જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઇ પટેલ, બાબુ રાજેન્દ્રપ્રસાદ વગેરે મહાસભાના આગેવાન પુરૂષો જેલમાં હોવા છતાં આજે દેશમાં બની રહેલી અનેક ઘટનાઓથી તેઓ અજાણ છે એમ છે જ નહિ. તેમને જરૂરી છાપાઓ મળે છે અને સાધારણ રીતે દેશની આજની સ્થિતિથી તેઓ ઠીક ઠીક વાકેફગાર છે. અ. હિં. મ. સ.ના જે સભ્યો આજે જેલમાં નથી તેમનું પ્રજા ઉપર એટલું બધું ઓછું વર્ચસ્વ છે કે તે બધા મળીને ગમે તે નિર્ણય કરે તો પણ તે નિર્ણયને જેલવાસી નેતાઓનું જ્યાં સુધી સમર્થન નહિ મળે ત્યાં સુધી આમ પ્રજા એ નિર્ણયને રાષ્ટ્રીય મહાસભાના નિર્ણય તરીકે સ્વીકારે તેમ છે જ નહિ. આજની આ વાસ્તવિકતા શ્રીવાસ્તવ અને તેમને સહમત થનારા આગેવાનો કેમ ભુલી જાય છે?

સંભવ છે કે જેલમાં દટાયલા દેશનેતાઓ પ્રજાની આજની દુર્દશા ધ્યાનમાં લઇને ઓગસ્ટની આઠમીના ઠરાવમાં કોઈ પણ પ્રકારના ફેરફારને ઇચ્છતા હોય, પણ જ્યાં સુધી ગાંધીજી અને અન્ય દેશનેતાઓ એકત્ર મળીને વિચાર કરવાની સ્થિતિમાં ન મૂકાય ત્યાં સુધી તેઓ દેશને કોઇ પણ પ્રકારની નવી દોરવણી શી રીતે આપી શકે? ગાંધી–વાઇસરોય પત્રવ્યવહારમાં આવી માંગણી ગાંધીજીએ કરેલી, પણ તે કેવા તુચ્છકારપૂર્વક નકારવામાં આવેલી તે સૌ કોઇ જાણે છે. ત્યારબાદ આ જ ઉદ્દેશથી શ્રી. ઝીણાને મળવાની ગાંધીજીએ ઇચ્છા દર્શાવેલી, પણ તે સંબંધમાં સરકારે શું કર્યું તે પણ સુવિદિત છે. ગાંધીજીએ સરકારને પાછો વળી એક પત્ર લખ્યો છે અને તેમાં પણ આવી જ કોઇ માંગણી છે એવી વાતો અને અનુમાનો આજે આપણે છાપાઓમાં વાંચી રહ્યા છીએ. પણ સરકારનું આ બાબતમાં એકધારૂં અને એકસરખું વિરૂદ્ધ વલણ આપણા જોવામાં આવે છે. આનો પણ એકજ અર્થ નીકળે છે કે સરકાર આજે હિંદી પ્રજા સાથે–કોંગ્રેસ સાથે–કોઇ પણ સમાધાની ઇચ્છતી નથી.

આજે પણ હિંદી પ્રજાના માનસ ઉપર ગાંધીજીનું એટલું ને એટલું પ્રભુત્વ છે. આજે પણ ગાંધીજીને છુટા કરવાનો ચોતરફથી એકસરખો પોકાર ચાલી રહ્યો છે. એમ છતાં પણ સરકાર ગાંધીજીના આ પ્રભુત્વને અને દેશપરદેશના આ પોકારને તદ્દન અવગણીને બેધડક રાજ્યવહીવટ ચલાવી રહેલ છે. આવી આજની પરિસ્થિતિ વચ્ચે ઓગસ્ટની આઠમી તારીખનો ઠરાવ પાછો ખેંચી લેવાની હીલચાલનો કશો જ અર્થ નથી એ સૌ કોઇએ સ્પષ્ટ સમજી લેવાની જરૂર છે.

આ સાથે ઓગસ્ટની આઠમી તારીખનો ઠરાવ પાછો ખેંચી લેવો ન જોઇએ અને અમને ગાંધીજીની નેતાગીરીમાં પૂર્ણ વિશ્વાસ છે એમ આપણે બહાર

રહેલાએ ખાનગી યા જાહેર સભાઓ મેળવીને મોટા મોટા ઠરાવો અને ઉહાપોહ કરીએ એનો પણ બહુ અર્થ નથી; કારણ કે ઓગસ્ટની આઠમીનો ઠરાવ અને ગાંધીજીની નેતાગીરીનો સ્વીકાર કેવળ શાબ્દિક અનુમોદન નથી માંગતું. એ તો કંઈ ને કંઇ કર્મ માંગે છે. આ બધું ધ્યાનમાં લઇને જ્યાં સુધી આજની સરકારની રાજ્યનીતિ કે વળણમાં કશો ફેરફાર ન થાય ત્યાં સુધી અંદર ધમધમતો અગ્નિ અંદર જ શમાવી રાખવો અને જે કાંઇ બને તે મૌન ધારણ કરીને જોયા કરવું એ એક જ કર્તવ્યધર્મ આપણને પ્રાપ્ત થાય છે. આજે બનતા બનાવો, પ્રજાજીવનને ચોતરફથી રૂંધતા વારેકવારે જન્મ પામતા ઓર્ડીનન્સો, અનાજની તંગી અને લોકોની પાર વિનાની હાડમારીઓ પ્રજામાં પુષ્કળ અસંતોષ ફેલાવી રહેલ છે અને આ અસંતોષ તરફ કોઇ પણ જવાબદાર રાજ્યતંત્રે ક્ષણભર દુર્લક્ષ્ય કરવું ન જ જોઇએ. એમ છતાં પણ આજની સરકાર આ જોખમને ધ્યાનમાં લેવા ન માંગતી હોય અને કેવળ બળ અને સત્તાના દોરે રાજ્ય ચલાવવા માંગતી હોય તો તે સદ્બુદ્ધિ કે દુર્બુદ્ધિ સરકારને મુબારક હો એમ વિચારીને તથા આપણા બળાબળ તેમ જ સમયસંયોગ ધ્યાનમાં લઇને મૌન ધારણ કરવું એ જ ઇષ્ટ છે.

## પદભ્રષ્ટ માંધાતા મુસોલીની

આ દીર્ઘસૂત્રી વિગ્રહના આરોહ અવરોહ ક્રમમાં તાજેતરમાં બેનીટો મુસોલીનીનું પદભ્રષ્ટ થવું–એ એક અસાધારણ અગત્ય ધરાવતી અણચિન્તવી ઘટના છે. ટયુનીસીયાની જીતને પણ ટક્કર મારે અને યુધ્ધના ભાવી ક્રમને ચોક્કસ પ્રકારનો ઝોક આપે એવો આ બનાવ છે. સાધારણ કક્ષામાંથી એક માણસ કેમ આગળ આવે છે, સત્તા સ્થાન ઉપર આરૂઢ થાય છે, ધીમે ધીમે કેવો મદાંધ બને છે, દેશને ઉંચો લાવવાના અને સ્વાધીન બનાવવાના સાત્વિક વિચાર અને વૃત્તિમાંથી નબળા દેશો સર કરીને અને નિર્બળ પ્રજાને ગુલામ બનાવીને મહારાજ્ય સ્થાપવાની આસુરીવૃત્તિની અમર્યાદિત એષણા તરફ પ્રજાને કેવી રીતે ઘસડી જાય છે, મિત્રરાજ્યોની મોટામાં મોટી આફત–ફ્રાંસના પતન–પ્રસંગે તે કેવો પીઠ પાછળ ઘા કરે છે, અને વિગ્રહનો લાભ લઇને આલ્બેનીઆ, ગ્રીસ વગેરે દેશો કેવી રીતે પચાવી પાડે છે અને આખરે એ ચોરી, લૂંટ અને બળજોરીથી જમાવેલું મહારાજ્ય કેવી રીતે ખોઇ બેસે છે એનો આબેહુબ ચિતાર આપણી આંખ સામે છેલ્લા વીશ વર્ષ દરમિયાન બની રહેલા ઇતિહાસદ્વારા રજુ થાય છે.

જ્યારે હર હીટલરને કોઈ જાણતું નહોતું ત્યારે આજથી એકવીશ વર્ષ પહેલાં મુસોલીની ઇટાલીનો સર્વ સત્તાધીશ થયો હતો. રાજયસત્તા હસ્તગત કરવા માટે એક પક્ષ ઉભો કરવો, બળજબરી અને દમદાટીથી અને જરૂર પડયે છુપાં ખુનો કરાવીને પણ પ્રતિપક્ષીઓને મહાત કરવા, પ્રજાને ભયગ્રસ્ત બનાવીને સર્વ સત્તાસ્થાનોનો કબજો લેવો અને સત્તા ઉપર આવ્યા બાદ અવાર નવાર ઉભી થતી સાચી કે કાલ્પનિક આડખીલીઓનો નિષ્ઠુર રીતે વિધ્વંસ કરવો–આનું નામ ફાસીઝમ અથવા તો નાઝીઝમ. મુસોલીની હિટલરનો શિક્ષા ગુરૂ, પણ ગુરૂ કરતાં શિષ્ય સવાયા એમ કહેવત મુજબ હિટલરે ચોતરફ કાળો કહેર વર્તાવ્યો અને કાળક્રમે યુરોપીય રાજકારણમાં મુસોલીની ગૌણપદને પામ્યો. ઇટાલીમાં પોતાની સત્તાનો દોર બરોબર જમાવ્યા બાદ આબીસીનીયાની ભોળી ભલી પ્રજા ઉપર મુસોલીનીની કુડી નજર પડી અને તે પ્રજાનો ઉદ્ધાર કરવો જોઇએ અને સંસ્કારી બનાવવી જોઇએ એવા તુત નીચે સૈકાઓથી સ્વાતંત્ર્ય ભોગવતી એ પ્રજાને તેણે સર કરી અને લીગ ઓફ નેશન્સને ઠોકરે મારી. આના પરિણામે ઇટલી અને જર્મનીને–મુસોલીની અને હીટલરને–મૈત્રી થઇ અને આગળ ઉપર જાપાન તેમાં જોડાયું અને આખી પૃથ્વીનું હવે આ ત્રિપુટિની મનસ્વીતા ઉપરજ રાજ્ય ચાલે છે એવી કહેવાતા ધરી રાજ્યોની કલ્પના ઉભી થઇ. વર્તમાન વિગ્રહ શરૂ થયો ત્યારે પોલાંડ તો કેવળ નિમિત્ત બન્યું અને જર્મની અને ઇંગ્લાંડ વચ્ચે યુદ્ધનાં મંડાણ મંડાયાં. પાછળથી ઉભી થતી નવી પરિસ્થિતિનો કેવળ લાભ લેવાના આશયથી પહેલાં ઇટલી અને પાછળથી જાપાન જર્મની સાથે જોડાયા અને સંયોગોએ રશીયા અને યુનાઇટેડ સ્ટેટસને ઇંગ્લાંડ પક્ષે ઘસડયા. શરૂઆતમાં ઇટાલીએ ચાલુ લડાઇમાંથી ઠીક ઠીક લાભ મેળવ્યો, પણ આફ્રીકામાં મિત્રરાજ્યોના સૈન્ય સાથે જ્યારે ખરેખર સામનો કરવાનો વખત આવ્યો ત્યારે ઇટાલીયન લશ્કર કેવળ નબળું નીવડયું, ઉત્તર આફ્રીકામાં આવેલ ઇટાલીયન હકુમત નીચેના સર્વ પ્રદેશો ગુમાવવા પડયા, સીસીલીમાં મિત્રરાજ્યોનાં સૈન્યો દાખલ થયાં અને રોમ ઉપર હવાઇ હુમલા શરૂ થયા. હતું તે ગુમાવ્યું અને ઘર ઉપર આફત આવી. પ્રજાનો સાથ અને વિશ્વાસ ગુમાવ્યો અને મુસોલીનીને સર્વ સત્તાનો ત્યાગ કરવો પડયો. મુસોલીની કોઇ સાધારણ માણસ નહોતો. તેનામાં અસાધારણ વિદ્વતા, પાંડિત્યભર્યું વક્તૃત્વ અને પ્રખર રાજ્યકુશળતા હતી. પણ તેની પ્રકૃતિ કેવળ રાક્ષસી હતી. તેની વાણીમાં પાર વિનાનો અહંકાર હતો. તે દશ માથાનો માનવી હતો. કાળબળે તે ઉંચો આવ્યો. વિધાતાએ જે સ્થાન ઉપર તેને ચઢાવ્યો તે સ્થાન જીરવવાની તેનામાં યોગ્યતા નહોતી. તેની મહત્વાકાંક્ષાને કોઇ છેડો નહોતો. જોતજોતામાં આંખના પલકારામાં તુમાખી અને અહંકારના અવતાર સમો તે સતાધીશ માનવી એક સામાન્ય માણસ થઇ ગયો. કાળની લીલા અજબ છે! માણસનો હુંકાર કેવળ બેવકુફી છે!!

મુસોલીની ગયો; ફેસીસ્ટ પક્ષની સત્તા નાબુદ થઇ. તેના સ્થાને જનરલ બોડોગ્લીઓ આવ્યો અને નવું રાજ્યતંત્ર સ્થપાયું. હવે શું? આ નોંધ લખાય છે ત્યારે આ પ્રશ્નનો ચોક્કસ જવાબ આપવો શક્ય નથી. ઇંગ્લાંડના મુખ્ય પ્રધાન ચર્ચીલે સવેળા સંધિ કરવામાં આવે તો ઇટલીનું સ્વમાન સચવાય અને તેનું સ્વત્વ અને સ્વાતંત્ર્ય સુરક્ષિત રહે તેવી સુલેહ કરવાની આશા આપી છે અને નહિ તો ઇટલી ઉપર આક્રમણ અને સર્વનાશની ધમકી આપી છે. બીજી બાજુએ જર્મની શું ઇટાલીને સહેલાઇથી મિત્રરાજ્યોના હાથમાં સરકવા દેશે ખરું? આમ તત્કાળ તો ઇટાલી સુલેહ કરે કે ન કરે, પણ તેની તો બે પાડા વચ્ચે છુંદાતા છોડવા જેવી લગભગ દશા દેખાય છે. આજે બે યુદ્ધપક્ષોની ભીંસમાં આવેલું કોઇ પણ રાજ્ય તટસ્થ રહેવા માંગે કે બનવા માંગે તો પણ તેના નસીબે એક યા અન્ય પક્ષની બોંબવર્ષા અને બીજી અનેક યાતનાઓ લખાયલી જ છે. પૂર્વકર્મોનાં પ્રાયશ્ચિત એમ જ થાય છે અને એ પ્રાયશ્ચિતમાંથી જ પાછી નવી કર્મપરંપરા જન્મે છે. ઇટાલીનું ભાવી આજે સૌ કોઇને મન ભારે કુતુહલનો વિષય છે. બધા સંયોગો વિચારતાં તો એમ લાગે છે કે ઇટાલી મિત્રરાજ્યો સાથે સુલેહ કરશે અને એમ થશે તો મિત્રરાજ્યોને ઇટાલી દ્વારા યુરોપમાં પદપ્રવેશ મળશે અને જર્મની સામે બીજી બાજુનો સામનો શરૂ કરવાની શક્યતા તેમજ સરળતા ઉભી થશે. જર્મનીની મુશ્કેલીઓ ઉત્તરોત્તર વધતી જશે. તેની એડી નીચે દબાયલા રાજ્યો પણ આ તકનો લાભ કેમ નહિ લે? અને તો તો પછી જર્મનીએ આખા યુરોપમાં ઉભી કરેલી પોતાની સત્તાની ઇમારતની ઇંટો જોત જોતામાં ખસવા લાગશે,

(અનુસંધાન પૃષ્ઠ ૫૭ જુઓ)

# આપણી સખાવતો

બીજાપુરમાં દુષ્કાળને અંગે જે રાહત કાર્ય ચાલી રહ્યું છે તે જોવાનો પ્રસંગ, મને ગયા મે માસમાં પ્રાપ્ત થયો. મુંબઇના કેટલાક જૈન શ્રીમાનોની મદદથી અને ત્યાંના શહેરના મહાજન તરફથી ચાલતા મફત રસોડાની મુલાકાત લીધી તે વેળાએ જે કેટલાક વિચારો મારા મનમાં ઉઠ્યા તે અત્રે આપું છું.

દુષ્કાળપીડિતને રાહત આપવી એ તો બહુ પવિત્ર કાર્ય છે. એને માટે બે મત હોઇ શકે જ નહિ. પરંતુ એ કાર્ય એવું તો ન જ હોવું જોઇએ કે જેથી મનુષ્ય પોતાનું સ્વમાન ભૂલે. દુષ્કાળને લીધે ખેતી પર નભતો ગરીબ ખેડુત વર્ગ નિરાધાર થઇ જાય છે. રોજની કમાણી પર એમનું ગુજરાત ચાલતું હોય ત્યાં આપદ્કાળ માટે થોડું બચાવી એક બાજુએ રાખવાની ટેવ તો ક્યાંથી જ હોય? આવી સ્થિતિમાં વરસાદની અવકૃપા થાય તો એ બેકાર બને છે અને પોતાનો તેમજ કુટુંબનો નિર્વાહ શી રીતે કરવો એ પ્રશ્ન એમની આગળ ખડો થાય છે. આવે વખતે સરકારનો ધર્મ કોઇ જાતનું સાર્વજનિક કામ, દાખલા તરીકે રસ્તા બનાવવા, તળાવો ખોદવાં વગેરે, ઉપાડવાનું હોય છે કે જેથી એક જ પ્રવૃત્તિમાંથી બે ઇષ્ટ પરિણામો ફલિત થાય છે. એક તો રસ્તાઓ કે તળાવો જેવાં ઉપયોગી કામો થાય અને બીજું ખેતી વિના બેકાર બનેલા લોકો મજુરી કરી જાત મહેનતે કમાય. સરકાર જ્યારે પોતાનો ધર્મ ચૂકે તે વખતે સખી લોકોની ફરજ છે કે આવા નિરાધાર લોકોને કંઇક કામની સગવડ કરી આપવી, કે જેથી એ પોતાનો નિર્વાહ કરી શકે અને આવા કામ કરનાર સ્ત્રી પુરૂષો માટે કે પછી નિર્બળ, વૃદ્ધ કે બાળકો માટે મફત રસોડું અથવા તો સસ્તાં અનાજની દુકાનો ઉઘાડે તો એ વસ્તુ વ્યાજબી ગણાય. પરંતુ જે આવે તેને મફત જમણો આપવાં એ કોઇ રીતે ઇષ્ટ નથી. એવાં સદાવ્રતોથી તો લોકોમાં કામ કરવાની વૃત્તિ ઓછી થાય છે અને વગર મહેનતે પેટ ભરવાની ટેવ પડે છે. આથી ધીમે ધીમે માણુસ પોતાનું સ્વમાન ભૂલે છે અને એનામાંથી માણસાઇ લુપ્ત થાય છે. હિંદુસ્થાનમાં તો આમ પારકે પૈસે મોજ કરનારાની ફોજ ખૂબ જ મોટી છે અને એનો દોષ ખોટી રીતે દાન આપનારને શિરે છે.

આપણા દેશમાં ગરીબાઇ પુષ્કળ છે, પરંતુ એ ગરીબાઇ ભિખારીઓને એક પૈસો આપવાથી ટળવાની નથી. ઉલટી ખોટી દયા ખાઇ ભિખારીઓને પૈસો ફેંકવાથી આપણે ભિખારીઓની સંખ્યા વધારી છે. ભિખારીઓની કનડગત ખાસ કરીને મોટા શહેરોમાં કે યાત્રાનાં ધામોમાં એટલી વધી પડી છે કે એનો ઉકેલ શી રીતે લાવવો એ પ્રશ્ન થઇ પડયો છે. ભિખારી તરફ પૈસો ફેંકનારને લાગે છે કે એ દાન કરે છે અને તેથી સત્કાર્ય કરે છે, પણ વાસ્તવિક રીતે તો એ મનુષ્યનું સ્વમાન હણવામાં પોતાનો હિસ્સો આપે છે અને એ રીતે એકંદરે મનુષ્યને તેમજ દેશને નુકશાન કરે છે. દયા, અહિંસા એ પરમધર્મ છે. પરંતુ એનું પ્રદર્શન અસ્થાને કરવાથી એ ધર્મ મટી અધર્મરૂપ જ બને છે. જે દાનથી આપણે મનુષ્ય કે સમાજને ઉંચે લાવી શકીએ એ જ ખરૂં દાન છે. આ ધોરણે જે અનેક સખાવતો આપણા દેશમાં થાય છે એમાંની કેટલી સાચાં દાનરૂપે ગણી શકાય?

મનુષ્ય દ્રવ્ય આપે છે તે દયાથી પ્રેરાઇ વ્યક્તિને કે સમાજને મદદરૂપ થવા. એટલે સખાવત કરતી વખતે એ તો વિચારવું જ જોઇએ કે શેમાં દ્રવ્ય આપ્યાથી વિશેષમાં વિશેષ લાભ થાય. લોકોને દવાખાના તેમજ ઇસ્પીતાલોની ઉપયોગિતા હવે સમજાય છે અને આપનારા એને માટે દ્રવ્ય આપે છે, પરંતુ એથી આગળ જઇ કેવળ રોગના ઉપચાર માટે જ દ્રવ્ય ખર્ચવા કરતાં સાથે એ રોગને જડમૂળથી નષ્ટ કરવા માટે એના સંશોધન પાછળ દ્રવ્ય ખર્ચવાની પણ જરૂર છે. ટાટાની કેન્સર ઇસ્પીતાલમાં કેન્સર વિશે સંશોધન થાય છે તેજ પ્રમાણે અન્ય રોગોને અંગે પણ દરેક ઇસ્પીતાલમાં સંશોધન વિભાગ હોય એ ઇચ્છવા યોગ્ય છે. છતાં એને માટે પૈસા આપવાની ઇચ્છા ભાગ્યે જ કોઇને થાય છે. બીજું દવાખાનામાં દર્દીની સારવાર થાય છે અને અમુક મુદત પછી રોગ જતાં એને ઘેર મોકલી દેવામાં આવે છે. પરંતુ કેટલાક સતતના દર્દીઓ હોય છે, જેમનામાં કોઇ રોગ જડ ઘાલીને બેઠો હોય છે. એવા કાયમના દર્દીઓ માટે કોઇ સ્થળ નથી કે જ્યાં એને રાખી શકાય. ત્રીજું દર્દી રોગમુક્ત થાય એટલે એને ઇસ્પીતાલમાંથી તો વિદાય આપવી પડે છે. પરંતુ એની તબીયત સો ટકા સારી થઇ હોતી નથી. એવા માટે તબીયત સુધારવા કોઇ જગ્યાની આવશ્યકતા રહે છે અંગ્રેજીમાં જેને Convalescent Homes કહે છે એને માટે હજી કોઇ સખાવત થઇ હોય એમ સાંભળ્યું નથી. આપણે ત્યાં ઢોરોને માટે પાંજરાપોળો છે. પરંતુ વૃદ્ધ નિરાધાર સ્ત્રી પુરૂષોને માટે એકે આશ્રયસ્થાન નથી કે જ્યાં એ પોતાના દિવસો શાંતિમાં ગુજારી શકે. ભિખારીઓની સંખ્યા ઓછી કરવી હોય તો નિર્બળ અને અપંગોના નિર્વાહ માટે પણ વ્યવસ્થા કરવાની આવશ્યકતા રહે છે.

શિક્ષણનો મહિમા કેટલીક રીતે આપણે ત્યાં સમજાવા લાગ્યો છે અને એને અંગે પણ દ્રવ્ય ખર્ચાય છે. પરંતુ અહીં પણ આવી જરૂરિયાતનો વિચાર કરવામાં આવતો નથી. આંખ મીંચીને એકને ચીલે બીજા ચાલે છે. પુરૂષશિક્ષણ જેટલું જ કે એથીયે વધારે મહત્વનું શિક્ષણ સ્ત્રીઓનું છે. કારણ સ્ત્રી એ માતા છે અને માતા શિક્ષિત હશે તો એનાં બાળકો શિક્ષિત થશેજ. છતાંયે આજે પુરૂષોના શિક્ષણ પાછળ જેટલા પૈસા અપાય છે એટલા કે એથી અરધાયે સ્ત્રી શિક્ષણને માટે અપાતા નથી એ શોચનીય છે. સ્ત્રીઓની શાળા કે પાઠશાળા માટે ઘણીવાર પૈસા મળતાંયે નથી જ્યારે પૈસાદારના પુત્રો માટે મોટી સખાવતોનો ઉપયોગ થાય છે! અને શિક્ષણમાં પણ, કયા પ્રકારનું શિક્ષણ વિશેષ ઉપયોગી થાય તેનો તો વિચાર સરખોયે કરાતો નથી. અમદાવાદ જેવા મોટા શહેરમાં એક ઇજનેરની કોલેજ અને એક ડોકટરી કોલેજની વિશેષ જરૂર છે, છતાં એને બદલે એક વધારાની આર્ટ્સ કોલેજ કાઢવામાં આવી કે જેમાં આજે વિદ્યાર્થીઓની સંખ્યા નજીવી છે. જેને ટેકનીકલ એટલે ઔદ્યોગિક કેળવણી કહે છે તેને માટે જોઇતું દ્રવ્ય મળતું નથી. ગુજરાત જેવા ખેતીપ્રધાન પ્રાંતમાં ખેતીનું જ્ઞાન આપતી કે ખેતી સુધારવા સંશોધન કરતી કેટલી સંસ્થા છે?

આ પરથી લાગે છે કે આપણે ત્યાં સખાવતો થાય છે, પરંતુ વિચારપૂર્વક થતી નથી. કયાં મદદની જરૂર છે અને કઇ જાતની મદદની જરૂર છે એનો વિચાર કરવાની ફુરસદ દાતારને ભાગ્યેજ હોય છે. એને તો પોતાનું કે પોતાના બાપદાદાનું નામ અમર રાખવાની કાળજી હોય છે કે પછી લોકોમાં વાહવાહ કહેડાવવાનો કે સત્તાની શાબાસી મેળવવાનો શોખ હોય છે.

કેટલીક ધર્મને નામે થતી સખાવતોનો મેં ઉલ્લેખ કર્યો નથી, જો કે એવી સખાવતોમાંયે પુષ્કળ નાણું ખર્ચાય છે. કીડીને લોટ કે કબુતરને દાણા નાખનારાને ભુખ્યા મનુષ્યોનો તો ભાગ્યે જ વિચાર આવતો હશે. આવી સખાવતોમાં ધર્મ કરતાં ધર્માંધતા વધારે છે.

**હંસા મહેતા.**

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ઓગષ્ટ ૧ ૧૯૪૩


## જૈન તિથિ ચર્ચા

### આગમોદ્ધારક સૂરી સમ્રાટની સત્યનિષ્ઠા!

જૈન શ્વે. મૂ. વિભાગના સાધુસમુદાય અને તેમના અનુયાયી વર્ગમાં કેટલાક વખતથી એક વિચિત્ર પ્રકારની તિથિચર્ચા ચાલી રહી છે. દરેક મહીનાની ત્રીશ તિથિ હોય છે. તેમાંથી પસંદ કરીને અમુક બાર તિથિને જૈન આચારશાસ્ત્રમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે અને ત્રીશે દિવસ જેમનાથી એક સરખું ધર્મારાધન થઈ ન શકે, તેમણે આ નક્કી કરેલા દિવસોએ વિશિષ્ટ યમનિયમના અનુપાલનપૂર્વક ધર્મારાધન કરવું એમ કહેવામાં આવ્યું છે. હિંદુ માસનું નિર્માણ પૂર્ણિમા અને અમાસને અવલંબીને કરવામાં આવેલ હોઇને દરેક મહીનામાં ઘણું ખરું કોઇને કોઇ તિથિનો ક્ષય યા તો વૃદ્ધિ આવ્યા કરે એ સ્વાભાવિક છે. હવે ઉપર જણાવેલ બાર તિથિમાંથી કોઇ તિથિનો ક્ષય કે વૃદ્ધિ આવે ત્યારે શું કરવું એ જૈન આચાર શાસ્ત્ર માટે એક મહત્વનો પ્રશ્ન ઉપસ્થિત થયો; કારણ કે તેવી ક્ષયવૃદ્ધિ સ્વીકારવાથી તે તે ચોકકસ તિથિઓ સાથે જોડાયલ ધર્મારાધનમાં અનિયમિતતા ઉભી થવા પામે. આ અડચણ દૂર કરવા માટે આજ સુધી જૈન પંચાગ આ ચોકકસ તિથિઓની ક્ષયવૃદ્ધિ કરવાને બદલે આગળની તિથિનો ક્ષય યા વૃદ્ધિ કરીને ધર્માચારની નિયમિતતા જાળવી રાખતું હતું. આ પ્રણાલિમાં શુદ્ધ પંચાગની દૃષ્ટિએ હવે ફેરફાર કરવો જોઇએ એવો એક પક્ષને તરંગ આવ્યો અને અન્ય પક્ષે જુની પ્રણાલિને વળગી રહેવું યોગ્ય છે એમ વિચાર દર્શાવ્યો. અભિપ્રાયભેદ જોર પકડતો ગયો અને પ્રત્યેક પક્ષે જૈન શ્વે. મૂ. સમાજના એક એક ધુરંધર આચાર્ય ગોઠવાઇ ગયા અને પછી તો વાદવિવાદ, 'પેંફ્લેટબાજી' અને ગાળાગાળીની સાહમારી શરૂ થઇ અને જૈન સમાજમાં આ તિથિચર્ચાએ ભીષણ યુદ્ધનું સ્વરૂપ ધારણ કર્યું. ચાલુ પ્રણાલિમાં ફેરફાર કરવાના પક્ષના અગ્રણી શ્રી. વિજયરામચંદ્ર સૂરી થયા. ચાલુ પ્રણાલિને જાળવી રાખવાની આગેવાની શ્રી સાગરાનંદ સૂરીએ લીધી. બન્ને પક્ષ વચ્ચે અપાર કડવાશભર્યાં લખાણો થયાં અને બન્ને પક્ષ ગાળાગાળી અને મારામારી ઉપર આવી ગયા. મધ્યસ્થ વૃત્તિના કેટલાક ગૃહસ્થો વચ્ચે પડયા અને આ તકરારની લવાદી શેઠ કસ્તુરભાઇ લાલભાઇને સોંપવામાં આવી. શેઠ કસ્તુરભાઇ પોતે તો કાંઇ મોટા પંડિત છે જ નહિ અને જાણીતા જૈનાચાર્યોમાંના કેટલાક એક યા અન્ય પક્ષે ગોઠવાઇ ગયા હતા અને અવશેષ રહેલા આચાર્યો કે સાધુઓનું ઝગડાખોરીના આગેવાન આચાર્ય ઉપર કશું વર્ચસ્વ પડે તેમ નહોતું. તેથી શેઠ કસ્તુરભાઇએ પુનાના અમુક પંડિત પાસે બન્ને પક્ષની દલીલો અને તેના સમર્થનને લગતું સાહિત્ય રજુ કરવું અને તે પંડિત જે ચુકાદો આપે તે ચુકાદો શેઠ કસ્તુરભાઇનો ગણાય કે જે પ્રસ્તુત લવાદી ઉપર સહી કરનાર બન્ને પક્ષના આગેવાન શ્રી વિજયરામચંદ્રસૂરીને તેમજ શ્રી સાગરાનંદસૂરીને માન્ય ગણાવો જોઇએ. ત્યાર બાદ હજુ સુધી શેઠ કસ્તુરભાઇએ આ પ્રશ્ન ઉપર ચુકાદો બહાર પાડયો નથી. પણ ઉપર જણાવેલ પુનાના પંડિત મહાશયનો નિર્ણય શું છે તે બન્ને પક્ષને ખબર પડી ગઇ છે અને એ નિર્ણય શ્રી સાગરાનંદજીની વિરૂધ્ધમાં છે અને વિજયરામચંદ્ર સૂરીના પક્ષમાં છે એમ કહેવામાં આવે છે. કોઇ પણ બાબત લવાદને સોંપાયા બાદ તેનો ચુકાદો ન આવે ત્યાં સુધી બન્ને પક્ષોએ પુરી શાન્તિ ધારણ કરવી જોઇએ અને ચુકાદો જાહેર થયા બાદ તે પ્રમાણે અનુસરવાની બન્ને પક્ષોએ પુરી તત્પરતા દાખવવી જોઇએ એ સામાન્ય અને સર્વમાન્ય નીતિ છે. તેમ કરવાને બદલે પાણી પહેલાં જ પાળ બાંધી લેવી એમ વિચારીને શ્રી સાગરાનંદ સૂરીએ નીચે જણાવેલ એક નિવેદન બહાર પાડયું છે.

### "શાસનપ્રેમી ભાઇઓને ચેતવણી

શાસનપ્રેમી વર્ગ એ વાતો તો ચોક્કસ જાણે છે કે શ્રી તપાગચ્છમાં આ સમાચારો કઇ સદીઓથી ચાલી આવે છે કે લૌકીક પંચાંગમાં જ્યારે જ્યારે પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ હોય ત્યારે ત્યારે તેનાથી પુર્વ કે પુર્વતર અપર્વતિથિની હાની વૃદ્ધિ કરવામાં આવે છે. જેમ કે અષ્ટમી વીગેરેની ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે સપ્તમી વીગેરેની ક્ષય-વૃદ્ધિ કરવામાં આવે છે.

આ સમાચારો શાસ્ત્ર અને પરંપરા બંનેથી શુદ્ધ છે, અને તેને માટેના અનેક પુરાવાઓ શાસ્ત્રમાં છે ને જે આજ સુધીમાં ઘણીવાર જાહેર થયા છે. તેમજ જૈન સમાજ આ આચાર સેંકડો વર્ષોથી આચરે છે, છતાં નવો વર્ગ તે શાસ્ત્ર અને પરંપરા બંનેને ઉડાવનાર થઇ પર્વતિથિઓની હાનિ અને વૃદ્ધિ કહેવા-માનવા લાગ્યો છે.

આ બાબતના નિર્ણયને માટે શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ પુનાના × × × × ને તટસ્થ તરીકે ગોઠવ્યા હતા, પરંતુ તાર, ટપાલ, પેપર અને તે પક્ષના નેતાઓના કથનથી × × × × નું તટસ્થપણું સર્વથા તુટી ગયું છે એમ નક્કી જણાયાથી શેઠ કસ્તુરભાઈ લાલભાઇ ઉપર તે ચુકાદાને ખુલાસા અને ટીકા વગરના નહી માનવા માટે પહેલેથીજ જણાવી દેવામાં આવ્યું છે, છતાં કદાચ કોઈ પણ તરફથી તે × × × × નું લખાણ બહાર પડે તો તે શાસનપ્રેમીઓને કોઇ પણ પ્રકારે માનવાલાયક નથી એમ તમોને અનુસરનારા ગણીને જણાવવા જરૂરી ગણું છું.

આમ છતાં તે વિષયના મુદ્દા સમર્થન અને ઉત્તરો કોઇ પણ સારા બીજા ચાર વિદ્વાનો પાસે મુકી શેઠ કસ્તુરભાઇ લાલભાઇ અમારા લખાંણ ઉપરથી કે જરૂર જણાય તો અન્ય મૌખિક ચર્ચા પછી એકી બેઠકે નિર્ણય લાવી આપે તો તે કબુલ કરવા લાયક ગણાય.

પર્વારાધનનો વિષય આખા શાસન સાથે સંબંધવાળો હોવાથી તેનો નિર્ણય અયોગ્ય રીતે આવે તે શાસનમર્યાદાની અપેક્ષાયે ભયંકર હોવાથી આ જાહેર કરવાની જરૂર જણાયેલ છે.

**આનંદસાગરના ધર્મલાભ વાંચવા"**

કપડવંજ, અશાડ શુદ ૩, સોમવાર.

જૈન સાધુ પંચમહાવ્રતધારી કહેવાય છે. તેમાં પણ તેમની સત્યનિષ્ટા વિષે કોઇને કદિ કશું પણ કહેવાપણું હોઇ ન જ શકે, કારણ કે તેમણે સંસારનો ત્યાગ કર્યો છે અને મારા તારાના પ્રપંચથી તેઓ મુકત હોય છે. એક જૈન સાધુના જીવનની આ કલ્પના કયાં અને આપણી સામે ખડાં થતાં આવાં વિવિધરંગી ચરિત્રો કયાં? આગમોના વાંચન, મનન અને પરિશીલન પાછળ વર્ષો વ્યતીત થવા છતાં જો આત્મપ્રકૃતિમાં સત્યનિષ્ઠાની જડ ઉંડી ન બેઠી તો એ આગમ

# જૈનાચાર્ય શ્રી જવાહરલાલજી મહારાજનો સ્વર્ગવાસ

સ્થાનકવાસી સંપ્રદાયના અગ્રગણ્ય સંત, પ્રખર વિદ્વાન, સાહિત્યોપાસક, રાષ્ટ્રપ્રેમી જૈનાચાર્ય શ્રી જવાહરલાલજી મહારાજ તા. ૧૧-૭-૪૩ રવિવારે, ૬૮ વર્ષની વયે, ભીનાસર (બીકાનેર) મુકામે કાળધર્મ પામ્યા છે.

"હિંદમાં જવાહિર એક નહિં પણ બે છે: એક રાષ્ટ્રનાયક અને બીજા ધર્મનાયક"-આ શબ્દોમાં આપણા રાષ્ટ્રિય પત્ર "ફુલછાબે" એના ૧૩-૫ ૧૯૩૮ના અંકમાં સુંદર નોંધ લીધેલી છે. એ ધર્મનાયક 'જવાહર' આજે સ્થૂલ સ્વરૂપે જગત પરથી અદ્રસ્ય બન્યા છે! જવાહરલાલજીમાં આધ્યાત્મિકતા સાથે વિશાળ રાષ્ટ્રભાવના વ્યાપક સ્વરૂપે સંકળાયેલ હતી. એમની ક્રિયા કરણી પરિપૂર્ણ રીતે જૈન હોવા છતાં એ સાધુવર ઉચ્ચ રાષ્ટ્રભાવનાથી ઓતપ્રોત હતા. ખાદી અને સ્વદેશી એ એમના જીવનમંત્રો હતા જેને એમના ઉપદેશમાં મુખ્ય સ્થાન મળતું. એમના સંખ્યાબંધ અનુયાયીઓને-ભકતોને-એમણે સ્વદેશીનું તત્વ સમજાવી ખાદીધારી બનાવ્યાં છે. ગ્રામ્યઉદ્યોગ, ગૌપાલન, અને જીવદયાનાં મહાન કાર્યોમાં પણ એમણે સુંદર અને સંગીન ફાળો આપેલ છે.

માત્ર ૧૬ વર્ષની શિશુવયમાં તેમણે દીક્ષા ગ્રહણ કરી સંસ્કૃત-પ્રાકૃત વગેરે ભાષાઓનું પાંડિત્ય પ્રાપ્ત કર્યા ઉપરાંત હિંદી, ગુજરાતી અને મરાઠી ભાષાઓ પર કાબુ મેળવ્યો હતો. એમની વિચારશ્રેણી પ્રગતિશીલ પરિપકવ અને ઉદાર હતી. એમણે અન્ય ધર્મોનું સમગ્ર સાહિત્ય અને ધર્મશાસ્ત્રોનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરી અન્ય શાસ્ત્રો અને જૈનશાસ્ત્રો વચ્ચેનું સામ્ય પ્રતીત કરી જનસમુહના સામાન્ય બુદ્ધિભેદને દૂર કરવા પ્રયત્ન કર્યો હતો.

સાહિત્યક્ષેત્રમાં એમનો અતિ વિશાળ ફાળો છે. હિંદી, ગુજરાતી, મરાઠી વિગેરે ભાષાઓમાં એમણે વિવિધ સાહિત્ય સર્જ્યું છે, જેમાં આધ્યાત્મવાદ, તુલનાત્મક દૃષ્ટિએ ધર્મતત્વોનું નિરૂપણ, સામાજીક પ્રશ્નો અને રાષ્ટ્રવાદના જીવંત તત્વો નિતરે છે. માનવજીવનના વિવિધક્ષેત્રને સ્પર્શતું, મહત્વના દૃષ્ટિબિંદુઓ રજુ કરતું એ જીવંત સાહિત્ય એમની અસીમ બુદ્ધિમત્તાની પ્રતીતિ આપે છે.

જીવદયાનો પ્રશ્ન એમના જીવન સાથે ગૂઢ રીતે સંકળાયેલ હતો. જીવદયા અને માનવરાહતના મહાન કાર્યોમાં એમની સેવાનો ફાળો વિસ્તૃત છે. ઘાટકોપરનું પ્રખ્યાત "ઘાટકોપર સાર્વજનિક જીવદયા ખાતું" એમના જ પરિશ્રમનો પરિપાક છે, જે સંસ્થા આજે જીવદયાનું સુંદર કાર્ય કરી રહી છે અને અનેક જીવોને અભયદાન આપી રહી છે.

ધર્મનો વિશુધ્ધ તત્ત્વોનો તેમજ માનવધર્મ અને સંસ્કૃતિનો ઉપદેશ આપવા એમણે એમના જીવનકાળમાં ઉગ્ર પરિશ્રમ કર્યો હતો. નિત્સના સમાગમની સંકીર્ણ પ્રદેશની ભુમિના સીમા આવરણોને ભેદીને અનેક પરિષહો સહી એમણે હિંદના વિશાળ પ્રદેશોમાં વિહાર કર્યો હતો. દૂરસુદૂરના ક્ષેત્રોમાં પરિભ્રમણ કરી એમણે જનતાને ભગવાન મહાવીરની ભવ્ય સંસ્કૃતિનો ઉપદેશ આપ્યો હતો. ઉગ્ર વિહાર કરી એમની વૃધ્ધાવસ્થામાં પણ તેઓ ગુજરાત-કાઠીયાવાડમાં પણ વિચર્યા હતા અને રાજકોટ, મોરબી વગેરે સ્થળોએ ચાતુર્માસ કરી લોકોની ધર્મભાવના મજબુત બનાવી હતી.

એમનું વ્યક્તિત્વ, પ્રતિભા, વકતૃત્વ અને વિદ્વત્તા અપ્રતીમ હતાં. સાથે જ એમની ત્યાગભાવના, ઋજુતા અને સરળતા અનુપમ હતાં. વ્યવસ્થા અને શિસ્તપાલન એ બે મહત્વના પ્રશ્નો અંગે એ બહુ કડક હતાં. સંખ્યાબંધ મુનિરાજો ધરાવતાં શ્રી હુકમીચંદજી મહારાજશ્રીના સંપ્રદાયના તેઓ મુખ્ય આચાર્ય હતા અને એ સંપ્રદાયમાં વ્યવસ્થા અને શિસ્તના કડક પાલન માટે તેમણે કેટલોક ભોગ પણ આપેલ હતો. કોન્ફરન્સ અને સાધુ સંમેલનના પ્રત્યેક નિયમોનું તેઓ અક્ષરશઃ પાલન કરતા અને એમના સમગ્ર સંપ્રદાયમાં એનું કડક પાલન કરાવતા.

સં. ૧૯૩૨ ના કાર્તિક માસમાં એ વિભૂતિનો જન્મ થયો, સં. ૧૯૪૮ ના માગસર માસમાં (૧૬ વર્ષે) દીક્ષા લીધી અને ૧૯૯૯ ના અષાડ માસમાં તેઓ કાળધર્મ પામ્યા. એ રીતે એમનું લગભગ સમગ્ર જીવન એમણે માત્ર જનતાના કલ્યાણ અર્થે જ ખર્ચ્યું છે એમ કહી શકાય. લાગલગાટ ૫૦ વર્ષ-અર્ધી સદી-પર્યંત આ પૂજ્યવરે ઉન્નત પ્રકારે દીક્ષા પાળી, સાધુજીવનની ઉચ્ચમાં ઉચ્ચ કર્તવ્યપરાયણતા રજુ કરી, જીવનની છેલ્લામાં છેલ્લી ક્ષણપર્યંત સ્વ-પરના કલ્યાણ માટે સંયમી, આદર્શ ઉચ્ચ જીવન જીવી, પોતાનાં જીવન પંથને તેમણે ઉત્તમ પ્રકારે ઉજ્જવળ કર્યો છે.

શાસનદેવ, એ મહાન સાધુવરના મહાન આત્માને ચિર શાંતિ અર્પે!

**ખીમચંદ વોરા**

---

ઉપાસનાનો શો અર્થ? મામુલી બાબતો ઉપર ખોટા ઝગડા ઉભા કરવા અને તે ઝગડાની પતાવટની કોઇ ગોઠવણ પોતે કબુલ રાખવા છતાં પોતાને અનુકુળ ચુકાદો આવે તો જ તે માન્ય રાખવાનો છે અને એ ચુકાદો પોતાની વિરૂદ્ધ જવાનો છે એવી ગંધ આવતાં એ લવાદી અને એ ચુકાદાને અપ્રમાણિક ઠરાવવાની અથવા તો અમાન્ય બનાવવાની હીલચાલ શરૂ કરી દેવી-આવી આજના સાધુજીવનની લીલા છે. આ તિથિચર્ચાના પ્રકરણમાં કોને યશ આપવો અને કોનાં અવગુણ ગાવાં એ કહેવું મુશ્કેલ છે. કારણ કે આ તકરારને ઉભી કરવામાં અન્ય આગેવાન આચાર્યનો કાંઇ નાનોસુનો ફાળો નથી. સમાજ માટે ધર્મારાધન એ મુખ્ય વસ્તુ છે. અમુક તિથિએ ધર્મારાધન કરવું કે અન્ય તિથિએ એ પ્રમાણમાં ગૌણ વસ્તુ છે. આવી બાબતમાં ચાલતી પ્રણાલિને વળગી રહેવામાં જ સમાજનું શ્રેય છે. નવો તુકકો ઉઠાવવાથી અને તેને ખુબ વેગ આપવાથી સમાજમાં વિના કારણ બુદ્ધિભેદ ઉભો થાય છે અને જાણે કે જૈન સમાજને ઉત્તરોત્તર વિભકત બનાવનારા બીજા ઓછા મતભેદ હોય તેમ આખા સમાજના નવા ભાગલા પાડનાર એક નવો મતભેદ જન્મ પામે છે. જૈન શ્વે. મૂ. સમાજની આવી શોચનીય પરિસ્થિતિ ઉભી કરવાનો યશ અથવા તો અપયશ શ્રી વિજયરામચંદ્ર સૂરીને ભાગે જાય છે. ઉપર વર્ણવેલી ઘટનાંથી શેઠ કસ્તુરભાઇની લવાદીની કસુવાવડ થઇ છે અને તિથિને લગતો કલેશ કંકાસ શમી જવાને બદલે પુનઃ પ્રજ્જવલિત થઇ રહ્યો છે. જેના અગ્રગણ્ય આચાર્યો અહંતા, કદાગ્રહ અને તેજોદ્વેષથી ભરેલા હોય તે સમાજનું ભાવી કોઇ કાળે પણ આશાપ્રદ કે શ્રેયવાહક હોઇ ન જ શકે. કાં તો સમાજે આવા આચાર્યોને પ્રતિષ્ઠાભ્રષ્ટ કરવા રહ્યા અથવા તો સમાજે પ્રાણહાનિ સ્વીકારી લેવી રહી.

**પરમાનંદ.**

## સંઘ સમાચાર

સંઘની કાર્યવાહક સમિતિના સભ્યની તેમ જ કોષાધ્યક્ષની જગ્યાએ નીચે મુજબ ચુંટણી કરવામાં આવી છે.

કોષાધ્યક્ષઃ શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ

નવા સભ્યઃ શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ.

આ વર્ષે પર્યુષણ વ્યાખ્યાન માળા ગોઠવવાનું નકકી કરવામાં આવ્યું છે. તેને લગતા સ્થળ, સમય, વ્યાખ્યાનદાતાઓનાં નામ તેમજ વ્યાખ્યાનવિષયો હવે પછી જાહેર કરવામાં આવશે.

કેટલાયે સંઘના સભ્યો તરફથી ચાલુ વર્ષના લવાજમો ભરવામાં આવેલ નથી. કેટલીક વખત સંઘના કલાર્કને લવાજમ મેળવવા માટે નકામા આંટા ખાવા પડે છે છતાં લવાજમ વસુલ થતું નથી. જે જે સભ્યોએ હજુ સુધી ચાલુ વર્ષનું લવાજમ ભર્યું ન હોય તેમને પોતપોતાનું લવાજમ સંઘના કાર્યાલય ઉપર સત્વર મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. આવી જ રીતે 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકોને પણ પોતાનાં ચઢેલાં લવાજમો મોકલી આપવા અથવા તો હવે પછી મોકલવામાં આવનાર વી. પી. ને સ્વીકારી લેવા વિનંતિ કરવામાં આવે છે. મંત્રીઓ,

મુંબઇ જૈન યુવક સંઘ.

### ચાર શિષ્યવૃત્તિઓ

શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી નીચે જણાવેલ પ્રત્યેક વિદ્યાર્થીને રૂા. ૧૨૫) ની શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.

શ્રી. આર. સી. પરીખ,
ચી. ન. વિદ્યાવિહાર

શ્રી. સરલાબ્હેન ઠાકોરભાઇ શ્રોફ
કર્વે કોલેજ

શ્રી. સવિતાબહેન ફીરચંદ કોઠારી
રાજકોટ ટ્રેનીંગ કોલેજ

શ્રી મહેન્દ્રકુમાર અમૃતલાલ દોશી, રૂઇઆ કોલેજ

### જૈન મેટ્રીક્યુલેશન શીલ્ડ

મુંબઇ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષામાં સૌથી પહેલા નંબરે આવનાર જૈન વિદ્યાર્થીને આપવા માટે જે શીલ્ડની યોજના કરવામાં આવી છે તે શીલ્ડ આ વર્ષે કુલ ૭૦૦ માંથી ૫૭૦ માર્ક મેળવનાર અને સમસ્ત વિદ્યાર્થીગણમાં ત્રીજે નંબરે આવનાર શ્રી. વિમલકુમાર વાલજી ગોવિંદજી દેસાઇને આપવામાં આવ્યું છે. આ જ શીલ્ડ ૧૯૪૧ માં મેટ્રીકની પરીક્ષામાં પહેલા નંબરે આવનાર તેમના મોટા ભાઇને આપવામાં આવ્યું હતું.

## શ્રી મુંબઈ જૈન યુવકસંઘ

### અસાધારણ સામાન્ય સભા.

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની અસાધારણ સામાન્ય સભા સંઘના કાર્યાલયમાં તા. ૮-૮-૪૩ રવિવારના રોજ બપોરના સાડા ત્રણ વાગે મળશે, જ્યારે સંઘની કાર્યવાહક સમિતિની ભળામણ અનુસાર સંઘના બંધારણની કલમ ૯ (ધ) તથા (ङ) ના સ્થાને નીચે મુજબનો ફેરફાર નિર્ણય માટે રજુ કરવામાં આવશે.

મૂળ કલમો નીચે મુજબ છે.

" ૯ (ધ) નવા વર્ષ માટે નીચે મુજબ સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના સભ્યોની ચુંટણી કરવામાં આવશે (૧) પ્રમુખ (૨) ઉપપ્રમુખ (૩) બે મંત્રીઓ (૪) કોષાધ્યક્ષ (૫) કાર્યવાહક સમિતિ માટે નવ સભ્યો.

**સૂચનાઃ**—આ અધિકારીઓ તેમજ સભ્યોની ચુંટણી એવી રીતે કરવી કે (૧) પ્રમુખ દિગંબર, શ્વેતાંબર, મૂર્તિપૂજક અને સ્થાનકવાસીમાંથી જે વિભાગના ચુંટાયા હોય તે વિભાગ સિવાયના બાકીના બે વિભાગમાંથી કોઇ પણ સભ્યની ઉપપ્રમુખ તરીકે ચુંટણી કરવી. (૨) બે મંત્રીઓની ચુંટણીને પણ આજ નિયમ લાગુ પાડવો (૩) અને કાર્યવાહક સમિતિના નવ સભ્યોમાં ઓછામાં ઓછા બે સ્ત્રીસભ્યોની ચુંટણી કરવી.

"૯ (ङ.) ઉપર મુજબની ચુંટણી થયા બાદ હાજર રહેલા સભ્યો દિગંબર, શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને સ્ત્રી વર્ગ એમ ચાર વિભાગમાં વહેંચાઇ જશે અને જે જે વિભાગના સંઘમાં વીશ અથવા તેથી વધારે સભ્યો હશે તે તે વિભાગ કાર્યવાહક સમિતિ માટે બે બે પ્રતિનિધિઓ ચુંટી કાઢશે."

આ મૂળ કલમ (ધ) તથા (ङ)ના સ્થાને નીચેની કલમ મૂકવી.

"૯ (ધ) નવા વર્ષ માટે નીચે મુજબ સંઘના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોની ચુંટણી કરવામાં આવશે. (૧) પ્રમુખ (૨) ઉપપ્રમુખ (૩) બે મંત્રીઓ (૪) કોષાધ્યક્ષ (૫) કાર્યવાહક સમિતિ માટે પંદર સભ્યો. આ અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના પંદર સભ્યોની ચુંટણી એવી રીતે કરવી કે જેથી પ્રમુખ દિગંબર, શ્વેતાંબર મૂર્તિપૂજક કે સ્થાનકવાસીમાંથી જે વિભાગના ચુંટાયા હોય તે વિભાગ સિવાયના અન્ય બે વિભાગમાંથી જ કોઇ પણ સભ્ય ઉપપ્રમુખ તરીકે ચુંટાય (૨) બે મંત્રીઓની ચુંટણીને પણ પ્રમુખ ઉપપ્રમુખની ચુંટણીને લગતો નિયમ લાગુ પડે (૩) કાર્યવાહક સમિતિ માટે ચુંટવાના પંદર સભ્યોમાં ઓછામાં ઓછા ચાર સ્ત્રી સભ્યો, ચાર શ્વેતાંબર મૂર્તિપૂજક સભ્યો, ચાર સ્થાનકવાસી સભ્યો અને એક દિગંબર સભ્ય હોવા જોઇએ."

ઉપર જણાવેલી સભામાં વખતસર હાજર રહેવા સર્વે સભ્યોને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

**મણિલાલ મોકમચંદ શાહ**
**વ્રજલાલ ધરમચંદ મેઘાણી**
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

### આચાર્યશ્રી જવાહરલાલજી માટે શોક સભા

તા. ૧૧-૭-૪૩ ના રોજ કાળધર્મ પામેલા જૈન આચાર્ય શ્રી જવાહરલાલજી મહારાજના અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા માટે તા. ૧૩-૭-૪૩ ના રોજ જૈનોની એક જાહેર શોક સભા ભરવામાં આવી હતી, જેમાં સદ્‌ગત મુનિરાજને અનેક વિદ્વાન સાધુઓ તેમજ જૈન આગેવાનો તરફથી અંજલિ આપવામાં આવી હતી.

### એક વિદ્વાન બ્રાહ્મણે અંગીકાર કરેલી જૈન દીક્ષા

પુનાના એક જાણીતા વિદ્વાન બ્રાહ્મણ શ્રી લક્ષ્મણ રઘુનાથ ભીડેએ શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના સાધુ પન્યાસ શ્રી. ચંદ્રવિજયજી પાસે તા. ૧૨-૭-૪૩ ના રોજ પુના ખાતે જૈન દીક્ષા અંગીકાર કરી છે અને તેમને મુનિ કુમુદ વિજય નામ આપવામાં આવ્યું છે.

### રત્ન જીવન-જ્યોત

શતાવધાની પંડિત મુનિરાજ શ્રી રત્નચંદ્રજીનું જીવનચરિત્ર વઢવાણ કેંપના શ્રી જૈન સાહિત્ય મંદિર તરફથી મળ્યું છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. પુસ્તકના લેખક શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ છે; ઉપોદ્‌ઘાત શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે લખ્યો છે; અને પ્રકાશન બ્યાવરની શ્રી. જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ તરફથી કરવામાં આવ્યું છે. પુસ્તકમાં મુનિશ્રીના પ્રજ્ઞા-ઉજ્જવલ જીવનનુ અને સાથે સાથે અનેક આનુષંગિક વિષયનું બહુ સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે.

તંત્રી.

## કેટલાક સમાચાર અને નોંધ

( પૃષ્ઠ ૫૨ થી ચાલુ )

દિવાલો તુટવા લાગશે અને ખાસ કરીને યુરોપીય યુધ્ધનો ધાર્યા કરતાં ઘણો વહેલો અન્ત આવશે.

પણ આ તો હજુ કેવળ કલ્પના છે. યુધ્ય એટલે જ અનેક અણધારી ઘટનાઓની પરંપરા કે જેમાં વિજયની વરમાળ છેવટે કોના ગળામાં પડશે એ નિશ્ચિતપણે કહેવું એ યુધ્ધના સ્વરૂપને નહિ સમજવા બરોબર છે. આપણે તો માત્ર બનતા વર્તમાન ઉપરથી ભાવીનાં વળણનું આછું આછું અનુમાન કરી શકીએ અને એ અનુમાન તો આજે મિત્રરાજ્યોના પક્ષમાં ઢળી રહ્યું છે એમ કબુલ કર્યા વિના નહિ ચાલે.

### કાયદે આઝમ ઉપર હુમલો

તા. ૨૬-૭-૪૩ ના બપોરના એક મુસલમાન ખાકસારે શ્રી. મહમદઅલી ઝીણા ઉપર છરી વડે હુમલો કર્યો, પણ સદ્‌ભાગ્યે ઝીણા મીયા બચી ગયા અને તેમને બહુ ઇજા થઇ નહિ. આ હુમલો કરનાર કોણ હતો, તેની પાછળ કોઇ વ્યકિત કે સંસ્થાનો હાથ છે કે નહિ તે સંબંધે હજુ કશો પ્રકાશ પડયો નથી. આ કૃત્ય ધૃણા ઉપજાવે તેવું છે અને તેથી તેમાંથી ઝીણા મીયા ઉગરી ગયા એ ખરેખર આનંદજનક બીના છે. ઝીણા દેશના રાજકારણમાં અને મુસલમાન કોમમાં જે મહત્ત્વનું સ્થાન ભોગવે છે તે વિચારતાં આવો હુમલો કેવળ અંગત વૈરનું પરિણામ હોઇ ન શકે, પણ તેવા હુમલા પાછળ કોઇ રાજકીય, સામાજિક કે સાંપ્રદાયિક હેતુ હોવો જોઇએ એ વધારે સંભવિત લાગે છે. પણ એવા હેતુથી પ્રેરાઇને આવું કૃત્ય જે કોઇ કરે છે તે પોતાના જ વિચારપક્ષને ભારેમાં ભારે હાનિ કરે છે એમ સ્પષ્ટ સમજી લેવાની જરૂર છે. દાખલા તરીકે ઝીણાનો પાકીસ્તાનનો ખ્યાલ અને પ્રચાર આખા દેશને ભારેમાં ભારે હાનિ કરી રહેલ છે એમ આપણે અન્તઃકરણ પૂર્વક માનતા હોઇએ તો આપણા જેવા વિચારવાળા સૌ કોઇએ બરોબર સમજવું જોઇએ કે આ કારણે ઝીણાના પ્રાણને હાનિ પહોંચાડવાથી પાકીસ્તાનના પ્રચારને કોઇ કાળે અટકાવી નહિ શકાય. ઉલટું એમ કરવાથી પાકીસ્તાનના પ્રચારને દશગણું જોસ મળશે. પાકીસ્તાનને ટાળવું હોય તો મુસલમાન જનતાના સંપર્કમાં આપણે વધારે આવવું જોઇએ, પાકીસ્તાનથી હિંદુ તેમ જ મુસલમાન ઉભય કોમને કેવું પાર વિનાનું નુકસાન છે એ આપણે તેમના ગળે ઉતારવા પ્રયત્ન કરવો જોઇએ અને આ રીતે મુસલમાન કોમ ઉપર ઝીણાનું આજે જે વર્ચસ્વ સ્થપાયેલ છે તે વર્ચસ્વનો નાશ કરવા યોગ્ય ઉપાયો યોજવા જોઇએ: સદ્‌ભાગ્યે કોઇ પાકીસ્તાન-વિરોધીએ કે કોંગ્રેસવાદીએ કે કોઇ હિંદુએ આ હુમલો નથી કર્યો તે ઘટનાવિશેષનો લાભ લઇને આ ચર્ચા કરવાનું ઉચિત ધાર્યું છે.

વ્યકિત અને તેનો વિચાર એક દેખાતા છતાં તે બન્ને જુદા છે. કોઇ વ્યકિતને મારવાથી તેનો કોઇ વિચાર મરતો નથી. તેના વિચારને મારવાથી એટલે કે તેના વિચારનો જનતા પાસે અસ્વીકાર કરાવવાથી અને તેથી પ્રતિકુળ વિચાર તરફ જનતાને વાળવાથી તે વ્યકિત જીવતી છતાં મર્યા જેવી બને છે. કંઇ કાળથી હિંસાના ટુંકા માર્ગથી આપણે ટેવાયાલા હોવાથી જેનો વિચાર આપણને ન ગમે તે વ્યકિતનો ઉચ્છેદ આપણે ચિન્તવવા લલચાઇએ છીએ; પણ જેમ ઇશુખ્રીસ્તને મારવાથી ખ્રીસ્તી ધર્મ મર્યો નહિ, પણ ઉલટો વધારે ફાલ્યો ફુલ્યો—આ બોધપાઠ આપણને અનેક ઐતિહાસિક ઘટનાઓ દ્વારા મળતો આવ્યો છે તેને આપણે કદિ ન ભુલીએ અને વ્યક્તિ અને તેના વિચારોને જુદા તારવવાનો વિવેક આપણે કદિ ન વિસરીએ.

### સંયુકત પ્રધાનમંડળો

આજે અનેક કોંગ્રેસવાદીઓ જેલમાં છે તે વિષમ પરિસ્થિતિનો લાભ લઇને જે જે પ્રાન્તમાં કોંગ્રેસ પ્રધાન મંડળોએ રાજીનામાં આપ્યા છે અને જે જે પ્રાન્તની ધારાસભા ઘણાખરા કોંગ્રેસવાદી સભ્યોના જેલવાસને લીધે કોંગ્રેસની બહુમતી વિનાની થઇ પડી છે તે તે પ્રાન્તની ધારાસભાઓમાં મોસ્લેમ લીગનો સાથ મેળવીને સરકાર સંયુકત પ્રધાન મંડળો સ્થાપવાનો પ્રયાસ કરી રહેલ છે—આવો સાર પ્રાન્ત પ્રાન્તમાં સરકારની રાજદ્વારી હીલચાલોના જે સમાચારો પ્રગટ થઇ રહ્યા છે તે ઉપરથી નીકળે છે. અમે તો હિંદુસ્થાનને પ્રાન્તિક સ્વરાજ્ય આપી દીધું છે એવી હરહંમેશ જાહેરાત કરનાર સરકારને માટે આવી હીલચાલ બહુ શરમાવનારી ગણાય. બહુમતી પક્ષ કોઇ મહત્વના પ્રશ્ન ઉપર રાજ્ય વહીવટમાંથી રાજીનામું આપે ત્યારે થોડો વખત આપખુદ અને બીનજવાબદાર રાજ્યતંત્ર ગોઠવીને તે તે પ્રાન્તની સરકાર રાજ્યવહીવટ ચલાવે તે સમજી શકાય તેવું છે. પણ બહુમતી પક્ષનો મોટો ભાગ જેલમાં છે એનો લાભ લઇને જેને પ્રાન્તના મતદારોનો કશો પણ ટેકો ન હોય એવાં પુતળાં પ્રધાન મંડળો ઉભા કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવે અને એ રીતે દુનિયા સામે પ્રાંતિય સ્વરાજ્યનો છળ ઉભો કરવામાં આવે તેમાં તો કેવળ બંધારણનો દ્રોહ છે, રાજ્યનો દ્રોહ છે, અને તેમાં સાથ આપનારા સભ્યો દેશનો પણ ભારે દ્રોહ કરે છે. આપણે આશા રાખીએ કે સરકાર આ અત્યન્ત અનિષ્ટ પ્રવૃત્તિને આગળ ચલાવતાં અટકશે અને ધારાસભાના કોંગ્રેસથી ઇતર પક્ષો દેશભરના મતદારોના વિશ્વાસનો દ્રોહ કરનારી આવી કોઇ પ્રવૃત્તિને ટેકો નહિ આપે.

### એમેરીને રૂખસદ આપો!

હિંદી પ્રધાનની ગાદી ઉપર અનેક આવ્યા અને અનેક ગયા પણ એમેરી જેવી ધૃષ્ટ અને બેફામ બોલી બેલનારો કોઇ હિંદી પ્રધાન આજ સુધી જોવામાં આવ્યો નથી. હિંદુસ્થાનમાં અનાજની કેમ તંગી પડી છે તેનાં કારણો આપતાં નામદાર એમેરી સાહેબ જણાવે છે કે "હિંદની આજની અનાજને લગતી મુશ્કેલીભરી પરિસ્થિતિ—ખેડુતો સાધારણ રીતે પોતાને ત્યાં પાકેલું ધાન્ય બજારમાં વેચવા નહિ મોકલતાં સંઘરી રાખે છે, કુટુંબની કમાણી વધવાને લીધે વ્યક્તિ દીઠ વધારે ખોરાક ખાવામાં આવે છે, લોકો તેમ જ વ્યાપારીઓ અનાજનો ખુબ સંઘરો કરે છે અને હિંદના કેટલાક વિભાગોમાં વધારાનું અનાજ એક વિભાગમાંથી બીજા વિભાગમાં સહેલાઇથી લઇ જઇ શકાતું હતું તે વાહન વ્યવહારનાં સાધનો ખોરવાઇ ગયાં છે અથવા તો અધકચરા થઇ ગયાં છે—આવાં અનેક કારણોને આભારી છે."

આમ અનાજની તંગીનો મોટો ભાર પ્રજાને માથે ઢોળતા એમેરી સાહેબ જણાવશે કે આજ સુધીમાં સરકારે કેટલો અનાજનો જથ્થો મીલીટરી જીરૂરિયાતના નામે જકડી લીધો છે, કેટલો જથ્થો જળશરણ થયો છે, કેટલો જથ્થો પડયો પડયો સડી ગયો છે અને કેટલો જથ્થો આજ સુધીમાં યુનાઇટેડ કીંગડમ કમર્શીયલ કોરપોરેશન જેવી પરદેશી વ્યાપારી પેઢીઓ મારફત પરદેશ ચઢાવવામાં આવ્યો છે અને તે ઉપરાંત અનાજની પુરાન્તવાળા પ્રાંતોએ વધારે નફો મેળવવાના આશયથી પોતાના અનાજનો કેટલો જથ્થો અન્ય પ્રાંતોમાં જતો અટકાવી રાખ્યો છે?

આ તો ઠીક. પણ આજે કેટલાય વિભાગોમાં લોકો અનાજ

વિના ટળવળે છે, કેટલાય લોકો ભુખે મરતા સંભળાય છે, ચોખા જોઇએ તેને ચોખા મળતા નથી અને ઘઉંની જરૂર હોય ત્યાં ઘઉંની તંગી છે—આવી જ્યારે દેશની દારૂણ દુર્દશા વર્તી રહી છે ત્યારે આ તંગીનું એક કારણ બહુ ધન કમાયલા હિંદીઓ ખાઉધરા થઈ ગયા છે એવું કહેવાની હિંમત ધરનાર હિંદી પ્રધાન સમસ્ત હિંદી પ્રજાનું અક્ષમ્ય અપમાન કરી રહેલ છે અને દાઝયા ઉપર ડામ દે છે. શસ્ત્ર પ્રહાર કરતાં પણ શબ્દનો ઘા વધારે ઉંડો અને મર્મદારક હોય છે અને કાળાન્તરે પણ રૂઝાતો નથી. હિંદીઓ અને અંગ્રેજો વચ્ચે જરા પણ મીઠો સંબંધ રહે એમ જે કોઇ ઇચ્છતા હોય તેવા દરેક હિંદીએ તેમજ અંગ્રેજે આવા નાલાયક શખ્સને હિંદી પ્રધાન જેવા મહત્વના સ્થાન ઉપરથી જેમ બને તેમ જલ્દિથી દૂર કરવા ભારે પોકાર ઉઠાવવો જોઇએ.

## જેલવાસીઓની બદનક્ષી

શ્રી ગોપીનાથ શ્રીવાસ્તવે ઉપસ્થિત કરેલ—ઑગસ્ટની આઠમી તારીખના ઠરાવને પાછો ખેંચી લેવાની—દરખાસ્તને અનુમોદન આપી રહેલી કેટલીએક મહત્વની વ્યકિતઓમાં એક શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી છે. તેઓ કૉંગ્રેસના સભ્ય નહિ હોવાથી તેમને કોંગ્રેસ વિષે કે કોગ્રેસવતી બોલવાનો સીધો અધિકાર પ્રાપ્ત થતો નથી; તેથી તેઓ આ બાબતનો ઉલ્લેખ કોંગ્રેસવાદી અને કોંગ્રેસ—વળણવાદીના સમુચ્ચય નામથી કરે છે. તેઓ આગળની માફક નવા સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરવાની વાતો કરી રહ્યા છે અને આવા સ્વરાજ્ય પક્ષની સ્થાપનાની જરૂરીયાત શા માટે છે તે સમજાવતાં 'આજ' પત્રના પ્રતિનિધિને જણાવે છે કે "આજે દેશનું વાતાવરણ ઘણું જ વિચિત્ર બની ગયું છે. જેલોમાં પુરાયલા છે તેઓ જેલજીવનથી કંટાળી ગયા છે. કોઇ ઉપાયે પણ તેઓ બહાર આવવા માંગે છે. કાંઇ નહિ તો છેવટ પાંચ દશ દિવસનો કામપૂરતો છુટકારો જ મેળવવાની પણ તેઓ ઇચ્છા કરે છે. જેઓ એક વાર બહાર આવી જાય છે તેઓ ફરીને જેલમાં જવા ઇચ્છતા નથી અને આખા દેશમાં આવા માણસો દશ હજાર કરતાં ઓછા નહિ હોય. આ માણસોની શકિતનો ઉપયોગ થવો જોઇએ."

આજે સારા નસીબે કે કમનસીબે શ્રી. મુનશી જેલમાં નથી. હિંસા—અહિંસાની અમુક વિગત ઉપર ગાંધીજી સાથે તેમને વાંધો પડયો અને રાજીનામું આપી તેઓ કોંગ્રેસથી છુટા પડ્યા છે. એ પ્રસંગ ઉપસ્થિત થયો ન હોત તો તેમના અન્ય સાથીઓ સાથે શ્રી. મુનશી પણ જરૂર જેલમાં જ હોત. આમ બન્યું હોત અને બહારની કોઇ અગત્યની વ્યક્તિએ તેમના વિષે તેમ જ અન્ય કારાવાસી સાથીઓ વિષે ઉપર મુજબ ઉલ્લેખ કર્યો હોત તો તેમના સ્વમાનને કેવો સખ્ત આઘાત લાગત? શ્રી મુનશીને કહેવાનું મન થાય છે કે "તમારે સરકાર સાથે જે કાંઇ પતાવટ કરવી હોય તે સુખેથી કરો, ઠીક લાગે તો સ્વરાજ્યપક્ષ સ્થાપો અને સુઝે તેવા રચનાત્મક કાર્યક્રમની યોજનાઓ રજુ કરો, પણ જેની સાથે તમે છુટાછેડા કર્યા છે તેવા અને ગમે તેટલી વિકટ જેલયાતના હસતે મોઢે ભોગવી રહેલા અને આત્મબલિદાનનો આખી પ્રજાને એક આદર્શ બોધપાઠ શિખવી રહેલા ગઇ કાલનાં તમારા સહકાર્યકર્તા અને આજે સરકારની કરડી નજરના ભોગ બનેલા જેલવાસી દેશસેવકોની આમ વિનાકારણ નાલેશી શું કામ કરો છો? અને તેઓ છુટી શકે તેમ નથી તેથી કંઈ કંઇ બહાનું શોધીને બે પાંચ દિવસ પણ બહારની હવા મેળવવા તેઓ તલપી રહ્યા હોય છે એવું તેમને ઉતારી પાડનારૂં મલીન સૂચન શા માટે આગળ ધરો છો? તેમની દયા ખાવાની કોઇએ પણ જરૂર નથી. શ્રી. મુનશી જાણી લે કે જે ઉદાત્ત ભાવનાથી તેઓ જેલમાં ગયા છે તે ઉદાત્ત ભાવના તેમને છેવટ સુધી એક સરખા ટકાવી રાખવાને સમર્થ છે. બીજું કરવું હોય તે કરજો પણ પ્રજા જેમને ખુબ આદર અને સન્માનથી પૂજી રહી છે તેવા અનેક દેશસેવકોની આવી બદનક્ષી કોઇ કાળે ન કરશો."

## ચાઇનીઝ મેડીકલ સ્ટોરની જાહેર ખબર

આ સ્ટોર કામવાસનાની પ્રેરક, પોષક અને સંવર્ધક—એવી અનેક દવાઓ જનસમાજને પુરી પાડે છે અને એ રીતે જનતાના યૌવનને ટકાવવાનો અને લંબાવવાનો તથા વૃદ્ધાવસ્થાને ભુલવાડવાનો પ્રયત્ન કરે છે. આ સ્ટોર પોતાની લાંબી લાંબી જાહેર ખબરો આપે છે અને આજના ગુજરાતી અખબારો એ જાહેર ખબરો પુરબહારમાં છાપે છે. આ જાહેર ખબરો કેટલાં બિભત્સ અને વિષયોત્પાદક સુચનોથી ભરેલી હોય છે તે અહિં રજુ કરવું અશકય છે; કારણ કે તેવી જાહેર ખબરોનું અવતરણ કોઇપણ શિષ્ટ છાપાને અભડાવે તેવું હોય છે. આજના છાપાઓ જાહેર ખબરો ઉપર જ મોટે ભાગે નભે છે અને ચાઇનીઝ મેડીકલ સ્ટોર જેવી વ્યાપારી સાંસ્થાઓ પોતાની જાહેર ખબરો પાછળ પુષ્કળ નાણું ખરચતી હોય છે. તેથી તેવી જાહેર ખબરો છાપવાનું તેમને ખુબ પ્રલોભન હોય એ સ્વાભાવિક છે પણ કઇ જાહેર ખબરો લેવી અને કઇ ન લેવી, જાહેર ખબરોમાં કેવી વિગતો છાપવી અને કેવી વિગતો ન છાપવી એની કોઇ મર્યાદા હોઇ શકે ખરી કે નહિ? કે પછી સરકારી કાયદાનું ઉલ્લંઘન ન થાય એટલી સંભાળ રાખીને કોઇ પણ અનીતિપોષક, દુરાચારવર્ધક અને સભ્યતાઘાતક જાહેર ખબરો લેવાય એમાં કોઇએ કશું બોલવાપણું કે વિચારવાપણું જ નહિ? હમણાં હમણાં હિંદી અખબારોની સ્થાયી સમિતિ મુંબઇમાં મળી હતી તેણે આવી બિભત્સ, કામવાસના પ્રેરક, જાતીય ભાવના ઉદ્બોધક, અને નીતિ અને સભ્યતાના ખ્યાલોને આંચ આવે એવી જાહેરખબરો નહિ લેવાનો છાપાઓને અનુરોધ કરતો એક ઠરાવ કર્યો હતો અને એમ છતાં પણ તે જ સમિતિના સભ્યો જે છાપાઓના તંત્રીઓ છે તે વંદે માતરમ, જન્મભૂમિ, નુતન ગુજરાત વગેરે છાપાઓમાં એની એ જ બિભત્સ અને ધૃણા ઉપજાવતી જાહેર ખબર ચાલુ જોવામાં આવે છે. એજ ચાઇનીઝ મેડીકલ સ્ટોરની જાહેર ખબર મેં જ્યારે 'જૈન' પત્રમાં જોઇ ત્યારે મને ભારે આઘાત થયો. બીજા છાપાઓને તો કદાચ આ બાબતની બહુ પડી ન હોય, પણ જે જૈનધર્મ સ્ત્રીપુરૂષના શીયળ મર્યાદા સંબંધે ઘણા જ ઉંચા ખ્યાલો ધરાવે છે તે ધર્મના અનુયાયી સમાજ સાથે સંબંધ ધરાવતું છાપું પણ આ પ્રલોભનથી બચી શકતું નથી? આ અત્યંત ખેદજનક છે. છાપાઓની કમાણી કરવાની આ હીન પ્રવૃત્તિ સામે આખા સમાજે ઉગ્ર વિરોધ ઉઠાવવો જોઇએ અને છાપાઓને પોતાની મર્યાદાનું તેમજ શિષ્ટ સભ્યતાનું સચોટ ભાન કરાવવું જોઇએ.

**પરમાનંદ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ ૨

# કેટલાક સમાચાર અને નોંધ

## સર સુલતાન અહમદની સત્યોપાસના

એ તો બહુ જ જાણીતી કહેતી છે કે જ્યારે બે દેશો વચ્ચે યુદ્ધના મંડાણ મંડાય છે ત્યારે સૌથી પહેલી આહુતિ સત્યની અપાય છે, કારણ કે હિંસાત્મક યુદ્ધનું સ્વરૂપ જ એવું છે કે જેનો સત્ય સાથે કદિ મેળ બેસે જ નહિ. આજનું યુદ્ધ એટલે ખુલ્લા મેદાનમાં કેવળ બહાદુરીથી સામાસામા લડી લેવું અને બળાબળનો નિર્ણય કરવો એમ નથી, પણ બળ તેમ જ કળનો ઉપયોગ કરી શત્રુપક્ષને હંફાવવો અને હરાવવો અને આ ‘કળ’ની અંદર તો કંઇ કંઇ બાબતોનો સમાવેશ થાય છે. દુશ્મનને સાચી ખબર પહોંચવા ન દેવી, ખોટી વાતોથી ભરમાવવો, ધાકધમકીથી તેના પગ ભાંગી નાંખવા અને લડવાનું જોશ તોડી નાંખવું, પોતાની આમ પ્રજામાં લડવાનું જોશ ટકાવી રાખવું, યુદ્ધને સમર્થક વાતાવરણ જમાવી રાખવું, સાચી પીછેહઠને હળવા આકારમાં રજુ કરવી, સાધારણ વિજયને મોટું રૂપ આપીને લોકોનો ઉત્સાહ વધારવો, યુદ્ધનીતિને બાધક, રોધક કે વિઘ્નકારક કોઇ પણ વિચારોને પ્રગટ થવા ન દેવા, પોતાની હકુમત નીચે દબાયલી પ્રજા માથું ન ઉંચકે એવી ચોતરફ સખ્ત ચોકી રાખવી. આ બધું કરવા ખાતર એક બાજુએ યુદ્ધ કરતી સરકાર તરફથી ખબરો પુરી પાડતું એક મોટું ખાતું ખોલવામાં આવે છે અને બીજી બાજુએ લોકવિચાર પ્રગટ કરવાનાં સાધનો ઉપર સખ્તમાં સખ્ત અંકુશ મૂકવામાં આવે છે. ફેલાતી ખબરો ખરીયે હોય, ખોટી પણ હોય, ઉપયોગી હોય અને નુકસાનકર્તા પણ હોય. સરકારી ખબર આપનારાં ખાતાઓ સત્યની ઉપાસના લઇને બેઠા નથી હોતા. યુદ્ધમાં પોતાના પક્ષને કેમ લાભ થાય એ હેતુ ધ્યાનમાં રાખીને મળતી ખબરોની છણાવટ કરવી અને એ રીતે જરૂરી ખબરો જાહેર જનતાને પુરી પાડવી એ જ ખબરખાતાનો કાર્યપ્રદેશ છે.

આ બધું સૌ કોઇ જાણે છે અને સમજે છે અને આવી પરિસ્થિતિ યુદ્ધમાં એક યા અન્ય પક્ષે સામેલ થયેલા સર્વ દેશોમાં ઓછે વધતે અંશે પ્રવર્તે છે. એમ છતાં પણ મધ્યસ્થ સરકારના ખબરખાતાના મંત્રી સર સુલતાન અહમદે થોડા વખત પહેલાં જણાવ્યું હતું કે એમનું ખાતું હિંદુસ્થાનના ૩૬ કરોડ માનવીઓને માત્ર સાચી ખબરો પુરી પાડવાનું કામ કરે છે. પ્રચારનો અર્થ જ એ છે કે સત્ય ધ્યેય મટીને સાધન બને અને પોતાના વિચારપક્ષનું સમર્થન એ જ માત્ર ધ્યેય રહે. આમ છતાં સર સુલતાન અહમદનો એવો દાવો છે કે તેમનું સર્વ પ્રચારકાર્ય કેવળ સત્યને અનુલક્ષીને જ કરવામાં આવે છે. કદાચ સત્યને આગળ ને આગળ ધર્યા કરવું એ પણ એક પ્રકારની પ્રચારનીતિ હશે.!

તે જ વ્યાખ્યાનમાં શરૂઆતના ભાગમાં તેમણે જર્મન પ્રચારમંત્રી ગોબેલ્સનો ઉલ્લેખ કરીને જણાવ્યું છે કે પ્રચાર કરવાનો બધો ઇજારો ગોબેલ્સને જ મળ્યો છે એમ નથી. અમારે ત્યાં પણ એને ટક્કર મારે તેવા માણસો કામ કરી રહ્યા છે. જર્મનીને ટક્કર મારે એવું બળ દાખવવું એટલે કે હિંસક કળામાં જર્મનીથી જેમ પોતાનું ચડિયાતાપણું પુરવાર કરી બતાવવું, એવી જ રીતે ગોબેલ્સ કરતાં પણ વધારે મોટાં જૂઠાણા ચલાવનાર અને ગપગોળા ઉડાવનાર જ ગોબેલ્સને ટક્કર માર્યાનો દાવો કરી શકે. પ્રચલિત લોકગાથા છે કે,

ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, બોલો ગપ્પીજી!
‘બાર હાથનું ચીભડું,’ ‘તેર હાથનું બી.’

પણ સર સુલતાન અહમદ તો આથી કોઇ જુદો જ દાવો કરે છે અને કહે છે કે “અસત્ય પ્રચાર એ ગોબેલ્સનો માર્ગ છે; સત્ય પ્રચાર એ અમારો માર્ગ છે.” સત્ય અને અસત્ય વચ્ચે કદી હરીફાઇ હોઇ શકે જ નહિ. ગોબેલ્સને ટક્કર મારવાની વાતો કરવી અને સત્યની ઉપાસનાનો દાવો કરવોએ પરસ્પરવિરોધી છે.

આજના યુધ્ધનું સ્વરૂપ જ બનતી હકીકતોનું યોગ્ય રંગરોગાન માંગી લે છે અને સાથે સાથે એ રંગરોગાનને મર્યાદા તો છે જ; કારણ કે આજે યુદ્ધને લગતી મુખ્ય મુખ્ય ઘટનાઓનું પ્રગોપન શકય જ નથી, કારણ કે એક પક્ષ જે કાંઈ છુપાવે તે અન્ય પક્ષ રેડીઓદ્વારા દુનિયાને મોટા અવાજે ઘડિના છઠ્ઠા ભાગમાં સંભળાવી જ દે છે. એટલે આ સંબંધમાં આપણી સરકારનો કશો દોષ ચિન્તવવાની જરૂર છે જ નહિ. પણ ગાંધીજી અને કોંગ્રેસ વિષે સરકારી ખબરખાતાએ અહિં તેમ જ પરદેશોમાં કેવો પ્રચાર કર્યો છે તે શું સર સુલતાન અહમદ નહિ જાણતા હોય? આગળ પાછળની બાબતો બાજુએ રાખીએ, પણ ઉપર જણાવેલ ડંફાસ માર્યા બાદ બનેલી એક જ ઘટનાનો આપણે વિચાર કરીએ. વર્તમાન વિગ્રહના પ્રારંભ સાથે ઇરાન, સીરીઆ, પેલેસ્ટાઇન, મેસોપોટેમીઆ, ટર્કી વગેરે પરદેશો સાથેના વ્યાપારભારથી હિંદીઓને મુક્ત કરવા ખાતર યુનાઇટેડ કીંગડમ કમર્શીયલ કોરપોરેશન (યુ. કે. સી. સી.) નામની એક વગદાર વ્યાપારી સંસ્થા ઈંગ્લાંડમાં ઉભી કરવામાં આવી છે અને તે સંસ્થા સરકારની પુરી કૃપાનું પાત્ર હોઇને હિંદુસ્થાનમાંથી કરોડો રૂપીઆનો માલ બહાર નિકાસ કરે છે અને એ રીતે અનર્ગળ દ્રવ્ય કમાય છે એ વાત બહુ જાણીતી છે. વચગાળે ‘કાપડની નિકાસ બંધ કરો’ એવી બુમ ઉઠી ત્યારે આવી કોઇ મોટા પ્રમાણમાં નિકાસ થતી નથી એવો હિંદી પ્રજાને સધિયારો આપવા ખાતર હિંદી સરકારના ખબરખાતાએ જાહેર કર્યું કે તેમને તપાસ કરતાં જણાયું છે કે “યુ. કે. સી. સી. એ સીધી રીતે કે એજન્ટો મારફત નિકાસ કરવા માટે કે બીજા હેતુથી હિંદુસ્તાનમાંથી કાપડની કશી ખરીદી કરી નથી કે કરતી નથી” કેટલી સ્પષ્ટ જાહેરાત અને કેવું શુદ્ધ સતીપણું! હવે આ બાબતમાં ‘બ્લીટ્ઝ’ નામના પત્રમાં શ્રી. બી. આર. રાણે જણાવે છે કે યુ. કે. સી. સી. એ કરેલ સુતર કાપડની નિકાસની કીંમત ૧૯૪૦-૪૧ માં ૧૬ કરોડ હતી, ૧૯૪૧-૪૨ માં ૩૬ કરોડ હતી અને ૧૯૪૨-૪૩ માં ૪૬ કરોડ હતી. આમાં સાચું કોણ અને ખોટું કોણ?

સંભવ છે કે સત્ય અસત્યના આપણા ખ્યાલો અને સર સુલતાન અહમદના ખ્યાલોમાં ફરક હોય. આ પ્રશ્ન ઉપર નીતિશાસ્ત્રકારોમાં પણ મતભેદ છે. એક પક્ષ નકકર સત્યને જ સત્ય કહે છે. બીજો પક્ષ કેવળ સત્ય નહિ પણ મિષ્ટ, અનુરંજક, હિતકારી, પથ્ય હોય તેજ સાચું સત્ય છે એમ પ્રરૂપે છે. સોનું અનેક પ્રકારનું હોય છે. સોળવલ્લું સોનુ, ગીનીગોલ્ડ, વ્હાઇટગોલ્ડ, યલોગોલ્ડ, ઇત્યાદિ. રૂપું પણ ચોખ્ખું રૂપું, ચીનાઇ ચાંદી, જર્મન સીલ્વર. એવી જ રીતે શુદ્ધ સત્ય, વ્યવહાર સત્ય, મિશ્ર સત્ય એમ સત્યના પણ અનેક પ્રકાર છે. આમાંથી કયા સત્યનો સર સુલતાન અહમદને મન આગ્રહ છે તે તો તેઓ વિશેષ ખુલાસો બહાર પાડે ત્યારે જ આપણને ખબર પડે. પણ આપણે તો એટલું જ ઇચ્છીએ કે પોતાને સોંપાયલું ખાતું જ તેઓ બરોબર સંભાળે અને ખુણેખાંચરે સંતાયલા, ગુંગળાઇ રહેલા જર્જરિત સત્યને બહાર લાવીને પોતાની તેમજ સત્યની તેઓ આમ હાંસી ન કરાવે તો સારૂં. યુદ્ધ પુરૂં થયા બાદ સત્ય, વાણીસ્વાતંત્ર્ય, લોકશાસન વગેરે સનાતન તત્વો ઉપર પ્રવચન કરવાનો તેમને પુષ્કળ અવકાશ મળી રહેશે. (પૃષ્ટ ૬૪ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ઓગષ્ટ ૧૫ ૧૯૪૩


## ધર્મની કસોટી

આખા વિશ્વમાં જ્યારે યુદ્ધ જવાલા પ્રજ્વલિત છે ત્યારે જૈન સમાજને પણ એ જવાલા સ્પર્શે નહિ એ બનવા જોગ નથી. યુદ્ધની અસર જીવનવ્યવહારમાં પળે પળે અનુભવાય છે અને તેના ઉકેલમાં જ્યારે એકાગ્ર થવું ઘટે તે સમયે પણ ધાર્મિક યુદ્ધ આ ધર્મઘેલા જૈન સમાજમાંથી વિદાય નથી લેતું એ બતાવે છે કે આપણે જીવનદૃષ્ટિ કે ધાર્મિક દૃષ્ટિ સમજ્યા જ નથી. એક એવી માન્યતા ઘર કરી ગઇ જણાય છે કે આ સંસાર—આ લોક—ભલે બગડે, પણ પરલોક તો સુધારવો જ જોઇએ. આ લોક અને પરલોક જાણે કે તદ્દન અસંબદ્ધ હોય તેમ પરલોક સુધારવા—માટે ધર્મ જે પરલોકને જ સુધારવાનું એક સાધન મનાઇ રહ્યું છે—કરવો જ જોઇએ. પણ એ ધર્મ તે શું છે, એ ધર્મની અસર આ જીવનમાં—આ લોકમાં—કાંઇ હોવી જોઇએ કે નહિ, ધાર્મિક જીવન તે શું છે, ધાર્મિક સમાજ તે શું છે, આ જીવનની તદ્દન ઉપેક્ષા કરીને પરલોક સુધારી શકાય છે કે નહિ, તેમ કરવું સંભવિત છે કે નહિ એનો વિચાર બહુ થોડા કરે છે. પરિણામે જેનામાં અહંભાવ ઉભરાઇ આવે છે તે પોતાને મનગમતી ધર્મની વ્યાખ્યા કરવા લાગે છે અને આસપાસ ટોળું એકઠું કરી શાંત વાતાવરણમાં પત્થર ફેંકી અશાંતિના તરંગોને હીલોળે સમાજને ડામાડોળ કરી મૂકે છે. નિશ્ચયનયની વાતો કરનાર કાનજીમુનિ એક તરફ એટલે સુધી કહેવાની હીંમત કરે છે કે આત્માને જ ઉપાસો, બીજું કશું કરવાની જરૂર નથી. અને તે જ પાછા આવી આત્માની વાતો કરતા વિહાર કરી સમાજના લાખો રૂપિયાનું પાણી કરી સમાજમાં કલહની આગ પ્રગટાવે છે. નિશ્ચયની વાતો કરતા કરતા વરઘોડામાં રાચે છે અને સમાજને ઝેર પાય છે. ખૂબી તો એ છે કે એ ઝેર છે કે અમૃત તેની પીનારને ખબર જ ન પડે એવી ખૂબીથી તે પાવામાં આવે છે. આ નિશ્ચયનયનો ભવાડો છે. બીજી તરફ પર્વારાધનને નામે જે કાંઇ ચાલી રહ્યું છે તે પણ અહંભાવજન્ય કલહપ્રિયતાનો જ નમુનો છે. ભોળી જનતાને પર્વારાધનને નામે જે ભૂત ભરાવવામાં આવે છે અને તેમની કુમળી લાગણીઓને ઉશ્કેરી શાસ્ત્રકારને નામે જે કાંઇ શીખવવામાં આવે છે તે વ્યવહારનયનો ભવાડો છે. તેથી સમાજ જીવનમાં જે દૃશ્ય જોવા મળે છે એ જોતાં તો એમ થાય છે કે આ કરતાં આપણને ધર્મ શીખવનાર કોઇ ન હોય તો સારૂં. આપણે ધર્મ સિવાયની બીજી બાબતોમાં એટલા પાવરધા છીએ કે તેમાં આપણે કોઇ પારકાની સલાહ નથી લેતા; પણ ધર્મની ચાવી તો પારકાના હાથમાં સોંપીને જ ચાલીએ છીએ.

ભગવાન મહાવીરના ધર્મનું રહસ્ય એક શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે તમે તમારા પોતાના ઉપર ભરોંસો રાખી આગળ વધો. તમારો ઉદ્ધાર અગર નાશ તમે પોતે જ કરી શકો છો. આ રહસ્ય ભૂલવાને કારણે જ આપણે ધર્મની ચાવી બીજાના હાથમાં સોંપી દીધી છે. જૈન ધર્મનું ઉત્થાન શાથી થયું એ જો ઇતિહાસજ્ઞને પૂછવામાં આવે તો તે કહેશે કે હિંદુ ધર્મના ગુરૂઓએ અને ઇશ્વરે લોકોના ઉદ્ધારની ચાવી પોતાના પાસે રાખી લોકોને નિર્બળ અને અસહાય બનાવી મૂકયા હતા એ તેમની અસહાયતા ટાળવા માટે જ જૈન અને બૌદ્ધ ધર્મો આગળ આવ્યા છે. પણ જેમ બીજી વસ્તુમાં બન્યું છે તેમ આ બાબતમાં પણ પાછા આપણે પોતે પોતાનો ઉદ્ધારનો માર્ગ સ્વાધીન ન રાખતા પરાશ્રિત બન્યા છીએ અને એટલે જ આજનો ભઠીયારો જો કાલે સાધુ થાય તો ધર્મની બાબતમાં તેની વાતમાં 'તહત્તિ' કરવા સિવાય બીજો માર્ગ પોતાને માટે તેણે રહેવા દીધો નથી.

પણ આચાર્ય હરિભદ્રે એવા ઠગારાઓથી સાવધાન રહેવા ધર્મની શી કસોટી છે તે ટૂંકામાં બતાવી છે. એ કસોટી સર્વત્ર લાગુ કરી જો આપણે પરીક્ષા કરીએ તો જણાશે કે ધર્મ શી વસ્તુ છે અને તે કોના વચનમાં છે અને કોનામાં નથી.

સોનાની જેમ તાપ, છેદ અને કષથી પરીક્ષા થાય છે તેમ ધર્મની પણ એ ત્રણ પરીક્ષાઓ છે.

કોઇ પણ જીવનની હિંસા ન કરવી. હિંસાનો અર્થ માત્ર મારવું એ નથી, પણ મન, વચન, કાયાથી કોઇ પણ જીવને ન દુભવવો એ તો છે જ. તે ઉપરાંત પોતાના આત્મામાં પણ કલેશને ન ઉત્પન્ન થવા દેવો તે પણ છે. આવા વ્યાપક અર્થમાં (૧) હિંસાનો નિષેધ અને (૨) આત્માને શાંતિ મળે તેવા ઉપાયોની યોજના કરવી—એ બે વસ્તુ જેમાં હોય તે ધર્મ છે—તે શુધ્ધ ધર્મ છે—ધર્મના વિષયમાં આ પરીક્ષા **કષ** કહેવાય છે.

કોઇ પણ બાહ્યાનુષ્ટાન એવું ન હોય, કોઇ પણ વ્યવહાર એવો ન હોય, કાંઇ પણ આચરણ એવું ન હોય જેથી ઉપલી બે બાબતમાં બાધા આવે. અર્થાત ધર્મને નામે સમાજમાં કલહવૃધ્ધિ, ઇર્ષ્યા, દ્વેષનો વધારો થાય એવું કોઇ પણ કૃત્ય કરવાની ધર્મમાં છૂટ નથી. ધર્મના વિષયમાં આ પરીક્ષા **છેદ** કહેવાય છે.

જીવ છે તેને સંસાર છે, બંધ છે અને મોક્ષ પણ છે એવી માન્યતા જેમાં હોય તે ધર્મ છે. આ પરીક્ષા **તાપ** કહેવાય છે.

આમ સોનું જેમ તવાઇ, છેદાઇ અને કસોટી ઉપર ચડી શુધ્ધ હોય છે અને બધી પરીક્ષામાં પાર ઉતરે છે અને શુધ્ધ ઠરે છે, તેમ ધર્મ પણ ઉપલી ત્રણે પરીક્ષામાં પસાર થાય તો તેને શુધ્ધ ધર્મ કહેવો. અન્યથા મિથ્યા ધર્મ—બનાવટી ધર્મ—ઠગારો ધર્મ કહેવો. એવા ધર્મથી જીવનું ભલું થવાને બદલે અહિત જ થવાનું છે.

આ કસોટી ઉપર ચડાવી જો ધર્મની પરીક્ષા કરવામાં આવે તો તે નહિ મળે એકાંત નિશ્ચયના ઉપદેશ કરનારામાં અને નહિ મળે વ્યવહાર માત્રની મોટી મોટી વાતો કરનારામાં. ઉપદેશ નિશ્ચયનો હોય કે વ્યવહારનો, પણ તેથી સમાજમાં કલહવૃધ્ધિ જો થતી હોય તો તે ધર્મ હોઇ શકે જ નહિ અને તેના ઉપદેશક કયાંઇક ભૂલે છે એમ જરૂર માનવું જોઇએ. ધર્મનો ઉપદેશ, ધર્મનું અનુષ્ઠાન અને તેના પરિણામે જો જીવનમાં અશાંતિ જ લાધતી હોય તો સમજવું કે તે ધર્મ નથી, ધર્માનુષ્ઠાન નથી પણ ધર્મના નામે કાંઇક ભળતું જ આપવામાં આવ્યું છે.

હરિભદ્રાચાર્ય એક સ્થળે વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મનો સમન્વય કરતાં કહે છે કે જૈન સિધ્ધાંતમાં તે બન્ને નયોનું સમપ્રાધાન્ય છે. જો તું જૈન મતને સ્વીકારતો હોય તો પછી એ બેમાંથી એકને પણ છોડીશ નહિં. વ્યવહારના ઉચ્છેદથી તીર્થનો ઉચ્છેદ થાય છે અને વ્યવહારમાં પ્રવૃત્તિ થવાથી ક્રમશઃ જીવનો શુભ પરિણામ થઇ તે દ્વારા તે પરિણામે તો કર્મબંધનોને ઢીલા કરી મોક્ષમાર્ગે ચડે છે અને તે જ તો

# બચાવ સમીતિની રચના

## ફાળા માટે જાહેર જનતાને વિજ્ઞપ્તિ

મહાસભાના નેતાઓની ૧૯૪૨ ના ઓગસ્ટની મીએ ધરપકડો થયા પછી ચાલેલી અશાંતિના કારણે મુંબઇ ર અને પ્રાંતમાં એ અશાંતિને લગતા ઉભા થયેલા ખટલા-.માં જેમના પર ગંભીર આરોપો મુકાયા છે તેવી વ્યક્તિઓનો યદેસર બચાવ કરવાની જોગવાઇ કરવા માટે એક બચાવ-મિતિની રચના કરવામાં આવી છે અને હિંદી વેપારી મંડળના મુખ શ્રી. હરિદાસ માધવદાસ આ સમિતિના પ્રમુખ છે. અને ચીમનલાલ ચકુભાઇ શાહ તથા શ્રી વીઠ્ઠલભાઇ કે. ઝવેરી ત્રીઓ છે.

જેઓની આર્થિક સ્થિતિ બચાવ માટે ગોઠવણ કરી શકે નથી તેઓનો બચાવ કરવાથી બરાબર ન્યાય મળી શકે ા ઉદ્દેશથી આ સમિતિ ફંડ એકઠું કરશે.

આ પ્રકારની મદદ કરવાની જરૂર લાગી તેનું કારણ એ કે જેમના પર ગંભીર ગુન્હાઓનો આરોપ મુકવામાં આવ્યો તે એવી જાતના ગુન્હાઓ માટેનો આરોપ છે કે જેમાં ની, દેશનીકાલની અગર લાંબી મુદતની સજા થઇ શકે. ો પર ખુનનું તહોમત મુકવામાં આવ્યું હોય છે તેઓને ા સરકાર તરફથી કાયદેસર બચાવ માટે થતી જોગવાઇનો ન મળે છે, જ્યારે ઇંગ્લાંડમાં તો આવા ગંભીર ગુન્હાઓ ે જવાબદાર ગણાતા આરોપીઓના બચાવ માટે સરકાર ફથી પ્રબંધ થતો હોય છે.

પોતાનો હેતુ પાર પાડી શકાય તે માટે સમિતિ જાહેર નતાને ફંડ માટે અપીલ કરે છે.

ફાળાની રકમ, સમિતિના ખજાનચી રાવબહાદુર ગોવીંદલાલ લાલ મોતીલાલ ૧૫, લેઝ એઝ રોડ, મલબારહીલ, મુંબઇ, ા સરનામે મોકલી આપવી,

સમિતિના બીજા સભ્યોમાં, શ્રીમતી જયશ્રી રાયજી, શ્રી. એમ. સી. સેતલવડ, શ્રી. જે. સી. સેતલવડ, શ્રી. કે. એચ. પી. શ્રોફ, શ્રી. પી. એ. વાડીયા, શ્રી. વૈકુંઠ એલ. મહેતા, શ્રી. ી. એન. કાનુગા, શ્રી. કે. એફ. નરીમાન, શ્રી. એસ. એ. બ્રેલ્વી, અને શ્રી. કમળનયન બજાજનો સમાવેશ થાય છે.

---

નિશ્ચય નયને ઇષ્ટ છે. તો પછી વ્યવહાર છોડી નિશ્ચયમાં શા માટે રાચવું?

આચાર્ય ભદ્રબાહુના શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે જેને આકરાં અનુષ્ઠાનો ગમતા નથી, કાંઇક કરવું પડે તેમાં ાળસ ચડે છે તેઓ નિશ્ચયની વાતો કરીને ભગવાનના શાસનનો ા કરે છે.

પણ તેથી ઉલટું જે લોકો કોરા વ્યવહારની વાતો કરે છે, વ-નિશ્ચયની પરવા નથી કરતાં, વ્યવહારના નામે સમાજ તિને પણ જોખમમાં નાખે છે, તેઓ સમાજને શાંતિના માર્ગે લઇ જતાં જ નથી, ઉલટું આડંબરમાંજ પડી ધર્મના રહ-અને સાધારણ મનુષ્યની સમજમાં તે આવવા જ ન પામે વી રીતે ગોપવી રાખી મહાપાતક કરે છે.

એટલે ગમે તેનો ઉપદેશ સાંભળીએ, પણ તેની કસોટી સદાય પોતાની હોવી જોઇએ અને તે કસોટી આચાર્ય હરિભદ્રે બતાવી છે તે અગર તેવી જ પોતે ઘડી કાઢવી જોઇએ અને ી કસોટીએ કસી પછી જ એ ઉપદેશનો આદર અગર અનાદાર રવો જોઇએ. જો એમ થશે તો જ આપણું અને ઉપદેશકનું લું છે. અન્યથા બન્ને ખાડામાં. **દલસુખ માલવણિયા**

# તિથિચર્ચા પ્રકરણ

## શેઠ કસ્તુરભાઇનું નિવેદન

(જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં ચાલી રહેલ તિથિચર્ચા સંબંધે ગયા અંકમાં જે અગ્રલેખ આપેલો તેના અનુસંધાનમાં પ્રસ્તુત ઝગડાનો જેમને લવાદી સોંપવામાં આવી છે તે શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ થોડા દિવસ પહેલાં નીચે મુજબ એક જાહેર નિવેદન કર્યું છે.)

તિથિચર્ચાને અંગે જૈન આચાર્યોના મતભેદો હોવાથી જૈનોમાં જે કુસંપ ચાલી રહ્યો હતો તેનું નિરાકરણ લાવવા જુદા જુદા પક્ષો તરફથી મને કહેવામાં આવતાં તા. ૧૯-૪-૪૨ ને રવિવારના રોજ આચાર્ય સાગરાનન્દસુરીશ્વરજી અને આચાર્ય રામચન્દ્રસુરીશ્વરજીને હું મળ્યો અને એવું નક્કી કર્યું કે બન્ને પક્ષોના મંતવ્યો સાંભળી નિર્ણય ઉપર આવવા એક પંચની નીમણુંક કરવી અને તે પંચ જે નિર્ણય આપે તે નિર્ણયને બન્ને પક્ષના આચાર્યો તથા તેમનો શિષ્યસમુદાય કબુલ રાખશે અને તે પ્રમાણે વર્તવા બંધાશે એવું નક્કી થયું.

ત્યાર બાદ પંચ તરીકે પુનાના સુવિખ્યાત પ્રોફેસર ડૉ. પી. એલ. વૈદ્યની નીમણુંક કરવામાં આવી અને તેમની સમક્ષ બન્ને પક્ષના લેખિત તેમજ મૌખિક પુરાવાઓ પાલીતાણા મુકામે માર્ચ માસની તા. ૫, ૬ અને ૭ તારીખોએ રજુ કરવામાં આવ્યા. તા. ૭-૩-૪૩ ના રોજ પાલીતાણા મુકામે બન્ને આચાર્યોએ નીચે પ્રમાણે લેખિત કરાર કર્યો હતો:—

"તિથિચર્ચાને અંગે અમે બન્નેએ-આચાર્ય મહારાજ સાગરાનન્દસૂરીશ્વરે અને રામચંદ્રસૂરીએ-જે જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા તથા તેના **સમર્થન**માં જે લખ્યું અને ખંડનમાં જે લખ્યું તે કસ્તુરભાઇ લાલભાઇ મારફત ડૉ. પી. એલ. વૈદ્યને મોકલી આપવામાં આવેલું. તેના ઉપર વિચાર કરી અમો બંનેની રૂબરૂ ચર્ચા કરી ડૉ. પી. એલ. વૈદ્ય તેમનો નિર્ણય, કસ્તુરભાઇ લાલભાઇ મારફત, મોકલી આપે તે સઘળા ઉપર અમો બન્ને તેમજ અમારો શિષ્યસમુદાય કોઇ પણ જાતની મૌખિક અથવા લેખિત ટીકા પ્રગટ કરશે નહિ. તે છતાં જો કોઇ કરશે તો તે અમારી આજ્ઞા બહાર જાહેર કરવામાં આવશે.

તા. ૭-૩-૪૩ } આનંદસાગર દ. પોતે<br>
પાલીતાણા. } વિજયરામચંદ્ર સુરિ દ. પોતે"

ત્યાર બાદ આચાર્ય સાગરાનન્દ સુરીશ્વરજીએ તારીખ ૫-૭-૪૩ ના રોજ એક પત્રિકા બહાર પાડી અને તેમાં ડૉ. વૈદ્ય તટસ્થ રહ્યા નથી એવો આક્ષેપ મુકયો અને જણાવ્યું કે તેથી ડૉ. વૈદ્યનો ચુકાદો તેમને માન્ય તેમ જ બંધનકારક નથી.

ઉપરની વિગતો ઉપરથી જૈન જનતા સ્હેજે સમજી શકશે કે દોષ કોનો છે? સેવાભાવે કાર્ય સ્વીકારનાર માનનીય પંચ ઉપર ગમે તેવા આક્ષેપો કરતાં ન અચકાય એ કેવી મનોદશા બતાવે છે તે સમજવાનું હું સમાજને સોંપું છું. મને જણાવતાં દુઃખ થાય છે કે ફકત મમત્વને વશ થઇ મતાગ્રહ બંધાતા વિદ્વાન આચાર્ય પોતાની લેખિત કબુલત નાકબુલ કરે છે અને એક સજ્જન અને વિદ્વાન પંચ સામે ગમે તેવો પ્રચાર આચરે છે તે યોગ્ય નથી.

ડૉ. પી. એલ. વૈદ્યનો ચુકાદો સંસ્કૃત ભાષામાં અપાયેલો છે. તેનો તરજુમો થઇ રહેલો છે જે તૈયાર થયેથી સમાજ સમક્ષ મુકીશ. **કસ્તુરભાઇ લાલભાઇ**

## સંઘ સમાચાર

તા. ૮-૮-૪૩ રવિવારના રોજ મળેલી શ્રી. મુંબઇ જૈન યુવકસંઘની સામાન્ય સભાએ પરિપત્રમાં સુચવેલ સંઘના બંધારણને લગતો ફેરફાર સર્વાનુમતે સ્વીકાર્યો છે.

**મંત્રી, મુંબઇ જૈન યુવકસંઘ**

## કેટલાક સમાચાર અને નોંધ

(પૃષ્ટ ૬૧ થી ચાલુ)

### સર હુકમીચંદજી અને પંડિતમૃત્યુ!

સર હુકમીચંદજી જૈન દિગંબર વિભાગના એક જાણીતા અગ્રગણ્ય શ્રીમાન છે. તેમના સંબંધમાં તા. ૮-૮ ૪૩ ના 'જૈન' પત્રમાં નીચે મુજબ ખબર આપવામાં આવી છે:

"સીત્તેરમા વર્ષમાં પ્રવેશ કરતાં સર હુકમીચંદજી પોતાના એક જાહેર નિવેદનમાં કહે છે કે કેટલાક જ્યોતિષીઓ કહે છે કે મારા જીવનનું આ વર્ષ બહુ કટોકટીવાળું છે-કદાચ હું વધારે દિવસો ન જીવી શકું. પણ હું કુતરાના મોતે મરવા નથી માગતો. હું મૃત્યુ સામે ઝુઝીશ-એટલે કે મારા જીવનને હવે અધ્યાત્મ તેમ જ ધર્મકરણી તરફ વાળીશ અને મારાથી બનશે તેટલી સંઘસેવા પણ કરીશ. અંતસમયમાં હું સાવધાની સાથે મારૂં આત્મહિત સાધીશ-પંડિતમૃત્યુને ભેટીશ. મારા પુત્રોને પણ હું આજે કહી દેવા માગું છું કે તેમણે પોતાના જીવનને ધાર્મિક બનાવવા અને સટ્ટાનો ત્યાગ કરવા દરેક પુરૂષાર્થ કરવો જોઇએ. એમ કહેવાય છે કે સર શેઠ હુકમીચંદજીના આ ઉદ્‌ગાર સાંભળી રાયબહાદૂર હીરાલાલજીએ હંમેશને માટે સટ્ટો નહિ ખેલવાનો નિશ્ચય જાહેર કર્યો છે."

આ જાહેર નિવેદન જેટલું હાસ્યાસ્પદ છે તેટલું જ ધૃણા ઉપજાવે તેવું છે. સટ્ટા અને વ્યાપારની કુશળતાએ સર હુકમીચંદને શ્રીમન્ત બનાવ્યા અને શ્રીમન્તાઇએ તેમને સમાજમાં અગ્રસ્થાન અપાવ્યું. તેમણે આજે ઓગણ સીત્તેર વર્ષ પુરા કર્યા; તેમના પ્રશંસકોએ અભિનન્દન અને ધન્યવાદના સંદેશાઓ પાઠવ્યા; તેના જવાબમાં મહાત્મા ગાંધી કે બર્નાર્ડ શોની માફક તેઓ પણ જાહેર જનતા ઉપર આવો એક સંદેશો મોકલે છે! શ્રીમન્તના માનસમાં કેવું ઘમંડ રહેલું હોય છે તેનો આ એક નમુનો છે. તેઓ પંડિતમૃત્યુની વાત કરે છે ત્યારે ખરેખર હસવું આવે છે. જેમણે આખી જીંદગી કેવળ સટ્ટાની અને વ્યાપારની આંટીઘુંટીઓ ખેલવા પાછળ વીતાવી છે, જેમણે ઘણી મોટી ઉમ્મરે બહુ નાની ઉમ્મરની એક છોકરી સાથે લગ્ન કર્યું છે, જેમણે ઓસરતી જતી જુવાની ટકાવી રાખવા માટે જર્મન ડોકટર આગળ ઓપરેશન કરાવીને વાનરગ્રંથી પોતાના શરીરમાં મુકાવી છે તેમને આજે હવે પંડિત-મૃત્યુ જોઇએ છીએ! આ જોતાં વણીક માનસ કેવી વિચિત્રતાઓ અને અને પરસ્પરવિરોધી વસ્તુઓથી ભરેલું છે તેનો કાંઇક ખ્યાલ આવે છે. વણીક માણસની એક ખાસિયત તો એ છે કે તે ધર્મ અને કર્મ હંમેશાં અળગા રાખીને જ ચાલે છે. ધર્મ ત્યાં ધર્મ. કર્મ ત્યાં ધર્મની વાત ન કરશો. તે સવારના બે કલાક પૂજા કરવામાં ગાળે છે અને પછી સાફસુફ અને સરખા થઇને થડા ઉપર બેઠા પછી સાચ-જૂઠની મુંઝવણ બાજુએ મૂકીને યેન કેન પ્રકારેણ દ્રવ્ય કેમ મેળવવું એજ એની ચિન્તાનો વિષય બની જાય છે. અનેક કાળાંધોળાં કરીને અથવા તો નીતિ કે ધર્મનો કેવળ વિરોધી એવો વ્યાપાર વ્યવસાય અંગીકાર કરીને લાખો રૂપીઆ કમાય છે અને તેમાં થતું પાપ ધોવા ખાતર અવારનવાર મોટા ધાર્મિક સમારંભો યોજીને હજારો રૂપીઆ ખરચે છે. તે દુનિયાને પણ ઠગે છે અને દેવને પણ ઠગે છે. એક યા બીજી રીતે કમાયલા ધનમાંથી મનગમતી મોજો માણવાનો પોતાનો સંપૂર્ણ અધિકાર છે એમ તે બુદ્ધિથી માને છે અને સાથે સાથે અહિં તહિં બે પૈસાનું દાન કરી અંદરથી ડંખતા અંતરને દબાવે છે. યુવાવસ્થા દ્રવ્યોપાર્જન અને ભોગોપભોગ માટે છે અને વૃધ્ધાવસ્થા ધર્મસાધના માટે છે એ માન્યતા ઉપર જ તેના આખા જીવનનો કાર્યક્રમ ઘડાય છે. આ રીતે ઐહિક જીવનનો દ્રવ્યોપાર્જન અને ભોગોપભોગની દૃષ્ટિએ પુરો લાભ ઉઠાવીને સર હુકમીચંદજી હવે ધર્મ માર્ગે વળે છે પંડિતમૃત્યુ એ જાણે કે પોતાના જ અધિકારની વસ્તુ હોય એ[illegible] માંગે છે અને સાથે સાથે જે નિસરણી ઉપર ચઢીને આજે જે અર્થોજ્વળ સ્થિતિને પોતે પ્રાપ્ત કરી છે અને સ્વસ્થ ચિતે મૃત્યુનો સામનો કરવાનો પ્રલાપ કરી રહ્યા છે તે સટ્ટાનો ત્યાગ કરવા ભાવી પ્રજાને તેઓ ભળામણ કરે છે. આ ભળામણ ઉપરથી રાવ બહાદુર હીરાલાલજીએ હંમેશાને માટે સટ્ટાનો ત્યાગ કરવામાં આવ્યો છે એમ જણાવવામાં આવે છે. [illegible] સર હુકમીચંદજી એજ રાયબહાદુર હીરાલાલજીનો આદર્શ [illegible] તો તેમણે સર હુકમીચંદજીની સલાહ માન્ય કરવામાં યોગ[illegible] છે કે કેમ એ એક પ્રશ્ન છે.

પ્રસ્તુત ઘટના જૈન સમાજને આજે કોરી ખાતી [illegible]ત્મિક પોકળતાનું ગ્લાનિજનક પ્રતિબિંબ રજુ કરતી હે[illegible] ઉલ્લેખ કરવો આવશ્યક લાગ્યો છે. તેમને ધર્મ માર્ગે વળ[illegible] પોતાનો જીવનવ્યવસાય પુરો કરીને હજ કરવા જતી બ[illegible] સ્મરણ થઇ આવે છે. આ બધું છતાં પણ તેમને પંડિત[illegible] પ્રાપ્ત થાય એમ આપણે જરૂર ઇચ્છીએ કારણ કે -કનિષ્ટ [illegible] કનિષ્ટ જીવન ગાળનારને પણ પંડિતમૃત્યુ પ્રાપ્ત થયાના દૃષ્ટા[illegible] શાસ્ત્રકથાઓમાંથી મળી આવે છે. પણ તે પંડિતમૃત્યુ મ[illegible] તો આખી કાયાપલટ કરવી પડે. સાત મણની તળાઇ ઉપ[illegible] સુનારના અને અર્થ તેમજ કામ સાથે મૈત્રી ચાલુ રાખનાર[illegible] નસીબે એવું પંડિત મૃત્યુ કદાપિ સંભવતું નથી.

### વાંધા પડતી જાહેરખબરો

ગયા અંકમાં આજના કેટલાક સામાયિક પત્રોમાં જોવામ[illegible] આવતી ચાઇનીઝ મેડીકલ સ્ટોરની ધૃણાસ્પદ જાહેર ખબર સંબંધમાં એક નોંધ લખવામાં આવી હતી. તેના ઉત્તર રૂપે જન્મભૂમિ, નૂતન ગુજરાત, પ્રવાસી, લોકમાન્ય, બહુરૂપી, હરીફાઇ વગેરે પત્રોના માલીકો તરફથી નીચે મુજબ જાહેરાત કરવામાં આવી છે.

"નારી જાતને માટે અઘટિત લાગે એવી કેટલીક જાહેરખબરો પ્રસિદ્ધ ન કરવાની વિનંતિ કરનારો એક પત્ર શ્રીમતી વિદ્યાગૌરી નીલકંઠ વગેરે કેટલીક સન્માન્ય સન્નારીઓ તરફથી દેશી ભાષા અખબાર મંડળને મળેલો. [illegible] ઉપરથી તે મંડળે તેવી જાહેરખબરો પ્રસિદ્ધ નહિ કરવા વર્તમાનપત્રો[illegible] ભલામણ કરેલી. સન્નારીઓના મૂળ પત્રમાં નહિ એવી અને છતાંયે વાં[illegible] ભરેલી એવાજ પ્રકારની બીજી જાહેરખબરો માટે લેડી વિદ્યાગૌરીએ એક બી[illegible] પત્ર અમને મોકલેલો. તે પછી હમણાં 'પ્રબુદ્ધ જૈન'માં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ તરફથી આ પ્રકારની કેટલીક જાહેરખબરોની પ્રસિદ્ધિ સામે અવાજ ઉઠાવવામાં આવ્યો છે. એ બધી સ્થિતિનો વિચાર કર્યા પછી અમે એ[illegible] નિર્ણય ઉપર આવ્યા છીએ કે લેડી વિદ્યાગૌરી અને શ્રી. પરમાનંદની ફરિયાદ વ્યાજબી છે. સબબ, ચાલુ કોંટ્રાકટો પૂરા થયા પછી એ પ્રકારની જાહેરખબરો પ્રસિદ્ધ નહિ કરવાની સુચના, જાહેરખબર ખાતાને અમે આપી દીધી છે. આ અગત્યના વિષય ઉપર અમારૂં લક્ષ ખેંચવા માટે લેડી વિદ્યાગૌરી અને શ્રી. પરમાનંદનો અમે આભાર માનીએ છીએ."

જે ભાવ અને આદરથી 'પ્રબુધ્ધ જૈન'માં કરવામાં આવેલી સુચનાનો અમલ કરવામાં આવ્યો છે તે જેટલું આવકારદાયક છે તેટલું જ અભિનન્દનયોગ્ય છે. આપણે આશા રાખીએ કે અન્ય સામયિકો પણ આ સૂચનાનો વિના વિલંબે અમલ કરશે.

**પરમાનંદ**

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા પંડિત સુખલાલજીના અધ્યક્ષપણા નીચે તા. ૨૭-૮-૪૩ થી હંમેશા સવારના નવથી અગિયાર સુધી સી. પી. ટેંકની બાજુએથી કાંદાવાડીમાં જતાં કચ્છી નાતની વાડીમાં શરૂ કરવામાં આવશે. વિગતવાર જાહેરાત હવે પછી.

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૯

મુંબઇ: ૧ સપ્ટેમ્બર ૧૯૪૩ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

## આધ્યાત્મિકતા અને સ્વાર્થપરતા

(શ્રી. હરિદાસ ચૌધરીના બંગાળી લેખનો અનુવાદ)

આધ્યાત્મિકતા સંબંધે લોકોનાં મનમાં નાના પ્રકારની ભ્રમણાઓ બંધાઇ ગઇ છે. જે લોકો જીવનવ્યાપી સાધના દ્વારા અજ્ઞાનના અંધકારને ભેદી જ્ઞાનના પૂર્ણ પ્રકાશને પ્રાપ્ત કરે છે, તેઓને આજે આપણે પરમ સ્વાર્થપર ગણીએ છીએ. કિન્તુ વિચાર કરતાં જણાશે કે આ માન્યતા કેટલીક ભ્રમણાત્મક છે. આધ્યાત્મિકતાનું મૂળ છે આત્મોત્સર્ગ, આત્મબલિદાન. પોતાના સર્વ સ્વાર્થોનું વિસર્જન કર્યા સિવાય, સર્વ પ્રકારની ભોગલાલસાઓનો પરિત્યાગ કર્યા સિવાય આધ્યાત્મિક જીવન શરૂ કરી શકાતું નથી. તેથી જ એ જોવામાં આવે છે કે એક વખત જેના અંતરમાં આત્માનો અમૃતમય ધ્વનિ જાગી ઉઠે છે તેઓ રાજસિંહાસનને પણ તુચ્છ માની હાથમાં ભિક્ષાની ઝોળી લઇ ઐહિક સુખસંપદાની ઉપેક્ષા કરી દ્રારિદ્રવ્રતનો સ્વીકાર કરે છે. શારીરિક યાતનાઓની પરવા કર્યા વિના મૃત્યુને પણ હસતે મુખે વરવા તેઓ તૈયાર રહે છે. સ્વાર્થત્યાગ કર્યા વિના અધ્યાત્મ-માર્ગે પ્રવેશ કરવો એ માત્ર આત્મવંચના છે. જ્યાં સુધી અહંભાવ કે અહંકાર લેશમાત્ર પણ સાધકમાં દેખાય ત્યાં સુધી અમૃતધારાનો પ્રવાહ એને માટે રૂધ્ધ બની જાય છે. આધ્યાત્મિક જીવનની પૂર્ણતા ત્યારે જ હોઇ શકે કે જ્યારે સાધક પોતાના અહંભાવનો સમૂલ નાશ કરી શકે અને અવિદ્યા-વેષ્ટિત વ્યકિતત્વની ગ્રંથિ ઓળંગી તે ભૂમિ ઉપર આવેલા વિરાટના સીમાહીન પ્રસારમાં ઉભો રહે.

સર્વ પ્રકારના સ્વાર્થનો ઉચ્છેદ થવાથી જ આધ્યાત્મિક મુક્તિલાભ સંભવિત બને છે. સાધારણ રીતે સૌ કોઇમાં સ્વાર્થ અથવા અહંબુદ્ધિ અજ્ઞાનતાનું કેન્દ્રસ્થલ હોય છે. તેથીજ જ્યાં સુધી આ અહંબુદ્ધિ અથવા સ્વાર્થબોધ સંપૂર્ણપણે વિનષ્ટ ન થાય ત્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરી ન શકાય. આધ્યાત્મિક મુકિતલાભ ન થાય ત્યાં સુધી એટલે આત્મજ્ઞાન અથવા બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી મનુષ્યના સમસ્ત કાર્યો ન્યુનાધિકપણે સ્વાર્થમય હોય છે. પરિવારની સુખસુવિધાઓ માટે ગૃહપતિનું આત્મબલિદાન અથવા સંતાનનાં મંગલ માટે જનનીના મૃત્યુ-સ્વીકારને આપણે સ્વાર્થત્યાગની પરાકાષ્ઠા માનીએ છીએ, કિન્તુ ખરી રીતે આની પાછળ પણ અમુક અહંબુદ્ધિ અને સ્વાર્થ રહેલા છે. માત્ર 'અહં' એ આ સ્થળે વધારે પરિવર્ધિત આકાર ગ્રહણ કર્યો છે. સંતતિના હિતાર્થે માતા જ્યારે સુખ-સગવડોનો ત્યાગ કરે છે ત્યારે એક અજ્ઞાન પ્રસૂત સહજ પ્રેરણાદ્વારા જ તે કાર્ય કરે છે. એક અંધ સ્વાર્થબોધ જ આ જાતના સ્વાર્થત્યાગનું મૂળ છે. માત્ર સ્વાર્થબોધ અમુક વ્યાપકતા પ્રાપ્ત કરે છે. "અહં" વિસ્તૃત બની સંતાનોને પોતાના અંગીભૂત કરે છે. તેથી જ દેખાય છે કે જે માતા પોતાના સંતાનોની વિપત્તિમાં આકુળ-વ્યાકુળ બની પોતાના જીવનની પણ પરવા નથી કરતી, તે બીજા જીવોના પ્રાણનો નાશ નિર્મળભાવે કરતાં અટકતી નથી. તેથી એને આદર્શ સ્વાર્થત્યાગ ન કહી શકાય. એ પ્રકૃતિના અંધ આવેગની અભિવ્યકિત અથવા સ્વાર્થમય મોહાછન્નતા છે એમ કહેવું વધારે યોગ્ય લેખાશે. જો આપણે એમ સ્વીકાર કરીએ કે સંતાનો માટેના માતપિતાના આત્મબલિદાનની પાછળ પ્રકૃતિની અંધપ્રેરણા અને એક વિસ્તૃત બનેલો સ્વાર્થ-બોધ રહેલો છે તો તો પછી આપણને આધ્યાત્મિક વ્યકિતના સ્વાર્થ ત્યાગનું ઉદાહરણ કયાંય પણ નહિ મળે. Patriot યાને સ્વદેશપ્રેમી પોતાના સ્વદેશની કલ્યાણ કામના અર્થે વ્યકિતગત સુખ સગવડોનો ત્યાગ કરે છે. જરૂર પડે મૃત્યુને પણ હસતે મોઢે વરવા પ્રસ્તુત બને છે. તે સિવાય Philanthropist યાને વિશ્વમાનવપ્રેમી કે જે પોતાના દેશના પ્રેમમાં સીમાબદ્ધ ન રહેતાં, અખિલ વિશ્વની મંગલ ચિન્તાને પોતાના પ્રાણમાં સમાવી દે છે. પોતાના દેશનું કલ્યાણ તે વાંચ્છતો નથી એમ નથા, પણ સમસ્ત માનવ જાતિના મોટા સ્વાર્થને ખાતર, માત્ર વ્યકિતગત સ્વાર્થ નહિ પણ દેશના સ્વાર્થનો ત્યાગ પણ તે યુકિતસંગત માને છે. અખિલ માનવજાતના પ્રેમ માટે વિશ્વપ્રેમીનું અકુંઠિત આત્મબલિદાન સ્વાર્થત્યાગની ચરમ અભિવ્યકિત નથી?

સંતાન માટેના જનનીના આત્મબલિદાન માટે જે કહેવામાં આવ્યું છે તે સ્વદેશપ્રેમી અને વિશ્વપ્રેમીને પણ લાગુ પડે છે. અહંકાર કે સ્વાર્થબુદ્ધિ કયાંય વિલુપ્ત થઇ નથી, કેવલ એક પરિવર્ધિત આકારે દેખાય છે. જનની સંતાનના સ્વાર્થની સાથે પોતાને એકીભૂત કરે છે. સ્વદેશપ્રેમી પોતાને દેશ સાથે અને વિશ્વપ્રેમી સમગ્ર માનવજાતિ સાથે પોતાને એકાત્મ માને છે. જનનીના પ્રેમમાં બીજાના સંતાનો પ્રત્યે એક પ્રકારની વિરોધિતા અને ભેદજ્ઞાન હોય છે. સ્વદેશપ્રેમી અન્ય દેશો તરફ એક જાતની વિરોધિતા અનુભવે છે અને વિશ્વમાનવપ્રેમી માનવેતર અન્ય જંતુઓ પ્રત્યે ઉપેક્ષા ધરાવે છે. આ વિરોધિતા અને ભેદજ્ઞાન અજ્ઞાનનું પરિણામફળ છે. મુસોલીની અથવા હિટલર સ્વદેશ-પ્રેમી હોવા છતાં જગતની અન્ય પ્રજાઓ ઉપર નિર્મળભાવે અત્યાચાર કરતાં અટકતા નથી. તેથી તેમના કાર્યને એક પ્રકારે "સ્વાર્થહીન સ્વાર્થપરતા" કહી શકાય.

ફ્રેંચ વિચારક કોંટેએ માનવતાનો ધર્મપ્રચાર કરતાં ભગવાન વિરૂદ્ધ આચરણ કર્યું, મનુષ્યના જાતિગત સ્વાર્થને સર્વોપરીતા આપી, તેથી તે પણ એક પ્રકારે સ્વાર્થહીન સ્વાર્થપરતા ગણાય.

જ્ઞાનદ્વારા જ મનુષ્ય સર્વ પ્રકારના સ્વાર્થ ત્યાગી, મુક્તિલાભ કરી પૂર્ણભાવે નિષ્કામ, નિઃસ્વાર્થ બની શકે છે. આત્મજ્ઞાનનાં પ્રકાશમાં એક તરફ અહંબુદ્ધિ, સ્વાર્થ, ભેદજ્ઞાન દૂર થાય છે અને બીજી તરફ સર્વપ્રકારની વાસના, કામના, ભોગલિપ્સા અને નામનાનો મોહ છૂટી જાય છે. આધ્યાત્મિકતા જ માત્ર મનુષ્યને નિષ્કામકર્મીરૂપે ઘડે છે. માનવજાત પ્રત્યે નિષ્કામ શુભેચ્છા અને માનવજાતના કલ્યાણ માટે સંપૂર્ણ આત્મોત્સર્ગ એમને માટેજ સંભવિત બને છે કે જેમને આત્મજ્ઞાન ઉદ્‌બોધ થયો છે, અને જેમણે પરાત્પર પુરૂષને પ્રત્યક્ષ કર્યો છે. તેથી જ ભગવાન બુધ્ધ અથવા ઇસુખ્રીસ્તની વિશ્વપ્લાવી પ્રેમધારા આજ પણ જગતના ઇતિહાસમાં અતુલનીય છે.

આ વાત સત્ય છે કે આ બધા મહાપુરૂષો આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જગતના કર્મક્ષેત્રમાં દાખલ થયા. તેમની કાર્યાવલિ સંપૂર્ણ સ્વાર્થહીન અને નિષ્કામ હતી. એમનો પ્રેમ અપૂર્વ અને અતુલનીય હતો. આ વાતનો પણ સ્વીકાર કરી શકાય કે અનેક મહાયોગીઓએ જગતના કર્મક્ષેત્રમાં સ્થુલ રૂપે બહાર ન આવતાં સુક્ષ્મતર ભાવે જનકલ્યાણાર્થે આત્મનિયોગ કર્યો છે. મનુષ્યના શોક-તાપ-દુઃખ-યંત્રણા તેમના મર્મસ્થલને વીંધી અંતરમાં પ્રેમનો પ્રવાહ વહેતો કરી દે છે. પરંતુ આધ્યાત્મિકતાની બીજી બાજુ પણ છે. એવા પણ અનેક યોગી અને તપસ્વી હોય છે કે જેમના જીવનનું એક માત્ર લક્ષ્ય કઠોર સાધનાદ્વારા ભગવાનને પ્રાપ્ત કરવાનું છે; અર્થાત ભગવાનના આનંદઘન સત્વમાં નિરવિચ્છિન્ન ભાવે નિમગ્ન થવાનું છે; મનુષ્યના પાર્થિવ જીવનને તેઓ સ્વપ્ન માને છે. પૃથ્વીના કર્મ કોલાહલથી દૂર થવામાંજ સાચું શ્રેય રહેલું છે એમ તેઓ સમજે છે. એકમેવાદ્વિતીયમ્ એટલે સંગમાં નિસંગભાવે જીવન જીવવું એ જ તેમના જીવનનું વ્રત હોય છે. શું આ પ્રકારનું આધ્યાત્મિક જીવન એક પ્રકારની સ્વાર્થપરતા નથી?

મેં પહેલાં જ કહ્યું છે કે આધ્યાત્મિકતાની કોઈ પણ અવસ્થાને સ્વાર્થપરતા કહી અભિહિત કરાય નહિ. આધ્યાત્મિક જીવનનું મૂળ છે આત્મોત્સર્ગ, આત્મસમર્પણ. જેમની સાધનાનું લક્ષ્ય 'એકમેવાદ્વિતીયમ્'માં, અનંત જ્ઞાન અને અનંત આનંદમાં નિરંતર નિમગ્ન રહેવાનું છે તેઓ સ્વાર્થ-પરાર્થ-સ્વ-પર આદિથી પર બની ગયા હોય છે. અદ્વિતીય બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર ત્યારે જ થાય છે કે જ્યારે મનુષ્ય સમસ્ત ભેદ અને સ્વાર્થનું વિસર્જન કરે, સર્વવિધ અહંકારને સમૂલ ઉખેડી નાખે એટલે જ્યારે સપૂર્ણપણે પોતાની જાતનું પરમ સત્યને સમર્પણ કરે. પાર્થિવ પ્રતિષ્ઠાલાભથી પર રહીને જેઓ કર્મજીવન પરિત્યાગ કરે છે તેઓ કર્મમય પૃથ્વીને મિથ્યા માયાની રચના માને છે. બ્રહ્મની નિર્ગુણ અવસ્થાને જ તેઓ એક માત્ર સત્ય માને છે. તેથી સ્વાર્થપરતાનો આક્ષેપપ્રયોગ તેમની વિરૂધ્ધમાં અપ્રયોજનીય છે. પરંતુ કર્મત્યાગી તપસ્વીઓ વિરૂધ્ધ એક આક્ષેપ કરવામાં આવે છે તે જરૂર ધ્યાનમાં લેવા યોગ્ય છે. સંન્યાસીની સાધનામાં એક જાતની અપૂર્ણતા રહેલી છે, કર્મવિમુખ સંન્યાસી પરબ્રહ્મની એક વિશેષ અવસ્થાને-તેની નિર્ગુણ, નિષ્ક્રિય અવસ્થાને-એકાન્ત ભાવે પ્રાપ્ત કરે છે. તેથી કર્મની વિચિત્રતામય આ પૃથ્વીને તેઓ માયામય અથવા સ્વપ્નસમાન માને છે. સિધ્ધિલાભથી પર કર્મની કોઈ ઉપયોગીતા તેઓ સ્વીકારતા નથી.

આ વાતને વધુ સ્પષ્ટ કરવી જોઇએ. આધ્યાત્મિક અનુભવોના વિભિન્ન સ્તરો છે, વિભિન્ન અવસ્થાઓ છે. સાધનાના વિભિન્ન સ્તરોમાં સાધક ભગવાનને વિભિન્નરૂપે પ્રત્યક્ષ કરે છે. સત્યની જુદી જુદી દિશાઓમાં તેની ચેતના પ્રસ્ફુટ થાય છે. આપણી સત્તા સસીમ, બુધ્ધિની પણ ક્ષમતા સંકીર્ણ, તેથી ત્યાંસુધી એ જાતની કલ્પના પણ આપણે માટે સંભવિત નથી. પરંતુ ભગવાન અનંત અને અનિર્વચનીય છે. તેથી વિભિન્ન અવસ્થાઓમાં વિરાજી પોતાને અનંતરૂપે પ્રકાશિત કરે છે. ભગવાનની આવી રીતની વિભિન્ન અવસ્થાને અથવા રૂપને શ્રી. અરવિંદ Different Sessions or Poises of the Absolute" કહે છે. ભગવાન નિરાકાર પણ છે અને આકાર પણ છે, અને એમ છતાં કશામાં સીમાબદ્ધ નથી. ભગવાન નિર્ગુણ કે સગુણ, નિષ્ક્રિય કે સક્રિય, અખંડ અદ્વિતીય અને વૈચિત્ર્યમય, વિશ્વાતિરિક્ત અને વિશ્વવ્યાપ્ત હોવા છતાં એ કોઇ પણ અવસ્થાદ્વારા સીમાબધ્ધ નથી. એ છે અનિર્દેશ્ય અવાચ્ય, મનસાગોચર. સાધનાના કોઇ વિશેષ સ્તરમાં ભગવાનને કોઇ વિશેષરૂપે જુએ છે તે રૂપને જ તેઓ ભગવદ્‌સ્વરૂપનો પૂર્ણ પ્રકાશ માને છે. ભારતવર્ષના દાર્શનિક યુગના વિચારકોએ ભગવાનના નિર્ગુણ, નિષ્ક્રિય વિશ્વાતીત અથવા આત્મસમાહિત અવસ્થાને જ એકાન્તભાવે પ્રાપ્ત કરી છે. તેના ફળરૂપ વ્યવહારિક જીવન પ્રત્યેની તેઓની વ્યાપક ઉદાસીનતા અને સન્યાસનો આદર્શ સમુજ્જ્વલ રૂપે દેખાયા. આજે આધ્યાત્મિકતા વિરૂધ્ધ જે એક ફરિયાદ-એક આક્રોશ-તીવ્રભાવે ઉઠયો છે તેનું કારણ આપણે આજ સ્થળે શોધી શકીએ છીએ. અનંતરૂપી ભગવાનને પૂર્ણભાવે અને સમગ્રભાવે પ્રાપ્ત કરવા પૂર્વે તેની વિશ્વાતીત અથવા આત્મસમાહિત અવસ્થાને સમ્યક્‌ભાવે પ્રાપ્ત કરવાની જરૂર છે. તેથી ભારતના અધ્યાત્મ સાધનાના ઇતિહાસમાં સંન્યાસ યુગે એક ગૌરવમય સ્થાન પ્રાપ્ત કરી રાખ્યું છે. ભારતની સન્મુખ આજે ફરી અધિકતર ગૌરવોજ્જવલ દિન નવ અરૂણરંગે દેખાવ દે છે. ભારતનું ભવિષ્ય થશે સહસ્ત્રમુખી દિવ્ય કર્મોનો યુગ. એ કર્મોનાં પ્રાણ બનશે ત્યાગ અને મૂળ બનશે દિવ્યજ્ઞાન!

જીવન વ્યાપારમાં ઉદાસીનતા અને કર્મસંન્યાસ અપૂર્ણ આધ્યાત્મિકતાનું ફળ છે. પૂર્ણ આધ્યાત્મ અનુભૂતિમાં જ કર્મો કરવા છતાં અકર્મ અર્થાત શાન્ત જ્ઞાનપ્રતિષ્ઠ ભાવ સંભવિત બને છે. ભગવાનને સમગ્રભાવે અને અખંડભાવે પ્રાપ્ત કરવાથી એ વાત સ્પષ્ટ સમજાય છે કે જે નિર્ગુણ, અદ્વિતીય, અવ્યક્ત રૂપે આત્મસમાહિત છે તે જ ફરી વૈચિત્ર્યમય વિશ્વના અંતર્યામી રૂપે અનંત લીલા વિસ્તારે છે એટલે અનંત કર્મોમાં વ્યાપી રહ્યો છે. આજ પૂર્ણ સત્યની પ્રાપ્તિ કર્યા પછી જીવનનો આદર્શ પણ બદલવો જોઇએ. આપણો આત્મા નિત્ય, શુધ્ધ, બુધ્ધ, મુક્ત, ભગવાનનો સનાતન અંશ. જ્ઞાનસ્વરૂપ આ આત્માને પ્રાપ્ત કરી, જો અમારી સાધનાનો ઉદ્દેશ નિષ્ક્રિયતા, નિઃચેષ્ટતા હોય તો જીવનના પ્રવાહમાં ઝંપલાવવાનું પ્રયોજન જ શું છે? વ્યક્તિ-વિશેષના મુક્તિ લાભદ્વારા કોનો કયો ઉપકાર સાધી શકાય? ભગવાન સ્વયં નિત્ય, મુક્ત, સ્વયં સંપૂર્ણ એટલે જીવાત્મા પણ નિત્ય મુક્ત અને શુધ્ધ ચેતનાનું સ્વરૂપ. તેથી જીવનના અંધકાર-મય પ્રદેશમાં દાખલ થયા પછી સન્યાસદ્વારા ફરી આત્મ-પ્રતિષ્ઠિત થવામાં જીવનની કઇ સાર્થકતા થઇ શકે? સૃષ્ટિ જન્મ મૃત્યુની અંદર અંતિમ નિર્વાણ લાભના આદર્શને જ પ્રણાલિકારૂપે ગણે છે; અમે કહીશું કે સૃષ્ટિ અને જીવનનો ઉદ્દેશ આંતર સંપર્કને બહાર પ્રકાશિત કરવા ઇચ્છે છે, ચેતનાના ઐશ્વર્યને અચેતનની અંદર પ્રગટ કરવા ઇચ્છે છે. લીલામય ભગવાન આ ઉદ્દેશ સાધવા જ વ્રતી થયા છે. તેથી અમારા જીવનનો સર્વોચ્ચ આદર્શ ભગવાનની લીલાના સાથી બનવાનો છે, અર્થાત્ અધ્યાત્મ સાધના દ્વારા એના

# કેટલાક સમાચાર અને નોંધ

## બંગાળાની હૃદયદ્રાવક દુર્દશા

આજ કાલ બંગાળા અને ખાસ કરીને કલકત્તામાં કેવળ ભુખમરાના જ પરિણામે મરણશરણ થતા સંખ્યાબંધ સ્ત્રી પુરૂષો તેમજ બાળકોના અહેવાલો વાંચતાં દેશસમસ્તનું દિલ ખળભળી ઉઠયું છે અને સૌ કોઇને પ્રશ્ન થાય છે કે આ તે કેવો રાજ્ય-વહીવટ કે ધાન્યથી ભર્યોભાદર્યો આ દેશ અને તેમાં પણ ગયે વર્ષે જ્યાં સોળ આના વરસાદ થયો હતો અને ચોતરફ પુષ્કળ અનાજ પાકયું હતું ત્યાં આજે કેવળ અનાજ નહિ મળવાના જ કારણે લોકો ભુખે મરે? આજે આ પરિસ્થિતિને અંગે જવાબદાર રાજ્યાધિકારીઓ તરફથી જાતજાતનાં નિવેદનો બહાર પડે છે. એ નિવેદનોની તારવણી કરતાં માલુમ પડે છે કે મધ્યસ્થ સરકારે લશ્કર અને સંરક્ષણ ખાતાની જરૂરીયાતો આડે સામાન્ય પ્રજાની જરૂરીયાતો ઉપર પુરતું લક્ષ્ય આપવાની દરકાર કરી નથી; પંજાબ કે સીંધ જેવા ધાન્ય પુરાંત વાળા પ્રાન્તોએ એક યા બીજા બહાના હેઠળ કેવળ નફાખોરીનો ધંધો કર્યો છે એટલું તો નહિ પણ ખાધવાળા પ્રાન્તોના વહીવટકર્તાઓએ પણ અનાજને માટે વલખાં મારતી પ્રજાને કેવળ પડતર ભાવે અનાજ પુરૂં પાડયું છે એમ માનવાને પણ જરાયે કારણ નથી. થોડા સમય પહેલાં સપ્લાય ખાતાના મુખ્ય સભ્ય અઝીઝુલ હકકે રજુ કરેલા નિવેદન ઉપરથી એમ પણ માલુમ પડે છે કે મધ્યસ્થ સરકારની અનેક સુચનાઓની પુરાંતવાળા પ્રાન્તીય વહીવટકર્તાઓએ અવગણના કરી છે અને પરિણામે જ્યાં જેટલા પ્રમાણમાં અનાજ પહોંચવું જોઇતું હતું ત્યાં પહોંચી શકયું નથી. સરકાર હાલતાં ને ચાલતાં સંગ્રહખોરો ઉપર જ આ પરિસ્થિતિની સર્વ જવાબદારી ઢોળવાનો પ્રયત્ન કરે છે અને જરૂર સંગ્રહખોરોનો આ દુર્દશા ઉભી કરવામાં થોડો ઘણો ફાળો હશે, પણ ચોતરફથી બહાર પડતી હકીકતો ઉપરથી તો એક જ અનુમાન ઉપર ધસડાઇને આવવું પડે છે કે આજની બીનજવાબદાર મધ્યસ્થ સરકાર અને આખા દેશની જરૂરિયાતોનો સમગ્રપણે વિચાર કરવાનો જ્યાં અવકાશ નથી એવો પ્રાંત પ્રાંતનો મનસ્વી વહીવટ જ આજની આ ભયાનક દુર્દશાનાં મૂળ અને મુખ્ય કારણો છે.

બંગાળામાં આજે આવી દશા કેમ ઉભી થવા પામી? શ્રી ફઝલુલ હક જણાવે છે તે મુજબ બંગાળાના પુર્વ વિભાગમાં એકત્ર કરેલો ધાન્યનો જથ્થો સહીસલામતી ખાતર પશ્ચિમ વિભાગમાં લાવવામાં આવ્યો અને ત્યાંથી તે જથ્થો મધ્યસ્થ સરકારની પરવાનગીથી ખરીદ થઇને બહાર ચાલી ગયો અને બીજી બાજુએ પંજાબથી જોઇતા પ્રમાણમાં ઘઉં ચોખા આવી ન શકયાં; આ ઉપરાંત સૈન્યની જરૂરિયાતોને અનુલક્ષીને જે કાંઇ ધાન્ય સંગ્રહો સ્થગિત કરવામાં આવ્યા હોય તે અથવા તો દરીયા માર્ગે અનાજની નીકાસ થઇ હોય તે જુદી. પરિણામે આપણને કદિ કલ્પનામાં ન આવે એવી ઘટનાઓનો બંગાળામાં કાળો કેર વર્તી રહ્યો છે અને એના ઓળાઓ દેશના બીજા વિભાગો ઉપર ફેલાઇ રહ્યા છે.

આજે બંગાળાને મદદ મોકલવાનો પોકાર ઉઠી રહ્યો છે અને સમસ્ત હિંદી પ્રજા આ પ્રશ્ન ઉપર એટલી બધી ખળભળી ઉઠી છે કે આર્થિક મદદ તો જોઇએ તેટલી મળી રહેશે. પણ જ્યાં દેશ આખાનું ધાન્ય સરકારી અંકુશ નીચે પડેલું છે ત્યાં જ્યાં સુધી મધ્યસ્થ સરકાર આ બાબતમાં પુરી વેગવાન બને નહિ અને જ્યાંથી મળે ત્યાંથી અનાજ મેળવીને પુરી તાકીદે બંગાળામાં પહોંચતું કરવાની વ્યવસ્થા કરે નહિ ત્યાં સુધી કેવળ આર્થિક મદદ ભુખે મરતા માણસોના પેટનો ખાડો પુરી નહિ શકે.

વર્તમાન વિગ્રહની દૃષ્ટિએ બંગાળા આજે અસાધારણ મહત્વ ભોગવે છે. તેના એક સીમાડે આસામની સરહદ ઉપર જાપાનીઓ તાકીને બેઠા છે. સમગ્ર યુદ્ધસામગ્રી બંગાળામાં થઇને જ આસામ પહોંચાડી શકાય છે. યુદ્ધને લગતી મોટી હીલચાલોને પ્રજાના સહકાર સાથે ઘણો મોટો સબંધ છે. પ્રજાના સુખસ્વાસ્થ્યની દૃષ્ટિ તો બાજુએ રહી, પણ કેવળ યુદ્ધનીતિની દૃષ્ટિએ પણ બંગાળાની આવી દુર્દશા કોઇ હિસાબે ઉભી થવા દેવી નહોતી જોઇતી. ત્યાંની અનાજ તંગીના બીજા ગમે તેવાં કારણો હોય પણ ભુખે મરતા માણસો તો પોતાના દુર્દૈવનો આરોપ સરકાર ઉપર જ કરવાના છે. આ અનિષ્ટ મનોદશા અટકાવવા ખાતર પણ સરકારે પુરી ઝડપે રાહતની યોજનાઓ અમલમાં મૂકવી ઘટે છે.

આમને આમ ચાલે તો આ જે જે બંગાળાની દશા છે તે આવતી કાલે બીજા પ્રાન્તોની થવાની છે. હિંદુસ્થાનમાં આટલા મોટા પ્રમાણમાં અનાજ પાકે ત્યાં વિના યુધ્ધે માણસને ખાવાનું મેળવવાના ફાંફા મારવા પડે અને ઈંગ્લાંડ કે જે દેશ યુદ્ધનો સીધો બોજો ખમી રહેલ છે અને જ્યાં દુશ્મનનાં વિમાનો હાલતાં ચાલતાં આવે છે અને પારવિનાની નુકસાની કરી જાય છે, જે દેશ હંમેશા અનાજને લગતી પોતાની જરૂરિયાતો માટે બીજા દેશો ઉપર જ આધાર રાખતો આવ્યો છે ત્યાં આજ સુધી નથી સાંભળ્યો આવો ભુખમરો કે નથી સાંભળી આવી અનાજની તંગી. આનું શું કારણ? એનું એક જ કારણ છે કે ત્યાંની સરકાર પ્રજાનિયુક્ત સરકાર છે અને ત્યાંનો સરકારી વહીવટ પ્રજાની જરૂરિયાતોને કેમ પહોંચી વળવું તેની લશ્કરી જરૂરિયાતો જેટલી જ અથવા કદાચ એથી પણ વધારે ચિંતા ધરાવે છે. અહિં સરકાર પરદેશી છે અને તેને મન લશ્કરી જરૂરિયાતોની અપેક્ષાએ પ્રજાની જરૂરિયાતો અને અગવડોનો પ્રશ્ન પ્રમાણમાં ગૌણ છે. આજે કલકત્તાથી આવતા ચોકાવનારા, દીલ કંપાવનારા અને આંખમાંથી આંસુ વહાવતા બનાવોના અહેવાલો 'આપણે પરાધીન છીએ, આપણે અસહાય છીએ' એ હકીકતનું વધારે સચોટપણે ભાન કરાવે છે અને આપણી ગુલામીની શૃંખલાઓ મર્મભાગને વધારે ઉંડાણથી સાલે છે. પ્રજાના દીલની વેદના અસહ્ય બનતી જાય છે. આપણે આશા રાખીએ કે જરૂરી રાહત પહોંચાડવા માટે સરકાર

(અનુસંધાન પૃષ્ટ ૭૧ જુઓ)

---

અપ્રતિહત દિવ્યકર્મોના સચેતન કેન્દ્રસ્થલ બની જવાનો છે. પ્રથમ તો વ્યકિતગત મુકિતલાભ એટલે આત્મજ્ઞાનમાં પ્રતિષ્ઠા અવશ્ય થવી જોઇએ. આ મુકિતલાભ અને આત્મજ્ઞાન લીલામયના લીલાસાથી બનવાની યોગ્યતાનું સ્વરૂપ છે. મુકિત અનંતશકિત અને અનંતજ્ઞાન આપે છે. આજ શક્તિ અને અનંત જ્ઞાન અમારા દેહને, મનને, પ્રાણને દિવ્ય કર્મના વિશુધ્ધ યંત્રરૂપમાં પરિવર્તન કરી દેશે. મુક્ત સાધકને કેન્દ્ર બનાવી ભગવાન વિશ્વ માનવની સમષ્ટિગત મુક્તિ સાધના કરી શકે છે. પૃથ્વી ઉપર સ્વર્ગ રાજ્ય સ્થાપી શકે છે. તેથી ખરી રીતે આધ્યાત્મિકના કર્મ–વિમુખતા નથી અથવા સ્વાર્થપરતાનું નામાન્તર પણ નથી. જીવનનું ચરમ લક્ષ્ય જીવનની પૂર્ણતા અને અંતિમ સાર્થકતા છે. તેની પ્રાપ્તિ સાધનાદ્વારા માત્ર આધ્યાત્મિકતાથી જ થઇ શકે.

અનુવાદક **સૌ. સરલાબહેન.**

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

સપ્ટેમ્બર ૧ ૧૯૪૩


## રેશન–રાહતની યોજના

ગયા મે માસથી મુંબઇમાં સરકારે અનાજની માપબંધી દાખલ કરી છે અને લોકોને ચોક્કસ ધોરણે અનાજનું રેશન મળે એવી વ્યવસ્થા કરી છે. આ વ્યવસ્થા હિંદુસ્થાનના અન્ય મોટા શહેરોમાં તેમજ નાના મોટા વિભાગોમાં દાખલ થઈ રહી છે. એ રેશન પદ્ધતિદ્વારા કેવું અનાજ મળે છે અને તેના કેવા ભાવો નક્કી કરવામાં આવ્યા છે તે એક જુદો પ્રશ્ન છે. પણ આ યોજનાથી બે લાભ ચોક્કસ થયા છે એ વિષે મતભેદ હોવા સંભવ નથી. એક તો રેશન પદ્ધતિ દાખલ થયા પહેલાં સામાન્ય માણસોને સરખા ભાવે અનાજ મેળવવામાં ભારે મુશ્કેલી પડતી હતી અને પારવિનાની હાડમારીઓ વેઠવી પડતી હતી. આજે જ્યાં રેશન પધ્ધતિ દાખલ કરવામાં આવી છે ત્યાં દરેક કુટુંબને પુરતા પ્રમાણમાં સરળતાથી અનાજ મળી શકે છે. બીજું રેશનની યોજના પહેલાં લોકોને કાળા બજારમાંથી વ્યાપારી માંગે તે ભાવ આપીને પોતાની જરૂરિયાત પુરતું અનાજ લાવવું પડતું હતું. આમાં સરકારી ભાવ નિયમને લોકોને બહુ ભારે રાહત આપી છે. આ ઉપરાંત રેશનની યોજનાના પરિણામે ધાન્ય સંગ્રહ અશક્ય બની ગયો છે અને પોતાની જરૂરિયાતથી વધારે અનાજ મેળવવાનું પણ લગભગ અશક્ય બની ગયું છે.

આમ રેશન યોજનાના કેટલાક લાભ હોવા છતાં બીજી બાજુએ લોકોની આર્થિક સ્થિતિ બગડતી ચાલી છે. ચાલુ વપરાશની અને અનિવાર્ય જરૂરિયાતની ચીજોના ભાવ હદ બહાર વધેલા છે. રેશનમાં જે અનાજ આપવામાં આવે છે તે બાદ કરતાં બીજું અનાજ, દાળ, કઠોળ, ઘી, તેલ વગેરે ચીજો અતિશય મોંઘી મળે છે. દુધ મુંબઇમાં બાર આને એંશી ભાર મળે છે. તેથી ગરીબ માણસો પોતાનાં બાળબચ્ચાંને દુધ શી રીતે આપી શકે એ આજ ભારે મુંઝવતો પ્રશ્ન થઇ પડયો છે. રોજબરોજ જન્મ પામતા સરકારી કાયદા કાનુનોએ દરેક વ્યાપારમાં અસાધારણ મંદી ઉભી કરી છે અને સંખ્યાબંધ લોકોને બેકાર બનાવી દીધા છે. આ ઉપરાંત ટુંકા પગારવાળા નોકરોને જીવવું કેમ અને પોતાના કુટુંબને જીવાડવું કેમ એ પ્રશ્ન અનેકને સતત મુંગળાવી રહ્યો છે. તેમને દર અઠવાડીએ મળતા અનાજનાં રેશનનાં નાણાં ચુકવવામાં પણ ભારે મુશ્કેલી પડે છે. આવી વિષમ પરિસ્થિતિમાં લોકોને કોઇને કોઇ રીતે પધ્ધતિસરની રાહત આપી શકાય તેવી કોઇ યોજના કરવામાં આવે તો તે જરૂર આવકારદાયક થઇ પડે.

આજે દાખલ કરવામાં આવેલી યોજનાની એ વિશેષતા છે. એક તો કોઇને પોતાની જરૂરિયાતથી વધારે અનાજ મળતું નથી અને તે અનાજ તેણે ચોક્કસ ભાવે પોતાનું કાર્ડ જ્યાં નોંધાવ્યું હોય ત્યાંથી રોકડા પૈસા આપીને લેવાનું હોય છે. તેથી જો રેશનની અનાજ આપનારી કોઇ દુકાન સાથે એવી ગોઠવણ કરવામાં આવે કે ત્યાંથી અનાજ મેળવનારાઓમાંથી મદદ યોગ્ય કાર્ડ ધરાવનારાઓને પચ્ચીસ ટકા અથવા તો એથી ઓછા ભાવે અનાજ મળે અને એ ભાવનો ગાળો કોઈ ચોક્કસ વ્યકિત, વ્યકિતઓ કે સંસ્થા ભરપાઈ કરી આપે તો તેનું પરિણામ એ આવે કે મદદ યોગ્ય માણસોને જરૂરી રાહત મળે અને તે નિમિત્તે ખરચાતી એક પણ પાઇનો દુરૂપયોગ ન થાય. આ ખ્યાલ લક્ષ્ય ઉપર રાખીને શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ રેશન રાહત લગતી નીચે મુજબની યોજના હાથ ધરવાનો નિર્ણય કર્યો છે અને એક પખવાડીઆની અંદર આ યોજનાનો અમલ શરૂ કરવામાં આવનાર છે. પ્રસ્તુત યોજનાને લગતા ઠરાવનો અગત્યનો ભાગ નીચે મુજબ છે.

“જે જે ખાદ્ય પદાર્થો સરકારી રેશનની વ્યવસ્થા નીચે આજે આપવામાં આવે છે તે તે પદાર્થોની ખરીદમાં આજની અસાધારણ મોંઘવારીને લીધે તંગી અનુભવતા લોકોને રાહત આપવા માટેની નીચેની યોજના મંજુર કરવામાં આવે છે.

(૧) આજનું કોઇ પણ રાહત કાર્ય સાર્વજનિક ધોરણ ઉપર રચાય એ ખરેખર આવકારદાયક છે એમ છતાં પણ સંઘની કાર્યશક્તિની પરિમિતતા ધ્યાનમાં લઇને હાલ તુરત સંઘે જૈન સમાજ પુરતું પ્રસ્તુત યોજનાનું ક્ષેત્ર મર્યાદિત રાખવું.

(૨) આ યોજના નીચે રાહત મેળવનારને ઓછામાં ઓછા પચ્ચીસ ટકા રાહત આપવી.

(૩) હાલ તુરત ઘોઘારી સમાજ તરફથી જે દુકાન ચાલે છે તે મારફત કાર્ડ ધરાવનાર વધારેમાં વધારે સો કુટુંબોને ચા[ર] માસ સુધી ઉપર જણાવ્યા મુજબ રાહત આપવાની શરૂઆત કરવી અને તેને લગતી છાપાઓમાં યોગ્ય જાહેરાત આપવી.

(૪) આ યોજના સંબંધે એક મહીનાનો અનુભવ લી[ધા] પછી જરૂર જણાય તો સંઘ તરફથી રેશન રાહત ફંડ [શરૂ] કરવું અને સંઘ જેટલું ફંડ એકઠું કરી શકે તેના પ્રમાણ[માં] સંઘ દ્વારા શરૂ કરાયલા રાહત કાર્યને વિસ્તારવું. આ કાર્ય[માં] ઘોઘારી સમાજનો જે રીતે સહકાર સાધવામાં આવ્યો છે તેવો આવું કાર્ય કરતી અન્ય સંસ્થાઓનો સહકાર સાધવો તેમ આવું રાહત કાર્ય હાથ ધરવા ઇચ્છતી અન્ય સંસ્થાઓને બન[તો] સહકાર આપવો.

(૫) આ યોજનાનો અમલ કરવા માટે એક રાહત સમિ[તિ] ઉભી કરવી અને તે જાહેર કરે તેવા કોઇ પણ ગૃહસ્થની ભલ[ા]મણ લાવનાર કાર્ડ ધરાવનારને ઘોઘારી સમાજની દુકાને અથવા બીજે જ્યાં એવી ગોઠવણ થઇ શકે ત્યાંથી ઓછા[માં] ઓછા પચ્ચીશ ટકા ઓછે રેશન મળે તેવી ગોઠવણ કરવી.

મુંબઇ જૈન યુવક સંઘ આવી કોઈ યોજના સાર્વજ[નિક] ધોરણ ઉપર રચવા ખુબ આતુર છે અને તે માટે કોઇ [પણ] સંસ્થાને સહકાર આપવા કે લેવા તત્પર છે, એમ છતાં પણ સંઘ[ની] આજની શક્તિ મર્યાદિત છે; આવી યોજનાનો કેટલો લાભ લે[વાય] તેનો સંઘના કાર્યકર્તાઓને હજુ અનુભવ નથી; વળી વિપુલ દ્રવ્ય પ્રાપ્તિ સિવાય આવી યોજનાને વિસ્તૃત સ્વરૂપ આપી પણ ન જ શકાય. તેથી હાલ તુરત ઉપરની યોજના જૈન સમાજ પુરતી અને સો કુટુંબોને ચાર માસ સુધી ઓછામાં ઓ[છા] પચ્ચીસ ટકાની રેશન રાહત આપવા પુરતી મર્યાદિત રાખી પણ આ યોજનાનો સારો લાભ લેવાય છે એવો અનુભવ થ[શે તો] એ યોજનાનું ક્ષેત્ર અને તેટલું વિસ્તારવાની દિશાએ સંઘ શકય તેટલા પ્રયત્ન કરી છુટશે.

આવી નજીવી મદદ આપવાને લગતી આ યોજનાને આવડી મોટી જાહેરાત આપવાનું પ્રયોજન તો એ છે કે આ ધોરણે અને

આ દિશાએ આજે અનેક સંસ્થાઓ તેમજ વ્યકિતઓ અનેક ોકોને બહુ જ સહેલાઇથી રેશન રાહત આપી શકે છે અને ાતાની ઇચ્છા મુજબ પોતાના દ્રવ્યનો સદુપયોગ કરી શકે છે. ાજે કોઇપણ સ્થિતિસંપન્ન માણસ જ્યાંથી પોતાનું અનાજ ાતો હોય તે અનાજની દુકાનવાળાને કહી શકે છે કે મારે ત્યાં આવતા ચાર ગરીબ માણસને મારે ત્યાં મોકલજો ા તો મને તેમનાં નામ જણાવજો અને તે ચાર કાર્ડ વનારને પચ્ચીસ કે પચ્ચાસ ટકા ઓછે અનાજ આપજો ને એ રીતે બાકી રહેતી રકમ મારે ત્યાંથી મંગાવી જો.' એક એક કોમના માણસો પોતપોતાના જ્ઞાતિબંધુઓને રીતે સહેલાઇથી રાહત પહોંચાડી શકે છે. આજે ઉત્તરોત્તર ાક શહેરોમાં અનાજની માપબંધી દાખલ થઇ રહી છે. ત્યાંના કો પણ આ રીતે ગરીબ લોકોને બહુ જ સહેલાઇથી જરૂરી હત આપી શકશે.

આ યોજનાનો વિચાર કરતાં બે શંકાઓ ખુલાસાની પેક્ષા ધરાવે છે. એક શંકા તો એ છે કે ધારો કે એક બને મહિના દિવસે વીશ રૂપીઆનું અનાજ જોઇએ છીએ. તેમાં મે તેને પાંચ સાત રૂપીઆની રાહત આપો તે આજની આટલી ધી મોંઘવારીમાં શી વીસાતમાં? આ શંકા યોગ્ય નથી. એક ા સાઠ, સીતેર કે એંશીના પગારવાળાને આ રાહત ઓછી ાવકારદાયક નથી બનવાની. તમે જે પાંચ કે દશ રૂપીઆની રાહત આપશો તેને લીધે તેનાં બાળબચ્ચાંને અડધો શેર વધારે પીવા મળશે; હલકું અનાજ છોડી જરા સારૂં ધાન્ય શે; બીજી મોંઘી ચીજો ખરીદવામાં તેને સગવડ થશે.

બીજી શંકા એ ઉઠે કે આવી મદદ પાત્રને જ જશે એની ખાત્રી? પહેલાં તો કોઇ ભાઇ કે બહેન તમારી પાસે અના- ો રાહત માંગવા આવે તેજ સાધારણ રીતે પુરતું ાવું જોઇએ. બીજું આજની સખ્ત મોંઘવારીમાં કોઇ વ્યકિત મહીને દહાડે સો કે દોઢસો કમાતો હોય તો ે પાંચ સાત માણસના પોતાના કુટુંબને નીભાવવા માટે એ ાક આજે એટલી ટુંકી થઇ પડી છે કે તેવી વ્યકિત પણ જણાવેલી રાહતને યોગ્ય છે એમ આપણે સ્વીકારવું એ અને આ બધું ધ્યાનમાં લેતાં છતાં સો કુટુંબને મદદ ાં પાંચ કુટુંબ એવા પણ આવી જાય કે જેમણે આ તનો લાભ લેવો નહોતો જોઇતો એમ કદાચ આપણને લાગે. પણ સમુચ્ચયે ઉપર જણાવેલી યોજના બહુ જ સહેલાઇથી મલમાં મુકી શકાય તેવી છે, જેને રાહતની ખાસ ૂર છે તેને સીધી રીતે રાહત પહોંચાડી શકાય ા છે અને આ રીતે ખરચાતી પાઇએ પાઇ લેખે લાગે તેવી ાં સંભાવના રહેલી છે. આજે સમાજમાં અનેક સંસ્થાઓ ી કોમી સંગઠ્ઠનો છે અને અનેક શ્રીમાન વ્યકિતઓ પોતાના ્યનો આવા કોઇ માર્ગે સદુપયોગ કરવાને આતુરતા સેવી રહ્યા ા તે સર્વને ઉપર જણાવેલી રાહતયોજના ધ્યાનમાં લેવા અને તપોતાના ક્ષેત્રમાં તેમ જ પોતપોતાની શકિત મુજબ તેનો અમલ કરવા મારી નમ્ર પ્રાર્થના છે.

**પરમાનંદ**

---

**કેટલાક સમાચાર અને નોંધ** (પૃષ્ટ ૬૯ થી ચાલુ)

ેરા પણ શિથિલતા ન દાખવે, હાલતુરત સ્થગિત કરેલા અનાજના જથ્થાઓ મુકત કરીને મરતાંને પહેલાં જીવાડે અને આ દાવાનળનું પ્રશમન કરવાની દિશાએ ભારતવર્ષની પ્રજા પણ ચોતરફથી દ્રવ્યનો વરસાદ વરસાવે!

**સરકારી આંકડાઓ**

આજે અનુભવવામાં આવતી અનાજની તંગી પરત્વે કેટલાક લોકો એમ આક્ષેપ કરે છે કે સરકારે દેશમાંથી મોટા પ્રમાણમાં અનાજની નિકાસ થવા દીધી અને સંરક્ષક સૈન્યની જરૂરિયાતો માટે સરકારે મોટા પ્રમાણમાં દેશનું અનાજ સ્થગિત કરી નાંખ્યું. એના જવાબમાં સરકાર એક નિવેદન દ્વારા જણાવે છે કે ૧૯૩૭-૩૮ માં નવલાખ ટન અનાજની આ દેશમાંથી નિકાસ કરવામાં આવતી હતી, જ્યારે ૧૯૪૨-૪૩ માં ૩૭૦૦૦૦ ટનની નિકાસ કરવામાં આવી છે અને ૧૯૪૩ ના જાન્યુઆરી માસથી જુલાઇ સુધીમાં ૧૮૪૨૭૪ ટનની નિકાસ કરવામાં આવી છે. આજ ગાળામાં બંગાળામાંથી ૭૦૦૦ ટનની નીકાસ કરવામાં આવી છે જ્યારે ૭૦૦૦૦ ટન, અનાજની આયાત કરવામાં આવી છે. ૧૯૪૩ ના જુલાઇ માસથી હિંદુસ્થાનમાંથી લગભગ અનાજની બધી નિકાસ બંધ કરવામાં આવી છે.

સરકારી યાદી વિશેષમાં એમ જણાવે છે કે હિંદુસ્તાનના સૈન્યની જરૂરિયાત ૫૦૦૦૦૦ ટન ઘઉંની છે અને ૧૪૪૦૦૦ ચોખાની છે. ૫૦૦૦૦૦ ટન ઘઉં એટલે પંજાબના ઘઉંના સરેરાશ પાકનો આઠમો ભાગ અને ૧૪૪૦૦૦ ટન ચોખા એટલે બંગાળાના ચોખાના સરેરાશ પાકનો $\frac{1}{60}$ મો ભાગ.

આંકડાઓ ભારે ભ્રામક વસ્તુ છે. જો ઉપર જણાવ્યા મુજબ અનાજની નિકાસ હોય અને લશ્કરની જરૂરિયાત પણ પ્રમાણમાં આટલી નજીવી હોય તો દેશમાં આજે અનાજની આટલી બધી તંગી કેમ પડી ગઇ છે? અને ચોતરફ સરકારની આટલી મોટી ખરીદ, જ્યાં ત્યાં અનાજના સ્ટોકનું સ્થગિતકરણ અને અનાજના ભાવોનું નિયંત્રણ કરવા માટે જાતજાતના કાયદાઓ શા માટે? બંગાળામાં આ ભુખમરો કેમ? મદ્રાસ અને મુંબઇને ચોખા મેળવવામાં આટલી બધી મુશ્કેલી કેમ? સંભવ છે કે એમરી સાહેબ કહે છે કે હિંદુસ્થાનના લોકો ખૂબ ખાઉધરા થઇ ગયા હોય એ જ વાત આખરે સાચી હોય!

**મહાસતી યુ. કે. સી. સી.**

થોડા સમય પહેલાં સરકારે બહાર પાડયું હતું કે યુ. કે. સી. સી. એ હિંદુસ્થાનમાંથી કાપડની બીલકુલ નિકાસ કરી નથી અને કરતી નથી. તાજેતરમાં સરકાર જણાવે છે કે યુ. કે. સી. સી. ની બધી પ્રવૃત્તિઓથી સરકાર વાકેફગાર છે અને સત્તાવાર રીતે જણાવે છે કે છેલ્લા બાર મહીનામાં તે કોરપોરેશન તરફથી કોઇ પણ પ્રકારના અનાજની નિકાસ કરવામાં આવી નથી. આ યુ. કે. સી. સી. કાપડ નિકાસ કરતી નથી! અનાજ નિકાસ કરતી નથી! તો લોકોની આંખમાં કણાની માફક ખુંચતી અને ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની નવી આવૃત્તિ સમી આ યુ. કે. સી. સી. આ દેશમાં કરે છે શું? અને કશું જ ન કરતી હોય તો તેને અહિંથી વિદાય આપવામાં શા માટે નથી આવતી? કામ વિના પડી રહેલી અને લોકોને ખુબ ખુંચતી યુ. કે. સી. સી. અને તેનાં બાળબચ્ચાંઓને આ દેશમાંથી જલ્દીથી રૂખસદ આપશે તો હિન્દુસ્થાનની પ્રજા બહુ ઉપકૃત થશે. પણ વે દિન કહાં સે?

**સર છોટુરામની કથા**

જ્યારે પંજાબની સરકાર નફાખોરી કરી રહી છે એવો ચોતરફથી આક્ષેપ કરવામાં આવે છે ત્યારે પંજાબના વસુલાતી ખાતાના પ્રધાન સર છોટુરામ આખા હિંદુસ્થાનની ખાતર પંજાબની પ્રજા કેટલો ભોગ આપી રહી છે અને કેટલો ઘસારો ખમી રહી છે તેની જ એક લાંબી કથા રજુ કરે છે અને અન્ય પ્રાન્તો ઉપર આક્ષેપ કર્યા સિવાય પોતાનો પક્ષ પુરો મજબુત

ન બને એ લક્ષ્યમાં રાખીને જણાવે છે કે સીંધ પણ પોતે 'ડેવલપમેન્ટ ફંડ' ઉભું કરે છે એ બહાના હેઠળ પોતાને મળતો ઘઉં મુંબઈ સરકારને ઉંચા ભાવે વેચે છે અને જે પંજાબનો ઘઉં કલકત્તાને ૧૨॥ રૂપીએ મણ પડે છે તે કલકત્તા ૨૦ રૂપીએ મણ વેચે છે અને તે પણ આ રીતે લોકોના જ ભલા માટે એક 'સ્ટેબીલીઝેશન ફંડ' ઉભું કરે છે એમ દાવો કરે છે. સીંધ ઉપરનો આક્ષેપ તો સીંધની સરકારે નફ્ટ રીતે પોતાની એક યાદીમાં કબુલ કર્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે અમને અમુક અનાજ નીચા ભાવે પડતું હોય પણ બીજે વેચાણનો ઉંચો દર ચાલતો હોય તો તેનો લાભ કેમ ન ઉઠાવીએ? અને આખરે કમાણીનો ઉપયોગ તો લોકોના ભલા માટે જ કરવાનો છે ને? બંગાળાની સરકાર વિષે ઉપર જણાવેલી હકીકત ભારે દુઃખ ઉપજાવે તેવી છે. એ હકીકત સત્ય હોય તો આપણે આજે કેવી હીન મનોદશાએ પહોંચ્યા છીએ તેનો આ શરમજનક પુરાવો છે. મુંબઈની સરકાર ઉપર આવો આક્ષેપ કરવામાં આવે છે. જો વાડ ચીભડાંને ગળવા માંડે તો વાડી ખેદાનમેદાન થઈ જાય. જ્યાં રાજા અને પ્રજા વચ્ચે તાદાત્મ્ય હોય ત્યાં આવું સ્વપ્ને પણ સંભવે ખરૂં?

## આગમોપાસનાએ સભ્યતા પણ ન શિખવી?

થોડા સમય પહેલાં આગમોધ્ધારક શ્રી. સાગરાનંદસૂરીની સત્યનિષ્ટાની આપણે આલોચના કરી હતી. તે જ અરસામાં તિથિચર્ચાના પંચને લગતી હકીકતો રજુ કરતું એક નિવેદન શેઠ કસ્તુરભાઇ લાલભાઇ તરફથી બહાર પડેલું. તેના પ્રત્યુત્તર રૂપે તે પંચ અથવા તો લવાદીના ચુકાદાને અપ્રમાણિક અથવા તો અમાન્ય જાહેર કરતું બીજું નિવેદન શ્રી. સાગરાનંદસૂરી તરફથી હમણાં બહાર પડયું છે. તે નિવેદનની ભાષા અને ભાવ જોઇને આપણને આશ્ચર્ય થાય કે વર્ષો સુધી જૈન આગમોનું પરિશીલન કરનાર આચાર્યનું જ શું એ લખેલું હશે? એ ઉપરાંત તે નિવેદનમાં શેઠ કસ્તુરભાઇ વિષે જ્યાં ત્યાં 'શેઠ' શબ્દથી જ અને ડો. પી. એલ. વૈદ્ય વિષે જ્યાં ત્યાં 'વૈદ્ય' શબ્દથી જ ઉલ્લેખ થયેલો જોઇને પણ આપણને પ્રશ્ન થાય કે જીવન-ભરની આગમોપાસનાએ તેમને શિષ્ટસ્વીકૃત સભ્યતા પણ નહિ શિખવી હોય? તે નિવેદનમાં છેવટે તેઓ જણાવે છે કે "......જો એમ હોય તો તે લખાણ સ્વતંત્ર વૈદ્યનું નહિ, પરંતુ નવીન પંથના હસ્તક્ષેપવાળું જ ગણાય અને તેથી તે લખાણની વિપરીતતા રામવૈદ્ય કે નવા પંથના નામે જાહેર થાય તો પણ અયોગ્ય નહિ ગણાય." આ શું પંચમહાવ્રતધારી, મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ ધારણ કરનાર જૈન સાધુના ઉદ્દગારો છે કે કોઇ ક્ષુદ્ર માનવીની વાણી છે?

## તિથિચર્ચાનો ચુકાદો

આગળના અંકોમાં ચર્ચેલ તિથિપ્રશ્નનો નિર્ણય આપવાનું કાર્ય શેઠ કસ્તુરભાઈ લાલભાઇ મારફત ડો. પી. એલ. વૈદ્યને સોંપવામાં આવેલ. તે ચુકાદો સત્તાવાર રીતે શેઠ કસ્તુરભાઇ તરફથી બહાર પાડવામાં આવ્યો નથી. પણ તા. ૨૭-૮-૪૩ ના 'જૈન' પત્રમાં તે ચુકાદાના ઉપયોગી ઉતારાઓ આપવામાં આવ્યા છે અને તે ચુકાદામાં જાહેર કરવામાં આવેલો નિર્ણય પ્રસ્તુત પ્રશ્ન સંબંધે શ્રી. વિજયરામચંદ્રસૂરીના મતનું સમર્થન કરે છે. આ ચુકાદાથી કોઈ તકરાર કે ઝગડાનો અન્ત આવે છે એમ માનવાને કે કલ્પવાને જરા પણ કારણ છે જ નહિ. એક મોટો વિગ્રહ ચાલતો હોય ત્યારે એક પક્ષ કોઇ એક કીલ્લો સર કરે, તેથી તે વિગ્રહનો એકાએક અંત આવવાનો જ નથી. લાંબા વિગ્રહમાં બંને પક્ષની નાની મોટી હારજીતની પરંપરા ચાલ્યા જ કરે છે. આવી રીતે સમાજમાં જેણે પ્રતિષ્ટા પ્રાપ્ત કરી છે તેવા આગેવાન આચાર્યો એક યા બીજા પ્રશ્ન ઉપર સદા લડતા જ આવ્યા છે. કોઇને સત્ય નથી જોઇતું, શાન્તિ અને સમાધાની નથી જોઇતી, પોતાના મતનું બને તેટલું વ્યાપક સમર્થન અને પ્રતિપક્ષીના અભિપ્રાયનું બને તેટલું ખંડન એ જ આવા દરેક આચાર્યને અભિપ્રેત હોય છે. ચાલતા ઝઘડાઓમાં આવા ચુકાદાઓ માત્ર સીમાચિહ્નો જેવા હોય છે. બહુ બહુ તો ચાલુ ઝગડાનો એક અંક પુરો થાય છે અને બીજા અંકની શરૂઆત થાય છે. આચાર્યો અને મહન્તોના ઝગડાઓમાં કદાચ અપૂર્ણ વિરામ આવે, અર્ધવિરામ આવે, પણ પૂર્ણવિરામ સંભવતું જ નથી. રાષ્ટ્ર રાષ્ટ્રના વિગ્રહમાં અને આચાર્યોના વિગ્રહમાં આજ એક મોટો ફરક છે. આન્તરરાષ્ટ્રીય વિગ્રહનો કોઇ એક કાળે અન્ત આવે છે અને પછી દીર્ઘકાલીન સુલેહ શાન્તિ પથરાય છે. આચાર્યોના વિગ્રહનો અને સંપ્રદાયોના કલહનો કદિ છેડો આવતો જ નથી. ઉપરના ચુકાદાના પરિણામે શ્રી. વિજયરામચંદ્ર સુરિ બે દિવસે ફુલાશે અને સત્યનો જય થયો એમ પોતાના ઉપાસકો પાસે બડાઇ મારશે, પણ પોતાનો મત જેઓ સ્વીકારતા નથી તેમની પાસે તેઓ સ્વીકારાવે નહિ ત્યાં સુધી તેમને ઓછો જ જંપ વળવાનો છે? અને શ્રી. સાગરાનંદ સુરિએ તો પોતાની હાર જાહેર થયા પહેલાં જ નવા મોરચા માંડી દીધા છે! વસ્તુસ્થિતિ આવી હોવાથી શેઠ કસ્તુર-ભાઇએ જો પ્રસ્તુત ચુકાદો છપાવ્યો ન હોય તો તે છપાવવાની તકલીફમાં ઉતરવાની જરૂર નથી. ખાલી પૈસાનું પાણી થશે, ફળ કશું આવશે નહિ અને રાગદ્વેષની નવનવી આવૃત્તિઓ સરજાયા જ કરશે. જેના આગ્રગણ્ય આચાર્યો આવા તે સમાજનું ભાવી કેવું સમજવું?

## શોચનીય અને શરમજનક.

અમદાવાદની જૈન યુવક સંઘે ઉપરના મથાળા નીચે પર્યુષણના પહેલા દિવસે નીચે મુજબ પત્રિકા બહાર પાડી હતી.

"અમને જાહેર કરતાં ખેદ થાય છે કે આટઆટલી મોંઘવારી, ચીજોની તંગી અને ભૂખમરો છતાં આજથી શરૂ થતાં પર્વાધિરાજ પર્યુષણ-પર્વના દિવસોમાં જૈન સમાજની કેટલીક વ્યકિતઓ શહેરમાં તેમજ સોસાયટીઓમાં સંમુદાયિક જમણ-પ્રતિબંધને કારણે પચીસ પચીસના ટુકડે જમણ કરવાની પેરવીમાં પડી છે. કાઠીયાવાડમાં ઉપલેટામાં અને મારવાડમાં અતિવૃષ્ટિએ કરેલી કારમી હોનારત હજા વિસરાઇ નથી; અનાજના અભાવે બંગાળાની પરિસ્થિતિના હૃદયદ્રાવક સમાચારો દરરોજ છાપાંમાં વાંચીએ છીએ, શહેરમાં ખાંડની તંગી માટે કેટલી હાડમારી વેઠવી પડે છે. તેનાથી કોઇ અજાણ્યું નથી; આવા સંયોગોમાં જૈન સમાજના કેટલાક રૂઢિચુસ્ત ગૃહસ્થો દેશકાળને જરાયે નહિ ઓળખનારા સાધુઓથી દોરવાઈ, સ્વામીવાત્સલ્યને નામે પોતાની મોટાઇ અને પોતાનો આડંબર બતાવવાની ધમાલ કરી રહ્યા છે એ જૈન સમાજ માટે શોચનીય છે. આથી જૈન સમાજના એકેએક યુવક યુવતીને અમે આગ્રહભરી વિનંતી કરીએ છીએ કે જે જે લત્તામાં કે સોસાયટીમાં આવા જમણ ગોઠવાઇ રહ્યાં હોય ત્યાં ત્યાં સખત વિરોધ કરે એટલુંજ નહિ પણ સત્તાવાળાઓનું ધ્યાન પણ આ તરફ ખેંચે અથવા અમદાવાદ જૈન યુવક સંઘને ખબર પહોંચાડે. જે સમાજમાં સાધુઓ શ્રાવક-સમુદાયને દેશની કટોકટીભરી પરિસ્થિતિમાં યોગ્ય રસ્તે ન દોરતાં આડરસ્તે દોરવવાનો યત્ન કરી રહ્યા છે, તેમને અમે શું કહીએ? તેમની સમક્ષ ધુરંધર આચાર્યો-કાલકાચાર્ય, સ્થુલિભદ્ર, સિદ્ધસેન, દિવાકર, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય અને આનંદઘનનાં નામો અમે ધરીએ છીએ."

સાધુતા અને સહૃદયતા એ જાણે કે એક મેકથી અળગી વસ્તુઓ હોય એવું ઉપર જણાવેલી હકીકત આપણને ભાન કરાવે છે. પાલીતાણાના બૃહત્ ધાર્મિક સભારંભોની આ એક નાની આવૃત્તિ છે. આવી પ્રવૃત્તિઓનો સૌ કોઇએ અવશ્ય સખ્ત વિરોધ કરવો જ જોઇએ.

**પરમાનંદ.**

# મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ મનોયોગ.

માનવ દેહમાં રાજાનું પદ 'મન'ને મળેલું છે અને બધા ધર્મોમાં 'મન'ને સુકર્મ–દુષ્કર્મના કારણરૂપ કહેલું છે. જનતા સ્થૂળ કાર્યો ઉપર દ્રષ્ટિપાત કરીને જ રાચે છે કે ખિન્ન થાય છે, પરન્તુ એ કાર્યો કરનારી ઇંદ્રિયોનું સૂત્રસંચાલન કરનાર મનના સંબંધમાં ભાગ્યે જ વિચાર કરે છે. સ્થૂળ કાર્યોના પ્રકાર ઉપરથી તે તેની પાછળ રહેલા મનનું જે મૂલ્ય આંકે છે, તે મનનું તેથી વિપરીત પ્રકારનું મૂલ્ય આંકવાનો જ્યારે પ્રસંગ આવી પડે છે, ત્યારે જનતા જરૂર ચકિત થાય છે અને એ વિલક્ષણતાનો ભેદ ઉકેલવાની અશક્તિને કારણે કાં તો પ્રભુની 'અઘટિત ઘટના પટીયસી' કરી, કિંવા 'કર્મના ખેલ' માની, આગળ વિચાર કરતી બંધ થાય છે.

જૈન ધર્મમાં મન, વચન અને કાયા એ ત્રણ યોગ કહ્યા છે. અને કરવું, કરાવવું અને અનુમોદવું, એ ત્રણ કરણ કહ્યા યોગ અને કરણના સંમીલનથી નવ પ્રકારે કર્મબંધ થાય છે. મનુષ્યની કર્મઇંદ્રિયો અને જ્ઞાનઇંદ્રિયો દ્વારા દેહનો બધો વ્યાપાર ચાલે છે, પરંતુ એ વ્યાપાર ચલાવનારૂં મન છે; અર્થાત્ મનના અધિકારની બહાર ઇંદ્રિયો કશો વ્યાપાર કરી શકતી નથી; એટલે કર્મબંધન કરનાર મુખ્ય તો મન જ છે. મન ઇંદ્રિયોને આજ્ઞા કરે છે અને એ આજ્ઞાને અનુસરીને મુખ વાણીનો વ્યાપાર કરે છે તથા હાથ–પગાદિ અવયવો સ્વસ્વ વિષયાનુસારી પ્રવૃત્તિ કરે છે. છતાં ઘણીવાર મનુષ્ય અણમાનતે મને કાર્ય કરે છે; તે વખતે અણમાનતું મન કયું અને ઇંદ્રિયોને વ્યાપાર કરવા માટે પ્રવૃત્ત થવાની આજ્ઞા કરનારૂં મન કયું ? આ સમજવા માટે મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આપણે મનોયોગને જોઇશું.

કર્મબંધન કરનાર અને કર્મનિવારણ કરનાર માત્ર મન છે અને તેથી જ મનને ઇંદ્રિયોથી પર માનવામાં આવે છે. બંધ–મોક્ષના કારણરૂપ એવા મનને સંયમયુક્ત કરવા તથા સંસ્કારી બનાવવા માટે ધર્મશાસ્ત્રોમાં અનેક પ્રકારના વિધિનિષેધ આપ્યા છે, ક્રિયાઓ સૂચવી છે અને ભયો દર્શાવીને કર્મબંધથી દૂર રહેવા માટે ઉપદેશ આપવામાં આવ્યો છે. પરન્તુ અનેક મનુષ્યોના સંબંધમાં ધર્મક્રિયાઓ કેવળ જડસ્વરૂપી જોવામાં આવે છે અને એવી ક્રિયાઓ મનોભોગને સુસંસ્કારી બનાવવામાં ઉપયોગી થતી નથી. ઇંદ્રિયવ્યાપાર જેવી ક્રિયાઓ અને મનોયોગનો સંબંધ જોડવાને જેઓ યત્નશીલ બનતા નથી તેઓ જીવનના અંતસુધી એકસરખી જડ ક્રિયાઓ કર્યા કરે છે, પરંતુ મન તો ઠેરનું ઠેર રહે છે.

આપણા સ્થૂળ દેહનું કારખાનું પ્રત્યક્ષ રીતે તો જ્ઞાનેંદ્રિયો અને કર્મેન્દ્રિયોદ્વારા ચાલતું હોય એવું આપણને લાગે છે. ઇંદ્રિયોનો વ્યાપાર ચાલે છે, એટલે આપણને સમજાય છે કે કારખાનું બંધ પડ્યું નથી. વસ્તુતઃ ઇંદ્રિયોનું નિયમન મનના તાબામાં હોય છે અને મનની આજ્ઞાથી જ ઇંદ્રિયો વ્યાપાર કરે છે, એટલે મન એ કારખાનામાં શક્તિ પ્રેરનાર એન્જીનરૂપ છે. એ મન જ ઇંદ્રિયોદ્વારા સુકર્મ–કુકર્મ કરે છે, એ મનજ સંકલ્પ વિકલ્પ કરે છે અને એ મન જ બંધ તથા મોક્ષનો હેતુ છે. પ્રાકૃત ભાષામાં મનને ઘણીવાર માંકડા જેવું ચંચળ કહેવામાં આવે છે; પરંતુ આ મન કાંઇ દેહનો રાજા નથી; માત્ર પ્રધાન છે; અને રાજા તો આંતર મન છે. આ રાજારૂપ આંતર મનની અપેક્ષાએ પ્રધાનરૂપ મન બહિર્મનને નામે ઓળખાય છે.

ઇંદ્રિયોરૂપી પ્રજા અને આંતર્મન રૂપી રાજાની વચ્ચે આ બહિર્મન એ પ્રધાનરૂપ છે. ઇંદ્રિયોદ્વારા એ મન એક વસ્તુ જુએ છે, સાંભળે છે, પિછાણે છે. પછી એ મન આંતરમનરૂપી રાજા પાસે વસ્તુનું સ્વરૂપ નિવેદન કરે છે. રાજા પ્રધાને નિવેદિત કરેલા વસ્તુસ્વરૂપનો ન્યાય તોળે છે, સારૂં શું અને ખરાબ શું તે વિચારે છે અને જે કાંઇ સારૂં હોય તે કરાવવા પ્રધાનને આજ્ઞા કરે છે. પ્રધાન ઇંદ્રિયો દ્વારા તે કાર્ય કરાવી લે છે. આ આંતર્મન સદસદ્‌વિવેકબુધ્ધિ છે. તેને ઘણીવાર ચિદ્‌વૃત્તિ, conscience અથવા બુધ્ધિના નામે પણ ઓળખવામાં આવે છે. આ રીતે રાજા આંતર્મન, પ્રધાન બહિર્મન અને પ્રજા ઇંદ્રિયો છે. પરંતુ રાજા ગમે તેવો પવિત્ર હોવા છતાં જો તે જાગૃત હોતો નથી તો પ્રધાન રાજાને કશું પૂછ્યા વિના કાર્ય કરાવી લે એવો સંભવ હોય છે. તેટલા માટે ઇંદ્રિયો દ્વારા થતું કાર્ય વિશુદ્ધ હોવા માટે એ જરૂરનું છે કે આંતર્મન અર્થાત્ વિવેકબુદ્ધિ જાગૃત હોવી જોઇએ અને તેના અભિપ્રાય મુજબ જ બહિર્મન દ્વારા ઇંદ્રિયો પાસે વ્યાપાર કરાવવો જોઇએ. બીજી રીતે જોતાં રાજાની ઇચ્છા થવા છતાં પ્રધાનની ઇચ્છા નહિ હોવાથી તે ઇંદ્રિયો પાસે રાજાની ઇચ્છા મુજબ નહિ, પણ અન્યથા કાર્ય કરાવે છે. આવે વખતે અણમાનતું મન તે આંતર્મન છે. તે રાજા હોવા છતાં પ્રધાન જ કારોબારી અમલદાર હોવાથી રાજાને લાચાર બનવું પડે છે. રાજારૂપી આંતર્મન ફરમાવે કે આ ભિખારી સુપાત્ર છે માટે તેને દાન દેવું આવશ્યક છે. પરંતુ બહિર્મનરૂપી પ્રધાનમાં કરૂણાવૃત્તિ જ નથી, કિંવા દાન દેવા માટે ફાજલ સીલક નહિ હોવાનો પ્રધાનનો અભિપ્રાય હોય છે; કિંવા રાજા તો સુપાત્ર નિર્ણય કરવાનો પોતાનો અભિપ્રાય આપીને ચૂપ બની જાય છે; એટલે પછી પ્રધાન ભિખારીને દાન આપવાનું કાર્ય ઇન્દ્રિયો પાસે કરાવતો જ નથી. આ પ્રમાણે બહિર્મન સર્વોપરિ અવસ્થા ભોગવીને પોતાની જ અનુકુળતાએ વર્તે છે. આ કારણથી બહિર્મનના વ્યાપાર ઉપર આંતર્મનનો અંકુશ સ્થાપવાને આંતર્મનરૂપી રાજાએ સદા જાગૃત રહેવું જોઇએ છે.

મનોવિજ્ઞાનવેત્તાઓએ વિધવિધ શોધો અને વિચારણાને અંતે નિશ્ચિત કર્યું છે કે મનુષ્ય જ્યાં સુધી જાગૃત અવસ્થામાં હોય છે, ત્યાં સુધી તેનું બહિર્મન જાગૃત હોય છે અને ઇંદ્રિયો જે કાંઈ વ્યાપાર કરે છે તે આ બહિર્મનની આજ્ઞાને અનુસરીને જ કરે છે; પરન્તુ મનુષ્યની જાગૃત અવસ્થા પૂરી થઇ કે તુરત બહિર્મનનો વ્યાપાર બંધ પડે છે; અથવા તો બહિર્મનનો વ્યાપાર બંધ પડયા પહેલાં નિદ્રાવસ્થા આવતી નથી. પરંતુ આંતરમનનો વ્યાપાર તો મનુષ્યની જાગૃત કે નિદ્રિત અવસ્થામાં અપ્રતિહત રીતે ચાલુ જ હોય છે. મનુષ્ય ઉંઘી જાય છે છતાં તેનું હૃદય ચાલ્યા કરે છે, રૂધિરાભિસરણ થાય છે, અન્ન પચે છે, શ્વાસોશ્વાસ ચાલે છે એ બધી ક્રિયાઓ સહેતુકપણે થતી હોવી જોઇએ–એ જ્યારે મનોવિજ્ઞાનના પંડિતોને સમજાયું, ત્યારે તેઓએ આંતર્મનનું અસ્તિત્વ સ્પષ્ટ રીતે માન્યું. દેહના સહેતુક વ્યાપાર માટે પણ આંતર્મનની આવશ્યકતા હોવાથી તેને કદિ વિશ્રાંતિ મળતી નથી. કોઇ સદૈવ જાગૃત દેવતાના જેવી આ આંતર્મનની સ્થિતિ છે અને આપણે તેને વ્યવહારમાં ઘણીવાર 'મનોદેવતા'ને નામે ઓળખીએ છીએ.

આંતર્મન ઉપર બનાવ કે વસ્તુની જે છાપ પડે છે તે કદાપિ ભુંસાતી નથી. બહિર્મન અનેક વસ્તુઓ ભૂલી જશે, પરંતુ આંતર્મનની અનેક સ્મૃતિ તો અભેદ્ય છે પરન્તુ જ્યાં સુધી પ્રધાન રાજાની સમીપે વસ્તુસ્થિતિ રજુ કરીને કોઇ બાબતની સલાહ લેતો નથી, તેનો ન્યાયરૂપી અભિપ્રાય પૂછતો નથી, ત્યાં સુધી રાજા કશો ન્યાય આપતો નથી અને પ્રધાનને કશી સલાહ મળતી નથી. આંતર્મન વિશેષ શક્તિમાન છે, પરન્તુ તેની શકિત બહિર્મનની દ્વારાજ કાર્યકારી થતી હોવાથી અને આંતર્મન સીધી રીતે કાર્યકારી થઇ શકતું નહિ હોવાથી આંતર્મન અને બહિર્મનનો સંબધ જોડવાને મનુષ્યે મથન કરવું જોઇએ. બહિર્મનમાં અનેક વિકારો અને વાસનાઓ જડાયેલાં હોય છે, તે કારણથી તે ઘણીવાર આંતર્મનના ઉદ્‌ગારની દરકાર કરતુ

નથી અને પોતાના વિકાર તથા વાસનાથી દોરાઇને ઇંદ્રિયો દ્વારા વ્યાપાર કર્યેજ જાય છે. આ સ્થિતિ અટકાવવાને બહિર્મન તત્પર બને તેટલા માટે તેનામાં વિકાર કે વાસનાનું પ્રબળપણું ન હોવું જોઇએ અને જે આંતર્મન સદૈવ જાગૃત હોવા છતાં દેહની સુષુપ્તિના કાળમાં જાગૃત થયેલું હોય છે તેને દેહની જાગૃત અવસ્થામાં પણ જાગૃત રાખવું જોઇએ. ઘડીભર બહિર્મનને સંયમ વડે સુષુપ્ત કરો, એટલે આંતર્મન જે સદૈવ જાગૃત જ છે તે આગળ આવશે અને પોતાનો ઉદ્‌ગાર પ્રકટ કરશે. આ ધ્યાન અથવા ચિંતન અથવા માનસિક સમતાની અવસ્થા છે. પુનઃ પુનઃ આંતર્મનના ઉદ્‌ગારોની છાપ બહિર્મન ઉપર પાડતા રહેવાથી બહિર્મનમાંની વાસના કિંવા વિકાર દૂર થવા લાગશે અને ધીમે ધીમે બહિર્મન આંતર્મનની સલાહ પૂછયા વિના કોઇ પણ કાર્ય નહિ કરે એવી ઉચ્ચ સ્થિતિમાં આવશે. અંગ્રેજ તત્ત્વવેતાઓ જેને Conscience અને Mind કહે છે અને વેદાંતીઓ વ્યવસાયાત્મિકા બુદ્ધિ તથા વ્યાકરણાત્યકમ્ કહે તે જ આંતર્મન અને બહિર્મન છે. તે બેઉની દ્વારા ઇંદ્રિયોનો જે વ્યાપાર ચાલે છે તે એકલા બહિમનના વ્યાપાર કરતાં વિશેષ શુધ્ધ હોય છે.

આ બેઉ મનના વ્યાપારનું એક ઉદાહરણ લઇએ. મનુષ્યની આંખ એક ભિખારીને જુએ છે. તેનાં મેલાં વસ્ત્ર, ક્ષીણ શરીર અને મંદ ઉદ્‌ગાર ઉપરથી મન નિશ્ચય કરે છે કે તે સાચો ભિખારી જ છે. બહિર્મનમાં જો દયાવૃત્તિ હશે તો તે હાથને આજ્ઞા કરશે અને હાથ ગજવામાં પેસી એક રૂપિયો કાઢી ભિખારીને આપશે. જો બહિર્મનમાં દયા નહિ હોય તો તે ભિખારીને જોવા છતાં તેને કશું દાન આપવાનો નિશ્ચય નહિ કરે અને ઇંદ્રિયોને દાન દેવામાં પ્રવૃત્ત નહિ કરે. જો બહિર્મનમાં લોભ કે દ્વેષનો વિકાર હશે તો તે ભિખારીને ગાળો દેશે અને લાકડી લઇને હાંકી કાઢવા દોડશે. એ વખતે બહિર્મન આંતર્મનની સલાહ લેતું હોતું નથી. જો આંતર્મનને સદા જાગૃત બનાવીને અને બહિર્મનને સંયમમાં રાખીને તેની ઉપર આંતર્મનનો પ્રભાવ પાડવાનો યત્ન સેવ્યો હોય તો તે વખતે આંતર્મન—સદ્દસદ્ વિવેકબુદ્ધિ—ભિખારીના બાહ્ય વેશથી દાન આપવાને લલચાઇ જશે નહિ; તેમજ બહિમનના લોભ કે દ્વેષથી દોરવાઇ જશે નહિ. તે સમયે તે સદ્ અને અસદ્‌નો નિર્ણય પોતાના જ્ઞાન તથા સ્મૃતિને આધારે કરશે. જો તેને એ ભિખારીની અવસ્થા, ઉદ્‌ગાર કિંવા ક્ષીણતા ઉપરથી લાગશે કે તે ખરેખર સુપાત્ર ભિખારી છે તો તે બહિર્મનને સલાહ આપશે કે એ ભિખારીને એક રૂપિયો અપાવ. જો તેને એમ લાગશે કે રોકડો રૂપિયો આપવાથી તેનો દુરૂપયોગ થવાનો સંભવ છે તો બહિર્મનને તે સલાહ આપશે કે તેને એક રૂપિયાનું અનાજ અપાવ. પરંતુ જો આંતર્મનને એમ લાગશે કે બહિર્મનમાં દયાવૃત્તિ છે, પરંતુ એ ભિખારી કુપાત્ર છે, તે દાનનો ઉપયોગ વ્યસનમાં કે દુષ્કાર્યમાં કરશે, તો તે બહિર્મનને સલાહ આપશે કે દયાવૃત્તિનો ઉપયોગ કરવો યુક્ત નથી અને એ ભિખારીને દાન અપાવું જોઇતું નથી. આવી સલાહ વિકારવશ બહિર્મન માને કિંવા ન માને, પરંતુ આંતર્મનનો ધર્મ તો પોતાની શક્તિના પ્રમાણમાં વિશુદ્ધ ન્યાય તોળીને ઉદ્‌ગાર કાઢવાનો છે અને તે ધર્મ તે જરૂર બનાવે છે. **मनसस्तु परा बुद्धिः** એવું ગીતામાં બુદ્ધિલક્ષણ કહેલું છે તે આ આંતર્મનનું છે. તાત્પર્ય એ છે કે જે મનુષ્ય બહિર્મનનો વ્યાપાર બુધ્ધિપૂર્વક કરે છે અને એ બુદ્ધિપૂર્વક ઇંદ્રિયોનો વ્યાપાર કરે છે તેની પ્રવૃત્તિ, ક્રિયા, આદિ વિશુદ્ધ નીવડે છે.

પરંતુ આ આંતર્મન અથવા સદસદ્‌વિવેકબુદ્ધિ પણ સંપૂર્ણ કિંવા કેવળ વિશુદ્ધ નથી હોતી. એક જ કાર્ય ઉપર બે વિચારકોની સદસદ્ વિવેકબુદ્ધિ જુદો જુદો ન્યાય તોળે છે એવું ઘણીવાર માલુમ પડે છે. એમાંથી કોણ વાસનાયુક્ત બહિર્મનની ઇચ્છા મુજબ વર્તતું હશે અને કોણ આંતર્મનના ઉદ્‌ગારને અનુસરી વર્તતું હશે, એ કહેવું મુશ્કેલ છે; પરંતુ જ્યારે બેઉની કાર્યદિશા પરસ્પરથી વિરૂધ્ધ હોય ત્યારે એટલું અવશ્ય માની શકાય કે બેમાંથી એકનું આંતર્મન વિશુધ્ધ નથી. આ ઉપરથી સમજી શકાય છે કે આંતર્મનને પણ વિશુધ્ધ કર્યા વિના મનુષ્ય સર્વથા સત્કર્મમાં પ્રવૃત્ત થઇ શકતો નથી. આ વિશુધ્ધિને અર્થે જ સદ્‌જ્ઞાન જોઇએ. આંતર્મનને અનેકાંત વૃત્તિથી અને ધ્યાન—ધારણાદિ દ્વારા સમતાથી પોષવું જોઇએ. સદ્‌જ્ઞાન વિના આત્મા—પરમાત્માનું સ્વરૂપ સમજાતું નથી. આ પ્રકારની વિશુધ્ધિ વડે આત્મનિષ્ઠ બુધ્ધિ અથવા અંતરાત્મા જાગૃત થાય છે અને બહિર્મનના અનેક પ્રકારના વિકારો શમી જવાથી તે મનુષ્યનું મન તથા ઇંદ્રિયો સર્વથા સુષ્ઠુ પ્રવૃત્તિ જ કરે છે. તે વખતે આંતર્મન અન્યાય કરતું નથી, બહિર્મન આંતર્મનના અવાજની વિરૂદ્ધ ઇંદ્રિયોને આજ્ઞા કરી શકતું નથી અને ઇંદ્રિયોનો વ્યાપાર પણ પરિણામે વિશુધ્ધઃબને છે. આ બધાં સોપાન સિધ્ધ કરવાને સંયમ સેવવો જોઇએ. અસંયમપુર્વક ઇંદ્રિયો દ્વારા થયેલી બાહ્ય સુષ્ઠુ પ્રવૃત્તિ ગમે તેવી હોય તો પણ તેથી શુભ કર્મ ઉપાર્જિત થતું નથી; તેથી આત્માની કમાણી વધતી નથી. રસ્તે જતાં ધૂળમાં કાંઇ ચળકતો પદાર્થ દ્રષ્ટિએ પડે એટલે બહિર્મન હાથને આજ્ઞા કરીને ઉપડાવી લે છે અને તે હીરો માલુમ પડતાં બહિર્મન આંતર્મનની સલાહ લે છે. આંતર મન સલાહ આપે છે કે જે વસ્તુ તારી નથી તે તારાથી રાખી શકાય નહિ, માટે યત્ન કરીને તેના માલીકને શોધી કાઢ અથવા રાજાને જઇને કહે એટલે તે દાંડી પીટાવી તેના માલીકને શોધી કાઢશે અને તે હીરો તેને આપી દેશે. એ વખતે વિકારો અને વાસનાથી પ્રેરાયલું બહિર્મન આંતર્મન રૂપી ન્યાયાધીશ પાસે વિધવિધ દલીલો કરે છે કે, એવી રીતે હીરાનો માલીક નહિ જડી આવે તો રાજા પોતે હીરો રાખી લેશે, તેને બદલે હું જ હીરો રાખી લઉં તો શું ખોટું છે? કારણ કે તે મને જડયો છે એટલે મારા ભાગ્યમાંજ લખાયલો હશે? આંતર્મન કહેશે કે પરાઇ વસ્તુ વિનાપરિશ્રમે પોતાની કરી લેવી તે વાજબી નથી. આવી રીતે અનેક પ્રકારના પ્રશ્નોત્તરને અંતે આંતર્મન બલિષ્ટ હોય તો તેની સલાહમુજબ બહિર્મનને હીરો રાજાને આપવો પડે છે, પરન્તુ જો આંતર્મન જાગૃત ન હોય તો બહિર્મન તેના ઉદ્‌ગારની પરવા કરતું નથી અને હીરો પોતાની પાસે જ રાખી લે છે. પરંતુ જો આંતર્મન જાગૃત હોવાની સાથે સદ્‌જ્ઞાનયુક્ત, વૈરાગ્યયુક્ત અને તત્ત્વસ્વરૂપને પિછાણનારૂં હોય છે તો તેનો અંતરાત્મા તેને કાંઇક જુદું જ કહેશે. તે કહેશે કે આ અનિત્ય—જગતમાં એ હીરો એક માટીના કણથી કાંઇ વિશેષ નથી. તે તારે ન જોઇએ અને અન્યનું પણ આત્મ—કલ્યાણ એ મૃત્તિકા કણથી થવાનું નથી તો તેને ફેંકી દે! આત્માની સાચી કમાણી મનુષ્યની એ પ્રકારની આત્મનિષ્ટામાં રહેલી છે. મનોવિજ્ઞાનની દ્દષ્ટિએ મનોયોગનું આ પૃથક્કરણ કરવાનો હેતે એ છે કે મનનો સંયમ કેળવવાની આવશ્યકતા આજે જડ ક્રિયામાં રચી પચી રહેલા સમજે અને ક્રિયાઓનું કેંદ્ર કેવળ દેહને કે ઇંદ્રિયોને નહિ પણ મનને—બહિર્મનને બનાવેઃ તથા ઉત્તરોત્તર અંતરાત્માને જાગૃત કરવા સુધીના સોપાને ચડવાના અભિલાષપૂર્વક શ્રમસેવન કરે.*

**ચુનીલાલ વર્ધમાન શાહ**

* કેટલાંક વર્ષ પહેલાં અમદાવાદની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયલા એક વ્યાખ્યાનની નોંધ.

### બંગાળ રાહત ફંડ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બંગાળામાં ચાલી રહેલ ભુખમરાને રાહત પહોંચાડવાનું ફંડ ખોલવામાં આવ્યું છે. જે કોઇ ભાઇ કે બ્હેનને આ નિમિત્તે પોતાનો ફાળો આપવા ઇચ્છા હોય તેમણે સંઘના કાર્યાલય ઉપર ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩ એ ઠેકાણે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

મંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ.

(૯)



# દેશવિરતિનો ધર્મ

(કપડવંજ ખાતે થોડાસમય ઉપર મળેલ દેશવિરતિ ધર્મારાધક સમાજના સાતમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી શ્રી. સુરચંદભાઈ બદામીએ આપેલ વ્યાખ્યાનનો ઉપયોગી ભાગ નીચે આપવામાં આવે છે. શ્રી. સુરચંદભાઇ જૈન સમાજની એક અગ્રગણ્ય, વિદ્વાન અને અનુભવી વ્યકિત છે. જૈન પરિભાષાથી અજ્ઞ વાંચકો 'દેશ વિરતિ' શબ્દને કદાચ નહિ સમજી શકે. વિરતિ એટલે ઇન્દ્રિયના ભોગોપભોગથી વિરમવું. સર્વવિરતિ એટલે સંપૂર્ણ વિરામ અથવા તો શકયતમ સંયમ જે જૈન દિક્ષિત સાધુને જ શકય છે. દેશવિરતિ એટલે અંશતઃ વિરતિ જે ગૃહસ્થ માટે વિહિત છે. પરમાનંદ)

આપ સર્વને સારી રીતે વિદિત હશે કે આ મનુષ્યજન્મ પ્રાપ્ત કરવો અત્યંત દુર્લભ છે. આપણા જૈન શાસનમાં એ દુર્લભતા દર્શાવવા માટે દશ દૃષ્ટાંતો આપેલા છે. મનુષ્યજન્મ દેવોને પણ દુર્લભ છે. આ અપૂર્વ લાભ કઇ રીતે મળી શકે? પુદ્‍ગલાનંદી મટી જઇને આત્માનંદી થઇ, અનાદિકાળથી લાગેલી કર્મસંતતિને દુર કરી, સંવર અને નિર્જરાદ્વારા સકળ કર્મનો ક્ષય કરી આત્માનું ખરૂં સ્વરૂપ પ્રગટ કરવું એ જ મનુષ્ય જન્મ પામ્યા પછી જ બની શકે તેમ છે. આ કર્તવ્ય પાર પાડવા માટે મુખ્ય બે રસ્તા બતાવવામાં આવ્યા છે. (૧) સર્વવિરતિનો અને (૨) દેશવિરતિનો. સર્વવિરતિનો માર્ગ સીધો અને ટુંકો છે પરંતુ અત્યંત કઠણ છે, અને દેશવરતિનો માર્ગ લાંબો છે પણ તે માર્ગમાં થઇને સર્વવિરતિના માર્ગમાં જવાનું શકય અને સહેલું બને છે. જે ભાગ્યશાળીઓનું આત્મબળ વિશેષ હોય તેઓ સર્વવિરતિનો માર્ગ અંગીકાર કરે છે, પણ આપણે ઓછા ભાગ્યશાળી એટલે આપણે મનુષ્ય જન્મનું સાધ્ય સાધવા માટે દેશવિરતિના માર્ગે જવાનું રહ્યું: આપના ખ્યાલમાં આવ્યું હશે કે આપણો આ દેશવિરતિ સમાજ કેવળ આત્મોન્નતિ કરવા માટે જ યોજાયેલો છે અને એ હેતુ આપણે ધ્યાનમાં ન રાખીએ અને અવળે માર્ગે જઇએ તો આપણે જરૂર ફસામણમાં જ આવી જઇએ. આપણી આત્મોન્નતિના કાર્યોમાંથી ફસાવા માટે મોહરાજા પોતાનું લશ્કર હંમેશ તૈયાર જ રાખે છે. અને આપણે જરા પણ ચુકયા તો આપણે જરૂર ફસાવાના અને ઉન્નતિના માર્ગને બદલે અધોગતિના માર્ગે જવાના. દેશવિરતિનો માર્ગ બે વસ્તુ તૈયાર હોય તો થઇ શકે છે. એક તો સમ્યકત્વ હોવું જોઇએ અને બીજી દેશથી એટલે કંઇક અંશે પણ વિરતિ હોવી જોઇએ. આ બે હોય તો દેશવિરતિ આવી શકે. એમાંની પહેલી વસ્તુ સમ્યકત્વ જણાવી. એ વસ્તુને શ્રાવકોના બાર વ્રતરૂપી વૃક્ષનું મૂળ જણાવેલું છે. જો એ મૂળ હોય જ નહિ અથવા સડેલું યા બગડેલું હોય તો વ્રતરૂપી વૃક્ષ જીવતું રહી જ શકે નહિ માટે આપણે માટે ખાસ જરૂરનું છે કે આપણા દેશવિરતિરૂપ વૃક્ષનું પાલન કરવા માટે તેનું મૂળ સમ્યકત્વ છે તેને બહુ સંભાળપૂર્વક રાખવું અને તે મજબુત બને તેમ કરવું.

આપણા સમાજ ઉપર જેમ જેમ સંસ્કારો સારા પડતા જાય તેમ તેમ તેઓને ધર્મમાર્ગમાં જોડવાની રૂચી વધે. એ સારા સંસ્કારો પાડવા માટે ધાર્મિક જ્ઞાનની તેમજ ધર્મશ્રવણની ખાસ જરૂર છે અને ધાર્મિક શ્રવણ ને ધાર્મિક જ્ઞાન માટે કેળવણીની જરૂર છે. આ કેળવણીમાં વ્યવહારિક ને ધાર્મિક બંને પ્રકારની કેળવણીનો સમાવેશ થાય છે અને વ્યવહારિક કેળવણીમાં પણ શારીરિક તેમજ માનસિક એ બંનેનો સમાવેશ થાય. આપણે દેશવિરતિની આરાધના કરવાવાળાઓએ ખૂબ લક્ષમાં રાખવુ જોઇએ છે કે આપણે ગૃહસ્થ છીએ, અને આપણો ગૃહસ્થ તરીકેનો મોભો ત્યારે જ સચવાઈ રહે અને આપણે બીજાઓ ઉપર ત્યારે જ પ્રભાવ પાડી શકીએ કે જયારે તન, મન અને ધનની સ્થિતિ સારી ને સુપ્રમાણ હોય. આમ હોવાથી આપણા માટે વ્યવહારિક કેળવણીની જરૂરિયાત તરી આવે છે. પણ તે કેળવણીની અસર આપણને પુદ્‍ગલાનંદીપણા તરફ ઘસડી લઇ જવાની સામાન્ય રીતે હોય છે. તેથી તેમ થતું અટકે તેટલા માટે અને આત્મોન્નતિનો માર્ગ પણ આપણે સમજી શકીએ તેટલા માટે વ્યવહારિક કેળવણીની સાથે સાથે પ્રથમ પંકિતની ધાર્મિક કેળવણીની પણ જરૂરિયાત રહે છે. આમ હોવાથી આપણે માટે જરૂરનું છે કે આપણા બાળકોને વ્યવહારૂ કેળવણી સારી રીતે મળી શકે અને તેઓ પોતાનું તન અને મન સારી રીતે ખીલવી શકે અને તેના પરિણામે ધનપ્રાપ્તિ પણ સારી રીતે કરી શકે એવી શાળાઓ, કોલેજો, બોડીંગહાઉસો, વિદ્યાર્થીઆશ્રમો વિગેરે સંસ્થાઓમાં આપણા બાલકોને કેળવવા ગોઠવણ કરવી, અને તેની સાથે તેનામાં વ્યવહારૂ કેળવણીની માઠી અસર ન થાય તેટલા માટે ધાર્મિક આચાર ને વિચારનું તેને શિક્ષણ મળે અને તેઓ વિચાર, વાણી અને વર્તનમાં સુશ્રાવકને યોગ્ય ગુણોવાળા થાય એવું સહશિક્ષણ મળે એની તજવીજ કરવી.

આપણા ધાર્મિક પુસ્તકોનો અને તેના ભાષાંતરોનો જેમ પ્રચાર આપણા વિદ્યાર્થીઓમાં અને બીજા ભાઇબહેનોમાં થાય તેમ કરવાની ખાસ જરૂર છે. તેમ કરવામાં કયા પુસ્તકો વિશેષ ઉપયોગી થઇ પડે તેવા છે તેની ખાસ તપાસ કરી તેવા પુસ્તકો ભાષાંતરો સાથે પ્રગટ કરાવવા અને તે ઘણી જ જુજ કીંમતમાં વાંચકો અને અભ્યાસીઓને મળી શકે તે બાબતની પણ સવડ રાખવી જોઇએ. હાલમાં અંગ્રેજી ભાષાનો શોખ ઘણાને હોય છે અને તે ભાષામાં લખાયેલાં પુસ્તકો વાંચવા તરફ ઘણા ભણેલાઓ આકર્ષાય છે. આપણે પણ આ પ્રકારની માનસિક વૃત્તિનો લાભ લઇ આપણા પવિત્ર ધર્મનું તત્વજ્ઞાન, કથાનકો વિગેરેનું ઉત્તમ સાહિત્ય અંગ્રેજી ભાષામાં લખાવી પ્રગટ કરી, અંગ્રેજી ભાષાના જાણકાર આપણા સ્વધર્મીઓ અને બીજાઓને પુરા પાડીએ અને તેઓ તેને વાંચે તો તેથી પણ સારો લાભ મળે.

આપણા ભાઇઓના દુઃખે દુઃખી ને તેના સુખે સુખી થવાની આપણી લાગણી હોય અને તે લાગણીને વશ થઇ આપણે તેઓને માટે જે જે યોજનાઓ કરીએ તે તમામની અસર તેઓના ધર્મબંધુ અને ધર્મ ઉપરની પ્રીતિ કરવામાં જ થાય અને તેથી તેમના ધાર્મિક સંસ્કારો પણ મજબુત થાય. આપણે ઘણી વખત જોઇએ છીએ કે વિદેશી મીશનરીઓ મોટા મોટા ખર્ચો કરી ખ્રીસ્તી ધર્મ તરફ સદ્‍ભાવ વધે એ મુદ્દાથી અનેક સ્થળે સ્કુલો, કોલેજો, ઔષધાલયો, હોસ્પીટલો, પુસ્તકાલયો વિગેરે સંસ્થાઓ ખોલે છે અને તેથી લોકોનો તેઓ તરફ સદ્‍ભાવ પણ સારો થાય છે. હુ તો માનું છું કે આપણે પણ આવાં આવાં ખાતાંઓ ખોલીએ અને તેનો લાભ આપણા ધર્મબંધુઓ લે તો જરૂર તેમનો સદ્‍ભાવ આવાં ખાતાં ખોલનાર પોતાના બંધુઓ ઉપર વધે.

આ પ્રસંગે મારે કેટલીક ચેતવણી આપવાની પણ જરૂર જણાય છે. આપણાં જે જે ખાતાંઓ નીકળે છે તેમાં આપણે સખી દિલથી વહીવટ કરવાને બદલે વણિક્‍ વૃત્તિથી વહીવટ ચલાવવા તરફ લોભાઇએ છીએ, અને તેનું પરિણામ એ આવે છે કે તે ખાતાંઓ જાહેરમાં પ્રથમ પંકિતથી ચાલતાં ખાતાં ગણવામાં

આવતાં નથી અને તેનો લાભ લેવા માટે બહુ આકર્ષણ થતું નથી. તેવા જ પ્રકારનાં બીજા ખાતાઓ હોય અને ત્યાં ખર્ચ વધારે લાગતો હોય છતાં તેનો લાભ લેવા લોકો દોરાય છે. દા. ત. સરકારી સ્કુલોમાં શિક્ષકોને પગાર મળતો હોય તેના કરતાં ઓછે પગારે કે સરખે પ્રકારે ખાનગી સ્કુલમાં શિક્ષક રોકવામાં આવે તો સરખામણીમાં સરકારી સ્કુલને શિક્ષક તેમજ વિદ્યાર્થી પસંદ કરે, પણ એથી ઉલટું ખાનગી સ્કુલમાં વણિક વૃત્તિ ન રાખતાં ઉદાર દિલથી ખર્ચ કરાય અને શિક્ષકોને સારો પગાર અપાય તો શિક્ષકો વધારે સારાને લાગણીવાળા મેળવી શકાય અને વિદ્યાર્થીઓ પણ તેના તરફ આકર્ષાય.

એક બીજી વાત પણ આપને જણાવવાનું ઠીક લાગે છે, અને તે આપણા ધાર્મિક ખાતાઓ જેવા કે દેરાસરો, ઉપાશ્રયો વિગેરેને લગતા વહીવટ સંબંધમાં છે. આપણા શાસ્ત્રોમાં દેવદ્રવ્યનો ઉપયોગ કરવાથી કેવા કેવા અનર્થો થાય છે તે બહુ સારી રીતે જણાવેલું છે અને તેથી કેટલાકો સાવચેત રહેવાને માટે ઘણી ઇચ્છા રાખે છે ને કોશિષ પણ કરે છે. પણ તેવી ઇચ્છા અને કોશિષ છતાં પણ સરળતાપૂર્વક તે કાર્ય થઇ શકતું નથી. દેરાસરોના વહીવટો ઘણી જગ્યાએ એકહથ્થુ ને વંશપરંપરાના હોય છે. એની પાછળ બીજા કોઈની દેખરેખ હોતી નથી. કાં તો શરમની ખાતર કોઇ બોલી શકતું નથી. કાં તો બોલે તો પોતે વહીવટ કરવા માટે તૈયાર થવું જોઇએ, પણ તેમ કરવાની તેને ફુરસદ કે સવડ ન હોય તેથી મુંગા રહેવું પડે. હાલમાં કાયદા પણ નવા નવા થતા જાય છે; તેથી પણ વહીવટ કરવા માટે લોકો આકર્ષાતા નથી. આવાં આવાં કારણોને લઇને મને એમ લાગે છે કે વ્યકિતગત વહીવટને બદલે સામુદાયિક વહીવટ સમાજ તરફથી નીમાયેલી સંસ્થા મારફત થાય તો તે ઘણા પ્રકારે અનુકુળ થઈ પડે. તેમાં એક નહિ પણ અનેક દેરાસરો, ઉપાશ્રયો અને બીજા ધાર્મિક ખાતાઓ જોડી શકાય, ખર્ચ વહેંચાતો આવે અને વ્યવસ્થા સારી થઇ શકે. આ બાબતમાં પારસી પંચાયત ફંડ તરફથી તે કોમના ધાર્મિક ખાતાઓનો જે વહીવટ થાય છે તે એક દૃષ્ટાંતરૂપે અનુકરણ કરવા માટે યોગ્ય છે.

ત્રીજી ખાસ અગત્યની વાત કહેવાની તે આપણા બાળકોની ને યુવકોની શારીરિક કેળવણી સંબંધી છે. તે કેળવણી કેટલી બધી ઉપયોગી છે તે જાણવા તરફ આપણે જાણે આપણી આંખ મીંચી રાખતા હોઇએ તેવું વર્તન છે. શારીરિક કેળવણીના અભાવે આપણે ઘણા પ્રકારની માઠી અસર ભોગવી રહેલા છીએ. આપણા જાનમાલનું, આપણી ધાર્મિક માલ મીલ્કતોનું, આપણી ધાર્મિક સંસ્થાઓનું રક્ષણ કરવા માટે આપણે બીલકુલ નાલાયક થઇ ગયા છીએ. તેને માટે આપણે બીજાઓને ભાડુતી લાવવા પડે છે. સ્વતંત્રપણે જગતમાં જીવવું હોય, ધર્મનું અભિમાન રાખીને જીવને જોખમે પણ દેવગુરૂ અને સાધર્મીઓનું રક્ષણ કરવા માટે હિંમત અને તાકાત ઉત્પન્ન કરવી હોય તો આપણે શારીરિક કેળવણી પ્રત્યે પુરતું લક્ષ આપવું જ જોઇએ. શરીર સંપત્તિ સારી નહિ હોય તો ગમે તેટલું ભણ્યા હોઇએ તો પણ તે ભણતરનો લાભ લેવા આપણે ભાગ્યશાળી નહિ થઇએ, આપણે સારી શરીર સંપત્તિવાળા થઇએ તેટલા માટે આપણા બાળકો અને યુવાનોને વ્યાયામશાળામાં પદ્ધતિસર શારીરિક કેળવણી મળે તેવી ગોઠવણ કરવાની ખાસ આવશ્યકતા છે. આ વીસમી સદીમાં ને ખાસ કરીને હાલના મહાયુધ્ધના પ્રસંગે ઉપસ્થિત થયેલી સ્થિતિઓમાં શારીરિક કેળવણીની જરૂરીયાત બાબતમાં લંબાણથી કહેવાની જરૂર ન હોય. એ જરૂરીયાત ઉઘાડી આંખે ચાલનાર દરેક મનુષ્યને સહેજે જણાઇ આવે તેવી છે અને એને માટે વિશેષ પ્રયાસ કરવામાં આવે એ ખાસ જરૂરી છે.

ધાર્મિક કેળવણીની જરૂરિયાત તો સ્વીકારાયેલી જ છે અને તેટલા માટે તો આ દેશવિરતિ ધર્મારાધક સમાજ અસ્તિત્વમાં આવેલ છે. એ કેળવણી થોડા સામાયિક અને પ્રતિક્રમણના સૂત્રો અને પ્રકરણ ગ્રંથો શીખવાથી જ મળી શકતી નથી. એ કેળવણી માટે તો ઘણું ઘણું કરવાનું હોય છે. હા, સામાયિક અને પ્રતિક્રમણના સૂત્રો મુખપાઠ કરવાની ખાસ આવશ્યકતા છે. કેટલાક કહે છે કે અર્થ સમજ્યા વગર એ મુખપાઠ કરાવવા નિરર્થક છે. હું તે વિચાર સાથે મળતો થઈ શકતો નથી. મુખપાઠનું કાર્ય લઘુત્વમાં થઇ શકે છે અને તે સ્મરણમાં પણ સારૂં રહે છે. "ગરજ ગાંઠે, ને વિદ્યા પાઠે" એ કહેવત બરાબર અનુભવસિદ્ધ છે; પણ તે મુજબનું મુખપાઠ જ્ઞાન આપ્યા પછી તેની સમજુતી થાય એવું જ્ઞાન આપવાની પણ જરૂર છે. સૂત્રોના શબ્દોની અસર, મંત્રોના શબ્દો જેવી ચમત્કારિક છે. પણ જ્યારે તેનો અર્થ પણ સમજવામાં આવે ત્યારે તેથી મનોભાવના પણ નિર્મળ થઇ આત્મોન્નતિનો માર્ગ સહેલો થાય છે. સાથે સાથે ખાસ ક્રિયા અનુષ્ટાનો કરાવવા માટેની તાલીમ આપવી જરૂરની છે. એમ થવાથી આચાર, વિચાર ને વર્તન આખી જિંદગી સારૂં રહે છે. જ્ઞાન હોય પણ તેને અમલમાં મૂકવા ક્રિયા કરવાની જરૂર હોઇ તે તે તરફ ભાવ ન હોય તો મેળવેલું જ્ઞાન નિષ્ફળ છે.

ઉપર મેં જે કથન આપના સમક્ષ કર્યું છે તે હું પુરૂં કરૂં તે પહેલાં મારે આપને કેટલીક પરચુરણ બાબતો સવિનય કહેવાની જરૂર જ છે. (૧) આપણા કાર્યોમાં આપણે ઘણે ભાગે બહારના ઠાઠમાઠ ને દેખાવ કરવામાં ટેવાઇ ગયા છીએ. આપણી માન્યતા એવી થઈ ગયેલી છે કે ઠાઠમાઠ ને દેખાવ ન હોય તો તે કાર્યની કિંમત નહિ, પણ મારી માન્યતા તો જુદા પ્રકારની છે. જ્યાં સુધી અંતરમાં ધગશ ને શ્રધ્ધા ન હોય ત્યાં સુધી આપણે કાર્ય કરીએ તોપણ તેની કીંમત ઘણી જ ઓછી. બહારના દેખાવ ને ઠાઠમાઠથી ઘડી લોકો વાહ વાહ કહે પણ પરિણામે તો તે હવા હવા જેવું છે. (૨) આપણે ઘણે ભાગે જુના ચીલામાં ચાલ્યા કરવાનું પસંદ કરીએ છીએ ને તે માટે પૈસાનો વ્યય કરીએ છીએ, પણ મારૂં માનવું તો એવું છે કે આપણે જમાનાને ઓળખીને કયા માર્ગમાં ખર્ચ કરવો સમાજના હિતમાં વિશેષ પ્રકારે છે તે બાબતમાં પાકો વિચાર કરી જે માર્ગમાં વિશેષ હિત થઇ શકતું હોય તે માર્ગમાં ખર્ચ કરવો જોઇએ, જો પૈસાની છુટ સારી હોય ને ધનસંપન્ન સમાજનો મોટો ભાગ હોય તો ભલે પૈસા વધારે હિતકારી ને ઓછા હિતકારી બંને માર્ગે ખર્ચાય. પણ જો પૈસાની છુટ ન હોય ને ખર્ચ કરવામાં હાથ સંકોચાતો હોય તો વધારે હિતકારી માર્ગમાં જ પૈસા ખરચવા જોઇએ અને તેથી ઓછો હિતકારી માર્ગ બંધ થાય ને વધારે હિતકાર માર્ગમાં ખર્ચાય પણ નહિ એવું તો ન જ થવું જોઇએ. એ તો કનિષ્ટ વિચાર કહેવાય. (૩) કષાય પરિણતિ આપણામાં ન થાય અને હોય તે દબાઇ જાય, તેમજ આપણાથી જે ભિન્ન વિચાર ધરાવતા હોય તેમને કષાય પરિણતિ ન થાય એવી જાતનું આપણું વર્તન હોવું જોઇએ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૦

મુંબઇઃ ૧૫ સપ્ટેમ્બર ૧૯૪૩ બુધવાર.

લવાજમ
રૂપિયા ૨

## રાજકારણી અનશન

(શ્રી કેદારનાથજી જેઓ પરિચિત વર્ગમાં 'નાથજી' તરીકે વધારે જાણીતા છે તેમણે એક મિત્ર ઉપરના પત્રમાં રાજકારણના કોઇ મુદ્દા ઉપર કરવામાં આવતા મુદ્દતી કે દેહાન્ત અનશનની યોગ્યાયોગ્યતાને લગતા આજે ચર્ચાઇ રહેલા પ્રશ્ન ઉપર પોતાના વિચારો રજુ કર્યા છે તે તેમની અનુમતિથી નીચે પ્રગટ કરવામાં આવે છે. શ્રીનાથજી અનેકના આજે માર્ગદર્શક ગુરૂ જેવા છે. આ મહત્વના પ્રશ્ન ઉપર તેમના વિચારો અનેકને ચિન્તન-પ્રેરક નિવડશે એવી આશા છે.—તંત્રી)

ઉપવાસ વિષેના મારા વિચારો તમે થોડાયે જાણતા હશો એમ માનું છું. ઉપવાસ પર મારો સંપૂર્ણ વિશ્વાસ નથી. સમય, પરિસ્થિતિ અને વ્યકિતના સંબંધાનુરૂપ તેનો ઉપયોગ કે પરિણામ થાય છે. તેથી ઇચ્છેલો યશ મળવા માટે કાંઇક વિવક્ષિત પરિસ્થિતિ હોવી જોઇએ એમ મને લાગે છે.

ઉપવાસ જેવું એકાદું અસામાન્ય કર્મ જ્યારે આપણે કરવા તૈયાર થઇએ ત્યારે તેમાં તેટલો જ અસામાન્ય હેતુ પણ હોવો જોઇએ. તે હેતુમાં પણ બે પ્રકાર હોઇ શકે. (૧) તે કર્મથી પોતા પર થનારૂં કોઇ વિવક્ષિત શુભ પરિણામ. દાખલા તરીકે—મનોબળ, પાવિત્ર્ય, શ્રધ્ધા, પ્રેમ, ધૈર્ય વગેરે સદ્દગુણોની પોતામાં થનારી વૃધ્ધિ અને તેથી પોતાને થનારો અંતઃશુધ્ધિનો લાભ. પરંતુ આમાં બાહ્ય પરિણામ તરફ વિશેષ લક્ષ્ય ન હોવાથી એટલે કેવળ પોતાની અંતઃશુદ્ધિ તરફ મુખ્ય લક્ષ્ય હોવાથી આ માર્ગ આત્મસંતોષનો ઠરે છે. (૨) બાહ્ય જગત પર થનારૂં પરિણામ. તેમાં પણ પાછા બે પ્રકાર છે. એક સ્વજન પર થનારૂં પરિણામ અને બીજું પ્રતિપક્ષી પર થનારૂં પરિણામ. જ્યારે સ્વરાજ્ય પ્રાપ્તિના માર્ગમાં ઉપવાસને સાધન તરીકે આપણે સમજીએ છીએ ત્યારે તે દૃષ્ટિએ આપણે તેનો વિચાર કરવો એ જરૂરનું છે. બાહ્ય જગત પર થનારા પરિણામ પરથી જ કર્મની યોગ્યાયોગ્યતાની—ઉચિતાનુચિતતાની–પરીક્ષા આપણે ઠરાવવી જોઇએ. બાહ્ય પરિસ્થિતિમાં કાંઇક વિલક્ષણ ઇષ્ટ પરિણામ લાવવાની શકિત આપણા ઉપવાસમાં છે એવું એકંદર પરિસ્થિતિ જોઇને તેના જ્ઞાનથી કાંઇક નિશ્ચિત અંદાજ હોય તો ઉપવાસ એ વિચારપૂર્વક અને યોગ્ય કર્મ છે એમ સમજાશે.

આપણા જીવનનું જે પ્રમાણમાં મૂલ્ય હશે તેના પ્રમાણમાં જ આપણા ઉપવાસ અગર મૃત્યુનું મૂલ્ય બાહ્ય જગતમાં મનાશે, એ વાત આપણે લક્ષ્યમાં રાખવી જોઇએ. આપણે જે પ્રમાણમાં ઉપયોગી હોઇશુ–આપણું વૈશિષ્ટય જે પ્રમાણમાં જગતના અનુભવમાં આવ્યું હશે. તે પ્રમાણમાં જગત (સ્વકીય અગર પ્રતિપક્ષી) આપણા ઉપવાસની કિંમત ગણશે. જીવનના મહત્વ પરથી મૃત્યુની કિંમત અંકાય છે. માટે ઉપવાસ જેવું કર્મ શરૂ કરતાં આપણા જીવનની કિંમત લક્ષ્યમાં લેવી જોઇએ.

ઉપવાસદ્વારા આપણે કઇ વસ્તુ સિદ્ધ કરવા ઇચ્છીએ છીએ તેની સ્પષ્ટતા આપણામાં હોવી જોઇએ. આપણે સ્વરાજની ઇચ્છા કરીએ છીએ–સ્વાતંત્ર્ય આપણને જોઇએ છીએ તો અન્નનો ત્યાગ કર્યાથી તે માર્ગની આપણી પાત્રતા વધી શકશે ખરી? ઉપવાસ કર્યાથી આપણામાં કાંઇ નવીન દૃષ્ટિ—નવીન યોજના–શક્તિ—આવવાનો સંભવ છે ખરો? પોતાના કે સ્વજનોના જે ગુણોના અભાવથી સ્વરાજ્ય પ્રાપ્તિ થઈ શકતી નથી તે ગુણો આપણામાં કે સ્વજનોમાં–જનતામાં–ઉપવાસથી આવશે ખરા? ઉપવાસથી આપણી વ્યાકુળતા સ્વજનોના ધ્યાનમાં આવે અને તેથી તેમનામાં કાંઈ જાગૃતિ આવે એવો હેતુ છે ખરો? તેવો હેતુ હોય તો આપણામાં આવેલી જાગૃતિનો આપણે શો ઉપયોગ કરીએ છીએ? જાગૃતિ છતાં આપણી પાસે સ્વરાજ પ્રાપ્તિનું સાધન–યોજના કાંઇ છે કે જે સાધન અને યોજના આપણે જનતાને આપી શકીએ? જે સ્વજન આજ કેવળ સ્વાર્થ સાધવામાં અથવા પોતાનું જીવન ચલાવવામાં આયુષ્ય વીતાવે છે તેમનામાં સ્વરાજ્ય પ્રાપ્તિના ગુણો આવી શકશે એવું ઉપવાસમાં સામર્થ્ય છે ખરૂં? તે જ પ્રમાણે પ્રતિપક્ષી લોકોનાં હૃદય આપણા ઉપવાસથી પલટાશે ખરાં? પોતાના સ્વાર્થ અને દુષ્ટતા વિષે પ્રતિપક્ષીને લાજ આવે એવું દિવ્ય સામર્થ્ય ઉપવાસમાં છે ખરૂં? આ રીતે ઉપવાસ કરવાની ઇચ્છા રાખનારે વિચાર કરવો અને એ બધાનો જવાબ મનમાં નિશ્ચિતપણે મેળવવો એ પ્રથમ આવશ્યક છે એમ મને લાગે છે.

ઘણીવાર મનુષ્ય તરફથી ભૂલ થવાનો સંભવ હોય છે. પોતાના મનમાં જોરથી ઉઠનારી ભાવના પ્રમાણે આચરણ કરવાની તીવ્ર મનોવૃત્તિ કોઇ કોઇ વાર મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. આ વૃત્તિને તે રોકી શકતો નથી. તે જોરથી ઉઠનારી વૃત્તિમાં–તે ભાવનામાં–સર્વસિદ્ધિનું સામર્થ્ય ભરેલું છે એમ તેને લાગે છે. આવે વખતે ભાવના અને યોજનામાં કેટલો ફરક છે એ તેના લક્ષ્યમાં આવી શકતું નથી. પોતાની ભાવનાને તે યોજના સમજે છે એ મનુષ્યની ભૂલ છે. યોજનામાં શિક્ષણ, શિસ્ત, વ્યવસ્થિતતા, સંસ્કાર; તાલીમ, સંગઠન વગેરે વસ્તુઓની જરૂર છે. તે સિવાય યોજના કયારેય સિદ્ધ થતી નથી. આ બધી વસ્તુઓ હોય તો જ તેને યોજના કહેવાશે.

ઉપવાસ એ અહિંસક માર્ગમાં છેક છેવટનું શસ્ત્ર છે. એવી ઉપવાસ કરનારની શ્રધ્ધા હોય તો તેણે કેવળ રાજકીય ક્ષેત્ર સિવાય જીવનના બીજા ક્ષેત્રોમાં જ્યાં જ્યાં વિરોધનો પ્રસંગ કોઇ સાથે આવેલો હોય તે વખતે આ શસ્ત્રનો પોતે કેટલો ઉપયોગ કર્યો છે એ તપાસી લેવું જોઇએ. પોતાના કુટુંબમાં પોતાના મિત્રવર્ગ, પડોશી, સંબંધી સ્વકીય કે પરકીય સાથે જ્યારે જ્યારે વિરોધ થયો હોય ત્યારે ત્યારે તેણે અહિંસક

ઉપાયનો આધાર લીધેલો છે ખરો? એમ પોતે જીવનમાં કરતો આવ્યો હોય અને રાજકીય ક્ષેત્રમાં પણ તે જ ઉપાય યોજવા ઇચ્છતો હોય તો કેટલેક અંશે તેમ કરવું સયુક્તિક થઇ પડશે. પણ પોતાના જીવનમાં આવું અહિંસક આચરણ ન હોય અને કેવળ રાજકીય ક્ષેત્રમાં જ તેનો ઉપયોગ કરવો એમ જ્યારે કોઇને લાગે છે ત્યારે એ વખતે તેની અહિંસક વૃત્તિ વિશે શંકા આવવાનું સ્થાન રહે છે. પોતાના નિત્ય સંબંધની વ્યક્તિ સાથે વિરોધનો પ્રસંગ આવતાં આજ પર્યંત જે પ્રકારે ઉપવાસનું પરિણામ અનુભવાયું હશે તે ઉપરથી રાજકીય ક્ષેત્રમાં ઉપવાસના યશાપયશનો અંદાજ કાઢવાનું શકય બનશે. હંમેશના આપણા જીવનમાં આ ઉપાયનો કયારેય ઉપયોગ ન કરતાં કેવળ સ્વરાજ પ્રાપ્તિના માર્ગમાં આનો ઉપયોગ કરવાનું મનમાં લાવીએ છીએ ત્યારે તે વિષેની આપણી શ્રદ્ધા અનુભવાત્મક નથી, પણ તેમાં લાચારી અને અંધશ્રધ્ધાનો જ ભાગ વિશેષપણે છે એમ મને લાગે છે.

ઉપવાસમાં આપણો હેતુ મુખ્યપણે લોકજાગૃતિનો હોય તો લોકોએ જાગૃત થઇને શું કરવું એ વિષે નિશ્ચિત યોજના આપણી પાસે હોવી જોઇએ. તે યોજનાને અમલમાં લાવવા માટે જોઇતું શિક્ષણ સંસ્કાર તાલીમ પહેલેથીજ સમાજને આપેલી હોવી જોઇએ. યુદ્ધ અહિંસક હોય કે હિંસક–તેને જરૂરી એવું ધોરણ, વ્યવસ્થા, શિસ્ત, પદ્ધતિ, યોજના, સંગઠન વગેરેનું જ્ઞાન અને તદનુષંગી અનેક સદ્‌ગુણ સમાજમાં વિકસતા રહે એવી શિક્ષણ–વ્યવસ્થા પહેલેથી ચાલુ હોવી જોઇએ. આવા શિક્ષણથી લોકોમાં લડાઇની સર્વ પ્રકારે લાયકાત આવી હોય તેવે વખતે ઉપવાસથી આવેલી જાગૃતિ કાંઇ કાર્ય કરી શકશે; પરંતુ તેવી સ્થિતિ ન હોય તો એકના કે અનેકના ઉપવાસથી લોકજાગૃતિ થઇ તોયે પૂર્વ શિક્ષણના અને લાયકાતના અભાવે તે જાગૃતિ ધ્યેયની દૃષ્ટિએ જોતાં કાંઇજ કરી શકશે નહિ. ઉપવાસ કરનારો પોતે જાગૃત હોવા છતાં, તેના મનમાં દેશ વિષે વ્યાકુળતા છતાં, નિશ્ચિત અને વ્યવસ્થિત શિક્ષણના અભાવે ઉપવાસ સિવાય જેમ બીજું કાંઇ કરી શકતો નથી તે પ્રમાણે લોકો પણ શિક્ષણ અને લાયકાતના અભાવે કાંઇ કરી શકવાના નહિ.

વ્યવસ્થિત, નિશ્ચિત, ઉપયુક્ત શિક્ષણક્રમ પર મારી શ્રધ્ધા છે; એ શિક્ષણક્રમથી સમાજમાં ક્રિયાશીલતા, વ્યવસ્થિતતા, કર્તૃત્વ, યોજકતા ઇત્યાદિ ગુણોની વૃધ્ધિ થશે અને આપણે બધી બાજુએથી લાયક બની શકીશું. આપણી તેવી તૈયારી ન હોય તો કેવળ જાગૃતિરૂપે લાગનારી સ્થિતિમાં લડાઇ થઇ શકશે નહિ. તે માટે વ્યવસ્થિત શિક્ષણ પામેલા શિસ્તબદ્ધ અને તાલીમબદ્ધ લોકોની જરૂર છે. સંગ્રામ સિવાય સ્વરાજ મળવું શકય નથી એ વાત જો આપણને સિદ્ધાંતરૂપે સમજાઇ હોય તો યોજનાથી મળેલી પાત્રતા સિવાય સંગ્રામ થઇ શકે નહીં એ વાત પણ સ્પષ્ટ અને દૃઢપણે આપણે સમજવી જોઇએ.

અહિંસક યુદ્ધની સંગ્રામ પધ્ધતિ હજુ આપણને પૂરી સુઝી નથી. કાળ અને પ્રસંગ જોઇને તેનો કયાં કેવો ઉપયોગ કરવો તેનું શાસ્ત્ર આપણને હજુ અવગત થયેલું નથી એમ મને લાગે છે. આપણે તે માર્ગે જ જવાનું છે તો બુધ્ધિ ચલાવી આપણે તે વિષયનું શાસ્ત્ર બનાવવું જોઇએ અને લોકોને સક્રિયપણે તે શીખવવું જોઇએ. કેવળ ઉપવાસથી આ વાત બની શકશે એમ લાગતું નથી. તેમાં લાચારીનો અને "આપણી બુદ્ધિ આથી આગળ ચાલતી નથી" એવું કબુલ કરવાનો ભાસ મને થાય છે. તેથી રાજકીય ક્ષેત્રમાં ઉપવાસ એ સદૈવ ઉપાયરૂપ થઇ શકે એમ લાગતું નથી. વ્યવસ્થિત સંગ્રામ માટે જોઇતી યોજનાશક્તિ અને કર્તૃત્વશક્તિ ઉપવાસથી પ્રાપ્ત થઇ શકશે એવી આશા મને લાગતી નથી. આપણને ઉપાયની જરૂર છે; કેવળ ભાવનાવશ થઇ મૃત્યુ માટે તૈયાર થવામાં રાષ્ટ્ર સ્વરાજપ્રાપ્તિ માટે લાયક બની શકતો નથી.

ઉપવાસનો કયારેય ઉપયોગ નથી એમ ન સમજવું. પાત્રતા ભરપૂર છતાં જ્યાં માણસ જડતાથી, સ્વાર્થથી કે વિકારવશ બનીને ખોટે માર્ગે જતો હોય ત્યાં તેને વાળવા માટે તેને જાગૃત કરવા માટે–ઉપવાસ એ અત્યંત પ્રેમલ અને સાત્વિક ઉપાય છે એમાં શંકા નથી. જ્યાં પરસ્પર પ્રેમ હોય ત્યાં જ આ ઉપાય ઉપયોગી અને પરિણામકારક બની શકે.

**નાથજી**

# સંઘ સમાચાર

**રેશન રાહત સમિતિ:** તા. ૨૩–૮–૪૩ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ રેશન રાહતની એક યોજના મંજુર કરી છે જેનો સાર તા. ૧–૯–૪૩ ના પ્રબુદ્ધ જૈનના અગ્રલેખમાં આપવામાં આવ્યો છે. એ યોજનાનો અમલ કરવા માટે અને જરૂર જણાયે તે યોજનાને આગળ વધારવા માટે ફંડ એકઠું કરવાની સત્તા સાથે એક રેશન રાહત સમિતિ નીમવામાં આવી છે જેમનાં નામો રેશન રાહતને લગતી આ અંકમાં પ્રગટ કરેલી જાહેરાતમાં આપવામાં આવ્યા છે. તા. ૧૫–૯–૪૩ થી સંઘનું રેશન રાહતનું કાર્ય શરૂ થાય છે. અને તંગી અનુભવતા જૈન કુટુંબો તેનો પુરો લાભ લઇ શકે છે.

**પર્યુષણ વ્યાખ્યાનમાળા:** તા. ૨૭–૭–૪૩ થી તા. ૩–૯–૪૩ સુધી સંઘે યોજેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડયો હતો. સંઘ તરફથી આ વખતે એ વર્ષના ગાળે પ્રસ્તુત વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. પંડિત સુખલાલજી નાદુરસ્ત તબિયત હોવા છતાં આ વ્યાખ્યાનમાળાના પ્રસંગે આવી પહોંચ્યા હતા અને બધાં વ્યાખ્યાનો તેમના અધ્યક્ષપણા નીચે અપાયાં હતાં. આ વ્યાખ્યાનમાળામાં પંડિત દરબારીલાલજી અનારોગ્યના કારણે આવી શકયા નહોતા અને તેમની ખોટ સૌ કોઇને બહુ સાલી હતી. શ્રી ઇન્દુમતી મહેતા તથા શ્રી રામનારાયણ પાઠક સંઘના નિમંત્રણને માન આપી અમદાવાદથી આવ્યા હતા. તેમનો તેમજ અન્ય વ્યાખ્યાતાઓનો પ્રસ્તુત વ્યાખ્યાનમાળાને સફળ બનાવવા માટે આભાર માનવામાં આવે છે. આગલા વર્ષની સર્વ વ્યાખ્યાનમાળાઓ હીરાબાગમાં ભરવામાં આવતી હતી. આ વર્ષે તે સ્થળ લભ્ય નહોતું તેથી તેનાં નજીકમાં જ આવેલ કચ્છી દશા શ્રીમાળી વણીક જ્ઞાતિની વાડીમાં શરૂઆતના સાત દિવસની વ્યાખ્યાન સભા ભરવામાં આવી હતી. શ્રોતાઓ માટે ખુરશીઓની પુરી સગવડ તેમજ ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ કરવામાં આવી હતી. ઉપર જણાવેલ વાડીના ટ્રસ્ટીઓએ એ જગ્યા કશું પણ ભાડું લીધા સિવાય સંઘને વાપરવા આપી તે માટે સંઘ તેમનો ખુબ ઉપકાર માને છે. છેલ્લા દિવસની સભા ધોબીતળાવ ઉપર આવેલ ફરામજી કાવસજી હોલમાં ભરવામાં આવી હતી. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થતા ખર્ચમાં મેસર્સ વી. એ. બ્રધર્સ રૂા. ૫૦), એક મિત્ર તરફથી રૂા. ૧૦૦) તથા અન્યમિત્ર તરફથી રૂા. ૫૦) ની સહાય મળી છે તે બદલ તે ત્રણે ગૃહસ્થો પ્રત્યે સંઘ પોતાની કૃતજ્ઞતા જાહેર કરે છે.

**બંગાળ રાહત ફંડ:**–પર્યુષણના છેલ્લાં ત્રણ દિવસ દરમિયાન બંગાળ રાહત નિમિત્તે પર્યુષણની વ્યાખ્યાનસભાઓમાં ફાળા માટે માટે માંગણી કરતાં રૂા. ૧.૮૫૭–૪–૦ એકઠા થયા હતા જે રકમ જન્મભૂમિના તંત્રીને સુપ્રત કરવામાં આવી છે. આ ફાળામાં જુદી જુદી રકમો ભરનારાઓની આખી યાદી તા. ૧૦–૯–૪૩ ના જન્મભૂમિમાં આપવામાં આવી છે.

# ખોરાક

આપણે ત્યાં ખોરાક સબંધી થોડોક વિચાર ધાર્મિક દૃષ્ટિએ અને થોડોક વૈદકીય દૃષ્ટિએ થયો છે. સાત્વિક અને તામસી ખોરાકના નિર્ણયની પાછળ ધાર્મિક અને વૈદકીય બન્ને દૃષ્ટિ રહેલી દેખાય છે. માંદગી કે અસ્વસ્થ પ્રકૃતિ વખતે પરહેજી ઉપર આપણું વૈદકશાસ્ત્ર બીજા દેશો કરતાં વધુ ભાર મૂકે આ છે. આ ખોરાક સંબંધીની આપણી વૈદકીય કે શારીરિક દૃષ્ટિ બતાવે છે. "આહાર તેવો ઓડકાર" એટલે "ખોરાક તેવું જીવન" એ કહેવતો ખોરાકની માણસના માનસ ઉપર થતી અસર સુચવે છે.

જૈનોએ તો પોતાના સાતમા વ્રતમાં જીવનમાં થતા દોષોમાં "ખાવું થોડું અને ફેંકી દેવું ઘણું" એવા ખોરાકના દોષને મોટો દોષ ગણાવ્યો છે. આમાં આર્થિક દૃષ્ટિ દેખાય છે. 'અન્ન સમા પ્રાણ' માનવા છતાં પણ શાસ્ત્રીય રીતે ખોરાકના ભિન્ન ભિન્ન તત્ત્વોનું–ઘટ્ટકોનું–પ્રથકકરણ કરી, તે તત્ત્વોની તંદુરસ્તી ઉપર થતી અસર અને તે દ્વારા થતી શારીરિક વિકૃતિ ઉપર આધુનિક યુગમાં પશ્ચિમના નિષ્ણાતોએ જેટલી શોધખોળ કરી છે તેવું અને તેટલું આપણે ત્યાં નથી થયું. આ ન થવાનું ગમે તે કારણ હોય, પણ આજે જ્યાં ખોરાકની હિંદ જેવા દેશમાં તંગી છે, જ્યાં પેટપૂરતું પણ બધાને મળતું નથી, જ્યાં શક્તિદાતા ઘી, દૂધના વીરડા સુકાઈ ગયા છે અને પરિણામે પ્રજાનું શરીર દિન પ્રતિદિન ઘસાતું જાય છે, માણસનું કદ કમતી થતું જાય છે, આયુષ્ય મર્યાદા ટુંકાતી જાય છે, અનેક જાતના રોગના હુમલા શરીર ઉપર સહજમાં જોર કરી જાય તેવી નબળી શરીર શક્તિ થઈ ગઈ છે, જ્યાં ખોડખાંપણવાળા બાળકોની સંખ્યા વધતી જાય છે તેવા સમયે જે કંઈ ખોરાક ઉપલબ્ધ છે તેને યોગ્ય રીતે વિચારપૂર્વક ગોઠવવાથી પણ ખોરાકની વિપુલતાની ખામી અમુક અંશે પૂરી શકાય છે. તેથી ચાલુ સંજોગોમાં આપણે આપણા અત્યારે મળતા ખોરાકમાંથી પણ પૂરતા પ્રમાણમાં જીવનતત્ત્વો કેવી રીતે મેળવી શકીએ અને શરીરના ઘડતરમાં, શારીરિક ઘસારામાં અને શક્તિ મેળવવામાં તેનો યોગ્ય ઉપયોગ કરી શકીએ તે જાણવું સૌને માટે અતિ જરૂરતું છે.

આપણે જાણીએ છીએ કે એક બાળક જન્મે છે ત્યારે તદ્દન નાનું હોય છે, તે છતાં પણ તે કંઈને કંઈ ક્રિયા કરતું જ હોય છે. ધીમે ધીમે તેનો વિકાસ થતો જાય છે, તેનામાં વધુને વધુ કાર્ય કરવાની શકિત આવતી જાય છે. અમુક વખત કાર્ય કર્યા પછી તે થાકે છે, ફરી વખત તે તાજું થાય છે. સતત્ કાર્ય પછી પણ તેના શરીરનો ઘસારો કાર્યના પ્રમાણમાં નથી દેખાતો, ઉલટો વિકાસ દેખાય છે. આનું કારણ શું? શરીરને વિકસાવે છે કોણ? તેના ઘસારાની પુરવણી કરે છે કોણ? તેનામાં કાર્ય કરવાની શકિત નિરંતર જન્માવે છે કોણ? આ પ્રશ્નો સહજ થાય છે. આનો જવાબ એટલો જ કે ખોરાકના અમુક તત્ત્વો તેના શરીરનો વિકાસ કરે છે, અમુક તત્ત્વો તેના ઘસારાની પુરવણી કહે છે, અમુક તત્ત્વો તેને સ્ફુર્તિમાન રાખે છે અને અમુક તત્ત્વો તેનામાં ચેતન પૂરે છે. આ ઉપરથી એમ નક્કી થાય છે આપણે ખોરાક નીચે મુજબ કારણો માટે લઈએ છીએ.

(૧) શરીરના વિકાસ માટે.

(૨) શરીરને કાર્યથી–શ્રમથી પડેલા ઘસારાની પુરવણી કરવા માટે.

(૩) જીવનશક્તિ, ચેતના, સ્ફુર્તિ કે ઉષ્મા લાવવા માટે.

એટલે આપણા ખોરાકમાં ઉપર જણાવેલા ત્રણે હેતુઓ પાર પાડે તેવાં તત્ત્વો હોવા જોઈએ.

**શરીર વિકાસ**–શરીરના વિકાસ માટે અને ઘસારાની પુરવણી માટે શરીરમાં અમુક તત્ત્વો હોવાં જ જોઈએ. આપણું શરીર અનેક પુદ્‌ગલો–કોશો–ના સમુહનું બનેલું છે અને જ્યાં સુધી આ પુદ્‌ગલો શરીરમાં પૂરતા પ્રમાણમાં ખોરાકની મદદથી બનતા રહે છે ત્યાં સુધી શરીરનો વિકાસ અને ઘસારાની પુરવણી થયા જ કરે છે. આ પુદ્‌ગલો ચેતનવંતા હોય છે, તેને Cells કહેવામાં આવે છે.

આ પુદ્‌ગલોને યોગ્ય રીતે ગોઠવવા માટે અને તેને યોગ્ય આકાર આપી મજબુત બનાવવા માટે કેટલાએક ક્ષારો આપણું શરીર ખોરાકમાંથી જ મેળવી લે છે, જેમ એક મકાનના ચણતરમાં ઈંટ અને ઈંટને બાંધી રાખનાર ચુનો જોઈએ છીએ તેવી જ રીતે શરીરના ચણતરમાં પણ પુદ્‌ગલો ઈંટનું અને ક્ષારો ચુનાનું કાર્ય કરે છે. ઈંટ અને ચુનાની યોગ્ય ગોઠવણી કરનાર કડીઆ વગર જેમ ચણતર થઈ શકે નહિ તેમ શરીરના ચણતરમાં પુદ્‌ગલો અને ક્ષારોની યોગ્ય રચના કરનાર એક શકિત છે જેને આપણે જીવનશકિત–Vitamins–ના નામે ઓળખીએ છીએ. જીવનતત્ત્વોએ પુદ્‌ગળો અને ક્ષારથી તૈયાર કરેલા શરીરમાં જ્યાં સુધી ચેતના ન હોય, ઉષ્મા ન હોય ત્યાં સુધી શરીર ગમે તેવું સુંદર બન્યું હોય તો પણ કામનું શું? કુદરતે આ વાતનો પણ વિચાર કર્યો છે. અને ખોરાકમાં એવા તત્ત્વો–ઘટ્ટકો ભર્યા છે કે જેમાંથી શરીર ચેતના અને ઉષ્મા મેળવી શકે. આ ઉપરથી સમજી શકાશે કે ખોરાકમાં મુખ્યત્વે કરીને નીચે મુજબનાં તત્વો–ઘટ્ટકો-હોય છે.

૧ પ્રોત–Protein } શરીર રચનાની સામગ્રી
૨ ક્ષાર–Salts } આપનારા ઘટ્ટકો–તત્વો
૩ ચરબી Fats } શરીરને ઉષ્મા
૪ સાકર Carbohydrates } આપનાર બળતણ
૫ જીવનતત્વો Vitamins: શરીર રચનાનો નિયામક અને રક્ષક.
૬ પાણી Water ગરમીને નિયમમાં અને પ્રમાણમાં રાખનાર તત્વ.

આ બધા તત્ત્વો એકબીજાને મદદ કરનારા તેમજ વ્યક્તિગત્ કાર્યો આપનારા હોય છે. ખોરાકના આ તત્ત્વો ઉપરાંત શરીરના વિકાસ માટે સૂર્યનો તડકો, પ્રાણવાયુ અને હવા, શરીરના સચાઓને ક્રિયાશીલ રાખનાર વ્યાયામ અને નિદ્રા અતિ જરૂરના છે.

**પ્રોત–પ્રોટેઈન (Protein)** ચાંસણી જેવો ચીકટ અને ઘટ્ટ પદાર્થ છે અને તેમાં નેત્ર Nitrogen હોવાથી શરીરના વિકાસ માટે જોઈતા પુદ્‌ગલો (કોશ) cells ઉત્પન્ન કરી શરીર ઘડવાનું અને ઘસારાની પુરવણી કરવાનું કાર્ય કરે છે. માંસ–પેશીઓ, મગજ, કલેજું, હૃદય અને શરીરની અન્ય ગ્રંથીઓની બનાવટમાં પ્રોતનું સ્થાન અતિ મહત્વનું છે. પ્રોત મુખ્ય તો બે જાતના હોય છે. પ્રાણીજ પ્રોત અને વનસ્પતિજ પ્રોત. પરંતુ આપણા શરીરમાંનાં બીજા તત્વો આ બંને પ્રોતમાંથી માનવજીવનને અનુકુળ નવું જ પ્રોત બનાવે છે, જેને આપણી સગવડતા ખાતર માનવ પ્રોત કહીએ તો ખોટું નથી. પ્રાણીજ પ્રોત, દૂધ, માંસ, ઇંડા અને માછલીમાંથી મળે છે. વનસ્પતિજ પ્રોત અનાજ, કઠોળ, ફળ અને તાજી પાંદડાવાળી ભાજીઓમાંથી મળે છે.

વિજ્ઞાન કહે છે કે ખોરાકમાં લીધેલું પ્રોત જુદી જુદી જાતની અઢાર વસ્તુઓમાં ફેરવાઈ જાય છે. આ અઢાર તત્ત્વોને

(અનુસંધાન પૃષ્ટ ૮૨ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

સપટેમ્બર ૧૫ ૧૯૪૩


## લોકસાહિત્યનો સમારંભ

દર વર્ષે મુંબઇ યુનીવર્સીટી તરફથી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે. આ વ્યાખ્યાનમાળા માટે ગુજરાત કાઠિયાવાડના કોઇ પણ જાણીતા સાક્ષર, કવિ યા સંશોધકને ગુજરાતી સાહિત્યને લગતા પોતાના અભ્યાસવિષયને અનુલક્ષીને પાંચ વ્યાખ્યાનો આપવાનું નિમંત્રણ આપવામાં આવે છે. એ વ્યાખ્યાનો તૈયાર કરવા બદલ તેમને સારો પુરસ્કાર મળે છે અને તે રીતે તૈયાર કરવામાં આવેલાં વ્યાખ્યાનો મુંબઇ યુનીવર્સીટી છપાવીને પ્રગટ કરે છે.

આ વર્ષે આ વ્યાખ્યાનમાળા રજુ કરવાનું લોકસાહિત્યના સુવિખ્યાત પ્રણેતા શ્રી. ઝવેરચંદ મેઘાણીને નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને તે મુજબ તેમણે આગસ્ટની ૨૪ થી ૨૮ મી તારીખ સુધીમાં પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં. તેમણે આપેલાં વ્યાખ્યાનોના વિષયો નીચે મુજબ હતા.

(૧) લોકભાષાના સાહિત્ય–સીમાડા.

(૨) ગુજરાતી લોકસાહિત્યને પ્રગટાવનારાં જીવનબળો.

(૩) કેડીના પાડનારા (ગુજરાતી લોકસાહિત્યના સંશોધન–વિવેચનનો ઇતિહાસ.)

(૪) સ્વયંભૂ અને સ્વતંત્ર સ્રોત (લોકસાહિત્ય એ શિષ્ટ સાહિત્યની નકલ નથી.)

(૫) સર્વતોમુખી સમુલ્લાસ (લોકસાહિત્યનાં જુદાં જુદાં અંગો).

મુંબઇ યુનીવર્સીટીના આશ્રય નીચે અનેક જાહેર વ્યાખ્યાનો યોજાયા છે; પણ મુંબઇ યુનીવર્સીટીના જન્મકાળથી આજ સુધીમાં કદિ પણ એકઠી થઇ નહિ હોય એવી માનવમેદિની ભાઇ મેઘાણીનાં વ્યાખ્યાનો સાંભળવા માટે એકત્ર થઇ હતી. ઉત્તરોતર વ્યાખ્યાનોમાં શ્રોતાઓની ભીડ વધતી જ રહી. ચોથા વ્યાખ્યાને ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ કરવી પડી અને કેટલાય લોકોને બહાર બગીચામાં ઉભા રહીને સાંભળવું પડ્યું. પાંચમે દિવસે એટલી બધી ભીડ વધી પડી અને તેના પરિણામે અવ્યવસ્થા થઇ પડી કે પોણો કલાક સુધી ભાઇ મેઘાણીથી વ્યાખ્યાન શરૂ જ થઇ ન શક્યું.

ભાઇ મેઘાણીનાં વ્યાખ્યાનોમાં એટલું બધું તે શું હતું કે તેમને સાંભળવા લોકોએ આટલી બધી આતુરતા દાખવી? શ્રોતાઓમાં મોટે ભાગે વિદ્યાર્થીગણ હતો. આજની ઉગતી જનતાના પ્રેમપાત્ર સાહિત્ય–સર્જકોમાં ભાઇ મેઘાણી અગ્રસ્થાન ધરાવે છે. લોકસાહિત્યનો પરિચય આપવાના હેતુસર આ વખતનું તેમનું મુંબઇ આવવું ઘણા લાંબા વર્ષના ગાળે થયું. છેલ્લા બાર મહીનાથી ચાલી રહેલ સરકારી દમનકાંડે ચાલુ લોકજીવનને સ્થગિત અને નિરાશાગ્રસ્ત બનાવી દીધું હતું અને જીવનમાં આનંદ, ઉલ્લાસ અને રસ સીંચતી ઘટનાઓ લગભગ લુપ્ત થઇ ગઈ હતી. આવી ભૂમિકા વચ્ચે મેઘાણીની વ્યાખ્યાનમાળા યોજાઇ અને ગુજરાતી યુવક જનતા તેમની પાછળ ગાંડીઘેલી બની ગઈ.

સાહિત્યના અંગ ઉપાંગો ચર્ચતી આવી વ્યાખ્યાનમાળા દર વર્ષે યોજાય છે અને જેને જેને રસ હોય છે તે તે વ્યાખ્યાનો સાંભળવા જાય છે. પણ આજ સુધીનાં વ્યાખ્યાનો શિષ્ટ સાહિત્યને અવલંબીને રજુ થતાં હતા, જ્યારે પ્રસ્તુત વ્યાખ્યાનમાળાનો મુખ્ય વિષય લોકસાહિત્ય હતો. આજ સુધીના વ્યાખ્યાતાઓ શિષ્ટ જનતાના સાક્ષર પ્રતિનિધિઓ હતા. આજનો વ્યાખ્યાતા સામાન્ય જનતાના જીવનમાં વહેતા સાહિત્યનો પ્રતિનિધિ હતો. આજ સુધીના વ્યાખ્યાતાઓ શાણા, ડાહ્યા અને ઠાવકા હતા અને પોતપોતાના વિષયની મર્યાદાને જાળવી સંભાળીને પોતાને જે કહેવાનું હોય તે શિષ્ટ ભાષામાં, શાસ્ત્રીય રીતે અને સ્થિતપ્રજ્ઞની માફક કહી જતા. આજનો વ્યાખ્યાતા જૂદી જ કોટિનો હતો. તેની વાણી પાછળ ઉંડું સંવેદન હતું; તેના કંઠમાં મર્મસ્પર્શી દર્દ હતું, પોતાનો વિષય તે સાંગોપાંગ તૈયાર કરીને આવેલ, એમ છતાં પણ વિષયની મર્યાદા તેને બાંધી રાખતી નહોતી. તેની વાણીમાંથી ભાતભાતના દુહાઓ અને જાતજાતના ગીતો સરતા હતા અને પદે પદે અને પંક્તિએ પંક્તિએ તે ડોલતો હતો અને સાંભળનારાઓને તે ડોલાવતો હતો. તે પોતાનું વકતવ્ય માત્ર શબ્દોથી નહિ, પણ અભિનયથી, હલન ચલનથી અને કદિ કદિ નૃત્યથી પણ વ્યકત કરતો હતો. આ રીતે આ વ્યાખ્યાનો શુષ્ક પ્રવચનો નહોતા, પણ મુંબઇની જનતા માટે એક ભવ્ય–સાહિત્ય સમારંભ જેવા થઇ પડયા હતા.

સાધારણ રીતે આવી વ્યાખ્યાનમાળામાં જેવાં સુવ્યવસ્થિત વ્યાખ્યાનો આપવામાં આવે છે એવાં વ્યાખ્યાનો ભાઇ મેઘાણીનાં નહોતાં એમ કેટલાકનું કહેવું છે. વ્યાખ્યાનમાં આ ગીત શાં અને ગાણાં શાં? આ લટકા શા અને ચટકા શા? આ 'ચોખલીયા' ધોરણને પહોંચી વળવામાં ભાઇ મેઘાણીના વ્યાખ્યાનો કદાચ નિષ્ફળ નીવડયા હશે. પણ બીજી રીતે વિચારીએ તો આજ સુધીના અન્ય વ્યાખ્યાતાઓમાં એવો કોઇ જાણ્યો નથી કે જેણે માત્ર પોતાની કથન પધ્ધતિથી શ્રોતાગણને પોતાના વિષયનો નાદ લગાડયો હોય. ભાઇ મેઘાણીએ પોતાના મધુર કંઠ વડે કંઠસ્થ સાહિત્યની ભાત ભાતની વાનીઓ પીરસીને શ્રોતાઓના દિલમાં લોકસાહિત્યની ઉંડી ભૂખ ઉત્પન્ન કરી છે અને લોકસાહિત્યની અપાર સામગ્રીનું અને સ્વાભાવિક સંવેદનશીલતાનું સચોટ ભાન કરાવ્યું છે.

અને શિષ્ટસાહિત્ય અને લોકસાહિત્ય એવા બે ભેદ શા? અને એકને અન્યથી જુદી પાડતી આ ઉભી કરવામાં આવેલી અભેદ્ય દીવાલ શી? આવો પ્રશ્ન સૌ કોઇના દિલમાં તેમણે ઉપસ્થિત કર્યો છે. જ્યાં માનવી છે, કલ્પના છે, સઘસંવેદનશીલતાના છે ત્યાં વાણી સ્ફુરે છે, કાવ્ય જન્મે છે. એ સ્ફુરાયમાન વાણી કે કાવ્યને વ્યક્ત કરતી ભાષા સાધારણ લોકની એક પ્રકારની હોય; શિષ્ટ ગણાતા વર્ગની અન્ય પ્રકારની હોય. કોઇ સાધારણ માનવીને કોઇ અસાધારણ ઉર્મિ સ્પર્શે, કોઇ મર્મવેધક સંવેદન અનુભવગત થાય અને તેને તે પોતાની ચાલુ ભાષામાં વ્યક્ત કરે અને તેમાંથી કોઇ પદ, ભજન કે ગીત જન્મે; શિષ્ટ અથવા તો શિક્ષિત માનવી પોતાના વાણીસ્ફુરણને શિષ્ટ સાધનો પડે સંસ્કારે, સંમાર્જિત કરે અને પરિણામે કોઇ એક મૌલિક સાહિત્યકૃતિ જન્મ પામે. પણ આખરે તો એ પણ સાહિત્ય–સર્જન છે અને આ પણ સાહિત્ય–સર્જન જ છે. વિવક્ષાની ખાતર આપણે લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય એવા ભલે ભેદ પાડીએ, પણ ગ્રામજનતા અને શહેરી જનતા એવા કાલ્પનિક વિભાગથી પર એવી સર્વ સામાન્ય માનવતા ઉભય વિભાગને એક સરખી રીતે

સ્પર્શે છે તેવી જ રીતે શિષ્ટસાહિત્ય તેમ જ લોકસાહિત્ય પણ આખરે તો સઘસંવેદન અને સંસ્કારિતાની સમાન ભૂમિકા ઉપર ઉભેલાં છે. આમ આપણે સમજીએ ત્યારે જ આજ સુધી કેવળ ઉપેક્ષાને પાત્ર બનેલ લોકસાહિત્ય વિષે આપણા દિલમાં સાચી કદર અને ઉંડો આદર જન્મે અને શિષ્ટસાહિત્ય જેટલા રસથી લોકસાહિત્યનો આપણે આસ્વાદ કરી શકીએ. પોતાના વ્યાખ્યાનો દ્વારા ભાઈ મેઘાણીનો ગુજરાતી સાહિત્યરસિક જનતાને આ જ સંદેશો હતો.

ભાઇ મેઘાણીએ પ્રથમ વ્યાખ્યાનમાં પ્રાંત પ્રાંતની ભાષામાં પ્રચલિત લોકસાહિત્યના કેટલાક નમુનાઓ રજુ કરીને એમ પુરવાર કરી બતાવ્યું હતું કે પ્રાંત પ્રાંતનું શિષ્ટસાહિત્ય પોતપોતાનું સ્વાતંત્ર વ્યક્તિત્વ ખીલવે છે અને પ્રત્યેક ભાષાનું શિષ્ટસાહિત્ય પોતપોતાની વિશેષતાઓના કારણે અન્ય ભાષાના શિષ્ટસાહિત્યથી અનેક રીતે જુદું પડે છે, પણ આખા હિંદુસ્થાનના લોકસાહિત્યમાં તો એકસરખા પ્રવાહો વહેતા માલુમ પડે છે અને સર્વત્ર સમાન સંવેદનો વ્યક્ત થતા અનુભવાય છે. લોકસાહિત્ય પ્રાંત પ્રાંતના સીમાડા તોડી નાંખે છે અને સર્વત્ર અભેદભાવનું ભાન કરાવે છે. નેપાલમાં રહેતી બહેન ભાઇ વિષે, માતા દીકરી વિષે કે પત્ની પતિ વિષે જે ભાવો લોકસાહિત્યદ્વારા રજુ કરે છે તે જ ભાવો કાઠિયાવાડના કે આસામના અનેક લોકગીતોમાં પ્રત્યક્ષ થાય છે. એક ગુજરાતી કોઈ પંજાબી કે દક્ષિણીથી ભલે અનેક રીતે જુદો પડતો હોય, પણ તે પ્રાંતમાં વસતી આમ પ્રજાની નસમાં તો એકસરખું રૂધિર વહે છે અને તેમનાં હૈયા તો એકસરખા ભાવોથી ધડકે છે.

લોકસાહિત્યની બીજી એક વિશેષતા એ છે કે તે સાહિત્યનું પરિશીલન ભૂતકાળને વર્તમાનમાં સંક્રાન્ત કરે છે અને આપણી અને આગળની પેઢીઓ વચ્ચે રહેલી સળંગસૂત્રતા અને ઉંડી આત્મીયતાનું ભાન તીવ્રપણે જાગ્રત કરે છે. આવી જ રીતે લોકસાહિત્યનો પરિચય ગ્રામજનતા અને શહેરી જનતા વચ્ચેની ભેદગ્રંથી તોડી નાંખે છે અને ઉભયમાં રહેલી સજીવ માનવતાનો સાક્ષાત્કાર કરાવે છે. સમાજનો શિષ્ટ વર્ગ જે રાજદરબારે જાય છે, વિદ્યાપીઠો અને ધારાસભાઓને શોભાવે છે; સાહિત્ય પરિષદો અને અને સાક્ષર સંમેલનોમાં ભાગ લે છે, તેને બાદ કરતા નીચેનો સમસ્ત જનતા ગણુ-શહેરનો હો કે ગામડાંનો હો,–મધ્યમ વર્ગનો હો કે નીચલા થરનો, મજુર હો કે ખેડુત હો–આખી દેશવ્યાપી આમ જનતાંના કંઠમાં પોતપોતાના નાના જીવનની નાની વાતોને અને હૃદયગત ઉર્મિઓને વ્યક્ત કરતું જે સાહિત્ય વહી રહ્યું છે તે જ લોકસાહિત્ય છે.

લોકસાહિત્યનું આ સ્વરૂપ ભાઇ મેઘાણીએ વિવિધ દૃષ્ટાંતો, દુહાઓ, લોકગીતો, ગરબાઓ તેમ જ મરશીઆઓદ્વારા રજુ કર્યું હતું અને એ રીતે લોકજીવનની અનેક અગોચર બાજુઓનો તેમણે પરિચય કરાવ્યો હતો. જેમ કોઇ વિશાળ ઉદ્યાનમાં આપણે દાખલ થઇએ અને એ ઉદ્યાનનો માળી આપણને બતાવતો જાય કે આ ગુલાબ, આ મોગરો, આ ચંબેલી, આ પારિજાતક, આ ચંપો, પેલો લીમડો, સામે દેખાય છે તે પીપળો. બાજુએ છે તે ઓરસલી, દૂર નજરે પડે છે તે નાળીયેરી, પાછળના ભાગમાં જુઓ છો તો વડવાઇઓથી વિભૂષિત વટવૃક્ષ; જેવી રીતે આપણે હિમાલયની તળેટીના કોઇ પ્રદેશમાં ફરતા હોઇએ અને આપણો કોઇ રસિક પ્રવાસસાથી આપણને કહેતો જાય કે "જુઓ તો વળાંક લેતી પેલી નદી આ પ્રદેશને કેવી શોભાવી રહી છે? પેલા પર્વત ઉપરથી પડતો જળધોધ કેવો ગર્જારવ કરી રહ્યો છે? ખુણામાં ખળખળ વહેતું ઝરણું આંખ અને કાનને કેવો આનંદ આપી રહ્યું છે? પેલું ઘટાદાર આમ્રવૃક્ષ જુઓ, અવાજથી ચમકતું અને નાસતું મૃગયુથ જુઓ, કોયલનો ટહુકો અને મયુરનો કેકારવ સાંભળો, આકાશમાં ખીલી ઉઠતી રંગબેરંગી સંધ્યા નીહાળો, દૂર દૂર નજરે પડતાં હિમશિખરોના દર્શનથી તમારી આંખોને પાવન કરો, તેવીજ રીતે ભાઇ મેઘાણીએ હિમાલય સમાન વિશાળ અને દિગન્તવિસ્તૃત લોક સાહિત્યની સંખ્યાબંધ શિખર–માળાઓમાં શ્રોતા સમુહને પ્રવાસ કરાવ્યો હતો. ગર્ભાધાન, જન્મ, સંવર્ધન, યૌવનનો ઉગમ, પ્રેમસંવનન, લગ્નજીવન, સંતતિનું આગમન, વૃદ્ધાવસ્થા અને છેવટે યમસદનગમન સુધીની અનેક જીવનઘટનાઓ; માતા અને બાળક, પતિ અને પત્ની, ભાઇ અને બહેન નણંદ અને ભોજાઇ, સાસુ અને વહુ, મા અને દીકરી, દાદાજી અને બાળકો, તેવી જ રીતે આશક અને માશુક, બ્રાહ્મણ અને હરિજન, રાજા અને પ્રજા, હિંદુ અને મુસલમાન–આવાં અનેક સંબંધઘટકો, સ્ત્રીની માતા થવાની ઝંખના, ઉંચીનીચી જ્ઞાતિ વચ્ચે ઉભા થતા લગ્નસંબંધો અને પ્રેમપરાક્રમો, શૃંગાર, કરૂણ અને વીરરસના રોમાંચપ્રેરક દૃષ્ટાન્તો, સ્ત્રીપુરૂષના શુરાતનની કથાઓ, ગામડાની સ્ત્રીઓની લાક્ષણિક રસિકતા; જેસલ અને તોરલ, શેણી અને વિજાણંદ, રાખેંગાર અને રાણકદેવી, લોઢા અને હોથલ પદમણી–આવાં ચિત્રવિચિત્ર દ્વંદ્વો,–આમ લોકસાહિત્યનાં અનેક અંગ ઉપાંગોનો ભાઇ મેઘાણીએ પરિચય કરાવ્યો હતો. ભાઇ મેઘાણીનાં વ્યાખ્યાનો શ્રોતાઓ માટે એક પ્રકારનો સ્વૈરવિહાર હતો. જે આજ સુધીના પુરોગામી વ્યાખ્યાતાઓએ સીમાબદ્ધ નિરૂપણ વડે પોતપોતાના વિષયનું સ્વરૂપ સમજાવવા પ્રયત્ન કર્યો હતો, તે જ હેતુ ભાઇ મેઘાણીએ પોતાના વિષયની મર્યાદાઓ જાળવવા છતાં અને પોતાના મુદ્દાઓ નિયત ક્રમ મુજબ રજુ કરવા છતાં પોતાની વિશિષ્ટ કથનશૈલી વડે સિદ્ધ કર્યો હતો. ભાગ્યે જ પોતાની નોંધ સામે નજર કરવી પડે એવી એમની અદ્દભુત સ્મરણશક્તિએ તેમજ કહેવાની છટાએ સૌ કોઇને મુગ્ધ કર્યા હતા. ઉપરોકત વ્યાખ્યાન સમારંભ પુરો થયા બાદ ભારતીય વિદ્યાભવનમાં એવું જ એક લોકસાહિત્ય–સંમેલન યોજવામાં આવ્યું હતું અને એ પ્રસંગે ભાઇ મેઘાણીએ સતત અઢી કલાક સુધી ગીતો, દુહાઓ, સોરઠાઓ અને આખ્યાયિકાઓનો વરસાદ વરસાવીને લોકસાહિત્ય અને તે દ્વારા લોકજીવનની અનેક બાજુઓ રજુ કરી હતી. પહેલી જ વાર આ રીતે મેઘાણીને સાંભળવાનો જેમને અવસર પ્રાપ્ત થયો હતો તેવા–તે સંમેલનના અધ્યક્ષ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ પોતાની પ્રસન્નતા વ્યકત કરતાં જણાવ્યું હતું કે "ભાઇ મેઘાણી ગુજરાતનું એક રત્ન છે એમ હું હંમેશા માનતો અને કહેતો આવ્યો છું, પણ આજે તેમને સાંભળીને મારાથી કહ્યા વિના રહેવાતું નથી કે આવા લોકસાહિત્યના અનેક નિરૂપકોને અહિં તેમજ યુરોપમાં મે જાતે સાંભળ્યા છે તેમાં ભાઇ મેઘાણીને હું અગ્રસ્થાને મુકું છું, અને તેઓ જે રીતે, જે છટાથી, જે આત્મસંવેદનપૂર્વક અને ઉન્મુક્ત અને મધુર કંઠે લોકસાહિત્યને રજુ કરે છે તે જોતાં આપણને મહાભારતકાર વ્યાસ અને ઇલીયડના નિર્માતા કવિવર હોમર યાદ આવે છે અને ભાઇ મેઘાણી વ્યાસ અને હોમરના જ વંશજ છે એમ આપણને કબુલ કરવું પડે છે." આજે પણ તેમનો બુલંદ અવાજ કાનમાં અથડાયા કરે છે, તેમનું ડોલન આંખ સામે ફરકયા કરે છે અને તેમની સંવેદનભરી વાણી અનેક સુતેલાં આત્મસંવેદનો જાગૃત કરે છે. આ રીતે ભાઇ મેઘાણીનાં પાંચ વ્યાખ્યાનોનો સાહિત્ય–વિવેચકોની તુલનાત્મક દૃષ્ટિએ ગમે તે કસ નીકળતો હોય, પણ સામાન્ય જનતાને મન તો તેમના આ વખતનાં વ્યાખ્યાનો સાંભળવા એ જીવનના એક લહાવા સમાન હતું. **પરમાનંદ**

**ખોરાક** (અનુસંધાન પૃષ્ટ ૭૯ થી ચાલુ)

વિજ્ઞાનની પરિભાષામાં એમીનોએસીડઝ (Amino Acids) કહેવામાં આવે છે.

જે પ્રોત સહેલાઇથી શરીર રચનાને અનુકુળ બની શકે તેને અનુકુળ અને જે સહેલાઇથી અનુકુળ ન બની શકે તેને ઓછા અનુકુળ કે પ્રતિકુળ પ્રોત કહેવામાં આવે છે. પ્રાણીજ પ્રોત માનવ પ્રોતને વધુ મળતા આવતા હોવાથી તે અનુકુળ પ્રોત ગણી શકાય, જ્યારે વનસ્પતિમાં રહેલા પ્રોત ઓછા અનુકુળ કે પ્રતિકુળ પ્રોત ગણાય. શરીરની રચના માટે અનુકુળ પ્રોત અતિ જરૂરના છે એટલે એમ નથી સમજવાનું કે ઓછા અનુકુળ કે પ્રતિકુળ પ્રોત નકામા છે. કારણ કે આ ત્રણેના સંયોગથી પ્રતિકુળ પ્રોતમાંથી પણ અમુક પ્રમાણમાં અનુકુળ પ્રોત બનાવી શકાય છે. અને જે થોડા બાકી રહે તેનો આપણા શરીરમાં બીજો ઉપયોગ હોય છે.

દૂધ, દહીં, છાશ, તાજા પાંદડાવાળી ભાજી, કુણી ડાંખળીઓમાં અનુકુળ પ્રોત હોય છે. થુલાવાળા ઘઉંના લોટમાં અમુક પ્રમાણમાં અનુકુળ પ્રોત હોય છે. વટાણા, કઠોળ, સુકો મેવો, બટેટા, ગાજર, સીંગોડા અને પાંદડા વગરની લીલોતરી બકાલામાં ઓછા અનુકુળ પ્રોત હોય છે. પોલીશ કરેલા ચોખા, મકાઇ અને બારીક મેદામાં પ્રતિકુળ પ્રોત હોય છે, જ્યારે સાકર, ચરબી અને બીયાંના તેલોમાં પ્રોત હોતું જ નથી.

અનુકુળ પ્રોતવાળો જ ખોરાક લેવા યોગ્ય અને બીજા ઓછા અનુકુળ કે પ્રતિકુળ પ્રોતવાળો ખોરાક તજવા યોગ્ય છે એમ નથી. પરન્તુ ત્રણેની યોગ્ય મેળવણીથી ઓછા અનુકુળ કે પ્રતિકુળ પ્રોતને પણ વાપરી શકાય છે અને ખોરાકને સસ્તો અને રૂચિકર બનાવી શકાય છે, છતાં એટલું ચોકકસ છે કે જો અનુકુળ પ્રોતનું પ્રમાણું ખોરાકમાં ઓછું હોય તો શરીર માટે જોઇતા કોશો (પુદ્‌ગલો–Cells) ઉત્પન્ન થાય નહિ અને શરીરવિકાસ પણ સધાય નહિ. જો અનુકુળ પ્રોતનું પ્રમાણ હદ કરતાં વધુ હોય તો તે શરીરમાં વાયુ ઉત્પન્ન કરી કેટલીએક શારીરિક ક્રિયામાં અંતરાયરૂપ થઇ તંદુરસ્તી બગાડે છે.

ધાર્મિક પ્રતિબંધને કારણે જ્યાં માંસાહાર શકય ન હોય ત્યાં જો યોગ્ય પ્રમાણમાં દૂધ, છાશ, અને લીલી ભાજી લેવામાં આવે તો ખપપુરતું પ્રોત જરૂર મળી રહે છે.

દેશની પ્રજાને તાકાતવાન, મજબુત, કદાવર અને ખડતલ બનાવવી હોય તો તેને પુરતાં પ્રમાણમાં ફળ, છાશ અને ભાજી આપવા જોઇએ. જૈનો માંસાહાર તો ન કરી શકે એટલે પોતાને જોઇતું પ્રોત તેણે દૂધ, છાશ કે તાજી ભાજીમાંથી જ મેળવવું રહ્યું. પણ કમભાગ્યે દૂધ છાશ દુર્લભ થયાં અને ધાર્મિક માન્યતાએ લીલોતરી બંધ કરાવી એટલે પ્રોતને અભાવે કદાપિ પ્રજા નબળી, અલ્પાયુષી, અને પોચી બને, દેહમાન ટુંકાઇ જાય, અકાળ વૃદ્ધત્વ આવે અને બાળમરણ–પ્રમાણ વધે કે રોગ સામે ટકવાની તાકાત ન રહે તો નવાઇ નથી. બાફેલા કે છડેલા ચોખા, તેમજ મીલના થુલાં વગરના આટા ઉપર જીવનારાને પણ પ્રોતની ખામી જીવનભર ચાલે છે એ નક્કી થયેલી વાત છે.

દૂધ અને તાજી ભાજીમાં માત્ર પ્રોત જ છે એમ નથી. જીવન માટેનાં જરૂરનાં બધા તત્વો પૂરતા પ્રમાણમાં તેમાં હોય છે. જીવનતત્વો Vitamin A. B. C. પણ પ્રોતની વ્યવસ્થા કરવા ત્યાં મોજુદ હોય છે.

**ક્ષાર**–(Salts) આપણાં શરીરનો $\frac{1}{૧૬}$ મો ભાગ ક્ષારોનો બનેલો છે. હાડકાં, દાંત, માંસપેશીઓ, અમુક પ્રમાણમાં લોહી, અને શરીરના બીજા રસોમાં ક્ષાર મોટા પ્રમાણમાં હોય છે. આ ક્ષારથી આપણાં હાડકાં મજબુત અને ઘાટીલા રહે છે. શરીરના પુદ્‌ગલો (Cells) અને માંસપેશીઓ તેથી પોતાનું કાર્ય બરાબર કરી શકે છે. શરીરના લોહીને પ્રવાહી રાખી શરીરમાં વધારાથી ઉત્પન્ન થતી ખટાશને દૂર કરી પુનઃ કાર્ય કરતું રાખે છે. ઉપરાંત આ ક્ષારો આપણી પાચનક્રિયા અને ગ્રન્થીઓના કાર્યને મદદ કરે છે

શારીરિક વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે આપણા શરીરમાં લગભગ વીસ જાતના ક્ષારો હોય છે જેમાં ચુનો, પોટાશ, મીઠું, ગંધક, ફોસફરસ, સોડા, લોહ, તામ્ર, જસત વિગેરે મુખ્ય છે. ચુનો, સોડા, પોટાશ, લોહ, મેગ્નેશીયા વિગેરે દશ ક્ષારો શરીરમાં ક્ષાર ઉત્પન્ન કરવાનું અને ગંધક, ફોસ્ફરસ, કલોરીન વિગેરે છ ક્ષારો બીજા ક્ષારો કે શરીરના રસો સાથે મળીને ખટાશ (આમ્લ) ઉત્પન્ન કરવાનું કાર્ય કરે છે. બાકીના ક્ષારો અતિ ઓછા પ્રમાણમાં હોય છે, જેનું મુખ્ય કામ રસગ્રન્થીઓને મદદ કરવાનું હોય છે.

શરીરમાં જ્યારે ક્ષાર અને ખટાશનું પ્રમાણ સમાન હોય છે ત્યારે માણસ તન્દુરસ્તી ભોગવે છે. જ્યારે તેમાં વધઘટ થાય છે ત્યારે શારીરિક વિકૃતિ ઉત્પન્ન થાય છે. આ ક્ષારોની શરીર ઉપર થતી અસર ઉપરથી જ જર્મન ડૉ. સુસ્લરે Tissue Remedies ટીસ્યુ રેમીડીઝ નામની વૈદકીય શોધ કરી છે.

દૂધ, પાંદડાવાળી ભાજી, શાક, અને કંદમૂળમાં ક્ષાર ઉત્પન્ન કરનારા ક્ષારો છે.

માંસ, કઠોળ, ફળો વિગેરેમાં ખટાશ ઉત્પન્ન કરનારા ક્ષારો છે.

બીયાં અને ફળો જે જાતના ક્ષારો ધરાવે છે તેથી ઉલટાંજ ક્ષારો તે વૃક્ષના પાંદડા અને ડાંખળામાં પુષ્કળ પ્રમાણમાં હોય છે. એટલે એકજ રોપામાં બન્ને જાતના ક્ષારો મળી આવે છે. તેથી જ્યાં અનાજનો મુખ્ય ખોરાક તરીકે ઉપયોગ થાય છે, ત્યાં તાજી પાંદડાવાળી ભાજી, કુણી ડાંખળીઓ વિગેરેનો ઉપયોગ તેટલાજ પ્રમાણમાં કરવાની જરૂર છે. ક્ષારો અનાજ ઉપરના છોતરાં કે થુલામાં મુખ્યત્વે કરીને મોટા પ્રમાણમાં હોય છે, એટલે જ્યારે તે છોતરાં કે થુલુને કે ભાજી કે ભાત ઉકાળ્યા પછી તેનું પાણી ફેંકી દેવામાં આવે છે ત્યારે ખરી રીતે આપણે તેના સાથે ઉપયોગી ક્ષારોજ ફેંકી દઇએ છીએ. બીજી એક વાત લક્ષમાં રાખવા જેવી એ છે કે જ્યાં ક્ષારો છે, ત્યાં પ્રોત (Protein) અને જીવનતત્વો (Vitamins) પણ હોય છે. એટલે થુલું કે ભાજીનું ઉકાળેલું પાણી ફેંકી દેવાની સાથે આપણે આપણા શરીરને અતિ ઉપયોગના ક્ષારો, પ્રોત અને જીવનતત્ત્વ પણ ખોઇ બેસીએ છીએ.

મીલમાં છડેલા ચોખા, ઘઉંના મેંદા કે છડેલા કઠોળમાં શરીરના અસ્થિ, દાંત કે તંતુઓને ઘડનારી અગત્યની સામગ્રી હોતી જ નથી; તેથી જ્યારે આ વસ્તુ ખોરાકની મુખ્ય વસ્તુ બને છે, ત્યારે ખાનારના દાંત, અસ્થિ, હૃદય, ફેફસાં અને બીજી માંસપેશીઓ જેવાં જોઇએ તેવા મજબુત બનતાં નથી. માતાના શરીરની ખામીનો વારસો બાળકોને પણ મળે છે એટલે બાળકોનાં શરીર સુદ્રઢ કરવા માટે માતાએ તેવી જાતનો ખોરાક લેવો ઘટે છે. ક્ષારના અભાવ કે ઉણપથી શરીરમાં ખટાશ વધે છે જે શરીરની અનેક વિકૃતિનું કારણ છે.

દૂધ અને દૂધની બનાવટો, થુલું કાઢી નાંખ્યા વગરનું અનાજ, તથા પુષ્કળ તાજી ભાજી ખાવાથી જરૂર પુરતા ક્ષારો આપણને મળી રહે છે. પાંદડાવાળી તાજી લીલી ભાજી મોટામાં મોટી–ક્ષાર, જીવન–તત્ત્વ અને પ્રોત પુરું પાડનારી ઉપયોગી વસ્તુ છે. પશુ જીવન આ પાંદડા ખાઇનેજ જીવનનું જોમ મેળવે છે. ગરીબ ખેડુત

વધુમાં વધુ સત્વ આ લીલોતરીમાંથી મેળવે છે. તે સત્વ લીલોતરી છોડનારાઓએ ભૂલવા જેવું નથી.

ખોરાક માંહેલાં ક્ષારોમાંથી થોડા મુખ્ય ક્ષારોનો વિચારો કરીએ.

**ચુનો**–આપણા શરીર માટે અતિ અગત્યનો ક્ષાર છે. અસ્થિ, દાંત વિગેરેની રચનામાં ચુનો મુખ્ય છે. ઉપરાંત આપણા ખોરાકમાં રહેલી ચરબી અને લોહને યોગ્ય રીતે ઉપયોગમાં લેવાનું કાર્ય પણ ચુનો જ કરે છે.. ચુનો ન હોય તો વહેતું લોહી જામે નહિ અને રક્તસ્રાવ અટકે નહિ. જેના શરીરમાં ચુનો ઓછો હોય તેના હાડકાં નરમ, દાંત ખેરી ખાઈ ગયેલા અને શરીર માંદલા જેવું હોય છે. અનાજ, કંદમૂળ, સાકર અને માંસમાં ચુનો ઓછો હોય છે, જ્યારે દૂધ, છાસ, સુકાં ફળો, ઇંડા, તાજા ફળ અને ભાજીમાં પુષ્કળ હોય છે.

**ફોસ્ફરસ** અસ્થિ અને દાંતમાં ઉપયોગનો ક્ષાર છે. આપણા શરીરના એકેએક પુદ્દગળમાં ફોસ્ફરસ હોય છે અને આ પુદ્દગળ જ આપણા શરીરને ઘડે છે. અને પુદ્દગળની વૃદ્ધિ માટે ફોસ્ફરસ ઉપયોગનો છે. દૂધ, છાશ, ઇંડા, સોયાબીન, કઠોળ, સુકાં ફળો, ઘઉં, જવ, બાજરી, કાકડી, કોબીજ, કોબીજનાં ફુલ, માંસ અને માછલીમાં તે ઠીક પ્રમાણમાં હોય છે; જ્યારે મીલમાં છડેલા ચોખા, મેંદા અને કંદમૂળમાં નહિવત્ હોય છે.

**લોહ**–આપણા લોહીનો લાલ રંગ આ ક્ષારને લીધે છે. લોહીના લાલ રજકણો પ્રાણવાયુને મોટા પ્રમાણમાં સંઘરી શકે છે લોહની ઉણપથી માણસ ફીક્કો, તેજવગરનો અને ઉત્સાહહીન બને છે અને રક્ત શુદ્ધ પણ બરાબર ન થતાં શરીરમાં અનેક રોગ થઇ હૃદય નબળું પડે છે. અનાજ, માંસ, કલેજા વિગેરેમાં લોહ પુષ્કળ હોય છે; પ્રાણીજ કે વનસ્પતિજ ચરબી, ખાંડ, મીલના છડેલા ચોખા, અને મેંદામાં નહિવત્ હોય છે.

**મીઠું** આપણા શરીરમાં એટલા માટે જરૂરનું છે કે તે લોહીને એકસરખું પ્રવાહી રાખે છે. તેની મદદથી શરીરના તંતુઓ અને માંસ પેશીઓ ખપ પૂરતું પાણી સંઘરી શકે છે અને શરીરના બીજા અવયવોને તે રીતે યોગ્ય રીતે કામ કરતાં રાખે છે. વનસ્પતિમાં સોડા કરતાં પોટાશ વધુ છે, એટલે વનસ્પતિ આહારીને મીઠાનો વધુ ઉપયોગ કરીને સોડા મેળવવો પડે છે, જ્યારે માંસમાં સોડા વધુ છે તેથી માંસાહારીને મીઠાનો ઉપયોગ કમતી કરવો પડે છે.

**કલોરીન**–આપણી પાચનક્રિયામાં જે રસનો ઉપયોગ થાય છે તેમાં હાઇડ્રોકલોરીક એસીડ (Hydrochloric Acid) (મીઠાનો તેજાબ) ઠીક પ્રમાણમાં હોય છે. તે ઉત્પન્ન કરવા માટે ખોરાકમાં કલોરીન જરૂરનું છે. કેળાં, ટમેટાં, પાંદડાવાળી ભાજી, વટાણા, ખજુર વિગેરેમાં કલોરીન મોટા પ્રમાણમાં હોય છે.

**આયોડીન**–આપણા ખોરાકની ચરબી અને ચુનાને પાચન કરવા માટે આયોડીન જરૂરનું છે. આપણા ગળાના હડીયામાં આયોડીન એકઠું થઇ ત્યાંથી લોહીદ્વારા આખા શરીરને મળે છે. આયોડીનની ખામી હોય તો ગળામાં સોજો આવે છે, આંખના ડોળા બહાર નીકળી આવે છે. શરીરના ચીકાશવાળા સત્વોને ગાળી પ્રવાહી રાખવાનું કામ આયોડીનનું છે.

આ બધા ક્ષારો પાણીમાં ઓગળે તેવા હોય છે, એટલે જો આપણે શાકભાજી બાફીને કે ચોખાં ઓસાવીને તેનું પાણી ફેંકી દઇએ તો બધા ક્ષારો તેમાં ચાલ્યા જાય છે. માટે તે પાણીનો ઉપયોગ કરવો જરૂરનો છે. આ ક્ષારો જો આપણા ખોરાકમાં ન હોય તો આપણા અસ્થિ, દાંત વિગેરે નબળાં થઈ જાય, પાચનક્રિયા મંદ પડી જાય અને લોહીમાં ખટાશ ઉત્પન્ન થઈ જાય. લોહી એકસરખું પ્રવાહી ન રહે કે ન જામે એટલે સ્રાવ અટકે નહિ, માનવજીવન પાંગળું અને અશકય બની જાય.

(ખોરાક સબંધી અંગ્રેજી પુસ્તકોની મદદથી)

અપૂર્ણ. **વ્રજલાલ ધ. મેઘાણી.**

# કેટલાક સમાચાર અને નોંધ

## મહાવીરનો ઉપશમ માર્ગ અને આજનો તિથિકલહ

તા. ૧૦-૮-૪૩ ના 'જૈન' પત્રમાં 'પરમાત્મા વીર-વર્ધમાનનો ઉપશમ માર્ગ અને આપણી ફરજ' એ મથાળા નીચે પાટણ ખાતેના જૈન ભંડારોમાં દટાયલા અમૂલ્ય ગ્રંથ સાહિત્યના સંશોધન કાર્યમાં વર્ષો થયાં નિમગ્ન રહેતા મુનિશ્રી પુણ્યવિજયજીનો એક મનનીય અને માર્ગદર્શક લેખ પ્રગટ થયો છે. તે લેખમાં તેમણે કેવળજ્ઞાન અને કેવળદર્શનના વિષયમાં જૈન પરંપરાના ત્રણ ધુરંધર આચાર્યો–શ્રી. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, મહાવાદી શ્રી સિદ્ધસેન દિવાકર અને આચાર્ય મલ્લવાદી વચ્ચે એક ભારે મહત્વનો મતભેદ ઉભો થયો હતો તેનું નિરૂપણ કર્યું છે અને એવા તીવ્ર મતભેદના કારણે પણ જૈન સમાજની ચાલુ એકતાને તે મહાન આચાર્યોએ જરા પણ આંચ આવવા દીધી નહોતી અને પરસ્પર પણ પુરી સભ્યતા, સંયમ અને સદ્ભાવ જાળવીને જેને પોતપોતાના મતના સમર્થનમાં જે કાંઇ કહેવાનું હોય તે કહેતા એ હકીકત તરફ આજના જૈન સમાજનું અને ખાસ કરીને શ્રમણસંઘનું ધ્યાન ખેંચ્યું છે. એ વખતની પરિસ્થિતિને અનુલક્ષીને આજના જૈન સમાજની કલહ કલુષિત પરિસ્થિતિ સંબંધમાં તેઓ જણાવે છે કે :—

"ઉપર જણાવેલ મુનિત્રયીના યુગનો અવતાર આપણા યુગમાં થાવ તો સેંકડો વર્ષોથી કલેશમાં સબડી રહેલો અને ગચ્છ ગચ્છના તેમ જ સમૂહ સમૂહના ઝઘડાથી ક્ષીણ બની ગયેલ જૈન ધર્મ, જૈન આચાર્યો અને જૈન શ્રીસંઘ ઉન્નતિના શિખરે પહોંચી જાય. પરંતુ આજનો આપણો શ્રીસંઘ, જેમાં શ્રમણસંઘ અને શ્રાવકસંઘનો સમાવેશ થાય છે, એ દિનપ્રતિદિન વૈર-વિરોધ અને અવિવેકના ગર્ત્ત તરફ જ ઢળતો જાય એ વસ્તુ અતિ શોચનીય અને પરમાત્મા વીર–વર્ધમાનના ઉપશમ ધર્મની મર્યાદાને સ્થિરપણે વિચારનાર ગમે તેવાને પણ કંપાવી મૂકે તેવી છે. આજની આપણી જ્ઞાન, ધ્યાન, તપ, સંયમ જેવી ધાર્મિક પ્રવૃત્તિઓ, સાહિત્યસર્જન, સાહિત્યપ્રકાશન, ધર્મોપદેશ કલુષતાથી શબલ અને મલિન જ થતું જાય છે. એકંદર જોઇએ તો આપણી પ્રત્યેક ધાર્મિક પ્રવૃત્તિ નિર્વૈર કે નિર્વિષ બહુ જ ઓછા પ્રમાણમાં નજરે આવશે. એટલું જ નહિ પણ કેટલાક દાખલામાં તો આપણે સામાન્ય માણસાઇથી પણ ખસી જતા હોઇએ એમ આપણને જણાયા સિવાય નહિ રહે.

અંતમાં આપણે કહેવું જોઇએ કે જેમ તાર્કિક આચાર્ય-યુગલ શ્રીસિદ્ધસેનાચાર્ય અને મલ્લવાદીએ પોતાના મતભેદોને મર્યાદામાં રાખી તે જમાનાના શ્રીસંઘના ઐક્ય અને કલ્યાણને અનાબાધ રાખ્યું હતું એ જ રીતે આજના આપણા વિદ્વાન આચાર્યો અને શ્રમણો જો સાચે જ ત્યાગ–તપોમૂર્તિ પરમ-કલ્યાણમિત્ર પરમાત્મા વીર–વર્ધમાનના ઉપશમધર્મની મર્યાદા અને તેના સ્વરૂપને લેશ પણ સમજી શકતા હોય અને એ ઉપશમધર્મને ખરે જ જીવનમાં ઉતાર્યો હોય તો તેમની એ અનિવાર્ય ફરજ છે કે એમણે આજે એક પછી એક ઊભા થતા મતભેદોને વાદ–વિવાદ અને વિતંડાવાદની અનિચ્છનીય પરિસ્થિતિએ પહોંચવા ન દેતાં તેમ જ સર્વસામાન્ય જનતામાં જૈન ધર્મ અને જૈન સાધુતાને નિંદાપાત્ર ન બનવા દેતાં એ બધાય મતભેદોને અતિ મર્યાદિત કરી શ્રીસંઘની એકતા અને કલ્યાણને અનાબાધિત રાખવા પ્રયત્ન કરવો જ જોઇએ."

## શિસ્ત અને સભ્યતાનું દીવાળું

ગયા ઓગસ્ટ માસમાં શ્રી. ઝવેરચંદ મેઘાણીએ જે પાંચ

વ્યાખ્યાનો આપ્યા હતા તેની સમાલોચના તો આ અંકના અગ્રલેખમાં કરવામાં આવી છે. એ વ્યાખ્યાન સમારંભને આનુષંગિક એક બાબત વિષે જાહેર જનતાનું ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે. છેવટનાં બે વ્યાખ્યાનો દરમિયાન સાંભળવા આવનાર લોકોની સંખ્યા ખુબ વધી પડી હતી અને યુનીવર્સિટીનો કોન્વોકેશન હોલ તેમને કોઇ રીતે સમાવી શકે તેમ નહોતું. વ્યાખ્યાન શરૂ કરવાના એક કલાક પહેલાં હોલ ચીકાર ભરાઇ ગયો હતો. ચોથા વ્યાખ્યાનથી ધ્વનિવર્ધક યંત્રો ગોઠવવામાં આવ્યા હતા. તેથી બહાર બગીચામાં ઉભા ઉભા ઘણુંખરૂ સાંભળી શકાય તેમ હતું. પણ આથી સંતોષ ન માનતા સાંભળવા આવનારાઓએ હોલ ઉપર જ ધસારો કર્યો અને અનેક અવિનીત દેખાવો થયા. પાંચમા વ્યાખ્યાનના દિવસે ધ્વનિવર્ધક યંત્રની વધારે સારી ગોઠવણ કરવામાં આવી હતી એમ છતાં પણ હોલ ઉપર જ સાંભળવા આવનારાઓનો ખુબ ધસારો રહ્યો. કેટલાંય બહેનો ભાઇઓ દબાયાં અને કચરાયાં. કોઇ કોઇનું કહેવું સાંભળે જ નહિ. ચોતરફ ધોંધાટ, અને અવ્યવસ્થા એટલાં બધાં વધી પડયાં કે નિયત સમયથી પોણા કલાક સુધી વ્યાખ્યાન શરૂ થઇ ન શકયું. કેટલાંય કાચો તુટયા અને બારણાનાં શટર્સ ભાંગી ગયા. કેટલુંક તોફાન અને નુકસાન કેવળ ઇરાદાપૂર્વક જ થતું હતું એમ પણ જોવામાં આવતું હતું. આ આખી ઘટના ભારે શોચનીય હતી. ભાઇ મેધાણીને સાંભળવાની આવનાર સૌ કોઇને અધીરાઇ હોય એ સ્વાભાવિક છે, પણ આ અધીરાઇને કોઇ વિવેક, સંયમ અને મર્યાદાની જરૂર ખરી કે નહિ? જ્યારે જોયું કે હોલમાં હવે વધારે માણસો માટે જગ્યા નથી, પછી જ્યાં હજાર માણસો સમાઈ શકતા હોય તો પંદરસો કે બે હજાર માણસોએ હોલમાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કરવો એ અવ્યવસ્થાને જ નોતરવા બરોબર હતું. જ્યારે અંદર જગ્યા નહોતી તો પાછળથી આવનારે શાન્તિથી બહાર ઉભા રહેવું જોઇતું હતું. બહાર પણ સાંભળી શકાતું નથી એમ લાગે ત્યારે જેવું નસીબ એમ સમજીને ત્યાંથી ચાલી જવું જોઇતું હતું. પણ તોફાન, ધક્કાધક્કી, મારામારી, કાગળની ગોળીઓ ફેંકવી, બહેનોની મર્યાદા ન જાળવવી, બારણાં ભાંગવા અને કાચ ફોડવા—આ આખી ઘટના કોઇ પણ સમાજને માટે ભારે શરમાવનારી ગણાય. આ બાબતમાં યોગ્ય શિસ્તની બુદ્ધિ ન કેળવાય, વહેલો તે પહેલો, પાછળ તે પાછળ અને જગ્યા ન હોય તો ચાલી જવું આવી આપણામાં સમજણ ન આવે તો આવાં સંમેલનો ભરવાનું શકય નહિ રહે, સહીસલામત નહિ ગણાય. આ બાબતમાં યુરોપના પ્રજાજીવનનું આપણે અનુકરણ કરીએ અને જગ્યા મળે તો બેસવું અને નહિ તો શાન્તિથી પાછા ચાલી જવું અને કોઇ પણ સંયોગમાં શાન્તિ અને વ્યવસ્થાને જોખમાવીને જગ્યા મેળવવાનો પ્રયત્ન ન કરવો—આટલી શિસ્તવૃત્તિ આપણે સ્વીકારીએ. આમ બને તો જ મોટાં માનવીસંમેલનો યોજવાનું શકય બનશે અને સલાહકાર લેખાશે.

## રાંડયા પછીનું ડહાપણ શા કામનું?

ઇટાલીમાં જેમની મુખ્ય ગાદી છે તે-રોમન કેથોલીક સંપ્રદાયના મુખ્ય ધર્મગુરૂ—નામદાર પોપે જ્યારે સીસીલીને જીતીને ઇટાલી તરફ મિત્રરાજ્યોની ચઢાઇ શરૂ થઇ ત્યારે નીચે મુજબનો સંદેશો જગતને સંભળાવ્યો હતો.

"ઓગસ્ટની ૨૪ મી તારીખે અમે દુનિયાની સર્વ સરકારોને સંબોધીને એક વિજ્ઞપ્તિ બહાર પાડી હતી. પણ અમારા શબ્દો કોઇએ ધ્યાનમાં લીધા નહોતા. આજે આંખ સામે દેખાતા દ્રષ્યોનો દુઃખદ અનુભવ અમારી ચેતવણીની વાસ્તવિકતા બરોબર પુરવાર કરે છે. આજનો વિગ્રહ ભયાનકતાની ટોચે પહોંચી રહ્યો હોય એમ લાગે છે. આખરી યુધ્ધની રીતરશમ પ્રત્યે દરેક પ્રજાનો અણગમો વધતો જાય છે. જનતાનો આત્મા આજે ચાલી રહેલી હિંસા સામે બળવો કરી રહેલ છે. આવી રીતે આ વિગ્રહ ચાલુ રાખવો તે પ્રજાના હિતકલ્યાણ સાથે કે માનવબુધ્ધિ સાથે બંધબેસતું છે કે નહિ તે વિષે સૌ કોઇના દિલમાં સંશય ઉભો થયો છે. પ્રજા પ્રજા વચ્ચેના કેટલાયે કોલકરારોનો ભંગ થવાથી તેમ જ કેટલાંયે અપાયેલાં વચનોનું ફાવે તેમ ઉલ્લંઘન થવાથી પ્રજા પ્રજા વચ્ચેના વિશ્વાસનો નાશ થયો છે.

આ દુનિયામાં ફરીથી શાન્તિ સ્થાપવાની દિશાએ અનુકુળ સંયોગો ઉભા કરવાની જેમના માથે ફરજ છે તે સર્વ વ્યકિતઓને ઉદ્દેશીને અમારી આ વિજ્ઞાપના છે. અમારૂં તેમને કહેવું છે કે જેથી કેવળ દ્વૈષ કેળવાય અને હિંસાને જ ઉત્તજન મળે તેવાં કાર્યો વડે શાન્તિ અને સુલેહ સ્થાપવાના મનોરથનો નાશ ન કરશો કે અશકય ન બનાવશો. દરેક પ્રજાને એવું કાંઇક આપો, બતાવો કે સુઝાડો કે જેથી આ દુનિયામાં શાન્તિની પાકે પાયે સ્થાપના થાય.

આન્તરરાષ્ટ્રીય સુલેહની ભૂમિકા તૈયાર કરવામાં જે કોઇ મદદરૂપ થશે તેઓ ઇશ્વિરના કૃપાપાત્ર બનશે. યુદ્ધકારણને લીધે બે પક્ષમાં વહેંચાઇ ગયેલી આજની દુનિયામાં ગમે તે બાજુએ હોય પણ જે કોઇ વ્યકિત સાચી આન્તરરાષ્ટ્રીય ન્યાયપૂર્ણ વ્યવસ્થાના તત્ત્વો પોષાય એવી રીતે વર્તશે તેઓ ઇશ્વરના કૃપાપાત્ર બનશે. આજે જે મડાગાંઠ ઉભી થઇ છે તેનો નીકાલ કરવામાં જેઓ સહાયરૂપ બનશે તેઓ ઇશ્વિરના કૃપાપાત્ર બનશે. પુષ્કળ યાતનામાંથી પસાર થઇ રહેલા પ્રજાજનો શાન્તિ, રોટલી અને કામગીરી મેળવવાને પાત્ર બન્યા છે. શાન્તિ, રોટલી અને કામગીરી તેઓ માંગી રહ્યા છે. ઇશ્વિર જ સર્વ શ્રેષ્ટ છે અને સર્વ ન્યાય નીતિનો તે સાચો નિર્ણાયક છ. જેઓ દ્વૈષવૃત્તિને વધારી રહ્યા છે, જેઓ નિઃશસ્ત્રો ઉપર અન્યાયનું સામ્રાજ્ય રચી રહ્યા છે, તેમના ઉપર ઇશ્વિરનો શાપ વરસો! આવા લોકો ઇશ્વરી શાપના ભોગ થશે! જેઓ સ્થાયી અને ન્યાયી સુલેહના માર્ગમાં આડખીલો ઉભી કરે છે તેમનાથી ચેતતા રહો. એવું કાંઇક કરો કે જેથી સંપૂર્ણ નાશ સાથે આ વર્ષની પૂર્ણાહુતિ ન થાય પણ આ વર્ષની સમાપ્તિ સાથે ભ્રાતૃભાવથી ભરેલી સાચી સમાધાનીની શરૂઆત થાય. આ રીતે સદ્‌ભાવભર્યા લોકસમાધાનનો ઉદય થાઓ અને પુનર્રચનાનો પ્રારંભ થાઓ!"

આજના વિશ્વ વિગ્રહથી દાઝી રહેલી આખી દુનિયાના દિલમાં જે પોકાર ઉઠી રહ્યો છે તે જ પોકાર પોપની વાણીમાં વ્યક્ત થાય છે. પણ પોપ જેવી વિશિષ્ટ વ્યક્તિએ આ પોકાર તો લડાઇની શરૂઆત થઇ ત્યારે જ ઉઠાવવો જોઇતો હતો અને આખી દુનીયાને આવી ભીષણ આફતમાંથી બચાવવા ખાતર પોતાનું સર્વસ્વ જોખમાવીને વર્તમાન યુધ્ધનો ઉગ્રમાં ઉગ્ર વિરોધ કરવો જોઇતો હતો. પણ જ્યારે આ દાવાનળની જ્વાલા ઇટાલી અને રોમના દરવાજે પહોંચે છે ત્યારે નામદાર પોપની આંખ ઉઘડે છે અને યુધ્ધ પાછળ રહેલી અપાર હિંસા અને દ્વૈષની વિષજ્વાળાઓ જોઇને તેઓ ફફડી ઉઠે છે. આ રાંડયા પછીનું ડહાપણ નહિ તો બીજું શું કહેવાય? કાન ફોડી નાંખે એવા યુદ્ધના ઢોલ નગારા વાગી રહ્યા છે અને તોપ અને બોંબરના ગોળા ગાજી રહ્યા છે ત્યાં નામદાર પોપની તતુડી કોણ સાંભળવાનું હતું?

**પરમાનંદ.**

# રેશન–રાહત

## જૈનો માટે ખાસ સગવડ

આજે મુંબઇ શહેરમાં ચાલતી રેશનપદ્ધતિને અનુલક્ષીને મુંબઇની પ્રજાને કેમ રાહત આપી શકાય તે વિષે તા. ૧-૯-૪૩ના 'પ્રબુદ્ધ જૈન'માં એક યોજના રજુ કરવામાં આવી છે. એ યોજનાની પ્રાથમિક શરૂઆત તરીકે આજના વખતમાં તંગી અનુભવતા સો જૈન કુટુંબોને સોળ અઠવાડીઆ સુધી સાધારણ રીતે પચ્ચીસ ટકા અને ખાસ જરૂર જણાય ત્યાં તેથી પણ વધારે રાહત આપવાની શ્રી. મુંબઇ જૈન યુવકસંઘ તરફથી ગોઠવણ કરવામાં આવી છે. આવી રાહત નીચે જણાવેલ રેશન શોપમાંથી કોઇ પણ શોપનું કાર્ડ ધરાવનાર જૈન વ્યક્તિ મેળવી શકશે અને તે માટે નીચે જણાવેલ રેશન રાહત સમિતિના કોઇ પણ સભ્ય પાસેથી તેણે રેશન રાહત ચીઠ્ઠી તથા રેશન રાહત કાર્ડ મેળવવું પડશે નીચે જણાવ્યા સિવાયની દુકાનનું કાર્ડ ધરાવનારને જો પ્રસ્તુત રાહતનો લાભ લેવો હોય તો નીચેમાંની કોઇ પણ રેશન શોપના નામ ઉપર પોતાનું કાર્ડ ફેરવવું પડશે. એમ કરવામાં જેને કોઇ અસાધારણ અગવડ હશે તેને રેશન રાહત ચીઠ્ઠી કાઢી આપનાર સભ્ય પોતે રેશન રાહત ચીઠ્ઠીમાં જણાવ્યા મુજબની રકમ રેશન શોપનું બીલ જોઇને કાપી આપશે. આ રાહતનો લાભ લેવા ઇચ્છનારને નીચે જણાવેલ રાહત સમિતિના કોઇ પણ સભ્યને મળીને રેશન રાહત ચીઠ્ઠી તથા કાર્ડ મેળવવા વિનંતિ કરવામાં આવે છે.

**મણિલાલ મોકમચંદ શાહ**
**વ્રજલાલ ધરમચંદ મેઘાણી**
**મંત્રીઓ, મુંબઇ જૈન યુવકસંઘ.**

## સંઘસંમત રેશનશોપોની યાદી

**૧ શ્રી. ઘોઘારી વીશાશ્રીમાળી જૈન જ્ઞાતિ**
રેશનશોપ નં. સી. એસ. ૨૫૨-૨૫૪,
ઇંપીરીયલ બેંકની સામે, મસ્જીદ બંદર રોડ.

**૨. યુવક સ્ટોર્સ**
કાલભાટ લેન, કાલબાદેવી રોડ.

**૩ શુદ્ધ સ્વદેશી સ્ટોર્સ**
(ગુજરાતી સ્ત્રી સહકારી મંડળ લીમીટેડ)
વનિતાવિશ્રામ સામે સેન્ડહર્સ્ટ રોડ.

**૪. ગ્રામોદ્યોગ ગાંધી સેવાસેના**
રેશનશોપ સી. એસ. ૫૮, નાના ચોક,
ગોવાળીયા ટેંક રોડ.

**૫. માટુંગા ગુજરાતી સેવા મંડળ**
રેશનશોપ નં. સી. એસ. ૨૬, ઠે. શામજી લધા બીલ્ડીંગ,
માટુંગા, જી. આ. પી.

**૬. ઘાટકોપર સાર્વજનિક સેવાસમાજ,**
ઘાટકોપર.

## રેશન રાહત સમિતિ

**૧ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ**
ટે. નં. ૪૪૧૭૬ રહેઠાણ ગંગાદાસ વાડી, બાબુલનાથ રોડ,
પેઢી, ૭૭ કલ્યાણ હાઉસ, શેખમેમન સ્ટ્રીટ.

**૨ શ્રી લીલાવતી બહેન દેવીદાસ**
ટે. નં. ૪૩૩૬૬, સરોજ વીલા, લેબર્નમ રોડ ગામદેવી.

**૩ શ્રી મેનાબહેન નરોત્તમદાસ હરજીવનદાસ**
ત્રીભોવન કેશવજી બીલ્ડીંગ, ૨૭૦, ફ્રીઅર રોડ.

**૪ શ્રી વેણીબહેન કાપડીઆ**
ટે. નં. ૨૩૪૩૬, મલબાર વ્યુ. ચોપાટી.

**૫ શ્રી જસુમતી બહેન મનુભાઇ કાપડીઆ**
૬૪, બંસીલાલ બીલ્ડીંગ, ગીરગામ.

**૬ શ્રી કાળીદાસ હરજીવન**
૧૯૫, જંગબારવાળો માળો, સેમ્યુઅલ સ્ટ્રીટ, માંડવી.

**૭ શ્રી છોટાલાલ ગીરધરલાલ**
હરિદાસ દામોદરનો માળો, જુની હનુમાન પહેલી ક્રોસ ગલી.

**૮ શ્રી તારાચંદ કોઠારી**
ટે. નં. ૪૪૪૩૨, મુંબાદેવીની બાજુએ.

**૯ શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડીઆ**
ટે. નં. ૪૨૫૯૩, ૪, બંસીલાલ બીલ્ડીંગ ગીરગામ.

**૧૦ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી**
ટે. નં. ૨૩૦૬૫, ૫૭૮, જગદીશ જામે જમશેદ રોડ,
માટુંગા, જી. આઇ. પી.

**૧૧ શ્રી હરિલાલ શંભુલાલ શાહ**
લલિત કુંજ, આસ્તિક સમાજ સામે, માટુંગા, જી. આઇ. પી.

**૧૨ શ્રી મણિલાલ મોકમચંદ શાહ**
ઠે. મેસર્સ આર. એમ. શાહની કું.
ટે. નં. ૨૫૬૦૨, ૮૧, નાગદેવી ક્રાસ લેન.

**૧૩ શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણી**
રામ નિવાસ, ઘાટકોપર.

**૧૪ શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતા**
ટે. નં. ૪૬૩૨૦ સોમજી બીલ્ડીંગ,
ત્રીજી કુંભારવાડા લેન, ગોળપીઠા.

**૧૫ શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ કાપડીઆ**
ટે. નં. ૩૩૮૮૨, સોનાવાલા બીલ્ડીંગ, મરીન ડ્રાઇવ.

# પ્રભુ પધાર્યા !

( સંસારી જીવનમાં સંતાન-પ્રાપ્તિ રોજ બરોજ બનતી એક સામાન્ય ઘટના છે. એ જ ઘટના કબીર જેવા અસામાન્ય મહાપુરૂષને ત્યાં નીપજતાં તત્કાળ તેઓ કેવું સંવેદન અનુભવે છે તે નીચે આપેલ કબીરના પદમાં બહુ સુન્દર રીતે વ્યક્ત કરવામાં આવ્યું છે. બાબુ ક્ષિતિમોહનસેન, કવિવર ટાગોરના અન્તેવાસી, શાન્તિનિકેતનના અધ્યાપક, અને કબીરના એક પ્રખર અભ્યાસી થોડા સમય પહેલાં અમદાવાદ આવેલા અને તેમણે કબીર ઉપર વ્યાખ્યાન આપેલું તેની શ્રી. કરૂણાશંકર માસ્તરે જે કાંઇ નોંધ લીધેલી તેમાંથી નીચેનો ભાગ અવતરિત કરવામાં આવ્યો છે. તે નોંધ દ્વારા સંતાનપ્રાપ્તિ વિષે આપણને એક નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ નોંધ પ્રકાશનાર્થે આપવા માટે પ્રબુદ્ધ જૈન શ્રી. કરૂણાશંકર માસ્તરનું ઋણી બને છે. **પરમાનંદ.**)

મહાત્મા કબીરને ત્યાં જ્યારે પુત્રજન્મ થયો તે દિવસે તેઓ સુતરનો બોજો માથે લઇ બજારમાંથી આવતા હતા. લોકોએ જતાં તેમને ખબર આપી કે "કબીર! તમારે ત્યાં પુત્રનો જન્મ થયો છે." કબીરે આ સમાચાર જેવા સાંભળ્યા કે તરત જ માથા ઉપરથી બોજો કોઇના ઓટલા ઉપર ઉતારી પુત્ર-મુખનું દર્શન કરતાં પહેલાં જ પુત્રના અંતરમાં બિરાજતા પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

એ પુત્રના આત્મામાં પરમાત્માનું દર્શન કરતાં મહાત્મા કબીરના મુખમાંથી નીચેની છ પંક્તિઓનો સ્વાભાવિક રીતે જ ઉચ્ચાર થઈ ગયો:-

**अहद मुसाफिर पहुना आया**
**धरो मंगल थाळ ।**
**घर आंगन की कदर भई है**
**राह भया गुलझार ॥१॥**
**जनम मरण में कदम तुम्हारा**
**अवश भया है काल ।**
**मेरा घरमें डेरा लगाया**
**पाया हम कमाल ॥२॥**
**कौनसी सेवा करी हौं तुमको**
**कौन करी हौं पूजा ।**
**पन्थ पन्थी घर एकहि है जी**
**भाव मिटा अब दूजा ॥३॥**

માનવ પુત્રના જન્મ સમયે ઉચ્ચારાયેલી આ અપૂર્વ ગંભીર અને મહાન વાણીનો ભાવાર્થ નીચે મુજબ છે.:—

"અનંત પદનો યાત્રાળુ મ્હારે ત્યાં મહેમાન થઇને આવ્યો છે. તેની આગળ મંગળ વસ્તુઓથી ભરેલો થાળ ધરૂં! મારા ઘરના આંગણાની કદર થઇ છે અને મારો રસ્તો ફુલોથી આચ્છાદિત થયો છે. જન્મ અને મરણવાળા સંસારમાં તમે તમારો પગ મૂકયો છે અને કાળ (યમરાજ) લાચાર બની ગયો છે. મારા ઘરમાં તમે મુકામ કર્યો છે અને મને 'કમાલ' પ્રાપ્ત થયો છે. તમારી હું શી સેવા કરૂં? કઈ પૂજા કરૂં? માર્ગ, મુસાફર અને ઘર એ ત્રણે એક જ બન્યા છે અને ભેદભાવ નષ્ટ થયો છે."

પુત્રજન્મ સમયે કબીરજીએ જે મહાવાણી ઉચ્ચારી તે જ વાણી શું આપણે આપણા પ્રત્યેક ઘરમાં પુત્ર જન્મ સમયે ઉચ્ચારવા યોગ્ય નથી? આપણા ઘરોમાં જે બાળકો છે તેઓ પણ શું અનંતના યાત્રિકો નથી? તે શું પરબ્રહ્મને પ્રાપ્ત કરવા નીકળેલા જીવાત્માઓ નથી? કોઈ પ્રવાસી કે યાત્રાળુ કોઇ ધર્મશાળામાં રાતવાસો કરે છે અને તે ધર્મશાળા કે પાન્થશાળા તે યાત્રીને તીર્થસ્થાને લઇ જવાને માટે એક સાધન બને છે, તેમ આપણું આ જીવન આપણને પરબ્રહ્મ તરફ અગ્રસર કરવાને માટે શું એક સાધનસમું નથી? આપણે આપણાં સંતાનને વસ્ત્રાલંકારથી શણગારીએ છીએ ખરાં, કિન્તુ તેમ કરવાથી તેઓ તેમના સમસ્ત જીવનનું જે સાધનીય સત્ય છે તે તરફ શું અગ્રસર થઇ શકે છે? વિશેષ કરીને તે સાધકને માટે આપણા ઘરને તેનું આશ્રયસ્થાન ગણીને પ્રભુએ તેને મોકલ્યું છે તો શું આપણે તેની સાધનાને સાચી રીતે ઉપયોગી-સહાયક નહિ થવું જોઇએ? તેનું સમસ્ત શિક્ષણ અને જીવનયાત્રા એવી રીતનાં રાખવાં જોઇએ કે તે એક દિવસ સમજી શકે કે "આ ગૃહ અને આ સંસાર જ અંતિમ લક્ષ્ય નથી, પરન્તુ તેની આગળ હજુ ઘણું બાકી છે. અને ત્યાં જ તેના જીવનના સર્વસ્વની પરિપૂર્ણતા છે." આપણે શું એ તીર્થયાત્રી સાધકને તેના લક્ષ્યથી ભ્રષ્ટ કરીશું? શું આપણે તેને લક્ષ્યભ્રષ્ટ કરતા નથી?

એક વાર એક બાઉલ સાધકને મેં પૂછયું, "તમને ગૃહસ્થ જીવનમાં કોઇ બાધા છે? તમે કેમ ગૃહસ્થ થતા નથી?" તેણે કહ્યું, "મારા ઘરમાં જે સાધક આવે તે સાધક સમસ્તને હું ઇશ્વરી માર્ગે પ્રતિદિન પ્રગતિમાન કરૂં એવી હજુ મારી સાધના નથી. જો સાધકને મારૂં ગૃહ એ માર્ગે પ્રગતિમાન કરાવવાને બદલે તેને એક કારાગાર પેઠે બદ્ધ કરે તો મારી સાધના શી? અને મારૂં ગૃહસ્થાશ્રમી થવું શા કામનું? જે તીર્થયાત્રી મારે ઘેર આવે તેને તેના પરમ લક્ષ્યતીર્થે લઇ જવાને બદલે હું સ્નેહ, આદર અને સ્વાર્થબુદ્ધિથી મારી પોતાની આજીવિકા કે યશ માટે કે અન્નધનની ઇચ્છાથી બાહ્ય ઉપાધિઓ વળગાડીને તેને લક્ષ્યભ્રષ્ટ કરૂં તો મારૂં ઘર તેને માટે કેવળ કારાગાર જ બન્યું ગણાય. તે દેવતાના કરેલા દ્રોહનું-તેને લક્ષ્યભ્રષ્ટ કરવાથી મારો જે અપરાધ થાય તેનું-પ્રાયશ્ચિત્ત સહસ્ર માળાતિલકથી, સહસ્રાવધિ નામજાપથી, પૂજા, આચાર, નિયમથી થઇ ન શકે. એટલા માટે હું મને પોતાને ગૃહસ્થાશ્રમી થવાને માટે યોગ્ય ધારતો નથી. તેથી જ વિધાતાના એ યાત્રિક માટે એ પરબ્રહ્મની તીર્થશાળા-પાન્થશાળા હજી મેં ખોલી નથી. આ સંસારાશ્રમ મારા ભોગને માટે નથી, કે મારા સંતાનને બાહ્ય દૃષ્ટિએ સુખી થવા માટે નથી. સંતાનને ખવરાવી, પીવરાવી આત્મતૃપ્તિ મેળવવી એ સંતાનપ્રાપ્તિનો હેતુ નથી. રાજધ્વજના દંડથી રાજા જેમ ઐશ્વર્યપતાકા ઉડાડે છે તેમ ઐશ્વર્ય, વેશ, આભૂષણો આદિથી તેનું અંગ શણગારીને મારો ઐશ્વર્ય પ્રકાશ કરવા માટે સંતાન-પ્રાપ્તિ નથી. એ બાળકનું અંગ એ સાધકનું સિંહાસન છે. કવચિત એ સિંહાસન સાધકનો ઘાત કરે એવો ભય થાય છે. હું કવચિત પુત્રહન્તા થાઉં એ ભયથી ગૃહસ્થ થતો નથી. અદ્ય પર્યન્ત મારી સાધનાપૂર્ણ થઇ નથી કે જેથી હું પુત્રને સાંસારિક મોહજાળોથી મુકત કરી શકું. જે દિવસે હું તેમ કરી શકીશ તે દિવસે કહી શકીશ કે 'વિધાતા! તમારા સન્તાનને મારી પાસે મોકલો. હવે હું ગૃહસ્થ-સાધનાનો પૂર્ણ અધિકારી થયો છું. હવે મારા ઘરમાં પ્રતિદિન આ સંસાર તેને સ્મરણ દેશે કે તેનું અત્ર આગમન આધ્યાત્મિક ઉન્નતિ અર્થે છે. મારા ઘરમાં એ વાત તે પ્રતિદિન અનુભવ કરશે કે તેનું અહિં આવવું આ વિશેષ સ્થાન અને વિશેષ કાલના ગુલામ બનવા માટે નથી, કિન્તુ નિત્યકાલના-સર્વ જગતના-સ્વામી બનવા માટે છે."

**બાબુ ક્ષિતિમોહન સેન**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૧

મુંબઇ: ૧ અકટોબર ૧૯૪૩ શુક્રવાર.

લવાજમ
રૂપિયા ૨

## એક પ્રતિસંવેદન

(લોકસાહિત્ય સમારંભના લેખમાં મેં જણાવ્યું હતું કે "ભાઇ મેઘાણીની સંવેદનભરી વાણી અનેક સુતેલા સંવેદનોને જાગૃત કરે છે." આવું એક પ્રતિસંવેદન નીચેના લેખદ્વારા આપણને અનુભવવા મળે છે. પરમાનંદ.)

મેઘાણીભાઇનું વ્યાખ્યાન સાંભળવા ગઇ ત્યારે મને ખ્યાલ નહોતો કે લોકસાહિત્ય ઉપર જનતા આટલી ગાંડી બનશે. પહેલાં મેઘાણીભાઇના ગીતો કોઇ કોઇ વાર સાંભળવા મળ્યા હતા; પરંતુ એ ગીતો સાથે એનો ઇતિહાસ તથા લોકોના જુના રીતરીવાજો એમના મોઢેથી સાંભળ્યા નહોતા. એ બધું બાળવયમાં અનુભવેલું, પરંતુ આજે ભુલાઇ ગયું હતું. એ બધું નિરસ અને ઉપયોગ વિનાનું છે એમ લાગતું હતું. મેઘાણીભાઇને હું જેમ જેમ સાંભળતી ગઇ એમ એમ મારી બા મને યાદ આવવા લાગ્યાં, મારૂં બાળપણ યાદ આવવા લાગ્યું, અને મને લાગ્યું કે મારી બા પાસેથી આવું ઘણુંયે શિખવાનું હતું જેનો મેં કાંઇ લાભ ન લીધો અને મારે ઘેર ગંગા વહેતી હતી તેની મેં કદર ન કરી. મારી બા પાસે ગીતોનો, વાર્તાઓનો, ઉખાણાઓનો, લગ્નના ગીતોનો ખુબ સંગ્રહ હતો. તેમજ દેશી દવાઓની પણ તેમની પાસે ખુબ માહીતી હતી. આ બધું મેં ઉતારી લીધું હોત તો કેવું સારૂં થાત? પણ એ વખતે મને એ ન સુઝ્યું, કારણ કે એ વખતે એવો જ ખ્યાલ હતો કે જુનું તદ્દન નકામું છે અને નવું આવે છે તે જ બહુ સૌરૂં છે. એમ જાણી એની કીંમત ન કરી અને જુનું ખોયું અને નવું પુરૂં આવ્યું નહિ. નવું જાણવાજેવું છે, ઉપયોગી પણ છે. એની સાથે જુનામાં પણ ઘણું જાણવાનું છે. જુના લોકો આપણી જેમ ભણીને ઇતિહાસ વાંચીને કે ગોખીને બધું યાદ નહોતા રાખતા, પરંતુ કામકાજથી પરવારી બપોરના કે રાતના વખતે અમને ગીતો શિખવતા, વાર્તાઓ કહેતા, ગીતો સંભળાવતા. એ ગીતો તદ્દન વેવલા જેવા ન હતા, પણ તેમાં ઇતિહાસ અને ઉંચી ભાવનાઓ ભરેલી હતી, એમાંના કેટલાક મેઘાણીભાઇએ સંભળાવ્યા હતા, અને તેનું રહસ્ય સમજાવ્યું હતું. મેં સાંભળેલા ગીતોમાંના કેટલાક નીચે મુજબ હતાં. મોટાં ખોરડાં, મોરબીની વાણીયણ, માધાવાવનો ગરબો, હરિશ્ચંદ્ર રાજાનો ગરબો, શંકર પાર્વતીનો ગરબો, વાંઝીયા મેણાંનો ગરબો, વેરણ ચાકરીનો ગરબો, તેજમલનો ગરબો. વણઝારાનો એક ગરબો મને યાદ છે. એની થોડી લીંટીઓ અહીંઆ ટાંકુ તો અસ્થાને નહિં ગણાય.

વણઝારા રે! સૌ કોઇ વણજે રે જાય,
તમે રે ઘરે બેઠાં શું? કરો વણઝારા હોજી!

વણઝારી રે! મારી ગાંઠે નહીં ગરથ,
મારી ગાંઠે નથી દોકડો વણઝારી હોજી!

વણઝારા રે આપું હૈયાનો હાર,
બીજું આપું તે પગનું ઝાંઝરૂ વણઝારા હોજી!

વણઝારાનું કુટુમ્બ છે. બધા વણજે જાય છે, જ્યારે એક દીકરો હીણકમાઉ છે, એટલે એની દરકાર કોઇ કરતું નથી, પરંતુ એની સ્ત્રી એને પ્રોત્સાહન આપી પોતાના પહેરવાના દાગીના આપીને વેપાર કરવા મોકલે છે. આ ગીત યાદ કરૂં છું ત્યારે અમારે ત્યાં અનાજનો મોટો વેપાર હતો અને વણઝારાની પોઠની પોઠો આવતી હતી તે યાદ આવે છે.

મારી બાને જશમા ઓડણનો, રાણકદેવીનો, ગુર્જરી માતાનો વગેરે ઘણા ગરબા આવડતા હતાં અને એ રીતે જુનો ઇતિહાસ અમને તેઓ જણાવતાં હતાં. બપોરના વખતમાં અમારે ભરવાનું કામ ચાલતું હતું. ગામડામાં કોઇ કોઇ ઠેકાણે હજુ પણ દીકરીને કરીયાવરમાં ભરત આપવાનો રીવાજ છે અને એ વખતે તો એ રિવાજ ઘણો પ્રચલીત હતો. દીકરી જન્મે ત્યારથી માં ભરવા માંડે અને સાથે સાથે વહુ દીકરી પણ ભરાવે અને મા પાસેથી ગીતો પણ શીખે. કેટલાક વખત પહેલાં અમે ગોપનાથ ગયાં હતાં. ત્યાં પણ એક ઘરડી ડોશી હતાં. તેમનું નામ સોનાબા હતું. એમની પાસે પણ લોકગીતોનો ભંડાર હતો. અમે એમની પાસે કેટલાંક ગીતો ગવરાવતાં હતાં અને જે ગીત બહુ ગમે તે ઉતારી લેતાં હતાં.

ગામડામાં બધા વરણો પરસ્પર ખુબ એકતા અનુભવતાં હતાં. મને યાદ છે કે અમારે ત્યાં બધા સાથે પુરી એકતા હતી. કુંભાર સાથે, હજામ સાથે, મુસલમાન સાથે, દરજી સાથે, ગરાસિયા સાથે અમુક જાતની સાંકળ હતી અમે બધા પાડોશી તરીકે પૂરા પ્રેમથી રહી શકતાં હતાં. એ આપણાં મંદિરમાં આવે. અમે એમના મંદિરમાં જઇએ. બધાના રીતરીવાજો જાણીએ અને બધાના સંસ્કારો લઇએ. એવી એ વખતની એકતા હતી. અમારી દુધવાળી ભરવાડણ જ્યારે આયંબીલની ઓળીની અમે નવ દિવસની તપક્રિયા કરતા, ત્યારે તે પણ અમારે ઘેર આયંબીલ કરવા આવતી અને અમે કરીએ તે બધી ધર્મક્રિયા તે કરતી. કોળી કોળણ કે ભંગી ઢેઢને પણ તોછડાઇથી બોલાવવાનો કે જેમ તેમ તરછોડવાનો રીવાજ નહોતો. આપણે ઉંચ નીચનો જે ભેદ પાડીએ છીએ તેવી-ઉંચા નીચાની આજે છે એવી-એ વખતે કલ્પના સરખીયે નહોતી. અમારી શેરી વાળનારો કાળો નામનો ભંગી હતો. એને અમે કાળાભાઇ કહીને બોલાવતાં હતાં. મારાં ભાભી એમને કાળાભઇજી કહેતાં અને એમની લાજ કાઢતાં. અમારી કુંભારણ હતી તે અમને આખું વરસ વાસણ આપે અને અમારે ત્યાંથી જ્યારે કોઇ પર્વ આવે ત્યારે અમે જે મીઠાઇ તૈયાર કરી હોય એમાંથી અમે તેનો ભાગ

કાઢી આપતા. એ ઉપરાંત તેને થોડા ઘણાં પૈસા પણ કદાચ આપતા હઇશું. પરંતુ કુંભારવાડે જઇ એના ઘરમાંથી ગમે એવાં નાનાં કોડીઆ, કુરડી, ઘડા, મોરીઆ વગેરે ઘરની જેમ અમે લઇ શકતાં. ન એ જરા પણ તોછડાઇ કરે કે ન અમારા વડીલો જરા પણ તેની સાથે કદિ તોછડાઇથી વર્તે. હજામ પણ કુટુંબના પુરૂષવર્ગની હજામત કરે, વાળ કાપે, એનું વરસોણુ બાંધી દીધું હોય તે લઇ જાય. એ અમારૂં કામ કરે અને અમે કાંઈ પણ પર્વ કરીએ એમાં એમનો ભાગ પાડીએ. આ રીતે મારૂં બાળપણુ જ્યાં મેં ગાળ્યું ત્યાંનો વ્યવહાર હતો.

અમે ખવાસના પાડોશમાં ભાડે રહેતાં હતાં, પરંતુ અમારો અને એમનો વ્યવહાર એક ઘર જેવો હતો. મારા પિતા હું આઠ વરસની હતી ત્યારે ગુજરી ગયા હતા, જ્યારે મારી બાની ઉમર લગભગ ૩૨-૩૩ વર્ષની હતી. અમે ત્રણ બ્હેનો અને એક ભાઇ એ મળીને ચાર હતા. મારી બાની નાની ઉમ્મર હતી. મારી મોટી બ્હેન પંદર વર્ષની હતી. અમારી આર્થિક સ્થિતિ ખુબ ઘસાઇ ગઇ હતી. આવી અમારી સ્થિતિ હોવા છતાં અમને એ કુટુંબની એટલી બધી હુંફ હતી કે જેથી મારી બાને એકલવાયાની ઉણપ કોઇ દિવસ લાગી નહોતી. એમને બાળકો નહોતાં. અમને જ પોતાનાં બાળકો જેવા તેઓ ગણતાં હતાં. કોઇપણ સારે પ્રસંગે અમને સાથે લઇ જતાં. રાજદરબાર સાથે એમને સારો સંબંધ હતો. ત્યાં પણ રાણીઓ પાસે અમને લઇ જતાં. રાણીઓનું જનાનાનું જીવન અમને એ રીતે જોવા મળતું. મને કવિતા ગાવાનો તેમજ સ્તવનો ગરબો ગાવાનો શોખ હતો. અમે રાણીઓ પાસે જતાં ત્યારે તેઓ અમને કોઇ કોઇ વાર ગવરાવતાં. આ રીતે બધી કોમ સાથે અમારો સંબંધ ગાઢ હતો. મુસલમાનો સાથે પણ અમારો સંબંધ હતો. એ લોકોના તાબુતના દીવસોમાં પણ હમેશાં અમે જોવા સાંભળવા જતાં હતાં. ગરીબ મુસલમાન સિપાઇ સિપારણનો પણ અમને પાડોશ હતો. ગરીબ સિપારણો અમારૂં કામ કરવા આવતી હતી. પૈસા-વાળા કુટુંબ સાથે ગરીબો જોડાયલા જ હતાં. ગરીબને પૈસાની ગરજ, પૈસાવાળાને કામની ગરજ. એમ છતાં પણ બધા વર્ગો પ્રેમની સાંકળે સંકળાયલા હતાં.

નવરાત્રીમાં ત્યાં ઘણી જગ્યાએ ગરબીઓ ગવાતી હતી. અત્યારે ગવાય છે કે નહીં તેની મને ખબર નથી. એ વખતે દરબારગઢમાં મોટી ગરબી થતી હતી. ત્યાં દરબાર, દીવાન વગેરે મોટા મોટા અધિકારીઓ લોકો સાથે મળીને ગરબી ગાતા. ગરબી ઘણું ખરૂં તો ત્યાં પુરૂષો જ ગાતા હતા. એ જોવા અમે જતાં હતાં અને મેઘાણીભાઇએ સંભળાવ્યું તેવું કેટલુંયે લોક-સાહિત્ય ત્યાં અમને સાંભળવા મળતું. અત્યારે મેઘાણીભાઇ જ્યારે ટેબલ ઉપર ઉભા રહીને લહેકા સાથે ગાય છે ત્યારે ત્યાંના ઠાકોરસાહેબ બાલસિંહજી જે એમના જેવડા જ ઠીંગણા હતા અને એમની જેમ જ ગાતા હતા એ યાદ આવે છે. ખવા-સણોના રાસડા પણ સાંભળવા મળતા અને મને બહુ ગમતા.

મારી બા પાસે જુની વાર્તાઓનો પણ ભંડાર હતો. નાનાં મોટાં બધાને વાર્તાઓ ગમે છે. આપણી પાસે આપણા બાળકોને સંભળાવવાને વાર્તાઓ નથી. વાર્તાઓ બાળકોને રસ ઉત્પન્ન કરે છે. મને યાદ છે કે અમે વીલેપારલેમાં દશ વર્ષ પહેલાં રહેતાં હતાં, ત્યાં મારી બા આવતાં. બધા છોકરાંઓ આવતાં અને મા પાસે વાર્તાઓ કહેવરાવતાં અને બધા રસપૂર્વક સાંભળતાં. આપણે ઘણું વાંચીએ છીએ, છતાં આપણી પાસે બાળકોને રમાડવા માટે કાંઇ નથી, જ્યારે આગળના લોકો ભણેલાં નહોતાં, છતાં બાળકોને વશ કરવાનો તેમની પાસે ઘણો ખજાનો હતો. એમણે બાળ-કેળવણીનો અભ્યાસ નહોતો કર્યો, છતાં તેઓ બાળકોને સારી રીતે ઉછેરી જાણતાં હતાં. બાળકોનું આરોગ્ય તેઓ સાચવતાં હતાં. પાડોશીઓ પણ દવાઓ માટે એમને પૂછવા આવતાં. આદર્શ માતા તરીકે એમની પાસેથી ઘણું જાણવાનું મળતું. મેઘાણીભાઇના વ્યાખ્યાનો સાંભળતાં મારાં બાળજીવનના કેટલાંય સ્મરણો જાગૃત થઇ આવ્યાં, જેમાંનાં કેટલાંક અહીં ટપકાવવાનો મેં પ્રયત્ન કર્યો છે.

વિજયાબ્હેન

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષે શ્રી. મુંબઇ જૈન યુવકસંઘે અને અમદાવાદ યુવકસંઘે પર્યુષણ વ્યાખ્યાનમાળાની યોજના કરી હતી. મુંબઇની વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીજબ મુજબ હતો.

| | | |
|---|---|---|
| ૧ | પંડિત સુખલાલજી | ભુલોની પરંપરા |
| | પંડિત મહેન્દ્રકુમારજી | સાધનધર્મ અને સાધ્યધર્મ |
| ૨ | શ્રી. ઇન્દુમતી મહેતા | સમાજ વ્યવસ્થા |
| | શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ | મારી માન્યતાઓ |
| ૩ | શ્રી. ખીમચંદ મગનલાલ વોરા | જીવન અને મૃત્યુ |
| | શ્રી. ઈન્દુમતી મહેતા | જીવનકળા |
| ૪ | શ્રી. શિવદત્ત જ્ઞાની | ભારતીત સંસ્કૃતિની જગતને દેણગી |
| | શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ | જહાંગીર અને જૈનો |
| ૫ | શ્રી. રામનારાયણ વિ. પાઠક | ધર્મ વિષે મારી દૃષ્ટિ |
| | શ્રી. મોતીચંદ ગી. કાપડીઆ | ભગવાન મહાવીર અને શ્રેણીક |
| ૬ | શ્રી. ચંદ્રશંકર શુકલ | વાલ્મીકી રામાયણ |
| | શ્રી. અમૃતલાલ સ. ગોપાણી | જૈન સંસ્કૃતિની રૂપરેખા |
| ૭ | શ્રી. ગોપાળરાવ કુળકર્ણી | ભગવદ્ ગીતા |
| | શ્રી. હંસાબહેન મહેતા | આપણી સંસ્કૃતિનો વારસો |
| ૮ | મુનિ જિનવિજયજી | જૈન સંઘનો વિકાસ |
| | પંડિત સુખલાલજી | જૈન દર્શન |

અમદાવાદ જૈન યુવક સંઘે યોજેલી પર્યુષણ વ્યાખ્યાન-માળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ભાઇલાલ શાહ | આનંદઘનજીના પદો |
| | શ્રી રામનારાયણ વિ. પાઠક | જીવનમાં સાહિત્યનું સ્થાન |
| ૨ | પંડિત લાલન | જૈન દૃષ્ટિએ માનવસામર્થ્ય |
| | પંડિત બેચરદાસ | પ્રશ્નાવલિ |
| ૩ | શ્રી જગદીશચંદ્ર ચેટરજી | જૈન ધર્મનું વિશ્વધર્મમાં સ્થાન |
| | શ્રી શીરીનબાઇ ફોજદાર | વિશ્વધર્મ |
| ૪ | શ્રી ભોગીલાલ જે. સંડેસરા | અમરચંદ્ર સૂરી |
| | ડો. હરિપ્રસાદ દેસાઇ | ધર્મ અને તત્વજ્ઞાનનો સાચો અર્થ |
| ૫ | શ્રી ધીરજલાલ ધ. શાહ | ચક્રવર્તી ખારવેલ |
| | શ્રી નવલરામ જ. ત્રિવેદી | જ્ઞાન અને કર્મ |
| ૬ | પ્રો. અનંતરાય મ. રાવળ | મતમતાંતર સહિષ્ણુતા |
| | શ્રી રવિશંકર મ. રાવળ | આધુનિક કળા |
| ૭ | શ્રી સારાભાઇ નવાબ | શિલ્પ સ્થાપત્ય |
| | શ્રી રતિલાલ મો. ત્રિવેદી | વિરોધોનો સમન્વય |
| ૮ | શ્રી ઇન્દુમતી મહેતા | યુગપરિવર્તન |

આ પ્રમાણે કલકત્તામાં પણ પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજ-વામાં આવતી હતી પણ તે પ્રવૃત્તિના મુખ્ય સંચાલકો શ્રી. વિજયસિંહ નહાર, શ્રી. ભેરવમલ સીંધી અને શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા રાજકારણને અંગે જેલવાસી હોવાથી આ વર્ષે કલકત્તા ખાતે પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજી શકાઇ ન હોતી

# રેશનરાહત લેવામાં સંકોચ શા માટે?

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘે રેશન રાહતની યોજનાને લગભગ એક પખવાડીયાથી અમલમાં મૂકી છે. એમ છતાં એ યોજનાના લાભ લેનારા હજુ બહુ જ ઓછા નોંધાયા છે. આનું ખરૂં કારણ એ નથી કે લોકોને આવી મદદની જરૂર નથી અથવા તો ધારવામાં આવે છે એવી તંગી લોકો અનુભવતા નથી; કારણ કે પાંચ છ જણનું કુટુંબ ધરાવનાર એક વ્યકિત આજે મહીને સો કે સવાસો રૂપીઆ કમાતી હોય તોપણ પોતાની પ્રાથમિક જરૂરિયાતોને પણ તે ઘણી જ મુશ્કેલીથી પહોંચી શકે એટલા બધા આજે ભાવો વધી ગયા છે. તપાસ કરતાં આમ બનવાનું એક જ કારણ માલુમ પડે છે કે મધ્યમ વર્ગના લેખાતા પણ જીવનનિર્વાહ સંબંધે ખરેખર પાર વિનાની મુંઝવણ ભોગવતા ભાઇઓને આવી યોજનાનો લાભ લેવામાં શરમ જ આડે આવે છે. 'આ તો ધરમાદાનો પૈસો કહેવાય. એ પૈસો આપણાથી કેમ લેવાય?' આ ખ્યાલથી જ આવી રાહત યોજનાનો લાભ લેતાં અનેક ભાઇઓ તથા બહેનો સંકોચાય છે. આ ભાઇઓ તથા બહેનોને અમારી આગ્રહભરી વિજ્ઞપ્તિ છે કે આ તેમની શરમ સંકોચના ખ્યાલો આજે યોગ્ય નથી આજે સમાજ બે વર્ગમાં વહેંચાયલો છે. એક વર્ગ પૈસેટકે સુખી છે અને આજની મોંઘવારી તેને જરા પણ મુંઝવતી નથી. બીજો વર્ગ ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં આવકજાવકના બે છેડા એકઠા કરી શકતો નથી. જેને તંગી નથી એ ભાઇ તંગી અનુભવતા ભાઇ કે બહેન તરફ હાથ લંબાવીને કહે છે કે 'આજે તમને મુંજવણ છે, આવતી કાલે કોને ખબર છે હું પણ એ મુંઝવણનો ભોગ બની જાઉં! ભાઇ પાસેથી ભાઇ કે બહેન કાંઇ લે છે એમાં કોઇ કોઇના ઉપર ઉપકાર કરતું નથી. આવતી કાલે તમારો હાથ જરા છુટો થાય અને હું મુંઝવણમાં આવું તો મારી પ્રત્યે અને નહિ તો એવા જ કોઇ પણ ભાઇ કે બહેન પ્રત્યે તમારો હાથ લંબાવજો, આ તો કોઈ ધરમાદો નથી! પણ એક પ્રકારની લોન જેવું છે કે જે જ્યારે શકય હોય ત્યારે બીજાને આવી મદદ કરીને તમે ભરપાઇ કરી શકો છો—એમ સમજીને પ્રસ્તુત યોજનાદ્વારા મળતી રાહતનો સ્વીકાર કરવામાં તમારે જરા પણ સંકોચ કરવાનું કારણ નથી' આ રીતે આ યોજનાનો લાભ લેવામાં સંકોચ અનુભવતા ભાઇ બહેનોને સમજાવવા લાગતાવળગતાઓને અમારી ખાસ વિજ્ઞપ્તિ છે.

કેટલાઇ ભાઇઓ એમ કહે છે કે આને બદલે આજે દુધ અને ઘી અથવા તો રેશન સિવાયનું બીજું અનાજ અથવા તો કાપડ સસ્તું મળે એવી કોઇ યોજના હાથ ધરી હોત તો તેનો લોકો વધારે લાભ લેત. આ સુચના બરોબર છે, પણ સંઘે અમલમાં મૂકેલી યોજના એવી છે કે જેનો બહુ સહેલાઇથી વહીવટ થઇ શકે અને જે દ્વારા મળતી રાહતને જોઇએ તેટલી વિસ્તારી શકાય. વળી આ રાહત પોતાના રેશનનું અનાજ લેવામાં મુસ્કેલી અનુભવતા ભાઇ બહેનો માટે જ છે એમ નથી, પણ આ રીતે બચતી રકમનો બીજી જરૂરિયાતની ચીજો ખરીદવામાં તેઓ ઉપયોગ કરી શકે તે હેતુ પણ આ યોજના પાછળ રહેલો છે. આ બાબત લક્ષ્યમાં લઇને બીજી રીતે પણ તંગી અનુભવતા ભાઇ બહેનો આ યોજનાનો પુરો લાભ લે એમ અમે ઇચ્છીએ છીએ. **વળી આ રેશન રાહતની યોજના ચાલુ રેશનમાં માત્ર પચ્ચીસ ટકાની જ રાહત આપે છે એમ નથી. જરૂર જણાય ત્યાં પંચાસ ટકા અને અસાધારણ કીસ્સામાં તેથી પણ વધારે રાહત મળી શકે એવી ગોઠવણ પ્રસ્તુત યોજનામાં રહેલી** છે. આ બધું ધ્યાનમાં લઇને આવતા પખવાડીઆમાં સો જૈન કુટુંબોનાં નામ જરૂર નોંધાઇ જશે એવી અમો આશા રાખીએ છીએ.

**રતિલાલ સી. કોઠારી**
મંત્રી, રેશન રાહત સમિતિ.

## રેશન રાહત વિષે

રેશન રાહત સમિતિમાં નીચે જણાવેલ બે વ્યકિતઓ ઉમેરવામાં આવેલ છે—અને રેશન રાહત સંબંધે ભલામણ કરવાની તેમને સત્તા આપવામાં આવી છે.

શ્રી. મણિબહેન ચંદુલાલ નાણાવટી
ટે. નં. ૮૬૦૯૦, 'અરૂણોદય,' લજપતરાય રોડ,
વીલેપારલે પશ્ચિમ.

શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન
સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ.

રેશન રાહત ફાળામાં શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠ મારફત રૂા. ૫૦૦ અને શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી રૂા. ૪૦૦ મળ્યા છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

## પારડી જીલ્લાની કુવા–પ્રવૃત્તિ

(સદ્દગત ડો. બહેરામ ખંબાતાએ પારડી જીલ્લામાં કુવાઓના અભાવે લોકોને વેઠવી પડતી પાર વિનાની હાડમારીઓ તરફ ધ્યાન ખેંચીને પ્રબુધ્ધ જૈન દ્વારા તે પ્રદેશમાં કુવાઓ બંધાવવા માટે દ્રવ્યની માંગણી કરેલી અને પ્રબુધ્ધ જૈનદ્વારા તેમને લગભગ સાડા સાતસો રૂપીઆ મોકલવામાં આવેલા. તે આખી પ્રવૃત્તિનો અહેવાલ તેમના પત્નીશ્રી તેમીના બહેને મોકલ્યો છે જે નીચે મુજબ છે. તંત્રી)

મારા પતિ સદ્દગત ડો. બહેરામ ખંબાતા સમક્ષ પારડી જીલ્લામાં આવેલ પલસાણા ગામના રહેવાસી ભાઇ ભગવાનજી ખંડુભાઇ જોશીએ પોતાના જીલ્લામાં જરૂરી કુવાઓના અભાવે પાણીની અસહ્ય તંગી ભોગવતા લોકોની કરૂણાજનક સ્થિતિનો જે ચિતાર રજુ કરેલો તે ઉપરથી પ્રેરણા લઇને તેમણે પારડી જીલ્લામાં કુવાઓ બાંધવા માટે મુંબઇની જનતા પાસે આજથી લગભગ પોણાબે વર્ષ પહેલાં આર્થિક મદદની માંગણી કરેલી તેના પરિણામે તા. ૧૦-૧-૪૨ થી તેમનું તા. ૧-૨-૪૩ ના રોજ અવસાન થયું ત્યાં સુધીમાં જુદા જુદા ઉદાર દિલના ભાઇ બહેનોએ અને તેમાં પણ મોટે ભાગે પારસી જનતાએ કુલ રૂા. ૧૭૮૪૪-૪-૦ તેમની ઉપર મોકલ્યા હતા. તેમાંથી ડુંગરીયા, કરાયા, દેગામ, આમરી, પાનીયા, ઉમરસાડી, સુખેશરામપુર, સોનવાડા, વલવાડા, ગોઇયા, વાઘછીપા, સારણ, સુખરાવપારડી, અકલાસ, અને કોલ્ક એટલાં ગામોમાં ૧૫ કુવાઓ બંધાવવા પાછળ કુલ રૂા. ૧૬૯૧૭-૮-૦ નું ખર્ચ કરવામાં આવેલ છે અને તેમ કરતાં વધેલ રકમ રૂ. ૯૨૬-૧૨-૦ માંથી રૂ. ૩૩૩-૪-૦ ભાઇ ભગવાનજીભાઇ પાસે પડયા છે અને રૂ. ૫૯૩-૮-૦ મારી પાસે છે. આ વધેલી રકમ ઉપર જણાવ્યા મુજબ બંધાયલી કુવાઓની જરૂરી મરામત પાછળ ખરચવામાં આવશે.

આ પ્રવૃત્તિ ચાલતી હતી તે દરમિયાન તા. ૭-૭-૪૨ ના રોજના કૈસરે હિંદમાં, પ્રબુધ જૈનમાં તેમજ અન્ય છાપાઓ રૂ. ૭૪૬૯-૪-૦ નાં દાન તેમજ રૂ. ૪૬૦૮-૨-૦ ના ખર્ચની વિગતોવાળો અહેવાલ ડો. ખંબાતાએ પોતે પ્રગટ કર્યો હતો. આ આખી પ્રવૃત્તિનો વિગતવાર હિસાબ દૈનિક છાપાઓમાં પ્રગટ કરવા હું ખુબ ઇન્તેજાર છું, પણ છાપાઓના કદ ઘટી જવાના કારણે તેમ જ તેમને પુષ્કળ સમાચારો છાપવાનું હોવાને લીધે એ શકય નથી. જે ભાઇ બહેનને આ બાબતની વધારે વિગતો જાણવાની ઇચ્છા હોય તે મને જાતે મળી જશે તો મને ઘણો આનંદ થશે.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

અકટોબર ૧ ૧૯૪૩


## ઘણું જીવો ગાંધીજી!

મહાપુરૂષોના જીવન રહસ્યના ચિંતનથી સામાન્ય માણસોને જીવન વિકાસમાં નવી પ્રેરણા મળે છે, તેથી જ મહાપુરૂષોની જયંતીઓ બધે ઉજવાય છે. પૂ. ગાંધીજીનો પંચોતેરમો જન્મદિવસ એજ દૃષ્ટિએ આજે ભારતભરમાં ઉજવાય છે. દુર્દૈવની વાત એટલી જ છે કે આ જયંતીના ઉત્સવ વખતે ગાંધીજી આપણી વચ્ચે હોવા છતાં આપણી વચ્ચે નથી. ગઇ ગાંધી જયંતીની જેમ આ જયંતી પણ ગાંધીજીને જેલના સળીયા પાછળ રાખીને જ રાષ્ટ્ર ઉજવશે. આ વાત હિંદુસ્તાનની જનતાને માટે જેટલી દુઃખપ્રદ છે તેટલી જ શરમાવનારી છે. પણ તેથી ગાંધીજીના મહાન વ્યક્તિત્વના સ્મરણનું મહત્વ ઘટતું નથી અને એ જ દૃષ્ટિએ એમની મહત્તાનું ઉડતું દર્શન કરવાનો પ્રયત્ન આ લેખદ્વારા કરવામાં આવ્યો છે.

ગાંધીજીનું વ્યક્તિજીવન જેટલું મહાન છે, તેટલું જ મહાન તેમનું રાષ્ટ્રજીવન પણ છે. ઘણા સંતમહંતો વ્યક્તિજીવનમાં ઘણી ઉંચી કક્ષાએ ચઢેલા હોય છે, પણ તેમનું સાર્વજનિક જીવન નહીં જેવું જ હોય છે. વ્યક્તિજીવનમાં ગાંધીજી એક મહાન સંત તરીકે જગતભરમાં પૂજાય છે, તેની સાથે સાથે જ તેમના ઉજ્જવલ સાર્વજનિક જીવનને લીધે આજે તેઓ દુનિયાના સર્વશ્રેષ્ઠ પુરૂષ ગણાય છે.

વિદ્યમાન મહાપુરૂષોમાં જ ગાંધીજીનું પહેલું સ્થાન અંકાય છે એમ નથી. પણ દુનિયાભરમાં થયેલા બધા જ મહાપુરૂષોમાં તેમનું સ્થાન ઘણું ઉંચું છે. દુનિયાના ઇતિહાસમાં કોઇ પણ મહાપુરૂષ પોતાનાં જીવતાં ગાંધીજીના જેટલો અનુયાયી વર્ગ મેળવી શક્યો નથી એ વાત ગાંધીજીની મહત્તા દર્શાવે છે. કોઇ પણ ધર્મસંસ્થાપકના જીવતાં તેનાં તત્ત્વોનો સંપૂર્ણ પ્રચાર થયેલો જોવામાં આવતો નથી. ધર્મસંસ્થાપકના અવસાન પછી જ તેના સિદ્ધાન્તોને માનવ સમાજ સ્વીકારે છે. ઇશુ ખ્રિસ્ત કે મહમદ પૈગંબરના જીવન જોતાં આ વાત જણાઇ આવે છે. ગાંધીજી એ બન્ને મહાપુરૂષોના અર્થમાં ધર્મસંસ્થાપક નથી, પણ તે ભારતવર્ષના એક મહાન દ્રષ્ટા પુરૂષ છે. ધર્મની વિશિષ્ટ પ્રણાલિ કે પંથ સ્થાપવાનો તેમનો હેતુ છે જ નહી. સમગ્ર માનવજીવનને સુખ અને શાંતિને પંથે લઈ જવાને તેઓ મથે છે. હિંદુસ્થાનની આર્થિક અને રાજકીય ગુલામીની શૃંખલાઓ તેમના માર્ગમાં વિઘ્નરૂપ છે, તેથી જ સમગ્ર દુનિયાનો શાંતિનો પ્રશ્ન કોરે મૂકીને તેઓ હિંદના સ્વાતંત્ર્યસંગ્રામના અજોડ સેનાપતિ બન્યા છે. રાજકારણ ગાંધીજીનું ક્ષેત્ર હોઈ શકે જ નહીં અને તેથી જ રાજકારણની પ્રચલિત વ્યાખ્યાને અનુસરતું રાજકારણ તેઓ ચલાવી શકયા નથી. ઉલટું ગાંધીજીના સંપર્કથી રાજકારણનું પ્રચલિત સ્વરૂપ બદલાઇને રાજકારણ એટલે સત્યાગ્રહ એવું સમીકરણ રાષ્ટ્રભરમાં સ્થાપિત થયું છે. રાજકારણના કાવાદાવા, જુઠાણાં, છેતરપિંડી અને મારામારીઓ ગાંધીજીના સત્યાગ્રહમાં નથી. તેમાં તો ઋજુતા છે, સત્ય છે, પ્રમાણિકતા છે અહિંસા છે. રાજકારણના ક્ષેત્રમાં ગાંધીજીનો આ મોટામાં મોટો ફાળો છે. હિંદુસ્થાનના રાજકારણી પુરૂષો ભલે ગાંધીજીને રાજકારણમાં ધર્મને દાખલ કરવા બદલ દોષ આપે, પણ ગાંધીજીના સંસર્ગથી હિંદુસ્થાનનું રાજકારણ ઘણુંજ તેજસ્વી પ્રભાવશાલી થયું છે, એમાં શંકા નથી.

હિંદુસ્થાનની સ્વતંત્રતા લોકોના બળ ઉપર આધાર રાખે છે, ગાંધીજીના નહીં. લડવૈયાનું લશ્કર હિંસક હો યા અહિંસક, લડતની જીતનો કે હારનો આધાર લશ્કરના બળાબળ ઉપર હોય છે. ગાંધીજીનો માર્ગ ભૂલભરેલો છે એમ કેટલાક માને છે; એટલુંજ નહીં પણ કેટલાક એમ પણ કહે છે કે ગાંધીજી હિંદના સ્વાતંત્ર્ય પ્રાપ્તિના માર્ગમાં આડખીલી રૂપ છે. આ બન્ને વિચારના લોકો સ્વાતંત્ર્યની લડતને ઓળખતા જ નથી. એમાં ગાંધીજીના માર્ગની ત્રુટી નથી કે ગાંધીજીના નેતૃત્વની ખામી નથી. આને માટે રાષ્ટ્રની નિર્બળતા જવાબદાર છે. એ નિર્બળતા જેટલા પ્રમાણમાં ઘટતી જશે, તેટલા પ્રમાણમાં હિંદની આઝાદી નજીક આવશે અને એ નિર્બળતાને ઘટાડવા માટે ગાંધીજીના માર્ગ જેવો બીજો અસરકારક એક પણ માર્ગ નથી. ગાંધીજીએ રાજકારણમાં પ્રવેશ કર્યા પછી આખા રાષ્ટ્રમાં જે નિર્ભયતા પેદા કરી છે, અને પરદેશી સત્તા વિષેનો જે તિરસ્કાર જાગૃત કર્યો છે, તેનો ઇનકાર ગાંધીજીના દુશ્મનોથી પણ થઈ શકશે નહીં.

હિંદુસ્તાનની સ્વતંત્રતાનો પ્રશ્ન કોરે મૂકીને ગાંધીજીના કાર્યનો વિચાર કરીએ તો ગાંધીજીની મહત્તા ઉડીને આંખે વળગે એવી સ્પષ્ટતાથી દેખાઇ આવે છે. પાછલા મહાન પુરૂષોએ વ્યકિતજીવનના વિકાસ માટે નવા નવા ધર્મ અને નવા નવા પંથ સ્થાપ્યા. વ્યકિતજીવનના વિકાસ દ્વારા સમાજજીવનમાં પણ વિકાસ થશે એવી એમની વિચારસરણી દેખાય છે. પણ ગાંધીજીએ વ્યકિતજીવન અને સમાજજીવન બન્ને માટેનો વિકાસનો માર્ગ સ્પષ્ટતાથી બતાવ્યો છે. ભગવાન બુદ્ધ અને મહાવીરપ્રભુએ વ્યકિતજીવનના વિકાસની દૃષ્ટિએ અહિંસાનો આદેશ આપ્યો; ત્યારે ગાંધીજીએ સમાજજીવનના વિકાસની દૃષ્ટિએ સમુહગત અહિંસાનો મહામંત્ર દુનિયાને આપ્યો છે. આ પહેલાં સત્ય એક વ્યકિતધર્મ હતો; પણ ગાંધીજીએ સત્યને પણ સમાજધર્મ બનાવ્યો છે. સત્ય અને અહિંસાનો સ્પષ્ટ માર્ગ માનવસમાજ આગળ મૂકીને ગાંધીજીએ ઇતિહાસમાં મહાન પરિવર્તન કર્યું છે. એક વખત ચર્ચામાં આજની સર્વશ્રેષ્ઠ વૈજ્ઞાનિક શોધ કઇ એ પ્રશ્નના જવાબમાં એક વકતાએ

---

મારા પતિએ શરૂ કરેલી કુવાઓ બંધાવવાની પ્રવૃત્તિને આગળ ચલાવવાની મને ઘણી હોંશ છે-કારણ કે તે જીલ્લાની કુવાઓની જરૂરિયાત હજુ ઘણી મોટી છે, પણ આજે બધી ચીજોના ભાવ ખુબ વધી ગયા છે અને ભાવ આપતે પણ સીમેન્ટ, ચુનો, પથ્થર વગેરે મેળવવાની ઘણી મુશ્કેલી છે તેથી આ પ્રવૃત્તિને હાલ આટલેથી જ સંકેલવા સિવાય બીજો કોઇ ઉપાય નથી.

આ કાર્યમાં દાન આપનારાં ભાઇ બહેનોનો, કુવાઓ બંધાવવાના કાર્યમાં સાથ આપનારા સરકારી અધિકારીઓનો તથા જુદા જુદા લોકલ બોર્ડોના પ્રમુખ તેમજ સભ્યોનો તથા ખાસ કરીને શ્રી. ભગવાનજી ખંડુભાઇ જોશી તથા તેમના પિતાશ્રી ખંડુભાઇ અખ્ખુભાઇ જોશી કે જેમની તનતોડ મહેનત અને સહકાર સિવાય આ કુવાઓ બંધાવવાનું શકય જ નહોતું તેમનો હું અંતઃકરણથી આભાર માનું છું.

તા. ૨૦-૯-૪૩ **તેમીના બહેરામ ખંબાતા.**

બેલ્વેડીયર, ચર્ચગેટ રેકલેમેશન

જવાબ આપ્યો, "ગાંધીજીની અહિંસા". આ જવાબ ખરેખર સાચો છે. ગાંધીજીની અહિંસા એક મહાન વૈજ્ઞાનિક શોધ છે.

સાર્વજનિક કામ કરનાર માણસોનું ચારિત્ર્ય સો ટચના સોના જેટલું શુદ્ધ હોવું જોઇએ એવો નિષ્ઠુર આગ્રહ ગાંધીજીએ રાખ્યો છે, તેથી જ હિંદના સાર્વજનિક કાર્યોમાં ચારિત્ર્યબળવાળા ત્યાગી સેવકોની મોટી સંખ્યા આપણને જોવા મળે છે. પાવિત્ર્ય એ ગાંધીજીનો પ્રાણ છે. પોતાનામાં રહેજ પણ મલીનતા તેઓ સાંખી શકતા નથી. પોતાની નાનકડી ભૂલ માટે પણ તેઓ પોતાની જાતને ભારે સજા કરે છે. તેથી જ તેમના અનુયાયી વર્ગમાં ચારિત્ર્યહીન સેવકો ટકી શકતા નથી.

લોકો કહે છે કે ગાંધીવાદ અવ્યવહારૂ છે, અહિંસા અશકય છે. પણ કોઇ પણ નવા તત્વને કે સિધ્ધાન્તને પ્રયોગ માટેનો પૂરતો અવકાશ આપ્યાં વગર જ તેને માટે અભિપ્રાય આપવો એમાં અવિચાર રહેલો છે. ગાંધીજીનો પ્રયોગ હજી બાલ્યાવસ્થામાં છે. માનવ સમાજની ચાલતી જીવનપ્રણાલિમાં તે પ્રયોગ સદંતર ક્રાન્તિ કરાવવાં મથે છે. હજારો વર્ષથી જડ ઘાલીને બેઠેલી માન્યતાઓને–પ્રથાઓને ઉથલાવી નાખવાની હામ તે પ્રયોગે ભીડી છે એટલે તે પ્રયોગને પૂરતો સમય આપ્યા વગર તેને વિષે અભિપ્રાય બાંધવો એ ભૂલભરેલું છે.

ગાંધીજી હિંદુસ્થાનમાં જન્મ્યા છે, તે છતાંય તેઓ વિશ્વ-પુરૂષ છે. દરેક મહાપુરૂષના ક્રાન્તિ કાર્યમાં તેનો વિરોધ થાય છે તેમ ગાંધીજીને પણ આજે થાય છે. સત્યની સામે અસત્યના બળો હમેશા ઝઝુમે છે, છતાંય અંતે સત્યનો જ વિજય થાય છે એમ દુનિયાનો ઇતિહાસ પોકારી પોકારીને કહે છે. ઇશુ ખ્રિસ્તના શરીર જખમોમાંથી વહેતાં લોહીએ જ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો. ગાંધીજીએ પોતાની સત્ય સાધનામાં અનેક વિરોધ સહ્યા છે, કારાવાસ ભોગવ્યા છે. પણ અન્તે આ બધા વિરોધી બળો તેમના સત્યના તેજ આગળ ઓગળી જશે અને ગાંધીજીના સિદ્ધાન્તોની પાવન સરિતા સમગ્ર વિશ્વને પાવન કરતી દુનિયાભરમાં ફેલાશે.

રામાયણમાં ચીતરેલી પ્રજા રાજા રામને લાયક ન હતી એમ કવિશ્રેષ્ઠ વાલ્મિકીએ બતાવ્યું છે. હિંદની પ્રજા ગાંધીજીને લાયક છે કે નહિં તે ઇતિહાસ બતાવી આપશે. આપણુ સર્વેનું કર્તવ્ય એજ હોઇ શકે કે આપણે એ મહાપુરૂષને લાયક બનીએ. ખાસ કરીને આપણા માટે આજે પંચોત્તર વર્ષની ઉમરે જ્યારે તેઓ કારાવાસના એકાંતના કષ્ટ ઉઠાવી રહ્યા છે ત્યારે એ આપણી ફરજ વધુ સ્પષ્ટતાથી આપણને જણાવવી જોઇએ.

આજે દેશભરમાં જ્યારે દુઃખની જ્વાલા સળગી ઉઠી છે, બંગાળામાં ભૂખનો રાક્ષસ જ્યારે તાંડવ નૃત્ય ખેલી રહ્યો છે, આપણા અસંખ્ય ભાઇ બ્હેનો જ્યારે લાચાર દશામાં મરણ શરણ થઇ રહ્યા છે, ત્યારે ગાંધીજી આપણી વચ્ચે હોય તો આ સંકટમાં કેવી રાહત મળે એવા વિચાર બધાને આવે એ સ્વાભાવિક છે અને આવે વખતે સરકાર ગાંધીજીને મુક્ત નથી કરતી તે માટે સરકાર પ્રત્યે ક્રોધની લાગણી પણ બધાને થાય છે. પણ આપણે સમજવું ઘટે છે કે ગાંધીજી જેલમાં છે તે સરકારના પાશવી બળને લીધે નહિ, પણ આપણી પોતાની નિર્બળતાને લીધે. કોઇ પણ શક્તિશાળી પ્રજાના એક માત્ર નેતાને જેલમાં પૂરવાની શક્તિ કોઇપણ સલ્તનતમાં હોઇ શકે જ નહિ.

ગાંધીજીના આ જન્મદિવસે આપણે બધા એમની લાંબી જીંદગી માટે પ્રાર્થના કરીએ અને પ્રતિજ્ઞા લઇએ કે ગાંધીજીનો આદર્શ ઝીલવાનો સાચો પ્રયત્ન આપણે કરીશું તો જ ગાંધીજીની જયંતી ઉજવ્યાનો અર્થ છે.

**ઘણું જીવો ગાંધીજી!**

**ગોપાળરાવ કુલકર્ણી.**

# કેટલાક સમાચાર અને નોંધ

## મુનિશ્રી ત્રિલોકચંદ્રજી મહારાજનો સ્વર્ગવાસ

તા. ૧૮-૮-૪૩ (શ્રાવણ વદ ૩)ના રોજ મુનિવર શ્રી. ત્રિલોકચંદ્રજી કાળધર્મને પામ્યા. તેમની સાથે સીધા પરિચયના અભાવે તેમના વિષે કાંઇ પણ સ્વતંત્ર નોંધ લખું તે કરતાં 'કુમાર' માસિકમાં આવેલી નોંધ અવતરિત કરવાથી તેમના પ્રતિભાપૂર્ણ જીવનનો વધારે સારો ખ્યાલ આવશે. કુમારના તંત્રી જણાવે છે કે "યોગનિષ્ટ મુનિવર શ્રી. ત્રિલોકચંદ્રજી મહારાજ દિવંગત થયાના સમાચારે તેમના પરિચયમાં આવેલા અનેક યુવાનો તથા નરનારીઓને પોતાને પડેલી ખોટથી ભારે ગ્લાનિ ઉપજાવી છે. એઓશ્રી સ્થાનકવાસી જૈન સંપ્રદાયના સાધુવર્ય હોવા છતાં પરમ ભારતી-ભક્ત હતા, અને ધર્મના આડંબરો તથા મર્યાદાઓને બાજુએ રાખી, અપાર વાત્સલ્ય તથા સરળતાથી અનેક સંપ્રદાયના સાધુ, સંન્યાસી, બ્રાહ્મણ કે ગૃહસ્થ તેમ જ ઇસાઇ, પારસી વગેરે અન્ય કોમના માણસોના પણ પરમ મિત્ર અને સહાયક બન્યા હતા. તેમની મોટી અભિલાષા હતી કે વાત્રકના કાંઠે શ્રી ઉત્કંટેશ્વર (ઊંટડીઆ) મહાદેવના મંદિર આગળ સર્વ વર્ગના ઉપયોગમાં આવે એવું એક સંસ્કૃતિધામ વસાવવું, ત્યાં યોગ અને જ્ઞાનના અભ્યાસીઓ માટે નિવાસ, રસોડું, દવાશાળા, અન્નાલય આદિ ઉભાં કરવાં, ગ્રામજનતા માટે એક ઉદ્યોગશાળા સ્થાપવી, અને દેશના કોઇપણ સ્થિતિના આત્મોન્નતિવાંછું માટે અતિથિગૃહ નિભાવવું. આવો મહાન પુણ્યહેતુ સાધવા તેમણે ત્યાં યોગાશ્રમની સ્થાપના પણ કરી હતી, અને તેની આસપાસ જમીનનો મોટો વિસ્તાર રોકયો હતો. સાધન સામગ્રીવાળા એ કુશાદે મકાનમાં લગભગ દશેક હજાર જેટલાં પુસ્તકોનો સંગ્રહ પણ કર્યો હતો."

## યોગનિષ્ટ શ્રી શાન્તિવિજયજીનું પરલોકગમન

યોગીરાજ શ્રી. શાન્તિવિજયસૂરીના તા. ૨૪-૯-૪૩ ના નીપજેલ અકાળ અવસાનથી જૈન સમાજમાં એક વિશિષ્ટ વ્યક્તિની ખોટ પડી છે. શ્રી શાન્તિવિજયજી મોટે ભાગે આબુમાં રહેતા અને મારવાડમાં વિચરતા. તેઓ એક યોગી અને સિદ્ધ પુરૂષ લેખાતા હતા અને તેમનો પ્રભાવ બહુ જ વિશાળ અને વ્યાપક જનસમુદાય ઉપર પડેલો હતો. અનેક રાજા મહારાજાઓ, દીવાનો તેમજ ધનવાનો તેમના અનુયાયી હતા. સૌ કોઇને તેઓ શાન્તિ અને સમભાવનો ઉપદેશ આપતા હતા. અનેક લોકો તેમના વિષે અપૂર્વ શ્રધ્ધા અને ભક્તિભાવ ધરાવતા હતા અને અનેક દુઃખી મુંઝાયલા દાઝેલા માનવીઓના તેઓ એક રાહત-કેન્દ્ર હતા. રબારી કુટુંબમાં તેમનો જન્મ થયો હતો અને નિશાળનું કશું ભણતર તેમને મળ્યું નહોતું. આવી સાધારણ કક્ષામાંથી આટલી ઉચ્ચ કક્ષાને અથવા તો પ્રભુતાને પ્રાપ્ત કરનાર માનવીઓ આ જગતમાં વિરલ જોવામાં આવે છે. આજના સાધુસમાજમાં પણ તેમનું સ્થાન અને વ્યક્તિત્વ બહુ જ નિરાળું હતું. પરમાત્મા તેમને પરમ શાન્તિ અર્પો!

## અનેક તુતોમાં એક વધારે તુત

લોર્ડ હેલીફેક્સ જેઓ આજે અમેરિકા ખાતે બ્રીટનના એલચી છે અને જેઓ કેટલાંક વર્ષ પહેલાં હિંદના વાઇસરોય હતા–કે જ્યારે તેઓ લોર્ડ ઇરવીનના નામથી ઓળખાતા હતા–તેઓ જણાવે છે કે "જેઓ હિંદુસ્તાન અસંતોષ અને બળવાથી ઉકળતો એક દેશ છે એવો ચિતાર રજુ કરે છે તેઓ પોતાની જાતને જ પુછે કે શાન્તિના વખતમાં થોડા હજાર સીવીલીયનો અને ૬૦૦૦૦ નું અંગ્રેજી લશ્કર લગભગ ૪૦ કરોડ માનવી-

ઓને તેમની ઇચ્છાવિરૂદ્ધ કાબુમાં રાખી શકે ખરા? ખરી હકીકત એમ છે કે મોટે ભાગે હિંદુસ્થાનનો વહીવટ હિંદીઓ જ ચલવે છે અને હિંદનું રક્ષણ પણ હિંદીઓ જ કરે છે, અને જો કે ત્યાંના સરકારી વહીવટની ખુબ ટીકાઓ થાય છે અને તેની સામે એક સક્રિય વિરોધ પક્ષ છે એમ છતાં પણ સમસ્ત પ્રજાગણની સંમતિપૂર્વક જ મોટે ભાગે એ સરકારી વહીવટ ચાલે છે.”

આજ કાલ આ દુનિયામાં અને ખાસ કરીને આજના વિગ્રહક્ષુબ્ધ જગત્‌માં અનેક તુતો ચાલી રહ્યા છે. આ બધા તુતોનો એક સર્વસામાન્ય આશય હોય છે કે પોતાની કે પારકી ભોળી પ્રજામાં પોતા વિષે પક્ષપાત કેમ કેળવવો અને વિરોધી પક્ષ વિષેના અભાવને કેમ વધારવો. દા. ત. ધરી રાજ્યો આ દુનિયામાં નવી રચના ઉભી કરવાનો દાવો પોકારી રહ્યા છે; જાપાન ‘એસીયાઆસીઓ માટે જ એસીઆ’ એવી એક બુમ ચલાવી રહેલ છે. મિત્રરાજ્યો હાલતાં ચાલતાં દુનિયા સમક્ષ ‘ડેમોક્રસી’ (લોકશાસન) ને જ આગળ ને આગળ ધરી રહ્યા છે. હિંદુસ્થાનની પ્રજાને અંગ્રેજી રાજ્યવહીવટ પ્રત્યે કેટલો પ્રેમ અને સંતોષ છે એ સૌ કોઇ જાણે છે. એમ છતાં અમેરિકાની પ્રજા માટે લોર્ડ હેલીફેકસ ઉપર જણાવેલ વિચારો ફેલાવી રહ્યા છે. તેઓ જે પ્રશ્ન પૂછે છે તેની સામે ઉત્તરરૂપે ઉલટ પ્રશ્ન એમ પુછાવો જોઇએ કે પારકી સત્તાની ગુલામી રાજીખુશીથી સ્વીકારે એવી કોઇ પણ પ્રજા આ ભૂતળમા સંભવે ખરી? મંચુરીઆ અને ચીનના ઘણા મોટા ભાગ ઉપર આજે જાપાનીઝ સત્તાનો અમલ પ્રવર્તે છે તે અમલ શું તે તે પ્રજાની રાજખુશી ઉપર અવલંબે છે? યુરોપના મોટા ભાગ ઉપર જર્મનીએ પોતાની સત્તા ઠોકી બેસાડી છે તેથી શું તે તે દેશની પ્રજા અભિમાન અને ગૌરવ અનુભવે છે? હતભાગી હિંદ ઉપર અંગ્રેજ સત્તાનો અમલ ચાલી રહ્યો છે. એકતાનો અભાવ, પ્રજાની નિઃશસ્ત્રતા વ્યાપક ભીરૂતા, આઝાદી માટે આવશ્યક બલિદાન વૃત્તિનો અભાવ અને સરકારની ભેદક રાજનીતિ–આવાં અનેક કારણોને આ વસ્તુસ્થિતિ આભારી છે. વળી જ્યારે હિંદનો રાજ્યવહીવટ ઘણું ખરૂં હિંદીઓથી જ ચાલે છે એમ જ્યારે લોર્ડ હેલીફેકસ કહે છે ત્યારે કેવળ હસવું જ આવે છે. જો આમ હોય તો હિંદની રાજકીય મડાગાંઠનો આમ નિકાલ કરો અને તેમ નિકાલ કરો એવી દેશ પરદેશ અને ચોતરફ ચાલી રહેલા આવડા મોટા ઉહાપોહનો અર્થ શો? પછી તો મડાગાંઠ જેવું હિંદમાં કશું સંભવી જ કેમ શકે? અલબત્ત હિંદી રાજ્યવહીવટને હીંદીઓના સહકાર સાથે ઘણો જ મોટો સંબંધ છે. પણ એ સહકાર શેઠને મળતા નોકરના સહકાર જેવો છે; પેટીઆ માટે મજુરી કરતા મીલ મજુરો મીલ માલેકને આપે છે તેવો તે સહકાર છે. હિંદી રાજ્ય વહીવટ જગન્નાથજીના વિરાટ રૂપ જેવો છે. એ રથની ધુંસરીએ હજારો હિંદી બળદો જોતરાયલા છે, પણ એ રથનું સારથિકૃત્ય સંપૂર્ણપણે અંગ્રેજોના હાથમાં જ છે. પરદેશી પ્રજા લોર્ડ હેલીફાકસના કથનથી જરૂર ભોળવાશે, પણ જેને ધુંસરીનો ભાર અને યાતના વેઠવી પડે છે તેમને તો આ બાબતમાં ભોળવાવાપણું છે જ નહિ.

## હિંદી પ્રધાન અને બંગાળાનો ભુખમરો

બંગાળાને ભરખી રહેલા, ભુખમરાનાં કારણો રજુ કરતાં હિંદી પ્રધાન એમરી જણાવે છે કે “બંગાળામાં થયેલો ચોખાનો ઓછો પાક, બર્માના ચોખાની આયાતબંધી, પાંચ કરોડ ખેડુતોએ પોતાના પાકનો કેટલોક ભાગ સંઘરી રાખ્યો તે અને સાથે સાથે વ્યાપારીઓએ કરેલો સંગ્રહ તેમજ પ્રાન્તિક તથા રાષ્ટ્રીય હિતોની અથડામણી અને સ્થાનિક વહીવટની કેટલીક ત્રુટિઓ–આ બંગાળામાં ઉભી થયેલી વર્તમાન પરિસ્થિતિનાં કેટલાંક કારણો છે.”

આ કારણોની રજુઆત એવી રીતે કરવામાં આવી છે કે તે વાંચનારને એમ જ લાગે કે બંગાળાની વર્તમાન આફતની જે કાંઇ જવાબદારી હોય તે માત્ર હિંદીઓની જ છે અથવા તો જે ઘટના ઉપર પોતાનો કશો કાબુ ન રહ્યો તેનું જ પરિણામ છે. અંગ્રેજી વહીવટકર્તાઓને આની સાથે કશી નીસબત નથી. દા. ત. બર્મા ગયું અને ચોખા આવતા બંધ થયાં તો પછી અંગ્રેજ સરકાર શું કરે? વળી ગયે વર્ષે ચોખાનો પાક જ બહુ ઓછો થયો–જો કે આ ખબર તદ્દન નવા જ છે, આજ સુધી તો ગયે વર્ષે આખા હિંદુસ્થાનમાં અને તેમાં પણ બંગાળામાં બહુ જ સારો પાક થયો છે એમ આપણે જાણતા અને માનતા હતા–પણ આજે તો એમેરી સાહેબ કહે છે તે જ સાચું હોઇ શકે એ ન્યાયે જો ચોખાનો પાક બંગાળામાં ઓછો થયો હોય તો પછી અંગ્રેજ સરકાર શું કરે? વળી બંગાળાના પાંચ કરોડ ખેડુતો પોતાના પાકને બજારમાં વેચવા ન કાઢતાં સંઘરી જ રાખે તો પછી લોકો ભુખે જ મરેને? એમાં અંગ્રેજ સરકાર શું કરે? આશ્ચર્યજનક તો એ છે કે આ જ ખેડુતો આજે ભુખમરાના ભોગ થઇને હજારોની સંખ્યામાં મૃત્યુમુખમાં હોમાઇ રહ્યા છે તો પછી તેમનું સંઘરેલું અનાજ ગયું કયાં? સંભવ છે કે બંગાળાના પાંચ કરોડ ખેડુતોને ‘ચમડી તુટે પણ દમડી ન છુટે’ એ કહેવત પ્રમાણે મરવું બહેતર છે, પણ સંઘરેલું અનાજ તો કાઢવું જ નહિ એવી મૂઢ મનોદશા ઘેરી રહી હોય! આ ઉપરાંત આજે તો પ્રાન્ત પ્રાન્તમાં હિંદીઓને સ્વરાજ્ય આપવામાં આવ્યું છે, તેથી કોઇ પ્રાંતના હિંદી વહીવટદારો આખા દેશના સુખદુઃખનો વિચાર બાજુએ રાખીને પોતાના જ પ્રાન્તનો આર્થિક લાભ વિચાર્યા કરે અને બંગાળા જેવી અનાજની તંગી ભોગવતા પ્રાન્તને જોઇતું અનાજ જરૂર ટાણે પુરૂં ન પાડે તો પછી અંગ્રેજ સરકાર શું કરે? અને વિશેષમાં વર્તમાન દુર્દશા નિપજવામાં બંગાળા સરકારની વહીવટી ભૂલો અમુક અંશે કારણભૂત હોય તો તે વહીવટ તો હિંદી પ્રધાનમંડળ ચલવે છે. તેથી આમાં પણ અંગ્રેજ સરકાર કોઇ રીતે દોષપાત્ર ઠરતી જ નથી. બંગાળાના ગવર્નરની જોહુકમી અને મધ્યસ્થ સરકારે પોતાના એજન્ટો મારફત કરેલી બંગાળાના જથ્થાબંધ અનાજની ખરીદી વિષે ફઝલુલ હકક અને શ્યામપ્રસાદ મુકરજીએ કરેલાં નિવેદનો એમરી સાહેબ બરોબર જાણે છે, પણ પાર્લામેન્ટને કે દુનિયાના અન્ય દેશો એ બધું જાણતી નથી, તેથી એમેરી સાહેબ આજે ફાવે તેવા ખુલાસાઓ કરી શકે છે.

## મુસલમાનોને જ મદદ!

જ્યારે બંગાળામાં ભુખમરાનો દાવાનળ ફાટી નીકળ્યો છે અને સંખ્યાબંધ માણસો હિંદુઓ અને મુસલમાનો–હોમાઇ રહ્યા છે ત્યારે જનાબ ઝીણા મુસલમાનોને જ મદદ કરવાની અપીલ બહાર પાડે છે, પોતે રૂ. ૧૦૦૦ ભરે છે, અઢાર હજાર લગભગ એકઠા કરે છે અને તેના પહેલા હફતા તરીકે રૂ. ૩૦૦૦ કલકત્તા મોકલી આપવામાં આવે છેઃ પાકીસ્તાન નીચે આવતી લઘુમતીઓ તો બાજુએ રહી, પણ પોતાની બહુમતી કોમની જનાબ ઝીણા આવી જ સંભાળ લેશે કે? કોમીવાદ અને પાકીસ્તાનવાદમાં એવું તો શું કાતીલ ઝેર ભર્યું છે કે જે માનવતાને પણ મૂળમાંથી ગાળી નાંખે છે?

**પરમાનંદ**

# ખોરાક

( ગતાંકથી ચાલુ )

**ચરબી, સ્નિગ્ધ પદાર્થ FAT.**

જેમ એક તૈયાર થયેલા ઇન્જીનમાં જ્યાં સુધી બળતણ (કોલસો કે તેલ) નથી હોતું, ત્યાં સુધી ગમે તેવી શક્તિ હોય તો પણ તે કંઇ કાર્ય કરી શકતુ નથી, તેમ પ્રોત અને ક્ષારની મદદથી તૈયાર થયેલા શરીરમાં પણ જ્યાં સુધી ઉષ્મા આપનાર બળતણ ન હોય ત્યાં સુધી તે પણ કંઇ કાર્ય કરી શકતું નથી. આ બળતણ આપણા શરીરમાં કુદરત બે ઘટકો દ્વારા પુરું પાડે છે. એક ચરબી અને બીજી સાકર કે કાંજી દ્વારા. ઉપરાંત શરીરમાં રહેલું વધારાનું પ્રોત પણ બળતણ તરીકે જ વપરાય છે.

ચરબી બે જાતની છે. **વનસ્પતિજન્ય ચરબી** અને **પ્રાણીજન્ય ચરબી**. માખણ, ઘી, અને માંસમાં રહેલી ચરબી પ્રાણીજ ચરબી છે અને બીયામાંથી નીકળતા તેલો, અનાજ, શાકભાજી, ફળો, મધ અને મેવામાંથી મળતું તેલ વનસ્પતિજન્ય ચરબી છે. જવ, બાજરી, કઠોળ, ચણા, ગાજર, તાજી ભાજી અને કોબીજ વિગેરેમાં સારા પ્રમાણમાં ચરબી હોય છે. છડેલા ચોખા, અને ઘઉંમાં ઓછા પ્રમાણમાં અને મકાઇ, તાજા લીલા શાકભાજી, ફળ, સાબુદાણા કે કંદના આટામાં નામની જ હોય છે. વટાણામાં તે હોતી જ નથી. પણ સોયાબીન તેમાં અપવાદરૂપે છે. ચરબી આપણા શરીરના અમુક ભાગોમાં, અસ્થિની અંદરના ગાભામાં અને ચામડી નીચે એકઠી થઇ ખપ વખતે ઉપયોગમાં આવે છે. બંન્ને જાતની શરીરની ઉષ્મા માટે સરખી ચરબી ઉપયોગી છે જ પણ પોષણની દૃષ્ટિએ તેમ નથી. પ્રાણીજ ચરબી બન્નેમાં વધુ પોષણ આપનારી છે. કારણ કે તેમાં જીવનતત્ત્વો Vitamin A.D. કે જેનાથી માણસનું શરીર સશક્ત બની વિકાસ પામે છે તે મોટા પ્રમાણમાં હોય છે જ્યારે વનસ્પતિજન્ય ચરબીમાં તે બહુજ ઓછા બલ્કે નહિવત હોય છે. કેટલાએક તાજાં તેલોમાં થોડા પ્રમાણમાં જ તે તત્ત્વો હોય છે, પણ તેને જમાવી ઘી કે માખણ જેવાં બનાવવા જતાં તેમાં રહેલાં રડયાં ખડયાં વીટામીનો પણ નાશ પામી જાય છે. શરીરને ગરમી અને પોષણ આપવાની જે શક્તિ શુદ્ધ ઘી કે માખણમાં છે તે શક્તિનો વેજીટેબલ પ્રોડક્ટ કે માર્ગેરીન માં સદંતર અભાવ હોય છે.

આપણા શરીરમાં ચરબીના નીચે મુજબ ઉપયોગ છે.

(૧) શરીરને ઉષ્મા માટે બળતણ અને પોષણ માટે જીવનતત્ત્વો A. D. પુરાં પાડવા માટે.

(૨) ખોરાકમાં સમાયેલો ચુનો પાચન કરવા માટે.

(૩) જઠર અને આંતરડાની અંદરના મુલાયમ ભાગને સ્નિગ્ધ રાખી રક્ષણ આપવા માટે.

(૪) ચામડી નીચે એક જાતનું સુંવાળું પડ બનાવી ગરમી ટકાવવા કેટલાએક અવયવોનું રક્ષણ કરવા માટે અને શરીરના તન્તુઓને મજબુત કરી શરીરને ઘાટીલું રાખવા માટે.

(૫) સાંધાઓને સ્નિગ્ધ રાખી, ઘર્ષણથી થતો ઘસારો અટકાવવા માટે.

ગરમી માટે જેટલો ખપ સાકરનો છે તેટલો ચરબીનો નથી. હદ કરતાં વધારે ચરબી મેદ ઉત્પન્ન કરી શરીરને જાડું, જડ બનાવે છે અને શરીરના અવયવોમાં ભરાઇ જઇ તેને શક્તિહીન કરી તેના કાર્યને અવરોધે છે.

ચરબી પચાવવા માટે વીટામીન A. B. અને તેને પ્રવાહી રાખવા માટે આયોડીન અને સાકરનો ખપ પડે છે, તે આપણા ખોરાકમાં આવે તે આપણે જોવું જોઇએ.

**સાકર, મિષ્ટ પદાર્થ, કાર્બોદિત દ્રવ્યો Carbohydrates)** શરીરમાં ગરમી આપવા ઉપરાંત સ્ફુર્તી આપવાનું અને ખોરાક માંહેલા પ્રોત અને ચરબીને પચાવવાનું કામ કરે છે, શરીરને ગરમી અને ઉત્સાહ આપનારા પ્રોત (Protein) અને ચરબી કરતાં કાર્બોદિત પદાર્થ વધુ સસ્તું અને અગત્યનું ઘટક છે. આ તત્ત્વ આપણે શુદ્ધ સાકર, ખાંડ, ગોળ કે મધના સ્વરૂપમાં કે ખોરાકમાં કુદરતે મૂકેલા સ્વરૂપમાં મેળવી શકીએ છીએ. શુદ્ધ સ્વરૂપે તે લેવા કરતાં ખોરાકમાંથી મેળવી લેવા ઇચ્છવા યોગ્ય છે, ખપ કરતાં વધુ પ્રમાણમાં મિષ્ટ દ્રવ્યો લેવાથી અનેક જાતના આંતરડાના દર્દો ઉત્પન્ન થઇ શરીરમાં ખટાશનું પ્રમાણ વધારે છે.

આ દ્રવ્ય આપણને કાંજી (Starch) અને સાકર (Sugar) રૂપે ખોરાકમાંથી મળે છે; ચોખા, ઘઉં, કંદમૂળનો લોટ, સાબુદાણા અને શીંગોડાના આટામાં કાંજી રૂપે અને ગોળ, ખાંડ, દૂધ, મધ, અને કેટલાએક ફળોમાંથી સાકરરૂપે મળે છે.

માંસાહારીઓને કલેજાં, મુત્રગાંઠ, અને માછલીમાંથી થોડી ઘણી સાકર મળે છે. દૂધમાં લગભગ પાંચ ટકા જેટલી સાકર છે. જેને આપણે દૂધની સાકર (Lectose)ના નામે ઓળખીએ છીએ.

નિષ્ણાતોએ માનવ શરીર માટે કેટલી ગરમી જોઇએ તેનું માપ કાઢયું છે. આ માપને **'કેલોરી'** કહેવામાં આવે છે. એક માણસને માટે ૨૫૦૦ થી ૩૯૦૦ કેલોરી જેટલી ગરમી આવશ્યક છે. એક કેલોરી એટલે ૨ ૧/૫ રતલ પાણીની એક ડીગ્રી જેટલી વધારે તેટલી ગરમી. શરીરસ્વાસ્થય માટે રોજ એક પુખ્ત ઉમરના માણસને ખોરાકમાં ૩ થી ૫ ઔંસ પ્રોત (Protein) ૩ થી સાડાત્રણ ઔંસ ચરબી, ૧૨ થી ૧૬ ઔંસ કાર્બોદિત દ્રવ્ય (સાકર) અને એક ઔંસ ક્ષાર જોઇએ. પાણી, પ્રોત, ક્ષાર, ચરબી અને કાર્બોદિત દ્રવ્યો પછી શરીરના રચનામાં પાણી બહુ જ મોટો ભાગ ભજવે છે. આપણા શરીરના લોહીનો ૯/૧૦ ભાગ અને માંસનો ૩/૪ ભાગ પાણી જ છે.

આ પાણી દ્વારા જ પોષક તત્ત્વો શરીરમાં પહોંચે છે અને તે દ્વારા જ શરીરનો કચરો, મળ વિગેરે બહાર નીકળે છે. શરીરની ગરમીનું નિયમન કરવા ઉપરાંત શારીરિક ગ્રન્થીઓનાં કાર્યમાં પણ તે ખૂબ મદદ કરે છે.

આપણા ખોરાકમાં પાણી હોય છે જ છતાંય વધારાનું ચોકખું પાણી પીવું જરૂરતું છે.

બટેટાનો ૩/૪ ભાગ, અનાજનો ૧/૮ ભાગ, ઇંડાનો ૩/૪ ભાગ પાણીનો જ બનેલો છે. ટમેટાં અને પાંદડાવાળી તાજી ભાજીમાં આ કરતાં ઘણું વધારે પાણી હોય છે.

**જીવન તત્ત્વો (Vitamins)** આજકાલમાં ખોરાકનાં મુલ્ય કે દર્દોના કારણો સંબંધી વિચાર કરતાં જીવનતત્ત્વોનો વિચાર સહજ થઇ આવે છે. આ તત્ત્વો શરીરની રચનામાં અને ત્યાર પછી પણ તેની કાર્યશકિત ટકાવી રાખી તેને તંદુરસ્ત રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે, તેમ શારીરિક વિજ્ઞાન-શાસ્ત્રીઓને લાગવા માંડયું છે. છતાં પણ આ જીવન-તત્ત્વો શું છે? કેવી જાતના છે? તેનું સ્વરૂપ કેવું છે? પૃથક્કરણ કરતાં કયું તત્ત્વ તેમાંથી મળે છે? તેનું પ્રમાણ કેટલું છે? વિગેરે વાતો આજદિન સુધી અગમ્ય રહી છે. નિશ્ચિંતપણે અમુક તત્ત્વ વીટામીન છે, જીવનતત્ત્વ છે એવું કહી શકાય તેટલી હદ સુધી આપણી શોધ ગઇ નથી.

પુરતાં પ્રમાણમાં ખોરાક લેવા છતાં, બીજી રીતે શરીરની કાળજી કરવા છતાંય શા માટે માનવી માંદુ રહે? શા માટે તેનું શરીર પુરૂં કાર્ય આપતું ન બને? શા માટે તે વારંવાર રોગ

કે રતુના ફેરફારના હુમલાનો ભોગ બની જાય અને બચાવ ન કરી શકે? શા માટે તે બેડોળ અને ખોડખાંપણવાળું થાય? શા માટે તે અકાળે વૃદ્ધ દેખાય? વિગેરે બાબતેનો નિર્ણય કરવા નિષ્ણાતોએ ખોરાકના અનેક અખતરા કર્યા પછી, જ્યારે તેઓને લાગ્યું કે ખોરાકમાં અમુક તત્ત્વો ખૂટે ત્યારે જ આ જાતની વિકૃતિ શરીરમાં ઉત્પન્ન થાય છે, અને માણસ શક્તિ વગરનો રહે છે. આ અમુક તત્ત્વ એટલે તેઓનું જીવનતત્ત્વ **Vitamin**! આ જીવનતત્ત્વની શરીરના જુદા જુદા ભાગો અને ભિન્ન ભિન્ન ક્રિયા ઉપર થતી અસર ઉપરથી તે નિષ્ણાતોએ તેને જુદા જુદા વર્ગોમાં વહેંચી નાંખ્યું. આજ સુધીમાં પાંચ જાતના વીટામીનો–જીવનતત્વો શોધાયાં છે. જેને **A. B. C. D. E** નામ આપવામાં આવ્યાં છે. હજુ પણ શોધખોળ ચાલુ જ છે અને નવા તત્વો શોધાય તેવો સંભવ છે. અલબત વીટામીન સંબંધીતું આપણું જ્ઞાન ઘણું પરિમિત છે. અખતરા ઉપરથી બાંધેલા અનુમાનો પુરતું જ છે, છતાં પણ તેનું મહત્વ ઘણું છે એમ અનુભવ આપણને કહે છે.

કેટલા વીટામીનો શોધીયા છે અને કેટલા શોધવાના બાકી છે તેની ભાંજગડમાં પડવાથી સામાન્ય જનતાને ખાસ કંઇ લાભ નથી. માત્ર એટલું જાણવું બસ છે કે કુદરત તરફથી મળતી બધી જાતની ખોરાકની વસ્તુમાં તે એક યા બીજા સ્વરૂપે ઓછા વધતા પ્રમાણમાં અવશ્ય છે જ અને જો તેનો ક્રિયા, પ્રક્રિયાથી નાશ ન કરીએ તો સહજ મળી શકે છે. જે કુદરતની વધુ નજદીક છે અને કુદરતી જીવન જીવે છે, કુદરતની નવાજીશો, સૂર્યના તડકા, હવા, અને પૃથ્વીના સંસર્ગનો જે છૂટથી લાભ લે છે અને કુદરત આપે તે જ સ્વરૂપમાં ખોરાકને ખાઇ શકે છે તે આપોઆપ જરૂર પુરતા બધા વીટામીનો, જીવન-તત્ત્વો મેળવી શકે છે. આને લીધે જ પશુઓ, પક્ષીઓ અને ગરીબ, અભણ, અણસમજુ ગામડીયાઓ અને પહાડી પ્રદેશના વસનારાઓ સારી તંદુરસ્તી ભોગવે છે.

જીવન તત્ત્વો કે વીટામીનો માણસ કે પ્રાણીઓ પોતે બનાવી શકતા નથી, પરંતુ સૂર્યની ગરમીની અસરથી હવા તથા જમીનમાંથી વનસ્પતિમાં આવે છે અને ત્યાંથી ખોરાકદ્વારા આપણને મળે છે. પશુઓ લીલોતરી ખાઇ પોતાના દૂધ અને માંસમાં આ વીટામીનો સંઘરી રાખે છે અને જ્યારે તેનો ખોરાક તરીકે ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તે દ્વારા માણસને તે તત્ત્વો મળે છે. નાના બાળકોને તેની માતાને પોતાના દૂધમાં જ આ વીટામીનો આપે છે. આ ઉપરથી એમ નક્કી થાય છે કે **સમસ્ત પ્રાણીનું જીવન વનસ્પતિજીવન ઉપર જ અવલંબે છે. માંસહારીઓ માંસ ભક્ષણ કરીને પણ પશુઓએ પોતાના માંસ અને દૂધમાં સંઘરેલા વનસ્પતિના જ તત્ત્વો મેળવે છે. વનસ્પતિનું જીવન સૂર્યના તડકા ઉપર અવલંબે છે. કારણ કે સૂર્યની ગરમીની મદદથી જ રોપાઓ હવામાંથી તેમજ જમીનમાંથી સત્ત્વો ચુસવા શક્તિમાન થાય છે.**

સૂર્યની ગરમી વનસ્પતિને કોઇ એવી શક્તિ આપે છે કે જેથી તેના લીલાં પાંદડાઓ હવામાંથી પ્રોત, ચરબી, સાકર અને જીવન તત્ત્વો મેળવી શકે છે. તેના મૂળીઆઓ તત્ત્વો ઉપરાંત જમીનમાંથી ક્ષારો ખેંચી લઇ તેમાંથી આપણને ઉપયોગી પૌષ્ટિક તત્વો બનાવે છે પ્રાણીઓમાં આ તત્ત્વોમાંથી દૂધ, માંસ બને છે. માતાઓ આ તત્વોથી નાના બાળકોને ઉછેરી શકે છે. વનસ્પતિ વિના આપણને આ તત્વો બીજે કયાંયથી મળતા નથી.

વનસ્પતિ સૂર્યના પ્રકાશની મહાન શક્તિને ચરબી અને સાકરમાં સંઘરી રાખે છે, જેનો ઉપયોગ માણસ કે પ્રાણી તેને ખાઇને કરે છે.

સૂર્ય મહાન જીવનદાતા, જીવનપોષક, વર્ધક અને શોધક છે તેનાથી જ પ્રોત, જીવનતત્વ આદિ દ્રવ્યો બને છે. છતાં પણ પ્રાણીને તે સીધેસીધાં ન મળતા વનસ્પતિદ્વારાજ તેણે મેળવવાં પડે છે. એટલે પ્રાણીએ કાં તો વનસ્પતિ ખાઇને જીવવા માટે આ અગત્યના તત્વો મેળવવા, અગર તો વનસ્પતિ ખાઇને પોતાના રક્તમાં, માંસપેશીમાં, કે બીજા અવયવોમાં આવા તત્વો સંઘરી બેઠેલા પ્રાણીઓને ખાઇને કે તેના દૂધને પીને મેળવવા રહ્યા. આ સીવાય બીજો એક પણ માર્ગ તે મેળવવાનો નથી.

જ્યારે માણસનું આખું જીવન વનસ્પતિ ઉપર જ નિર્ભર છે ત્યારે જૈનધર્માદિ કેટલાએક ધર્મોની ધાર્મિક માન્યતાઓ લીલી વનસ્પતિ અને કંદમૂળમાં ખાવામાં પાપ મનાવી માણસોને તે તજવાનું ફરમાવે છે તે કોઇપણ રીતે યોગ્ય નથી દેખાતું. કારણ કે માણસને જીવવું છે, વિકસવું છે અને શક્તિશાળી રહીને પોતાનું કાર્ય કરવું છે તો તેણે તે શક્તિ દેનાર ખોરાક લેવો જ રહ્યો. આમાં જેટલી ઉણપ રહે તેટલી ઉણપ તેણે વિકાસ અને શક્તિની બાબતમાં ભોગવવી રહી અને પોતાના પ્રજાને ભોગવાવવી જ રહી તે ચોક્કસ છે. કોઇ પણ ધર્મ પોતાના અનુયાયીઓ નબળાં, નમાલા, માંદલા કે અલ્પાયુષી રહે તેમ તો નજ ઇચ્છે. એટલે કાં તો તેથી બાધા ફરમાવનારા ધર્મોએ વનસ્પતિનું સ્થાન લઇ શકે તેવો યોગ્ય ખોરાક સુચવવો રહ્યો, અગર તો આવા બંધનો ઢીલાં કરવાં રહ્યાં, અગર જો તેમ ન બને તો પ્રજાના શરીર વિકાસનું ધર્મને નામે બલીદાન આપી માનવનાશ વહેલો નોતરવો રહ્યો. આ સીવાય બીજો કોઇ માર્ગ નથી જ.

(અપૂર્ણ) **વ્રજલાલ ધ. મેઘાણી.**

## શ્રી જૈન મહિલા સમાજ

### ફરતું પુસ્તકાલય

ઉપરોકત સંસ્થા તરફથી એક ફરતા પુસ્તકાલયની યોજના કરવામાં આવી છે. સંસ્થાના નીચે જણાવેલા બ્હેનોએ પોતાને ત્યાં આ પુસ્તકાલયની પેટીઓ રાખવાનું કબુલ કર્યું છે. આ યોજનાનો લાભ સમાજના દરેક સભ્ય લેશે એવી આશા રાખીએ છીએ.

### પેટી રાખનારનાં સરનામા

૧. શ્રી જૈન મહિલા સમાજ સમય— રાા થી ૫
માંગરોળ મેન્શન, બોરાબજાર કોટ.

૨. શ્રી. શીલવતી બ્હેન વોરા સમય ૨ થી ૪
ટે. નં. ૩૪૪૮૧, c/o ડો. એમ. પી. વોરા,
૩૮૭, પાયધુની.

૩. શ્રી. તારાબ્હેન ચંદુલાલ ઝવેરી, સમય ૨ થી ૪
ટે. નં. ૨૫૫૪૬, ૬૯ "રૂપાયતન" મરીન ડ્રાઇવ.

૪. શ્રી. સુંદરબ્હેન ભગવાનદાસ ૨ થી ૪
ટે. નં. ૨૬૩૮૬ મલબાર વ્યુ, ચોપાટી

૫. શ્રી જયાબ્હેન નગીનદાસ શાહ ૨ થી ૪
ટે. નં. ૬૧૩૦૬, ૫૩ ચર્ચ સ્ટ્રીટ, દાદર.

૬. શ્રી. લીલાવતી ત્રીભોવનદાસ શાહ ૨ થી ૪
ટે. નં. ૪૦૦૧૪ "શાહબાગ" ગામડીયા રોડ, પેડર રોડ

૭. શ્રી. પુષ્પાબ્હેન ચંપકલાલ મવાણી ૧૨ થી ૨
ભરૂચા બીલ્ડીંગ ૨ માળે પ્રીન્સેસ સ્ટ્રીટ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫ અંક : ૧૨

મુંબઇ: ૧૫ ઓકટોબર ૧૯૪૩ શુક્રવાર.

લવાજમ રૂપિયા ૨

## ધાર્યું કાંઈ અને નીવડયું કાંઈ !

(કવિવર ટાગોરના 'સંસ્કૃતિનું સંકટ' શિર્ષક લેખનો શ્રી નગીનદાસ પારેખે કરેલ અનુવાદ 'પૂર્વ પશ્ચિમ'માંથી અહિં આભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. લેખમાં ચર્ચેલો વિષય ઉપરના મથાળાથી વધારે સૂચિત થાય છે એમ લાગવાથી લેખના મથાળામાં ફેરફાર કર્યો છે. તંત્રી)

આજે મને એંસી વરસ પૂરાં થયાં. મારૂં વિશાળ જીવન-ક્ષેત્ર આજે મારી સામે વિસ્તરેલું છે. છેક પૂર્વ દિગંતમાં જે જીવનનો પ્રારંભ થયો હતો તેને આજે છેક બીજે છેડેથી અનાસકત દ્રષ્ટિએ હું જોઈ શકું છું અને અનુભવું છું કે મારી અને સમસ્ત દેશની મનોવૃત્તિમાં મોટું પરિવર્તન થઇ ગયું છે. એ પરિવર્તનમાં ગંભીર દુઃખનું કારણ રહેલું છે.

બૃહત્ માનવ-જગત સાથે આપણા પ્રત્યક્ષ પરિચયનો આરંભ તે વખતના અંગ્રેજ જાતિના ઇતિહાસથી થયો છે. ભારતમાં આ નવાગતોના ચારિત્રનો પરિચય આપણને એક મહાન સાહિત્યના ઉચ્ચ શિખરદ્વારા થયો. તે વખતે આપણા શિક્ષણમાં જે પથ્ય પીરસાતું તેમાં પ્રાચુર્ય કે વૈચિત્ર્ય નહોતું. આજનું જે શિક્ષણ જ્ઞાનનાં જુદા જુદા કેન્દ્રમાંથી વિશ્વપ્રકૃતિનો જે પરિચય કરાવે છે અને તેની શકિતનું રહસ્ય નવી નવી રીતે બતાવે છે, તેનો મોટો ભાગ તે વખતે નેપથ્યમાં અગોચર હતો. પ્રકૃતિ વિજ્ઞાન[illegible]નિષ્ણાતોની સંખ્યા ઓછી જ હતી. તે વખતે અંગ્રેજી ભાષા મારફતે અંગ્રેજી સાહિત્યને જાણવું અને તેનો ઉપયોગ કરવો એ સંસ્કારી પાંડિત્યનું લક્ષણ ગણાતું હતું. રાત અને દિવસ બર્કના વકતૃત્વથી અને મેકોલેના ભાષાપ્રવાહના તરંગભંગથી ગાજી રહેતાં હતાં. આખો વખત શેકસપિયરનાં નાટકો, બાયરનનાં કાવ્યો અને તે વખતના પોલીટીકસમાં થયેલા સર્વ માનવના વિજયની ઘોષણાની જ ચર્ચા ચાલતી હતી. તે વખતે આપણે સ્વદેશની સ્વાધીનતાની સાધનાનો આરંભ કર્યો હતો. પરંતુ અંતરમાં ઊંડે ઊંડે અંગ્રેજ જાતિની ઉદારતા ઉપર વિશ્વાસ એટલો ઉંડો હતો કે તે વખતે આપણા સાધકોએ નકકી કર્યું હતું કે, વિજયી પ્રજાનું દાક્ષિણ્ય જ આ વિજિત પ્રજાના સ્વાતંત્ર્યનો માર્ગ મોકળો કરી આપશે. એનું કારણ એ હતું કે તે વખતે અત્યાચાર-પ્રપીડિત પ્રજાનું આશ્રયસ્થાન ઇંગ્લંડ હતું. જેઓ પોતાની પ્રજાનું સ્વમાન જાળવવા પ્રાણ હોડમાં મુકતા હતા, તેમને ઇંગ્લંડ નિઃસંકોચપણે પોતાને ત્યાં સ્થાન આપતું હતું. આમ વિશુદ્ધ માનવમૈત્રીનાં લક્ષણ અંગ્રેજોનાં ચારિત્રમાં જોવાને લીધે આપણે આંતરિક શ્રદ્ધાપૂર્વક અંગ્રેજોને હૃદયના ઉચ્ચ આસન ઉપર બેસાડયાં હતા. તે વખતે હજી સામ્રાજ્યમદના કેફથી તેમના સ્વભાવનું દાક્ષિણ્ય કલુષિત થયું નહોતું.

હું નાનો હતો ત્યારે ઇંગ્લંડ ગયો હતો; તે વખતે પાર્લામેંટમાં અને બહાર કોઇ કોઇ સભામાં જોન બ્રાઇટને મોઢે જે ભાષણો સાંભળ્યાં હતાં, તેમાં મેં સનાતન અંગ્રેજની વાણી સાંભળી હતી. તે ભાષણોમાં હૃદયની ઉદારતાએ જાતિગત સર્વે સંકુચિત સીમાઓને ઓળંગી જઇને જે પ્રભાવ ફેલાવ્યો હતો, તે મને આજે પણ યાદ છે અને આજના આ શ્રીભ્રષ્ટ દિવસોમાં પણ મારી પૂર્વસ્મૃતિને સાચવી રાખે છે. અમારી આ પરાવલંબિતા બેશક વખાણવાલાયક વસ્તુ નહોતી. છતાં એમાં એટલું વખાણવાલાયક હતું કે અમારી તે વખતની બિનઅનુભવી સ્થિતિમાં પણ મનુષ્યત્વનું જે એક મહાન રૂપ વિદેશીમાં પ્રગટ થયું હતું તેને શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરવાની શક્તિ અમારામાં હતી અને એમાં અમને સંકોચ નહોતો થયો. કારણ, મનુષ્યની અંદર જે કાંઇ શ્રેષ્ટ હોય છે, તે સંકુચિત ભાવે કોઇ પણ એક પ્રજામાં પૂરાઇ રહી શકતું નથી, તે કાંઇ કૃપણના દાટેલા ભંડારની સંપતિ નથી. એજ કારણે અંગ્રેજોના જે સાહિત્યમાંથી અમારા મને પોષણ મેળવ્યું હતું, તેનો વિજય શંખ આજ સુધી મારા મનમાં ગુંજતો રહ્યો છે.

'સિવિલિઝેશન' જેનો આપણે સંસ્કૃતિ શબ્દ તરજુમો કર્યો છે, તેનો યથાર્થ પ્રતિશબ્દ આપણી ભાષામાં મળવો મુશ્કેલ છે. એ સંસ્કૃતિનું જે રૂપ આપણા દેશમાં પ્રચલિત હતું, તેને મનુએ 'સદાચાર' નામે ઓળખાવ્યું હતું. અર્થાત તે સંસ્કૃતિ કેટલાક સામાજીક નિયમોના બંધનરૂપે હતી. તે નિયમો સંબંધે પ્રાચીનકાળમાં જે ધારણા હતી, તે પણ એક સંકુચિત ભૌગોલિક પ્રદેશમાં મર્યાદિત હતી. સરસ્વતી અને દશદ્વતી નદીની વચમાં આવેલો જે દેશ બ્રહ્માવર્ત નામે પ્રસિદ્ધ હતો, તે દેશમાં જે આચાર-પરંપરા-ક્રમ ચાલતો આવ્યો હતો, તેનેજ સદાચાર કહેતા. એટલે કે એ આચારનો પાયો પ્રથા ઉપરજ હતો, પછી ભલે એમાં ગમે એટલી નિષ્ઠુરતા કે અન્યાય હોય. એ કારણે પ્રચલિત સંસ્કારે આપણા આચાર-વ્યવહારને જ પ્રાધાન્ય આપી ચિત્તની સ્વાધીનતા વગર વિચાર્યે હરી લીધી હતી. સદાચારના જે આદર્શને એક સમયે મનુએ બ્રહ્માવર્તમાં પ્રતિષ્ઠિત થયેલો જોયો હતો, તે જ આદર્શે ક્રમશઃ લોકાચારનું રૂપ લીધું. મેં જ્યારે જીવનની શરૂઆત કરી હતી ત્યારે અંગ્રેજી શિક્ષણના પ્રભાવથી દેશના શિક્ષિત માણસોના મનમાં આ બાહ્ય આચારની વિરૂધ્ધ બળવો વ્યાપી ગયો હતો. રાજનારાયણ બાબુએ કરેલું તે જમાનાના શિક્ષિત વર્ગના વ્યવહારનું વર્ણન વાંચી જોતાં આ વાત સ્પષ્ટ સમજાઇ જશે. એ સદાચારને બદલે સંસ્કૃતિના આદર્શને અમે અંગ્રેજ પ્રજાના ચારિત્રની સાથે મેળવી લઇ ગ્રહણ કર્યો હતો. અમારા કુટુંબમાં આ પરિવર્તન ધાર્મિક માન્યતામાં શું કે લોક-

વ્યવહારમાં શું, ન્યાયબુધ્ધિની આજ્ઞાને વશવર્તીને સંપૂર્ણપણે સ્વીકારાયું હતું. મેં એ વાતાવરણમાં જન્મ લીધો હતો અને તેની સાથે અમારા સ્વાભાવિક સાહિત્યાનુરાગે ભળીને અંગ્રેજોને ઉચ્ચ આસન ઉપર બેસાડયા હતા. આ મારા જીવનનો પહેલો ભાગ થયો. ત્યાર પછીથી ભારે વેદનાપૂર્વક પરિવર્તન શરૂ થયું. રોજ રોજ હું જોતો હતો કે જેઓએ સંસ્કૃતિને ચારિત્રમાંથી ઉદ્ભવેલી માની હતી, તેઓ ષડ્‌રિપુથી પ્રેરાઇને તેનું કેટલી સહેલાઇથી ઉલ્લંધન કરતા હતા.

એકાન્તમાં સાહિત્યરસના સંભોગની સામગ્રીના આવરણમાંથી એક દિવસ મારે બહાર આવવું પડયું હતું. તે દિવસે ભારતવર્ષની આમજનતાનું જે દારૂણ દારિદ્ર મારી સામે પ્રગટ થયું, તે હૃદયવિદારક હતું. અન્ન, વસ્ત્ર, પાણી, શિક્ષણ, આરોગ્ય વગેરે મનુષ્યના શરીરને અને મનને જે કંઇ અત્યંત આવશ્યક છે, તેનો આવો અત્યંત અભાવ મને લાગે છે કે પૃથ્વીના આધુનિક રાજ્યતંત્રવાળા કોઈ પણ દેશમાં નહિ હોય અને આમ છતાં એ દેશ અંગ્રેજોને લાંબો સમયથી તેમનું ઐશ્વર્ય પુરૂં પાડતો આવ્યો છે. જ્યારે હું સભ્ય જગતના મહિમાનું એક ચિત્તે ધ્યાન ધરતો હતો ત્યારે કોઇ દિવસ હું કલ્પી પણ નહોતો શકયો કે સભ્ય નામધારી માનવઆદર્શ આવું નિષ્ઠુર અને વિકૃત રૂપ ધારણ કરી શકે છે; પરંતુ આખરે એક દિવસે એ વિકૃતિ મારફતે કરોડોની જનતા પ્રત્યે સભ્યજાતિએ દાખવેલું અપરિસીમ અવજ્ઞાપૂર્ણ ઔદાસીન્ય હું જોઇ શકયો.

જે યંત્રશક્તિની મદદથી અંગ્રેજો પોતાનું વિશ્વસામ્રાજ્ય સાચવતા આવ્યા છે, તેના યથોચિત ઉપયોગથી આ નિઃસહાય દેશ વંચિત છે. આમ છતાં મેં મારી આંખો સામે જોયું કે જાપાન યંત્રશક્તિ દ્વારા જોતજોતામાં સર્વ પ્રકારે કેવું સંપત્તિશાળી બની ગયું છે. એ જાપાનની સમૃધ્ધિ હું સગી આંખે જોઇ આવ્યો છું. ત્યાં પોતાની પ્રજામાં તેના સભ્ય રાજ્યતંત્રે કેવું સ્વરૂપ ધારણ કર્યું છે તે મેં જોયું છે અને રશિયાના મોસ્કો શહેરમાં આમ જનતામાં શિક્ષણનો અને આરોગ્યનો ફેલાવો કરવા માટે છુટે હાથે કેવા અસાધારણ પ્રયત્નો કરવામાં આવે છે, તે પણ મેં જોયા છે. એ પ્રયત્નોના પ્રભાવથી તે વિશાળ સામ્રાજ્યમાંથી મૂર્ખતા, દીનતા, અને પોતાને વિષેનો હલકો અભિપ્રાય દૂર થતાં જાય છે. સંસ્કૃતિએ જાતિનો વિચાર કર્યો નથી. એણે વિશુદ્ધ માનવ સંબંધના પ્રભાવનો જ સર્વત્ર ફેલાવો કર્યો છે. તેનાં ઝડપી અને આશ્ચર્યજનક પરિણામ જોઇને મને એકી સાથે ઇર્ષ્યા અને આનંદનો અનુભવ થયો છે. મોસ્કો શહેરમાં ગયો ત્યારે રશિયાના રાજ્યતંત્રની એક વિશેષતાએ મારા મન પર ખૂબ અસર કરી હતી. મેં જોયું હતું કે ત્યાંના મુસલમાનો સાથે રાજકીય અધિકારની વહેંચણી બાબત અમુસલમાનોનો કોઇ પણ પ્રકારનો ઝઘડો થતો નથી. તેમના બંનેનાં ભેગા સ્વાર્થ-સંબંધમાં જ રાજ્ય વ્યવસ્થાની સાચી સંસ્કારિતાનું મૂળ છે. મોટી વસ્તીવાળી પરપ્રજાઓ ઉપર આણ ચલાવતી હોય એવી રાજસત્તા આજે મુખ્યત્વે કરીને બે પ્રજાના હાથમાં છે-એક અંગ્રેજ અને બીજી સોવિયેટ રશિયા. અંગ્રેજોએ આ પરપ્રજાનું પૌરૂષ કચડી નાંખીને તેને સદાને માટે નિર્જીવ કરી મૂકી છે સોવિયેટ રશિયાની સાથે મોટી વસ્તીવાળી મરૂચર મુસલમાન પ્રજાઓને રાજકીય સંબંધ છે. હુ જાતે સાક્ષી પૂરી શકું એમ છું કે એ પ્રજાને સવ રીતે શક્તિશાળી બનાવવાને માટે તેઓ નિરંતર પ્રયત્ન કર્યા કરે છે. બધી બાબતમાં તેમને સાથે રાખવાના સોવિયેટ ગવર્મેન્ટના પ્રયત્નમાં મેં પ્રમાણ જોયાં છે અને તે વિષે થોડું વાંચ્યું પણ છે. આવી ગવર્મેન્ટનો પ્રભાવ કોઇ પણ રીતે સ્વમાન હણનારો નથી હોતો અને તેનાથી મનુષ્યત્વની હાની નથી થતી. ત્યાંનું શાસન વિદેશી શકિતની દારૂણ ચકકીનું શાસન નથી. (અપૂર્ણ)

# ખોરાક.

( કેટલાક અંગ્રેજી પુસ્તકોના આધારે )

[ ૩ ]

( ગતાંકથી ચાલુ. )

ગયા લેખમાં "વીટામીન, અને આપણા શરીરમાં તેનું કાર્ય" એ સંબંધી સામાન્ય વિચાર કર્યો. હવે ભિન્ન ભિન્ન જાતના વીટામીનોનો વિચાર કરવો એટલા માટે જરૂરનો છે કે જો "તેના કાર્યો અને તે કયાંથી મેળવી શકાય છે." તેનું સામાન્ય જ્ઞાન હોય તો ખોરાકમાં યોગ્ય ફેરફાર કરીને પણ વગર દવાએ કેટલીએક શારીરિક ફરિયાદનો ઉપાય કરી આપણે તન્દુરસ્ત રહી શકીએ છીએ.

**જીવન તત્ત્વ-Vitamin A-**આ વીટામીન સૂર્યના તડકાની અસરથી વનસ્પતિના પાંદડામાં ઉત્પન્ન થાય છે અને તે દ્વારા માણસને કે પશુને મળે છે. બીજી કોઇ પણ રીતે આ વીટામીન આપણને મળી શકતું નથી. તે ઉપરથી સહજ સમજી શકાય છે કે લીલાં પાંદડાંવાળી ભાજી ખાવી કેટલી ફાયદાકારક છે. જો પશુઓ પણ લીલોતરી ન ખાય તો તેની શારીરિક શકિત કમતી થતી જાય છે અને તેનું દૂધ કે માંસ પણ શકિત વગરનુંજ રહે છે. આપણી બાળ પ્રજા નબળી હોવાનું કે તેનું મરણ પ્રમાણ વધારે હોવાનું મુખ્ય કારણ તેની માતાના શરીરમાં આ જીવન તત્ત્વ A ની ખામીજ છે.

અનાજ કે બીયાંઓમાં આ વીટામીન પૂરતાં પ્રમાણમાં હોતું નથી, પણ તેને ઉગાડીને તેમાં સારા પ્રમાણમાં ઉત્પન્ન કરી શકાય છે. દૂધ, ઘી, માખણ, પાંદડાવાળી ભાજી, કોબીજ, વગેરે ખોરાક શાકાહારીઓને અને માછલી, માછલીનું તેલ, ઇંડા, કલેજું વિગેરે માંસાહારીઓને વધુમાં વધુ વીટામીન પુરૂં પાડે છે.

ટમેટા, બાજરી, મીઠા બટેટા, ઉગાડેલા કઠોળ, મકાઇ કે બીજા પીળાં રંગના કંદ કે ફળમાં તે ઠીકઠીક પ્રમાણમાં હોય છે.

સફેદ મેંદો, મીલના છડેલા કે બાફેલા ચોખા, બનાવટી વનસ્પતિનું ઘી કે માખણ (માર્ગેરીન) ટોપરાં કે માંડવીના તેલમાં જરા પણ આ વીટામીન હોતું નથી.

ખોરાકને બહુ ઉકાળવાથી કે અનાજ ઉપરના બારીક પડ (થુલાં)ને કાઢી નાંખવાથી આ વીટામીન નાશ પામે છે. ચોખા કે ભાજીને રાંધ્યા પછી તેને ઓસાવી તેનું પાણી ફેંકી દેવાથી તે સત્વહીન બને છે.

આપણે ત્યાં શાકાહારીઓને ધાર્મિક માન્યતાથી માંસ તો ન જ ખપે પણ લીલોતરી કે ઉગાડેલા અનાજમાં પણ પાપ માને છે અને દૂધ, ઘી પૂરતાં મળે નહિ એટલે તેને જોઇતું વીટામીન પૂરતાં પ્રમાણમાં મળી શકતું નથી. આ કારણે જૈનોની જીવનશકિત જ સાધારણ રીતે ઉતરતી હોય છે.

**વીટામીન A નો ઉપયોગ**-શરીર-વિકાસ અને શ્રમથી પડતા ઘસારાની પૂરવણી કરવા માટે આ વીટામીન અતિ જરૂરનું છે. નાનાં મોટાં સૌને આ વીટામીનનો ખપ છે જ. પરન્તુ જેનું શરીર ઘડાઇ રહેલું છે તેવા બાળકો અને બાળકોને સ્તનપાન કરાવતી માતાઓને તેની વધુ જરૂરિયાત હોય છે.

લોહીનું પ્રમાણ ટકાવી રાખવાનું, શરીરની માંસપેશી અને બીજા તંતુઓમાં ખપ કરતાં વધુ પાણી એકઠું થતું અટકાવવાનું અને દર્દ કે જંતુના હુમલાનો સામનો કરવાની શકિત આપવાનું મહત્ત્વનું કાર્ય આ વીટામીન કરે છે.

( અનુસંધાન પૃષ્ટ ૧૦૧ )

# સદ્‌ગત શ્રી કરૂણાશંકરનું સ્મૃતિતર્પણ

ગઇ આસો સુદ ૩ ના દિવસે સર હરકિસનદાસ હોસ્પીટલમાં ગુજરાતના એક આદર્શ શિક્ષક શ્રીયુત કસણાશંકર કુબેરજી ભટ્ટના ૩-૪ દિવસની ટુંકી લકવાની બીમારીથી અકસ્માત સ્વર્ગવાસ થવાના સમાચાર જાણી એમના પરિચિત સ્નેહીજનોમાં દુઃખ અને ખેદની ઉંડી લાગણી વ્યાપી ગઇ છે.

દિવંગત કરૂણાશંકર મારા એક અત્યંત સ્નેહ અને શ્રદ્ધાભાજન સ્વજન હતા. ૧૯૧૬ માં અમારો પ્રથમ પરિચય થયો. હું તે વખતે સાધુના વેષમાં વાલકેશ્વરમાં આવેલા જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ રહેલો હતો. મારા એક વિશેષ પરિચિત જૈન યુવકબંધુ દ્વારા શ્રી કરૂણાશંકરને મારો પરિચય થયો. જૈન સાધુ થઇને પણ હું કલાપી અને કાંતની ગુજરાતી કવિતાનો સારો-સરખો પરિચય ધરાવું છું અને સાહિત્ય અને શિક્ષણ વિષયમાં વિશેષ રસ લઉં છું એટલી વાત જાણીને અત્યંત ઉત્સુક ભાવે શ્રી કરૂણાશંકર એક સાંજે એ જૈન યુવક બંધુને લઇને મને મળવા આવ્યા. કલાકેકભરના એ પ્રથમ પરિચયમાં જ અમારા બે આત્મા વચ્ચે જે નિષ્કામ સ્નેહ સંબંધ બંધાયો તે આજે ૨૭-૨૮ વર્ષ પછી પણ એવોને એવો બલ્કે ઉત્તરોત્તર વિશેષ દૃઢ અને ગાઢ થતો રહ્યો. એમના મૃત્યુના ૧૫-૧૭ દિવસ પહેલાંજ કાર્યવશ હું મુંબઇથી બહાર ગયો, તે પહેલાં અઠવાડીયામાં ઓછામાં ઓછા ૩-૪ દિવસ તો સાંજના તેઓ ભારતીય વિદ્યાભવનમાં આવતા અને કલાક બે-કલાક બેસી સાહિત્ય અને શિક્ષણની વિવિધ વાતો અને ચર્ચા કરી આનંદ અને ઉલ્હાસ મેળવતા.

કરૂણાશંકરભાઇની જ્ઞાનપિપાસા અજબ હતી. એ પિપાસાએ જ એમનું મારા પ્રત્યેનુ આકર્ષણ અને મમત્વ વધાર્યું. વાલકેશ્વરના ઉપાશ્રયમાં અમારો પ્રથમ પરિચય થયો, તેના બે ત્રણ દિવસ પછી જ તેઓ પોતાની મુખ્ય શિષ્યા ચિ. બહેન ભારતી-જેમની ઉંમર તે વખતે દશેક વર્ષની હશે-તેમને લઇને મારી પાસે આવ્યા. એ અત્યંત તેજસ્વી બુદ્ધિમતી બાળાનો મને એમણે કેટલોક પરિચય આપ્યો, અને આપણા ઇતિહાસ અને સાહિત્યમાંથી આદર્શભૂત બાળાઓ અને કન્યાઓના વિષેના વિવિધ ઉલ્લેખો અને અવતરણોનો જે વિશાળ સંગ્રહ તેઓ પોતાની નોંધબુકોમાં એ ઉતારી રહ્યા હતા મને તે બતાવ્યો. તે વખતે કરૂણાશંકરભાઇને ગુજરાતી સિવાય, હિંદી અને બંગાળી ભાષાના સાહિત્યનો પરિચય બહુ થોડો હતો. મારા વિદ્વાન મિત્ર શ્રી નાથુરામ પ્રેમી તે જ અરસામાં બંગાળના પ્રખ્યાત નાટકલેખક દ્વિજેન્દ્રલાલના કેટલાંક નાટકોનું બંગાલીમાંથી સુંદર હિંદી ભાષાંતર છપાવી પ્રકટ કરી રહ્યા હતા. મને પણ એ નાટકોના વાંચનમાં બહુ રસ પડતો હતો, અને તેથી જ્યારે જ્યારે પ્રેમીજી મને મળવા આવતા ત્યારે ત્યારે અમે એ નાટકોમાંથી જુદા જુદા ભાગ વાંચવાનો આનંદ મેળવતા. એક દિવસે પ્રેમીજી મારી પાસેથી ઉઠીને મકાન બહાર નીકળતા હતા તે વખતે શ્રી કરૂણાશંકર મળવા આવ્યા. મેં એમને પ્રેમીજીનો પરિચય આપ્યો અને તે સાથે શાહજહાન અને મેવાડપતન વિગેરે દ્વિજેન્દ્રલાલના નાટકો વિષે વાત કરી. મેવાડપતનમાં માનસી વગેરે જે રાજપૂત બાળાઓના લોકકલ્યાણકારક ઉચ્ચ ભાવોનું શબ્દચિત્ર આલેખવામાં આવ્યું હતું તેમાંથી કેટલોક ભાગ મેં એમને વાંચી સંભળાવ્યો. તે જ ક્ષણથી તેઓ દ્વિજેન્દ્રલાલ ઉપર મુગ્ધ થયા અને ત્યાંથી સીધા હીરાબાગમાં પ્રેમીજીની દુકાને જઇ એ બધાં નાટકોના પુસ્તકોની નકલો ખરીદી અને એનો અભ્યાસ ચાલુ કર્યો. એ પછી તો એમણે દ્વિજેન્દ્રલાલ રાયની એ સુંદર કૃતિઓનો ગુજરાતમાં ખૂબ જ પ્રચાર કર્યો. આવા આવા તો એકથીએક ચઢે એવા અનેક પ્રસંગો અમારા એ ૨૭ વર્ષ જેટલા જીવનકાળમાં અનુભવવામાં આવ્યા છે અને કરૂણાશંકરની જ્ઞાનપિપાસા અને ભાવનાશીલતાનાં ઘણાં સ્મરણીય ચિત્રો મારા માનસપટ ઉપર અંકાયેલાં છે.

કરૂણાશંકરભાઇનો જે જાતનો સંબંધ મારી સાથે હતો તેવો જ સ્નેહસંબંધ મારા અનન્ય બંધુવર પંડિત સુખલાલજી સાથે પણ હતો. ૧૯૨૧ ની આસપાસ પંડિતજી મારા આમંત્રણથી પોતાના બનારસનાં વિદ્યાધામ છોડી ગુજરાત પુરાતત્ત્વ મન્દિરમાં મારા સદાના સાથી તરીકે જોડાયા તે જ દિવસથી શ્રી કરૂણાશંકર એમના પણ ભકત અને સ્વજન જેવા શ્રદ્ધાશીલ મિત્ર બન્યા. અમારા એ પરસ્પરના મૈત્રીજીવનનાં વિવિધ સ્મરણો ઘણાં ભવ્ય અને ઘણાં આનંદદાયક છે. તેમની ટુંકી નોંધ પણ અહિં આપી શકાય તેમ નથી અને એવા અંગત જીવનની નોંધનું આ સ્થાન પણ નથી.

કરૂણાશંકર મારા મને ગુજરાતના એક સર્વોત્કૃષ્ટ આદર્શ શિક્ષક હતા. હિંદુસ્થાન અને બહાર ઘણાય નાના-મોટા શિક્ષકોનો પરિચય પ્રાપ્ત કરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે, પરંતુ કરૂણાશંકર જેવા ઉચ્ચ જીવન, ઉચ્ચ ધ્યેય અને ઉચ્ચ મનોરથમાં રમનાર બીજા કોઇ શિક્ષક મારી દૃષ્ટિએ આવ્યા નથી. એ સંસારી હોવા છતાં સાચા સાધુ હતા. સાધુતાના સુંદર આચારો એમના જીવનમાં ઓતપ્રોત થયેલા હતા. એમનું જીવન ઉદાત્ત હતું, એમનું કાર્ય ઉદાત્ત હતું એમનું ધ્યેય ઉદાત્ત હતું, પોતાના માથે એક સારાસરખા કુટુંબના ભરણ-પોષણની મોટી જવાબદારી હતી. પોતાના બાળકોના શિક્ષણની તેમને ઉંડી કાળજી રહેતી હતી અને તે ઉપરાંત બીજા અનેક મિત્રોને સાહાય્ય આપવાની સતત ચિંતા થયા કરતી. છતાં તેમણે પૈસાના મોહ કે લોભનો સંસર્ગ જીવનમાં કયારેય કર્યો નથી. નિષ્કિંચન જેવા હોવા છતાં જીવનમાં કયારેય તેમણે દીનતા અનુભવી નથી. કરોડાધિપતિ શ્રીમંતોના બાળકોને શિક્ષણ આપવાની લાંબી જીવન સેવા તેમણે સ્વીકારી હતી, છતાં તેમણે કયારે ય પણ પોતાના સ્વમાન અને સ્વકાર્યને કોઇના તરફથી રતિભર પણ ઠેસ લાગવા દીધી નથી. પોતે એક સમર્થ શિક્ષણશાસ્ત્રી હતા છતાં કયારે ય પણ બહાર દેખાવાની કે પ્રસિદ્ધ મેળવવાની તેમણે યત્કિંચિત પણ પણ ઇચ્છા સેવી નથી. તેઓ સ્વભાવથી અત્યંત સરળ નિષ્કપટ અને નિર્મળ હતા અને બાળકના જેવી નિર્દોષ ભાવનાવાળા દેખાતા. કોઇના તરફ દ્વેષભાવ તેમણે પોતાની જીંદગીમાં દાખવ્યો નથી. તેમના મોંઢેથી કયારેય પણ કોઇની કશી નિંદા સાંભળી નથી. એવા પ્રસંગમાં તેઓ તદ્દન ઉદાસીન અને મૌન રહેતા. તેઓ 'સત્'ના ઉપાસક હતા, 'શક્તિ'ના નહીં. સત્ જીવન, સત્ સાહિત્ય અને સત્ સમાગમ તેમને સદા પ્રિય લાગતાં. જેનું બીજી રીતે ગમે તેટલું શકિતશાલી વ્યક્તિત્વ હોય, ગમે તેટલો શક્તિશાલી લેખક હોય કે ગમે તેટલો શક્તિશાલી કાર્યકર હોય-પરંતુ જો તેના જીવનમાં 'સત્'નો સદ્‌ભાવ ન હોય તો કરૂણાશંકરને મન તે ઉપેક્ષણીય અને અનારણીય. એમનું હૃદય અત્યંત ભાવુક અને આદ્ર હતું. કોઇ પણ 'સદ્'ભાવ અને 'સદ્' વિચાર વાંચી સાંભળી તેઓ ગદ્‌ગદ્ થઇ જતા. છતાં તેમનું જીવન શૌર્યપૂર્ણ હતું. શિક્ષક-સુલભ નિર્માલ્યતાનો અંશ પણ તેમના જીવનમાં ન હતો. સદા ઉત્સાહ અને સદા આનંદમાં તેઓ મસ્ત રહેતા. ૭૦ વર્ષની વયે પણ તેમનું મન યૌવનપૂર્ણ દેખાતું અને તેમનું કાર્ય પણ તેવું જ વેગવાન ચાલતું. 'કરૂણા'ની મૂર્તિ હોઇને પણ તે 'શંકર' સ્વભાવના હતા. એ પરમ સુહૃદ 'કરૂણાશંકર'ના કર્મયોગી આત્માને પરમાત્મા પરમ શાન્તિ આપે!

શરત્પૂર્ણિમા ૧૯૯૯ જિનવિજય

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

અકટોબર ૧૫ ૧૯૪૩

## દયાની દેવી.

તા. ૧૨ મી સપ્ટેંબર રવિવારના રોજ સાંજના મારા એક સ્નેહીને ત્યાં હું મળવા ગયો અને અડધોએક કલાક તેમની સાથે મેં વાતો કરી એવામાં મને સખત ચક્કર આવવા લાગ્યા અને ઉલટીઓ શરૂ થઇ. એ પ્રમાણે આખી રાત અને સવાર સુધી ચાલુ રહ્યું. સવારના ડાકટરને બોલાવ્યા અને તેમણે મને તપાસીને કહ્યું કે આ બધું બ્લડ પ્રેશર એકાએક ખુબ વધી જવાનું પરિણામ છે અને તેથી યોગ્ય ઉપચાર તથા સારવાર માટે મને એકાએક હોસ્પીટલમાં ખસેડવાની જરૂર છે. પરિણામે મને તુરત સર હરકીશનદાસ હોસ્પીટલમાં લઇ જવામાં આવ્યો અને ત્યાં મને સાડા ત્રણ અઠવાડીયા ઉપર રહેવાનું બન્યું. હોસ્પીટલના આ અણધાર્યા લાંબા નિવાસ દરમિયાન ત્યાંની નર્સોએ મારી જે સારવાર કરી છે તેની મારા મન ઉપર ઘણી જ ઉંડી છાપ પડી છે. હોસ્પીટલમાં રહેવાનો અને નર્સોની આ રીતની સારવારનો મારા માટે પહેલો જ અનુભવ હતો. શરીરના દરેક અવયવોને તેઓ પુરતી રીતે સ્વચ્છ અને સાફ કરે અને તેમાં કશો પણ સંકોચ ન અનુભવે, ડાકટરની સૂચના મુજબ નિયમિત રીતે અને હસતા મોઢે દવા પાઇ જાય, ગળું સાફ કરી જાય, ટેંપરેચર લઇ જાય, શું ખાધું શું ન ખાધું એની પુછાવટ કરતી રહે, ન કદિ કંટાળો બતાવે કે મોઢું બગાડે–આ બધું અનુભવતાં નર્સો જાણે કે દયાની જ દેવીઓ હોય એવો મને ખ્યાલ આવ્યો અને તેમના આ એકાન્ત સેવાપરાયણ ધંધા માટે મારા દિલમાં ખૂબ માન ઉપજ્યું.

સર હરકીસનદાસ હોસ્પીટલમાં લગભગ સાઠેક નર્સો કામ કરે છે. આમાં કેટલીક નર્સીંગની તાલીમ લેવા માટે કામ કરતી હોય છે, અને કેટલીક નર્સીંગનો ડીપ્લોમા ધરાવતી બ્હેનો હોય છે. નર્સીંગની તાલીમ લેતી બહેનોને હોસ્પીટલ તરફથી રૂ. ૪૫) નો માસિક પગાર આપવામાં આવે છે; સાડાત્રણ વર્ષનો નર્સીંગનો કોર્સ પુરો કરીને ડીપ્લોમા મેળવનાર બહેનને રૂ. ૭૫) ના પગારથી હોસ્પીટલમાં જ ચાલુ રાખવામાં આવે છે અને ઉતરોત્તર તેમનો પગાર અમુક ધોરણસર વધારવામાં આવે છે. સર હરકીસનદાસ હોસ્પીટલમાં કામ કરતી નર્સોમાં મોટે ભાગે દક્ષિણી અને ક્રીશ્ચીયન બહેનો છે; માત્ર બેજ ગુજરાતી બહેનો છે, જે વિશેષમાં જૈન છે. નર્સીંગનું કામ પુરૂં કર્યા બાદ જેને સુવાવડને લગતું કામ શીખીને મીડવાઇફ થવું હોય તેને માટે પણ આજ હોસ્પીટલમાં સગવડ છે.

સાધારણ સ્થિતિની બહેનો નર્સનું કામ શિખે અને કમાતી થાય તો પોતાના કુટુંબને ખુબ ટેકારૂપ બની શકે, કારણ કે મુંબઇ જેવા મોટા શહેરોમાં નર્સોની ખુબ માંગ હોય છે અને તેઓ છુટક ધંધો કરે તો પણ બહુ સારૂં કમાઇ શકે છે. પણ સાધારણ સ્થિતિની જ બહેનો નર્સો થાય છે એમ નથી. કેટલીક નર્સો બહુ સારી સ્થિતિના કુટુંબની પણ હોય છે. કોઇના સગા સોલીસીટર કે ડાકટર હોય છે તો કોઇના સગા પોસ્ટ માસ્તર કે રેલ્વે ઓફીસર હોય છે. નર્સીંગના કામ તરફ મોટે ભાગે દક્ષિણી બહેનો વળે છે. ગુજરાતી બહેનો જવલ્લે જ નર્સનો ધંધો સ્વીકારે છે. આ જોઇને તેમજ જાણીને મને બહુ ખેદ થયો. ઘણાય ગુજરાતી કુટુંબો આર્થિક દૃષ્ટિએ બહુ કંગાળ જીવન ગુજારતા હોય છે; કેટલીયે ગુજરાતી બહેનો સારા અને કમાઉ વ્યવસાયના અભાવે પોતાના કુટુંબનું ભરણપોષણ કેમ કરવું તેની મુંઝવણમાં ડુબેલી હોય છે. આવા કુટુંબોમાંથી થોડી બહેનો નર્સીંગનું કામ શિખવાનું મન ઉપર લે અને નર્સ તરીકે તૈયાર થાય તો પોતાના કુટુંબને તેઓ કેટલી બધી ટેકારૂપ થઇ પડે અને માનવસેવા સાધીને પોતાના જીવનનું કેટલું બધું કલ્યાણ કરી શકે? માનવસેવા એ જ પરમ ધર્મ છે. નર્સીંગદ્વારા માનવસેવા જેટલી શકય તેટલી સેવા બીજી બહુ ઓછી પ્રવૃત્તિઓદ્વારા શકય છે. નર્સ થઇને બહેનો સ્વાશ્રયી બને એ પણ ઓછું આવકારદાયક નથી. નર્સીંગનું કામ શિખવામાં શરૂઆતમાં બહુ સંકોચ થાય અને સુગ પણ આવે છે, પણ ધીમે ધીમે એ સંકોચ અને સુગ ઓછા થતા થતા જાય છે અને દર્દીના શરીરની સંભાળ અને સારવાર તેના માટે એક સ્વાભાવિક વ્યવસાય બની જાય છે. ગંભીર માંદગીના બીછાને પડેલો દર્દી તેની ભાવભરી સારવાર પામતો પામતો સારો થઇને ઘેર જાય છે ત્યારે નર્સ કોઇ જુદો જ આનંદ તેમજ પોતાના જીવનની સાર્થકતા અનુભવે છે. નર્સના ધંધામાં અમુક જોખમો તેમજ પ્રલોભનો રહેલાં છે અને તે જો પુરી સાવધ અને સંયમી ન હોય તો તેને પડવાનાં અનેક ભયસ્થાનો પણ છે. કારણ કે નર્સોને ડાકટર કે દર્દી–મોટે ભાગે પુરૂષો સાથેજ કામ લેવાનું હોય છે. પણ પુરી સંભાળ રાખીને કામ કરનાર નર્સની પરમેશ્વર સંભાળ રાખે છે.

હોસ્પીટલમાં બીજો અનુભવ ત્યાં કામ કરતા હરિજનોનો થયો. આ લોકોને મહેતર અથવા ભંગી તરીકે આપણે ઓળખીએ છીએ અને તેમનો સામાજિક દરજ્જો આપણા સમાજમાં બહુજ નીચો હોય છે, એમ છતાં તેમની સેવા ઘણા ઉંચા પ્રકારની હોય છે. તેમના સિવાય હોસ્પીટલનું કામ એકદમ અટકી પડે એટલું બધું તેમના કામનું મહત્વ છે. મહાત્માજીએ તેમને હરિજન તરીકે ઓળખાવ્યા છે તે ખરેખર યથાર્થ છે.

આ તો મેં એક આનુષંગિક બાબત જણાવી, પણ હોસ્પીટલના બીછાને સુતાં સુતાં મારા દિલમાં તો એકજ ભાવના સ્ફુર્યા કરે છે કે નર્સીંગનું કામ ગુજરાતી બહેનો સારી સંખ્યામાં શિખતી થાય અને જે બહેનો આ કામ શિખવા માંગતી હોય તેમને ગુજરાતના શ્રીમાનો જોઇતી આર્થિક સહાય આપીને ખુબ ઉત્તેજન અને ટેકો આપે. એમના કાર્યની ખરી કદર મને આ વખતે જ થઇ છે. એ ખરેખર દયાની દેવીઓ છે અને સમાજને મોટા આશીર્વાદસમાન છે. અહિંસા ધર્મનો દાવો કરનાર જૈન સમાજ આ બાબતને મનમાં લે અને પોતાના દાનનો અખંડ પ્રવાહ આ તરફ પણ વહેતો કરે તો આખા માનવસમાજના સુખ અને સ્વાસ્થ્યમાં તેઓ કેટલો મોટો ફાળો આપી શકે? માનવસેવાની આવી અનેક પ્રવૃત્તિઓ તરફ પરમાત્મા જૈન સમાજને વાળે એવી મારી અંતરની પ્રાર્થના છે.

સર હરકીસનદાસ હોસ્પીટલ
તા. ૬-૧૦-૪૩ મણિલાલ મોકમચંદ શાહ

## રેશન રાહત યોજના

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો-જોગ:-**

આપ સૌ સારી રીતે જાણો છો કે આપણા સંઘ તરફથી મુંબઇ અને પરામાં રહેતા જૈન ભાઇઓ માટે રેશન રાહત આપવાની ગોઠવણ થોડાએક વખતથી હાથ ધરવામાં આવી છે. લાંબા વખતથી આપણા સમાજમાં આવી બાબતમાં કોઇ પાસેથી મદદ લેવા સામે એક એવી શરમ ઘર ઘાલી બેઠી છે કે આપણા અનેક ભાઇઓ ગમે તેટલા દુઃખભરેલા કપરા સંયોગોમાં પેટે પાટા બાંધીને ચલાવી લે છે અને મળતી મદદનો ઇનકાર કરીને પોતાના આખા કુટુંબનું જીવન વેડફી નાંખે છે. આજના અસાધારણ સંયોગમાં આવી શરમ કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી. જૈન સિધ્ધાન્ત પ્રમાણે આપણે સૌ એક જ ધર્મને અનુસરનારા સ્વામીભાઇઓ છીએ અને સ્વામીભાઇઓને સહાય આપવી અને તેમની પાસેથી સહાય લેવી એ આપણો જુગજુનો ધર્મ રીવાજ છે. તેના અનેક દાખલા આપણા ઐતિહાસિક જુના ગ્રંથોમાં મોજુદ છે. કહેવાય છે કે એક વખત પાટણમાં અનેક લક્ષાધિપતિઓ હતા અને ત્યાં એવો નિયમ હતો કે બહારગામથી કોઇ શ્રાવક પાટણ આવે તો તે નવા માણસને એ લક્ષાધિપતિઓ સૌ કોઇ પોતાને ત્યાં વારાફરતી જમવા નોતરે અને તેને જમાડીને એક એક સોનાની પાટ આપે. પરિણામે તે નવો આવનાર થોડા દિવસમાં લક્ષાધિપતિ થઇ જતો અને સૌની સાથે બધા રોજગારમાં પડીને જૈન ધર્મનો અભ્યુદય કરતો. આ વાત આપણે વારંવાર સાંભળીએ છીએ. એ ઉપરથી આપણે જો વિચાર કરીએ તો ઉપર જણાવેલ રેશનરાહત મેળવવામાં કોઇએ પણ શરમ કે સંકોચ અનુભવવાની જરૂર નથી એમ આપણને લાગ્યા વિના ન રહે. જ્યાં જ્યાં પોતાની લાગવગ પહોંચે ત્યાં ત્યાં આડોશીપાડોશી જૈનભાઇઓને ઘેર પહોંચીને પણ સમજાવવા સંઘના સભ્યોને મારી આગ્રહપૂર્વક વિનંતિ છે. આજની સખત મોંઘવારીમાં એક કુટુંબને માસિક પાંચ છ રૂપીઆની રાહત મળે તો તેમાંથી તે કુટુંબના બાળકોને થોડું વધારે દૂધ પીવા મળે અથવા તો તે કુટુંબના ભણતા બાળકોને ફી તેમજ ચોપડીઓની સગવડ થાય. આ રાહત નાની હોવા છતાં જેને મળે તેને માટે નજીવી નથી. આપણા લોકોને આ બાબતમાં એટલો બધો સંકોચ છે કે તેમને જાતે મળીને સમજાવવાનો સંઘના સભ્યો પ્રયત્ન નહિ કરે ત્યાં સુધી તેઓ આવી સરસ યોજનાનો લાભ લેવા તૈયાર નહિ થાય. આ યોજના હાલ તો સો જૈન કુટુંબો માટે કરવામાં આવી છે, પણ આપણા સૌના પ્રયત્ન વડે સોને બદલે બસો કે ત્રણસો જૈન કુટુંબો આ મદદ લેવાને તૈયાર થાય તો તેટલી મોટી સંખ્યાને પણ પહોંચી વળવામાં સંઘ પાછો નહિ પડે. આ બાબતમાં જૈન શ્રીમાનોમાં અને સંઘના આગેવાન કાર્યકર્તાઓમાં સૌ કોઇએ શ્રધ્ધા રાખવી ઘટે છે. કાર્ય વ્યવસ્થિત રીતે ચાલશે અને તંગી અનુભવતા કુટુંબોને જરૂરી રાહત મળે છે એમ જૈન સમાજને પ્રતીતિ થશે તો જૈન સમાજ આવા કાર્યને પુરતો આર્થિક ટેકો આપવામાં કદિ પાછી પાની નહિ કરે એવી મારી ખાત્રી છે. તેથી જનકલ્યાણના આ કાર્યમાં પુરો સાથ આપવા સંઘના દરેક સભ્યને હું વિનંતી કરૂં છું. સંઘના આજે ૩૦૦ ઉપર સભ્યો છે. જો દરેક સભ્ય એક એક કુટુંબને આ રાહતનો લાભ લેવા સમજાવે તો બહુ સહેલાઇથી બસો અઢીસો જૈન કુટુંબો આ રાહતનો લાભ લેતા થઇ જાય. આ યોજના શરૂ કરી ત્યારે પંદર દિવસમાં હું પોતે ફરી ફરીને સો કુટુંબોને આ રાહતનો લાભ લેતા કરી લઇશ એવી મને ઉમેદ હતી, પણ વિધિયોગે હું એજ અરસામાં માંદગીમાં સપડાઇ ગયો અને ત્યાર બાદ હવાફેર માટે મારે અહિં આવવાનું બન્યું. પ્રભુ કૃપાએ અને આપ સર્વની શુભ આશિષથી મને લાગે છે કે હું એક મોટી જીવલેણ ઘાતમાંથી ઉગરી ગયો છું અને આ કાર્યને આગળ ધપાવવા માટે થોડા વખતમાં આપની વચ્ચે આવી પહોંચીશ એવી મને આશા છે, પણ તે દરમિયાન આપ આ શુદ્ધ સેવાના રાહત કાર્યને બને તેટલું આગળ વધારો એવી મારી માંગણી છે.

કોઠારી આરોગ્ય મંદિર,
તા. ૧૦-૧૦-૪૩. દેવલાલી. **મણિલાલ મોકમચંદ શાહ.**

## કેટલાક સમાચાર અને નોંધ

**પાકીસ્તાન પહોળું થાય છે**

કેટલાક લોકો એમ માને છે કે જનાબ ઝીણા પાકીસ્તાનની કેવળ વાતો જ કર્યા કરે છે, પણ પાકીસ્તાન એટલે શું એનો તેને પોતાને જ સ્પષ્ટ ખ્યાલ નથી અને જો આ બાબતનો તેને પોતાને ચોકકસ ખ્યાલ હત તો તેણે પાકીસ્તાન સંબંધે ક્યારનીયે ચોખવટ કરી નાંખી હત. આમ માનનારા અને કહેનારા જનાબ ઝીણાની કુટિલ રાજનીતિને સમજતા જ નથી. ધાકધમકી અને અને ગુંડાગીરી જેના મૂળમાં છે એ પાકીસ્તાનવાદનો પ્રયોજક જો એક વખત પોતે શું માંગે છે તેની ચોખવટ કરે અને પોતાની યોજના રજુ કરે તો પછી પોતાની માંગણી અને યોજનાની મર્યાદા બંધાઇ જાય અને બધી ચર્ચા તે મર્યાદાને અવલંબીને જ ચાલે અને પરિણામે જ્યારે સાચી પતાવટનો વખત આવે ત્યારે કાંઇને કાંઇ બાંધછોડ કરવી જ પડે. એમ કરવા જતાં પોતાના મનમાં આવે એમ પોતાની માંગણીને પહોળી કરવાનો અવકાશ ન રહે. પણ જનાબ ઝીણાનો દેહ આવી પતાવટ અને અને બાંધછોડની માટીનો બનેલો નથી. બે મહીને અને પાંચ મહીને પોતાની માંગણીઓ વધાર્યે જવી અને એ માંગણીઓ મંજુર કરવામાં નહિ આવે તો કોમી વિગ્રહ ફાટી નીકળશે એવી ધમકી આપવી એ ઝીણાનીતિનો મર્મ છે. હમણાં જ તેમણે જણાવ્યું છે કે “હિંદુસ્થાનના આપણે ઉત્તર અને દક્ષિણ એમ બે જ ભાગ કરવાના રહે છે–આઠ કરોડનું બનેલું ઉત્તર વિભાગમાં આવેલું પાકીસ્તાન અને ૨૫ કરોડનું દક્ષિણ વિભાગનું હિંદુસ્થાન.” કેટલી સાદી સીધી વાત અને કેટલો સરલ નીકાલ ? જનાબ ઝીણા પાકીસ્તાનમાં કયા પ્રાન્ત જોડવા અને કયા ન જોડવા એ ઉપરથી હવે ઉત્તરખંડ અને દક્ષિણખંડ ઉપર આવ્યા છે. હવે પછીની માંગણીની કોટિ એ પ્રકારની આવે કે હિંદુસ્થાનના એક સરખા બે વિભાગ કરવા અને જે વિભાગમાં મુસલમાનોની વસ્તી વધારે હોય તે વિભાગ મુસલમાનોને સોંપી દેવો અને બીજો વિભાગ હિંદુઓને સોંપી દેવો તો કોઇએ જરા પણ આશ્ચર્ય ન પામવું. વાઇસરોયની કારોબારી સભાની પુનર્ઘટના વિષે તો આથી પણ આગળ વધીને જનાબ ઝીણાએ એવી માંગણી કરેલી કે જો કોંગ્રેસ જોડાય તો પચાસ ટકા મુસલમાન સભ્યો અને પચાસ ટકા બીન મુસ્લીમ સભ્યો અને કોંગ્રેસ ન જોડાય તો બધા જ મુસ્લીમ સભ્યો વાઇસરાયની કારોબારીમાં હોવા જોઇએ.

**પાકીસ્તાનનો પરચો**

સાચું પાકીસ્તાન આવે કે ન આવે પણ પંજાબમાં આજે જે પ્રધાનમંડળ છે તેના ઉપર મોસ્લેમ લીગનું ઘણું મોટું પ્રભુત્વ છે અને બંગાળાનું પ્રધાનમંડળ તો મોસ્લેમ લીગનું જ નિર્માણ છે. એટલે આ બે પ્રાન્તોએ પોતપોતાના વહીવટ દ્વારા હિંદુસ્થાનની હિંદુમુસલમાન સર્વ પ્રજાને પાકીસ્તાનનો

ઠીક ઠીક પરચો બતાવ્યો છે. જ્યારે દેશભરમાં અનાજની તંગીએ જ્યાં ત્યાં ભૂખમરાની સ્થિતિ ઉભી કરી ત્યારે પંજાબે-તંગી અનુભવતા પ્રાંતોની વહારે દોડી જવાને બદલે પોતાના પ્રાંતના આર્થિક લાભનો જ કેવળ વિચાર કર્યા કર્યો અને મધ્યસ્થ સરકારની પણ અનેક વાર અવગણના કરી એને લગતી અનેક હકીકતો આજે બહાર આવી રહી છે. બંગાળની આજે કલ્પી ન શકાય એવી દુર્દશા કેવળ ત્યાંના રાજ્યવહીવટને જ મોટે ભાગે આભારી છે એ પણ ફઝલુલ હક્ક, શ્યામપ્રસાદ મુકરજી તેમજ અન્ય જાણીતા માણસોનાં નિવેદનો ઉપરથી સૌ કોઇના બરોબર સમજવામાં આવ્યું છે. બંગાળાની સરકારે નફાખોરી કરી છે, એવો આક્ષેપ જાહેર રીતે કરવામાં આવ્યો છે અને હમણાં હમણાં સપ્લાઇ ખાતાના પ્રધાન સહરાવર્દીએ આટલું તો કબુલ પણ કર્યું છે કે શરૂઆતમાં ઘઉં અને ઘઉંમાંથી નીપજતી ચીજોમાં બંગાળાની સરકારે ચોક્કસ નફો કર્યો હતો. મોસ્લેમ લીગના આગેવાન સભ્ય ઇસ્ફહાની ઉપર જાતજાતના છડેચોક આક્ષેપો મુકાઇ રહ્યા છે. આ બધું પાકીસ્તાનનો પહેલો પરચો છે. સાચાં પાકીસ્તાનના ગર્ભમાં તો કોણ જાણે કેટલીયે આફતો ભરી હશે?

## ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આટો!

મુંબઇ સમાચારના તા. ૪-૧૦-૪૩ ના અંકમાં નીચે મુજબની જાહેરાત પ્રગટ કરવામાં આવી છે.

"ગ્રીસને રાહત આપવા માટે ઘણા દેશોમાં ફંડ ઉઘાડવામાં આવ્યાં છે. હિંદમાં પણ એ માટે અપીલ કરવામાં આવી છે. સર હોમી મોદીનાં પ્રમુખપણાં હેઠળ મુંબઇમાં એક કમિટી નેમવામાં આવી છે. એ કમીટીના બીજા સભ્યોમાં મી૦ સી. જે. દામલે ઉપ-પ્રમુખ છે અને સભ્યોમાં સર હોમી મહેતા, સર રહીમતુલ્લા ચીનાઇ, ઓન. સર શાંતીદાસ આસકરણ, સર વી. એસ. ચંદાવરકર, સર ફ્રાન્સીસ લો, સર જમશેદજી ડગન, સર ફ્રેડરીક સ્ટોન્સ, મી૦ જે. બી. ગ્રીવ્સ, મી૦ સી. જે. કેકીસ અને મી૦ રેવાકોસ છે. ઉપલી કમીટી તરફથી જે અપીલ બહાર પાડવામાં આવી છે તેમાં જણાવવામાં આવ્યું છે કે ગ્રીસ પર જુલમી દુશ્મનના આક્રમણ સામે એ દેશે કેવી વીરતા દાખવી હતી, અને પછી એ રાક્ષસી દુશ્મન તરફથી તેને શું સહન કરવું પડયું હતું એ દુનીઆ જાણે છે. ગ્રીસના છુટકારાનો દિન નજીક આવતો જાય છે, પણ નાઝી ઝુંસરીમાંથી ગ્રીસને મુક્ત કર્યા પછી પણ તેની ભુખે મરતી પ્રજા સંયુક્ત રાષ્ટ્રો જે મદદ આપી શકે તેની મહોતાજ રહેશે દવા, લુગડાં, ખોરાક અને બાળકો માટે દૂધની તેને ખાસ જરૂર છે અને મિત્રો તેનો ફરી કબજો લે પછી પણ તેને આ મદદ પહોંચાડવાની જરૂર છે."

આ અપીલ બહાર પાડનાર ગૃહસ્થો મુંબઇના જાણીતા શ્રીમાન આગેવાનો છે. જ્યારે હિંદમાં ભુખમરાનો દાવાનળ બંગાળની પ્રજાને ભરખી રહ્યો છે અને તેની જવાળા ઇતર પ્રાંતોમાં ફેલાઇ રહી છે, જ્યારે ઘરઆંગણે દુઃખ, સંકટ અને આફતનાં વાદળો ઘેરાયલાં પડયાં છે ત્યારે આવી અપીલ ભારે વિસ્મય ઉપજાવે છે. જ્યાં સંકટ હોય ત્યાં મદદ પહોંચાડવામાં આવે તે સામે કોઇને વાંધો હોઇ ન જ શકે, પણ કોઇ પણ દેશની જાહેર જનતા સમક્ષ જવાબદાર આગેવાન શહેરીઓએ કોઇ પણ બાબતને લગતા ફંડ સંબંધમાં અપીલ બહાર પાડતાં પહેલાં તે દેશના સંયોગોનો જરા વિચાર કરવો જોઇએ. આ અપીલ કરનારા શાણા માણસોને કોઇ પણ અદનો આદમી પૂછી શકે છે કે ગ્રીસની વહારે ધાનારા આપ લોકોએ દેશનું સંકટ ટાળવા પાછળ કેટલો હાથ લંબાવ્યો છે અને શું પરિશ્રમ સેવ્યો છે? આ અપીલ આપની અન્તઃપ્રેરણાનું પરિણામ છે કે આપે તો કેવળ ચીઠ્ઠીના ચાકરનું જ કામ કર્યું છે? આવી અપીલ વાંચીને લોકો આપની હાંસી કરે છે, અને આપની બુદ્ધિની કીંમત કરે છે. ગમે તેટલું સારૂં પણ કવખતનું કામ હંમેશા ઉપહાસયોગ્ય અને ટીકાપાત્ર બને છે. **પરમાનંદ**

# લોકસાહિત્યની વિશેષતા

*(લોકસાહિત્યની વ્યાખ્યાનમાળાનો ભાઇ ઝવેરચંદ મેઘાણીએ નીચે મુજબ ઉપસંહાર કર્યો હતો.)*

રાજાઓનાં મિથ્યા યશોગાનોને, મુસદ્દીઓની પ્રપંચ લીલાઓને અને સામસામા શત્રુઓની કાપાકાપીઓને વેગળી રાખી દઇ માનવીઓ પોતાનાં જ સુખ દુઃખોની છણાવટ કરતાં ગીતો વાર્તાઓ સરજાવવામાં મસ્ત રહ્યા એવું એક ઉજ્જવળ સત્ય જગત સમસ્તના લોકસાહિત્યમાં નિષ્પન્ન થાય છે. પોતાને વિષે પાર વગરનાં આત્મમંથનો અનુભવવાં, આત્મ-નિરીક્ષણોમાં ઉતરવું, આત્મસંવેદનને પામવું એ નાનીસુની વાત નથી. એ વાતની પરમ મહત્તા તો લોકોના આ નિરાધાર પ્રયત્નમાં રહેલી છે. તેમણે કોઇ પ્રતિભાશાળી સાહિત્યકારની કૃપા ઉતરવા વાટ જોઇ નહિ, તેમણે વિરલ બુદ્ધિવંતોનાં અવતરણની અપેક્ષા ન રાખી, પોતાનું સાહિત્ય સર્જન તેમણે પોતે જ કરી લીધું. ગુણાઢ્યની વાણીને વિદ્વત્તાથી ભરેલા રાજદરબારે ન સત્કારી તો તેથી એ જેમ ન તો કંગાલ બન્યો કે ન કિન્નાખોર બન્યો, પણ અરણ્યની સૃષ્ટિને સંભળાવવા ચાલ્યો, તેમ લોક-વાણીએ પોતાનાથી વેગળા અને પોતાના કરતાં જૂદેરી જ છટાથી ચાલી રહેલા શિષ્ટ વાઙ્મયની ઇર્ષ્યા અથવા સ્પર્ધા ન સેવતાં, નિજત્વના બળથી, પોતાના વિરાટ માનસમૂહને સુપથ્ય બને તેવું સદ્યપ્રવાહી વાઙ્મય પકાવી લીધું. પુરોહિતો નથી આવતા? કંઇ ફીકર નહિ. અમે જ અમારૂં દેવમંડલ અને વ્રતશાસ્ત્ર રચી લઇશું. બ્રાહ્મણો જમવા નથી આવતા? ફીકર નહિ, પીપળાઓને નોતરીશું. (પુરૂષોતમ માસની વાર્તા કંકાવટી) શાયરો, નૃત્યકારો ને સંગીત-કારો સુપ્રાપ્ય નથી? તો ખેર. ચાલો આપણે જ નૃત્યસંગીત અને કવિતાનો સુમેળ કરીને ગાવાનું રચી લેશું. બધું જ કરીશું, પણ પરાજય તો નહિ જ કબુલીએ, હીનતા તો નહિજ વેઠીએ. રસોલ્લાસ વગર કેવળ રોટલા પર તો નહિ જ જીવીએ. સંસ્કૃત ભાષાનાં બળો વેગવાળાં છે, તો પ્રાકૃત અપભ્રંશો પણ કયાં બળ-વિહીન છે? એને ધાવી ઉઝરશું, શક્ય તેટલી કરામતો કરીને પણ જીવનને સૌંદર્યે મઢશું.

એ સૌંદર્યવિધાનનું આપણે આ વ્યાખ્યાનોદ્વારા જુદે જુદે દૃષ્ટિકોણેથી દર્શન જ નહિ, પરિશીલન પણ કર્યું છે. આપણે ગૂજરાતની સંકીર્ણતાના સીમાડા વટાવી જઇ બહોળા પશ્ચિમ ભારતને વ્યાપી ઉભેલો જનવિરાટ આપણને પોતાના ભુજમાં સમાવતો જોયો છે. આપણે બોલચાલના વાઙ્મયની દૃષ્ટિએ આપણી અસ્મિતા છેક પંજાબ અને ગઢવાલ પર્યંત જોઇ છે. મહારાષ્ટ્રની જનતા પણ 'ઓવી' દ્વારા આપણી બની છે. એક જ પ્રકારની સંસ્કારિતાના આપણે શ્વાસ લઇએ છીએ. શિષ્ટ વ્યક્તિ સર્જ્યું સાહિત્ય આપણને જે મુકામે લઇ જાય છે તેજ મુકામ પર લોકસાહિત્યનું મહાપ્રયાણ છે. શિષ્ટ સાહિત્યનું ઉત્પાદક બળ જો સંસ્કારિતા છે તો લોકસાહિત્યની રોપણ ક્યારી પણ તળપદી, રૂપાળી, નિરાળી લોકસંસ્કારિતા જ છે.

વિશેષમાં આપણે એ પણ જોયું કે લોકસમુહનું પ્રતિનિધિત્વ કરવું એ કોઇપણ એકાદ બે ચાર પ્રતિભાસંપન્ન કવિ વ્યક્તિ-ઓનું કામ નથી, એ કવિઓ કે સર્જકો પૈકી કેટલાક લોકભોગ્ય બને તેવું કેટલુંક સર્જન ભલે કદાચ કરી શકતા હોય. છતાં લોકહૃદયના પ્રતિબિમ્બકનું કર્તવ્ય તો લોકસાહિત્ય જ કરી શકે છે. વ્યક્તિપ્રતિભાનો સર્વથા અભાવ એ જ લોકસાહિત્યનો મોટો ગુણ છે. સમષ્ટિની જ એ ઉત્પત્તિ છે ને સંપત્તિ છે અને અને એનું સર્વોચ્ચ સામર્થ્ય તો એની શ્રાવ્યતા છે. સાચા અર્થમાં એ વાઙ્મય છે. વાણી એ મુખ્યત્વે શ્રુતિનો વિષય છે. નાદને આપણે બ્રહ્મ કહીએ છીએ. લોકસાહિત્યનો વાહક એ નાદ છે, કાગળ પર થીજતા ટાઢાં બોળ અક્ષરો નહિ. **ઝવેરચંદ મેઘાણી**

**ખોરાક** (પૃષ્ટ ૯૬ થી ચાલુ)

ઠુંકું કદ, આંખની બીમારી, રતાંધળાપણું, ફેફસાનાં કેટલાએક દર્દો (શરદી, વગેરે) આંતરડાનો વરમ, પથરી, જળંદર, મરડો અને ઝાડાની બીમારી આ વીટામનની ખામીનું પરિણામ છે.

ચામડીની સુંવાળપ કે તન્દુરસ્તી આ વીટામીનને આભારી છે.

**વીટામીન** B–આ વીટામીન વનસ્પતિ જમીન અને હવામાંથી ખેંચેલા સત્ત્વોમાંથી બનાવી મુખ્યત્વે બીયાં અને ફળમાં અને અમુક પ્રમાણમાં લીલા પાંદડામાં સંગ્રહી ખોરાક સાથે માણસને કે પશુને આપે છે. બચ્ચાંઓ માતાના દુધ-દ્વારા જ આ વીટામીન મેળવે છે.

વિજ્ઞાનશાસ્ત્રીઓએ આ વીટામીનને Thiamin (થીઆ-મીન) વીટામીન $B^1$ અને Riboflavin (રીબોફ્લેવીન) વીટા-મીન $B^2$ નામના બે ભાગમાં વહેંચી નાંખ્યું છે અને કુદરતી વીટામીનને મળતું નવું રસાયણીક વીટામીન બનાવી કુદરતી વીટા-મીનની ઉણપની પૂરવણી કરવાનું સાધન વૈદકીય દુનિયાને આપ્યું છે.

જમીનની જાત અને તેને મળતાં ખાતર અને પાણી તથા આજુબાજુના સંજોગો ઉપર આ વીટામીનનું પ્રમાણ અવ-લંબે છે. જુદી જુદી ભૂમિમાં ઉત્પન્ન થયેલ એક જ જાતના ફળ કે ધાન્યમાં કે જુદી જુદી ભૂમિમાં ઉત્પન્ન થયેલ વન-સ્પતિ ખાઇને ઉછરેલા પશુઓના દુધમાં સત્વની દ્રષ્ટિએ દેખાતો ફરક આ કારણે જ હોય છે.

અનાજ, કઠોળ, મકાઇ, વટાણા, ફળો, પાંદડાવાળી ભાજી, દુધ, ઇંડાં, કલેજું અને પ્રાણીઓની બીજી ગ્રન્થીઓમાં આ વીટામીન ભરેલું હોય છે.

મીલમાં છડેલા કે બાફેલા ચોખા, અને મેંદામાં આ વીટામીનનો અભાવ હોય છે. ચોખા રાંધીને તેનું પાણી ઓસાવી નાખવાથી કે ફળ કે શાકની છાલ ઉતારી, બાફીને તેનું પાણી ફેંકી દેવાથી આ વીટામીન પણ તેની સાથે ચાલ્યું જાય છે.

આ વીટામીન મગજ, જ્ઞાનતંતુઓ, માંસપેશીઓ, હૃદય, કલેજુ અને બીજી રસ ઉત્પન્ન કરનારી ગ્રન્થીઓને તંદુ-રસ્ત અને મજબુત બનાવે છે, અને પાચનશકિત વધારે છે અને શરીરના મેલને કાઢવામાં મદદરૂપ થાય છે.

આ વીટામીન $B^1$ ની ગેરહાજરી કે ઉણપથી બેરી બેરી નામનું એક જ્ઞાનતંતુનું દર્દ થાય છે. ઉપરાંત પાચન અને જ્ઞાન-તંતુના કાર્યમાં ખલેલ પડે છે. મોળ ચડવી, ચક્કર આવવા, કારણ વગર નબળાઇ લાગવી, અરૂચિ, કબજિયાત, માનસિક ઉશ્કેરાટ, અજંપો વગેરે ફરિયાદો ઉભી થાય છે અને વીટામીન $B^2$ ની ઉણપથી આંખમાં મોતીયો આવે છે અને અકાળ વૃદ્ધત્વ દેખાવા માંડે છે. મોઢાં ઉપર આ વીટામીનની ઉણપ સ્પષ્ટપણે દેખી શકાય છે. હોઠની વધારે પડતી લાલાશ, જીભનું આવી જવું, આંખનું બળવું અને ખરજ આવવી વગેરે ચિન્હો આ ખામીનું પરિણામ છે. વિજ્ઞાનીઓ આને Niacin-Nicotinic Acid deficiency–નીઆસીન–નીકોટીનીક એસીડ–ની ખામી તરીકે ઓળખે છે.

**વીટામીન** C (Ascorbic Acid) આ વીટામીન તાજી લીલી ભાજી, તાજાં ફળો વગેરેમાંથી પુષ્કળ મળે છે. બીયાં કે અનાજમાં તે પૂરતાં પ્રમાણમાં હોતું નથી; પણ તેને ઉગાડીને (કોંટા ફોડીને) તેમાં ઉત્પન્ન કરી શકાય છે. એટલે જ્યાં તાજી ભાજી કે ફળો મળતાં ન હોય કે પરવડતા ન હોય ત્યાં અનાજ કે કઠોળને ઉગાડીને કાચા કે સાધારણ રાંધીને ખાવાથી તે તત્ત્વ મેળવી શકાય છે. પશુઓને લીલા ચારા કે ઘાસ ઉપર રાખવામાં આવે તો જ તેના દુધ કે માંસમાં આ વીટામીન આવી શકે છે. ચોખા, ઘી, માખણ કે સાકરમાં આ વીટામીન હોતું નથી. વધુ પડતી ગરમીથી બધાં વીટામીનો નાશ પામે છે, પણ આ વીટામીન C તો બહુ જલદી નાશ પામે છે. આ વીટામીન–

(૧) લોહીને એક સરખું પ્રવાહી રાખે છે અને તેનો સ્રાવ અટકાવે છે.
(૨) શરીર રચનામાં ઉપયોગના બીજા વીટામીનોને મદદ કરે છે.
(૩) અસ્થિ, દાંત અને માંસ પેશીઓને મજબુત બનાવે છે.
(૪) દર્દ સામે પ્રતિકાર કરવાની શકિત આપે છે.

આ વીટામીનની ખામીથી પેઢામાંથી લોહી નીકળે છે. હાડકાં અને દાંત નબળા રહે છે. શરીર ઉપર કાળા રંગના ચાઠાં પડે છે. સાંધાનો સોજો અને દુઃખાવો થઇ આવે છે. અજંપો અને અરૂચિ થાય છે. પાંડુ રોગ અને નબળાઇ પણ આ તત્વની ખામીથી થઇ આવે છે.

**વીટામીન D** (Sunshine Vitamin)–આ વીટામીન દુધ, માખણ, ઘી, માછલીના તેલ અને ઇંડામાં પુષ્કળ હોય છે. કોપરા અને કરડીના તેલમાં જુજ પ્રમાણમાં હોય છે. બીજા તેલોમાં તેનો અભાવ હોય છે.

શરીર ખુલ્લું રાખી પ્રાતઃકાળમાં સુર્યના તડકામાં ફરવાથી આ વીટામીન કુદરતી રીતે આપણને મળી શકે છે. આ વીટા-મીનની ખામી ખાસ કરીને નાનાં બાળકો, બાળકોને દુધપાન કરાવતી માતાઓ અને વૃદ્ધ પુરૂષોમાં જણાય છે. યુવાનો અને સશકત માણસો કે બાળકો સુર્યના તડકામાંથી તે મેળવી લે છે. વીજળીના Ultra Violet Rays દ્વારા માણસમાં આ વીટામીન દાખલ કરી શકાય છે. જ્યાં સુર્યનો તડકો ઓછો હોય છે, અગર તો તડકામાં ફરવાની રૂતુમાનના કારણે સગવડતા ઓછી હોય છે, ત્યાં આ વીટામીનની ખામી ત્યાંની પ્રજામાં દેખાય છે. આ વીટામીનની ખામીથી નાના બાળકોના હાડકાં નરમ અને વળી જાય તેવા નબળા રહે છે, શરીર નબળું રહે છે, દાંત મોડા અને ખામીવાળા આવે છે. સ્વભાવ ચીડીયો, બેચેનીવાળો થઇ જાય છે. વૃધ્ધ માણસોના હાડકા બેડોળ, બટકણાં થઇ જાય છે. બાળકોના આ દર્દને Rickets, અને મોટાંઓના દર્દને Osteo-malacia કહેવામાં આવે છે.

**વીટામીન–E** પ્રજનન શકિતનું અને વીટામીન K લોહીને જમાવી સ્રાવ અટકાવવાનું કાર્ય કરે છે. આ બધા વીટામીનો માટે હજુ જોઇએ તેટલું નિર્ણયાત્મક સ્વરૂપ નકકી થઇ શકયું નથી.

આપણા શરીરમાં બધા વીટામીનોની જરૂર છે અને તે પુરતા પ્રમાણમાં હોય તો જ શારીરિક કાર્ય બરાબર ચાલી શકે છે. આજે નિષ્ણાતોએ કેટલાક બનાવટી વીટામીનો કુદરતી વીટા-મીનની ખામી પૂરવા માટે શોધ્યા છે જેનો ડોકટરોની દુનિયામાં ખૂબ ઉપયોગ થઇ રહ્યો છે–છતાં પણ જેટલું ખોરાકદ્વારા કુદરતી રીતે મળતું વીટામીન શરીરને ઉપયોગી બને છે તેટલું બહારનું નથી બનતું.

ખોરાક સંબંધી આટલો વિસ્તીર્ણ વિચાર કર્યા પછી એમ તો સમજી શકાય છે કે અતિ ખર્ચાળ, સ્વાદુ કે મિષ્ટ ભોજનો જ આપણા જીવન માટે ઉપયોગના અને કીમતી છે અને સસ્તો અને સાદો ખોરાક ખપવગરનો, ઉતરતો અને વૈદકીય દૃષ્ટિએ નિર્માલ્ય છે એમ એકાંતિક દૃષ્ટિએ માનવું યોગ્ય નથી. ખોરાકની કીંમત તેમાં સમાયેલાં ઘટકો–તત્ત્વો ઉપર અને ખોરાકનો હેતુ પૂર્ણ કરવાની શકિત ઉપર જ અવલંબે છે.

ખોરાકમાં ભરેલા તત્વો જ જીવનદાતા છે એમ માની ખોરાકને બદલે માત્ર શુદ્ધ તત્વોજ લેવાથી જીવી શકાય નહિ. આ તત્વોના અર્કો કાઢી, પ્રોત, સાકર, ક્ષાર, ચરબી કે વીટામીનની ગોળીઓ બનાવી તે ગળવાથી આપણું શારીરિક કાર્ય પૂરેપૂરૂં થઇ શકે નહિ. ખોરાકમાં આ બધી વસ્તુઓ ઉપરાંત ન પાચન થઇ શકે તેવો રેસાવાળો ભાગ પણ હોય છે. જે આંતરડાને જરૂર જોઇતો વ્યાયામ આપવા અને આંતરડાની ગતિનું નિયમન કરવા માટે જરૂરનો છે. એટલે ધટ્ટકો વિનાનો ખોરાક જેમ નિરર્થક છે તેમ પાચન થઇ ન શકે એવા રેસા વગરનો ખોરાક પણ નિરર્થક છે.

ગરીબો અને ઓછી આવકવાળાને જ્યાં ઘી, દૂધ વગેરે પૂરતા મળી શકે તેમ ન હોય, અગર જે સ્થળમાં તેવી વસ્તુઓ સૌને પરવડતી કીમતે ઉપલબ્ધ ન હોય ત્યાં તાજી ભાજી, લીલાં શાક, છાશ અને ઉગાડેલા ધાન્ય કે કઠોળનો ખોરાક તરીકે ઉપયોગ કરીને પણ અમુક પ્રમાણમાં જીવન તત્ત્વો મેળવી શકાય છે. એ વાત સૌને ખ્યાલમાં રહે તો ગરીબોને નિરાશ થવાનું કંઇ કારણ ન રહે.

મોટા શહેરો કે જ્યાં ગામડામાં ગરીબોને મળતા કુદરતી સાધનો મળી શકવાનો સંભવ નથી ત્યાં પ્રજાનું સ્વાસ્થ્ય કાયમ જોખમમાં જ છે.

આપણું સો વર્ષનું ગણાતું આયુષ્ય ધીમે ધીમે કરતાં સાડી છવીસ વર્ષ ઉપર આવી ગયું છે. હજુ ઘટતાં ઘટતાં ક્યાં પહોંચશે તે કહેવું આજના સંજોગમાં મુશ્કેલ છે. બાળ મરણ પ્રમાણ અને સામાન્ય રીતે બાળકોની ઉતરતી તન્દુરસ્તી આજે એવી કરૂણ સ્થિતિમાં મુકાઇ ગયાં છે કે તેનો ખ્યાલ પણ કંપાવનારો છે. ક્ષય અને તેવા જીવલેણ દર્દો કે જે કુટુંબના કુટુંબને તારાજ કરી રહ્યા છે તેનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે. આપણી શારીરિક દીનતાના પગરણ છેલ્લા ત્રણ દાયકા થયાં મંડાઇ ગયા છે. તેથી આજે લડાઇને કારણે આપણને મળતો અપૂર્ણ અને સત્ત્વહિન ખોરાક, પશુઓની નિરંકુશ કતલને કારણે દૂધ, ઘી, વગેરેની તંગી, સર્વ ખાદ્ય પદાર્થોના ખુબ વધી ગયેલા ભાવો અને લીલા શાકભાજી ફળાદિ વગેરેની દુર્લભતા હિન્દી પ્રજાનું શરીર સ્વાસ્થ્ય કેટલી હદે તોડી નાંખશે તે કલ્પવું પણ મુશ્કેલ છે. એક અનુભવીએ ભાખ્યું છે કે, **"જો આજની સ્થિતિ બીજા પાંચ વર્ષ હિન્દમાં ચાલુ રહેશે તો પ્રજાનો સાઠ ટકા જેટલો ભાગ ક્ષય આદિ દર્દોથી પીડાતો હશે, તેની ભાવી પ્રજા માંયકાંગલી, અને કાયમની માંદગીનો વારસો ભોગવતી હશે. એટલે આજની પ્રજા તો મરશે, પણ ભાવિ પ્રજાને પણ મોતના મોઢામાં હડસેલતી જશે. પછી પરદેશીઓને આ પ્રજાને કાબુમાં રાખવા હથિયારો નહિ વાપરવા પડે!** આ કરૂણ કાળવાણી પ્રભુ સાચી ન પાડે, તેટલા માટે પણ પ્રજાએ પોતાના ખોરાકને વધુ પ્રાણપોષક બનાવવો ઘટે છે. ધનિકોએ વૈભવ ખાતર ખપ કરતાં વધુ વસ્તુઓ વેડફી ન દેતાં પ્રજાના મોટા ભાગને તે પહોંચી શકે તેમ કરવું આજે રાષ્ટ્રિય હિતની દ્રષ્ટિએ ઉપયોગી છે. પ્રજાએ તેમજ રાજ્યે પોતાની ફાલતુ જમીનમાં, ખેતરમાં કે આંગણામાં પણ શાકભાજી વાવી પોતાના ખોરાકમાં ઉપયોગી તત્ત્વો વધારવા ઘટે છે. પ્રજા શરીરનો ભયકર ઘસારો અટકાવવા આજે ધર્મગુરૂઓ રાજાઓ, ધનિકો અને જેનાથી કંઇ પણ બની શકે તેઓએ કંઇ કરી છુટવું–તે અનિવાર્ય ફરજ છે.

આપણે ત્યાં ખોરાકને લગતા અતિ અગત્યના પ્રશ્નનો નિર્ણય કરવા એકલી ધાર્મિક કે ભાવના દ્રષ્ટિ જ કામ ન લાગે, પરંતુ સંજોગો અને દેશકાળનો પણ વિચાર કરવો ઘટે. દયાના સુક્ષ્મ સુક્ષ્મ ભાવોને જાણનારાઓએ પણ આજ કારણે દુધ ખરી રીતે પ્રાણીજન્ય પદાર્થ છે એમ છતાં પણ તેના ઉપયોગને નિર્દોષ અને આવશ્યક લેખ્યો છે.

ખોરાકના હેતુને આજે દેખાદેખીથી, જીવ્હાના સ્વાદને કારણે એટલી હદ સુધી મારી નાંખવામાં આવ્યો છે અગર તો ખોરાકના સાદા અને સીધા પ્રશ્નને બગાડી નાંખવામાં આવ્યો છે કે અતિ ખર્ચ, અતિ શ્રમ, અને અતિ કાળક્ષેપ કર્યા છતાં પણ આપણે જીભને રાજી કરવા કરતાં કંઇ વધુ મેળવી શકતા નથી. જૈનોની સાતમા વ્રતની દૃષ્ટિ સાચી દિશામાં જાય તો? પણ કમભાગ્યે આપણી દૃષ્ટિ ઉલટી દિશામાં ગઇ છે. ખોરાકની કીંમત અને જીવન સાથેનો સંબંધ ડાહ્યા માણસોએ ટુંકાણમાં સમજાવ્યો છે કે **'ખાનપાન જીવન માટે છે, જીવન ખાનપાન માટે નથી'** આ નર્યું સત્ય જ્યારે સમજાશે ત્યારે જીવ્હાના સ્વાદ કરતાં કોઇ જુદી જ દૃષ્ટિ આપણને આપણા ખોરાક માટે હશે, ત્યારે સંયમ શક્તિ અને સાચું જીવન સુલભા નહિ બને તેમ કોણ કહેશે?

* * *

આ લેખમાળા અહીં પુરી થાય છે. કેટલાક અંગ્રેજી પુસ્તકોના આધારે ખોરાકના પ્રશ્નની કેવળ વૈજ્ઞાનિક દૃષ્ટિએ અહિં ચર્ચા કરવામાં આવી છે. દુનિયામાં વસતો કેટલોક વર્ગ માંસાહારી છે. કેટલોક વર્ગ નિરામિષાહારી છે. જુદા જુદા ખાદ્ય પદાર્થોમાં કયા કયા પોષક દ્રવ્યો રહેલા છે અને શરીરની કઇ કઇ જરૂરિયાતોને પહોંચી વળે છે એ સમજાવવાનો અહિં પ્રયાસ કરવામાં આવ્યો છે. આજે કેટલેક ઠેકાણે એવી ભ્રમણા ચાલી રહી છે કે શરીરને બળવાન બનાવવા માટે માંસાહાર અતિ આવશ્યક છે, પણ આ લેખો ધ્યાનપૂર્વક વાંચનારને માલુમ પડયું હશે કે માંસમાં રહેલા પોષક અને પ્રાણધારકતત્વો મૂળ તો ફળ, ફુલ, વનસ્પતિ અને ધાન્યમાંથી આવે છે. એ ઉપરાંત વનસ્પતિપ્રધાન આહારમાં કેટલીક વિશેષતાઓ રહેલી છે જે માંસાહારમાં સંભવતી જ નથી. તેથી માનવી ફળ, શાક અને અનાજના વિવેકપૂર્વકના ઉપયોગ વડે શરીરની તાકાત પુરતા પ્રમાણમાં મેળવી શકે છે; આ ઉપરાંત પ્રાણી હિંસા વિના એક ઘણું જ અગત્યનું પ્રાણધારક દ્રવ્ય–દૂધ–પણ સૌ કોઇને સુલભ છે. તેથી પ્રજાનું શરીરબળ અને તાકાત વધારવા માટે માંસાહારની કોઇ પણ આવશ્યકતા છે જ નહિ. ખાસ કરીને હિંદુસ્થાન જેવો દેશ કે જ્યાં વનરાજી પુષ્કળ છે, ધાન્ય વિગેરેની વિપુલતા છે, શાક ફળ જોઇએ એટલાં મળે છે અને પ્રજાના ૮૦ ટકા વિભાગનો ખેતી જ મુખ્ય વ્યવસાય છે, ત્યાં કોઇ પણ માણસ માંસાહાર તરફ કેમ વળતો હશે તે મારી કલ્પનામાં આવતું નથી. આજે ખોરાકના અંગે વપરાતા ભિન્ન ભિન્ન દ્રવ્યોની પ્રાણધારણની અને બળસંવર્ધનની દૃષ્ટિએ કેટકેટલી કીંમત છે. અને તેમાં ફળ તેમજ શાકના ઉપયોગને કેટલું મહત્વનું સ્થાન છે એ બાબત સામાન્ય પ્રજાનું અને ખાસ કરીને જૈનસમાજનું ધ્યાન ખેંચવું એ આ લેખમાળાનો આશય છે. જૈનસમાજનો પ્રચલિત ખોરાક પોષણની દૃષ્ટિએ મૌલિક પુનર્વિધાન માંગે છે અને તેને અંગેના ધાર્મિક ખ્યાલોમાં કેટલોક મહત્વનો ફેરફાર થવાની ખાસ આવશ્યકતા છે. ઉપરના લેખો વાંચનારના મન ઉપર આટલી વાત હું ઠસાવી શકયો હોઉં તો આ લેખમાળા લખવાનો મારો આશય સફળ થયો લેખીશ.

**વ્રજલાલ ધ. મેઘાણી**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પ્રાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૩

મુંબઇ: ૧ નવેમ્બર ૧૯૪૩ સોમવાર.

લવાજમ
રૂપિયા ૨

## ધાર્યું કાંઈ અને નીવડયું કાંઈ !

( ગતાંકથી ચાલુ )

હું ઇરાન દેશ પણ જોઇ આવ્યો છું. એક દિવસ તે દેશ એ યુરોપીય પ્રજાની ચક્કી વચ્ચે પીસાતો હતો. પરંતુ તે ક્રૂર આક્રમણના યુરોપીય જડબામાંથી પોતાનો છુટકારો કરીને આજે તે નવજાગ્રત પ્રજા આત્મશક્તિની પૂર્ણતાની સાધનામાં પ્રવૃત્ત થઇ છે. મેં જોયું કે એક સમયે ત્યાં જરથોસ્તીઓની સાથે મુસલમાનોનો જે ભયંકર વિરોધ હતો તે આજની સભ્ય રાજ્ય-વ્યવસ્થામાં સંપૂર્ણપણે શમી ગયો છે. એ પ્રજાના સૌભાગ્યનુ મુખ્ય કારણ એ છે કે યુરોપિયન પ્રજાના કાવાદાવાની જાળમાંથી તે છૂટી શકી હતી. એ ઇરાન દેશનું આજે હું સમસ્ત અંતઃકરણપૂર્વક કલ્યાણ ઇચ્છું છું. આપણા પાડોશી અફઘાનિસ્તાનમાં જો કે હજી શિક્ષણમાં—સામાજીક બાબતોમાં—જોઇએ એવો સર્વવ્યાપી ઉત્કર્ષ થયો નથી, છતાં તેનો સંભવ પૂરેપૂરો કાયમ છે. તેનું એક માત્ર કારણ એ છે કે સંસ્કૃતિના ગર્વથી છકેલી કોઇ પણ યુરોપીય પ્રજા હજી સુધી તેને કબજે કરી શકી નથી. એ લોકો જોતજોતામાં ચોતરફ ઉન્નતિને માર્ગે-મુક્તિને માર્ગે—આગળ ધપી રહ્યા છે.

પરંતુ હિંદુસ્થાન અંગ્રેજોના સુધરેલા રાજયતંત્રની જગત—દળતી શિલા છાતી ઉપર લઇને લાચાર નિશ્ચલ દશામાં તળિયે પડી રહ્યું છે; ચીનની પ્રજા જેવી મહાન પ્રાચીન સભ્ય પ્રજાને અંગ્રેજોએ પોતાના સ્વાર્થને ખાતર બળાત્કારે અફીણના વિષથી જર્જરિત કરી નાંખી અને તેના બદલામાં ચીનનો એક ભાગ તેઓ હોઇયાં કરી ગયા. આ ભુતકાળની વાતો જ્યાં ધીમે ધીમે ભુલવા લાગ્યા હતા, ત્યાં તો જોઇએ છીએ તો જાપાન ઉત્તર ચીનને ગળી જવા તૈયાર થયું હતું. ઇંગ્લંડના રાજનીતિજ્ઞોએ કેટલી અવજ્ઞાપૂર્ણ ઉદ્ધતાઇથી એ લુંટારૂ વૃત્તિને તુચ્છ વસ્તુ ગણી કાઢી હતી ! ત્યાર પછી એક સમયે સ્પેનના પ્રજાતંત્રવાદી સરકારના તળિયામાં ઇંગ્લાંડે કેવી કુશલતાથી કાણું પાડયું તે પણ આપણે દૂરથી જોયું. તે વખતે જ આપણે એ પણ જોયું કે એ વિપત્તિમાં આવી પડેલા સ્પેનને ખાતર કેટલાક અંગ્રેજોએ પોતાના પ્રાણ પણ અર્પણ કર્યા હતા. જો કે અંગ્રેજોની આ ઉદારતા પૂર્વેનું ચીન સંકટમાં સપડાયું ત્યારે જોઇએ એવી જાગ્રત થઇ નહોતી, છતાં યુરોપિયન પ્રજાના સ્વાતંત્ર્યના રક્ષણને ખાતર જ્યારે તેઓમાંના કોઇ કોઇ વીરને તેમણે પ્રાણાર્પણ કરતા જોયા ત્યારે ફરી એકવાર મને યાદ આવ્યું કે અંગ્રેજોને એક વખતે હું માનવજાતિના હિતૈષી તરીકે જોતો હતો અને ભારે વિશ્વાસપૂર્વક તેમની ભક્તિ કરતો હતો! યુરોપીય પ્રજાની સ્વભાવગત સંસ્કારિતા પ્રત્યેનો વિશ્વાસ હું શી રીતે ક્રમે ક્રમે ખોઇ બેઠો તેનો આ શોચનીય ઇતિહાસ આજે મારે જણાવવો પડયો.

સભ્ય શાસનના પ્રતાપે ભારતવર્ષની સૌથી વધુ દુર્ગતિ જે થઇ છે તે એ નથી કે અહિં કેવળ અન્ન, વસ્ત્ર, શિક્ષણ અને આરોગ્યનો શોકપ્રદ અભાવ છે; પણ તે દુર્ગતિ તો ભારતવાસીઓમાં પડેલો અતિ ક્રૂર વિચ્છેદ છે. ભારતવર્ષની બહાર સ્વતંત્ર રાજ્યસત્તા ભોગવતા કોઇ પણ મુસલમાન દેશમાં મેં એના જોટાની કોઇ વસ્તુ જોઇ નથી. આપણી મુશ્કેલી એ છે કે આ દુર્ગતિને માટે આપણાં સમાજને જ માત્ર જવાબદાર ગણવામાં આવશે. પરંતુ આ દુર્ગતિનું સ્વરૂપ રોજ રોજ ક્રમશ: ઉત્કટ બનતું જાય છે, તેને હિંદના રાજ્યતંત્રના ઉપલા થરના કોઇ એક ગુપ્ત કેન્દ્રમાંથી મળતા ટેકાથી જો પોષણ ન મળતું હોત, તો ભારતવર્ષના ઇતિહાસનું આવું મોટું અપમાનજનક સંસ્કૃતિહીન પરિણામ કદી આવી શકત નહિ. ભારતવાસી બુદ્ધિશક્તિમાં જાપાનીઓ કરતાં કોઇ પણ અંશે કમ છે. એ વાત માનવા જેવી નથી. પૂર્વના એ બન્ને દેશોમાં મુખ્ય ભેદ એ છે કે હિંદુસ્થાન અંગ્રેજી રાજ્યસત્તા દ્વારા સર્વ પ્રકારે જીતાયેલું અને દબાયેલું છે; અને જાપાન એ રીતે કોઇ પણ પાશ્ચાત્ય પ્રજાની પાંખની છાયાના આવરણથી મુક્ત છે. એ વિદેશી સંસ્કૃતિએ—જો એને સંસ્કૃતિ કહેતા હો તો—આપણું શું શું હરી લીધું છે તે આપણે જાણીએ છીએ; તેનાં બદલામાં તેણે હાથમાં લાઠી લઇને જેને એ લૉ એન્ડ ઓર્ડર—કાયદો અને વ્યવસ્થા—કહે છે, તેની સ્થાપના કરી છે, જે સંપૂર્ણતયા બહારની વસ્તુ છે, જે કેવળ દરવાનનું જ કામ છે. પાશ્ચાત્ય પ્રજાના સંસ્કૃતિના અભિમાન પ્રત્યે શ્રદ્ધા કાયમ રાખવી અશક્ય બની ગઇ છે. તેણે પોતાનું શક્તિરૂપ આપણને બતાવ્યું છે, પણ તે મુક્તિરૂપ બતાવી શકી નથી. એનો અર્થ એ થયો કે માણસ માણસ વચ્ચેનો જે સંબંધ સૌથી કીંમતી છે, જેને સાચી સંસ્કૃતિ કહી શકીએ, તેની કૃપણતા જ આ ભારતવાસીઓની ઉન્નતિનો માર્ગ સંપૂર્ણપણે રોકી રહી છે અને છતાં મારા વ્યક્તિગત સૌભાગ્યને લીધે કોઇ કોઇ વાર હું મહદાશય અંગ્રેજોને મળવા પામ્યો છું. એવી મહત્તા મેં બીજી કોઇ પણ પ્રજાના કોઇ પણ વર્ગમાં જોઇ નથી. એ વ્યક્તિઓએ મારા વિશ્વાસને અંગ્રેજ પ્રજા પ્રત્યે આજે પણ દૃઢ રાખ્યો છે. દૃષ્ટાંત તરીકે હું એંડ્રુઝનું નામ દઇ શકું. તેમનામાં સાચા અંગ્રેજને સાચા ખ્રસ્તીને—સાચા માનવને—મિત્રભાવે અત્યંત નિકટથી જોવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આજે મૃત્યુના દૂરત્વને કારણે સ્વાર્થના લવલેશ વિનાની તેમની નિર્ભીક મહત્તા વધારે તેજસ્વી બનીને દેખા દે છે. તેમની પ્રત્યે કૃતજ્ઞતા સેવવાનાં મને અને આપણી આખી પ્રજાને અનેક કારણો છે, પરંતુ વ્યક્તિગત રીતે હું તેમનો એક કારણથી વિશેષ ભાવે કૃતજ્ઞ છું. તરૂણ વયમાં અંગ્રેજી સાહિત્યના

પરિશીલન દ્વારા જે અંગ્રેજ પ્રજાને મેં નિર્મલ શ્રદ્ધા એક સમયે સમગ્ર અંતઃકરણથી નિવેદિત કરી હતી, તેને જીર્ણ થતી અને કલુષિત બનતી અટકાવવામાં તેમણે મને અંતિમ વયમાં મદદ કરી હતી. તેમની સ્મૃતિની સાથે એ પ્રજાના અંતરમાં રહેલી મહત્તા મારા મનમાં કાયમ રહેશે. મેં એમને નિકટતમ મિત્ર ગણ્યા છે અને સમસ્ત માનવ-જાતિના મિત્ર માનું છું. એમનો પરિચય મારા જીવનમાં એક શ્રેષ્ટ સંપતિરૂપે સચવાઇ રહેશે. મને લાગે છે કે એઓ અંગ્રેજી પ્રજાની મહત્તાની નૌકાને કોઇ પણ રીતે ડુબી જતી બચાવશે. એમને મેં ન જોયા હોત અને ન ઓળખ્યા હોત, તો પાશ્ચાત્ય પ્રજા સંબંધી મારી નિરાશાનો કયાંય આરો ન રહેત.

દરમિયાન આપણે જોઇએ છીએ કે સમસ્ત યુરોપમાં જંગલીપણું કેવું નખ અને દાંત બહાર કાઢીને ભય ફેલાવવા તત્પર થયું છે. આ માનવ–પીડનના રોગચાળાએ પાશ્ચાત્ય સંસ્કૃતિની મજ્જામાંથી જાગ્રત થઇને આજે માનવ આત્માના અપમાન વડે એક છેડાથી બીજા છેડા સુધી વાતાવરણને કલુષિત કરી મૂક્યું છે. આપણી ભાગ્યહીણી; લાચાર, ગાઢ કંગાલિયતમાં આપણને તેનો ઠીક ઠીક આભાસ મળ્યો નથી શું ?

ભાગ્યચક્રના પરિવર્તનદ્વારા એક દિવસ તો અંગ્રેજોને આ ભારત–સામ્રાજ્ય છોડીને જવું જ પડશે. પરંતુ તેઓ પોતાની પાછળ કેવા શ્રીહીન કંગાલિયતના ઉકરડાસમા ભારતવર્ષને મૂકી જશે ! એક શતાબ્દિથી યે વધુ કાળનો એ શાસન પ્રવાહ જ્યારે સુકાઇ જશે, ત્યારે પોતાની પાછળ અસહ્ય નિષ્ફળતાનો કેવો અફાટ કીચડ મૂકતો જશે ! જીવનના પ્રારંભ કાળમાં મેં યુરોપની સંપત્તિ–રૂપ અંતરની આ સંસ્કૃતિના દાન ઉપર સમગ્ર અંતરથી વિશ્વાસ રાખ્યો હતો. અને આજે મારી વિદાયને સમયે તે વિશ્વાસ બિલકુલ ઉડી ગયો છે. આજે તો હું એવી આશા રાખી રહ્યો છું કે આપણી આ દારિદ્રલાંછિત કુટિરમાં પરિત્રાણ-કર્તાનો જન્મ થવાનો દિવસ પાસે આવતો જાય છે અને હું એવી અપેક્ષા રાખું છુ કે તે સંસ્કૃતિનો દૈવી સંદેશ લઇને આવશે. અને મનુષ્યના ચરમ આશ્વાસનની વાણી માણસને આ પૂર્વ દિશામાંથી સંભળાવશે. આજે હું સામા કિનારાનો મુસાફર છું–પાછળના ઘાટ ઉપર શું જોતો આવ્યો, શું મૂકતો આવ્યો ? એક અભિમાની સંસ્કૃતિનાં ચારેકોર વેરાયલા ખંડિયેરો ! ઇતિહાસમાં એ કેટલું તુચ્છ ઉચ્છિષ્ટ લેખાશે ! પણ માણસ પ્રત્યે વિશ્વાસ ખોઇ બેસવો એ પાપ છે; એ વિશ્વાસ હું આખર સુધી જાળવી રાખીશ. હું એવી આશા રાખીશ કે પ્રલય પછી વૈરાગ્યના મેઘમુક્ત આકાશમાં ઇતિહાસ કદાચ એક નિર્મલ સ્વરૂપે પ્રગટ થવા માંડશે–અને તે આ પૂર્વાચલની સૂર્યોદયની દિશામાંથી અને ફરી એકવાર અપરાજીત મનુષ્ય પોતાની વિજયયાત્રાના પ્રયાણમાં પોતાની મહત્તા ફરી પ્રાપ્ત કરવાને માર્ગે બધી મુશ્કેલીઓને વટાવીને આગળ વધશે. મનુષ્યત્વના પરાભવને અંતહીન અને ઉપાયહીન માની લેવો એને હું અપરાધ સમજું છું.

આજે હું એટલું કહેતો જાઉં છું કે પ્રબળ પ્રતાપશાલીના પણ સામર્થ્ય, મદમત્તતા, આત્મંભરિતા સલામત નથી એ પુરવાર થવાનો દિવસ આજે સામે આવીને ઉભો છે. અને જરૂર એ સત્ય સાબિત થશે કે:—

**अधर्मेणैधते तावत्, ततो भद्राणि पश्यति ।**
**ततःसपत्नान् जयति, समूलस्तु विनश्यति ॥**

(અધર્મથી માણસ સંપતિમાન થાય છે, સુખો પામે છે, હરીફો ઉપર વિજય મેળવે છે, પણ અંતે સમૂળગો નાશ પામે છે.)

સમાપ્ત મૂળ લેખક :—**રવીન્દ્રનાથ ટાગોર.**

# સ્વર્ગસ્થ રમાનન્દ ચેટરજી

હિન્દની પત્રકાર આલમે એક મહાપુરૂષ ગુમાવ્યો છે અને સારાયે હિન્દે બુદ્ધિના મોરચા પર માતૃભૂમિની આઝાદીની લડત ખેલતો એક પનોતો સન્તાન ગુમાવ્યો છે. વયોવૃદ્ધ પત્રકાર શ્રી. રમાનન્દ ચેટરજીનું અવસાન થયું છે.

સંસ્કૃત ભાષાના અનેક મહાપંડિતો જેણે ઉપજાવ્યા હતા એવાં બાંકુરાના એક કુટુમ્બમાં એમનો જન્મ થયો હતો. પ્રથમ શ્રેણીમાં એમણે બી. એ. ની પરીક્ષા પસાર કરી હતી. પત્રકારિત્વનો નાદ જુવાન ચેટરજીને શરૂઆતથી જ સ્પર્શી ગયો. વિદ્યાભ્યાસ પુરો થતાં "ધર્મબંધુ" નામનાં એક સામયિકનું સંપાદક-પદ એમણે ધારણ કર્યું અને 'ઇંડીઅન મેસેંજર' નામના અખબારમાં પણ તાલીમ લીધી. પણ વિદ્યા અને કલાના એ ઉપાસકને તો એ બંને શોખો સચવાય એવું એક પોતાનું જ સામયિક ખપતું હતું. 'પ્રદીપ' નામનાં પ્રથમ સચિત્ર બંગાળી માસિકનું તંત્રીપદ એમણે ધારણ કર્યું.

તે પછીથી ચેટરજી થોડોક વખત શિક્ષણના ક્ષેત્રમાં પ્રવાસ કરી આવ્યા. અલ્હાબાદની કાયસ્થ કોલેજના તેઓ પ્રીન્સીપાલ નીમાયા. પણ પત્રકારિત્વનો એમનો નાદ છુટે તેમ નહોતું. "પ્રવાસી" નામનું બંગાળી માસિક એમણે અલ્હાબાદમાં જ શરૂ કર્યું. એ માસિકને સફળ બનાવવા એમણે કોલેજના આચાર્ય-પદને તિલાંજલિ આપી. તેમનો નિર્ણય વ્યાજબી ઠર્યો. 'પ્રવાસી' બંગાળનું સર્વોત્તમ માસિક બની રહ્યું અને આજની ઘડી સુધી પોતાનું એ ગરવું સ્થાન એ જાળવી રહ્યું છે.

'પ્રવાસી'ના સુખદ અનુભવે એમને પાનો ચડાવ્યો, અને પ્રચલિત રાજભાષા મારફત માતૃભૂમિની સેવા સાધવા માટે ૧૯૦૭ માં એમણે વિખ્યાત "મોડર્ન રિવ્યુ" માસિક પ્રસિદ્ધ કરવા માંડયું. હિંદના કોઈ પણ શિક્ષિત માનવી સમક્ષ 'મોડર્ન રિવ્યુ'ની સીફારસ કરવી રહે છે ખરી ?

હિન્દનાં જાહેર જીવનના એકેએક વ્યવસાયમાં રમાનન્દ ચેટરજીને એકધારો રસ હતો. કોન્ગ્રેસના અધિવેશનોમાં તેઓ ડોકીઉં કરવા ચુકતા નહિ; હિન્દુ મહાસભાનું પ્રમુખપદ એમણે દીપાવ્યું હતું; અને અખિલ હિન્દ રાજસ્થાન પ્રજા પરિષદને પણ એમની સેવાનો લાભ મળ્યો હતો. જ્ઞાતિઓ અને વર્ણના જુનવાણી અને હાનિકારક વાડા તોડી નાખીને હિન્દુઓ એક અને સંગઠિત બને એવી એમની ભાવના હતી અને એ હેતુથી જ પંજાબના 'જાતપાત તોડક' મંડળની પ્રવૃતિઓને એમણે અપનાવી લીધી હતી. આ ઉપરાંત અનેક પ્રકારની સામાજિક અને શિક્ષણવિષયક પ્રવૃતિઓમાં તેઓ સક્રિય રસ લેતા હતા.

રમાનંદ ચેટરજી જો રાજપુરૂષ હોત તો તેમની કારકીર્દીને બહલાવવા માટે એમનાં આ પ્રકાશનો ઉપયોગી થઇ પડત. પણ તેઓ સ્વભાવે અને ઉછેરથી મુખ્યત્વે વિદ્યાપ્રેમી માણસ જ હતા. એટલે એમણે પોતાનું ચિત આ પ્રકાશન પ્રવૃતિમાં જ રોકયું હતું, અને એમની દૃષ્ટિ એટલી વિશાળ અને સર્વતોમુખી હતી કે એમના ત્રણેય માસિકો "પ્રવાસી" (બંગાળી) 'મોડર્ન રિવ્યુ' (ઇંગ્લીશ) અને 'વિશાલ ભારત' (હીંદી)નો મુખ્ય ઝોક સંસ્કૃતિવિષયક જ રહેતો.

ઘણા થોડા માણસોને પોતાના ધંધાદારીભાઇઓને હાથે બહુમાન પામવાનો પ્રસંગ જીવનકાળ દરમ્યાન પ્રાપ્ત થાય છે. રમાનન્દ ચેટરજી એવા ભાગ્યવાન પુરૂષોમાંના એક હતા. પત્રકારિત્વના વ્યવસાયની એમણે કરેલી અમૂલ્ય સેવાઓની કદર

( અનુસંધાન પૃષ્ટ ૧૧૧ જુઓ )

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

નવેમ્બર ૧ ૧૯૪૩


## જીવનનું ધ્યેય શું ?

(‘રાજકરણી અનશન’ એ વિષયમાં થોડા સમય ઉપર જેમનો એક લેખ ‘પ્રબુદ્ધ જૈન’માં પ્રગટ થયો હતો તે શ્રી નાથજીનો આ બીજો લેખ છે. શ્રી કિશોરલાલ મશરૂવાળાએ નિવૃત્ત જીવન અને સદ્‌ભાવનાયુકત કર્માચરણથી પેદા થતા સંતોષ તથા માનવીજીવનના ધ્યેય વિષે શ્રી નાથજીને ગયે વર્ષે પ્રશ્નો પુછયા હતા. તેના જવાબમાં તેમણે જે પત્ર લખ્યો હતો તે તે વખતના ‘સર્વોદય,’ ‘શિક્ષણ અને સાહિત્ય’ વગેરે માસિકોમાં પ્રસિદ્ધ થયો હતો. હાલમાં કેટલાક ભાઇઓની માંગણીથી તેમણે આજ વિષય પરત્વે પોતે કેટલુંક વિશેષ સ્પષ્ટીકરણ કરેલું છે. તે વિશદ વિચારસરણીથી ભરેલું આખું સ્પષ્ટીકરણ અહિં પ્રબુદ્ધ જૈનના વાંચકો સમક્ષ રજુ કરતાં અમને બહુ જ આનંદ થાય છે. તંત્રી)

શરૂઆતમાં આત્મસંતોષ એટલે શું એ પ્રશ્નનો આપણે પહેલાં વિચાર કરીએ. એ ઉપરથી કેવળ નિવૃત્તિપરાયણતા દ્વારા થનારા આત્મસંતોષ અને સદ્‌ભાવનાયુકત યોગ્ય કર્માચરણ દ્વારા પ્રાપ્ત થનારા સંતોષ વચ્ચેનો ફરક વધારે સહેલાઇથી સમજી શકાશે. પોતાના અંતઃશત્રુઓને જીતીને તથા વાસનાઓનો ક્ષય કરીને આત્મસંતોષ સાધવો અને મોક્ષની પ્રાપ્તિ કરવી એને જ માનવી જીવનનું ધ્યેય માનીએ તો તે માટે નિવૃત્તિપરાયણ વિચારસરણી, કર્મત્યાગ અને નિરૂપાધિક રહેણી યોગ્ય છે. સુખદુઃખો કર્માધીન છે, કર્મનાં ફળો દરેકને પોતપોતાને ભોગવવાં પડે જ છે, તેમાં કોઇ ઓછું વત્તું કરી શકતું નથી–એવી દૃઢ શ્રદ્ધાથી પોતાનાં અને બીજાનાં સુખદુઃખ વિષે ઉદાસીન રહેવાનો પ્રયત્ન મનુષ્ય કરતો રહે; તેમાંયે વિશેષ ઉપાધિમાં ન પડતાં સહેજે બીજા માટે કાંઇ કરી શકાય તો કરવું એવી વૃત્તિ તે રાખી શકે; અને જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ વગેરેનાં ભય અને દુઃખને “હું જ શુદ્ધ, બુદ્ધ, નિત્ય, નિર્વિકલ્પ છું.” એવી આત્મવિષયક ધારણા વડે શાન્ત કરવાની સ્થિતિએ તે પહોંચી શકે તો તો તેને આત્મસંતોષ મળી શકે એમ લાગે છે. છતાં અંતસ્થ રિપુઓનું દમન, વાસનાક્ષય, કર્મ અને સુખદુઃખ વિષેની વિવક્ષિત શ્રદ્ધા, અને આત્મવિષયક ધારણા વગેરેથી અથવા એવા પ્રકારના કોઇ અભ્યાસ અને ધારણાથી પ્રાપ્ત થયેલો આત્મસંતોષ સદૈવ ટકી રહે કે કેમ એ વિષે મને શંકા જ લાગે છે. જે મનુષ્યમાં પહેલાંથી જ ભાવનાશીલતા અને કર્તૃત્વ વિગેરેની ઉણપ હોય તેને આવા પ્રકારના કોઇ અભ્યાસ અને ધારણાથી આત્મસંતોષ જલદી મળી શકે, પરંતુ તેનેયે તે સંતોષ સદૈવ રહેવા વિષે સંદેહ રહે છે. કારણ કે દીર્ઘ પ્રયત્નથી મનુષ્ય પોતાના ષડ્ રિપુઓને જીતવામાં પૂર્ણપણે સિદ્ધિ મેળવી શકે છે એ વાત આપણે સત્ય માનીએ તો પણ ગમે તેવા પ્રસંગે અને કોઇ પણ પરિસ્થિતિમાં ચિત્તની અંદર શુભ વૃત્તિઓનેયે ઉઠવા જ ન દેવી અથવા તેમનું જોર થવા ન દેવું એ વાત મનુષ્ય સાધી શકે એ શકય લાગતું નથી. પોતાના ચિત્તમાં ઉઠનારા વિકારોને શમ દમ વગેરેથી શાંત કરવા એ મનુષ્ય કદાચ સિદ્ધ કરી શકે તો પણ જગતમાં ઘણી વખત બનતા મહાપૂર, ભૂકંપ, અગ્નિપ્રલય, મહાયુદ્ધ, દુષ્કાળ, વ્યાધિ, દારિદ્રય જેવા–અનેક અનિષ્ટ પ્રસંગોને, માનવજાતિ પર પડનારી આપત્તિ અને વિપત્તિને અને તેજ પ્રમાણે આપણી આજુ બાજુ અને સમક્ષ થનારા અન્યાય, ક્રૂરતા, દુષ્ટતા, જુલમ વગેરેને જોતાં છતાં –આજુબાજુની દયાજનક સ્થિતિ દેખાતાં છતાં, મનુષ્યના ચિત્તમાં કોઇ પણ શુભ અને સાત્વિક ભાવના ઉત્પન્ન થાય જ નહિ એવી ચિત્તની અવસ્થા તેનાથી સધાવી શકય લાગતી નથી; અને તેવી ચિત્તની અવસ્થા થયા સિવાય તેનો આત્મસંતોષ ટકી રહે એ અશકય લાગે છે. એક બાજુથી તે તેવી સ્થિતિ સાધી શકતો નથી અને બીજી બાજુથી કર્તૃત્વના અભાવના પરિણામે એવી સ્થિતિમાં ચિત્તમાં ઉઠનારી સદ્‌ભાવનાઓને લીધે ઉત્પન્ન થનારા અસંતોષ અને વ્યાકુળતાને કર્મસિદ્ધાંત (સુખદુઃખો પોતાના કર્મોને આધીન છે) ની વિચારસરણીનો આશ્રય લઇને શાંત કરવાનો તેને પ્રયત્ન કરવો પડે છે. એટલે આપત્તિના દરેક પ્રસંગે–દયા, ન્યાય–અન્યાયનો પ્રતિકાર વગેરે શુભ અને સાત્વિક ભાવનાઓને ચિત્તમાં ઉઠવાના દરેક પ્રસંગે–ચિત્તની સંતોષની સ્થિતિ રાખવા માટે કર્તૃત્વના અભાવને લીધે કોઇ પણ વિચારસરણી દ્વારા ચિત્તને જડ કરવાનો પ્રયત્ન કર્યા સિવાય તેની પાસે બીજો કોઇ ઇલાજ નથી હોતો. પરંતુ મનુષ્યે આવી રીતે પોતાના મનને જડ કરવાનો ગમે તેટલો પ્રયત્ન કર્યો હોય, તોયે તેથી તે કાયમનું જડ બને એ સંભવનીય લાગતું નથી; કારણ કે મનુષ્ય પ્રાણી આવી જાતની જડતા અને અજ્ઞાનનો ત્યાગ કરી કરીને આજની માનવતા સુધી–ચેતનતા સુધી–આવી પહોંચ્યો છે. આવી માનવતા અને ચેતનતા જેમનામાં ભરપૂર હતાં અને તેને લીધે જેમનામાં ભાવનાશીલતા અને કર્તૃત્વનો અભાવ ન હતો એવી વ્યક્તિઓએ સંન્યાસ અને ભક્તિમાર્ગનો અંગીકાર કરીને નિવૃત્તિપરાયણ જીવન સ્વીકાર્યા પછી પણ, બાહ્યતઃ નિવૃત્તિનું પ્રતિપાદન કરતા રહીને યે કેટલીયે પ્રવૃત્તિઓ કરેલી છે. સંસારને માયા સમજીને, તેને ત્યાજ્ય માનીને અથવા મૃગજલ ઠરાવીને પણ પોતાના સંપ્રદાયનો નવો સંસાર આ મૃગજલમાંયે તેમણે નિર્માણ કર્યો છે. સારાંશ, બાહ્યતઃ તેઓ ગમે તે પ્રતિપાદન કરતા રહ્યા હોય છતાં તેમની ભાવનાશીલતા અને કર્તૃત્વે પોતાનો માર્ગ કાઢયો છે. આ દૃષ્ટિએ તેમના જીવનનો વિચાર કરીએ તો કેવળ વિવક્ષિત ધારણાથી અથવા એકાદી નિવૃત્તિ–પરાયણ વિચારસરણીથી તેમણે આત્મસંતોષ મેળવ્યો અગર ટકાવ્યો હોય છે એમ નથી, પણ પોતાની ભાવનાશીલતા અને કર્તૃત્વને ઉચિત કર્માચરણદ્વારા વાળીને તેનો વિકાસ કરીને જ તેમણે તે સંતોષ મેળવ્યો હોય છે અને તે દ્વારા તેમનો તે સંતોષ ટકી રહ્યો હોય એમ તેમના ચરિત્ર પરથી જણાઇ આવે છે.

સદ્‌ભાવના અને કર્તૃત્વનો ઘણે અંશે અભાવ, નિરૂપાધિક રહેણી, નિવૃત્તિ પરાયણ વિચારસરણી, મોક્ષની ઉત્કંઠા વગેરે બાબતોને લીધે કોઇને આત્મસંતોષ સધાયો હોય તોયે તેનામાં રહેલી જડતા અંતર્બાહ્ય કોઇ પ્રાકૃતિક કારણો અને નિયમોથી અથવા બાહ્ય સાત્વિક સંસ્કારો કે વિવેકથી જેમ જેમ ઓછી થતી જશે તેમ તેમ તેના ચિત્તમાં ફરક પડતો જશે અને પહેલી ધારણાનું ચિત્ત પર થયેલું પરિણામ નાશ પામતું જશે. આવી સ્થિતિમાં તેના આત્મસંતોષને ટકાવી રાખવો તેને કઠણ લાગશે. લાંબા વખતની નિરૂપાધિક રહેણીને લીધે તેમજ કર્મશિથિલતા અને ધારણાના વિવક્ષિત અભ્યાસને લીધે જો તેના ચિત્તની સ્થિતિ એકાદ અપંગ થએલા મનુષ્યના જેવી થઇ હશે—એટલે સદ્‌ભાવના જાગૃત થયેલી હોવા છતાં તેને કાર્યમાં પરિણત કરવાની તેની શકિત નાશ પામેલી હશે તો તેવી સ્થિતિમાં પોતાના આત્મસંતોષને ટકાવી રાખવો એ વળી વધારે કઠણ બનશે. પરંતુ

સદ્ભાવના સાથેજ જેની કર્તૃત્વશક્તિ પણ જાગૃત થઇ ઉઠી હશે તે ગમે તેવી સ્થિતિમાં યે પોતાનો માર્ગ કાઢયા સિવાય રહેશે નહિ. જે શ્રેયાર્થી હશે અને જીવનનું સત્ય ધ્યેય ધ્યાનમાં આવ્યા પછી તેને જ પ્રાપ્ત કરવાની જેની ઉત્કટ ઇચ્છા હશે તે કદાચ કોઇ કારણને લીધે ધ્યેય પર્યંત પહોંચી શકેલ ન હોય તો પણ જેટલે સુધી તે પ્રયત્નપૂર્વક પહોંચી શકયો હશે તેટલાથી તેને જે સંતોષ થશે તે તેના પહેલાંના આત્મસંતોષ કરતાં ખાત્રીથી વધારે યથાર્થ અને ટકાઉ હશે.

વિચારક મનુષ્યના મનમાં બીજાએ આવા કેટલાક પ્રશ્ન અને શંકા વચ્ચે વચ્ચે ઉઠનાં હોય છે. પરદુઃખે દુઃખી થઇને કેવળ પરદુઃખભંજનની વૃત્તિથી સદૈવ કર્મરત થયેલા મનુષ્યની જગતમાંની મહાન પ્રવૃત્તિ અને તેના વિસ્તારથી તે પોતે અથવા જગત સુખી ન થતાં દુઃખી થયેલું યે અનેકવાર જોવામાં આવે છે, ત્યારે દુઃખ ભંજનની વૃત્તિથી પ્રવૃત્તિપરાયણ થવાના કરતાં નિવૃત્તિપરાયણતાથી સ્વસંતોષ સાધવો એ જ જીવનનું ધ્યેય માનીએ તો શી હરકત છે? તેજ પ્રમાણે જગતનાં દુઃખનો નાશ કરવા માટે અને તેને સુધારવા માટે અનેક વ્યકિતઓએ ભયંકર કષ્ટો અને યાતનાઓ સહન કરી હોય–પ્રસંગે પોતાના પ્રાણ પણ અર્પણ કર્યા હોય તો યે જગતમાંનુ દુઃખ હજી કાયમ જ છે અને જગત ન સુધરતાં તેવુંને તેવુજ છે એમ લાગે છે તો-પછી કર્મરત થવામાંયે એવો શો લાભ? આવા પ્રશ્ન અને શંકા વિચારક મનુષ્યને થાય એ સ્વાભાવિક છે. પરન્તુ કેવળ પરદુઃખભંજનની વૃત્તિની પાછળ લાગવાથી મનુષ્ય પોતે અથવા જગત સુખી જ થશે એમ માનવું બરોબર નથી. તે વૃત્તિની સાથે વિવેક, તારતમ્ય, ઉચિતતા, યોજકતા વગેરે આવશ્યક સદ્ગુણો મનુષ્યમાં હોવા જોઇએ; પણ જો તે તેનામાં ન હોય–તે વૃત્તિ સાથે ઉપલા આવશ્યક સદ્ગુણોનો અને કર્તૃત્વશક્તિનો સહયોગ ન હોય–પોતાની પાત્રતા કરતાં વધારે અને શક્તિબાહ્ય કાર્યનો વિસ્તાર કર્યો હોય, કાર્યમાં–યોજનામાં-કયાંક સદોષતા હોય અથવા પરદુઃખભંજનની વૃત્તિ કેવળ વ્યસન અથવા તૃષ્ણા જ બની ગઇ હોય તો તે વૃત્તિથી કોઇ સુખી ન થતાં તે પોતે તેમજ અન્ય લોકો દુઃખી થવાનો જ સંભવ રહે છે. પાત્રતા ન હોય છતાં કેવળ ધનની તૃષ્ણાથી કોઇ માણસ વ્યાપારનો પસારો વધારે તો તેને અથવા તેના વારસોને જેમ દેવાળું કાઢવાનો વખત આવે છે તેવું પરિણામ દુઃખભંજનની વૃત્તિની કેવળ તૃષ્ણાથી નીપજવાનો સંભવ છે. કેવળ એકાદી શુભ વૃત્તિની તૃષ્ણા અથવા તે વૃત્તિની અતિશયતા કયારેયે કોઇને કલ્યાણપ્રદ થાય એ સંભવનીય લાગતું નથી. આવી અતિશયતા અથવા તો નિવૃત્તિ–પરાયણતામાંથી જન્મ પામતી કેવળ નિરૂપાધિકતા એ બંનેનો ત્યાગ કરીને પોતાના કલ્યાણનો માર્ગ મનુષ્યે નક્કી કરવાનો છે. સદ્ગુણોનું સામંજસ્ય ન સધાયું–સદ્ગુણોનો યથાયોગ્ય મેળ સાધતાં ન આવડયું–તો તેથી સદ્ગુણોનો પ્રભાવ નષ્ટ થાય છે, એટલું જ નહિ પણ તે સદ્ગુણો જ પોતાના કે બીજાના નાશનું કયારેક કારણ બને છે. આવી રીતે સદ્ગુણો જો દુર્ગુણોનું પરિણામ લાવે તો તેને સદ્ગુણ પણ કેવી રીતે કહેવાય?

મનુષ્યનું ધ્યેય કોઇ પણ માર્ગે આત્મસંતોષ પ્રાપ્ત કરી લેવો એ છે કે પોતાની જડતાનો નાશ કરી માનવી સદ્ગુણોથી યુક્ત થવું એ છે? ધ્યેયની ભિન્નતા પ્રમાણે સાધનામાં, માર્ગમાં અને વિચાર સરણીમાંયે ભિન્નતા રહેશે. પોતાની જડતાનો નાશ કરી પોતામાં સર્વ પ્રકારે સાત્વિકતાની પ્રાપ્તિ કરવી એ ધ્યેય માનીએ તો આપણે શરીર, બુદ્ધિ અને મનને ક્રિયાશીલ કરવાં જોઇએ. ચિત્તમાં ઉત્પન્ન થતા આવેગોથી ક્રિયાશીલતા ઉત્પન્ન થાય છે. ચિત્તમાં શુદ્ધ અને અશુદ્ધ બન્ને પ્રકારના આવેગો ઉઠતા હોય છે. તે પૈકી અશુદ્ધ આવેગોને દબાવીને અને ક્ષીણ કરીને શુદ્ધ આવેગોને મનુષ્યે ગતિ અને પોષણ આપવું જોઇએ. સદ્ભાવના અને સદ્ગુણ એ શુદ્ધ આવેગોનાં લક્ષણ છે. તે સદ્ભાવના અને તે સદ્ગુણને ઉચિત કાર્યમાં પરિણત કર્યાથી તેની ગતિ અને શક્તિ વધે છે. આવી રીતે તેની ગતિ, શક્તિ અને તે સાથે શુદ્ધિની વૃદ્ધિ થતાં જડતાનો નાશ થતો જાય છે. શરીર, બુદ્ધિ અને મનમાં કયાંયે જડતાનો અંશ જ્યાં સુધી રહ્યો હોય ત્યાં સુધી વિકાસ માટે અવકાશ છે, પોતાને આગળ વધવા અને ઉન્નત થવા માટે માર્ગ છે. આવી રીતે પોતામાં રહેલી જડતાનો સંપૂર્ણતાયે નાશ થશે ત્યારે આપણાં શરીર, બુદ્ધિ અને મન ત્રણેયે દ્વારા આપણામાં સાત્વિકતા અને ચેતનતાજ પ્રગટ થતી રહેશે. સર્વ અંગોદ્વારા-સર્વ બાજુથી-ચેતન સ્વરૂપ થવાનો આજ યોગ્ય માર્ગ નથી શું? અને તે માર્ગ જો મનુષ્યને પ્રાપ્ત થાય અને સિદ્ધ થાય તો પછી "હું જ નિત્ય, નિર્વિકલ્પ, ચેતનસ્વરૂપ આત્મા છું" એમ કહેતા રહેવાની અને એવી ભાવના દૃઢ કરી રાખવાની કોઈ ખાસ આવશ્યકતા લાગતી નથી. આ રીતે વિચાર કરતાં પહેલાની જે આત્મ-સંતુષ્ટ સ્થિતિમાં જડતા રહી શકે અને સહન થઇ શકે છે તેને પૂર્ણ સાત્વિક અને પૂર્ણ ચેતન સ્થિતિ કહી શકાય ખરી કે?

મનુષ્યના ધ્યેયનો વળી બીજી પણ એક દૃષ્ટિથી વિચાર કરી શકાય. મનુષ્યોના સંબંધ જેમ જેમ વિશાળ અને વ્યાપક થતા જાય તેમ તેમ તેની સદ્ભાવનાઓ, સદ્ગુણો અને કર્તૃત્વમાં અનેક રીતે વિશાળતા અને વ્યાપકતા દાખલ થતી રહેવી જરૂરી છે. તેમ થયા વગર માનવી જીવન પૂર્ણ થઇ શકશે નહિ. જે કાળમાં મનુષ્યના સંબંધોનો સંકુચિત ક્ષેત્રમાં જ સમાવેશ થતો હશે, તે વખતે સદ્ગુણો અને કતૃત્વને વિશાળ થવાનો અવકાશ જ નહિ હોય. એવે વખતે મનુષ્યની ધર્મકલ્પનાનું સ્વરૂપ પણ સંકુચિત જ હશે. તે સંકુચિત ધર્મકલ્પનાને લીધે તેનું અને તેના સમાજનું કામ તે વખતે ચાલતું હશે. પણ પહેલાનાં કરતાં અધિક વ્યાપક માનવજાતિ સાથે શત્રુત્વ કે મિત્રત્વના સંબંધો અનેક પ્રકારે આવવા લાગ્યા પછી ભાવના, સદ્ગુણ ધર્મ, કર્તવ્ય વગેરે વિષયોમાં તેની પહેલાંની સમજણોમાં ફરક પડી જતાં તે સર્વેમાં વિશાળતા અને વ્યાપકતા લાવ્યા સિવાય ચાલશે નહિ. મનુષ્યના ધર્મની અને કર્તવ્યની મર્યાદા જગત સાથે આવેલા તેના સંબંધાનુસાર સહજપણે વ્યાપક અને વિશાળ બનતી જવી જોઇએ. પરંતુ જે સમાજ આ વાત જાણતો નથી અથવા જાણવા છતાં આ વાત તરફ લક્ષ્ય આપતો નથી અને વધતા જતા પોતાના સંબંધો પ્રમાણે પોતાની ધર્મ-કલ્પનામાં અને પોતાના સ્વભાવમાં ફેરફાર કરતો નથી તે સમાજ દિવસે દિવસે અધિક દીન, લાચાર અને આત્મવિશ્વાસહીન બનતો જાય છે. સંકુચિતતા નહિ છોડવાને લીધે તેને અનેક બાજુએથી દુઃખ અને અપમાન સહન કરવાં પડે છે અને માનવતાની દૃષ્ટિએ વ્યકિત અને સમાજ એકંદરે અધોગતિ તરફ જતાં જાય છે.

ભારતવર્ષની પ્રજાની પડતીનો ઇતિહાસ તપાસીશું તો આવું જ બનતું આવેલું સ્પષ્ટપણે દેખાઇ આવશે. જેમ જેમ જુદા જુદા માનવસમુહો સાથે આપણો સંબંધ આવતો ગયો, તેમ તેમ આપણી પડતી થતી ગયાનું ઇતિહાસ પરથી દેખાઇ આવે છે. નહિ તો લોકસંખ્યાની આટલી બધી વિપુલતા અને ધારણ પોષણ માટેની વસ્તુઓની આટલી બધી સમૃદ્ધિ હોવા

છતાંયે આવડા મોટા રાષ્ટ્રની આવી હીનદીન અવસ્થા કેમ થવી જોઇએ? એનો વિચાર કરતાં લાગે છે કે સંકુચિત પરિસ્થિતિમાંથી વ્યાપક પરિસ્થિતિ સાથે આપણો સંબંધ આવતાં જે દિલની વ્યાપકતા આપણે કેળવવી જોઇતી હતી તે ન કેળવાનું જ આ બધું પરિણામ છે.

હવે સંકુચિતતામાંથી નીકળી જઇને વ્યાપકતા લાવવાથી માનવજાત એકદમ સુખી જ થઇ શકશે એમ ખાત્રીથી કહી શકાય નહિ. માનવજાત દુઃખમુકત થઇ પૂર્ણ સુખી થઇ શકશે કે નહિ અથવા કદી થશે તો કયા ઉપાયથી થશે એ કહેવું ઘણું કઠણ છે. તો પણ એટલી વાત આપણે સ્પષ્ટપણે સમજી શકીએ છીએ કે હીનદીન અને લાચાર અવસ્થાનાં સુખદુઃખ કરતા માનવતાની વિશાળતા તરફ જતાં પ્રાપ્ત થનારા સુખદુઃખમાં કાંઇકે વિશેષતા છે. જે સ્થિતિના દુઃખોમાં દીનતા, વિહ્વળતા, ઉદ્વેગ અને પશ્ચાત્તાપ હોય તેના કરતાં જે સ્થિતિમાં દુઃખની સાથે જ મનની દ્રઢતા અને નિશ્ચય કાયમ હોય, જેમાં દુઃખમાં યે ઉદ્વેગ અને પશ્ચાત્તાપ ન હોય, અને જેમાં નિષ્ઠા આત્મવિશ્વાસ અને ધન્યતા પણ દુખમાંયે મનુષ્યને છોડતી ન હોય તે સ્થિતિ નિર્દુઃખ ન હોય તોયે પહેલી કરતાં નિઃસંશય ગૌરવાસ્પદ નથી શું? તેજ પ્રમાણે જે સ્થિતિનાં સુખમાં લોલુપતા તથા ઉન્માદ ન હોય, જેમાં સ્વાર્થ, તૃષ્ણા, મોહ અથવા બીજી કોઇ પણ હીનવૃત્તિ ન હોય, તેમજ જેમાં ધર્મનિષ્ઠા છોડવી પડતી ન હોય તે સ્થિતિ પૂર્ણ સુખમય ન હોય તોયે તેમાંયે કાંઇક વિશેષતા નથી શું? શુદ્ધ, સાત્વિક અને સુખમય જીવન કયારેયે આજ માર્ગથી પ્રાપ્ત થવાનો સંભવ નથી શું? જગતની સ્થિતિ શરૂઆતમાં હતી તેવી જ હજુ પણ છે એમ લાગે અથવા દુઃખનો નાશ થઇને સુખની વૃદ્ધિ થયેલી સ્થુળપણે જણાઇ આવે નહિ તેમ છતાં આ સ્થિતિમાંયે કયાંક કયાંક માનવ્યનો યથાર્થ રીતે વિકાસ થઇ રહ્યો છે એ જ તેની વિશેષતા છે. પ્રત્યેક જમાનામાં તે તે કાળની પરિસ્થિતિ પ્રમાણે આવા પ્રકારની વિશેષતા દેખાઇ આવે છે. મનુષ્યને માનવીજીવન હજુ પૂર્ણ રીતે સાધ્ય થયું નથી એ વાત ખરી છે, છતાં તે સાધવાનો તેનો પ્રયત્ન ચાલુ છે.

માનવીજીવનના વિકાસક્રમનો બીજો એક પ્રકાર આપણા લક્ષ્યમાં આવે તો તેથી મનુષ્યનું ધ્યેય ઠરાવવામાં આપણને મદદ મળી શકશે એમ લાગે છે. પ્રત્યેક જીવમાં 'પોતાપણાનું' એક ભાન છે. મનુષ્યમાં તે અધિક સ્પષ્ટપણે રહેલું દેખાય આવે છે. તે ભાન સાથે જ મનુષ્યમાં એક પ્રકારની સત્તાવૃત્તિ પણ છે. તે આત્મભાન અને તે સત્તાવૃતિની વૃદ્ધિ કરવાની એક સ્વાભાવિક પ્રેરણા મનુષ્ય માત્રમાં રહેલી છે. આત્મભાન વિનાનો જેમ કોઇ મનુષ્ય મળી શકતો નથી તેમ કોઇ આ વૃદ્ધિ કરવાની પ્રેરણામાંથી છૂટેલોયે દેખાતો નથી. પોતાનું અલ્પત્વ છોડીને મહાનપણું પ્રાપ્ત કરવું એ આ સત્તાવૃત્તિમાંનો સહજ ભાવ છે. પોતાની પાત્રતા, સામર્થ્ય અને સ્વભાવને અનુરૂપ સાત્વિક અથવા રાજસ ઉપાયો વડે પ્રત્યેક મનુષ્ય મહત્તા પ્રાપ્ત કરવા પાછળ લાગેલો જ છે. સ્ત્રી, પુત્ર, કુટુંબ, પરિવાર, રાજ્ય, ધન, માન, ઐશ્વર્ય વગેરેની પ્રાપ્તિદ્વારા [illegible] પોતાની સત્તા–પોતાની 'આત્મતા'–વધારીને મહાન થવાનો પ્રયત્ન કરે છે. તે જ મહતા કોઇ સેવા, કોઇ ઇશ્વરભક્તિ અને કોઇ જ્ઞાનની સાધનાથી મેળવવા પ્રયત્ન કરે છે. પોતાના સામર્થ્યદ્વારા બાહ્ય જગતને કાબુમાં લઇને પોતાની 'આત્મતા' વધારીને મહાન થવા કોઇ પ્રયત્ન કરે છે તો કોઇ જગતના મૂળભૂત તત્વ સાથે–આદિ તત્વ સાથે–તદ્રુપ થઇ મહાન થવા પ્રયત્ન કરે છે. નાના બાળકથી માંડીને મહાપુરૂષ સુધી અને રંકથી માંડીને રાજાપર્યંત બધા અલ્પતાનો ત્યાગ કરીને મહત્તાની ઇચ્છા કરે છે. મનુષ્યની ગતિ સ્વભાવતઃ તે દિશા તરફ જતી દેખાઇ આવે છે. **'लहानपण देगा देवा। मूंगी साखरेचा रवा'** (હે ભગવાન, તું મને લઘુત્વ આપ, જેથી કીડીને નાની હોવાથી સાકરનો ટુકડો મળે છે તેમ મને પણ મોટો લાભ થાય.) એવું સંત તુકારામે કહ્યું છે. એમાં લઘુત્વની–અલ્પત્વની–માંગણી કરેલી છે એમ ઉપર ઉપરથી જોતાં લાગે છે, પણ તેમની ખરી દૃષ્ટિ લઘુત્વ પર નથી, પણ નમ્રતાદ્વારા પ્રાપ્ત થનાર મહાન લાભની પ્રાપ્તિ પર છે એમ થોડો વિચાર કરતાં જણાય છે. ભક્તિદ્વારા ઇશ્વર સાથે તદ્રૂપ થવાનું હોય કે જ્ઞાન દ્વારા વિશ્વ સાથે સમરસ થવાનો પ્રયત્ન કરવાનો હોય–એમાંયે મહત્તાની પ્રાપ્તિની જ કલ્પના છે. સાત્વિક કે રાજસ ઉપાયો વડે મનુષ્ય જેટલે સુધી પોતાની સત્તાવૃત્તિ–પોતાનું આત્મત્વ–સક્રિયપણે અને પ્રત્યક્ષ વધારી શકે છે તેટલે સુધી વધારીને તે પછીના હેતુ માટે કલ્પના, ભાવના કે ધારણાનો આશ્રય દઇ પોતાનું સમાધાન કરવાનો તે પ્રયત્ન કરતો હોય છે. સદ્દગુણ તથા કર્તૃત્વની પોતાની મર્યાદિતતાને લીધે સક્રિયપણે સર્વ વિશ્વ સાથે સમરસ થવું મનુષ્યને શકય નથી હોતું તેથી "સર્વ ચરાચરનું અધિષ્ઠાન–બ્રહ્મ–હું જ છું" એવી ધારણાં કે ચિંતનથી મનુષ્ય પોતાનું સમાધાન કરવાનો પ્રયત્ન કરે છે. અપરંપાર આત્મતા અને મહત્તાની પ્રાપ્તિનો આ એક કાલ્પનિક પ્રકાર છે. આ સર્વ ઉપરથી આપણે એટલું સ્પષ્ટપણે સમજી શકીએ છીએ કે અલ્પતા કોઇનાથીયે સહન થતી નથી. પ્રત્યક્ષ ન સધાય તોયે કલ્પનાથી પણ મનુષ્યને મહત્તાનું સમાધાન જોઇતું જ હોય છે.

આ બધા પ્રકારોમાં કેવળ રાજસ ઉપાય કે કલ્પનાજન્ય ધારણા અને ભાવનાનો ભાગ છોડી દઇએ તો બાકી પ્રત્યક્ષ સાત્વિક ભાવના અને કર્તૃત્વવડે મનુષ્યને સક્રિયપણે જેટલો આત્મીયભાવ દેખાતો હોય તેટલા પ્રમાણમાં જ તેની ખરી પ્રગતિ થઇ છે એમ કહી શકાય–તેટલી જ ખરી મહત્તા તેને પ્રાપ્ત થઇ છે એમ સિધ્ધ થશે. રાજસવૃત્તિના પ્રભાવથી જે સત્તા કે જે મહત્તા વધેલી હોય છે તેથી વ્યક્તિ કે સમાજ ઐકયનું કલ્યાણ થવુ સંભવનીય નથી. જે સત્તા પ્રાપ્ત કરવા કે રાખવા માટે દુષ્ટ મનોવૃત્તિઓનો અને દુષ્ટ સાધનોનો આશ્રય લેવો પડે છે અને જેના મૂળમાં ઐહિક સ્વાર્થ સિવાય બીજો હેતુ નથી તેવા પ્રકારની સત્તાને સદૈવ બહારથી વિરોધનો ભય રહે છે અને તે કદીયે શાશ્વત ટકી શકય નથી. પરંતુ દયા, ક્ષમા, બંધુતા, વાત્સલ્ય, મૈત્રી, ઉદારતા, સત્ય, પ્રામાણિકતા, સમતા વગેરે સદ્દભાવનાઓના પ્રત્યક્ષ આચરણથી જે સત્તા અને આત્મતા વધેલી હોય છે તે વ્યક્તિ અને જગતને કલ્યાણપ્રદ હોઇને તેને કદીયે વિરોધનો ભય હોતો નથી. આખું જગત પોતામાં રહેલી સત્તાવૃત્તિનો વિકાસ કરીને પોતાની મહત્તા આ રીતે સાધે તો તેથી જગતમાં સંઘર્ષ થવાનું કારણ નથી. તે મહત્તા અશાશ્વત નહિ પણ શાશ્વત હશે. સક્રિયપણે જગત સાથે સમરસ થવાનો આજ કલ્યાણપ્રદ માર્ગ નથી શુ? ઉપર કહ્યા પ્રમાણે જડતાને કાઢી સર્વ અંગો દ્વારા સર્વ બાજુથી કર્મો વડે સદૈવ શુદ્ધ ચેતનપણે પ્રગટ થયા કરવું અને સાત્વિકતાથી સક્રિયપણે જગત સાથે એકરૂપતા–સમરસતા–સાધવી એ જ મારી દૃષ્ટિએ માનવીજીવનનું સાચું અને સદા આદરણીય ધ્યેય અને સાધ્ય છે.

નાથજી.

# નાશિક જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ

નાશિક શહેરમાં, થોડા સમયથી ત્યાંના જૈન યુવક સંઘે કેટલીક પ્રશસ્ય પ્રવૃત્તિઓ હાથ ધરી છે. ઇ. સ. ૧૯૪૨ માં શ્રી જૈન કન્યા વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી, ત્યારે તેનો લાભ લેનાર ચૌદ કન્યાઓ હતી. આજે ૧૯ કન્યાઓ તેનો લાભ લે છે. ત્યાં સારા શિક્ષકો રોકી પ્રાથમિક કેળવણી આપવામાં આવે છે; તેમજ કન્યાઓ માટે રહેવા-ખાવાપીવાની પણ સગવડ કરવામાં આવી છે. બપોરના સમયે નાશિકની નિરક્ષર બહેનો તેનો લાભ લે છે. આજ રીતે, વેણી શહેરમાં, એક વિધવા જૈન બહેનની આર્થિક સહાયથી એક કન્યા વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી છે અને તે પણ સારી રીતે ચાલે છે. આવી જ બીજી પ્રવૃત્તિ 'બેન્ક'ની છે. 'ધી ઇસ્ટર્ન બેનીફીટ કું. લિમિટેડ'ના નામથી ચાલતી બેન્ક ત્યાંના કાર્યકર્તાઓએ અમુક રકમ આપી લઇ લીધી અને તેના નામનું સંસ્કરણ કર્યું. સરકારી મંજુરી મળ્યેથી તે બેંક 'ધી બેંક ઓફ નાશિક લિમિટેડ'ના નામથી ઓળખાશે. તેના ડાયરેક્ટરો શ્રી નિમાણી, શ્રી ગોઠી, શ્રી રાંકા, શ્રી ભટેવરા વગેરે બધા જૈનો જ છે. ત્રીજી પ્રવૃત્તિ ત્યાંના કાર્યકર્તાઓએ કેટલાંક વર્ષોથી શરૂ કરી છે વિધવા વિવાહની. અત્યારે દર વર્ષે ત્યાંના કાર્યકર્તાઓની દેખરેખ નીચે લગભગ પચાસ ઉપરાંત જૈન-જૈનેતર વિધવાઓનાં યોગ્ય સ્થળે લગ્ન કરવામાં આવે છે આ બધી પ્રવૃત્તિઓ શ્રી માણેકલાલ એ. ભટેવરા તેમ જ ત્યાંના બીજા ઉત્સાહી કાર્યકર્તાઓને આભારી છે.

# પાટણમાં નેત્રયજ્ઞ

ગયા માસમાં પાટણ ખાતે મુંબઇના જાણીતા આંખના ડોકટર દીનકર સખારામ સરદેસાઇના નેતૃત્વ નીચે એક મોટો નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો. આ યજ્ઞનો લાભ લેવા માટે આસપાસનાં ગામડાંઓમાંથી સંખ્યાબંધ લોકો આવ્યા હતા અને નાતજાતના કશાપણ ભેદભાવ સિવાય સૌ કોઇને ખાવાપીવા તથા રહેવા માટે ભારે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. શહેરના જુદા જુદા કાર્યકર્તાઓએ તેમ જ સ્થાનિક ડાકટરો, નર્સો વગેરેએ આ કાર્યમાં બહુ સારો સહકાર આપ્યો હતો. ડો. સરદેસાઇ કુલ બાર દિવસ રહ્યા હતા અને તે દરમિયાન તેમણે ૩૪૧૬ દર્દીઓને તપાસ્યા હતા જેમાંથી ૬૮૭ દર્દીઓ ઉપર ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ દર્દીઓમાં ૧૫ પરવાળાના, ૬ ડોળા કાઢી નાંખવાના, ૨૦ ફુલાના, ૨૦ મોતીઆના, ૪૬૮ વાળના, ૪૫ ઝામરાના, ૧૨ નાસુરના અને ૮ નીડલીંગના હતા. ઓપરેશનોનું સો-એ-સો ટકા સફળ પરિણામ આવ્યું હતું. ડોક્ટર સરદેસાઈ પાટણ રહ્યા તે દરમિયાન અખંડ પરિશ્રમ લઇને તેમણે કશું પણ વેતન લીધા સિવાય ગરીબ લોકોની આ રીતે જે મહાન સેવા કરી છે તે માટે તેમને જેટલો ધન્યવાદ આપવામાં આવે તેટલો ઓછો છે. શહેરના લોકોએ નગરશેઠ કેશવલાલ અમરચંદના પ્રમુખપણા નીચે ડો. સર દેસાઇને માનપત્ર આપીને તેમના સેવાકાર્યની કદર કરી હતી. આ કાર્યમાં મુંબઇની દવા બજારના પાટણના વ્યાપારીઓએ રૂા. ૯૦૦ ની દવાઓ પુરી પાડી હતી. કોઇએ કાગળ, કોઇએ કાપડ તો કોઇએ રોકડ રકમનાં દાન કર્યાં હતાં. આ બધું બાદ કરતાં પ્રસ્તુત યજ્ઞમાં આશરે રૂા. ૯૦૦૦) નો ખર્ચ થયો હતો, જે મુંબઇ જૈન યુવકસંઘના સભ્યો શ્રી કાન્તિલાલ ભોગીલાલની કું. અને શ્રી કેશવલાલ કરમચંદ સંઘવી તરફથી ઉપાડી લેવામાં આવ્યો હતો. આ ઉદારતા માટે એ બન્ને સભ્યોને પણ ખરેખર ખુબ ધન્યવાદ ઘટે છે.

# ટાઇફોઇડ અને કોલેરા વિષે સાવચેતીની સૂચનાઓ

આજે જ્યાં ત્યાં ટાઇફોઇડ અને કોલેરાની બીમારી લાગુ પડતી અને જીવલેણ નીવડતી માલુમ પડે છે તો તે માટે નીચે જણાવેલ સાવચેતીની ઉપાયોનો અમલ કરવા 'દિવ્યજીવન' નામનું કુદરતી ઉપચારોની હીમાયત કરતું માસિક ખાસ આગ્રહ કરે છે.

"(૧) પાણી ઉકાળેલું ત્રાંબાના વાસણમાં રાખી વાપરવું. (૨) રસોઇ માટેનું પાણી આંધણ આવ્યા સિવાય તેમાં અનાજ ન રેડવું. (૩) પાંદડાવાળાં શાકભાજી ખાવાનું બંધ રાખો. (૪) ફળ શાકો કાપી રાખેલા હોય તે ન ખરીદો. બીજા શાકો ક્લોરીન વોટર અથવા ચૂનાવાળા પાણીમાં થોડી વાર રાખી ધોઇ વાપરવા. (૫) વાસી રાખેલા ખોરાક ન ખાવા. (૬) બજારની વસ્તુઓ જેના ઉપર માંખી બેસે એવા ખુલ્લા રાખેલા ખોરાક એ રોગને ઉત્પન્ન કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. (૭) ગોળ, ખાંડ ખુલ્લા રાખેલા હોય તે ન ખરીદો. (૮) માંસ મચ્છી ખાનારાઓએ રોગ ચાલુ હોય ત્યાં સુધી તેનો ઉપયોગ કરવો એ જીવનું જેખમ છે. દૂધ વાપરતી વખતે તરત ગરમ કરેલું વાપરો. ખોરાકમાં ભારી ખોરાકથી અલગ રહી રાતે હલકો ફળ અથવા જલદી પચે એવો ખોરાક સુતા પહેલાં ૩ કલાક અગાઉ ખાઇ લેવો અથવા તેનો ત્યાગ કરવો એ ખરા સલામતીના માર્ગ છે. બનાવટી ઉપાયોમાં કપુરની ગોટી હંમેશા પાસે રાખી સુંઘ્યા કરો. સવારે ઉઠતાં સાથે ૨૦ તોલા ગરમ પાણીમાં લીંબુ (ખાટા લીંબુ) ૧ નો રસ નીચોવી 'ચા' ના બદલે પીવો તેમજ રાતે સુતી વખતે પણ પીવો. એક તોલા કપુરની વડી, ગરમ કરી છાણેલા એક રતલ પાણીમાં નાંખી રાખો તેમાંથી એક એક ચમચો ઉમરે પુગેલા ઘરના સૌ માણસે પીવો."

## સંઘ સમાચાર

**પ્રબુદ્ધ જૈનને મદદ:** શ્રી. હસ્તીમલજી દેવડાએ પોતાની પુત્રીના લગ્ન પ્રસંગની ખુશાલીમાં 'પ્રબુદ્ધ જૈન'ને રૂા. ૨૫) ની રકમ મોકલી જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**રેશન રાહત કાર્યમાં મળેલી મદદ:** શ્રી. મુંબઇ જૈન યુવકસંઘે ઉપાડેલ રેશન રાહત કાર્યમાં નીચે મુજબ મદદ મળી છે.

રૂા. ૧૦૧) શ્રી દાનમલ રામજી તથા કેશવલાલ રામજી
રૂા. ૨૧) એક ગૃહસ્થ તરફથી
રૂા. ૨૫) શ્રી કેશવલાલ નગીનદાસ શાહ

**રેશન રાહતનો કેટલા કુટુંબોએ લાભ લીધો:-** આજ સુધીમાં સંસ્થાની રેશન રાહતની યોજનાનો કુલ ૨૪ કુટુંબો લાભ લેતા થયા છે, જેમાં ૧૪ ને ૨૫ ટકા અને ૧૦ ને ૫૦ ટકા રાહત આપવામાં આવે છે.

**રાહતકાર્યની પદ્ધતિમાં કરવામાં આવેલો ફેરફાર:-** સંઘતરફથી અમલમાં મૂકવામાં આવેલી રેશનરાહત પધ્ધતિનો લાભ જોઇએ તે પ્રમાણમાં લેવામાં આવતો નથી અને તેનું મુખ્ય કારણ આપણા ભાઇઓને અનાજને લગતી મદદ લેવામાં સંકોચ રહે છે એમ માલુમ પડયું છે. આ બાબત વિષે તા. ૩૧-૧૦-૪૩ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિમાં કેટલીક ચર્ચા થઇ હતી, જેના પરિણામે એમ નક્કી કરવામાં આવ્યું હતું કે અનાજ રેશન ઉપર અમુક ટકા મદદ આપવામાં આવે છે તેને બદલે રાહતની અપેક્ષા ધરાવતા સો જૈન કુટુંબોને હાલ તુરત ચાર માસ માટે વધારેમાં-વધારે માસિક રૂ. ૧૫) સુધીની મદદ આપવાનો પ્રબંધ કરવા સંઘ તરફથી નીમાયલી રેશનરાહત સમિતિને સુચવવું અને રેશનરાહત સમિતિને હવેથી રાહત સમિતિનું નામ આપવું. આ ફેરફારને લગતી વિશેષ માહીતી આવતા અંકમાં આપવામાં આવશે અને ત્યાં સુધી આજે જે રેશન રાહત કાર્ય ચાલે છે તે પહેલાં માફક ચાલ્યા કરશે અને પછી પણ જેને જેને રેશન રાહત આપવામાં આવે છે તેને તે મુજબ અથવા તો સીધી રોકડના આકારમાં મદદ આપવાનું ચાલુ રહેશે.

# શ્રી કાનજી સ્વામી અને સ્થાનકવાસી સમુદાય

એક મિત્ર ઇચ્છે છે કે આજે શ્રી કાનજી સ્વામી સામે સ્થાનકવાસી સમાજમાં જે ક્ષોભ ફેલાઇ રહ્યો છે અને શ્રી. કાનજી સામેના અનુયાયીઓનો સમાજબહિષ્કાર કરવાની જે ચોતરફ હીલચાલ ચાલી રહી છે તે વિષે તેમજ જે મુંબઇ જૈન યુવક સંઘ જૈન સમાજની ફીરકાભેદ વિનાની એકતા, વિચાર-સ્વાતંત્ર્યનું સમર્થન અને આવા કારણે સમાજબહિષ્કાર જેવી પ્રવૃત્તિનો વિરોધ—આવી ભાવનાઓને પોતાના બંધારણમાં અન્તર્ગત કરી રહેલ છે તેના સભ્યો અને તેવી વિચારશ્રેણી ધરાવતા યુવકોનું આવી પરિસ્થિતિ વિષે શું કર્તવ્ય હોઇ શકે તે વિષે મારા મન્તવ્યો પ્રબુદ્ધ જૈનમાં રજુ કરવા. તેમની વિજ્ઞપ્તિને માન આપીને આખા પ્રશ્ન સંબંધે મને જે લાગે તે અહિં જણાવું છું.

શ્રી. કાનજી સ્વામી સાથે મને બહુ પરિચય નથી; પણ સોનગઢ મુકામે તેમના પરિચયનો મને બે કે ત્રણ વખત લાભ મળ્યો છે. શ્રી કાનજી સ્વામી મૂળ સ્થાનકવાસી સંપ્રદાયના સાધુ છે. સ્થાનકવાસી સાધુઓ મોઢે મુહપત્તિ બાંધે છે તે મુજબ તેમણે કેટલોક સમય બાંધી, પણ કાળક્રમે તે આચાર તેમને જરૂરી નહિં લાગવાથી કેટલાંક વર્ષથી તે આચારનો તેમણે ત્યાગ કર્યો છે અને તેમનો ચાલુ મુકામ ઘણું ખરૂં સોનગઢ ખાતે હોય છે. આજે તો તેમના અનુયાયીઓએ અનેક મકાનો, ઉપાશ્રય તેમજ બે મંદિરો બંધાવીને સોનગઢને ભારે રળીયામણું બનાવી દીધું છે. મુહપત્તિનો શ્રી કાનજી સ્વામીએ ત્યાગ કર્યો ત્યારથી સ્થાનકવાસી સમાજ સાથેની તેમની અથડામણની શરૂઆત થઇ છે અને બીજી દિશામાં પણ તેમના વિચાર તેમજ આચાર જેમ જેમ બદલાતા ગયા તેમ તેમ તે અથડામણ વધતી ચાલી છે. સ્થાનકવાસીઓ મૂર્તિ-પૂજાનો મૂળમાંથી વિરોધ કરે છે. શ્રી કાનજી સ્વામીએ મૂર્તિ-પૂજાનો સ્વીકાર કર્યો છે અને તેમણે પ્રરૂપેલી મૂર્તિનો આકાર તથા પૂજનવિધિ કેટલીક દિગંબર સંપ્રદાયને મળતી છે અને કેટલીક શ્વેતાંબર સંપ્રદાયને મળતી છે. તેમનું વસ્ત્ર-ધારણ શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુને મળતું આવે છે. સાધારણ રીતે ચોવીશ તીર્થંકરોની જે હારમાળા સુવિખ્યાત છે તેમાંના કોઇને કોઇ તીર્થંકરની જૈન મંદિરોમાં મૂર્તિઓ બેસાડવામાં આવે છે, જ્યારે કાનજી સ્વામીએ જૈન માન્યતા મુજબ આજે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધર સ્વામીની મૂર્તિની તેમણે ઉભા કરાવેલા જિન મંદિરમાં પ્રતિષ્ટા કરાવી છે. દિગંબર સંપ્રદાયના મહાન આચાર્ય શ્રી કુંદકુંદાચાર્ય પ્રણિત 'સમયસાર' ગ્રંથને અન્ય સર્વે જૈન ગ્રંથો તેમ જ આગમો કરતાં તેઓ સૌથી વિશેષ પ્રાધાન્ય આપે છે અને નાનકપંથીઓ જેમ ગ્રંથ-સાહેબની પૂજા પ્રભાવના કરે છે તેમ શ્રી. કાનજી સ્વામી તેમ જ તેમના અનુયાયીઓ 'સમયસાર'ની પૂજા પ્રતિષ્ઠાને ખુબ મહત્વ આપે છે. શ્રી કાનજી સ્વામીને વધારે વિગતથી જાણવા સાંભળવાનો મને અવકાશ મળ્યો નથી, પણ તેમને હું જેટલા સમજી શક્યો છું તે ઉપરથી હું કહી શકું છું કે 'સ્વ'ને જાણો અને 'પર'ને છોડો એ તેમના ઉપદેશની મુખ્ય વસ્તુ હોય છે. અને સ્વ શું અને પર શું આ પ્રશ્ન ઉપર જ તેમની પાસે અખંડ ચર્ચા ચાલતી હોય છે. જેને આપણે સ્વ ગણીને ચાલીએ છીએ તેવી અનેક બાબતોને તેઓ 'પર' તરીકે વર્ણવીને બાકી રહેલા 'સ્વ'નું અવલંબન લેવા તેઓ સૌ કોઇને આગ્રહ કરે છે. દાખલા તરીકે વિચાર, જ્ઞાન, સંવેદન, ભાવના આ બધું જ તેમના મતે પર છે. તેઓ ગણાવે છે એ બધી બાબતોનો ઉચ્છેદ કરતાં અવશિષ્ટ રહેતું 'સ્વ' શું તે હજુ મારી બુદ્ધિ કે કલ્પનામાં ઉતર્યું નથી અને તેથી કોઇ પણ વર્તુળનું ક્ષેત્રફળ વિનાનું મધ્યબિન્દુ પકડવા જતાં આપણા હાથમાં જેમ શુન્ય જ આવે છે તેમ તેમનો સ્વપરવાદ લગભગ શૂન્યતાની ઉપાસના જેવો મને લાગ્યો છે અને આ શૂન્ય સમા કોઇ મહત્ તત્વ ઉપર ભાર મૂકવા સાથે અંગત તેમ જ સામાજિક સર્વ કોઇ બાબતો વિષે તેઓ જે કેવળ નિષ્ક્રિયતાની ભાવનાને સતત પોષી રહ્યા છે તે મને ખુબ જ ખુંચી છે. શ્રીમદ્ રાજચંદ્ર વિષે તેઓ ખુબ આદર ધરાવે છે અને એમના ઘણાખરા વિચારો તેમને માન્ય છે એમ પણ મારા સાંભળવામાં આવ્યું છે.

આમ સમગ્રપણે વિચાર કરતાં શ્રી કાનજી મુનિ વિષે બે બાબતો આગળ તરી આવે છે. એક તો તેમણે મુહપત્તિનો ત્યાગ કરીને, મૂર્તિપૂજા સ્વીકારીને તેમ જ દિગંબરા-આર્ય કુંદકુંદાચાર્યને ગુરૂપદે સ્થાપીને સ્થાનકવાસી સાધુ-ઓની આચારપ્રણાલીનો કરેલો સળંગ પરિહાર અને બીજું કેવળ નિષ્ક્રિયતા તરફ લઇ જતો તેમનો શુષ્ક અધ્યા-ત્મવાદ. આ બીજી બાબત એ કાંઇ શ્રી કાનજી સ્વામીની જ કોઇ ખાસ વિશિષ્ટતા છે એમ નથી. સામાન્યતઃ જૈનોના ત્રણે ફીરકાના સાધુઓ આજ બાબતને આગળ ધરી રહ્યાં છે અને વ્યાખ્યાન પીઠ ઉપરથી આવા જ આકારનું જૈનદર્શન સમજાવી રહ્યા છે. જુદા જુદા જૈન આચાર્યોની માન્યતાઓની વિગતોમાં કેટલાક ફેરફાર હશે. દાખલા તરીકે ઘણા ખરા જૈન સાધુઓ વ્યવહારમાં ક્રિયાકાંડ ઉપર ખૂબ ભાર મૂકે છે, જ્યારે શ્રી કાનજી મુનિ ઉપદેશમાં ક્રિયાકાંડને જરા પણ મહત્ત્વ આપતા નથી. આમ છતાં પણ મંદિર અને મૂર્તિપુજાને સ્વીકારીને તેમજ તેની ચોક્કસ પૂજા પ્રતિષ્ટાવિધિનું નિર્માણ કરીને તેમણે ક્રિયાકાંડને જ બીજી બાજુએથી ઉત્તેજન આપ્યું છે. આ બધું ગમે તે હોય, પણ અન્ય જૈન આચાર્યો અને શ્રી કાનજી સ્વામીની ઉપદેશ—ભૂમિકામાં બહુ ફરક દેખાતો નથી:

શ્રી. કાનજી સ્વામી પ્રભાવશાળી પુરૂષ છે અને તેઓ જે કાંઇ કહે છે તેની પાછળ તેમના આત્મા સાથે જડાયલી ચોક્કસ પ્રકારની ઉંડી માન્યતા છે. વળી જૈન શાસ્ત્રોનું તેમનું જ્ઞાન પણ બહુ વિસ્તૃત છે. પ્રણાલિકા ભંગનું તેમનામાં વીરત્વ છે. તેથી તેમના તરફ અનેક સ્ત્રી પુરૂષો ભક્તિભાવથી આકર્ષાય એ સ્વાભાવિક છે. તેમનું ચારિત્ર્ય પણ એક અતિ મહત્ત્વનું આકર્ષક બળ છે. પોતાની પૂજા પ્રતિષ્ટા ચોતરફ ખૂબ વધારવાનો તેમને કદાચ મોહ હશે, પણ આ મોહથી પ્રતિભાસંપન્ન આચાર્યો ભાગ્યે જ મુક્ત હોય છે. તેઓ મૂળ સ્થાનકવાસી સંપ્રદાયના અને તેમનો વિશેષ સહવાસ પણ સ્થાનકવાસી વિભાગ સાથે, તેથી તેમના પ્રત્યે આકર્ષાતા વર્ગનો મોટો ભાગ સ્થાનકવાસી ભાઇ બહેનોનો જોવામાં આવે છે. આ કારણને લીધે સ્થાનકવાસી સમુદાયમાં ખુબ ખળભળાટ ઉભો થયો છે અને કાનજી સ્વામી સામે મોટા પાયા ઉપર પ્રચાર ચાલી રહ્યો છે. કેટલાક ગામોમાં કાનજી સ્વામીના અનુયાયીઓનો સંઘ—બહિષ્કાર કરવાની—સમાજ બહિષ્કાર કરવાની—પ્રવૃત્તિ ચાલી રહી છે. વઢવાણ તેમજ બોટાદના સ્થાનકવાસી સંઘોએ આ મતલબના ઠરાવો પણ કર્યા છે. સ્થાનકવાસી કોન્ફરંસે પણ શ્રી કાનજી

મુનિ સામે જેહાદ પોકારી લાગે છે અને તેના મુખપત્ર 'જૈન પ્રકાશ'માં શ્રી કાનજી મુનિ સામે અવારનવાર ગરમાગરમ લખાણો પ્રગટ થતાં જોવામાં આવે છે.

જ્યારે કોઇ પણ એક વિશિષ્ટ વ્યકિત જેને અમુક સંઘ કે સંપ્રદાયની મૌલિક માન્યતાઓ તરીકે ગણવામાં આવે છે, તેનો પરિત્યાગ કરી અન્ય પ્રકારની માન્યતાઓની જાહેરમાં પ્રરૂપણા અને પ્રચાર કરવા માંડે અને તે તરફ તે સંઘ કે સંપ્રદાયના સંખ્યાબંધ ભાઇબહેનો આકર્ષાતા ચાલે ત્યારે તે સંઘ કે સંપ્રદાયના અગ્રેસરો આકુળવ્યાકુળ બને અને એક પ્રકારના આ નવા ફણગાને મૂળમાંથી કેમ દાબી દેવો અને એ રીતે પોતાના સંઘ કે સંપ્રદાયનું સંઘઠ્ઠન કેવી રીતે અબાધિત–સુરક્ષિત–રાખવું એવી હીલચાલ ઉપાડવાને પ્રેરાય એ સ્વાભાવિક છે. પણ બને છે એવું કે જ્યારે કોઇ પ્રાણવાન માણસ કોઇ નવી વાત શરૂ કરે છે અને ચાલુ રૂઢિથી જુદા માર્ગે પ્રયાણ કરે છે ત્યારે તેને કોઇ અટકાવી શકતું જ નથી તેમજ તેના વધતા જતા અનુયાયીદળને સમાજ–બહિષ્કારની ધાકધમકીથી વારી શકાતું નથી. અમારી આ ચોક્કસ માન્યતાઓ છે અને એની મર્યાદા બહાર કોઇ જઇ શકશે નહિ કે કોઇ બોલી શકશે નહિ–આવી જહાંગીરી સમાજશાહી આજે વ્યવહારૂ નથી–ચાલી શકે તેમ નથી–આ બાબત સ્થાનકવાસી સંઘના શાણા અગ્રેસરોએ બરોબર સમજી લેવી જોઇએ અને સમાજ બહિષ્કાર અને વાણીરૂંધન કરવા માગતા વિચારપ્રવાહોને ડહાપણ અને શાણપણના માર્ગે વાળવા જોઇએ. એમ નહિ કરતાં જે વઢવાણ અને બોટાદ મુકામે થઇ રહ્યું છે તે જ સમાજ-બહિષ્કારની પ્રવૃત્તિને ઉત્તેજન આપવામાં આવશે તો એક તો આપસઆપસમાં ખૂબ અથડામણો વધશે અને બીજું જેને અપ્રતિષ્ઠિત કરવાના હેતુથી આ બધી હીલચાલ ચાલી રહી છે તે હેતુ બર આવવાને બદલે ઉલટું તે વ્યકિત વધારે પ્રતિષ્ઠિત બનશે અને તેનું અનુયાયીદળ ઉત્તરોત્તર વૃદ્ધિગત થતું રહેશે. એ વ્યકિતના વર્ચસ્વમાં ત્યારે જ ઘટાડો થાય કે જ્યારે તેના ચારિત્ર્યમાં શિથિળતા આવે અથવા તો માનવીસુલભ નબળાઇઓ તેને નીચે પાડે. અમુક સંઘ કે સંપ્રદાય સાથે સંબંધ ધરાવતી દરેક વ્યકિતની અમુક માન્યતા હોવી જ જોઇએ–આવો ખ્યાલ આપણામાં ઘર કરી રહેલો છે. પણ આજના પરિવર્તનકાળમાં વાસ્તવિકતા આથી વિરૂધ્ધ પ્રકારની જોવામાં આવે છે. વળી મૂર્તિપૂજાનો સ્વીકાર કે પરિહાર એ પણ માણસના મનના સ્વાભાવિક વળણનો સવાલ છે. કહેવાતા મૂર્તિપૂજક સંપ્રદાયમાં આજે અનેક માણસો મૂર્તિપૂજાનો પરિહાર અથવા તો ઉપેક્ષા કરીને ચાલતા જોવામાં આવે છે. અમૂર્તિપૂજક ગણાતા અનેક ભાઇ બહેનો મૂર્તિ, મંદિર, અને દેવદેવીની ઉપાસના કરતા નજરે પડે છે. આ ઉપરાંત ચોકકસ માન્યતાઓનો સ્વીકાર એ એકજ નિમિત્ત કોઇપણ વ્યકિતને તેની સમાજ સાથે બાંધી રાખનારૂં કારણ નથી હોતું. આ સિવાય બીજા પણ અનેક સામાજીક નિમિત્તો તેમજ કારણો માણસને પોતાના સમાજ સાથે બાંધી રાખવામાં ઉપકારક બને છે. આ બાબત ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે. જ્યાં સુધી કોઇ વ્યકિત પોતાના સંઘ કે સાથનો જાણી ઉઠીને ત્યાગ કરવા માંગતો ન હોય ત્યાં સુધી તે વ્યકિતને તેની બદલાયલી ચોકકસ માન્યતાના કારણે તે સંઘ કે સાથમાંથી કાઢી મૂકવો તે તે સંઘે કે સાથે આજના વખતમાં આત્મઘાત નોતરવા બરોબર છે. થોડા વખતમાં રાજકોટ મુકામે સ્થાનકવાસી કોન્ફરન્સની સ્થાયી સમિતિની બેઠક મળવાની છે. આશા રાખવામાં આવે છે કે ત્યાં એકત્ર થતા ભાઇઓ શ્રી. કાનજી મુનિ અને તેના અનુયાયી વર્ગને દાબી દેવાનું કેવળ પ્રત્યાઘાતી વલણ અખત્યાર નહિ કરતાં પુરી દુરંદેશીથી આખા પ્રશ્નનો વિચાર કરશે.

અને આ સંબંધમાં કોમી એકતાની પુષ્ટિ, ~~વાણી~~ વિચાર સ્વાતંત્ર્યની રક્ષા અને સમાજબહિષ્કારનો વિરોધ-એ ત્રણ બાબતો જેની વિચારશ્રેણીમાં મુખ્ય સ્થાને છે તે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો કે તેને મળતા વિચારના યુવકોથી તો આવી પ્રત્યાઘાતી પ્રવૃત્તિમાં ભાગ લઇ શકાય જ નહિ. આખી હીલચાલ સ્થિતિચુસ્ત વર્ગમાંથી ઉભી થઇ છે. તેને કોઇ પણ સુધારક કે પ્રાગતિક વિચાર સાથે કશી નિસબત નથી. પ્રાગતિક યુવકોનું કાર્ય આવી આગ વધતી ઠારવાનું હોઇ શકે, વધારવાનું હોઇ ન જ શકે. શ્રીમદ્ રાજચંદ્ર સંબંધમાં પચ્ચીશ ત્રીશ વર્ષ પહેલાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં આવી જ હીલચાલ ઉભી થઇ હતી. આજનો જૈન સમાજ અનેક ફીરકાઓમાં વહેંચાયલો છે. તેમાં વળી એક નવો પંથ–નવો ફીરકો–ઉભો થાય એ દુઃખદ છે; પણ એ ફિરકો કે પંથ ઉભો થતો કે ફેલાતો અટકાવવાનો ઉપાય તેની સામે ઝુંબેશ ઉપાડવી એ નથી. ફીરકાભેદો માન્યતાભેદોમાંથી ઉભા થાય છે. એ માન્યતાભેદો સર્વ સામાન્ય અને સર્વ સ્વીકૃત ધર્મસ્વરૂપની અપેક્ષાએ કેટલા ગૌણ અને નજીવા છે એ બરોબર સમજવું અને લોકોને સમજાવવું અને પ્રચલિત ફીરકાઓ, સંપ્રદાય ભેદો અને તે વચ્ચેના ઝગડાઓ સબંધે કેવળ ઉદાસીનભાવ કેળવવો અને એ ભેદોને વધારે સ્ફુટ અને સ્થિર કરવાને બદલે શમાવવા અને અપનાવવા પાછળ સ્વશકિતનો વ્યય કરવો–એ જ દરેક પ્રગતિશીલ યુવકનો ધર્મ હોઇ શકે.

**પરમાનંદ**

---

**કેટલાક સમાચાર અને નોંધ** (પૃષ્ટ ૧૧૨ થી ચાલુ)

દરેક સારા કાર્યમાં દિલની સહાનુભૂતિ એ તેમના વિશિષ્ટ ગુણો હતા. તેમના પવિત્ર આત્માને પરમાત્મા પરમ શાન્તિ આપો!

**શ્રી લોઇડ જ્યોર્જનું લગ્ન**

ઇંગ્લાંડના સુવિખ્યાત રાજકારણી નેતા અને વર્તમાન વિગ્રહમાં જે સ્થાન વિન્સેન્ટ ચર્ચહીલનું છે તે જ સ્થાન પુરોગામી વિગ્રહમાં જે ધરાવતા હતા તે શ્રી લોઇડ જ્યોર્જ ૮૦ વર્ષની ઉમ્મરે વર્ષો થયાં જે બાઇ તેમના સેક્રેટરી તરીકે કામ કરતી હતી તેની સાથે રીતસરના લગ્નથી જોડાયા છે. આ સમાચારે ખાસ કરીને હિંદુસ્થાનમાં ભારે આશ્ચર્ય તેમજ ચર્ચા ઉપસ્થિત કરેલ છે. તેમનાં આગળના પત્ની હજુ બે વર્ષ પહેલાંજ વિદેહ થયા છે. આવી ઘટના બને છે ત્યારે લોકોની જીભને જેમ તેમ બોલવાની ચળ આવે છે તે રીતે આપણે ન બોલીએ કે ન વિચારીએ, પણ એટલું તો કોઇથી ના કહી શકાય તેમ છે જ નહિ કે ૮૦ વર્ષની ઉમ્મર કાંઇ નાની સુની ન જ ગણાય અને લોઇડ જ્યોર્જને કોઇ પણ અર્થમાં યુવાન પણ કહી ન જ શકાય. આમ વૃધ્ધાવસ્થાથી જર્જરિત બનેલા અને મૃત્યુના આંગણે આવી બેઠેલા અને દુનિયાની સારાસાર અનેક ઘટનાઓમાંથી પસાર થયેલા આવા એક મોટા આદમીને લગ્નજીવનમાં આજે પણ એવો તે શું રસ રહી ગયો હશે એ આપણી સમજણમાં કેમે કરીને ઉતરતું નથી. મોટા માણસોના ચરિત્રો ખરેખર ગહન હોય છે!

**પરમાનંદ.**

---

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૪

મુંબઇ: ૧૫ નવેમ્બર ૧૯૪૩ સોમવાર.

લવાજમ
રૂપિયા ૨

## હિંદનાં ગામડાંના પ્રશ્નો

### ( Rural Problems of India )

(તા. ૧૧-૫-૪૩ ના રોજ મુંબઇની રોટરી કલબ સમક્ષ સર મણિલાલ બાલાભાઇ નાણાવટીએ ઉપર જણાવેલ વિષય ઉપર એક અતિ મહત્વનું વ્યાખ્યાન આપ્યું હતું. આજે જ્યારે વર્તમાન વિગ્રહના અસાધારણ સંયોગો અને દેશનો રાજ્યવહીવટ ચલાવતી મધ્યસ્થ તેમજ પ્રાન્તિક સરકારના ગેરવહીવટના પરિણામે તેમજ અન્ય કારણોને લઇને બંગાળા, ઓરીસ્સા તેમજ અન્ય પ્રાન્તો ઉપર જીવલેણ ભુખમરો પ્રસરી રહ્યો છે ત્યારે લડાઇ પહેલાં દેશની અર્થવિષયક પૂર્વભૂમિકા કેવી હતી તેનો એ વ્યાખ્યાનમાં જરૂરી આંકડાઓના પ્રમાણો સાથે આબેહુબ ખ્યાલ આપવામાં આવ્યો છે. એ પૂર્વભૂમિકાના અનુસંધાન સિવાય આજની આપણી પ્રજાની દુર્દશાનું ખરૂં માપ આવી શકે તેમ નથી. નીચેનો અનુવાદ સર મણિલાલ બાલાભાઇ નાણાવટી પાસે અનુમત કરાવીને 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો માટે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ.)

આજે આપણે આખા દેશમાં આપણા દિલને કંપાવનારી પરિસ્થિતિ જોઈ રહ્યા છીએ. તે જે કારણોને લઇને ઉભી થવા પામી છે તેમાંના કેટલાંક મૌલિક કારણોની હું ચર્ચા કરવા માંગુ છું અને આખા દેશની સામે ઉભેલા આ પ્રશ્નનું મહત્વ અને વિસ્તાર સુચવતી કેટલીક પાયાની હકીકતો રજુ કરવા માંગું છું. આપણે બધા જાણીએ છીએ તે મુજબ હિંદુસ્થાનનો આ પ્રશ્ન ગરીબીનો-સમૃધ્ધિની વચ્ચે ઘર કરી રહેલી દરિદ્રતાનો-છે. (આપણા રાષ્ટ્રની વ્યક્તિ દીઠ વાર્ષિક આવક પાંચ પાઉંડ એટલે કે ૬૭ રૂપીઆ જેટલી નીચી આંકવામાં આવે છે, જ્યારે ગ્રેટબ્રીટનની માથાદીઠ વાર્ષિક આવક ૭૬ પાઉંડ એટલે કે રૂ. ૧૦૧૬ અને યુનાઇટેડ સ્ટેટસ (અમેરિકા) ની માથાદીઠ વાર્ષિક આવક ૮૯ પાઉંડ એટલે કે રૂા. ૧૧૯૦ આંકવામાં આવે છે.) આ ગરીબીના પ્રશ્નનું બે ધોરણથી પૃથક્કરણ કરવુ જોઇએ (૧) દેશના માનવધનના ધોરણે અને (૨) રાષ્ટ્રની સાધન સંપત્તિના ધોરણે. માનવધનના ધોરણનો વિચાર બે રીતે કરવાનો રહેશે. એક તો હિંદુસ્થાનની પ્રજાની સંખ્યાનો વિચાર અને બીજુ હિંદુસ્થાનમાં વસતા માનવીઓના તાકાતનો વિચાર. ટુંકામાં આ રાષ્ટ્રની વસ્તીને લગતી સમગ્ર સમાલોચનામાં આ બન્ને બાજુનો સમાવેશ થઈ જાય છે. રાષ્ટ્રની સાધન સંપતિને લગતા અભ્યાસ દરમિયાન જમીનની ખેતીવાડીની ભિન્ન ભિન્ન બાજુઓનું નિરીક્ષણ કરવુ પડશે, કારણ કે હિંદુસ્થાનમાં તો પોણા ભાગની વસ્તીનું નસીબ જમીન સાથે જ જોડાયલું છે. ઔદ્યોગિક વિકાસની પ્રગતિને પણ જમીન ઉપર આધાર રાખતા આ લાખો માણસોની ખરીદશક્તિ સાથે ઘણો મોટો સંબંધ છે. તેથી એમ કહી શકાય કે હિંદુસ્થાનમાં જમીનની પેદાશ એજ રાષ્ટ્ર-સંપતિનો ખરો પાયો છે.

આ પ્રસ્તુત વિષયની આલોચનામાં હું ઉતરૂ તે પહેલાં ભૂતકાળ ઉપર થોડો દૃષ્ટિપાત કરવો પડશે, કારણ કે તેમ કરવાથી વર્તમાન પરિસ્થિતિનો શી રીતે ઉદ્ભવ થયો છે તે વિષે આપણને વધારે સુચક માર્ગદર્શન મળશે. હિંદમાં અંગ્રેજી રાજ્યની સ્થાપના થઇ તે પહેલાં આપણાં ગામડાંઓ એકમેક સાથે આજે છે તેટલો ગાઢ સંબંધ ધરાવતા નહોતા, પણ આર્થિક દૃષ્ટિએ આપણાં ગામડાંઓ પોતાની બધી જરૂરિયાતોને પહોંચી વળે તેવી ગોઠવણ ધરાવતા સ્વાવલંબી કેન્દ્રો હતાં. દરેક ગામડામાં શ્રમવિભાગની સંપૂર્ણ વ્યવસ્થા હતી. ગામડાનો દરેક કારીગર રોકાયલો રહેતો અને પોતાના વ્યવસાય દ્વારા તે સારી રીતે પોષાતો. ખેતી નિઃશંકપણે સારી કમાણી આપતો ઉદ્યોગ હતો, કારણ કે આખા દેશની વસ્તી તે વખતે દશ કરોડથી જરા વધારે હતી, જ્યારે આજે ૩૯ કરોડ છે અને ખેડવા માટે જોઇએ તેટલી જમીન મળી શકતી હતી. ગામડાની આર્થિક પરિસ્થિતિ એકસરખી સુરક્ષિત રહેતી હતી, કારણ કે ગામડામાં રહેતા મોટા ભાગના લોકોને બીજા વ્યવસાય અને કામગીરી દ્વારા જોઇતાં કામ અને કમાણી મળી રહેતાં. ખેડુત ગણોતીયો હોય તો પણ પોતે જે જમીન ખેડતો તેનો સંપૂર્ણ વહીવટ-કર્તા હતો, કારણ કે તે સમૃધ્ધિના કાળમાં જમીન પુષ્કળ હતી અને ખેડનારા થોડા હતા, જ્યારે આજે ખેડનારા પુષ્કળ છે અને જમીન ઓછી છે. ઉપર જણાવેલ કારણસર જમીનદારને ખેડુતની ખુબ ગરજ રહેતી અને જમીનદાર અને ખેડુત વચ્ચેનો સંબંધ ન્યાયપૂર્ણ અને એકમેકને ફાયદાકારક રહેતો. અનાજની તંગી ન પડે કે દુષ્કાળના વખતમાં અગવડ ન આવે તે માટે અનાજ તેમજ ઘાસનો ચોકકસ રીતે સંગ્રહ કરવાની ગામડાંના લોકોમાં ચાલુ પ્રથા હતી. આને લીધે એક બે વર્ષ વરસાદની ખેંચ પડે તો પણ તેમને વાંધો આવતો નહોતો અને આવતી આફતને સાધારણ રીતે તેઓ સહેલાઇથી પહોંચી વળતા. આમ છતાં પણ ઓગણીસમી સદીના પશ્ચાદ્ અર્ધમાં જે જાતના ભયંકર દુષ્કાળો આવી પડયા હતા તેવા દુષ્કાળો દેશની ભારે પાયમાલી કરી જતા અને એક જગ્યાએથી બીજી જગ્યાએ અનાજ કે ઘાસચારો લાવવા લઇ જવાની સગવડના અભાવે જાનમાલની ભારે ખુવારી નીપજતી. અવારનવાર આજે જેમ યુરોપમાં બને છે તેમ આન્તર વિગ્રહ કે બહારના હુમલાઓથી દેશની સુલેહ શાન્તિમાં ખલેલ પડતી. બીજી રીતે ખેડુતોનું જીવન શાન્તિ અને સંતોષથી ભરેલું હતુ, જેની આવકમાંથી ખેડુતના કુટુંબનું પુરતું ભરણપોષણ થઈ ન શકે તેવા નાના નાના ખેતરો (Uneconomic holdings), ગામના લોકોની જરૂરિયાતોને પહોંચી ન શકે અને ગામ ઘસાતુ જાય એવી ગામડાની આર્થિક રચના (Deficient Economy), ખેડુતોની

ચાલુ દેવાદાર સ્થિતિ (Indebtedness)-આવા આજે ઉપસ્થિત થઇ રહેલા ખેડુતોને લગતા પ્રશ્નો સદ્‌ભાગ્યે એ વખતના ખેડુતોને કદિ સ્પર્શ્યા જ નહોતા. ધીરનાર શાહુકાર તે વખતે પણ હતો, પણ રૂપીઆ અથવા તો અનાજ ખેડુતની અંગત જવાબદારી ઉપર ધીરવામાં આવતું અને તેની ધીરધારને દામદુપટનો સાદો અને સીધો કાયદો લાગુ પડતો, કે જેના પરિણામે પોતે મૂળ જેટલી રકમ ધીરી હોય તેથી બમણી કરતાં વધારે રકમ કોઇ પણ સંયોગમાં શાહુકાર લઇ શકતો નહિ. આ બધા ઉપરાંત પંચાયત પદ્ધતિને લીધે ગામના લોકો એક પ્રકારનું સ્થાનિક સ્વરાજ્ય ભોગવતા હતા અને ગામડામાં રહેતા જુદા જુદા વર્ગો અને વ્યક્તિઓ વચ્ચે ઉભા થતા ઝગડાઓનો આ પંચાયત દ્વારા બહુ સહેલાઇથી અને કશા પણ ખર્ચ સિવાય નીકાલ આવી જતો.

અંગ્રેજી રાજ્યના આગમન સાથે હિંદુસ્થાનમાં કેવળ નવાં જ તત્ત્વો ઉભા થયા લાગે છે કે જેથી આખા દેશની આર્થિક રચના દરેક રીતે અસ્તવ્યસ્ત બની બેઠી છે. દરેક ગામડું પોતપોતાની જરૂરિયાતોને પહોંચી વળતું-એવું દરેક ગામડાનું સ્વાલંબીપણું નષ્ટ થયું અને એ સાથે ગ્રામીણ જીવનની સુઘટિત વ્યવસ્થા પણ લય પામી. વસ્તુવિનિમયનું સ્થાન મોટે ભાગે નાણાવ્યવહારે લીધું અને વર્ગવ્યવસાય અને જાતિ પ્રતિષ્ટાનું સ્થાન હરીફાઇ અને કરારનામાએ લીધું. ગામડાઓ હવે યુરોપ અમેરિકાની દૂર દૂર આવેલી પશ્ચિમની બજારો સાથે જોડાયાં. પરિણામે ખેતીદ્વારા નીપજતી ચીજોના ભાવો ઉંચે ચઢવા લાગ્યા અને વસ્તીના વધવા સાથે જમીનની કીંમત પણ વધવા લાગી. તે સાથે યુરોપથી યાંત્રિક બનાવટના માલનો પ્રવાહ દેશમાં વહેતો થયો અને તેના હરીફાઇમાં ગામડાના કારીગરોનો નફો એકદમ ઘટવા લાગ્યો. ખેડુતોની ખરીદશક્તિ ધીમે ધીમે કમી થવા લાગી અને લોકોની અને ખાસ કરીને શહેરમાં રહેતા વર્ગોની રૂચિ અને પસંદગીમાં પરિવર્તન થવા લાગ્યું. તેની પણ આ ગ્રામોદ્યોગો ઉપર માઠી અસર થવા લાગી. વસ્તીના વધવા સાથે જમીનની માંગ વધતી ચાલી અને તેથી જમીનની કીંમત પણ વધવા માંડી અને પરિણામે ખેતી સાથે સંબંધ ધરાવતા પ્રજાગણના જીવનની સ્થિરતા અનિશ્ચિત થવા લાગી. પહેલાં તો જાતે ખેતી નહિ કરતા જમીનના માલેકો અથવા તો જમીનદારો અથવા તો જુદી જુદી યુક્તિ પ્રયુક્તિથી જમીનોનો કબજો મેળવતા જતા ગામડાઓના માલીકો-આવો ખેતી સાથે સંબંધ ધરાવતો એક નવો જ વર્ગ હયાતીમાં આવ્યો. ધીરધાર કરનારા શાહુકારો પણ હવે ગ્રામ્ય પંચાયતોના નિયંત્રણથી મુકત થયા અને નવી સ્થપાયલી અદાલતોનો લાભ લેવા લાગ્યા અને આ અદાલતો બે પક્ષ વચ્ચેના કરારની પવિત્રતાને રક્ષણ આપવાના બહાના નીચે કાયદાના શબ્દોને કડકપણે વળગી રહેવા લાગી અને દેણદાર ખેડુતોને દરિદ્ર બનાવતી ચાલી. આ રીતે અનેક ગુંચવણોથી ભરેલી પરિસ્થિતિની શરૂઆત થઇ, જેમાં ખેડુતોની જમીનો મોટા પાયા ઉપર બીનખેડુત ધનવાનોને ત્યાં ગીરો મુકાવા લાગી અથવા તો વેચાવા લાગી. આ રીતે નવા ઉભા થયેલા જમીનદાર વર્ગે અસહાય ખેડુતો ઉપર જાતજાતના કરો અને આર્થિક બોજાઓ લાદવા માંડયા. કાયદાની અનુકુળતાનો તેમજ પોતાની વધારે સગવડ પડતી સ્થિતિનો લાભ લઇને જમીનના માલીકોએ જાતજાતના બહાના નીચે જમીનનાં ભાડાં વધારવા માંડયાં અને જે ગણોતીઓ આ વધતી જતી માંગણીઓને પહોંચી ન શકે તેને ધક્કો મારીને તેની જગ્યાએ બીજાને તેમણે મૂકવા માંડયો. આમાંથી જમીન વિનાના મજુરોનો એક નવો જ દરિદ્ર વર્ગ ઉભો થયો કે જેઓ જમીનને લગતા સર્વ હક્કો ગુમાવી બેઠા હતા અને એમ છતાં જેઓ જમીન સાથેનો પોતાનો સબંધ છોડી દેવાને કોઇ પણ રીતે હજુ તૈયાર નહોતા.

આ ઐતિહાસિક ભૂમિકા ધ્યાનમાં રાખીને આગળ જણાવેલ બે ધોરણ અનુસાર હિંદના અર્થશાસ્ત્રની તાજેતરમાં ઉભા થયેલી ઘટનાઓનો આપણે વિચાર કરીએ. પહેલાં તો હિંદુસ્થાનના વસ્તીનો પ્રશ્ન આપણે તપાસીએ. બર્માને બાદ કરતાં હિંદુસ્થાનની વસ્તી ઇ. સ. ૧૭૫૦ માં તેર કરોડની હતી તે વધીને ૧૮૭૨ માં ૨૦૪૦ લાખની થઇ. ૧૯૦૧માં ૨૭૭૦ લાખની થઇ અને અત્યારે ૩૮૮૮ લાખની થઇ છે. જો ઓગણીસમી સદીના પાછળના ભાગમાં ઉત્તરોત્તર ૧૮ દુષ્કાળોએ ૨૬૦ લાખ માણસોનો ભોગ લીધો ન હોત અને આ સદીના પહેલા બે દશકામાં કેટલીક ચેપી બીમારીઓએ એથી પણ વધારે ૩૬૦ લાખ માણસોને મૃત્યુશરણ કર્યા ન હોત તો હિંદુસ્થાનની વસ્તીમાં ઉપર જણાવ્યો તેથી વધારે વધારો થયો હોત. હિંદની ભરચક વસ્તીને લગતી બધી ચર્ચામાં એ બાબત ધ્યાનમાં રાખવી ઘટે છે. એક તો વસ્તીના આ વધારામાંના પાંચ કરોડ નેવુ લાખ માણસો તો વસ્તીપત્રકમાં નવા પ્રદેશો ઉમેરાવાથી અને વસ્તી ગણતરીની પદ્ધતિમાં કેટલાક સુધારાઓ થવાના પરિણામે વધ્યા છે. બીજું વસ્તી-વૃદ્ધિના આવા મોટા આંકડાઓ હોવા છતાં બીજા દેશો સાથે સરખાવતાં હિંદની વસ્તીના વધારાનુ પ્રમાણ ઘણું નીચું છે ૧૮૭૦ થી ૧૯૩૧ સુધીમાં ઇંગ્લાંડની વસ્તી ૭૭ ટકા, જાપાનની વસ્તી ૧૧૩ ટકા, રશીઆની વસ્તી ૧૧૫ ટકા, યુનાઇટેડ સ્ટેટસની વસ્તી ૨૨૫ ટકા વધી છે જ્યારે હિંદુસ્તાનની ૩૧ ટકા વસ્તી વધી છે. (કારણ કે ૧૮૭૨ માં હિંદુસ્થાનની વસ્તી ૨૦૪૦ લાખ ઉપર જણાવવામાં આવી છે તેમાં ઉપર જણાવ્યું તેમ વધેલા વિસ્તારો અને વસ્તીગણતરીના સુધારાને લીધે પ્રાપ્ત થતા ૫૯૦ લાખ ઉમેરવામાં આવે તો કુલ ૨૬૩૦ લાખની વસ્તી થાય, જે વધીને ૧૯૩૧ માં આશરે ૩૫૦૦ લાખની થઇ. એ રીતે જોતાં એ ગાળા દરમિયાન વધેલી વસ્તીનું પ્રમાણ ૩૧ ટકા આંકી શકાય.)

હિંદુસ્થાનની વસ્તીનું એક ધ્યાન ખેંચે તેવું તત્ત્વ એ છે કે આ વસ્તીનો ઘણો મોટો ભાગ-૮૮ ટકા લગભગ-દેશના સાત લાખ ગામડામાં વસે છે. આ ગામડામાં વસતી પ્રજા ૧૮૯૧ માં ૨૫૮૦ લાખ હતી તે વધીને ૩૩૫૦ લાખ થઇ છે, જ્યારે એજ અરસામાં શરૂઆતમાં શહેરની વસતી ૨૭૦ લાખ હતી તે વધીને ૪૯૦ લાખ થઇ છે. આ ઉપરથી આપણી પ્રજા ખેતી અને અન્ય ગ્રામોદ્યોગો ઉપર કેટલો આધાર રાખે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે તેમ છે.

૧૯૦૧ માં ઉદ્યોગો અને કારીગરી ઉપર નભતા માણસોની સંખ્યા ૪૬૦ લાખની હતી, જ્યારે ૧૯૩૧ માં એ સંખ્યા ઘટીને ૩૪૦ લાખની થઇ છે. આ હકીકત ઉપરથી સ્થાનિક ઉદ્યોગોને લાગેલા ઘસારાની આપણી પ્રજા ઉપર કેટલી માઠી અસર થઇ છે તેનો ખ્યાલ આવે છે. આમ ગામડાના ઉદ્યોગો ભાંગતા ગયા અને વસ્તી વધતી ચાલી. તેના પરિણામે ખેતી ઉપર આધાર રાખતી વસ્તીનું પ્રમાણ ૧૮૯૧ માં ૬૧ ટકા હતું, તે ૧૯૦૧ માં ૬૬ ટકા થયું, ૧૯૧૧ માં ૭૧ ટકા થયું અને ૧૯૪૧ માં ૭૩ ટકા થયું છે.

આ ઉપરાંત ગામડાની પ્રજા બધી એકસરખી નથી. ખેતી એ જ જેનો વ્યવસાય છે તેવા ૧૦૩૦ લાખની કુલ વસ્તીમાંથી લગભગ ૩૦ ટકા સારી હાલતના ખેડુતો છે અને કોઇ

પણ આગળ વધેલા દેશના ખેડુતો જેટલા ખેડુત તરીકેના પોતાના વ્યવસાયમાં કુશળતા ધરાવે છે. એ લોકોની જમીનો પ્રમાણમાં મોટા ક્ષેત્રફળવાળી હોય છે અને તેથી તેમનાં કુટુંબો ખેતીની આવક ઉપર સુખપૂર્વક નભે છે. એ લોકોની આબરૂ પ્રતિષ્ટા સારી હોય છે અને અમુક રીતે તેઓ પ્રાગતિક વિચારો ધરાવતા હોય છે. પણ બાકીના ૭૦ ટકામાં ઉતરતી કોટિના ખેડુતો અને પછાત વર્ગો તેમજ જંગલી પ્રજાનો સમાવેશ થાય છે અને તેમનામાં આર્થિક કુશળતા ઓછી વધતી પણ સરવાળે બહુ ઉતરતા પ્રકારની હોય છે. આ ખેડુતો અભણ હોય છે, તેમનાં શરીર બહુ નબળાં હોય છે, તેમનું જીવન દરિદ્રતાથી ભરેલું હોય છે અને પોતાના વ્યવસાયને પહોંચી વળવા માટે તેમની પાસે બહુ થોડી મુડી હોય છે. પોતાના નાના સરખા જમીનના ટુકડામાંથી કેમે કરીને પોતાના કુટુંબનો નિર્વાહ કરવો —આવો તેમનો ચાલુ જીવનકલહ હોય છે. તેઓ ધાર્મિક તેમજ સામાજિક—અનેક પ્રકારના વહેમોથી જકડાયલા હોઇને પોતાની નાતજાત તેમજ ધર્મને લગતી અનેક ખર્ચાળ રૂઢિના ભોગ બને છે અને તેથી તેઓ સદાને માટે દેવામાં ડુબેલા રહે છે.

ખેતીને લગતી મજુરી કરનારનું નસીબ તો આથી પણ વધારે કપરૂં હોય છે. ઉદ્યોગો ભાંગી પડયા અને ખેડુતોની જમીનો શાહુકારોના હાથમાં ચાલવા લાગી. તેના પરિણામે આ મજુરોની સંખ્યા ૧૮૯૧ માં ૧૮૦ લાખ હતી તે વધીને ૧૯૩૧ માં ૩૩૦ લાખ થઇ છે. આ મજુરની આવક ખેડુત કરતાં ઉનરતી હોય છે, એટલું જ નહિ પણ હિંદુસ્થાનના કેટલાક વિભાગોમાં પોતાની અત્યંત દેવાદાર સ્થિતિને લીધે આ મજુરો લેણદારના ખેતરમાં કેવળ ગુલામ તરીકે કામ કરવાની અપદશાએ પહોંચ્યા છે. પોતાને માથે ચઢેલું દેવું ચુકવવા માટે આ મજુરો પોતાના કુટુંબ કબીલા સાથે લેણદારોના ખેતરોમાં કામ કરતા હોય છે અને દેવું ચુકવવાનો તેમની પાસે બીજો કોઇ પણ ઉપાય હોતો નથી. આ મજુરોનો ઉધ્ધાર કરવા સંબંધે ખેતીવાડીને લગતા કમીશનના જ શબ્દો અહિં ટાંકી શકાય તેમ છે. "કામીઆ લોકો પોતાના માલીકના હંમેશના બંધાયલા નોકરો બની ગયા છે. તેમણે જે કાંઈ રકમ ઉછીની લીધી હોય તેના બદલામાં તે રકમના વ્યાજ પેટે તેમની પાસે જે કાંઇ મહેનત મજુરી કે હલકું કામ કરાવવામાં આવે તે કરવાને તેઓ બંધાય છે. નવરાશના વખતમાં કાંઇ કામ કર્યું હોય અને બે પૈસા કમાયા હોય એ સિવાય આ કામીઆ લોકો કદિ પણ પૈસાનું મોઢું જોવા પામતા નથી. પરિણામે પોતે ઉધાર લીધેલી મૂળ રકમ ભરપાઇ કરીને સ્વતંત્ર આદમી બનવાનું તેના નસીબમાં હોતું જ નથી. આ કામીઓ લોકોને બાંધી લેનારૂં કરારનામું જીંદગીભરની શિક્ષા સમાન નીવડે છે." આ રીતે ખેતીવાડી સાથે જોડાયલા વર્ગોમાં ચડઉતર અનેક કોટિના આદમીઓનો સમાવેશ થાય છે. આ લાખો હીણકર્મી લોકોને ઉંચે લાવવાનો અને તેમના જીવનને તંગી અને ત્રાસ વિનાનું બનાવવાનો પ્રશ્ન—તેમના સમગ્ર ઉદ્ધારનો પ્રશ્ન—હિંદુસ્થાનની સૌથી મોટી સામાજિક આર્થિક સમસ્યા છે. (અપૂર્ણ)

મૂળ અંગ્રેજી લેખક:—

**સર મણિલાલ બાલાભાઇ નાણાવટી**

અનુવાદક:—**પરમાનંદ.**

# કેટલાક સમાચાર અને નોંધ

## લીગવાળા કહે છે કે 'કોઇ અમારૂં નામ ન લેશો !'

ઑલ ઇન્ડીઆ મોસ્લેમ લીગના મંત્રી શ્રી. લીયાકતઅલી ખાન અને લીગની ડીફેન્સ કમીટીના પ્રમુખ નવાબ મહમદ ઇસ્માઇલ ખાન એક સંયુકત નિવેદનમાં જણાવે છે કે "બંગાળાની પરિસ્થિતિનો પુરો અભ્યાસ કર્યા બાદ અમને ખાત્રી થઇ છે કે બંગાળા ઉપર ભુખમરાની જે આફત ઉતરી છે તેની જવાબદારી પ્રાન્તિક પ્રધાનમંડળની નથી, પણ હિંદી સરકાર તેમ જ બ્રીટીશ સરકાર વખતસર જરૂરી પગલાં લંઇ ન શકી તેને લીધે આમ બનવા પામ્યું છે અને તે બન્ને સરકાર પોતાની ફરજની ઉપેક્ષા કરવા પુરતી દોષપાત્ર છે." આમ જણાવીને હિંદીઓ સ્વરાજને અને રાજકારણી અધિકારોને લાયક નથી એમ દુનિયા સમક્ષ પુરવાર કરવા માટે જ અંગ્રેજ સત્તાધારીઓનો અને શાહીવાદીઓનો આ એક પ્રકારનો પ્રચાર ચાલી રહ્યો છે એમ ઉપર્યુકત નિવેદનકારો સુચવે છે. એમેરી વગેરે બંગાળાની આફતનો દોષ ત્યાંના પ્રધાનમંડળ ઉપર નાંખી રહ્યા છે એ સૌ કોઇ જાણે છે; પણ એ બહાનું લઇને મોસ્લેમ લીગ અને તેમનું નીમેલું પ્રધાનમંડળ 'સતો' થવા નીકળે છે એ જોઇને ભારે આશ્ચર્ય થાય છે. જેણે ફઝલુલ હકક અને શ્યામપ્રસાદ મુકરજીનાં નિવેદનો દ્વારા બંગાળાના ગેરવહીવટની હકીકતો જાણી છે તે ઉપરના નિવેદનમાં રહેલું પોકળપણું બરોબર સમજી શકે તેમ છે. ઇસ્ફહાની કું. નું નામ આજે છડેચોક બોલાઇ રહ્યું છે અને તે કંપનીને મળેલા આખા પ્રાંતના ખરીદ ઇજારાની અને બંગાળાની સરકારે તેને ધીરેલી ગંજાવર રકમોની હકીકતો, તે કંપનીએ ગામડે ગામડે જઇને કરેલી અનાજની ખરીદી અને બંગાળા બહાર કરેલી નિકાસો—આ બધું ઢાંકયું ઢંકાઇ શકયું નથી અને બંગાળાની મોસ્લેમ લીગ એટલે ઇસ્ફહાની અને ઇસ્ફહાની એટલે બંગાળાનું પ્રધાનમંડળ—આવી સંકલના સૌ કોઇની સામાન્ય કલ્પનાનો વિષય બની રહેલ છે. આ બધી બાબતની મોસ્લેમ લીગ પહેલાં ચોખવટ કરે અને પછી પોતાનાં સતાપણાની દાંડી પીટાવે. પણ મોસ્લેમ લીગની આ રીત નથી. ખોટું કહેવું તો પછી સળંગ ખોટું કહેવું અને બુમ બરાડા પાડીને કહેવું કે જેથી માણસ ઝબકીને પણ જે કાંઇ સાંભળે તેને હા ભણી જાય—આવી મોસ્લેમ લીગની સામાન્ય નીતિ છે, જે આપણે ગાંધીજી તેમજ કોંગ્રેસ સામેના લીગના પ્રચારમાં વારંવાર જોયું છે. એ બધા અનુભવોમાં આ એક વધારાનો અનુભવ છે.

લીગના મંત્રીઓ જ્યારે કશી પણ લાંબી વિગત કે ચર્ચામાં ઉતર્યા સિવાય બંગાળાના લીગ—પ્રધાનમંડળની જવાબદારીનો સાફ સાફ ઇનકાર કરે છે, ત્યારે લીગના પ્રમુખ માન્યવર ઝીણા સાહેબ એક સમભાવી સન્તનો લેબાશ ધારણ કરે છે અને જણાવે છે કે "બંગાળાની આ ભયંકર કટોકટીની ઘડીએ અને કમકમાટ ઉપજાવતાં ભુખમરાથી નીપજતાં મરણોના ખબર ઉપરાઉપર આવે છે, ત્યારે આ કરૂણાજનક પરિસ્થિતિ ઉભી થવા દેવામાં કોણ ખરેખર જવાબદાર છે તે વિષે કંઇ પણ કહેવાનું હું પસંદ નહિં કરૂં." એમ છતાં પણ આગળ ચાલતાં તેઓ પોતાના નિવેદનમાં એક પછી એક ત્રણ વાતો જણાવે છે. (૧) આજનું પ્રધાન-મંડળ જે લીગનું સર્જન છે તે રાહત આપવાની દિશાએ પોતાથી બનતું સર્વ કરી રહેલ છે. (૨) વર્તમાન આફત આજના પ્રધાન મંડળ પહેલાંના શ્રી. ફઝલુલ હકકના પ્રધાન મંડળનો

(અનુસંધાન પૃષ્ટ ૧૧૯ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

નવેમ્બર ૧૫ ૧૯૪૩


## સાધુ સંસ્થા અને કેળવણી

(શ્રી અમદાવાદ જૈન યુવકસંઘના આશ્રય નીચે યોજાલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયલા વ્યાખ્યાનની નોંધ ઉપરથી)

આજે જે વિષય પર હું બોલવાનો છું તેનાથી રખે આપ એમ ધારી લેતાં કે હું 'કેળવણી' ઉપર કાંઇક હું બોલવાનો છું; કારણ કે એ મારો વિષય નથી; તેમ જ રખે એમ પણ ધારી લેતા કે સાધુ-સંસ્થાનો ઇતિહાસ ગાઇ જવાનો છું; કારણ કે એટલો મારો અભ્યાસ નથી. અત્યારની સાધુ-સંસ્થા વિષે વિરોધ રહ્યા કરે છે, છતાં પંડિત સુખલાલજીની જેમ મારી પણ એવી જ માન્યતા છે કે દેશકાળને અનુસરી સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી થવા મથતી સાધુ-સંસ્થા આજે તો જરૂરી છે જ, પણ હજાર વર્ષ પછી ય તેની જરૂર રહેશે-બીજા સંપ્રદાયોને પણ. પરંતુ મારે જે કહેવાનું છે તે આ છે. આજની આપણી સાધુ-સંસ્થા આધુનિક કેળવણીના ક્ષેત્રમાં કઇ રીતે ઉપયોગી થઇ શકે?

આ વિચાર થતાંની સાથે જ એક પ્રશ્ન આવીને ઉભો રહે છે. સાધુ-સંસ્થાને અને કેળવણીને શો સંબંધ? જો કોઇ પણ પ્રકારે સંબંધ હોય તો અત્યાર સુધીમાં કેળવણીના ક્ષેત્રમાં તે કઇ રીતે ઉપયોગી થયેલ છે?

આ માટે હજારો વર્ષનાં પડ ઉખેડવાને બદલે શ્રમણ ભગવાન મહાવીરના સમયને સીમા-ચિહ્ન તરીકે સ્વીકારી આપણે વિચાર કરીએ. ભગવાન મહાવીરે દેહને દમ્યો, ભારેમાં ભારે તપ કર્યું, અનેક ઉપસર્ગો સહ્યા તે શા માટે? જ્ઞાનને માટે, જ્ઞાનની શોધને માટે, વિશ્વના સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ માટે. આ જ્ઞાન તેમને પોતાને મેળવવું હતું જ; પરંતુ તે પ્રાપ્ત કરીને સંતોષ નહોતો માની લેવાનો-દેશપરદેશમાં તેનો પ્રચાર પણ તેમને કરવો હતો. આથી મહાન તપશ્ચર્યાને અંતે તેમણે જે જ્ઞાન મેળવ્યું તેનું તેમણે જનતાના હિત અર્થે દાન કર્યું.

જૈન પારિભાષિક શબ્દમાં કહીએ તો સમવસરણ રચાયું અને ભગવાને જ્ઞાનની ધારા વહેવરાવી; 'पढमं नाणं तओ दया' ની ઘોષણા કરી. એટલે કે સાધુસંસ્થામાં અર્વાચીન દૃષ્ટિએ આદ્ય ભગવાન મહાવીરે જ્ઞાનને મહત્વનું સ્થાન આપ્યું અને પછી આ સૂત્ર પ્રચલિત થયું—सम्यक्‌दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः। મોક્ષમાર્ગે વળવા માટે પરમપદની પ્રાપ્તિ સારૂં જ્ઞાન આવશ્યક છે એ હકીકત પર ભાર મુકાયો. અલબત્ત, આ સાથે એક વાત યાદ રાખવી જોઇએ કે જૈનધર્મ અધ્યાત્મ-પ્રધાન ધર્મ છે. આથી તે સમયે જે પ્રકારનું જ્ઞાન અપાતું તેનો મુખ્ય ધ્વનિ અધ્યાત્મ-પ્રધાન હતો. આર્ય સુધર્મા સ્વામીએ અને જંબુસ્વામીએ ઉપદેશદ્વારા પ્રભુ મહાવીરે આપેલા જ્ઞાનને ટકાવ્યું અને એ જ્ઞાન શિષ્ય-પરંપરા દ્વારા છેવટે ગ્રંથસ્થ થયું. પણ સાધુ-સંસ્થા તરફથી તેના ફેલાવા માટે-તેનો વધુ વિકાસ થાય એ માટે-પ્રયત્નો થયા હોય એવો અપવાદો સિવાય કયાંય ઉલ્લેખ નથી. ફક્ત આધ્યાત્મિક જ્ઞાન ઉપર વધુ ને વધુ ભાર દેવાતો ગયો-ભૌતિક સૃષ્ટિ હયાત છે તેનો ખ્યાલ રખાયા વગર-અને તેથી આજની પરિસ્થિતિ ઉભી થઇ. જે નિયમો અને આચારો એક વખત સમાજ માટે ગૌરવરૂપ હશે તે આજે પરિવર્તનના અભાવે રૂઢિનું સ્વરૂપ ધારણ કરી બેઠાં. જ્ઞાનના વધુને વધુ વિકાસ માટે જે આચાર્યોએ સમયાનુકૂળ સાધનો સૂચવ્યાં હતાં તે અત્યારે પણ એના એ જ રહ્યાં. કાળે માર્ગ કાપ્યો; સાધુ-માનસ જરાય પરિવર્તન ન પામ્યું. જ્ઞાનરૂપી જળનો પ્રવાહ બંધિયાર થઇ ગંધાતો થઇ ન જાય પણ સતત વહ્યા જ કરે એવી ભાવનાથી રચાયેલા જ્ઞાનપંચમી અને ઉજમણાનાં ઉત્સવો આજે પણ રહ્યા. પણ એ પાછળની ભાવના કેવળ વિસરાઇ ગઇ.

જ્ઞાનના વિકાસ માટે અને રક્ષા માટે સાધુ-સંસ્થાએ શાં શાં પગલાં લીધાં તેનો સરસ ઇતિહાસ છે. ભગવાન મહાવીરે ઉપદેશેલા જ્ઞાનને શરૂઆતના અનુયાયીઓએ કંઠસ્થ રાખ્યું; પછીના વારસોએ ગ્રંથસ્થ કર્યું, રક્ષા માટે ભંડારો થયા; પણ પછી તો તેમાં રહેલું જ્ઞાન જ જાણે કે ભંડારાઇ ગયું. શ્રી મહાવીર પછી અધ્યાત્મજ્ઞાનની સાથે જ્ઞાનનાં બીજાં ક્ષેત્રો પણ ખીલતાં ગયાં હતાં. સિદ્ધસેન દિવાકર જેવા આચાર્યોએ તર્કના કે ન્યાયના ગ્રંથો વડે તેમ જ પાદલિપ્તસૂરિએ લખેલ 'તરંગવતી' ની કથા વડે, હરિભદ્રસૂરિએ રચેલ 'સમરાઇચ્ચકહા' વડે તેમ જ અન્યદર્શનીઓ પણ જેમની કૃતિઓની પ્રશંસા કરે છે તે હેમચંદ્રાચાર્ય જેવા આચાર્યોએ મહાવીરે રોપેલ જ્ઞાનની વેલને વધારી તેમ જ પ્રફુલિત કરી છે. આવા આંગળીને વેઢે ગણાય તેવા બીજાં પણ કેટલાંક નામો આપણને મળશે, પરંતુ અફસોસની વાત એ છે કે આવા અભ્યાસી સાધુઓ જૈન સમાજ પાસે તે વખતે હોવા છતાં નાલંદા કે તક્ષશીલા જેવી એકે વિદ્યાપીઠ આપણે ત્યાં સ્થાપી શકયા નહિ. આર્ય સુધર્મા સ્વામી, જંબુસ્વામી, કાલિકાચાર્ય, ભદ્રબાહુ, સિદ્ધસેન, હરિભદ્ર, હેમચંદ્રાચાર્ય કે હીરવિજય સૂરિએ સાધુ સંસ્થાના મૂળ વધુ ઉંડા જાય તે માટે યત્નો કર્યાં છે; સાધુ-સંસ્થામાં જ્ઞાનનો વધુમાં વધુ વિકાસ થાય તે માટે જહેમત ઉઠાવી છે; પોતાના ભકતોને અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ આપી તેમાં તરબોળ કર્યાં છે; અને તેમાંના માત્ર કેટલાકે તેથી આગળ વધી જ્ઞાનનિધિ જેવો શિષ્ય સમુદાય ને ભકતો ઉત્પન્ન કર્યાં છે; પણ તેમાંના કેટલાક તો તે વખતના રાજકારણ સાથે સંબંધ હોવા છતાં અને તત્કાલીન સમાજ ઉપર પ્રભુત્વ હોવા છતાં તેનો લાભ જ્ઞાનની જ્યોત જલતી રાખે એવી વિદ્યાપીઠ ઉત્પન્ન કરવામાં નથી આપ્યો આનું કારણ બીજું ગમે તે હોય પણ જૈનધર્મ અધ્યાત્મ-પ્રધાન ધર્મ છે તે કારણે આમ બનવામાં ઘણો ભાગ ભજવ્યો છે એમાં શંકા નથી. તેનું ધ્યેય મોક્ષનું છે અને તેથી તેના પર જ વધુ ભાર અપાયો છે; ઉપદેશ પણ તેનો જ વધુમાં વધુ આપવામાં આવે છે. એટલે તો એક વિદ્વાને કરેલ ટકોર યથાર્થ છે "જૈનો તીર્થો રચી શકયા છે; વિદ્યાપીઠ નહિ." સમેતશિખર, ગિરનાર, શત્રુંજય, ને દુનિયાભરમાં અદ્દભુત લેખાતાં આબુનાં મંદિરો આપણે રચી શકયા—તક્ષશિલા, નાલંદા નહિ.

મહાવીર અને બૌદ્ધધર્મના ઉદયને આપણે સમકાલીન કહી શકીએ; છતાં અત્યારે બૌદ્ધધર્મના અનુયાયીઓ હિંદુસ્થાન બહારના અનેક દૂરપૂર્વના દેશો સુધી પ્રસરેલા જણાશે; જૈન ધર્મના અનુયાયીઓ માત્ર ગુજરાત સુધી જ. એક સ્થળેથી પ્રકટેલી આ બે જ્યોતોમાંથી એક જ્યોત હજારો માઇલ સુધી અજવાળું આપે, અને બીજી જ્યોત ગુજરાત સુધી દીવો પ્રકટાવી ત્યાંથી આગળ ફેલાતી બંધ થાય તેનું શું કારણ? કારણ એ જ કે બૌદ્ધધર્મના સાધુઓએ ભગવાન બુદ્ધે ઉપદેશેલ

જ્ઞાનનો ફેલાવો કરવામાં નથી જોયાં ટાઢ કે તડકો; નથી દરકાર રાખી ઉપસર્ગોની કે પરિષહોની. 'દીવે દીવો પ્રકટે' એમ સાધુઓએ પરદેશમાં જઇ તેનો પ્રચાર કર્યા જ કર્યો છે. કોઇ એમ પૂછશે કે બૌદ્ધ સાધુઓએ ગમે તેટલુ ભગીરથ પ્રચારકાર્ય જ્ઞાનવિષયક કર્યું હોય, પણ હિંદુસ્થાનમાં તેની અસર કેટલી? તેનો જવાબ એ છે કે બૌદ્ધ સંઘનું બંધારણ જૈન સંઘ જેટલુ મજબુત ન હતું, જ્યારે જૈન સંઘનુ બંધારણ મજબુત હોવાને કારણે હિંદુ ધર્મ તરફથી ગમે તેટલાં હુમલા થવા છતાં તે ટકી શકયો. 'હિંદુ ધર્મ હુમલા કરે છે' તેનો અર્થ એમ નથી કે બન્ને વચ્ચે ખુનખાર લડાઇઓ થઇ હશે. એકબીજાના ધર્મને નજીવો ગણાવવાની વૃત્તિથી પ્રેરાયલા વાદવિવાદો પણ એક પ્રકારના હુમલાઓ જ છે. આવા વાદોના ઉલ્લેખો પણ પુષ્કળ મળે છે. વળી હિંદુ ધર્મમાં એવી તાકાત હતી અને અત્યારે પણ છે કે બીજા કોઇ પણ ધર્મનું સાર તત્વ જણાતા તે પોતામાં મેળવી લે. બુદ્ધની કે ઋષભદેવની તે ધર્મે અવતારમાં ગણના કરી લીધી એ તેનો પુરાવો છે. જૈન ધર્મ તેની સામે પોતાની કેટલીક વિશિષ્ટતાઓને લીધે ટકી શકયો, તેનો કોઇ ઇનકાર કરી શકે તેમ નથી. બુધ્ધ ધર્મ ભલે ભારતવર્ષમાંથી ગયો, પણ તેણે આપણાં પાડોશી રાષ્ટ્રો પર જે અસર કરી છે તે કાંઇ જેવી તેવી નથી.

ભારતવર્ષમાં માતંગમુનિને નામે અને ચીનમાં કશ્યપ માતંગને નામે જાણીતા થયેલા બુધ્ધ સાધુએ કરેલ જ્ઞાનની સેવા કોઇ પણ ધર્મની સાધુ-સંસ્થાના સભ્યને ગૌરવ અપાવે તેવી છે. ઇસ્વીસન પૂર્વે થયેલ આ મુનિ કાશ્મીરના વતની હતા. એક રાત્રે તેમને સ્વપ્ન આવ્યુ કે પોતે જમે છે, જ્યારે બીજા ભૂખ્યાં છે. બીજી રાત્રે પણ એજ પ્રકારનું સ્વપ્ન આવ્યું. તે ઉપર વિચાર કરતાં તેમને સ્વપ્નનો અર્થ જડયો. પોતે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેનો પ્રકાશ નથી પામ્યા તેવા લોકોમાં ફેલાવો કરવાનો આ સ્વપ્ન આદેશ આપે છે એમ તેમને લાગ્યું. ત્યાર પછીના તેમના જીવનનો ઇતિહાસ આપણાં રૂંવા ખડાં કરી દે તેવો બન્યો. હાડ પણ ગળી જાય તેવા હિમાલયને ઓળંગી, અનેક મુશ્કેલીઓનો જીવના જોખમે સામનો કરી, જ્ઞાનના ભંડારને પોતાની સાથે લઇ, બૌદ્ધ ધર્મના વધુ પ્રચારાર્થે ચીન દેશના હોયાન પ્રાતમાં લોઇયાંગ નામના સ્થળે આજથી કેટલીય સદીઓ પહેલાં તેમણે પ્રથમ બૌદ્ધવિહારની પ્રતિષ્ઠા કરી. એક હિન્દી સાધુએ સારાય ચીનમાં બૌદ્ધ ધર્મનો અને જ્ઞાનનો પ્રચાર કરી દીધો. આજે તો તે વિદ્યાના કેન્દ્રનું સ્થળ બની ગયેલ છે. દુઃખની વાત છે કે આપણા સમાજમાં આવા એક પણ માતંગ મુનિ નથી થયેલ. આપણી સાધુ-સંસ્થા આ રીતે જ્ઞાનનો પ્રચાર નથી કરી શકેલ. હા, એટલુ ચોક્કસ કે જ્ઞાનની પુંજીને કંજુસની ચોકસાઇ ને ચીવટાઇથી તેણે સંઘરી રાખેલ છે. પાટણ, લીંબડી, ખંભાત, અમદાવાદ, જેસલમીર, વગેરે સ્થળોના ભંડારો તેની સાક્ષીરૂપ છે.

ગુજરાતના ઇતિહાસને પ્રકાશમાં લાવનાર આ ભંડારો જ છે એમ માની આપણે સંતોષ લઇ શકીએ, પણ એ ભંડારો એકાદ વિદ્યાપીઠની ગરજ નથી સારી શકયા. એ ભંડારોએ વિદ્વાનો તૈયાર કર્યા હોય એવો ઉલ્લેખ ભાગ્યે જ મળશે. શત્રુઓથી બચાવવા ખાતર જ્ઞાનને ભંડારમાં પૂર્યું તે હજુ સુધી પુરાયેલુંજ રહ્યું. આપણા જૈન સાહિત્યનો સળંગ ઇતિહાસ જુઓ. જ્ઞાનજ્યોતને પ્રકાશનાર મહાન સાધુઓ કેટલા? અને જે છે તે કેટલા કેટલા અંતરને ગાળે થયા છે? દસકે દસકે કે પચાસ પચાસ વર્ષે નહિ. પણ બબ્બે ત્રણ ત્રણ સૈકાને ગાળે એક અથવા બે.

સાધુઓની પક્ષે આવી બાજુ છે, તો શ્રાવકોના પક્ષે પણ એવી જ પરિસ્થિતિ છે. ધર્મશાસનના સારા જાણકાર શ્રાવકો ગણ્યાગાંઠયા જડશે. કવિ, કાવ્યપરીક્ષક અને કવિઓના ભોજ સમા વસ્તુપાલ કે મંત્રીમંડન, કવિ બનારસીદાસ કે ઋષભદાસ- એવા થોડા જ શ્રાવક-કવિઓ આપણી નજરે ચડશે. આનું કારણ આગળ કહ્યું એ જ છે કે, સાધુ-સંસ્થાએ પોતાની મૂડીનો વારસો-જે થોડો ઘણો હતો તે-પોતાના વારસ સાધુઓને આપવા જે થોડી ઘણી મહેનત કરી છે, તેટલી પણ મહેનત તેમણે શ્રાવકો માટે લીધી નથી અને એમ છતાં તેમણે જે કાંઇ શ્રાવકોને આપ્યું છે તે અધ્યાત્મજ્ઞાન પુરતું આપ્યું છે. અથવા તો એમ કહીએ તો ચાલે કે રાત્રિભોજનત્યાગ, સાત વ્યસન ત્યાગ, કંદમૂળ ત્યાગ, બાર વ્રતપાલન વગેરે પુરતુ-શિક્ષણ શ્રાવકોને આપીને સાધુઓએ સંતોષ સેવ્યો છે.

આ તો આડકતરી વાત થઇ. સીધી વાત એ તપાસવાની છે કે કેળવણીમાં સાધુ સંસ્થાનો ફાળો કેટલો? ઉપરટપકે નજર નાખીશું તો મહાવીરના સમયમાં જે શ્રાવક-સંખ્યા હતી, હેમચંદ્રાચાર્યના સમયમાં જે સંખ્યા ગણના યોગ્ય હતી, એટલીય આજે નથી રહી. આ કોમી દ્રષ્ટિની વાત જવા દઇએ તો પણ મહાવીરે પોતાના સિધ્ધાંતોના પ્રચાર દ્વારા તે સમયે જે અનુયાયીઓ ઉભા કર્યા હતા અને આજે મહાત્મા ગાંધી અહિંસાના એ જ સિદ્ધાંત દ્વારા સારાય જગતને આંજી રહ્યા છે, એમાંનો સોમા ભાગનું કાર્ય પણ સાધુ-સંસ્થામાંથી કે શ્રાવક-સંસ્થામાંથી કોઇ નથી કરી શકયું. સાધુઓના અનેક નિયમોમાં એક નિયમ 'કોઇ પણ એક સ્થળે સ્થાયી થઇ રહેવું નહિ' એ છે. મહાવીર સ્વામીના સમયથી અત્યાર સુધીના સમયના ઇતિહાસમાં એક માતંગ મુનિ, હ્યુએનસંગ કે ફાહીયાન નહિ જડે. અને જે સાધુઓએ બંગાળ, રજપુતાના કે ગૂજરાતમાં વિહાર કર્યો છે, તેમણે શ્રાવક સંસ્થાને કેળવણી આપવા માટે યત્ન કર્યો હોય તેવું ભાગ્યે જ આપણને જણાશે.

**ધીરજલાલ ધનજીભાઇ શાહ.**

[ અપૂર્ણ ]

## કેટલાક સમાચાર અને નોંધ

( પૃષ્ટ ૧૧૭ થી ચાલુ )

આપેલો વારસો છે. (૩) આજની દુર્દશા અંગ્રેજ સરકારના વહીવટ ઉપર મોટામાં મોટા કલંક સમાન છે. આ રીતે લીગના મંત્રીએ જે સીધું કહ્યું છે, તે લીગના પ્રમુખે આડકતરી રીતે કહ્યું છે. બન્નેનો આશય એક જ છે કે જે કરવુ હોય તે કરો, પણ કોઇ લીગના પ્રધાનમંડળને દોષ ન દેશો.

**બીકાનેરમાં બાળદીક્ષા પ્રતિબંધક બીલ**

જેમ ગુજરાત કાઠિયાવાડ બાજુ શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓના હાથે દીક્ષા આપવા માટે નાની ઉમ્મરના છોકરાઓ ભગાડવા સંતાડવાના તેમજ તેમના માબાપને સમજાવી લેવાના કીસ્સાઓ બને છે અને કુમળી વયના બાળકોને જીંદગીભર બાંધી લેતું દીક્ષાવ્રત આપવામાં આવે છે, તે પ્રમાણે મારવાડ અને બીકાનેર બાજુ તેરાપંથી સાધુઓ કુમળી વયનાં બાળકોને મુંડી રહ્યા છે. તે અટકાવવાને માટે શ્રી ચંપાલાલ બાંઠીઆએ બીકાનેર રાજ્યની ધારાસભામાં સગીર વયના છોકરા છોકરીને દીક્ષા આપવાની અટકાયત કરતુ એક બીલ ગયા ઓકટોબર માસની ૨૩ મી તારીખે રજુ કર્યુ છે.

આ બીલની રૂએ ૧૮ વર્ષ નીચેના કોઇ પણ છોકરા કે છોકરીને કોઇ પણ જૈન સાધુ કે સાધ્વી દીક્ષા આપી શકશે નહિ અને આ કાયદાથી વિરૂદ્ધ જઇને અપાયલી દીક્ષા ફોક ગણાશે અને એ રીતે દીક્ષિત છોકરા કે છોકરીનો વ્યક્તિગત તેમ જ સામાજિક દરજ્જો જાણે કે તેણે દીક્ષા ન જ લીધી હોય તે મુજબનો ગણાશે તથા એવી રીતે દીક્ષા આપનાર, અપાવનાર તેમ જ તેમાં મદદ કરનાર વધારેમાં વધારે સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને યોગ્ય ગણાશે.

શ્રી. ચંપાલાલ બાંઠીયાને આ પ્રકારનું બીલ રજુ કરવા માટે ખુબ ધન્યવાદ ઘટે છે. અને તેમને સમસ્ત યુવક જનતાની સંપૂર્ણ સહાનુભૂતિ છે. શ્રી. ચંપાલાલ બાંઠીયાના પગલે અનુસરીને જે જે દેશી રાજ્યમાં ધારાસભા હોય ત્યાં ત્યાં આવું બીલ તૈયાર કરીને રજુ કરવા તે તે ધારાસભામાં બેસતા જૈન સભ્યોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. કુમળી વયનાં બાળકોને સાધુઓના આક્રમણમાંથી બચાવવાના હેતુથી ઘડાયલું આ બીલ આશા રાખવામાં આવે છે કે બીકાનેરની ધારાસભા પસાર કરશે અને બીકાનેર મહારાજા મંજુર રાખશે.

## જૈન વિદ્યાર્થીગૃહમાં હરિજન!

અલાહાબાદમાં એક જૈન વિધવા બહેને જૈન વિદ્યાર્થીગૃહ બાંધ્યું છે. તે વિદ્યાર્થીગૃહના એક ટ્રસ્ટી–બનારસ હિંદુ યુનીવર્સીટીની એન્જીનિયરીંગ કોલેજના અધ્યાપક–શ્રી આર. એસ. જૈન છે. તે વિદ્યાર્થીગૃહમાં કોઇ અમુક હરિજન વિદ્યાર્થીને દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં અધ્યાપક શ્રી. આર. એસ. જૈનનો અભિપ્રાય પૂછવામાં આવ્યો, જેના ઉત્તરમાં તેમણે અંગ્રેજી ભાષામાં લેખિત અભિપ્રાય આપ્યો તેનો અનુવાદ નીચે મુજબ છે.

"જૈન વિદ્યાર્થીગૃહમાં હરિજનોને દાખલ કરવાનો પ્રશ્ન જરા ગુંચવણ ભર્યો છે. આ પ્રશ્ન ત્રણ દૃષ્ટિથી વિચારવાનો રહે છે. (૧) સંસ્થાના ધારાધોરણ (૨) રીત રીવાજ ,અને પૂર્વગ્રહો (૩) અને તત્ત્વદૃષ્ટિ.

....સંસ્થાના સંસ્થાપકે કરેલા ટ્રસ્ટડીડની છઠ્ઠી કલમમાં જણાવવામાં આવ્યું છે કે વિદ્યાર્થીગૃહમાં વિદ્યાર્થીઓને દાખલ કરવાની બાબતમાં નીચે મુજબની પસંદગીનું ધોરણ રાખવું–દિગંબર, શ્વેતાંબર, અગ્રવાલ, વૈશ્ય અને ક્ષત્રીય. એવું કોઇ પણ ઠેકાણે કહેવામાં આવ્યું નથી તેમજ એમ કોઇ કહેતું પણ નથી કે અમુક વર્ગના કે જાતના વિદ્યાર્થીને તો વિદ્યાર્થીગૃહમાં દાખલ કરવો જ નહિ. ટ્રસ્ટડીડના મુખ્ય હેતુને વાંધો આવે નહિ એટલું ધ્યાનમાં રાખીને સંસ્થાના સ્થાપક બહેને મોઢેથી પ્રદર્શિત કરેલી ઇચ્છાઓનો અમલ કરવો જોઇએ.

કાયદાવિષયક દૃષ્ટિની અપેક્ષાએ રૂઢિ અને રીવાજ ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે અને રૂઢિ તો હરિજનોને દાખલ કરવાની વિરૂધ્ધ છે. પણ રૂઢિ રીવાજો સ્થિતિ સંયોગોના બદલાવા સાથે બદલાય છે. એક વખત એવી રૂઢિ હતી કે કોઇ શુદ્ર ઉંચી જ્ઞાતિના હિંદુઓ માટેના કુવામાંથી પાણી લઇ શકતો નહોતો. આજે એ રૂઢિનો ત્યાગ કરવો પડયો છે. દેવમંદિરોમાં અસ્પૃશ્ય ગણાતા લોકોને દાખલ નહિ કરવાની લાંબા કાળથી ચાલી આવતી પ્રથાને આજે સર્વત્ર તિલાંજલિ અપાઇ રહી છે. નૈનીતાલની 'અપર માલ'ના રસ્તા ઉપર હિંદીઓ ચાલી ન શકે એવો એક વખતનો નિયમ ફરતા જતા સંયોગોના દબાણ નીચે રદ કરવો પડયો છે.

જૈનો જો હલકા વર્ગના લોકો વિષેના પૂર્વગ્રહથી પ્રેરાઇને આટલો બધો તિરસ્કાર દર્શાવે તો તેઓને માટે ભારે શરમાવનારૂં ગણાય. જ્ઞાતિભેદનો ખ્યાલ જ, મારા અભિપ્રાય પ્રમાણે જૈન ધર્મ સાથે કોઇ રીતે બંધ બેસી શકતો નથી. હિંસા અને યજ્ઞને તથા ઉચ્ચ નીચને લગતા પૂર્વગ્રહો અને રાગદ્વેષને નાબુદ કરવા માટે તો ભગવાન મહાવીરે જૈન ધર્મની સ્થાપના કરી છે અથવા તો પુનઃ સંસ્કરણ કર્યું છે. મન અને તનની અથવા તો શરીર કરતાં પણ વિશેષે કરીને મનની અહિંસાનો જ તેમણે ઉપદેશ કર્યો છે. સર્વ બાબતમાં અને સૌ કોઇના સંબંધમાં વીતરાગ ભાવ ધારણ કરવો–એ જ તેમના ધર્મનો મર્મ છે. જ્યારે તેમણે જ્ઞાનનું તેજ અને પ્રકાશ ફેલાવ્યાં ત્યારે તેમની આસપાસ સર્વ કોઇ–પશુઓ પણ–શ્રદ્ધા, વિશ્વાસ અને આશાથી પ્રેરાઇને એકત્ર થયા હતા. શુદ્રો અને હરિજનોનો ત્યાં બહિષ્કાર કરવામાં આવ્યો નહોતો.

આ પ્રસંગે દયાના સંબંધમાં શેકસપિયરની લીંટીઓ યાદ આવે છે. "જે દયાનો લાભ આપે છે અને જે દયાનો લાભ મેળવે છે તે બંન્નેને દયા આશીર્વાદરૂપ નિવડે છે." જો આપણે હરિજનોને આપણા વિદ્યાર્થીગૃહમાં દાખલ કરીશું તો આખા દેશની નજરમાં જૈનો વિષેના આદરમાં વધારો થશે. તેનાથી જૈનોની ભાવના અને વિશાળતા પુરવાર થશે. જૈન સમાજના ઉદ્ધાર કાર્યમાં એક ડગલું આગળ ભર્યું લેખાશે. જે હરિજન બંધુઓને ખુબ મદદ અને સહાનુભૂતિની ઘણી જરૂર છે, તેમને તેથી ફાયદો થશે. મને તો શુદ્ર કે હરિજન એ શબ્દ જ સાંભળતાં ઘૃણા આવે છે અને દુઃખ થાય છે. જ્ઞાતિનો ખ્યાલ જ જૈનવિરોધી છે. રૂઢિ અને રીવાજો ભલે બદલાતા ચાલે, પણ આપણુ સર્વ નાના અને મોટાની ઉપર ભગવાન મહાવીરે આપેલો પ્રકાશ સદાય ફેલાતો રહે! આપણે બધાય સાચી અહિંસા અને વીતરાગતાને લગતા તેમના સંદેશને બરાબર સમજીએ અને જીવનમાં ઉતારીએ!

* સૌથી મોટામાં મોટા રૂઢિચુસ્ત પૂજ્ય પંડિત મદનમોહન માલવિયાજીએ સ્થાપેલી આ રૂઢિચુસ્ત હિન્દુ યુનિવર્સિટીમાંથી એક બોધપાઠ આપણે લઇ શકીએ છીએ. અહીંઆ બધી જાતના હિન્દુઓ, મુસલમાનો, ખ્રીસ્તીઓ, દ્વિજો અને શુદ્રો એકજ વિદ્યાર્થીગૃહમાં–અરે એકજ ઓરડીઓમાં–સાથે રહે છે.

હવે એક બીજો પ્રશ્ન મારા મનમાં ઉભો થાય છે. જો કોઇ પણ કહેવાતો હરિજન જૈન ધર્મ અંગીકાર કરે અને તે મુજબ આચરવા લાગે તો આપણે શું કરવું? શું આપણે એમ કહીશું કે તે જૈન હોવાનો દાવો કરી શકે જ નહિ અથવા તો આપણે તેને જૈન તરીકે સ્વીકારીએ તો પણ તેની સાથેનો આપણો વર્તાવ તો હરિજન જેવો જ રહેશે? આવાં વળણ અને વિચારો ખરા જૈનત્વને શોભી ન જ શકે. આવા પૂર્વગ્રહો જૈનત્વનું સાચું સ્વરૂપ રજુ કરવાને બદલે તેને બધી બાજુએથી ઢાંકી દેવાનું કામ કરે છે"

જણાવતાં આનંદ થાય છે કે ઉપર જણાવેલ અધ્યાપક શ્રી આર. એસ. જૈનનો અભિપ્રાય ધ્યાનમાં લઇને તે સંસ્થાની કાર્યવાહીએ પ્રસ્તુત હરિજન વિદ્યાર્થીને દાખલ કરવાનો નિર્ણય કર્યો છે.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહીનો એક પ્રત્યાઘાતી નિર્ણય

જાહેર સંસ્થાની કાર્યવાહીમાં કેટલીક વખત સાદી અને સીધી માંગણી સામે કલ્પનામાં ન આવે તેવા વાંધા ઉઠાવવામાં આવે છે અને તુરત જ પતી જાય એવી બાબત ઉપર ખુબ

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૩ જુઓ)

# અથ શ્રી વિદ્યાર્થીસત્રાદિ બૃહત્ અતિચાર

## એક પ્રહસન

(જૈન સંપ્રદાયમાં પ્રતિક્રમણવિધિ નામની એક પ્રક્રિયા છે. પોતાના ચાલુ નિત્ય જીવનમાં થતા દોષોની આલોચના કરવી અને એવા દોષો ફરી ફરીને ન થાય એ માટે મનનો આગ્રહ કેળવવો અને જેનો અવિનય કે અપરાધ થયો હોય તે સર્વની મનથી ક્ષમા માંગવી એ આ પ્રતિક્રમણવિધિનો આશય છે. આ પ્રતિક્રમણ સવારે તેમજ સાંજે કરવામાં આવે છે. દર પખવાડીએ અને ચાતુર્માસે આ પ્રતિક્રમણ જરા વિસ્તારથી અને દર વર્ષે એક દિવસ કે જેને સંવત્સરી પર્વ કહેવામાં આવે છે ત્યારે ઘણા વિસ્તારથી કરવામાં આવે છે. ચાલુ પ્રતિક્રમણ ન કરતા હોય તેવા જૈનો પણ આ સામુદાયિક સાંવત્સરિક પ્રતિક્રમણમાં તો જરૂર સામેલ થાય છે. પ્રસ્તુત પ્રતિક્રમણમાં એક અતિચાર વિધિ આવે છે અને તેમાં ચાલુ જીવનમાં થતા જુદી જુદી કક્ષાના નાના મોટા પાપોની ગણના કરવામાં આવે છે અને એ પ્રત્યેક ગણનાને છેડે મિચ્છામિ દુક્કડમ–**મિથ્યામેદુષ્કૃતમ્**–મારૂં પાપ મિથ્યા થાઓ–એમ બોલવામાં આવે છે. આજના જૈન વિદ્યા ગૃહમાં રહેતા એક વિદ્યાર્થીના જીવનને અનુલક્ષીને ઉપર જણાવેલ અતિચાર–વિધિની નકલ રૂપે દરેક સત્રના અન્તે વિદ્યાર્થીએ કહેવા યોગ્ય અતિચારની શ્રી ચીનુભાઇએ રચના કરી છે, જેનો મર્મ સામાન્યતઃ સૌ જૈનો અને ખાસ કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના જૈનો વધારે સરળતાથી જાણી તેમ જ માણી શકશે. સંવત્સરી પ્રતિક્રમણમાં રૂઢ થયેલા બૃહત્ અતિચારની અંગ્રેજીમાં જેને પેરેડી–હાસ્યોત્પાદક કટાક્ષયુક્ત અનુકૃતિ–કહે છે તેવી આ એક પેરેડી છે. **પરમાનંદ.**)

નાણંમિ દંસણંમિ અ ચરણંમિ તવંમિ તહય વિરિયંમિ ॥ આયરણં અયારો, ઇઅ એસો પંચહા ભણિઓ ॥૧॥ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર એ પંચવિધ આચાર-માંહી અનેરો જે કોઈ અતિચાર સત્ર દિવસમાંહિ સુક્ષ્મ બાદર, જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરીને મિચ્છામિ દુક્કડમ્ ॥ ૧ ॥

તત્ર જ્ઞાનાચારે આઠ અતિચારઃ–કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ ય નિન્હવણે ॥ વંજણ અત્થ તદુભયે અઠ્ઠવિહો નાણમાયારો ॥ ૧ ॥ જ્ઞાનકાળ વેળા ભણ્યો ગણ્યો નહિ, અકાળે ભણ્યો. અડધે લેકચરે આગમન નિગમન કીધાં. પ્રોફેસર ફેલો આદિ ગુરૂ વર્ગે વિનયહીન બહુમાનહીન વર્ત્યો. અનેરાં સ્ટુડન્ટસ સહ ગુરૂ વર્ગ અંગે તું તાં કરી વાત કરી. અનેરાં કન્હે ભણી અનેરો ગુરૂ કહ્યો. કુગુરૂ કહેતાં અનેરી કોલેજના પ્રોફેસરે પરીક્ષા અંગે આપેલી ટીપ્સ વાંચી. સ્વગુરૂની અસદ્દહણા કીધી. પાઠ કુડો કહ્યો, અર્થ કુડો કહ્યો, તદુભય કુડા કહ્યાં. અધ્યયન વેળાંયે ધ્યાન થકી ચળ્યા. કુધ્યાન કીધાં, સુધ્યાન દીધાં નહિ. હોટલ જ્ઞાન, નાટક જ્ઞાન, વ્યસન જ્ઞાન, મસ્તી જ્ઞાન એ ચતુર્વિધ જ્ઞાન તણી અસદ્દહણા કીધી, હસ્યો, વિતર્ક્યો, અન્યથા પ્રરૂપણા કીધી. જ્ઞાનાચાર વિષયો અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસ-માંહિ...... ॥ ૨ ॥

દર્શનાચારે આઠ અતિચારઃ–નિસ્સંકિય, નિકંખિયઃ કોલેજ, ગુરૂ, જ્ઞાન તણે વિષે નિશંકપણું ન કીધું, તથા એકાંત નિશ્ચય ન કીધો. સત્રે સત્રે વિલ્સન, એલ્ફીન્સ્ટન કીધાં. જ્ઞાન તણે વિષે આર્ટસ સાયન્સ તણાં વિનિમય કીધાં. છતી શક્તિયે ઓનર્સ લીધાં નહિ, લઇને છોડયા, રાખીને તે અંગે વાંચ્યો ભણ્યો નહિ. ધ્યેયથી ચ્યુત થયો. ડોકટરાર્થે સાયન્સ લીધું. સેકન્ડ કલાસ તણે અભાવે B. Sc. ના કોર્સ કીધા અને વકીલ થયા. ચાર દ્રવ્ય પ્રજ્ઞાપરાધે વિણાસ્યાં. તત્ર પ્રથમ દ્રવ્ય કોલેજ દ્રવ્યઃ લાયબ્રેરી તણાં પુસ્તકોના પ્રતિદાન દીધાં નહિ, દીધાં તો મોડા દીધાં, સાર સંભાળ લીધી નહિ. ચૉક સ્ટેશનરી આદિ દ્રવ્યો લાગ જોઈ ખીસવ્યાં. બીજે શ્રી ગુરૂ દ્રવ્યઃ ગુરૂ અથવા અનેરા વડીલની પ્રરૂપેલી નોટ્સાદિ ગ્રહિત્વા પ્રતિક્રમી નહિ. વાતે ચઢાવી પેપરાદિના ફોડી કર્મ તરફ પ્રેર્યા. ત્રીજે ચોથે શ્રી જ્ઞાનઃ સહા-ધ્યાયીના દ્રવ્યોના અતિચાર કીધા, કરાવ્યા, કરતાં પ્રત્યે અનુમોધાં. નિવ્વિતિગિચ્છાઃ પ્રોફેસર, ફેલો આદિના મલીન ગાત્ર, વસ્ત્ર દેખી દુગંછા નિપજાવી. ટાઇ તણાં ખોટાં નૉટ દેખી હસ્યો. નીચા કોટ, ઉંચા સાંકડા પેન્ટને હસ્યો. અન્યથા પ્રરૂપણ કીધી. અમૂઢ દિઠ્ઠી; અન્ય કોલેજની રમતગમત જ્ઞાન દેખી મુઢ દૃષ્ટિપણું કીધું. બાપ તણે પૈસે અપટુડેટ રહી ગહાલ્યો. પભાવણેઃ સ્વ-કોલેજની પ્રભાવના ન કીધી. કોલેજ તણે કોમ્પાઉન્ડે ધુમ્રપાન કીધાં. પૌષધશાળા કહેતાં કલાસમા મોટકાં ફૂગાં લાવી ધડાકા કીધા. ખોટાં રમવાના દેડકા પ્રમુખ જીવોને પગ નીચે રાખી ડરાઉં ડરાઉં અવાજો કીધા. દર્શનાચાર વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ........॥ ૩ ॥

ચારિત્રાચારે આઠ અતિચારઃ– પણિહાણ જોગજુત્તો, પંચહિં સમઇહિં તીહિં ગુત્તીહિં ॥ એસ ચરિતાયારો, અટ્ઠવિહો હોઇ નાયવ્વો–॥ ૧ ॥ ઇર્યાસમિતિ–તે પીરિયડના આરંભે, મધ્યે, અંતે એમ ત્રીકાળે, સહસા ધ્યાનની પ્રમત્ત અપ્રમત્ત એમ દ્વિધા સ્થિતિમાં, ગમનાગમને કન્યાપ્રધાન અન્ય દ્રવ્યો સાથે અથડાઇ પડયો. સ્પર્શાસ્પર્શમાં રાચ્યો. ભાષાસમિતિઃ તે ચાલુ કલાસે ગડબડ કરી. એષણા સમિતિ. ચાહ, પાણી, સોડા લેમન આદિ અણસુઝતાં લીધાં. આદાનભંડ–મત્તનિક્ખેવણા સમિતિઃ કન્યાના reserved આસન પર અણપૂંજયે, અણપૂછયે, અણપડિલેહે બેઠો. પારિષ્ઠા-પનિકા સમિતિઃ છતી મુતરડીએ સ્નાનાગારે મૂત્રાદિ પરઠવ્યા. મનોગુપ્તિ: પ્રેયસીના પત્ર અભાવે ચાલુ કલાસે આર્ત, રૌદ્ર ધ્યાન ધ્યાયાં. વચનગુપ્તિ: ચાલુ કલાસે પ્રોફેસરે નીચું આડું જોતે છતે બખાળા કર્યા. કાયગુપ્તિ: ચાલુ કલાસે ગમનાગમન કીધાં. એ અષ્ટ પ્રવચનમાતા, સ્કોલર તણે ધર્મે સદૈવ અને સામાન્ય તણે ધર્મે working hours માં રૂડી પેરે પાળ્યા નહિ, ખંડણા વિરાધના હુઇ. ચારિત્રાચાર વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ......॥ ૪ ॥

વિષેશતઃ વિદ્યાર્થી તણે ધર્મે શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત તણા એંશી અતિચારઃ—

પહેલે સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વ્રતે પાંચ અતિચાર: રામા, ઘાટી, સુપ્રીન્ટેન્ડન્ટ, ભૈયા પ્રમુખ નોકર વર્ગે રીસવશે ગાઢો ઘાવ ઘાલ્યો. અધિક કામ કરાવ્યા. આઠમ ચૌદસે લાલ ચટણી જોઇ મોઢું બગાડ્યું. લીલોતરી તણી વાંચ્છના કીધી. જીવરક્ષા રૂડી ન કીધી. અણગળ પાણી વાવર્યું, રૂડી જયણા ન કીધી. શરીરાદિમાં લઠ્ઠત્વ આણવા ઇંડા, આમ્લેટ, કોડ લીવર આદિ અભક્ષ્ય ચીજોનું સેવન કીધું. વંદા, માંકડ આદિનાં ઇંડા વિછોહ્યાં. પલંગમાં માંકડ તણો ઉપદ્રવ થવા દીધો. થતે છતે ખાટલા તડકે નાંખ્યા, ઝાટકયાં. અનાર્ય બુદ્ધિ અને કારખાને ઉત્પન્ન સ્ટવ ઘાસતેલાદિથી માંકડ પ્રમુખ જીવોને શેકયા, પલાળ્યા, ડુબાડયા. પહેલે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ...॥ ૫ ॥

બીજે સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રતે પાંચ અતિચાર: કોલેજ તણે ક્ષેત્રે ખોટાં બહાનાં કાઢી છૂટી મેળવી. અનેરાંની ગેરહાજ-રીમાં પોતે હાજરી પૂરાવી. પ્રિયજન સહ હોટલ મૈત્રીનો

ભોગ પામવા શરીરાદિના નાના મોટા રોગોના બહાનાં કાઢી છૂટી મેળવી. મોટકી રજા મેળવવા સ્વગૃહાત્ માંદગીના ખોટા તાર તંબૂરા કરાવ્યા. ડૉક્ટર તણા ખોટાં સર્ટીફીકેટ આણ્યાં. અત્ર વિદ્યાલય તણે ક્ષેત્રે સુપરને થાપ આપી નટ નટી પ્રમુખ જીવો ક્રામ હરતાં હોય તેવે સ્થળે વિચર્યા. પ્રત્યાગમને રામા ભૈયા પ્રમુખ નોકર વર્ગને ફોડયો. સંવત્સરી તણે મહાપર્વે વિદ્યાલય તણે રસોડે ઇંગાલ કર્મ કહેતાં રાંધણ પ્રધાન ક્રિયાઓ બંધ હોવાથી 'રામભરોસે હોટલ' નો આશરો સેવ્યો, સેવરાવ્યો. આઠમ ચૌદશે લીલોતરી જાણવા છતાં 'સુકી ભાજી' આરોગી. સીનેમા, હોટલ પ્રમુખ મોજમજાહ માણવા બાપાદિ વડિલો કન્હે પુસ્તક ખરીદાદિ અનેરાં બહાનાં કાઢી ધનોપાર્જન કીધું. પુંજાદિ ન કીધે છતે ચોપડે નામું લખ્યું, લખાવ્યું. અનેરાં મોટકાં નિયમ તોડી મોટકું જુઠું બોલ્યા. બીજે સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ...... ॥ ૬ ॥

ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતે પાંચ અતિચાર: અત્ર કૉલેજ તણે ક્ષેત્રે કન્યકાની પાછલી બેન્ચે આસન પ્રસ્થાપી અંબોડા તણાં ફૂલ સીફતે કરી કાઢયા, સુંઘ્યા. એક કન્યકાના લટકતે પૂંછડે અનેરી કન્યકાનું પૂંછડું સાંધ્યું, ભેગું કર્યું, બાંધ્યું. લટકંતા લાંબા ચોટલા તણા છેડા કાપી મોટકું પાપ કર્યું. જાણ્યે અજાણ્યે અદત્ત દિલનું મોટકું દાન લીધું. સ્કૉલરશીપ ગ્રહણ સમયે શ્વેતાંબર, દીગમ્બરના ભેદ વિસાર્યા. અનેરો હોવા છતાં અનેરો કહી admission, સ્કૉલરશીપ પુસ્તકાદિના ખોટા લાભ મેળવ્યા. કૉલેજ વિદ્યાલયના કલાર્કને ફીએ ભૂલવ્યા. મોદી, હોટલ, પાનવાલા આદિના બીલ ભૂલવ્યા, ઓળવ્યા. કુણહિને લેખે પલેખે ભૂલવ્યા. કલબ તણા મેનેજર બની ખોટા ભાવ, બીલ બનાવી સૂટાદિ વસ્ત્રોનાં પરિધાન કીધાં. અનેરાની ગેરહાજરીનો લાભ લઇ, અનેરાનાં તેલ, બ્રીલીયન્ટાઇન, સ્નો, પાવડર આદિનાં મોકળે હાથે વિલેપન કીધાં. બ્લેડ, કાંસકા, કાંસકી, ચાટલા, ટુથપેસ્ટ, દુવિધા બ્રશ—ટુથ અને પોલીશ, ત્રિવિધ લેખિની—હોલ્ડર, ફાઉન્ટન, પેન્સીલ પ્રમુખ અદકી વસ્તુઓ ઓળવી લીધી, ખીસવી. ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ......॥૭॥

ચોથે સ્વદારાસંતોષ: પરસ્ત્રી ગમન વિરમણ વ્રતે પાંચ અતિચાર:—અપરિગહિયા કહેતાં પરણ્યે છતે કુમારિકાથી વાત ગોપવી. પરોક્ષપણે લગ્નની આશા સેવડાવી. ઇત્તર: અનેરા કુમારે નક્કી કરેલ કુમારી સાથે લાગણી તણાં વહેણ છૂટાં મૂકી પ્રણય-ત્રિકોણો ઉત્પન્ન કીધાં. અણંગ: સ્વપ્નદોષ, હસ્તદોષ, મનદોષ થયો, કર્યો, વાંછયો. વિવાહ: પોતાના સિવાયના ભાઇબંધ બ્હેનપણીઓના વિવાહ કીધા. ભગાડયા. કોર્ટ તણે ક્ષેત્રે સાક્ષી બન્યા. આર્યસમાજ પ્રધાન સંસ્થાઓમાં કન્યાદાન દીધાં, જોડકાં વખાણ્યાં. તિવ્વ અનુરાગ: સ્વદારે અણગમ્યે ગમન કીધાં. પેસરી પ્રધાન સંતતિ નિયમનના ઉપાયો કીધાં. મળવા, મૂકવા વિષે તીવ્ર અનુરાગ કીધો. શનિ, રવિ અનેરી રજાઓમાં કૉલેજ તણે દ્વારે મળ્યાં મૂકયાં. પ્રિયજને દૂરે ઉપસ્થિતે પત્રાદિના અભાવે વ્યાકુળતા દાખવી. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર સુહણે સ્વપ્નાંતરે હુઆ. કુસ્વપ્ન લાધ્યાં. નટ, વિટ, કન્યકાશું હાંસું કીધું. ચોથે સ્વદારા સંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ......॥ ૮ ॥

પાંચમે પરિગ્રહ પરિમાણ વ્રતે પાંચ અતિચાર: ચોપડા, ચોપડી, ટેબલ, ખુરશી, ખાટલા, ગાંદલા, ઓશીકાં, ચટાઇ, ચાદર એ નવવિધ પરિગ્રહ તણાં નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી મુર્છા લગે સંક્ષેપ ન કીધો. વૃદ્ધિ થતાં પાર્ટનર તણે લેખે કીધો. માતા, પિતા, સ્ત્રી તણે પૈસે માસિક ખર્ચ ઉલંઘ્યા. પાંચમે પરિગ્રહ પરિમાણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ.......॥ ૯ ॥

છઠ્ઠે દિગ્પરિમાણ વ્રતે પાંચ અતિચાર: ઉર્ધ્વ દિશિ, અધો દિશિ, તિર્યંગ્ દિશિએ ચાલુ ટર્મે ઘર, માથેરાન પ્રમુખ સ્થળોએ ગમનાગમન કીધાં. પાઠવણી કહેતાં અનેરી કૉલેજની નોટ્સ આદિ મંગાવ્યા. વર્ષાકાળે પાલવા, એલીફન્ટા આદિ સ્થળોએ વહાણ વ્યવસાય કીધો. છઠ્ઠે દિગ્ પરિમાણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ......॥ ૧૦ ॥

સાતમે ભોગોપભોગ વિરમણ વ્રતે ભોજનાશ્રયી અને કર્મહુંતિ મળી બાર અતિચાર:—ડયટ કે ભોજન કરતે છતે, કાતરી, સળી, ગુજરાતી દક્ષિણી એવં દ્વિધા ચેવડો, બટટા પૌઆ, વડા, શકકર પેણું, ઇડલી, ઘોસા, સુકી ભાજી, પાતલભાજી, બુંદી ખારી ગળી, પાઉં, મસ્કાખારી, ચણા, મમરા, ભુંસું આદિ વસ્તુઓને અનુક્રમે તેમજ વગર ક્રમે આરોગ્યા, ચાવ્યા, વાગોળ્યા. હોટલમાં ચાહ, દૂધ આદિ પ્રવાહી પદાર્થો વિષે આવેલાં કીડી, મકોડી, માખી પ્રમુખ ભવ્ય જીવો જોવા છતાં કાઢી પી ગયા. અન્ય વેળાએ કીડી, મકોડી, માખી તણાં અંગોપાંગની ઉપેક્ષા કરી ચાહ આદિનું સેવન કીધું. સૂરજ આથમે રાત્રિ વેળાએ હોટલ ગમન કીધું. લગભગ વેળાએ વાળુ કીધું. બોણી બક્ષીસ આદિના પ્રભાવે કરી રામા રસોયાએ તે અંગે આંખ આડા કાન કીધાં. દિવસ વિણઉગ્યે શિરાવ્યા. એવં રાત્રિના પ્રથમ પહોરમાં દૂધના સંઘરા કીધા. તે તણો ચોથે પહોરે ચાહ બનાવી ઉપયોગ કીધો. નિભાડા પચાવ્યા. એવં પાંચ પચ્ચીસ મિત્રો માટે ચાહના તપેલા ચઢાવ્યા. અણશોધ્યા સ્ટવ સંધુક્યા સળગાવ્યા. ચાહ દૂધ ખાંડ તણા ભાજન ઉઘાડાં મૂકયાં, તે માંહી માખી, કુંતિ, ઉંદર, ગિરોળી પડી, કીડી ચઢી, તેની જયણા ન કીધી. સાતમે ભોગોપભોગ વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહી...... ॥ ૧૧ ॥

આઠમે અનર્થ દંડ વિરમણ વ્રતે પાંચ અતિચાર:—વિટ, ચેષ્ટા, હાસ્ય, ખેલ, કુતુહલ ટાણે મુખારવિન્દે ઉર્ફે ડાચે દિવેલ પીધા તણા ભાવ આણ્યા. શનિ, રવિ તથા અનેરે મહાપર્વે વાંચવા લખવા તણા નિયમ ઉલંઘ્યા. ચોપાટી, પાલવા કીધાં નહિ. સંવત્સરી તણે મહાપર્વે જૂગટે રમ્યા. અતિ નિદ્રા, અલ્પ નિદ્રા કીધી, નિદ્રાકાળ બદલ્યો, બપોરે ઘોર્યા, રાત્રિએ હીરા પારખ્યા—એવં ઝોકતે માથે વાંચવા લખવાની ચેષ્ટા કીધી. રાગદ્વેષ લગે એકને સ્કૉલરશીપ વાંછી, અન્યને નાસીપાસી દુડી તીડી ઇચ્છી. આઠમે અનર્થ દંડ વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ...... ॥ ૧૨ ॥

નવમે સામાયિક વ્રતે પાંચ અતિચાર:—નિયમ લઇ અધ્યયને બેઠે છતે મન અહિં તાંહિ ભટકયું. કુવિચાર કીધો. છતી વેળાએ પાઠ ન ભણ્યો. પાઠ ભણને છતે 'તુમ્હીને મુઝકો પ્રેમ સિખાયા' આદિ ગાણા ફટાણા બોલ્યો. નિંદિધ્યાસન કીધાં, ઝોકાં ખાધાં, પુસ્તક ભોંય ભેગા થયા. પાઠ ભણવો મૂકયો. વાત, વિકથા, પ્રેમી તણી ચિંતા કીધી. નવમે સામાયિક વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ.........॥ ૧૩ ॥

દશમે દેશાવગાસિક વ્રતે પાંચ અતિચાર:—આણવણે, પેસવણે. નિયમિત ખોલીમાંથી બારીએથી હેટ ઉતારી ભૂંસા પ્રમુખ ખાવાનું ખેંચ્યું. આપણ કન્હે થકી તેની કિંમત પાઠવી અથવા રૂપ દેખાડી, તાળી પાડી, સાદ કરી હોટલમાં ખાવા પીવા તણા ઓર્ડર આપ્યા. દશમે દેશાવગાસિક વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ......॥ ૧૪ ॥

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની રાહત પ્રવૃત્તિ

# રોકડ રાહતની યોજના

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી કેટલાક સમયથી રેશન રાહતને લગતી એક યોજનાનો અમલ થઇ રહ્યો છે અને તેનો આજે કેટલાક કુટુંબો લાભ લઇ રહ્યા છે. તા. ૩૦-૧૧-૪૩ના રોજ મળેલી કાર્યવાહક સમિતિના ઠરાવ અનુસાર રેશન રાહત સમિતિનું કાર્યક્ષેત્ર વિસ્તારવામાં આવ્યું છે અને રેશનદ્વારા રાહત આપવા ઉપરાંત રોકડ રકમ આપીને રાહત આપવાની રાહત સમિતિને સત્તા આપવામાં આવી છે. એ ઠરાવને ધ્યાનમાં લઇને રાહત સમિતિએ નીચે મુજબનો પ્રબંધ નક્કી કર્યો છે.

(૧) ચાલુ રેશન રાહતની વ્યવસ્થા પૂર્વવત્ ચાલુ રાખવામાં આવશે અને સામાન્યતઃ ૨૫ ટકા રાહતને બદલે હવેથી ૫૦ ટકા રાહત મંજુર કરવામાં આવશે અને અસાધારણ સંયોગોમાં રાહત સમિતિના મંત્રીની અનુમતિથી ૭૫ ટકા સુધીની રાહત પણ આપી શકાશે. પણ આ રીતે મળતી રેશન રાહતનું માસિક પ્રમાણ સાધારણ રીતે રૂા. ૧૦) થી વધારેનું મંજુર કરવામાં નહિ આવે. આ રાહત રાહતસમિતિના કોઇ પણ સભ્ય દ્વારા મળી શકશે.

(૨) આ ઉપરાંત એક યા બીજા કારણે રેશન રાહતનો લાભ લઇ નહિ શકનાર કુટુંબને ખાસ મદદની અપેક્ષા હશે તો વધુમાં વધુ માસિક રૂા. ૧૦ સુધી અને અસાધારણ કીસ્સામાં માસિક રૂા. ૧૫ સુધીની મદદ આપવામાં આવશે. આવી મદદની અપેક્ષા ધરાવનારે રાહત સમિતિના ૧૭ સભ્યોમાંથી કોઇ પણ સભ્યની ભલામણ મેળવીને નીચે જણાવેલ ચાર સભ્યમાંથી કોઇની પાસે જવું અને પોતાની હકીકત રજુ કરવી અને તેને લગતું પત્રક ભરી આપવું, જે ધ્યાનમાં લઇને યોગ્ય લાગશે તેને ચાર મહીના માટે માસિક ચોક્કસ રકમની મદદ નક્કી કરી આપવામાં આવશે. આ પ્રમાણે મદદ નક્કી કરવાની અને તે મુજબ માસિક રકમ આપવાની જવાબદારી લેનાર સભ્યોનાં નામ નીચે મુજબ છે.

| | |
|---|---|
| શ્રી. મેનાબહેન નરોત્તમદાસ હરજીવનદાસ | શ્રી. જસુમતી મનુભાઇ કાપડીઆ |
| શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન | શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારી |

(૩) જેને રેશન રાહત મળતી હશે તેને રોકડ રાહત મળી નહિ શકે, પણ પોતાની વિશેષ જરૂરિયાતો રજુ કરીને રેશન રાહતનું પ્રમાણ વધરાવી શકશે.

(૪) આ આખી યોજના કોઇ પણ પ્રકારના ફીરકાના ભેદ સિવાય સો જૈન કુટુંબોને ચાર મહીના માટે રેશન અથવા તો રોકડ દ્વારા મદદ આપવા પુરતી મર્યાદિત રહેશે. સો નામ ભરાઇ ગયા બાદ મદદ માટે નવાં નામો બીજી જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધી નોંધવામાં નહિ આવે. તેથી જેને મદદની અપેક્ષા હોય તેણે ઉપર જણાવેલી રીતે મદદ મેળવવા સત્વર પ્રવૃત્ત થવાં વિનંતિ કરવામાં આવે છે.

**રતિલાલ ચીમનલાલ કોઠારી**
મંત્રી, રાહત સમિતિ.

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘની રાહત સમિતિના સભ્યોનાં નામ તથા ઠેકાણાં

૧ **શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ**
ટે. નં. ૪૪૧૭૬, રહેઠાણ ગંગાદાસ વાડી, બાબુલનાથ રોડ,
પેઢી, ૭૭ કલ્યાણ હાઉસ, શેખમેમન સ્ટ્રીટ.

૨ **શ્રી લીલાવતીબહેન દેવીદાસ**
ટે. નં. ૪૩૩૬૬, સરોજ વીલા, લેબર્નમ રોડ ગામદેવી.

૩ **શ્રી મેનાબહેન નરોત્તમદાસ હરજીવનદાસ**
ત્રીભોવન કેશવજી બીલ્ડીંગ, ૨૭૦, ફ્રીઅર રોડ.

૪ **શ્રી વેણીબહેન કાપડીઆ**
ટે. નં. ૨૩૪૩૬, મલબાર વ્યુ. ચોપાટી.

૫ **શ્રી જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ**
૬૪, બંસીલાલ બીલ્ડીંગ, ગીરગામ.

૬ **શ્રી કાળીદાસ હરજીવન**
૧૯૫, જંગબારવાળો માળો, સેમ્યુઅલ સ્ટ્રીટ, માંડવી.

૭ **શ્રી છોટાલાલ ગીરધરલાલ**
હરિદાસ દામોદરનો માળો, જુની હનુમાન પહેલી ક્રોસ ગલ્લી.

૮ **શ્રી તારાચંદ કોઠારી**
ટે. નં. ૪૪૪૩૨, મુંબાદેવીની બાજુએ.

૯ **શ્રી મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ**
ટે. નં. ૪૨૫૯૩, ૪, બંસીલાલ બીલ્ડીંગ, ગીરગામ.

૧૦ **શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી**
રહેઠાણ-૫૭૮, જગદીશ, જામે જમશેદ રોડ,
[માટુંગા, જી. આઇ. પી
ટે. નં. ૨૩૦૬૫, બોંબે ડાયમંડ મરચન્ટસ એસોસીએશન
ધનજી સ્ટ્રીટ.

૧૧ **શ્રી હરિલાલ શંભુલાલ શાહ**
લલિત કુંજ, આસ્થિક સમાજ સામે, માટુંગા, જી. આઇ. પી.

૧૨ **શ્રી મણિલાલ મોકમચંદ શાહ**
ઠે: મેસર્સ આર. એમ. શાહની કું.
ટે. નં. ૨૫૬૦૨, ૮૧, નાગદેવી ક્રોસ લેન.

૧૩ **શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણી**
રામ નિવાસ, ઘાટકોપર.

૧૪ **શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતા**
ટે. નં. ૪૬૩૨૦, સોમજી બીલ્ડીંગ,
ત્રીજી કુંભારવાડા લેન, ગોળપીઠા.

૧૫ **શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ કાપડીઆ**
ટે. નં. ૩૩૮૮૨, સોનાવાલા બીલ્ડીંગ, મરીન ડ્રાઇવ.

૧૬ **શ્રી મણિબહેન ચંદુલાલ નાણાવટી**
અરૂણોદય, લજપતરાય રોડ, વીલેપારલે પશ્ચિમ.

૧૭ **શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન**
૪૫, ૪૭. ધનજી સ્ટ્રીટ, સીલવર મેન્શન.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

અગ્યારમે પૌષધોપવાસ વ્રતે પાંચ અતિચારઃ—સંથારુચ્ચારવિહિ: દિવસ યા રાત્રિ તણી કોઇ પણ ઘડીએ સુતાં, બેસતાં, ઝોકતાં, લાંબે ટાંટીએ વાંચતાં, ચાદર અણપાથરે પથારી તણો ઉપયોગ કીધો. પગ પ્રમુખ મલીન ગાત્રો અણધોયે સંથારે પડતું મેલ્યું. મલ મૂત્રાદિના મોટકાં વિસર્જન કરી ફ્લશ ખેંચી નહિ. થૂંક શ્લેષ્માદિનાં અદકાં વિસર્જન ચાલી ફૂટપાથે કીધાં. અત્ર પૌષધશાળા એટલે કલાસમાંહિ પેસતાં "નિસ્સિહિ" એવ 'may I come in Sir?' નીસરતાં "આવસ્સહિ" 'may I go out Sir?' આદિ વાક્યોએ કરી શિષ્ટાચાર રૂડી પેરે પાળ્યો નહિ. પરીક્ષા આવતે છતે કલાસ attend કીધો નહિ. સંવત્સરી તણે મહાપર્વે વ્રતોપવાસ વિના અત્તરવાયણાં પારણાં કીધાં. કાનુન, કાયદા તણી દૃષ્ટિએ ઉપવાસ કરી, કરાવી. તત્ર બટાટા પ્રમુખ કંદમૂળ આદિ અભક્ષ્ય ચીજોનું સેવન કીધું, કરાવ્યું. અગીયારમે પૌષધોપવાસ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ...॥ ૧૫ ॥

બારમે અતિથિસંવિભાગવ્રતે પાંચ અતિચારઃ—સચિત્તે નિખ્ખિવણેઃ રાત્રીની વધી ઘટી ચાહ સકાળે ચાહના ગરાડીને ધરી, પાઇ, ઢેંચાઇ. પિહિણેઃ મહેમાન પરોણે આવ્યે છતે, ચાહ આદિ પેય તૈયાર હોવા છતાં ગોપવી રાખી યોગ્ય સત્કાર ન કીધો. વવએસઃ ચાહ આદિ નહિ પાવાની દાનતે, કલમ તણે છતે મેમ્બરે, મહેમાન સમીપ નન્નો ભણ્યો. મચ્છરેઃ સુંદરીયા, ચીટકણીયાપ્રધાન ભૂખડીબારસોનાં સ્વાગત બળતે મને બબડાટ કરી કીધાં. કાલાઇક્કમદાણેઃ હોટેલાદિના કાળ અણશરૂ થયે વા વ્યતીત થયે મિત્રો નોતર્યા. બારમે અતિથિ-સંવિભાગ વ્રત વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ....॥ ૧૬ ॥

તપાચારના બાર ભેદઃ છ બાહ્ય, છ અભ્યંતરઃ અણસણઃ પરીક્ષા અદ્દૂરે ઉપસ્થિતે એકધારાં સતત વાંચન છતી શક્તિએ કીધાં નહિ. ઉણોદરી વ્રતઃ તે પરીક્ષા હોલ સમીપે પહોંચતે છતે પણ અકરાંતીયા કરી ભણ્યો. વૃત્તિસંક્ષેપ-રસત્યાગઃ નાટક હોટેલ સીનેમા પ્રધાન રસ વસ્તુઓનો સર્વથા ત્યાગ ન કીધો, સંક્ષેપ ન કીધો. કાયકલેશઃ વહેલી સવારે પથારી ત્યાગાદિનાં કષ્ટ સહન કર્યાં નહિ. સંલીનતાઃ એક પાટલી પર બેઠે છતે આગલી પાટલી પર પાદકમળ કહેતાં ટાંટીયા લંબાવ્યા. મોડા ઉઠી દાતણું, દાઢી, સ્નાનાદિ નિત્યકર્મ વિસાર્યાં: બાહ્ય તપ વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ...॥ ૧૭ ॥

અભ્યંતર તપઃ પાયચ્છિત્તં વિણઓ: નિયમ તોડયે છતે ગુરૂ પ્રમુખ વડીલો કન્હેં આલોયણા ન લીધી. જ્ઞાન, ગુરૂ, આલ્મામેટર પ્રત્યે વિનય સાચવ્યો નહિ. પાર્ટનર, ભાઇબંધ, ગુરૂ આદિનું વૈયાવચ્ચ ન કીધું. વાંચના, પૃચ્છના; પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા એ પંચવિધ સ્વાધ્યાય ન કીધો. કોલેજ ધ્યાન, વિદ્યાલય ધ્યાન ન ધ્યાયાં. નાટક ધ્યાન, હોટલ ધ્યાન ધ્યાયાં. અભ્યંતર તપ વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ.......॥ ૧૮ ॥

વીર્યાચારના ત્રણ અતિચારઃ-અણિગુહિય બલવીરિઓઃ પઢવે, ગુણવે, વિનય, વૈયાવચ્ચ એ ચતુર્વિધ સ્વ-પર કૃત્યોને વિષે મન, વચન કાયાતણું છતું બળ, વીર્ય ગોપવ્યુ. સલામ, જય જય, શેકહેન્ડ રૂડી પેરે કીધાં નહિ. કલાસમાં અન્યચિતે નિરાદરપણે બેઠા સમય ન પૂરો થયે છતે કલાસમાંથી ઘર આદિ સ્થળોએ પડિક્કમણું કીધું. વીર્યાચાર વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ......॥ ૧૯ ॥

એવંકારે વિદ્યાર્થીતણે ધર્મે શ્રી સમકિત મૂલ બાર વ્રત આશરે એકસો ઓગણીસ અતિચાર માંહિ અનેરો જે કોઇ અતિચાર સત્ર દિવસમાંહિ જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મને વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડમ...॥૨૦॥

॥ ઇતિશ્રી વિદ્યાર્થીસત્રાદિ બૃહત અતિચાર સમાપ્ત ॥

સૂત્રકાર: **ચીનુભાઇ ગી. શાહ**

## કેટલાક સમાચાર અને નોંધ

(પૃટ ૧૨૦ થી ચાલુ)

ચર્ચા ચાલે છે. આવો જુદી જુદી સંસ્થાઓની કાર્યવાહીમાં ભાગ લેનારને અવારનવાર અનુભવ થાય છે. આવો એક વિચિત્ર અને દુઃખદ અનુભવ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિની મળેલી એક સભામાં થયો.

થોડા સમય પહેલાં શ્રી મણિલાલ મોકમચંદ શાહ જેઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિના એક સભ્ય છે તેઓ લોહીદબાણના સખ્ત હુમલાથી પટકાઇ પડયા હતા અને કેટલાક દિવસ તેમને સર હરકીસનદાસ હોસ્પીટલમાં રહેવું પડયું હતું તે દરમિયાન તેમના દિલમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયને રૂા. ૧૦૦૦ ની રકમ ભેટ આપવાની ઇચ્છા થઇ આવી અને મુંબઈ પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો સાડા ત્રણ વર્ષનો નર્સીંગને લગતો અભ્યાસક્રમ હાથ ધરવા ઈચ્છતી ગમે તે ફીરકાની જૈન બહેનને દરમાસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવામાં એ રકમનો વિદ્યાલયે ઉપયોગ કરવો એ સરતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને પોતા તરફથી રૂા. ૧૦૦૦) ની રકમ સ્વીકારવાની માંગણી કરતો તેમણે વિદ્યાલયના મંત્રી ઉપર પત્ર લખ્યો હતો. આ પત્ર નિર્ણય માટે તા. ૯-૧૧-૪૩ના રોજ મળેલી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિમાં રજુ કરવામાં આવ્યો. આવી સાદી, સીધી અને વિદ્યાલય પ્રત્યે ઉંડો સદ્ભાવ દર્શાવતી માંગણીને તુરત જ આવકારી લેવાને બદલે વ્યવસ્થાપક સમિતિમાં એ બાબત ગંભીર ચર્ચાનું નિમિત્ત થઇ પડી અને રૂા. ૧૦૦૦ ની રકમ બહુ નાની છે છે અને તેના પ્રમાણમાં તેને લગતા વહીવટનો બોજો મોટો ગણાય અથવા તો વિદ્યાલય તો લાંબો વખત ચાલે તેવું અને મોટી રકમવાળું કામ હાથ ધરે છે જ્યારે રૂા. ૧૦૦૦) ની નાની સરખી રકમ અને એક જ બહેનને નર્સ બનાવવા જેટલું નાનું સરખું કામ વિદ્યાલયે હાથમાં લેવું યોગ્ય નથી અથવા તો શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ જ વિદ્યાલયનું કાર્યક્ષેત્ર છે (સંસ્થાના ઉદ્દેશમાં આવી કોઇ મર્યાદા બાંધવામાં આવી છે જ નહિ) જ્યારે આ કાર્ય ત્રણે ફીરકામાંની એક જૈન બહેનને નર્સ બનાવવાને લગતું હોઇને વિદ્યાલયના કાર્યક્ષેત્રની બહારનું ગણાવું જોઇએ—આવા ચિત્રવિચિત્ર વાંધાઓ પ્રસ્તુત માંગણી સામે રજુ કરવામાં આવ્યા અને એ ઉપર મત લેવાતાં સ્વીકાર અસ્વીકાર પક્ષે સરખા મત પડતાં પ્રમુખના કાનુની મતથી શ્રી. મણિલાલ મોકમચંદ શાહની રૂા. ૧૦૦૦) ની રકમના અસ્વીકાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. શ્રી. મહાવીર જૈન વિદ્યાલયની આજ સુધીની ઉજ્જવળ કારકીર્દિ દરમિયાન આવો પ્રત્યાઘાતી નિર્ણય કદિ કરવામાં આવ્યો જાણવામાં નથી. આપણે આશા રાખીએ કે આવી રીતે પ્રમુખના કાનુની મતના આધારે લેવામાં આવેલા નિર્ણય ઉપર વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિ સત્વર પુનઃ વિચારણા કરશે અને આ શોચનીય ઘટનાને વિના વિલંબે સુધારી લેશે.

### ગયા અંકની કેટલીક છાપભૂલો

તા. ૧-૧૧-૪૩ ના અંકમાં શ્રી વ્રજલાલ મેઘાણીની 'નારી હૃદય'ની વાર્તા ઉપરની નોંધના શરૂઆતમાં 'અવાસ્તવિક ઘટના'ને બદલે 'આ વાસ્તવિક ઘટના' વાંચવું; તે વાર્તાને છેડે **મોગ્યેષુ માતા** ને બદલે **ભોજ્યેષુ માતા** વાંચવું; અને 'શ્રી કાનજી સ્વામી અને સ્થાનકવાસી સમાજ' એ મથાળાના લેખની ત્રીજી લીટીમાં 'શ્રી કાનજી સામેના અનુયાયીઓ'ને બદલે 'શ્રી કાનજી સ્વામીના અનુયાયીઓ' વાંચવુ.

**પરમાનંદ.**

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૫

મુંબઇ: ૧ ડીસેમ્બર ૧૯૪૩ બુધવાર.

લવાજમ
રૂપિયા ૨

## જય વીયરાય જગગુરૂ !

(અન્ય સંપ્રદાયમાં જેમ સવાર સાંજ સંધ્યાવિધિ કરવામાં આવે છે તેમ જૈન સંપ્રદાયમાં સવાર સાંજ પ્રતિક્રમણવિધિ કરવામાં આવે છે. આ પ્રતિક્રમણની પ્રક્રિયા જૈન સમાજના પેટા વિભાગમાં જુદી જુદી છે. શ્વે. મૂ. વિભાગની પ્રતિક્રમણ વિધિમાં નીચેનું 'જયવીયરાય' સૂત્ર પ્રાર્થનારૂપે બોલાય છે. તે સૂત્ર આખું અર્ધમાગધીમાં રચાયલું છે. તેનો ગુજરાતી અર્થ અને કેટલીક સમજુતી નીચે આપવામાં આવી છે. જૈન જીવનનો આદર્શ પ્રસ્તુત પ્રાર્થનામાં બહુ સુંદર રીતે રજુ કરવામાં આવ્યો છે. પરમાનંદ.)

**વીતરાગ પ્રભુનો જય હો! હે જગદ્‌ગુરૂ ભગવાન! તારા પ્રભાવથી મને ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ! માર્ગાનુસારીપણું સિદ્ધ થાઓ! ઈષ્ટફળની સિદ્ધિ થાઓ! લોક વિરૂદ્ધ કૃતિનો હું સદા પરિત્યાગ કરૂં! ગુરૂજનોની મારાથી સદા પૂજા થાઓ! પરોપકારના અનેક કાર્યો થાઓ! સદ્‌ગુરૂનો મને યોગ થાઓ! જીવનની અન્ત ઘડિ સુધી તારા વચનની મારાથી અખંડ ઉપાસના થાઓ! હે વીતરાગ, તારા આગમમાં જો કે નીયાણું* કરવાની મના કરવામાં આવી છે તો પણ હે નાથ! તને હું પ્રણામ કરી રહ્યો છું તેના ફળરૂપે મારી પ્રાર્થના છે કે તારા ચરણની સેવા મને ભવોભવ મળતી રહે! દુઃખ માત્રનો ક્ષય થાવ અને કર્મ માત્રનો પણ નાશ થાય! સમાધિમરણ મને પ્રાપ્ત થાય અને બોધીબીજનો મને લાભ થાય! સર્વ મંગળોના મંગળરૂપ, સર્વ કલ્યાણના કારણરૂપ, સર્વો ધર્મોમાં પ્રધાનભૂત જૈન શાસનનો જય હો! જય હો!**

મુક્તાશુક્તિ મુદ્રાએ કહેવાની જયવીયરાયની પ્રથમની બે ગાથામાં પ્રભુ પાસે છ પ્રકારની પ્રાર્થના કરી છે તે ખાસ વિચારણીય છે. હે પ્રભુ! અમને આપના પ્રભાવથી ૧ ભવનિર્વેદ, ૨ માર્ગાનુસારીપણું, ૩ ઇષ્ટ ફળની સિદ્ધિ, ૪ લોકવિરૂધ્ધનો ત્યાગ, ૫ ગુરૂજનની પુજા, અને ૬ પરાર્થ (પરોપકાર) નું કરવું-આ છ બાબતો મને પ્રાપ્ત થાઓ! આ છ બાબતોનો આપણે જરા વિગતથી વિચાર કરીએ.

૧ **ભવનિર્વેદ:**-સંસારમાં ખેદ, અનાસક્તિ, જ્યાં ત્યાં દુઃખનાં જ દર્શન, સંસારી જીવો જેને સુખ માને છે એ બધી બાબતો પરિણામે દુઃખરૂપ છે, વિનાશી છે, દુર્ગતિમાં લઇ જનારી છે. મોહમદિરાના પાનથી જ તેમાં સુખ માનવામાં આવે છે-તેમાં વાસ્તવિક રીતે વિચારતાં સુખનો અંશ પણ નથી, આવા તત્ત્વ વિચારથી જ ચક્રવર્તી જેવા છ ખંડની ઋદ્ધિને ત્યજીને ચાલી નીકળ્યા છે. તેના પ્રમાણમાં ભિક્ષુકના ભિક્ષાપાત્ર જેવી સ્થિતિવાળા સુખના કૃત્રિમ સાધનને પણ આ જીવ છોડી શકતો નથી, તેમાં જ આનંદ માને છે અને તેમાં જ મગ્ન રહે છે. સત્યસુખનો ઇચ્છુક પ્રાર્થના કરતાં પ્રથમ જ પ્રાર્થના એ કરે છે કે મને આવા અસાર સંસાર પર ખેદ થાય તેમ કરો. જ્યારે મને એમાં નિર્વેદ આવશે ત્યારે જ હું એને છોડી શકીશ.

૨ **માર્ગાનુસારીપણું:**-માર્ગાનુસારીપણું એ સમકિતની પ્રાપ્તિનું પૂર્વસ્વરૂપ છે. મોક્ષપ્રાપ્તિના બીજરૂપ છે. માર્ગાનુસારીના રૂપગુણનો જો વિચાર કરવામાં આવે તો તેમાં સર્વ ગુણોનો સમાવેશ થઈ જાય છે. એક પણ ગુણ બાકી રહેતો નથી. સર્વાંશે માર્ગાનુસારીપણું આવે તો તે ઇચ્છવા યોગ્ય છે, પરંતુ અંશે અંશે આવે તો તે પ્રાંતે સમકિત ચારિત્ર અને યાવત્ મોક્ષ પ્રાપ્ત કરાવે તેમ છે.

૩ **ઇષ્ટફળની સિદ્ધિ:**-સંસારી જીવો તો પુદ્‌ગળિક સુખને જ ઇષ્ટ ગણે છે; તેથી તે તેના પ્રાપ્તિ થાય એટલે રાજી થાય છે. આ જીવ એવો સંસારની આસક્તિવાળો નથી; તેથી તેનું ઇષ્ટ તો આ સંસાર પરથી ઉદાસીન ભાવ આવે અને તેને લઇને બીજા અનેક ગુણો સંપ્રાપ્ત થાય તે હોવાથી તેની સિદ્ધિ થવાની પ્રાર્થના કરે છે. સાંસારિક સુખ તો તેને કટુ લાગે છે; તેથી તે તેને ઇષ્ટ નથી.

૪ **લોકવિરૂદ્ધનો ત્યાગ:**-ઉત્તમ મનુષ્યો કદી પણ લોકમાં વિરૂદ્ધ ગણાય તેવું કાર્ય કરતા નથી. છતાં અણજાણપણે પણ ન થઇ જાય તેટલા માટે પરમાત્મા પાસે લોકવિરૂદ્ધનો ત્યાગ થવાની પ્રાર્થના કરે છે. લોકમાં અસત્ય ભાષણ, અપ્રમાણિકતા, સ્વચ્છંદાચાર, અસદાચાર, અભિમાન, માયા-કપટ, અત્યન્ત તૃષ્ણા વગેરે લોકવિરૂદ્ધ ગણાય છે; તેથી તેનો ત્યાગ થવાની માંગણી કરી છે તે ખાસ જરૂરની છે.

૫ **ગુરૂજનની પુજા:**-સાંસારિક ગુરૂજન માતાપિતા કહેવાય છે અને લોકોત્તર ગુરૂજન મુનિ મહારાજા, ત્યાગી, વૈરાગી, પરોપકારી, સંસારથી વિરક્ત હોય તે કહેવાય છે. તેની પૂજા, ભક્તિ, સેવા બહુમાન વગેરે અનેક પ્રકારે પૂજા ગણાય છે. તે કરી શકાય તેવી વૃત્તિ બની બની રહે તેવી પ્રાર્થના છે. સંસારમાં જેણે માતાપિતાની ભક્તિ કરી નથી, તેમને પોતાથી બને તેટલું સુખ આપ્યું નથી, તેમનું દિલ દુભાવ્યું છે તેઓ કુપુત્ર ગણાય છે. માબાપનો ઉપકાર અનહદ છે. તેનો બદલો કોઇ રીતે વાળી શકાય તેમ નથી; પરંતુ બને તેટલી પણ જો

* વર્તમાન ભવમાં કરેલા અમુક પુણ્યના ફળરૂપે આગામી ભવમાં અમુક લાભ મળે એવી અપેક્ષા રાખવી તે.

# કેટલાક સમાચાર અને નોંધ

## એક ખુલાસો

તા. ૧-૧૧-૪૩ અંકમાં પ્રગટ થયેલ 'શ્રી કાનજી સ્વામી અને સ્થાનકવાસી સમુદાય' એ મથાળાના મારા લેખ સંબંધી મારા એક સ્નેહી જણાવે છે કે એ લેખ વાંચતાં કેટલાકના મન ઉપર એવી છાપ પડી છે કે એક તો શ્રી કાનજી સ્વામીના વિચારોનો કોઇએ વિરોધ કરવો ન જોઇએ એમ હું પ્રતિપાદન કરવા માંગું છું અને બીજું કોઈ પણ સંઘ કે સમાજને કોઇ પણ વ્યક્તિનો બહિષ્કાર કરવાનો કદિ હક્ક હોઇ શકે જ નહિ. એવો મારો મત છે. આના જવાબ રૂપે મારે જણાવવાનું કે જે લેખમાં મેં પોતે જ કાનજી સ્વામીના મુખ્ય વિચારોની ટુંકી છતાં સ્પષ્ટ ટીકા કરી છે અને તે પરત્વે મારી અસંમતિ દર્શાવી છે તે લેખમાંથી એવો ધ્વનિ કેમ ઉઠી શકે તે મારી કલ્પનામાં આવતું નથી. કોઇ પણ વિશિષ્ટ વ્યક્તિના વિચારોને છણવાનો અને તેના જે વિચારો પોતાને અયોગ્ય લાગતા હોય તે સામે પોતાનો વિરોધ દલીલપુરઃસર રજુ કરવાનો દરેકને હક્ક છે એટલું જ નહિ પણ એવી રજુઆતો સમાજ પ્રગતિની દૃષ્ટિએ આવકારદાયક છે. આ બાબતમાં શ્રી કાનજી સ્વામીનો અપવાદ કરવો જોઇએ એમ કદિ પણ મેં કલ્પ્યું કે માન્યું નથી. પ્રસ્તુત લેખમાં મેં જે કાંઇ વિરોધ કે નાપસંદગી દર્શાવી છે તે શ્રી. કાનજી સ્વામીના અનુયાયીઓના સંઘબહિષ્કાર કે સમાજબહિષ્કાર કરવાને લગતા ચાલી રહેલા આન્દોલનોને જ અનુલક્ષીને છે.

બીજા મુદ્દા સંબંધે જણાવવાનું કે જ્યારે કોઇ પણ સંસ્થા, સમાજ, સંઘ કે સમુદાયને જ્યારે એમ લાગે કે તેમાંની અન્તર્ગત અમુક વ્યકિત તે તે સંસ્થાના મૂળ હિતો કે આશયને બાધક અથવા તો હાનિકારક પ્રવૃત્તિ ચલાવી રહેલ છે ત્યારે અન્તિમ ઉપાય તરીકે તે વ્યકિતનો બહિષ્કાર કરવાનો તે સંસ્થા, સમાજ, સંઘ કે સમુદાયને સ્વાભાવિક હક્ક છે. આવા પ્રસંગે વિચારવા યોગ્ય પ્રશ્ન આવી બહિષ્કાર પ્રવૃત્તિના વ્યાજબી–ગેરવ્યાજબીપણાનો અથવા તો ઔચિત્ય–અનૌચિત્યને લગતો જ હોય છે. ઘણી વખત આવો બહિષ્કાર કેવળ અયોગ્ય, અન્યાયપૂર્ણ અને વ્યકિતસ્વાતંત્ર્યનો રોધક હોય છે; કેટલીક વખત આવો બહિષ્કાર ડહાપણભરેલો હોતો નથી અને સમાજના વિશાળ હિતોને ભારે નુકશાનકર્તા બને છે; અને કોઇ અપવાદજનક કીસ્સામાં આવો બહિષ્કાર ઇષ્ટ અને અનિવાર્ય પણ હોય છે. કયા બહિષ્કારને કઇ કોટિમાં મૂકવો તેનો નિર્ણય દરેક વ્યકિતગત કીસ્સાની વિગતો અને તે તે સમાજના ચોક્કસ સંયોગો વિચાર્યા બાદ જ થઈ શકે. સાધારણપણે એમ કહી શકાય કે આવા બહિષ્કારના શસ્ત્રનો ઉપયોગ બહુ જ સંભાળપૂર્વક અને અસાધારણ સંયોગોમાં જ કરવો જોઇએ અને જેમ વધારે વિશાળ સમાજ, તેમ શિસ્તનાં પગલાં અને બહિષ્કારના શસ્ત્રનો અમલ બહુ વિરલ સંયોગોમાં જ અને પુરી સાવધાનીથી કરવો યોગ્ય લેખાય. નહિ તો પરિણામ એવું આવે કે ચોક્કસ સમાજનું રક્ષણ કરવું અને વ્યવસ્થા જાળવવી એ જેનો હેતુ છે તે જ શિસ્તનાં પગલાંનો અને બહિષ્કારનો દુરૂપયોગ કે વારંવાર ઉપયોગ તે સમાજને છિન્નભિન્ન કરી નાંખવામાં પરિણમે.

## તેર વર્ષનો દીક્ષાનો ઉમેદવાર કિશોર ગુમ થયો!

તા. ૮-૧૧-૪૩ ના વન્દે માતમ્‌રમાં નીચે મુજબ હકીકત પ્રગટ થઇ છે.

"અત્રે ઝવેરીવાડમાં આવેલા, જૈન ઉપાશ્રયમાં એક ચોંકાવનારો બનાવ બની ગયો છે. આ પાંજરાપોળના ઉપાશ્રયે નિવાસ કરતા શ્રી નેમવિજયસૂરિના શિષ્ય શ્રી. સુશીલવિજય પાસે, કુમારપાળ હરિલાલ શાહ નામનો તેર વર્ષનો એક જૈન કિશોર ગયા ઓગસ્ટ માસમાં શાળાઓ બંધ હતી એ દરમ્યાન જતો હતો પુત્ર મહારાજ પાસે જઇને ધર્મ ધ્યાન કરે એ તરફ પિતાની સહાનુભૂતિ જણાતી હતી. પણ આ પછી તો કહે છે કે કુમારપાળ દીક્ષા લેવાને તૈયાર થયો હતો. માતાપિતાએ વિરોધ ઉઠાવતાં, કુમારપાળે એ સામે ઉપવાસ કરવાનો માર્ગ ગ્રહણ કર્યો હતો. મહારાજશ્રીના ઉપાશ્રયમાં ઉપવાસ કરતાં પુત્રની તબિયત નરમ બની ગઇ હતી. પિતાએ એની તબીબી તપાસ કરાવતાં, ડાક્ટરે કહ્યું હતું કે બાળકનો જીવ બચાવવો હોય તો એને ખોરાક આપવાની જરૂર છે. આખરે પિતાએ પુત્રપ્રેમથી પ્રેરાઇને કહે છે કે મહારાજના લખાવ્યા પ્રમાણે, પોતાના પુત્રને દીક્ષા આપવાની મંજૂરી લખી આપી હતી અને કારતક સુદ પુનમના રોજ દીક્ષા આપવાની તૈયારીઓ પણ ચાલી રહી હતી. દરમ્યાન કુમારપાળના ભાઇએ, આ પ્રશ્ન 'યુવક સંઘ' ના કેટલાક કાર્યકરો સમક્ષ રજૂ કરતાં, તેમણે કુમારપાળને દીક્ષા અપાતી અટકાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. આ પ્રયાસો દરમ્યાન, એ દિવસ પહેલાં સદરહુ કુમારપાળ એકાએક ઉપાશ્રયમાંથી ગુમ થતાં ત્યાં ભારે સનસનાટી પ્રસરી હતી. એની શોધખોળ થઇ રહી છે. પણ એમાં હજી સુધી તો, નિષ્ફળતાજ સાંપડી છે."

## કચ્છમાંથી જૈન સાધુ હદપાર

તા. ૯-૧૧-૪૩ ના મુંબઇ સમાચારમાં નીચેની હકીકત પ્રગટ કરવામાં આવી છે.

"લોકો જ્યારે ભુખે મરે છે ત્યારે પાટનગર (ભુજ–કચ્છ) ના જૈનો એક સંઘ કાઢવાની વેતરણમાં પડયાં છે. વધતી જતી મોંઘવારી અને નફાખોરીની ભીંસમાં ખુદ જૈન સમાજની વિધવા બ્હેનો, વૃદ્ધાઓ અને ગરીબ કુટુંબો પીસાઇ રહ્યા છે ત્યારે તેમને સહારો આપવાને બદલે સંઘ કાઢવા જવું એ પ્રભુ મહાવીરના ધર્મને અભડાવવા જેવું જ છે.

"જૈન સાધુ પ્રભાવિજયજીને પોલીસે પકડી ટ્રેન દ્વારા કચ્છની સરહદ બહાર રવાના કર્યો છે. આ સાધુ કેટલાક સમયથી ભુજ-

---

સેવાભકિત કરવામાં આવે તો તેટલે અંશે અનૃણી થવાય છે. સંસારમાં જેણે માબાપની ભકિત કે સેવા કરી હોય છે તે જ સંસાર છોડયા પછી ગુરૂભકિત કરી શકે છે. આ પ્રાર્થના ખાસ જરૂરની છે અને તેને અંગે શાસ્ત્રમાં ઘણું લખાયેલું છે.

૬. **પરોપકારઃ**–પરોપકારના અનેક પ્રકાર છે. માત્ર દ્રવ્યથી જ પરોપકાર થાય છે એમ નથી, પરંતુ તદુપરાંત વચનથી અને કાયાથી પણ અનેક પ્રકારના ઉપકારો થાય છે. કોઇની મુસ્કેલી દૂર કરવી, કોઇને નોકરીની જોગવાઇ કરી આપવી, વ્યાપારની સગવડ કરી આપવી; વ્યાધિ પ્રસંગે સહાય કરવી, આરામ થાય તેવો પ્રયત્ન કરવો, પોતાની લાગવગનો પરમાર્થમાં પરોપકારના કાર્યમાં ઉપયોગ કરવો–એમ અનેક પ્રકારે પરોપકાર કરવો. પરોપકારનું જેને વ્યસન પડી જાય છે તેને પરોપકાર કર્યા વિના ગોઠતું જ નથી. પરોપકાર કર્યા વિનાનો દિવસ જાય તો તેને તે નિરર્થક સમજે છે. આવી પરોપકાર વૃત્તિ પ્રાપ્ત થવાની પરમાત્મા પાસે પ્રાર્થના છે.

આ છ પ્રકારની પ્રાર્થના એવી રીતે ગોઠવવામાં આવી છે કે તેમાં ઐહિક અને આમુષ્મિક બન્ને પ્રકારના લાભનો સમાવેશ થાય છે. દરરોજ ચૈત્યવંદનને અંતે કહેવામાં આવતા સૂત્રનું મહત્વ ખાસ વિચારણીય છે. આશા છે કે આ આ પ્રાર્થના માત્ર વાણીવ્યાપારમાં જ ન રહે પણ તેનો વર્તનમાં ઉપયોગ થાય.

કુંવરજી આણંદજી.

માં જ રહેતો હતો. જૈનો સાથે તેને ઝગડો થયો હતો. બંને પક્ષ વચ્ચે મારામારી થઇ હતી અને બંને પક્ષે કોર્ટમાં પરસ્પર વિરોધી ખટલા ઉભા કર્યાં હતા. બંને પક્ષને જેલ અને દંડની સજા થઇ હતી. સાધુને ઉપાશ્રયથી બહાર કાઢી મુકવામાં આવેલા. આ સાધુ શહેરમાં જ્યાં ત્યાં ભટકી ગુજરાન જેટલા પૈસા એકઠા કરતા, કારણ કે જૈનોએ તેને ભોજન આપવું પણ બંધ કરેલું. છેલ્લે આ સાધુએ સાધુ ધર્મ ગુમાવ્યો હતો પરંતુ સાધુના સ્વાંગ ઉતાર્યા ન હતા.”

## ૧૧ મે વર્ષે દીક્ષા લીધી, ૧૪ મે વર્ષે છોડી દીધી.

પાટણના ઉપાશ્રયમાં પણ આવી એક ઘટના બની છે. એક છોકરાને ૧૧ વર્ષની ઉમ્મરે દીક્ષા આપવામાં આવેલી. ત્રણ વર્ષમાં સાધુજીવનથી કંટાળીને તે છોકરો ઉપાશ્રય છોડીને ક્યાંક નાસી ગયો છે.

## ખડકી ખાતે બે બાળદીક્ષા

પંન્યાસ શ્રી ચંદ્રવિજયજી નામના શ્વેતાંબર સંપ્રદાયના સાધુ કેટલાક સમયથી મહારાષ્ટ્ર બાજુ વિહાર કરી રહ્યા છે. થોડાક સમય પહેલાં બ્રાહ્મણ પંડિત શ્રી લક્ષ્મણ રઘુનાથ ભીડે (જેઓ હાલ મુનિ કુમુદવિજયજીના નામથી ઓળખાય છે) તેમને જૈન દીક્ષા આપવાના કારણે શ્રી. ચંદ્રવિજયજી શ્વે. મૂ. વિભાગમાં વિશેષ જાણીતા થયા છે. તેમણે પખવાડીઆ પહેલાં એક જૈન દંપતી યુગલને અને સાથે સાથે તેમનાં દશ અને આઠ વર્ષનાં બે બાળકોને ખડકી મુકામે દીક્ષા આપી છે. વસ્તુતઃ આ દીક્ષાઓ પુનામાં જ અપાવાની હતી, પણ ત્યાંના જૈન સમાજમાં પ્રસ્તુત બાળદીક્ષાઓ સામે મોટો વિરોધ જાગ્યો અને પુનામાં એ દીક્ષાઓ આપી શકાય એવી સ્થિતિ નહિ રહી; તેથી પુના પાસે આવેલ ખડકી કે જ્યાં જૈનોના ૧૫-૨૦ ઘર છે ત્યાં પ્રસ્તુત દીક્ષાસમારંભ ઉજવવામાં આવ્યો.

દીક્ષાનો મૂળ પાયો વૈરાગ્ય હોવો જોઇએ. તપાસ કરતાં માલુમ પડે છે કે દીક્ષા લેનારની આર્થિક સ્થિતિ બહુ જ નબળી હતી. તેથી શ્રી ગુલાબચંદે અને તેમનાં પત્ની શ્રી. ચંપાબાઇએ લીધેલી દીક્ષા વૈરાગ્યપ્રેરિત છે કે આર્થિક મુંઝવણમાંથી ઉગરવાના આશયથી ગ્રહણ કરવામાં આવી છે એ એક પ્રશ્ન છે. પણ તકરારને ખાતર માની લઇએ કે મોટી ઉમ્મરના માબાપે તો વૈરાગ્યભાવનાથી ઉત્તેજિત થઇને દીક્ષા લીધી છે, પણ આઠ અને દશ વર્ષના બાળકો સંબંધમાં તો આવા કોઈ વૈરાગ્યનો પ્રશ્ન જ હોઈ શકે નહિ. ‘જ્યાં તમે, ત્યાં અમે’ એ ન્યાયે બીચારાં બે બાળકોને તો માબાપના જવા સાથે દીક્ષા લેવા સિવાય આ દુનિયામાં ઉભા રહેવાનો બીજો કોઇ માર્ગ જ રહેતો નહોતો. એટલે માબાપ ભેગા તેઓ પણ મૂંડાયા અને શ્રી. ચંદ્રવિજયજીને એક સાથે ચાર શિષ્યોનો લાભ થયો. શિષ્યલોભ હજુ સારા ગણાતા સાધુઓને પણ છોડતો નથી. નહિ તો પં. ચંદ્રવિજયજીએ જ્યાં સુધી તે બે બાળકો મોટા ન થાય અને પગભર સ્થિતિમાં ન આવે ત્યાં સુધી માબાપને ગૃહસ્થજીવનમાં ચાલુ રહેવાની જ સલાહ આપવી જોઇતી હતી. અને પ્રસ્તુત માબાપે પોતાની ઘેલછામાં પોતાનાં નાનાં કુમળાં બાળકોને જૈન દીક્ષા જેવા અતિશય કઠિણ આજીવન વ્રતથી આ ઉમ્મરે બંધાવા દેવા નહોતા જોઈતા. પણ માબાપ માબાપ મટે અને ગુરૂ શિષ્યલોભ આડે જ્યારે બીજો બધો વિવેક ગુમાવે ત્યારે બાળકોને નસીબે ઉજ્જવળ ચારિત્ર્ય હો કે ન હો, પણ આજીવન ભિક્ષા અને અકુદરતી દમનથી ભરેલું જીવન તો આજથી નિર્માઈ ચુક્યું. આવી ઘટનાથી સાધુસંખ્યા વધે છે પણ જૈન સાધુની પ્રતિષ્ઠાને ખુબ હાનિ થાય છે. પણ આજની જૈન સમાજને સાધુની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાની લેશમાત્ર દરકાર હોય એમ લાગતું નથી!

## જૈન મહિલા સમાજે ઉઘાડેલું બાળમંડળ

તા. ૭-૧૧-૪૩ ના રોજ મુંબઇના જૈન મહિલા સમાજે શ્રી. તારાબ્હેન મોડકના શુભ આશીર્વાદ સાથે બાળમંડળની શરૂઆત કરી છે. રજાના દિવસોમાં બાળકો ઘેર પ્રવૃત્તિહીન કે પ્રવૃત્તિ વિરોધક વાતાવરણમાં રહી કંટાળી જાય છે. પરિણામે ગમે ત્યાં રખડે છે અથવા હેતુ વગરની પ્રવૃત્તિઓ આદરે છે કે અયોગ્ય વાતાવરણમાં સમય અને શકિતનો વ્યય કરે છે. તેને બદલે રજાઓના દિવસોમાં યોગ્ય પ્રવૃત્તિઓ આપી તેમનો વિકાસ થાય એ હેતુથી આ બાળમંડળ સ્થાપવામાં આવ્યું છે.

ચાલુ શાળામાં જે શિક્ષણ અપાય છે તેમાં બાળકોના હાથ પગના હલનચલનની પ્રવૃત્તિઓને જોઇએ તેવું સ્થાન નથી હોતું. તેથી કાંઇક કરવું છે-આ કરવું છે-તે કરવું છે-ની માંગણી સંતોષાતી નથી. પરિણામે સર્જનાત્મક શકિતને વિકસવાનો જરા પણ અવકાશ તેમને મળતો નથી. એ અવકાશ મળે અને બાળકો સહેતુક પ્રવૃત્તિઓમાં જોડાઈ રહે તે માટે જૈન મહિલા સમાજે શરૂ કરેલા બાળમંડળે હાલ ૪ થી ૧૨ વર્ષના બાળકો માટે શનિવાર તથા રવિવારના દિવસોમાં નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવાનું નક્કી કર્યું છે. ચિત્રકામ, માટીકામ, શીવણ, ગૂંથણ, છાપકામ, કાંતણ, વણાટ, સુતારીકામ, સંગીત, પ્રવાસ, રંજન-કાર્યક્રમ, રમતો અને વાર્તા. મહિલાસમાજ એક બાલ-વાચનાલય પણ થોડા વખતમાં શરૂ કરવા ધારે છે. આ નવી પ્રવૃત્તિ-હાથ ધરવા માટે મુંબઇ જૈન મહિલા સમાજને ધન્યવાદ ઘટે છે. (શિક્ષણ પત્રિકામાંથી)

## શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકનો હૃદયપલટો:—

**‘Return of the Prodigal Son’**

શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક ગુજરાતના એક બહુ જુના અને જાણીતા કાર્યકર્તા છે. તેઓ એક વખત ગાંધીજીના સહકાર્યકર્તા અને અનુયાયી જેવા હતા. સમયાન્તરે તેમનામાં પલટો આવ્યો અને ગાંધીજી સાથેનો મેળ તુટી ગયો. પછી તેઓ કેટલોક વખત યુરોપ અને મોટે ભાગે આયર્લૅન્ડમાં રહ્યા. ત્યાં અનેક સમવિષમ અનુભવોમાંથી પસાર થયા અને હિંદ પાછા ફર્યા ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલે તેમને સત્કાર્યા અને ગાંધીજી સાથેનો તુટેલો મેળ પાછો સંધાયો એમ થોડો વખત લાગ્યું. પણ એ ભ્રામક સંધાણ થોડો વખત ચાલ્યું ન ચાલ્યું અને તુટી ગયું. યુરોપથી શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક સામ્યવાદની પાકી દીક્ષા લઇને આવેલા અને હિંદુસ્થાનમાં આવીને તેઓ કિસાન પ્રવૃત્તિમાં પડેલા તે આજ સુધી ચાલુ છે. હમણાં હમણાં તેમનો અહિંના સામ્યવાદીઓ સાથે પુરો મેળ નથી એવા ભણકારા આવ્યા કરતા છે. થોડા દિવસ પહેલાં ભાવનગરમાં ભરાયલી વિદ્યાર્થીપરિષદના પ્રમુખપદને તેઓ શોભાવી આવ્યા. પ્રમુખસ્થાનેથી ભાષણ કરતાં તેમણે જણાવ્યું હતું કેઃ— “ગાંધીજી સામે મેં પુસ્તકો લખ્યા છે. તેમના કટ્ટર વિરોધીઓ માંહેનો હું એક છું. પરન્તુ અનુભવ પરથી મને એમ જણાયું છે કે આ એક જ સમર્થ પુરૂષ છે જેની સામે કોઇ પણ પક્ષ ટકી શકતો નથી. આજે હું મારૂં દીલ ખોલીને કહેવા ચાહું છું કે મેં ગાંધીજીને સાચા દિલથી હાર પહેરાવી તેમના ચરણમાં મારૂં મસ્તક મૂક્યું છે.”

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૦ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ડીસેમ્બર ૧ ૧૯૪૩


## સાધુસંસ્થા અને કેળવણી

( ગતાંકથી ચાલુ )

આપણી શિક્ષણ-સંસ્થાઓનો ઇતિહાસ એટલે લગભગ પાછળના બસો વર્ષનો જ ઇતિહાસ. અંગ્રેજી અમલ પહેલાંની આપણી કેળવણી એટલે માત્ર ધાર્મિક કેળવણી અંગ્રેજી કેળવણીની અસર પછી આપણું દૃષ્ટિબિન્દુ બદલાયું અને તેમાં ઠીક ઠીક ફેરફાર થયો. આ પરિસ્થિતિને બરાબર પારખનાર સાધુ-સંસ્થાની અર્વાચીન વ્યક્તિ તે વિજયાનંદસૂરિ. તેમણે પાઠશાળાઓ સ્થાપવા માટે ઉપદેશ કર્યો ને પાઠશાળાઓ સ્થપાવા લાગી. એટલે કે પદ્ધતિસર ધાર્મિક કેળવણી અપાવાની શરૂઆત થઇ. અંગ્રેજી ઉપદેશકો (Fathers અને Nuns)ની ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાની રીત જોઇ સાધુ-સંસ્થાના સભ્યોનાં પડળ ખૂલ્યાં, ને તેમને પણ જાણે કે તેમની હરીફાઇ કરવાનું મન થયું. આ વૃત્તિ ધીમે ધીમે વિકસી અને કેળવણી આપતી સંસ્થાઓની સ્થાપના માટેનો ઉપદેશ શરૂ થયો. એક પછી એક પાઠશાળાઓ છાત્રાલયો, શાળાઓ અને ગુરૂકુળો અહીંતહીં સ્થપાવા લાગ્યાં, પણ આવી સંસ્થાઓને અંગ્રેજ ઉપદેશકોનો આત્મા ન મળ્યો. તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળ્યું ફક્ત રહેવા માટે મકાન.

એ હકીકત કબુલ કરવી જોઇએ કે, અત્યારે કેળવણીની જે સંસ્થાઓ ચાલે છે—માત્ર નવકાર મંત્રનું શિક્ષણ આપતી રાત્રીની કે દિવસની પાઠશાળા, છાત્રાલયો, ગુરૂકુળો કે શાળાઓ—તેની પાછળ જૈન સમાજ દરવર્ષે લગભગ વીસ લાખ રૂપીયા ઉપરાંત ખર્ચે છે, જેમાંથી પંચોતેર ટકા ઉપરાંતની રકમ ફક્ત સાધુસંસ્થાના વર્ચસ્વથી મળે છે. અને અત્યારે જૈન સમાજમાં કેળવણીનું જે કાંઇ પ્રમાણ છે તે તેને લીધે. પરંતુ એથી સાધુ-સંસ્થાએ સંતોષ પામવાની જરૂર નથી. આવડી સારી રકમના ભોગે કેટલા વિદ્વાન સાધુઓ અને વિદ્વાન શ્રાવકો તૈયાર થયા, જેમણે જૈન સંસ્કૃતિ, કલા, સંસ્કાર વગેરેના પ્રકાશથી વિશ્વને અજવાળ્યું હોય?

આપણા જ એક જૈન વિદ્વાને કહ્યું છે તે મુજબ, "માફ કરજો. જો સાધુ-સંસ્થાનું રગશિયું ગાડું આ રીતે ચાલ્યા કરશે તો થોડાં વર્ષો પછી સાધુ-સંસ્થા જરા પણ ઉપયોગી નહિ રહે, કારણ કે અત્યારે તેનો મોટો ભાગ શુષ્ક ક્રિયાકાંડમાં જ ગુમાવે છે. આળસમાં જ તેમનો વખત જાય છે. બીજું કાંઇ તેમને કામ નથી. દુનિયાની સાથે તેમની ગતિ નથી; આથી પરિસ્થિતિ એવી થઇ છે કે જે સંસ્થાએ એક હજાર વર્ષથી વિદ્યા સાચવી છે—ભંડારોમાં—અને જેમાંના કેટલાક વિદ્વાન સાધુઓએ તેમાં ઉમેરણ કર્યું છે, એ જ સંસ્થા પચાસ વર્ષ પહેલાની જે સ્થિતિ હતી તે સ્થિતિએ પણ નહિ રહી શકે. શુષ્ક ક્રિયાકાંડ વધતો જ જાય છે. આજની સાધુ-સંસ્થામાં ધગશ પણ રહી નથી. આથી વખત એવો આવવાની બીક છે કે જ્ઞાનની બાબતમાં સાધુ-સંસ્થા કરતાં શ્રાવક-સંસ્થા આગળ વધી ગઇ હશે, અને આજે અમુક વર્ગમાં સાધુઓ માટે જે માન રહ્યું છે તે પણ ઓસરી જવાની બીક છે."

લગભગ અઢારમી સદીના યુગમાં વસી રહેલી જણાતી સાધુ-સંસ્થાના સભ્યોએ પૂરવેગે ધસી આવતા નવા યુગથી ચેતવાની જરૂર છે. કર્મરૂપી રજને ખંખેરવા માટે ચરવળો પાસે જ છે, તેનાથી શિષ્ય-સમુદાય વધારવાના મોહને, તિથિ-ચર્ચાને કે ભકતોની પાસે ભકિત કરાવવાની વૃત્તિને ખંખેરી નાખે, અને ફાધર એલ્વિન જેવા સાધુ-વૃત્તિ અંગ્રેજની જેમ, માત્ર ગુજરાતમાં અડ્ડો લગાવવાની વૃત્તિને છોડી સારાય હિન્દમાં ચારે દિશાએ પથરાઇ જાય અને જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં પોતાની સેવા આપી જૈન ધર્મના સિદ્ધાંતો—અહિંસા અને સત્ય—નો પ્રચાર કરે.

ચીન અને જાપાનને તૈયાર કરવામાં ત્યાંના બૌદ્ધ-સાધુઓનો જબરજસ્ત ફાળો છે. ચીનનું કે જાપાનનું એકેએક મંદિર શારદા-મંદિર છે અને તેમાં વસતા ધર્મગુરુઓ પ્રજાને તૈયાર કરી રહેલ છે. આ વિષે રસિક હકીકત બાબુ ક્ષિતિમોહનસેને શ્રી રવીન્દ્રનાથ ટાગોરની "ચીન જાપાનની યાત્રા" પુસ્તકમાં આપેલ છે. તેઓ કહે છે, "પેકિનમાં સાઠ હજાર મજુર છે, તે બધાય લખી વાંચી જાણે છે." તેમણે એક મજૂરને પૂછયું; "તું કેવી રીતે વાંચી શકે છે." તેણે જવાબ આપ્યો "શું અમારા દેશમાં ધર્મગુરૂ નથી?" અને ધર્મગુરૂઓને પૂછ્યું તો ઉત્તર મળ્યો, "તમારા દેશમાંથી જ શિક્ષા મળી છે કે જો દેશમાં એક પણ માણસ મૂર્ખ રહે તો તેનો દોષ ત્યાંના ગુરૂઓનો છે. સંતાન જો ભૂખ્યું રહે તો એની માતા બાળક પાસેથી માતા તરીકેની પૂજાનો અધિકાર કેવી રીતે મેળવે?" જૈન સમાજના સાધુઓના ધામ જેવા અમદાવાદમાં જ કોઇ તપાસ કરે તો આપણા સાધુઓ આ સાધુઓની કક્ષાએ કયાં વસે છે તેનો ખ્યાલ આવે!

આપણા સંપ્રદાયમાં મુખ્ય ત્રણ ભેદ, પણ તેમાંય કેટલા ઉપભેદો, કોઈ કોઇનો મેળ મળે નહિ. શ્રાવકો એકત્ર થવા ઇચ્છે તો સાધુઓ એકત્ર થવા દે નહિ. ચોથીયા ને પાંચમિયાના પણ સંપ્રદાય. આચાર્યો કોઇ દિવસ ભેગા મળે તો શંકા ઉત્પન્ન થાય કે નવો કોલાહલ નહિ જામે ને! ચીન-જાપાન આ બાબતમાં ઉદાર છે. "જાપાનમાં બૌદ્ધના ચૌદ જુદા જુદા પ્રધાન ધર્મ-સંપ્રદાયો છે. એમની ઉપાસના અને ધર્મસાધનાની વિધિમાં ભલે ભેદ હોય, પણ જ્ઞાન દેવાની તત્પરતામાં સઘળા સરખા ઉત્સાહી હોય છે. ચીનમાં પણ તેમજ છે. ત્યાં જે જે ગામમાં જુદા જુદા મતનાં મંદિરો હોય ત્યાં સૌથી જૂનામાં જુના ગુરૂ હોય તેમની પાસે જઇ બધા કહે કે જ્ઞાનદાનની વ્યવસ્થા આપ કરો." દુઃખની સાથે કહેવું પડશે કે, આપણે ત્યાં એકબીજા આચાર્યો એકબીજાની પ્રવૃત્તિ પર ટીકા કરી શિક્ષણ-સંસ્થાઓ બંધ થાય એવું વર્તન કરે છે. પછી એકત્ર થવાની વાત કયાં રહી?

બાબુ ક્ષિતિમોહનસેને ત્યાંના એક આચાર્યની જે વાત કહી છે તે જ ટાંકીએ, "હવે ત્યાંના મંદિરના ધર્મગુરૂ પંડાની વાત કહું છું. તે બ્યાસી વર્ષના હતા, છતાં તેમનું શરીર બહુ સશકત અને દીર્ઘાકાર હતું. સાંભળ્યું છે કે તે વિદ્યાના મહાસાગર જેવા છે. અમે જ્યારે ગયા ત્યારે તેમનું ટેબલ પુસ્તકોથી ભરેલું હતું. અમે પૂછયું: 'આટલી વૃદ્ધ વયે પણ આપ શા માટે અભ્યાસ કરો છો?' તેમણે કહ્યું: 'મારી યોગ્યતા છે તેના કરતાં લોકો મારા પર વધારે શ્રદ્ધા રાખે છે. એ ઋણ વાળવા માટે બને તેટલો પ્રયત્ન કરું છું. લોકોની શ્રદ્ધાને બરાબર યોગ્ય તો નહિ જ થવાય, પણ બને તેટલો વધારે યોગ્ય થાઉં તેવો

પ્રયત્ન કરૂં છું.' તેમનાં પુસ્તકાલયમાં ૫૦૬૦ ભારતવર્ષના અનુવાદ કરેલા ગ્રંથો છે અને તેઓને દરેક ગ્રંથનો ઘણો જ સારો પરિચય છે અને તેમણે ઉમેર્યું કે." મને હજુ પણ એવી ઇચ્છા થાય છે કે જાણે ભારતવર્ષનાં તીર્થમંદિરોની યાત્રા કરીને જીવનનાં શેષ વર્ષો ? પૂર્ણ કરૂં. આપના દેશમાં કેટલાંયે દેવાલયોના પંડિતો તીર્થગુરૂઓ છે તેઓમાંના એકના પણ ચરણ આગળ બેસી જીવનમાં જે શિક્ષણ અપૂર્ણ છે તે બધું પૂર્ણ કરૂં અને તેમની સેવા કરીને ધન્ય થાઉં.'

ભારતવર્ષની દીનદશા છુપાવવાનું યોગ્ય નહિ લાગવાથી બાબુ ક્ષિતિમોહને કહ્યું. "ભારતની એવી દશા હાલ રહી નથી. આજે એક પણ ધર્મગુરૂ એવો નથી કે જે આપને ઉપદેશ આપી શકે. પહેલાં આપને મંદિરમાં પરધર્મી પરદેશીને પ્રવેશવાનો અધિકાર નથી, એમ કહી પ્રવેશ જ ન કરવા દે. આમ ન કરે તો તેમની આબરૂ જાય એમ છે, કારણ કે વિચારનો જેટલો અભાવ તેટલી આચારની પ્રબળતા હોય છે. જ્ઞાન જેટલું ઓછું તેટલો આડંબર વધારે. તેથી અમારામાં કોઇનું એવું સામર્થ્ય નથી કે આપને ઉપદેશ આપે."

આપણી સાધુ-સંસ્થાના સભ્યોને આ વિધાન કેટલું અક્ષરશઃ લાગુ પડે તેમ છે! આપણી સાધુ-સંસ્થામાં વિચારના અભાવે મોટું રૂપ લીધું છે, ને આચારની પ્રબળતા અકથ્ય છે, જ્ઞાન ઓછું છે. એથી આડંબર પુષ્કળ વધ્યો છે. જ્ઞાનપંચમી જેવા પર્વની ઉજવણી થશે, પણ આડંબર દ્વારા; એ પ્રવૃત્તિથી જ્ઞાનને જરાય વેગ નહિ મળે. એટલે જો સાધુ-સંસ્થાએ ટકવું હોય તો આ શુષ્ક ક્રિયાકાંડ પર નિયમન મૂકી શ્રાવક-સંસ્થાની, ને તે દ્વારા જૈન ધર્મની જે રીતે સેવા થઇ શકે તેવા રચનાત્મક કાર્યમાં તલ્લીન થવાની જરૂર છે. એ કાર્યનું એક ક્ષેત્ર છે કેળવણી.

પણ આ સુચના કરતાની સાથે મોટો ભય નજર સામે આવી ખડો રહે છે. સાધુઓની મનોવૃત્તિ જ્યાં સુધી ન બદલાય ત્યાં સુધી કેળવણીનું ક્ષેત્ર તેમને સોંપાય કેવી રીતે? અને ધારો કે કેળવણીનું ક્ષેત્ર તેમને સોંપવામાં આવે તો તેને યોગ્ય વિદ્વાન કેટલા?

આ પ્રશ્ન ગંભીર છે. આનો જવાબ પણ કાંઇ એકદમ આપી શકાય તેમ નથી. અત્યારે જે પોતાને મુનિપુંગવો કહેવરાવે છે તેમની મનોદશા શિષ્યો વધારવાની જ છે. એકાદ ભક્ષ્ય હાથમાં આવવું જોઇએ. તેમના હાથમાં બાળકો સોંપાય કેવી રીતે? છેલ્લા પચાસ વર્ષના સાધુ-સંસ્થાના ઇતિહાસમાં આ વસ્તુ વણાઇ ગયેલી છે: નામ નહિ દઉં, પણ કેળવણી વિષયક સંસ્થા સ્થાપવા પાછળ કેટલાક સાધુઓનો આ આશય હતો, આજે પણ છે. તેઓ જો કેળવણીનાં ક્ષેત્રમાં પ્રવેશે તો સમાજને તેમના પર વિશ્વાસ કેવી રીતે બેસે?

બીજી પણ વાત ખરી છે. અનેક ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરાવી શકે તેટલા સાધુઓ આપણે ત્યાં કેટલા? ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અંગ્રેજી સાહિત્ય, ગુજરાતી સાહિત્ય કે બીજો કોઇ પણ વિષય નિપુણતાથી શીખવી શકે એવા આચાર્યો છે આપણી સાધુ-સંસ્થામાં કોઇ? દર્શનશાસ્ત્ર, તર્ક કે ભાષાશાસ્ત્રમાં નિષ્ણાત સાધુઓ છે ક્યાંય? શોધવા જતા નજર સામે અંધકાર જણાશે-સિવાય બે એક મુનિઓ.

અભ્યાસની બાબતમાં પછાત ને શિષ્ય વધારવાની વૃત્તિવાળા સાધુઓ, કેળવણીના ક્ષેત્રને હાથમાં લઇને કયો ગઢ જિતવાના હતા એ પ્રશ્ન સ્વાભાવિક છે. પણ સાધુ-સંસ્થાએ જો જીવવું હોય તો તેનો તોડ કાઢવો પડશે.

આપણા કેટલાક આચાર્યો જૈન યુનિવર્સિટીની બૂમ કેટલાય વખતથી પાડયા કરે છે. પણ જૈન યુનિવર્સિટી સ્થપાયા પછી પગારદાર વિદ્વાનોને જ લાવવાના છે ને? એકાદ માતંગ મુનિ કે તાજેતરમાં જ જાપાનમાં થઇ ગયેલ આચાર્ય આંકીગુંકી જેવા મુનિ-વિદ્વાન તો તેને નહિ મળે ને! અને જો ન મળે તો, બીજી કોલેજો ક્યાં ઓછી છે? સૌના મનમાં છે કે જૈન સંસ્કૃતિનો ફેલાવો કરવો. પણ સાથે સાથે મનના એકાદ ખૂણે લપાઇ રહેલ શિષ્ય વધારવાની વૃતિ, બીજે ખૂણે છુપાઇ રહેલ અજ્ઞાન, ત્રીજે ખૂણે સંતાઇ રહેલ કીર્તિ ને વાહવાહનો મોહ—વગેરે દૂર નથી કરી શકાતા. સાધુઓએ સંસારનો ત્યાગ કરી મસ્તક મૂડયું હોય છે પણ હૃદયનું-મૂંડન નથી થયું હોતુ; આથી આપણા સમાજમાં વિદ્વાન આચાર્યો પોતાનો પરિમલ સૈકાઓ સુધી પાછળ મૂકી જાય તેવા આચાર્યો બહુ ઓછા થયા છે.

છતાં જૈન સમાજને અત્યારે લગભગ ભારરૂપ થઇ રહેલા સાતસો સાધુઓનું દળ—સાધ્વીઓની સંખ્યા તો તેથીય વધુ છે—પોતાના મતાંતરોને એક બાજુ મુકી, હૃદયનું મૂંડન કરી, કૃતનિશ્ચયી થઇ જૈન સમાજને ઉન્નત કરવાનું બીડું ઝડપે, તો ટુંક સમયમાં જૈન સમાજ જ્ઞાનમાં સમૃધ્ધ થઇ જાય.

કલ્પનામાં જે વસ્તુ શકય લાગે છે, તે વ્યવહારમાં તદ્દન અશકય પણ હોય છે, છતાં ચીનને અને જાપાનને બૌધ્ધ સાધુઓએ જે રીતે તૈયાર કર્યા, તે ઉપરથી આવું કાંઇક થઇ શકે, જૈન સાધુઓ કરી શકે એવી કલ્પના ન થઇ શકે એવું નથી. આ માટે આ પહેલા સાધુઓએ પોતાની નિરક્ષરતા દૂર કરવાની રહેશે. સાધુઓના ઉપદેશથી ચાલતી કે સ્વતંત્ર રીતે ચાલતી જૈન સમાજની એકેએક સંસ્થાનું પ્રાંત પ્રાંતવાર એકીકરણ થાય, અને તે સર્વ એક મહા-સંસ્થા નીચે સંકળાઇ જાય તો આ કલ્પના શકય બને. પછીના વિદ્વાન સાધુ-સંસ્થા આ મહા-સંસ્થાની સુચના મુજબ અમુક અમુક સમયને માટે એક એક સંસ્થાને સંભાળી લે; ને યુવાનોને જૈન સંસ્કૃતિનું પાન કરાવી તૈયાર કરે. સાધુ-ધર્મને બાધ ન આવે તે માટે, અને તેઓ એક સ્થળે ચીટકી બેસી ન રહે તે માટે પણ, ગવર્નરોની જેમ દર વર્ષે તેમનું સ્થાનફેર થયા જ કરે. આથી થશે એવું કે, જ્યાં જ્યાં જૈનશાળાઓ, પાઠશાળાઓ, ગુરૂકુળો કે છાત્રાલયો હશે ત્યાં ત્યાં વિદ્વાન સાધુઓની જ્ઞાન માટેની સેવા સુલભ થશે. એ રીતે જૈન સમાજને આર્થિક બોજો પણ એટલો ઓછો થશે અને સાધુઓ પોતાનાં ચારિત્રની સુંદર છાપ વિદ્યાર્થીઓ પર મૂકતા જશે તે વધુમાં.

પણ આ કલ્પના કોઇને પણ વધુ પડતી લાગશે, કારણ કે આવું નિયમન કાં કરી શકે રાજસત્તા, અથવા શ્રાવક-સંઘ પર પ્રબળ અસર પાડી શકનારી વ્યક્તિ; જ્યારે આપણે ત્યાં બંનેનો અભાવ છે, એટલે સાધુઓએ જ્ઞાનની બાબતમાં ઉપયોગી થવું હોય તો પરંપરાને જાળવી રાખે, ને તેમાં થોડું ઘણું ઉમેરણ કરે તોપણ તેમણે કંઇક કર્યું ગણાશે, ને 'નહિ મામા કરતા કાણો મામો સારો,' એમ સમજી જૈન સમાજ પણ સંતોષ લેશે.

ભગવાન મહાવીરે જે જ્ઞાનનું દાન કર્યું, અને બબે ત્રણ ત્રણ સૈકાને અંતે થયેલ જે વિદ્વાન આચાર્યોએ તેને વિકસાવ્યું, એ સાહિત્યનો અભ્યાસ—આણીશુદ્ધ અભ્યાસ—કરી, સાધુઓ જૈન-જૈનેતર સમાજ પાસે મૂકે તો? આજે જૈન વિદ્વાનો—મુનિશ્રી પુણ્યવિજયજી, પંડિત સુખલાલજી, મુનિશ્રી જિનવિજયજી, પંડિત બેચરદાસ તથા બીજા કેટલાક જૈનેતર વિદ્વાનોએ એ માટે જહેમત ઉઠાવી છે, પણ તેમાં સાધુ-સંસ્થાનો ફાળો નજીવો છે. સાધુઓ પાસે પુષ્કળ અવકાશ છે; સાહિત્ય-પ્રકાશન માટે સારી રકમ ખર્ચી શકે તેવા ભકતો છે, તેમણે તો માત્ર કરવાનું છે આટલું—નિંદા કરવાની વૃત્તિ છોડી દે; પોતાનાં જીવનચરિત્રો

## કેટલાક સમાચાર અને નોંધ

( પૃષ્ટ ૧૨૭ થી ચાલુ )

આપણે આશા રાખીએ કે તેમની પુનર્જન્મ પામેલી ગાંધીભક્તિ ચિરસ્થાયી નિવડે !

**સરદાર પૃથ્વીસિંહ લગ્ન કરે છે !**

સરદાર પૃથ્વીસિંહને કોણ નથી ઓળખતું ? તેમનું જીવન પણ નાના મોટા પલટાનું એક પ્રદર્શન છે. તેઓ એક વખત સરકારના કટ્ટર વિરોધી અને પ્રખર હિંસાવાદી હતા. પછી થયા ગાંધીવાદી અને અહિંસાના વ્રતધારી. આમ છતાં પણ સામ્યવાદ તરફ તો તેઓ મૂળથી ઢળેલા. રશીઆ સરકાર પક્ષે યુદ્ધમાં જોડાયું, એટલે એમનામાં રહેલો સામ્યવાદ ઉછળ્યો; ગેરીલા લડત પદ્ધતિનો તેમનામાં નાદ શરૂ થયો; સરકારને સહકાર આપવો જોઇએ એવી ધર્મબુદ્ધિ તેમનામાં ઉભી થઇ; અહિંસા વિષે અશ્રદ્ધા શરૂ થઇ અને હિંસાં તરફ તેમનું મન ઢળવા લાગ્યું. પરિણામે ગાંધીજી સાથે તેમના છુટાછેડા થયા.

સરદાર પૃથ્વીસિંહ એટલે એક પુરૂષસિંહ—ખડતલ માનવી—નિડરતાની મૂર્તિ. તેમના પુર્વ જીવનનો ઇતિહાસ અપુર્વ સાહસ અને નિડરતાથી ભરેલો છે. કષ્ટો સહન કરવામાં તેમણે બાકી રાખી નથી. ફાંસીના લાકડાથી તેઓ કદિ ડર્યા નથી. આજે તેમની પંચાવન વર્ષની ઉમ્મરે પણ તે તેઓ એક જોરદાર અને આઝાદીના હુતાશથી ધમધમતા યુવાન લાગે. તેમણે ગઇ ૨૭ મી તારીખે લગભગ ૨૮ વર્ષની એક બ્રાહ્મણ યુવતી સાથે લગ્ન કર્યું છે. આ બનાવે જાણીતા મંડળોમાં ખુબ ચર્ચા ઉભી કરી છે. પ્રસ્તુત લગ્ન આન્તર્જાતીય છે અને ઉભયની સ્વતંત્ર પસંદગીથી નક્કી થયું છે. કેટલાકને મન સરદાર પૃથ્વીસિંહ પરણે એ જ એક આશ્ચયકારક ઘટના લાગે છે, કારણ કે અમુક વ્યકિતના અમુક પ્રકારના આજ સુધીના ચરિત્ર ઉપરથી આપણે તેના વિષે કેટલીક કલ્પનાઓ બાંધી લઇએ છીએ અને દેશદાઝથી ચોવીશે કલાક જળી રહેલો આવો બહાદુર પુરૂષ આટલી મોટી ઉમ્મરે લગ્નબંધનથી બંધાવાનું કદિ કબુલ કરે જ નહિ એમ માનીને આપણે ચાલીએ છીએ. પણ એક તો આવી આપણી કલ્પનાઓ કે માન્યતા ઘણું ખરૂ અતિશયતા ભરેલી હોય છે. બીજું આપણે ઘણી વખત ભુલી જઇએ છીએ કે લગ્નજીવનમાં પ્રવેશ કરવાની જરૂરિયાત ભાસે ત્યારે દરેક વ્યકિતને તેમ કરવાનો સંપૂર્ણ હક્ક છે. લગ્ન એ માનવીની પ્રકૃતિમાં રહેલી એક સ્વાભાવિક વૃત્તિ છે. તેથી નાની ઉમ્મર કે વૃધ્ધ ઉમ્મર બાદ કરતાં કોઇ પણ વયે કોઇ પણ અપરિણીત માણસ લગ્નનો વિચાર કરે તેમાં કશું જ ખોટું કરતો નથી. આ રીતે સરદાર પૃથ્વીસિંહનું પ્રસ્તુત કાર્ય આશ્ચર્યકારક કે જરાપણ વાંધા પડતું લેખાવું ન જોઇએ. પણ પ્રસ્તુત લગ્ન સંબંધમાં ખુંચતી વસ્તુ છે તે બન્ને વચ્ચેની ઉમ્મરની અસાધારણ અસમાનતા. આ લગ્ન સંબંધ ઘણા વર્ષ પહેલાં થયેલ ડો. એરન્ડેલ અને શ્રી. રૂક્ષમણીદેવીના લગ્નની અથવા તો એથી વધારે નજીકના ભૂતકાળમાં બનેલ આચાર્ય કીરપલાણીજી અને સુચેતાદેવીના લગ્ન સબંધની યાદ આપે છે. પ્રેમલગ્નના કીસ્સાઓમાં આવી વિચિત્ર ઘટનાઓ અવારનવાર બન્યા જ કરે છે, અને આદર્શ લગ્ન હમેશાં રૂપ, ગુણ, વય અને સંસ્કારની શકય તેટલી સમાનતાની અપેક્ષા રાખે છે એ સર્વસ્વીકૃત ધોરણથી માપતાં આવાં લગ્ન સંબંધોને હર્ષથી વધાવી લેતાં આપણું દિલ સ્વાભાવિક રીતે ખુબ અચકાય છે.

**પરમાનંદ**

---

છપાવવાનું અને પ્રશસ્તિઓ ગવરાવવાનું સદંતર બંધ કરે, અને જે સારી રીતે પ્રકટ થવું છે તેને અશુદ્ધ રીતે પ્રકટ કરવાના મોહને તિલાંજલિ આપે; તુલનાત્મક અભ્યાસ કરી પ્રગટ કરે–કરાવે; અલભ્ય ગ્રંથો જૈન સંસ્કૃતિની વિશિષ્ટતા દર્શાવતા, અભ્યસનીય પુસ્તકો અને ભુલાઇ ગયેલા જૈન સમાજના ધુરંધર વિદ્વાનો અને આચાર્યો, સેવકો ને નરોત્તમોનાં જીવનચરિત્રો, આટલું પ્રગટ કરશે તો ય હેમચંદ્રાચાર્ય મોટા પાયા પર કરી શકયા તે અત્યારની સાધુ-સંસ્થામાંની એકાદ વ્યકિત નાના પાયા પર વિદ્વાન શિષ્ય–મંડળ ઉભું કરી–કરાવી શકશે.

પણ આ બધી કલ્પના છે. વિષમ કાળ આવવાનો છે તેની આગાહી પહેલેથી થયેલી છે. સાધુઓમાંથી સાધુપણું પણ જતું રહેવાનું છે એવું સાધુઓ જ પોતે દર વર્ષે કહે છે. યુવાનોએ એથી નિરાશ થવાની જરૂર નથી. આવતી કાલનું જગત યુવાનો માટે ઊજળું છે; કારણકે આવતી કાલ યુવાનોની છે. આવતી કાલના યુવાનો જ્ઞાનમાં સાધુઓને પણ ટપી જાય તેવા હશે; સાધુ–સંસ્થા ગોકળગાયની ગતિએ વધતી હશે, તો યુવાનો તેને નથી જ નિભાવી લેવાના. જ્યાં સુધી અંધશ્રદ્ધાળુ અને જિંદગીને આરે પહોંચેલા ભક્તો છે, ત્યાં સુધી ભલે તેઓ પોતાનાં ગુણગાન ગવરાવી લે; યુવાનો વખત આવ્યે સાધુ–સંસ્થા પાસે તેનો હિસાબ માગશે.

કાળનો એક જ અવાજ છે "મારી સાથે ચાલો, નહિ તો પ્રચંડ વેગે આગળ વધતા મારા પ્રવાહમાં તમારે ડૂબ્યે જ છૂટકો છે." સાધુ–સંસ્થા કાળને નહિ પિછાની શકે તો તેનો અંત પણ કાંઇ દૂર નહિ હોય. સાધુઓ એ અવાજને સાંભળશે ? કાળની સાથે ગતિ કરશે ?

(સમાપ્ત) **ધીરજલાલ ધનજીભાઈ શાહ.**

## સંઘ સમાચાર

**'પ્રબુદ્ધ જૈનને મદદ'**

પ્રબુદ્ધ જૈન' ના પ્રશંસકો તરફથી દીવાળીની બોણી તરીકે નીચે મુજબ મદદો મળી છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૨૫) શ્રી. મોતીલાલ કલ્યાણજી
૧૫) ,, મોહનલાલ આર. પરીખ
૧૧) ,, હિંમતલાલ હરિચંદ ખંધાર
૧૫) ,, દીવાન બ્રધર્સ
૧૧) ,, મેટ્રો ટ્રેડીંગ કું.
૧૫) ,, હરિલાલ શંભુલાલ
૨૫) ,, આર. એમ. શાહ
૨૫) ,, ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ
૧૦) ,, છોટાલાલ કેશવજી
૧૧) ,, કાંતિલાલ રણછોડભાઇ
૨૫) ,, વાડીલાલ પારેખ
૨૫) ,, કેશવલાલ શાહ

---
૨૧૩)

× × ×

**રાહત પ્રવૃત્તિમાં મદદ**

શ્રી. મુંબઇ જૈન યુવકસંઘે શરૂ કરેલ રાહત કાર્યમાં શ્રી. વીઠ્ઠલદાસ કાળીદાસે રૂા. ૫૦૧) ની મદદ કરી છે જે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

**રાહત પ્રવૃત્તિ વિસ્તાર**

કામના બદલામાં રાહત આપવાને લગતી એક સાર્વજનિક યોજના સંઘની તા. ૩૦-૧૧-૪૩ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિએ મંજુર કરી છે જેનો વિગતવાર આલેખ આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

**મંત્રી, મુંબઇ જૈન યુવકસંઘ**

# હિંદનાં ગામડાંના પ્રશ્નો

## ( Rural Problems of India )

( ગતાંકથી ચાલુ )

હવે જમીનની સંપત્તિનો વિચાર કરીએ. બર્મા સિવાયના હિંદુસ્થાનની ખેડાતી જમીન ૧૮૯૧ માં ૧૮૭૦ લાખ એકર હતી, તે વધીને ૧૯૩૯–૪૦ માં ૨૧૦૦ લાખ એકર થઇ છે. આ વૃદ્ધિ સાથે વસ્તીની વૃદ્ધિની સરખામણી આપણે આ રીતે કરીશું તો વધારે સારો ખ્યાલ આવશે. ધારો કે ૧૮૯૧ ના વર્ષને પાયાના વર્ષ તરીકે આપણે લઇએ અને તે વર્ષની વસ્તી તેમજ ખેડાતી જમીનના ક્ષેત્રફળને આપણે ૧૦૦ નો આંક આપીએ તો ૧૯૩૯–૪૦ માં વસ્તીનો મૂળ ૧૦૦ નો આંક વધીને ૧૩૮ સુધી ગયો છે, જ્યારે ખેડાણ જમીનના ક્ષેત્રફળનો આંક વધીને માત્ર ૧૧૯ સુધી જ પહોંચ્યો છે. ધાન્ય પકવતી જમીનનું ક્ષેત્રફળ એથી પણ નીચે ૧૧૪ સુધી જ પહોંચેલ છે: પણ આ ઉપરાંત દેશની વસ્તી જે પ્રમાણમાં વધી તે પ્રમાણમાં ખેડાણ જમીન વધી નથી, એટલું જ નહિ પણ જમીનની સરેરાશ ફળદ્રુપતા પણ કેટલાક અગત્યના કારણસર ઘટી છે. પહેલાં તો આજના સયોગોમાં જેમ જેમ ખેડાણ વધતું જાય છે અને નવા પ્રદેશો ઉપર ફેલાતું જાય છે તેમ વધારે ને વધારે ઉતરતા પ્રકારની જમીન ખેડાણમાં આવતી જાય છે. બીજું વારસા હક્કને લગતા હિંદુ અને મુસલમાન કાયદાઓને લીધે જમીનના ઉત્તરોત્તર ભાગલામાંથી ભાગલા પડતા ગયા છે. દર વર્ષે ચાલુ પાક ઉતારવામાં આવે અને જમીનના ઘટતા જતા કસની પુરવણી કરવાનો કાંઇ ઉપાય લેવામાં ન આવે તેને લીધે જમીનની નીપજ વધવાનો કોઇ સંભવ રહેતો જ નથી. ખેતીવાડીના કમીશનના શબ્દો ટાંકુ તો "જેટલી પ્રાયોગિક માહીતી આપણને મળી શકી છે તે ઉપરથી આ અભિપ્રાયનું જ સમર્થન થઈ શકે છે કે જ્યારે જમીન ઉપરથી દર વર્ષે પાક લેવામાં આવે છે અને કશું પણ ખાતર નાંખવામાં નથી આવતું ત્યારે જમીનમાં એક પ્રકારની જડતા આવી જાય છે. પાકદ્વારા જમીનનો જેટલો કસ ઓછો થાય છે તેની વરસાદ આવે ત્યારે પુરવણી થાય છે અને જે રીતે ખેતી કરવામાં આવતી હોય તે જ રીત ચાલુ રહે તો વરસાદ ઓછો વધતો કે વખત કવખતનો આવે અને તેને લીધે જે કાંઇ સારા નરસા ફેરફાર થાય તે સિવાય બીજા કોઇ ફેરફારનો સંભવ રહેતો નથી. જો કે ચોકકસપણે પુરવાર થઇ શકે એવું આખા હિંદુસ્થાનમાં થતા પાકને લગતું લાંબા ગાળાનું કોઈ રેકર્ડ નથી, એમ છતાં પણ અમારૂં માનવું છે કે હિંદુસ્થાનની જમીનનો મોટો ભાગ ઉપર જણાવેલ સ્થિતિને પહોંચ્યો છે; જમીનના પાકની સરેરાશ નીપજ ચોક્કસ થઇ ચુકી છે અને ખેતીને લગતા આજના સયોગોમાં જમીનના ઘસારાની છેવટની હદ આવી ગઈ છે." અંગ્રેજી રાજ્યના પ્રારંભના દિવસોમાં અનેક જંગલોનો ફાવે તેમ નાશ કરવામાં આવ્યો હતો. તેને લીધે કેટલાય મુલકો અને ખાસ કરીને મોટી મોટી નદીઓની બન્ને બાજુએ લાગેલા પ્રદેશોની જમીન ધોવાઇ જાય, જ્યાં ત્યાં પાણીનાં ખાબોચીયાં ભરાઇ રહે અને જ્યાં જરૂર હોય ત્યાં પાણી રહેવાને બદલે વહી જાય–આવાં અનેક જોખમો ઉભાં થયાં છે. ડો. મુકરજીના કહેવા પ્રમાણે એકલા સંયુકત પ્રાંતોમાં જ જમીન ધોવાણને લીધે તથા જરૂરી પાણી સરી જવાને લીધે ૮૦ લાખ એકર જમીન ખાડાખડીયાવાળી (ravine lands) બની ગઇ છે અને લગભગ ૫૦ લાખ એકર જમીન જ્યાં ત્યાં પાણી ભરાઇ રહેવાને લીધે, ઉપરછલા ખેડાણને લીધે તેમજ જમીન ઉપર કચરો અને નકામી ચીજોના થરના થર જામવાને લીધે (defective soil aeration) 'ઉષર' એટલે કે બીલકુલ ખેડી ન શકાય એવી બની ગઇ છે. બંગાળામાં ખેતી થઇ શકે તેવા પ્રદેશનો લગભગ ⅔ ભાગ ખેતી માટે નાલાયક બનવાની સ્થિતિએ પહોંચી રહ્યો છે એમ અડસટ્ટો કાઢવામાં આવે છે. ૧૯૦૨–૦૩ માં કુવા કે નહેરોના પાણીથી પાક આપતી બાગાયત જમીનનું ક્ષેત્રફળ ૪૪૦ લાખ એકર હતું જે વધીને ૧૯૩૯–૪૦ માં ૬૦૦ લાખ એકર થયેલ છે આ–એક હકીકત ઉપર જણાવેલ પ્રતિકુલ પરિસ્થિતિમાં એક આવકારદાયક ઘટના છે. આમ છતાં પણ ખેડાણ નીચેની ૭૬ ટકા જમીનને કુવાઓ કે નહેરોના પાણીની કશી સગવડ છે જ નહિ અને તેને તો માત્ર અસ્તરંગી વર્ષા ઉપર જ આધાર રાખવાનું રહે છે.

ઉપર જે કાંઇ જણાવવામાં આવ્યું એ ઉપરથી એ તો સ્પષ્ટ છે કે એક-બાજુએ દેશની વસ્તી ઝપાટાબંધ વધતી જાય છે, જ્યારે ખેડાણ જમીનની વૃધ્ધિનું પ્રમાણ સરખામણીમાં બહુ નીચું છે. હવે આ બંને વળણો એકમેક ઉપર શી અસર અથવા તો આઘાત–પ્રત્યાઘાત કરી રહ્યા છે તે જોવાનું રહે છે. હિંદુસ્થાનમાં ૧૯૦૧ ની સાલમાં ૧૦૦ હેકટા એકર એટલે કે ૨૪૭ એકર જમીન ઉપર ૧૯૧ માણસોને નભાવવાનો બોજો હતો તે વધીને એટલી જ જમીન ઉપર ૨૪૫ માણસોને નભાવવાનો પ્રસંગ આવી પડયો છે. આનો અર્થ એ છે કે ૧૯૦૧ માં ૨૪૭ એકર જમીન જે પાક આપતી હતી તે પાક ૧૯૧ માણસોમાં વહેંચાતો હતો તેટલો જ પાક આજે વસ્તી વધવાના પરિણામે ૨૪૫ માણસોમાં વહેંચાય છે. આ આંકડા સાથે સરખાવતાં ઉપર જણાવેલ ૧૦૦ હેકટા એકર જમીન ઉપર ગ્રેટબ્રીટનમાં માત્ર ૩૦ માણસોને, યુનાઇટેડ સ્ટેટસમાં ૧૭ માણસોને અને કેનેડામાં ૧૧ માણસોને નભાવવાનો બોજો છે. આ બાબતમાં આપણી સ્થિતિ લગભગ ચીન જેટલી ખરાબ છે. ચીનમાં ૧૦૦ હેકટા એકર જમીન ઉપર ૨૮૨ માણસો નભે છે. ધાન્યના જથ્થાના દૃષ્ટિબિંદુથી વિચારતાં જમીન ઉપરનું દબાણ આપણા દેશમાં સ્પષ્ટપણે વધતું જાય છે. ૧૮૮૦ ના દુષ્કાળ કમીશને દેશના અનાજની વાર્ષિક નીપજ અને વપરાશનો અડસટ્ટો કાઢયો હતો અને તે એવા અનુમાન ઉપર આવ્યું હતું કે દરેક વર્ષે લોકો પાસે ૫૦ લાખ ટન અનાજનો વધારો રહે છે, અને એમ છતાં પણ એ કમીશને ચેતવણી આપી હતી કે ખેતી સિવાય બીજો કાંઇ પણ જેમને વ્યવસાય નથી એવા લોકોની સંખ્યા જમીનની ખેતી માટે જેટલા માણસોની જરૂર ગણાય તેથી ઘણી વધારે છે. ત્યારથી તે અત્યાર સુધીમાં વધતી જતી વસ્તીના પ્રમાણમાં ખેડાતી જમીનનું ક્ષેત્રફળ કેટલું ઓછું વધ્યું છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ. હિંદુસ્તાનમાં કેટલું અનાજ પાકે છે તે વિષે ડો. મુકરજીએ તાજેતરમાં જ ગણતરી કરી છે અને એ ગણતરી ઉપરથી એવો સાર કાઢયો છે કે ૧૯૩૧ માં હિંદુસ્થાનમાં અનાજનો કુલ પાક ૬૦૧ લાખ ટન થયો હતો. જેવી રીતે ચોક્કસ લંબાઇને એક ફુટનું માપ કહેવામાં આવે છે તેવી રીતે ખોરાકને લગતી વૈજ્ઞાનિક ભાષામાં ચોક્કસ પોષણ પ્રમાણને એક 'કેલરી'ના માપથી ઓળખવામાં આવે છે. આ કેલરીની પરિભાષામાં દેશની જરૂરિયાતનો વિચાર કરીએ તો આપણને ઓછામાં ઓછી ૨૯૨૦ કરોડ કેલરી પ્રમાણ પોષણતત્વ જોઇએ. ઉપર જણાવ્યું તે મુજબ ૧૮૮૦ માં દેશ પાસે ૫૦ લાખ ટન અનાજનો એટલે કે ૧૮૦ કરોડ કેલરી પ્રમાણ પોષણતત્વનો વધારો હતો. આને બદલે ૧૯૩૧ માં ૭૭૦ કરોડ કેલરી પ્રમાણ પોષણતત્વની ખાધ આવી છે.

આ ખાદ્યમાંથી દુધ, મચ્છી વગેરે પ્રાણુપોષક દ્રવ્યોની કેલરી બાદ કરીએ તોપણુ ૪૨૦ કરોડ કેલરીની ખાધ તો રહેવાની જ. આ આંકડાઓ ઉપરથી આપણે છેવટના એ અનુમાન ઉપર આવીએ છીએ કે ૧૯૩૧ માં જે અનાજ પાકયું તે ૨૯૧૦ લાખ માણુસોને પહોંચી શકે તેમ હતું, જેના પરિણામે ૪૮૦ લાખ માણુસોને એટલે કે વસ્તીના ૧૪ ટકાને કશું ખાવાનું નહોતું મળ્યું. પણ આ ગણતરી તો એમ માનીને ચાલે છે કે આખા દેશમાં વરસાદ બહુ સારો, વખતસરનો અને અને ચોતરફ સરખી રીતે વહેંચાયલો હતો અને અનાજ પણુ લોકોને સરખી રીતે પહોંચ્યું હતું. પણ આ તો આપણા દેશમાં બનવા પામતું જ નથી. આજથી નવ વર્ષ પહેલાં સર જોન મેગો જે એ વખતે હિંદી સરકારનો સૌથી મોટો ડાકટરી અધિકારી હતો તેણે એક તપાસ કરી હતી. તે તપાસમાં આપણે ત્યાં ખોરાકની કેટલી મોટી તંગી છે અને તેથી પ્રજા જરૂરી પોષણુથી કેટલી વંચિત રહે છે તે વિષે બહુ દિશાસૂચક પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ તપાસ બ્રીટીશ હિંદના બધા પ્રાંતોના જુદા જુદા ખાસ ખાસ ગામડાઓમાં ૬૦૦ ડાકટરોને રોકીને વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવી હતી અને તે ઉપરથી તેમણે પોતાનો રીપોર્ટ ઘડયો હતો. એ તપાસદ્વારા એમ માલુમ પડયું હતું કે દેશની વસ્તીના માત્ર ૩૯ ટકાને પુરતું પોષણુ મળતું હતું. ૪૧ ટકાને પ્રમાણુમાં ઘણું ઓછું પોષણુ મળતું હતું અને બાકીના ૨૦ ટકા બહુ જ નજીવા પોષણુ ઉપર ટકી રહ્યા હતા. બંગાળાની સ્થિતિ સૌથી ખરાબ હતી. ઉપર જણાવેલ ત્રણુ વર્ગોનું બંગાળાનું પ્રમાણુ ક્રમશઃ ૨૨, ૪૭, ૩૧ હતું.* એ એ તપાસદ્વારા તારવવામાં આવેલા મુખ્ય અનુમાનો નીચે મુજબ હતા. (૧) હિંદના ૪૦ ટકા ગામડાઓમાં ખોરાકના પ્રમાણુમાં વસ્તીનું પ્રમાણુ ઘણું વધારે હતું અને તેથી આખા હિંદુસ્થાનની પ્રજા બહુ જ ઓછા પોષણુ ઉપર નભે છે અને નબળી તાકાતવાળી બની ગઈ છે. (૨) માણુસની સામાન્યતઃ જેટલી સરેરાશ આવરદા જોઈએ તેના અર્ધભાગથી પણ ઓછી હિંદુસ્થાનના માનવીની સરેરાશ આવરદા છે, (૩) જે દરમિયાન જરૂરી વરસાદ પડયો હોય તેવા દશ વર્ષના ગાળામાં દર પાંચ ગામડે એક ગામડામાં દુષ્કાળ આવે છે અને ખોરાકની ખૂબ જ ખેંચ પડી જાય છે. (૪) મરણુ પ્રમાણુ અસાધારણુ મોટું હોવા છતાં ખોરાક અને બીજી ચીજો જે પ્રમાણુમાં પેદા થાય છે તે કરતાં ઘણા મોટા પ્રમાણુમાં દેશની વસ્તી વધતી જાય છે.

અનાજની પેદાશ તો ઘટી જ છે, એટલું જ નહિ પણ એ અનાજની પ્રાણુપોષકતા પણ ઉત્તરોત્તર ઘટતી જાય છે; કારણુ કે જમીનનો કસ ઘટતો જતો હોવાથી અને ખેડાણુમાં ઉતરતી કોટિની જમીન ઉમેરાયે જતી હોવાથી અને તે ઉપરાંત જમીનના ઉત્તરોત્તર ભાગલા પડતા જતા હોવાથી ગરીબ ખેડુત ચોખા, ઘઉં, અને પ્રોટીન તત્વને ધારણુ કરતા વટાણા તથા ચણા વાવવાને બદલે જવ જેવું સોંઘું અનાજ વાવતો જાય છે. આને લીધે જેલનો કેદી જે ખોરાક ખાય છે તે કરતાં પણુ સરેરાશ હિંદીનો ખોરાક ઉતરતા પ્રકારનો છે એમ સાંભળવામાં આવે છે તેમાં કશું આશ્ચર્યજનક નથી.

ખોરાકનો પુરતા પ્રમાણુમાં અભાવ અને તેમાં પોષકતત્વની ઉણપ-આ બે કારણોને લીધે લોકોની તંદુરસ્તીને ઘણો જ ઘસારો લાગ્યો છે અને પુરતા પોષણુના અભાવે લાગુ પડતાં દર્દોનો લોકો ભોગ થઇ રહ્યા છે. ક્ષય અને ફેફસાની વ્યાધિને લીધે નીપજતાં મરણુની સંખ્યા દરેક પ્રાંતમાં ઉત્તરોત્તર વધતી જાય છે અને એ સંખ્યા દર વર્ષે આજે પાંચ લાખની અંકાય છે. સીધી કે આડકતરી રીતે માત્ર મેલેરીઆથી જ ઓછામાં ઓછા વીશ લાખ માણુસો દર વર્ષે મરે છે અને પાંચ કરોડ માણુસો પીડાય છે. આપણી ગ્રામવાસી જનતાના લગભગ ૮૦ ટકા 'હુક વર્મ' અને તેમાંથી નીપજતા પાંડુરોગથી હેરાન હોય છે માત્ર ગરીબાઇના કારણે જ ઉપસ્થિત થતા આવા સંખ્યાબંધ દર્દો હિંદુસ્થાનમાં ઘર કરી રહ્યા છે અને ફાલીફુલી રહ્યા છે.

આના પરિણામે હિંદુસ્થાનમાં મરણુ પ્રમાણુ ઘણું જ મોટું છે. ગ્રેટબ્રીટનમાં દર હજાર માણસે ૧૨.૨ મરે છે, યુનાઇટેડ સ્ટેટ્સમાં ૧૦.૯ મરે છે જ્યારે હિંદુસ્થાનમાં દર હજારે ૨૪ માણસો મરે છે. જેટલા લોકો મરે છે તેમાંના ૬૫ ટકા ૩૦ વર્ષની ઉમર નીચેના હોય છે અને ૪૫ ટકાની જીંદગી દશમા વર્ષ પહેલાં જ કપાઇ જાય છે. છેલ્લા સાઠ વર્ષમાં હિંદુસ્થાનના માનવીની સરેરાશ આવરદા ૨૫ થી વધીને ૨૬ થઇ છે એટલે કે માત્ર એક વર્ષ આગળ ચાલી છે, જ્યારે એટલા જ વર્ષના ગાળામાં યુરોપ તેમજ અમેરિકાના જુદા જુદા દેશમાં સરેરાશ આવરદા ૧૨ વર્ષ આગળ વધી છે, અને કેટલાક દેશોમાં બમણી થઇ છે. છેલ્લા દશ વર્ષમાં જ (૧૯૩૦-૪૦) યુનાઇટેડ સ્ટેટ્સના લોકોની સરેરાશ આવરદા ચાર વર્ષ વધી છે. દુનિયાના સર્વ સુધરેલા દેશોમાં હિંદુસ્થાનના લોકોની સરેરાશ આવરદા સૌથી નીચી છે.

હવે ગામડાના લોકોના સ્થિતિસંયોગો તરફ દૃષ્ટિ દોડાવતાં આપણને માલુમ પડે છે કે આખી પ્રજાના શરીર અને સંપત્તિને જે ચાલુ ઘસારો લાગુ પડયો છે તેની માઠી અસર આ વર્ગો ઉપર સૌથી વધારે થઇ છે. આપણે ઉપર જોયું તેમ જમીન મેળવવાની સખ્ત હરીફાઇએ આ લોકોની આર્થિક સ્થિતિને પાયામાંથી હચમચાવી નાંખી છે. જમીનમાંથી મળતું વળતર ધીમે ધીમે ઘટતું જાય છે એમ માલુમ પડતાં જમીન વેચવાના તેમજ ગીરો મૂકવાના તેના હક્કને સરકારે બહાલી આપી છે તે સગવડનો લાભ લેવા ખેડુત લલચાય છે અને આવક અને જાવક વચ્ચે પડતો ખાડો પુરો કરવા માટે પોતાની જમીન ગીરો મુકી ઉધાર પૈસા લેવા માંડે છે. શાહુકારો અને બીજા ધનવાનો જમીનના વધતા જતા દર અને ખેડુતની અસહાયતા ધ્યાનમાં લઇને ખેડુત લાગમાં આવે કે તરત તેને ધક્કો મારે છે અને તેની જમીન પડાવી લે છે. ૧૮૮૦ ના દુષ્કાળ કમીશને સંયુક્ત પ્રાંતના ચીફ કમીશનર સર એ. મેકેન્ઝીએ આપેલી જુબાનીની નોંધ કરી છે કે જે જે તાલુકામાં તે પોતે જતો તે તે તાલુકાના આ કમનસીબ ખેડુતો મૂળ રકમની અનેકગણી વધારે રકમની પોતા ઉપર થયેલી ડીક્રીઓના બંડલો લઇને તેને ઘેરી વળતા, ડીક્રી પછી તેમની જમીનોના વેચાણ થઇ જતા અને એ સામે અરજી કરતા ખેડુતો જ્યાં મોટા અધિકારીઓના કેંપ નખાય ત્યાં ત્યાં તેમની પાછળ ભટકતા અને તે અધિકારીઓ પોતે કશું કરી શકે તેમ નહિ હોવાથી તેમને એમને એમ પાછા ધકેલતા. આ રીતે ખેડુતની દુર્દશા કેમ વધતી ચાલી છે તે જ મુદ્દો ખેડુત વર્ગને જ રાહત આપવાના હેતુથી કરાયલા કાયદાની નિષ્ફળતા ઉપરથી બહુ સારી રીતે પુરવાર થઇ શકે છે. દાખલા તરીકે ૧૮૭૯ ના ડેક્કન એગ્રીકલ્ચરલ રીલીફ એકટમાં ખેડુત પોતાની જમીન ખોતો કેમ બચે એ હેતુથી શાહુકાર અને દેવાદાર ખેડુત વચ્ચે જે કાંઇ લેણદેણ થઇ હોય તેની બહુ ઝીણવટભરી તપાસ માટે પુરી વ્યવસ્થા કરવામાં આવી હતી; આની સામે સરકારી અદાલત તરફથી આગળ

* નોંધઃ-આ તપાસમાં જે રીતે દેશની શરીર સંપત્તિનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે તે જ પ્રમાણમાં આજે દેશમાં ફેલાતો ભુખમરો આપણે જોઇ રહ્યા છીએ. આ તપાસમાં બંગાળાની સ્થિતિ સૌથી વધારે ખરાબ હોવાનું જણાયું છે અને આજે પણ અનાજના અઘટિત ભાવો અને તેની યોગ્ય વહેંચણીની ખામીનો પ્રથમ ભોગ બંગાળા થયેલ છે એમ આપણને માલુમ પડે છે. પરમાનંદ

જતાં પોતાની લેણી પડતી રકમમાં જે કાંઇ ઘટાડો કરવામાં આવે તે સામે શાહુકારોએ ખેડુતો પાસે કરાવી લેવાનાં લખાણોની પદ્ધતિમાં ફેરફાર કર્યો; એટલે કે જમીન ગીરો લઇને પૈસા ધીરવાને બદલે ખેડુત પાસે જમીનનું સરતી વેચાણ-ખત કરાવી લેવાની પ્રથા શરૂ કરી. જો કે પ્રસ્તુત વેચાણ-ખતમાં આ સરતનો ઉલ્લેખ કરવામાં નહોતો આવતો અને હજુ પણ કરવામાં આવતો નથી. સરકારે આ એક્ટ (કાયદા) માં ઘણા સુધારા કર્યા, પણ તેનું કાંઇ પણ ઇષ્ટ પરિણામ આવી શક્યું નહિ. આ એક્ટનો કેવો અમલ થાય છે તેનો રીપોર્ટ કરવા માટે ૧૯૧૨ માં એક કમીશન નીમાયું હતું. તે કમીશને સરકારનું બરોબર ધ્યાન ખેંચ્યું હતું કે પ્રસ્તુત કાયદાએ અપ્રમાણીકતાને ઉત્તેજન આપ્યું હતું અને આખી પ્રથામાં ઉત્તરોત્તર અનીતિનું પ્રમાણ વધતું જતું હતું. ૧૯૦૦ નો પંજાબ લેન્ડ એલીએનેશન એક્ટ જેને અનુસરીને બીજા પ્રાંતોમાં પણ એ ઢબના કાયદાઓ કરવામાં આવ્યા છે તે પણ પરિણામ-શૂન્ય નીવડયો છે. આ ધારાને લગતું બીલ ધારાસભામાં ચર્ચાતું હતું તે દરમિયાન સીલેક્ટ કમીટીના એક સભ્ય શ્રી. આલુવાલીઆએ અન્ય સભ્યોથી જુદી પડતી પોતાની નોંધમાં સરકારને આગળથી ચેતવણી આપી હતી કે "ગીરો મૂકનાર ખેડુતના વારસદારો જેના આધારે પોતે ટકી શકે એવા નવાં સાધનોનો અભાવ હોવાથી ગીરો રાખનારના પંજામાંથી છુટી શકે કે દેવાના કચરી નાંખતા બોજામાંથી ઉંચું માથું કરી શકે એમ માનવું એ કેવળ મુર્ખાઇ ભરેલું છે. ટુંક મુદ્દતના ગીરોનાં ઠેકાણે જેનો કદિ છેડો ન આવે એવા સ્થાયી ગીરોનો આશ્રય લેવામાં આવશે અને એમ થતાં ગીરો મૂકનાર ખેડુત પોતાની મીલકત ઉપર કશો પણ હક્ક ભોગવવાની સ્થિતિમાં નહિ રહે. ખેડુત વર્ગમાં મોટા મગરમચ્છો ઉભા થશે, જેમને કાયદાની મદદ વડે નાનાં મત્સ્યોને ગળી જવાનું ઉત્તેજન મળશે." આ આગાહી સાચી પડી છે, કારણ કે એ કાયદો અને તેમાં થયેલા સુધારાઓ-નો અમલ ચાલુ હોવા છતાં ૩૬ વર્ષના ગાળા દરમિયાન પંજાબમાં ખેડુતોએ ગીરો મુકેલી જમીનોનું ક્ષેત્રફળ ૧૮૯૮૧૦ એકરથી (૧૯૦૧-૧૯૦૬) વધીને ૩૨૭૮૩૫ સુધી (૧૯૩૧-૧૯૩૬) પહોંચ્યું છે. ખેડુતના હાથમાંથી જમીન પડાવી લેવાની આ પ્રથા કેટલાંય વર્ષોથી ચાલી રહી છે અને આજે આપણને માલુમ પડે છે કે હિંદુસ્થાનની ૬૫ ટકા જમીન ખેતી નહિ કરતા એવા જમીનદારોના હાથમાં આવી-પડી છે. રાયતવાડી પ્રદેશોમાં પણ જમીનદારોના હાથમાંથી જમીનો પડાવી લેવાનો ધંધો જોસભેર ચાલી રહ્યો છે. દાખલા તરીકે મુંબઈ ઇલાકામાં ૧૯૨૧-૨૨થી ૧૯૩૬-૩૭ સુધીમાં ૫૦ લાખ એકર જમીન એટલે કુલ ખેડાણ જમીનના ૨૧ ટકા જમીન આ રીતે નાના ખેડુતોના હાથમાંથી સરી ગઇ છે. એજ અરસામાં ખેતી નહિ કરતા જમીનદારો કે શાહુકારોના કબજામાં શરૂઆતમાં ૩૩ લાખ એકર જમીન હતી તે વધીને ૮૩ લાખ એકર જમીન આવી છે, જ્યારે આ વર્ગના ખાતેદારની સંખ્યા શરૂઆતમાં ૧૯૦૦૦૦ હતી તે વધીને ૫૩૦૦૦૦ થઇ છે. આવી રીતે દેવાંનો આ નીકાલ કરવામાં ખાસ કરીને સંયુક્તપ્રાંત તેમજ વરાડની સહકારી બેંકોના હાથમાં હજારો એકર જમીન આવી પડી છે. સૌ કોઈ જાણે છે તે મુજબ છેલ્લી મંદીએ ખેડુતને તેની આવક ઘટાડીને તથા દેવું વધારીને વધારે દરિદ્ર બનાવ્યો છે. ખેડુતો પાસેથી ધનવાનો જમીન પડાવી રહ્યા હતા તેને આ મંદીએ વધારે જોસ આપ્યું છે. અને પરિણામે ગણોતીઆ ખેડુતોની સંખ્યામાં પુષ્કળ વધારો થયો છે. આ પરિસ્થિતિએ ખેતીના વિકાસમાં ભારે અવરોધ ઉભો કર્યો છે, કારણ કે પોતાની માલેકીના ખેતરમાં નીપજ વધારવા માટે જે ખંતથી ખેડુત મહેનત મજુરી કરે તેવી ખંત ભાડુઆત ખેડુતના દિલમાં કોઇ કાળે સંભવે જ નહિ અને તેનું પરિણામ ખેતીવિકાસને પ્રતિકુળ જ આવે. એ ઉપરાંત ગણોતીયા ખેડુતની ખરીદ શક્તિ તો નબળી જ હોય. તેનું પરિણામ એ આવે કે એ ખેડુત નક્કી કરેલું ગણોત આપી ન શકે અથવા તો જમીનદાર વધારે ભાડું માંગે અને તે આપી શકે તેમ ન હોય એટલે કાં તો તેની જગ્યાએ બીજો કોઇ આવે અને મૂળ ભાડુઆત ભુખભેગો થાય, તો અથવા જમીનદારની હંમેશની ગુલામગીરી સ્વીકારીને કામ ઉપર ચાલુ રહે. ટેનન્સી એટલે કે ગણોતીઆ ખેડુતને લગતાં કાયદાઓ આખા હિંદુસ્થાનમાં થયા છે, પણ આ કાયદાઓ, તબેલામાંથી ઘોડો નાસી જાય અને પછી તબેલાને તાળુ દેવામાં આવે તે માફક અર્થ વિનાના નીવડયા છે. પોતાની માલેકીની જમીન ખેડતા ખેડુતનું નસીબ પણ એટલું જ કપરૂં બન્યું છે, કારણ કે જ્યારે જ્યારે કુટુંબના ભાગલા પડે છે, ત્યારે ત્યારે તેની મૂળ જમીન પણ નાના ટુકડાઓમાં ઉત્તરોત્તર વહેંચાતી જાય છે. હિંદુસ્થાનમાં ૧૯૦૧ ની સાલમાં એક ખેતરનું સરેરાશ ક્ષેત્રફળ ૧૪.૨ એકર હતું તે ઘટીને ૧૯૨૭ માં ૭.૩ એકર થયું છે અને આજે એથી પણ ચાર એકર અથવા તેથી વધારે ઘટતું ગયું છે. ૧૯૧૫ કે ૧૬ માં ડો. મેને કહ્યું હતું તે મુજબ "એ સ્પષ્ટ છે કે છેલ્લા સાઠ સીત્તેર વર્ષમાં વ્યક્તિગત માલેકીના ખેતરોના સ્વરૂપમાં મોટો પલટો આવ્યો છે. અંગ્રેજો આવ્યા તે પહેલાં અને અંગ્રેજી રાજ્યની સ્થાપના થઇ તે દરમિયાન એક એક જમીનદાર ખેડુતની જમીનનું ક્ષેત્રફળ પુરતું વિશાળ હતું. આ ક્ષેત્રફળ ઘણું ખરૂં નવ દશ એકરથી વધારે જ હોય અને દશ એકરથી ઓછી જમીન ધરાવનાર ખેડુત ભાગ્યે જ નજરે પડે. હવે આવા જમીનદાર ખેડુતોની સંખ્યા બમણાથી વધારે થઇ છે અને આ લોકોની જમીનોની ૮૦ ટકા જમીન દશ એકરની નીચે ગઇ છે અને તેમાં પણ ૬૦ ટકા જમીનો પાંચ એકરની પણ નીચે જોવામાં આવે છે."

એક ખેડુતના કુટુંબની ઓછામાં ઓછી જરૂરિયાતોને પહોંચી વળવા માટે દશ એકર-ખેડાણ જમીન જોઇએ એમ માનીને આપણે ચાલીએ, તો દેશના ખેડુતો પાસેની ૭૦ ટકા જમીનો તે તે ખેડુતના કુટુંબની કમતીમાં કમતી જરૂરિયાતોને પહોંચી વળવા જેટલી આવક આપી શકતી નથી એમ પુરવાર થાય છે. આ ઉપરથી માલુમ પડે છે કે ખેડુત પછી ગણોતીઓ હો કે માલીક હો—લાંબા વખતથી એક સરખું ખોટમાં જીવન ગાળે છે અને દેવું કરીને પોતાના કોટુંબિક ખર્ચને પહોંચી વળે છે. ૧૮૭૫ જેટલા દૂરના ભૂતકાળમાં ડેક્કન રૈયત કમીશને જણાવ્યું હતું કે તેમની તપાસ નીચે આવેલ સરકારી જમીન ધરાવનારાઓમાંથી એક તૃતીયાંશ ભાગ દેવામાં ડુબેલો હતો અને તે દેવું સરેરાશ તેમની પાસેથી જે મહેસુલ લેવામાં આવે છે તેથી ૧૮ ગણું હતું અને તે કુલ દેવાની ત્રીજા ભાગની રકમ સામે જમીનો ગીરો મૂકવામાં આવી હતી. તે વખતથી ઉત્તરોત્તર હિંદુસ્થાનના ખેડુતોનું દેવું વધતું વધતું ૧૯૧૧ માં ૩૦૦ કરોડ થયું હતું અને આજે ૧૨૦૦ કરોડ સુધી પહોંચ્યું છે. એમ આંકવામાં આવે છે કે માત્ર ૨૫ ટકા જમીનદારો દેવાથી મુક્ત છે અથવા તો પોતાને બોજારૂપ ન બને એટલું દેવું ધરાવે છે. વળી ઉપર જણાવેલ ખેડુતોનું ઘણું ખરૂં દેવું અનુત્પાદક કાર્યો માટે જ થયેલું હોય છે.

(અપૂર્ણ)

મૂળ અંગ્રેજી લેખક: **સર મણિલાલ બાલાભાઇ નાણાવટી**

અનુવાદક:—**પરમાનંદ**

# શ્રી કાનજી મુનિનો નિશ્ચયવાદ

(શ્રી કાનજી સ્વામીનો આત્મત્વને લગતો એકાન્તિક નિશ્ચયવાદ તેમને કયાં ઘસડી જાય છે અને તેમની પાસે અશુભ સાથે સર્વ શુભ પ્રવૃત્તિઓનો નિષેધ કરતા, કેવળ અસામાજિક અને શુદ્ધ માનવતાની લાગણીનો પણ વિરોધ કરતા કેવાં કેવાં વિધાનો કરાવે છે તેનું શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહના નીચે આપેલા લેખમાં માર્ગદર્શક નિરૂપણ કરવામાં આવ્યું છે અને સાથે સાથે શ્રીમદ્ રાજચંદ્રનો નિશ્ચય અને વ્યવહાર-ઉભયનું સમર્થન કરતો અધ્યાત્મવાદ કાનજી સ્વામીની તત્વપ્રરૂપણાથી કેટલો જુદો પડે છે તે પણ બહુ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. પરમાનંદ)

આટલો વખત શ્રી કાનજી મુનિએ પોતાના વિચારો લખાણના આકારમાં જાહેર કર્યા નહોતા, પણ હમણાં જ તેઓએ 'શ્રીમદ્‌ના આત્મસિદ્ધિ ગ્રંથ ઉપર પ્રવચનો' એવું એક પુસ્તક બહાર પાડયું છે જેમાં એમણે પોતાના લેખિત વિચારો જાહેર કર્યા છે. તેમાંના કેટલાક ઉતારાઓ અહિં આપું છું.

૧ "શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું કથન હોય ત્યાં એમજ આવે છે કે પુણ્ય પરિણામ સર્વથા હેય છે. પાંચ મહાવ્રત આદિ સર્વ શુભ પરિણામ તે આશ્રવ છે, કર્મભાવ છે, માટે છોડવા યોગ્ય છે."

૨ "ધર્માત્મા ગૃહસ્થ હોય તે ગરીબોને અનુકંપા બુદ્ધિથી દાન પણ આપે, પણ તેમાં ધર્મ નથી માનતો. અંદર દયાની વૃત્તિ આવે અને કાર્ય થઇ જાય, તેનો તે કર્તા સ્વામી થતો નથી. જેને જ્યાં અનુકંપા થાય ત્યાં ધર્મ સમજે તે મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. સાચા વિવેકી આત્મજ્ઞાની છે"

૩ "મન, વાણી દેહાદિની ક્રિયા તે ધર્મ નથી. પંચ મહાવ્રત તે પણ પુણ્ય પુરિણામ છે. તે પુણ્ય પરિણામ શુભ રાગ છે. કર્મભાવ છે; ઉદયભાવ છે. તેનાથી ધર્મ ન થાય; સંવર નિર્જરા ન થાય; પાંચ મહાવ્રતના શુભ પરિણામ તે આશ્રવ કરનાર શુભ જોગ છે. તેનાથી આત્માને ગુણ થાય એમ માનવું તે મિથ્યાત્વ છે, અજ્ઞાન છે."

૪ "આત્માની ઉજ્વળતા દેહની ક્રિયાથી થાય નહિ. આત્માનો ગુણ જ્ઞાન માત્ર છે. એટલે જ્ઞાન વડે જ્ઞાતાને સમજણ થાય છે. પણ કોઇ સહેલાઇથી માને કે બીજાને રોટલા પાંચ દસ વર્ષ દેવાથી, દાન દેવાથી, ગુરૂના પગ દાબવાથી, પાંચ દશ હજાર રૂપીઆનો ધર્માદો કરવાથી, સેવાભક્તિ કરવાથી કે દેશની સેવાથી, હજારો જીવો ઉપર ઉપકાર કરવાથી આત્માનું કલ્યાણ થાય તો તેની એ બધી વાત ખોટી છે."

૫ "જગતમાં બહારથી ધર્મ મનાઇ ગયો છે અને લગભગ ઘણાં લોકોને એમ થઇ ગયું છે કે આપણે કંઇક ઠીક કરીએ-અનાસક્તિ રાખીને બીજાનું રૂડું કરીએ. પણ જ્ઞાની હોય તે પણ બીજાનું કંઇ કરી શકયા નથી. જે સમજ્યા તે પોતાના પવિત્ર જ્ઞાન સ્વરૂપમાં સમાઇ ગયા છે. જ્ઞાનીને વિકલ્પની વૃત્તિ હોય તો લોકોત્તર એવા પરમાર્થ માર્ગનો ઉપદેશ આપે. આત્મા જ્ઞાતા જ છે. બીજું કરવાનું આત્માના અધિકારમાં નથી. તેથી બીજું કરવાનું જ્ઞાની ન કહે."

૬ "લોકો માને છે કે ચાલો આપણે ચારિત્રવાળા વ્રત-ધારી થઇએ, ક્ષમા કરીએ, કર્મબંધ અને દોષ ટાળીએ, પણ એમ શુભ પરિણામ એટલે કે બંધ ભાવથી કાંઇ સંવર-નિર્જરા થાય નહિ છતાં માને તો ખોટું છે. ત્યાં તો મિથ્યાત્વ છે. તત્વનું બીજ હાથ આવ્યા વિના ક્ષમા કરે તે વાસ્તવિક ક્ષમા નથી, પણ બંધભાવ પુણ્ય પરિણામ છે. તે ક્ષણિક પર્યાય છે.

શ્રી કાનજી મુનિ શ્રીમદ્‌ના અનુયાયી હોવાનો દાવો કરે છે. મારે મન અનુયાયી આકર્ષવાની આ એક રીત છે. શ્રીમદ્‌ના આત્મસિદ્ધિ ગ્રંથ ઉપર એમણે જે પ્રવચનો બહાર પાડયાં છે એમાં તેમણે શ્રીમદ્‌ને અન્યાય કર્યો છે અને તેમના અનુયાયી-ઓને અવળે માર્ગે દોરવ્યા છે. આત્મસિદ્ધિ ગ્રંથમાંથી નીચેના પદો જોવાથી આ હકીકત ખ્યાલમાં આવશે.

વૈરાગ્યાદિ સફલ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન. (૬)

ત્યાગ વૈરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. (૭)

જ્યાં જ્યાં જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. (૮)

અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંહે;
લોપે સદ્‌વ્યવહાર ને, સાધન રહિત થાય. (૨૯)

જ્ઞાન દશા પામ્યો નહિ, સાધન દશા ન કાંઇ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંય. (૩૦)

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવા નોય;
નિશ્ચય રાખી લક્ષ્યમાં, સાધન કરવા સોય. (૧૩૧)

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. (૧૨૫)

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ,
હોય મુમુક્ષુ ઘટ વિષે, તેહ સદાય સુજાગ્ય. (૧૩૮)

ઉપરના શ્લોકો ઉપરથી જણાશે કે સાધન દશા ઉપર શ્રીમદે કેટલો ભાર મૂકયો છે અને એ સાધન દશા માટે ત્યાગ. વૈરાગ્ય, સદ્‌વ્યવહારને તેમણે કેટલું મહત્ત્વ આપ્યું છે. શ્રીમદ્‌ના શબ્દોમાં કહીએ તો શ્રી કાનજી મુનિ નિશ્ચય નયને માત્ર શબ્દની માંહ્ય ગ્રહીને સદ્‌વ્યવહારને લોપે છે અને સાધનરહિત થાય છે. ૨૯ મી ગાથા ઉપર ભાવાર્થ સમજાવતાં શ્રીમદ્ પોતે કહે છે-"અથવા 'સમયસાર' કે 'યોગ વાસિષ્ઠ' જેવા ગ્રંથો વાંચી તે માત્ર નિશ્ચય નયને ગ્રહણ કરે. કેવી રીતે ગ્રહણ કરે? માત્ર કહેવારૂપે, અંતરંગમાં તથારૂપ ગુણની કશી સ્પર્શતા નહિ અને સત્શાસ્ત્ર અને વૈરાગ્ય વિવેક આદિ સાચા વ્યવહારને લોપે અને પોતાને જ્ઞાની માની લઇને સાધનરહિત વર્તે." આ શબ્દો શ્રી કાનજી મુનિને કેવા લાગુ પડે છે?

૧૩૨ મા પદ ઉપર વિવેચન કરતાં શ્રીમદ્ પોતેજ કહે છે કે-"વ્યવહાર બે પ્રકારના છે. એક પરમાર્થમૂલ હેતુ વ્યવહાર અને બીજો વ્યવહારરૂપ વ્યવહાર." અને પોતે જણાવે છે કે "શાસ્ત્રકારોએ વ્યવહારરૂપ વ્યવહારનો નિષેધ કર્યો છે અને એ પણ પરમાર્થમૂળ વ્યવહાર તરફ જીવને વાળવા માટે અને પરમાર્થહેતુમૂળ વ્યવહારનો નિષેધ કર્યો નથી. અને તેનો જો નિષેધ કરવા યોગ્ય હોય તો શાસ્ત્રો ઉપદેશીને બાકી શું સમજાવવા જેવું રહેતું હતું? શું સાધનો કરવાનું રહેતું હતું કે શાસ્ત્રો ઉપદેસ્યા? અર્થાત તેમાં વ્યવહારથી પરમાર્થ પમાય છે અને અવશ્ય જીવે તેવો વ્યવહાર ગ્રહણ કરવો કે જેથી પરમાર્થ પામશે-એમ શાસ્ત્રોનો આશય છે. શુષ્ક અધ્યાત્મી અથવા તેના પ્રસંગી તે આશય સમજ્યા વિના તે વ્યવહારને ઉથાપી પોતાને તથા પરને દુર્લભબોધીપણું કરે છે." આ શ્રીમદ્‌ના પોતાના શબ્દો છે. અ‍ાથી વિશેષ વિવેચન કરવાનો અહિં અવકાશ નથી.

**ચીમનલાલ ચકુભાઇ શાહ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

સંઘે હાથ ધરેલી રાહત પ્રવૃત્તિ શરૂ કર્યાને આજે ત્રણ માસ થવા આવ્યા છે. શરૂઆતમાં મદદ માટે બહુ ઓછી માગણી આવી. પણ જેમ જેમ આ બાબતની જાણ થતી ગઈ અને રાહત પ્રમાણમાં વૃદ્ધિ કરવામાં આવી તેમ તેમ માંગણીઓ વધવા લાગી. આજે ૬૨ કુટુંબોને સંઘ તરફથી મદદ આપવામાં આવે છે. સંઘે બાંધેલી સો કુટુંબની મર્યાદાને પહોંચી વળતાં હવે બહુ વાર નહિ લાગે. સંઘની જવાબદારી આજની કક્ષાએ સો કુટુંબને ચાર માસ સુધી મદદ આપવા પુરતી છે. પણ સંઘનો મનોરથ એ બન્ને મર્યાદાને આગળ વટાવવાનો અને બને તેટલા વધારે જૈન કુટુંબોને આજની ભયંકર મોંઘવારીનો છેડો ન આવે ત્યાં સુધી બનતી મદદ પહોંચાડતા રહેવાનો છે. આવીજ રીતે આજે તો હાથે સુતર કાંતતી સો બહેનોને ચાર માસ સુધી બમણું મહેતાણુ અને તે પણ અન્ય સંસ્થાની ભાગીદારીમાં આપવા પુરતી જ સંઘે જવાબદારી સ્વીકારી છે. પણ આ દિશાએ પણ સંઘનો મનોરથ બહેનોને તેમજ ભાઈઓને, હાથ કતામણ માફક એવાજ બીજા હસ્ત-ઉદ્યોગોના ક્ષેત્રમાં અને માત્ર ચાર માસ સુધી જ નહિ પણ મોંઘવારીની મુઝવણ દૂર થાય ત્યાં સુધી પ્રસ્તુત રાહત પ્રવૃત્તિને લંબાવ્યે જવાનો તેમજ વિસ્તારવાનો છે. આ મનોરથની પુરવણી દ્રવ્યની અપેક્ષા રાખે છે. આજ સુધી સંઘે આ પ્રવૃત્તિ માટે દ્રવ્યની માગણી કરી નથી. સદ્‌ભાગ્યે આજ સુધીના કાર્ય માટે અપેક્ષિત દ્રવ્ય વણમાગ્યું સંઘને મળી રહ્યું છે. પણ હવે જેમ કામ અને જવાબદારી વધતી જાય છે તેમ તેને પહોંચી વળવા માટે તેમજ શરૂ કરેલી પ્રવૃત્તિને વિસ્તારવા તેમજ લંબાવવા માટે પણ આર્થિક મદદની અપેક્ષા ઉભી થઈ છે. ઉપરની સર્વ હકીકત ધ્યાનમાં લઈને જે કોઈ ભાઈ કે બહેનને સંઘની આ રાહત પ્રવૃત્તિમાં વિશ્વાસ બેસે અને આ શુદ્ધ સેવાનું કાર્ય ખરેખર મદદ યોગ્ય છે એમ લાગે તેમને પોતાનો યથાશક્તિ ફાળો મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. સંઘની રાહત પ્રવૃત્તિ બે પ્રકારની છે. એક કેવળ જૈન કોમ પુરતી. બીજી સાર્વજનિક અને હાલ તુરત સુતરના મહેનતાણાને લગતી. જેના દિલની જે રીતે ઈચ્છા હોય તે રીતે સંઘની રાહત પ્રવૃત્તિને મદદરૂપ બનવા પ્રબુદ્ધ જૈનના વાચકોને તેમજ જૈન-જૈનેતર જાહેર જનતાને નમ્ર ભાવે વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

આ ઉપરાંત જ્યારે આજે લોકોની મુંઝવણો અને તેમાં પણ કહેવાય મધ્યમ વર્ગના એમ છતાં પણ આર્થિક દૃષ્ટિએ કનિષ્ટ દશાએ પહોંચેલા વર્ગની ગુંગળામણ વધતી જાય છે, પરિમિત પગારવાળાને જીવવું અને પોતાના કુટુંબને જીવાડવું કેમ એ પ્રશ્ન ચોવીશે કલાક પીડી રહ્યો છે ત્યારે તે આપણાં જ ભાઈ બહેનોના કુટુંબોને ટકાવી રાખવા એ જેને આવતી કાલે શું ખાશું અને પહેરશું એવી ચિંતા નથી એવા વર્ગના લોકોની અનિવાર્ય ફરજ થઈ પડે છે. વળી અમદાવાદ, ભાવનગર જેવા મોટા શહેરોમાં સરકારી રેશનની યોજનાઓનો અમલ શરૂ થયો છે અથવા તો તુરતમાં શરૂ થવાનો છે. આવે વખતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે અખત્યાર કરેલી લોકોને રાહત આપવાને લગતી વિવિધ પ્રકારની યોજનાઓ ધ્યાનમાં લેવા અને પોતપોતાના ક્ષેત્રમાં નાના કે મોટા પ્રમાણમાં અનુકુળતા મુજબ રાહત પ્રવૃત્તિ શરૂ કરવા સ્થળ સ્થળના સમાજ સેવકોને તેમજ હિતચિન્તકોને ખાસ વિનંતિ કરવામાં આવે છે. શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ એક નાની સંસ્થા છે અને તે જે કાંઈ રાહત કાર્ય કરવા ભાગ્યશાળી થશે તે પણ આખરે પ્રમાણમાં બહુ નાનું અને નજીવું હોવાનું પણ જો સંઘનો દાખલો લઈને બીજી અનેક સંસ્થાઓ તેમજ નાના મોટા વર્ગો અવનવી રાહત પ્રવૃત્તિઓ આદરવા પ્રેરાશે તો સંઘ પોતાને ધન્ય અને કૃતકૃત્ય માનશે.

પરમાનંદ

# હસ્ત ઉદ્યોગ રાહત યોજના

આજની અસાધારણ મોંઘવારીના વખતમાં પોતાની ચાલુ અનિવાર્ય જરૂરિયાતોને કેમ પહોંચી વળવું એ પ્રશ્ન અનેક કુટુંબોને ખુબ મુંઝવી રહેલો જોવામાં આવે છે. આ દિશાએ રાહત આપવાને લગતી એક યોજનાનો અમલ કરવાનું ભગિની સમાજે અને મુંબઈ જૈન યુવક સંઘે સાથે મળીને નક્કી કર્યું છે. એ યોજનાનો આશય હસ્ત ઉદ્યોગ બદલ જે કાંઈ મહેનતાણું આપવામાં આવે છે તેમાં પુરવણી કરવાનો છે. એ યોજનાની પ્રાથમિક શરૂઆત તરીકે મુંબઈ અને પરાંઓમાં વસતી અને સુતર કાંતતી અને પોતાના કુટુંબના નિર્વાહ માટે રાહતની અપેક્ષા ધરાવતી સો બહેનોને તેમણે પોતે કાંતેલ સુતરનું જે મહેનતાણું ચુકવવામાં આવે તેથી બમણું મહેનતાણું અથવા તો મજુરી મળે એવો પ્રબંધ કરવામાં આવ્યો છે. આ યોજનાનો પ્રારંભ આગામી જાન્યુઆરી માસની પહેલી તારીખથી શરૂ કરવામાં આવશે. જે કોઈ બહેનને આ રાહતનો લાભ લેવાની અપેક્ષા હશે તેને નીચેના ચાર સ્થળોએથી પાસ કાઢી આપવામાં આવશે.

૧ ભગિની સમાજ કાર્યાલય ગાવળી બીલ્ડીંગ, લેમીંગ્ટન રોડ
૨ મુંબઈ જૈન યુવક સંઘ કાર્યાલય સીલ્વર મેન્શન, ધનજી સ્ટ્રીટ.
૩ ખાદી ભંડાર, કાલબાદેવી રોડ
૪ ખાદી મંદિર વીલેપારલે

આ બાબતનો પાસ મેળવનાર બહેનને પોતાને હાથે કાંતેલા સુતરના કતામણ બદલ ચાલુ ધોરણે નક્કી કરવામાં આવે છે તેથી બમણી રકમ નીચે જણાવેલ બે કેન્દ્રો તરફથી ચુકવવામાં આવશે.

૧ ખાદી ભંડાર કાલબાદેવી રોડ
૨ ખાદી મંદિર વીલેપારલે

આ રાહતનો લાભ જે બહેનને જે તારીખે પાસ કાઢી આપવામાં આવ્યો હશે ત્યારથી ચાર મહીના સુધી મળશે. આ રાહતનો આશય તંગી અનુભવતી બહેનોને તેમણે પોતાના હાથે કાંતેલા સુતરનાજ મહેનતાણા બદલ મળતા દ્રવ્યમાં પુરવણી કરવાનો હોઈને જે કોઈ બહેન એક યા અન્ય પ્રકારે આ રાહતનો ખોટી રીતે લાભ લે છે એમ માલુમ પડશે તેનો પાસ ઉપર જણાવેલ ચાર સંસ્થામાંથી કોઈ પણ સંસ્થા રદ કરી શકશે.

પ્રસ્તુત યોજનાનો અમલ કરવા માટે ભગિની સમાજ, મુંબઈ જૈન યુવક સંઘ અને અખિલ ભારત ચરખા સંઘના પ્રતિનિધિઓની એક સમિતિ નીમવામાં આવી છે જેને 'હસ્ત ઉદ્યોગ રાહત સમિતિ' એ નામથી ઓળખવામાં આવશે. આ યોજનાનો વિના સંકોચે બને તેટલો લાભ લઈને પોતાના કુટુંબની મર્યાદિત આવકમાં થોડી ઘણી પુરવણી કરવા મુંબઈ અને પરાંની બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

# સંઘ સમાચાર

## 'પ્રબુદ્ધ જૈન'ને મળેલી દીવાળીની બોણી

ગયા અંકમાં ઉપર જણાવેલ બાબતમાં રૂા. ૨૧૩) મદદની મળ્યાનું જણાવવામાં આવ્યું હતું. ત્યાર પછી નીચેની રકમો પ્રબુદ્ધ જૈનને મદદની મળી છે.

૨૫) મેસર્સ કાન્તિલાલ ભોગીલાલની કું.

૧૫) શ્રી. અંબાલાલ (મીલ સ્ટોર કું. વાળા.)

**રાહત પ્રવૃત્તિ**

સંઘ તરફથી ચાલતી રેશન તથા રોકડ રાહત પ્રવૃત્તિના પરિણામે આજ સુધીમાં કુલ ૬૩ કુટુંબોને રાહત અપાઇ રહી છે.

## શ્રી. કાનજી સ્વામી અને તેમના અનુયાયીઓના બહિષ્કાર પરત્વે

તા૦ ૧૦-૧૨-૪૩ ના રોજ મળેલ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો છે.

"મુંબઇ જૈન યુવક સંઘ સમાજ અને ધર્મને લગતા પ્રશ્નો ઉપર પોતાના વિચારો છૂટથી જાહેરમાં રજુ કરવાનો દરેક વ્યકિતનો હક્ક સ્વીકારે છે. આથી શ્રી. કાનજી સ્વામીની વિચારસરણી ઉપર કશો અભિપ્રાય આપ્યા વિના, મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ શ્રી કાનજી સ્વામી અને તેમના અનુયાયીઓને ચાલુ પ્રણાલિથી ભિન્ન વિચારો જાહેર કરવા માટે તેમની સામે ઉભી કરવામાં આવેલી બહિષ્કાર પ્રવૃત્તિને વખોડી કાઢે છે અને જાહેર કરે છે કે આવી સંઘ બહિષ્કારની પ્રવૃત્તિઓ જૈન સમાજને નુકશાનકારક છે."

# કેટલાક સમાચાર અને નોંધ

## 'દયાવારિધિ' એ કરેલું પુનર્લગ્ન યાને શ્રીમન્તાઇનો સ્વછંદ

પત્ર સંપાદકને માથે સમાજમાં બનતા અગત્યના બનાવો તરીકે સમાજમાં મહત્વ ધરાવતી વ્યકિતઓનાં અવસાનોની અવાર નવાર નોંધ લેવાની ફરજ રહેલી છે તેવી જ રીતે સામાજિક અગત્ય ધરાવતી વ્યકિતઓના લગ્નની પણ કડવી યા તો મીઠી નોંધ લેવાની કદિ કદિ ફરજ આવી પડે છે. ગયા અંકમાં સરદાર પૃથ્વીસિંહના લગ્નની નોંધ લેવામાં આવી હતી ત્યારે સ્વપ્નેય ખ્યાલ નહોતો કે આ અંકમાં શ્રીમન્તાઇ અને ઉદારતાના કારણે ખ્યાતિ પામેલ શ્રેષ્ઠીવર્ય માણેકલાલ ચુનીલાલે તાજેતરનાં કોઇ કુસુમબાળા નામની કન્યા સાથે કરેલ લગ્નની નોંધ લેવાનો પ્રસંગ ઉભો થશે. અવસાન જેટલા આકસ્મિક બને છે તેટલાં લગ્ન સંબંધો આકસ્મિક નથી હોતા. પ્રસ્તુત લગ્ન નિર્માણ એ રીતે કેવળ આકસ્મિક નથી. શ્રી. માણેકલાલ ચુનીલાલના આગળના પત્ની હયાત છે. તેમની સાથે તેમણે આશરે પંદર વર્ષ સુધી સુખ, સદ્ભાવ અને પ્રેમ ભર્યો ગૃહસ્થાશ્રમ ગાળ્યો છે અને એ ગૃહસ્થાશ્રમના પરિણામ રૂપ શ્રી માણેકલાલભાઇ છ બાળકોના પિતા છે. ગયે વર્ષે શ્રી માણેકલાલભાઇએ અંધેરી મુકામે એક મહાન ઉપધાન સમારંભ યોજ્યો હતો જે ઉપધાન ક્રિયામાં શ્રી. માણેકલાલભાઇના પત્ની સૌ. કમળાબહેને એક ઉપાસિકા તરીકે જોડાયાં હતાં. તેમની વિવિધ ઉદારતાઓ અને દયાદાનને ધ્યાનમાં લઇને મુંબઇની જીવદયા મંડળીએ તેમને 'દયાવારિધિ'ના ઇલ્કાબથી નવાજ્યા છે. વ્યાપાર ઉદ્યોગ અને સટ્ટાના અનેક ક્ષેત્રોમાં શ્રી. માણેકલાલ ચુનીલાલનું નામ બહુ મોટું ગણાય છે અને જૈન સમાજના રૂઢિચુસ્ત વર્ગમાં તેમની ઘણી મોટી પ્રતિષ્ઠા છે. આવો જેમના પૂર્વ જીવનનો ઉજ્વળ ઇતિહાસ છે તેમણે પ્રસ્તુત લગ્ન કરીને શ્રી. કમળાબહેનને તેમજ પોતાના બાળકોને અક્ષમ્ય અન્યાય કર્યો છે અને આજ સુધીની પોતાની ઉજ્જવળ કારકીર્દીને મોટું કલંક લગાડયું છે. સાધારણ રીતે આવા બનાવની નોંધ લેવાની બહુ જરૂર ન ગણાય કારણ કે આ કેવળ શ્રીમન્તાઇનો સ્વચ્છંદ છે. જે શ્રીમન્તાઇએ તેમને આટલી મોટી નામના અપાવી છે તેજ શ્રીમન્તાઇએ તેમને નજીક અને દૂરનાનો ભયંકર દ્રોહ કરતું આવું અપકૃત્ય કરવાની પ્રેરણા અને તાકાત આપી છે. જ્યાં જ્યાં ઐશ્વર્ય અને શ્રીમંતાઇ આવ્યા છે ત્યાં ત્યાં આવી ઘટનાઓ અવારનવાર બનતી આવી છે. તેથી આવા બનાવને વધારે પડતું મહત્વ શું આપવું? પણ જૈન સમાજ મોટે ભાગે અર્થપૂજક છે અને તે બાહ્યપૂજા કંચન કામિનીના ત્યાગી તીર્થંકર ભગવાનની કરે છે પણ તે મનથી તો મોટે ભાગે અર્થને જ પૂજે છે અને કોઇ પણ અસાધારણ ધનવાન કે શ્રીમાન વ્યક્તિને તે દેવસમાન લેખે છે. કોઇ પણ સંસ્થા સભા કે પરિષદમાં શ્રીમાનને જ પ્રમુખસ્થાન આપવામાં આવે છે અને નાની મોટી સંસ્થાઓના ઉદ્ઘાટન પણ તેમના વરદ હસ્તે કરાવવામાં આવે છે. આ રીતે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં શ્રેષ્ટીવર્ય માણેકલાલ ચુનીલાલની ભારે સન્માનપૂજા ચાલી રહી હતી. તેમના જ હાથે જે દુઃખદાયક અને ઘૃણાઉત્પાદક ઘટના બની છે તે તરફ જૈન સમાજનું ખાસ ધ્યાન ખેંચવું આવશ્યક લાગે છે. પ્રસ્તુત લગ્ન સંબંધનો ઉહાપોહ આજથી લગભગ ત્રણ મહીના પહેલાં ખુબ ચાલ્યો હતો અને લોક લાગણી ખુબ ઉછળી હતી તેને શાંત પાડવા માટે આવું કોઇ પણ પ્રકારનું લગ્ન કરવાનો પોતાનો ઇરાદો હતો જ નહિ અને છે પણ નહિ અને આ બધું પોતાના કોઇ શત્રુએ ઉભુ કરેલું તુત છે એવી મતલબનું એક છાપા જોગું નિવેદન શ્રી. માણેકલાલભાઇએ બહાર પાડયું હતું. આને લીધે શાન્ત પડેલા સમાજક્ષોભનો લાભ લઇને તેજ કન્યા સાથે શ્રી. માણેકલાલભાઇએ ચુપકીદીથી લગ્ન કરી નાંખ્યું છે અને સંભવ છે કે આ લગ્ન થઇ ગયા પછી જ તેમનાં કમનસીબ પત્નીને આ બાબતની જાણ થઇ હોય. શ્રીમન્તાઇની મતિ તેમ જ ગતિ અકળ છે!

**પરમાનંદ.**

# હિંદનાં ગામડાંના પ્રશ્નો

## (Rural Problems of India)

(ગતાંકથી ચાલુ)

આ રીતે આપણને માલુમ પડે છે કે શરીર તાકાતની દૃષ્ટિએ કે આર્થિક દૃષ્ટિએ હિંદુસ્થાન એક ધીકતી પેઢી છે એમ કહી ન જ શકાય. આ હૃદયદ્રાવક સ્થિતિમાંથી બચવા માટે જે ઉપાયો સૂચવવામાં આવે છે તેમાં પરદેશ વસાહત વધારવી અને દેશનું ઉદ્યોગીકરણ વિસ્તારવું—આ બે ઉપાયો જ્યાં ત્યાં આગળ ધરવામાં આવે છે. પણ આમાંની વસાહતી રાહત સુલભ નથી કારણ કે સીલોન જેવા પડોશના દેશોએ પણ સીલોની અને હિંદીનો ભેદ પાડવો શરૂ કર્યો છે અને પરિણામે ત્યાં વસતા આપણા લોકો ઉલટા દેશમાં પાછા આવે છે. અંગ્રેજી સંસ્થાનો અને અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સે હિંદુસ્થાન સામે પોતાનાં બારણાં બંધ કર્યાં છે. ઔદ્યોગિક વિકાસની દિશાએ એમ માનવામાં આવતું હતું કે દેશના વધતા જતા ઉદ્યોગો ગામડાની વધારાની વસ્તીને પોતામાં સમાવી લેશે—આ આશાસ્પદ માન્યતા પાયા વિનાની છે. કારખાનાઓમાં કે અન્ય ઔદ્યોગિક પ્રવૃત્તિમાં રોકાયલા મજુરોની સંખ્યા ૧૯૩૧ માં ૧૭૨ લાખ હતી અને તેમાં ૧૫૦ લાખથી વધારે મજુરો નાના ઉદ્યોગોમાં અને મોટે ભાગે ગ્રામોદ્યોગોમાં રોકાયલા હતા. ગામડાની વસ્તી વધે છે તે પ્રમાણે ગામડાના કારીગરોની સંખ્યા વધી શકતી નથી, કારણ

કે આપણા ગામડાંની વસ્તી સરેરાશ ૪૫૦ માણસોની હોય છે અને આ રીતે આપણા ગામડા નાના કદના હોઇને તેમની જરૂરિયાતોને પહોંચી વળતા કારીગરોની સંખ્યા મર્યાદિત જ રહેવાની. ઉલટું કારીગરોની વસ્તી પણ વધતી જાય છે તે વધેલી વસ્તીને બાપદાદાના વ્યવસાયમાં સમાવવાની એક તો મુશ્કેલી છે અને બીજું આ આખાય કારીગર વર્ગને યંત્ર બનાવટના માલની હરીફાઇમાં ટકવાની મુશ્કેલી દિનપ્રતિદિન વધતી જાય છે. મોટા વ્યવસ્થિત ઉદ્યોગોના વિચાર કરીએ તો આજનું ઉદ્યોગીકરણ વધારે ને વધારે યંત્રીકરણ તરફ ધસડાય છે, અને પરિણામે હાથે કામ કરતા મજુરો મોટી સંખ્યામાં છુટા થતા જાય છે. આ રીતે ૧૯૧૧ થી ૧૯૩૧ સુધીમાં પાંચ મોટા ઉદ્યોગોમાં રોકાતા મજુરોના સંખ્યા ૧૩૦ લાખમાંથી ઘટીને ૧૧૫ લાખ થઇ છે. આપણે એમ માનીએ કે દેશમાં દર વર્ષે ૪૦ થી ૬૦ કરોડનો પરદેશી બનાવટનો માલ આયાત થાય છે તે કુલ માલ અહિં બનાવી શકાય એવા ઉદ્યોગો ઉભા થાય અને એક દશકામાં આજે જેટલા મજુરો રોકાય છે તેથી બમણા મજુરોને રોકાણુ મળે તો પણ ૩૦ લાખથી વધારે માણસો તો રોકાઇ શકે તેમ છે જ નહિ. છેલ્લા દાયકામાં હિંદુસ્થાનની વસ્તી પાંચ કરોડ વધી છે. આ રીતે આપણે ત્યાં ઝડપી ઉદ્યોગીકરણનો ચમત્કાર બની જાય તો પણ એક વર્ષમાં જેટલી વસ્તી વધે છે તેટલી સંખ્યા માટે દશ વર્ષને ગાળે પણ જરૂરી કામકાજનુ રોકાણુ મેળવવાનું શકય નથી. દેશની આર્થિક તુલા સરખી કરવા માટે તેમજ દેશને સ્વાવલંબી બનાવવા માટે ઔદ્યોગીકરણ અવશ્ય ઇચ્છવા યોગ્ય છે, પણ આપણી વધતી જતી વસ્તીને ઠેકાણે પાડવા માટે તેની શકયતા બહુ જ મર્યાદિત છે.

તો પછી આપણો આર્થિક ઉદ્ધાર આપણે કયા ઉપાયો વડે સાધવો એ પ્રશ્ન આપણી સામે આવીને ઉભો રહે છે. આગળ જણાવ્યું તેમ જમીન એ જ રાષ્ટ્રીય સંપત્તિ અને સ્વાસ્થ્યનો ખરો પાયો છે અને તેનો શકય તેટલો વિકાસ અને ઉપયોગ કરવો તેમાં જ આપણા ઉદ્ધારની આશા રહેલી છે. જમીનમાં પુષ્કળ સંપત્તિ ભરી છે, પણ જમીનમાંથી વધારે ને વધારે પેદાશ થાય અને તે મહેનતના પરિણામરૂપ પાક સરખી રીતે વહેંચાય એવી દોરવણી કે વ્યવસ્થિત યોજનાના અભાવે જમીનનો જે લાભ ઉઠાવવો જોઇએ તે લાભ આપણી પ્રજા ઉઠાવી શકતી નથી. આ વિચારના સમર્થનમાં થોડી એક હકીકતો આપણે તપાસીએ. પહેલાં તો ખેડાઇ શકે તેવી પડતર જમીનનો ઉપયોગ કરવાની દિશાએ બહુ જ થોડું કાર્ય થયું છે. આવી પડતર જમીનનું પ્રમાણ બીહાર અને પંજાબમાં ખેડાતી જમીનના ૩૨ ટકા છે, રજપુતાનાના રાજ્યોમાં ૪૦ ટકા છે, સીંધમાં ૪૧ ટકા છે અને આસામમાં ૫૭ ટકા છે. ભરાઇ રહેતા પાણીનો નીકાસ કરવો, જમીનને ધોવાઇ જતી અટકાવવી, વૈજ્ઞાનિક ઉપાયો વડે જમીનના તળને સુધારવું—આવી જમીનની ઉપયોગીતા વધારે તેવા આધુનિક વૈજ્ઞાનિક ઉપાયો વડે પડતર જમીનના ઘણા મોટા ભાગને પાક આપતી કરી શકાય છે. દેશમાં ખેડાતી કુલ જમીનના ૨૪ ટકા વિભાગને જ ઇરીગેશન એટલે કે નહેરો કે કુવાના પાણીનો લાભ મળી શકયો છે. એમાં પણ મુંબઇ ઇલાકો, સંયુકત પ્રાંત અને વરાડ, વડોદરા અને કુર્ગની ૯૫ ટકા જમીનને ઇરીગેશનની કશી સગવડ છે જ નહિ. જ્યાં દર પાંચ વર્ષમાં એક વર્ષ સારો વરસાદ આવે છે, એક વર્ષ લગભગ ખાલી જાય છે અને ત્રણ વર્ષ ઠીક ઠીક વરસાદ આવે છે એવા હિંદુસ્થાનમાં માત્ર વરસાદ ઉપર જ આધાર રાખવો પડે એવી દશાની જમીનના પાક ઉપર ગંભીર અસર થયા કરે એ સ્વાભાવિક છે. તીડ અને બીજી જીવાતોના ઉપદ્રવથી હિંદુસ્થાનમાં દર વર્ષે બે અબજ રૂપીઆનું નુકસાન થાય છે અને એમ છતાં ૧૧ પ્રાંતોમાંથી માત્ર એક જ પ્રાંતે અને ૭૦૦ દેશી રાજ્યોમાંથી માત્ર ચાર દેશી રાજ્યોએ જ આ આફતમાંથી ખેડુતોને બચાવવાને લગતા ફરજિયાત ઉપાયો હાથ ધર્યા છે. ખેતીના પાકનો સારો ભાવ ઉપજે એવી આપણે ત્યાં કોઇ વ્યવસ્થા જ નથી. પરિણામે ખેડુત અને ખાનાર વચ્ચે એક મધ્યવર્તી વર્ગ ઉભો થયો છે જે ખેડુતના ભોગે ખરો નફો મેળવે છે અને સમૃદ્ધ બનતો રહે છે. હિંદુસ્થાનની ખેતીની નીપજ કેવી રીતે બજારમાં વેચાય છે તેને લગતા હિંદી સરકારના રીપોર્ટ મુજબ ખાનાર એક રૂપીઆના ઘઉં ખરીદે છે તેમાંથી ઘઉં ઉત્પન્ન કરનારને ભાગે સાડાનવ આના જાય છે અને ચોખા ઉત્પન્ન કરનારને ભાગે ખાનારે એક રૂપીએ ખરીદેલ ચોખામાંથી સવાઆઠ આના જાય છે. બીજી ચીજો કે જેનું વેચાણ ઘઉં ચોખાથી પણ વધારે અવ્યવસ્થિત રીતે થાય છે તે ઉત્પન્ન કરનાર ખેડુતની દશા આથી પણ વધારે બુરી હોવી જોઇએ. ૧૯૪૧ માં મળેલી માર્કેટીંગ ઓફીસરોની પરિષદમાં એમ બહાર પડયું હતું કે દેશના બજારોમાં વેચાતા ધાન્યની કુલ જે કીંમત થાય તેના માત્ર ૧૮ ટકાના સોદા અનાજ પેદા કરનારાઓના હાથે કરવામાં આવતા જ્યારે બાકીના બધા સોદા વચગાળાના માણસો દ્વારા થયા હતા. સર એમ. ડાર્લીંગે કહ્યું હતું તેમ જેવી રીતે ઘેટાનું ઉન લઇ લેવામાં આવે છે તેમ હિંદી ખેડુતનો નફો ઝુંટવી લેવામાં આવે છે. અન્તમાં દુનિયાના અન્ય દેશોની જમીન ઉપરથી જેટલો પાક સરેરાશ ઉતારવામાં આવે છે તેના પ્રમાણમાં હિંદુસ્થાનની જમીન બહુ જ ઓછો પાક આપે છે. આપણી ખેતીવાડી સંબંધે મોટો દોષ એ છે કે વ્યવસ્થા, વિજ્ઞાન અને પ્રયોગની આધુનિક પદ્ધતિઓનો આપણે ત્યાં કશો લાભ લેવાતો નથી. એક બાજુએ જમીનનો મોટો ભાગ પોતે ખેતી નહિ કરતા એવા જમીનદારોના હાથમાં પડયો છે અને ગણોતીઆ ખેડુત પાસેથી વધારેમાં વધારે ભાડુ કેમ ઉઘરાવવું એ જ માત્ર આ જમીનદારોનું લક્ષ્ય હોય છે. બીજી બાજુએ ખેતર ખેડવાનું કામ એવા માણસો કરે છે કે જે નવી ઢબ અખત્યાર કરી શકતા નથી, નવા સાધનો વાપરી જાણતા નથી અને જેમને ઉપરથી કશી દોરવણી મળતી નથી. ભાડુઆત ખેડુતો પાસે ખેતી કરાવવાની પ્રથાએ ખેડુતને તો જીંદગીભરનો ગુલામ બનાવી દીધો છે એટલું જ નહિ પણ ભાડુઆત ખેડુત બીજાને પેટા ભાડે આપે—એવી પરંપરા ઉભી થવાને લીધે જમીનદાર અને ખરેખર ખેતી કરનાર ખેડુત વચ્ચે આખા ખેડુત વર્ગને ચુસી લેનાર એક વચગાળાનો મોટો વર્ગ ઉભો થયો છે. જમીનની પાક આપવાની શકયતા અને જમીન ઉપરથી ઉતરતો પાક—એ બેની વચ્ચે જે મોટું અંતર પડી ગયું છે તે જ લોકોની ગરીબાઇનું મૂળ છે.

કમતી પોષણ, નબળી શરીરસ્થિતિ, ગામડાની આરોગ્ય વિરોધી રહેણીકરણી, મોટું મરણ પ્રમાણ—આ બધાય દોષોનું મૂળ કારણ દેશવ્યાપી ગરીબાઇ છે. આ ગરીબાઇએ લોકોના એટલા બધા પ્રાણ હરી લીધા છે કે પોતે ગરીબ છે એ ભાન પણ તેઓ ગુમાવી બેઠા છે. જો બરોબર ઉપયોગ કરવામાં આવે તો દેશમાં એટલી બધી સાધન સામગ્રી ભરી છે કે આજની પ્રજાની જરૂરીયાતોને પહોંચી વળવામાં જરા પણ વાંધો ન આવે એમ કુનુર ખાતે રહેતા ડીરેકટર ઓફ ન્યુટ્રીશન રીસર્ચ અને

યુનાઇટેડ સ્ટેટસમાં તાજેતરમાં ભરાયલી અન્ન પરિષદ્‌માં હિંદી સરકારના પ્રતિનિધિ તરીકે ગયેલા ડૅા. આઇક્રોઇડ જેવા પ્રમાણભૂત પુરૂષ ખાત્રી આપે છે. તેમના કહેવા મુજબ "જો હિંદુસ્થાનને પોતાની પેદાશ ઉપર જ નિર્ભર થઇને રહેવું હોય તો સમગ્ર પ્રજાની જરૂરિયાતોને બરોબર પહોંચી વળવા માટે જુદી જુદી ચીજોની પેદાશ તેણે સારા પ્રમાણમાં વધારવી જોઇએ. આમાંની કેટલીક ચીજોનું પ્રમાણ નીચે મુજબ છે. અનાજની પેદાશ ત્રીશ ટકા વધવી જોઇએ; કઠોળ બમણા પકાવવા જોઇએ; દુધ અને દુધમાંથી બનતી ચીજો ત્રણથી ચારગણી; માંસ, મચ્છી અને ઈંડા અનેક ગણા, શાક ખાસ કરીને લીલાં પાંદડાવાળી ભાજીઓ બમણી અથવા તો એની આસપાસ ખેતીવાડી, જાનવરોનો ઉછેર અને મચ્છીની પેદાશના સંબંધમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓના ઉપયોગ માટે અહિં પુષ્કળ અવકાશ છે. વિશાળ દૃષ્ટિથી વિચારતાં વ્યવસ્થિત યોજનાવાળી દુનિયામાં પોતાના ખોરાકની જરૂરિયાતોના સંબંધમાં હિંદુસ્થાને સર્વ પ્રકારે સ્વાવલંબી બનવાનો આગ્રહ રાખવાને કોઇ ખાસ કારણ નથી. આજની આફતો અને દુનિયાની એ તરફ ઘુંચવાયલી પરિસ્થિતિમાં પણ માણસનું મન વ્યવસ્થિત આયોજન ઉપર રચાયલી દુનિયાની એવી આર્થિક રચનાની કલ્પના સમીપ ગતિ કરી રહ્યું છે કે જે રચના નીચે વિજ્ઞાનની મદદ વડે નિર્માણ થનારી દુનિયાની અઢળક સંપત્તિનું માનવજાતના જુદા જુદા વર્ગોની જરૂરિયાતો મુજબ વિભાજન કરવામાં આવશે."

જમીનનો પુરો કસ ખેંચવાની આપણામાં સાચી આવડત ન હોવાને લીધે આપણી પ્રજા કેટલું ઓછું દ્રવ્ય કમાઇ શકે છે તે સેન્ટ્રલ બેંકીંગ ઇન્કવાયરી કમીટી ઉપરની પોતાની નોંધમાં શ્રી મેકડુગલે બહુ સારી રીતે રજુ કર્યું હતું. તેમના કહેવા મુજબ જો હિંદુસ્થાન દર એકરે ફ્રાન્સ જેટલા ઘઉં પેદા કરવા માંડે તો દેશની દોલત દર વર્ષે ૬૬૯૦ લાખ પાઉંડ વધે, ઇંગ્લાંડ જેટલા પેદા કરવા માંડે તો ૧૦૦૦૦ લાખ પાઉંડ વધે અને ડેન્માર્કની કક્ષાએ પહોંચે તો હિંદુસ્થાનની દોલત દર વર્ષે ૧૫૦૦૦ પાઉંડ વધે.

આ રીતે હિંદુસ્થાનની આર્થિક ઉધ્ધારની સમસ્યા તેની સાધન સંપત્તિની માણસ–યા–માનવી અને જમીન–નો કેમ વધારે ઉપયોગ કરવામાં આવે તેના ઉપર અવલંબે છે. જ્યાં સુધી આ કરવામાં નહિ આવે ત્યાં સુધી લોકોની સ્થિતિમાં કશો સંગીન સુધારો થવાનો સંભવ નથી. જે કાયદાઓ ખેડુતને પોતાની જમીન ગુમાવતો બચાવવાના હેતુથી કરવામાં આવ્યા હતા તે કેટલા નિષ્ફળ નીવડયા છે તે આપણે ઉપર જોઇ ગયા છીએ. જ્યાં સુધી ખેડુતોમાં ઘર કરી બેઠેલી ગરીબાઇના મૂળ કારણોનો ઉચ્છેદ કરવામાં નહિ આવે ત્યાં સુધી ખેડુતોને રૂણરાહત આપવાને લગતા કાયદાઓ પણ બહુ મદદ કરી શકવાના નથી. શાહુકારના ખેડુતો સાથેના વ્યવહારોને ભલે અંકુશમાં લાવવામાં આવે, અને દેવાઓ ભલે ફેંડી નાખવામાં આવે કે હળવા કરવામાં આવે પણ જ્યાં સુધી તેના ખેતીના ઉદ્યોગમાંથી ખેડુતને પેટ પુરતું મળે એવી સ્થિતિ ઉભી ન થાય ત્યાં સુધી ખેડુતોની દેવાદાર સ્થિતિ અને તેનાં માઠાં પરિણામો એક યા બીજા આકારમાં ઉભાં થવાનાં જ. આ માટે આજે સરકાર જેટલો પ્રયાસ કરી રહી છે તેથી અનેકગણા વધારે પ્રયાસની અપેક્ષા છે. જ્યાં સુધી મધ્યસ્થ અને પ્રાન્તિક સરકારનો ખેતીવાડી અને જાનવર–માવજતના ખાતાઓને લગતો ખર્ચ આખી પ્રજાના માથાદીઠ પંદર પાઇથી પણ ઓછો કરવામાં આવે છે ત્યાં સુધી ખેતીના ઉદ્યોગને વધારે સંગીન બનાવવાની દિશાએ કોઇ મહત્વનો સુધારો સાધી શકાય તેમ છે જ નહિ. લોકોની આ ગરીબાઇના પ્રશ્ન પરત્વે સરકારની ઉદાસીનતા કોઇથી પણ ન સમજી શકાય તેવી છે. કદાચ ડૅા. ગંગુલી કહે છે તેમ "એ બાબતની કોઇથી ના કહી શકાય તેમ છે જ નહિ કે સરકારની આ પ્રકારની રાજ્યનીતિનું લક્ષ્ય હિંદુસ્થાનની પ્રજાની પાયાની જરૂરિયાતો ઉપર કેન્દ્રિત થવાને બદલે એક વ્યાપારી પ્રજાની જરૂરિયાતો ઉપર જ એકત્રિત થયું છે. એ જ કારણને લીધે અત્યાર સુધીમાં ખેતીવાડીના ઉદ્યોગના પુનર્વિધાન માટે કોઇ વિચારપૂર્ણ યોજના હાથ ધરવામાં આવી નથી અને જનસંખ્યા ઘણી મોટી અને તેને નભાવવાના સાધનો ઘણા ઓછાં–આવી ચાલુ પરિસ્થિતિનાં માઠાં પરિણામોમાંથી પ્રજાને બચાવવાની બાબતમાં કશી સંગીન પ્રગતિ સાધવામાં આવી નથી."

જો ખેડુત રાષ્ટ્રની આવકમાં પોતાનો પુરો ફાળો આપે એમ અપેક્ષા રાખવામાં આવતી હોય તો તેને આટલી ચીજો તો પાયાની શરૂઆત તરીકે પુરી પાડવી જોઇએ–તે જે જમીન ખેડે છે તે ઉપર તેની પુરેપુરી માલેકી, વ્યાજબી મહેસુલપદ્ધતિ, અને ખેડુતના બાપની માફક સંભાળ લે એવો સહાનુભૂતિપૂર્ણ રાજ્ય વહીવટ આજે ખેતી નફાકારક વ્યવસાય રહ્યો નથી તેનાં કારણો નીચે મુજબ છેઃ–જમીનની કઇ કઇ રીતે ઉપયોગીતા છે એનો પણ સમાવેશ થાય તેવી ખેતીવાડીને લગતી સર્વગ્રાહી અને સર્વ દેશીય તપાસનો અભાવ, ખેડુતને ગુમાવેલી જમીન પાછી કેમ મળે અને તે ઉપર તેની માલેકી પુરેપુરી કેમ સ્થાપિત થાય તેને લગતી યોજનાનો અભાવ, લોકવ્યાપી નિરક્ષરતા, ઇરીગેશન એટલે કે કુવા નહેરોના પાણીને લગતી અધુરી સગવડો, સરકારી ધોરણે કરવામાં આવતી ખેતીનો અભાવ, અને આવી જ બીજી કેટલી ત્રુટિઓ કે જે દૂર કરવાની જવાબદારી રાજની છે. તાજેતરમાં પ્રાંતોમાં ઉભા થયેલા પ્રધાનમંડળોએ સારી શરૂઆત કરી હતી અને જમીન સુધારણા, મહેસુલ સુધારણા તેમજ વહીવટી સુધારણાને લગતા તેમણે કેટલાક આવકારદાયક પગલાં ભર્યાં હતાં. બીજા દેશોમાં જે રીતે કરવામાં આવે છે તે રીતે ગ્રામવાસીઓના સર્વ પ્રશ્નોનો સમાવેશ થાય એવી રીતે જુદાં જુદાં ખાતાંઓના કાર્યક્ષેત્રો વિસ્તારવાની દિશાએ મધ્યસ્થ સરકારે પ્રવૃત્ત થવાની જરૂર છે. તે ખાતાંઓએ પ્રાંતોને તેમજ દેશી રાજ્યોને દોરવણી તેમજ પ્રેરણા આપવી જોઇએ તથા જ્યારે મોટી યોજનાઓ હાથ ધરવાની હોય ત્યારે જરૂરી નાણાં પણ પુરાં પાડવા જોઇએ. દેશ માટે વ્યવસ્થિત આયોજન તેમણે વિચારવું–નક્કી કરવું–જોઇએ એટલું જ નહિ પણ ગતિમાં મૂકવું જોઇએ. તેમની આજની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર બહુ જ મર્યાદિત છે અને ઉપર જણાવેલા સુધારાઓ હાથ ધરવામાં ન આવે ત્યાં સુધી ખેતીવાડીમાં માત્ર શાસ્ત્રીય સુધારાઓ કરવાથી કશી વાસ્તવિક પ્રગતિ શકય જ નથી. આજે ખેતીવાડીખાતા તરફથી સુચવવામાં આવતી સુધારણાઓનો કેટલાક શ્રીમંત ખાતેદારો થોડો ઘણો લાભ લઇ શકશે, પણ પ્રજાના મોટા ભાગને આથી કશોજ ફાયદો થશે નહિ અને તેઓ તો દિન પ્રતિ દિન દરિદ્રતા, દેવાદારપણું અને દારૂણ દુઃખમાં ઉંડે ઉંડે ડૂબતા જવાના છે.

મૂળ અંગ્રેજી લેખક–**સર મણિલાલ બાલાભાઇ નાણાવટી**

અનુવાદક–**પરમાનંદ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨